। અર્હં ।

। જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।

શ્રી સ્વાધ્યાય ગ્રન્થ સંદોહ.

પૂ૦ સાધ્વીજી મહારાજ શ્રીદીરશ્રીજીના સ્મરણાર્થે

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. સારાભાઈ જેશીંગભાઈ.

૬. કતારગાની ચેાળમાં, નવીચેાળ,

અમદાવાદ.

સ્વાધ્યાયાર્થે ભેટ.

। अर्हं ।

। ज्ञानक्रियाभ्यां मोक्षः ।

श्रीस्वाध्यायग्रन्थसंदोह.

卐


પૂ૦ સાધ્વીજી મહારાજ **શ્રીહીરશ્રીજીના** સ્મરણાર્થે

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. સારાભાઈ જેશીંગભાઇ.

ઠે. ફતાશાની પોળમાં, નવીપોળ,

અમદાવાદ.



પ્રકાશક :
શા. સારાભાઇ જેશીંગભાઇ.
ઠે. ફતાશાની પોળમાં, નવીપોળ,
અમદાવાદ.




પ્રથમ આવૃત્તિ : નકલ ૧૦૦૦.
વિ૦ સં. ૨૦૧૩ અષાઢ.



મુદ્રક :
જીવણલાલ પુરુષોત્તમદાસ પટેલ
શ્રી ઉત્કૃષ્ટ મુદ્રણાલય,
રીચીરોડ, પુલ પાસે, અમદાવાદ.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શાન્ત તપોમૂર્તિ
સંઘસ્થવિર શતાધિકવર્ષાયુઃ



આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ

શાન્તમૂર્તિ સ્વ. આચાર્ય મહારાજ



પૂ. શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજ

પ્રાતઃસ્મરણીય પૂ. આચાર્ય મહારાજ



શ્રીમદ્ વિજયમનોહરસૂરિવરજી મહારાજ

કિંચિત્ પ્રાસ્તાવિકમ્.

જગત કે જે જડ ચેતનના દ્વન્દ્વરૂપ છે, જેમાં જન્મ-મરણ કરતા પ્રત્યેક જીવના ચૈતન્યને જડનાં આવરણોએ આવરી લીધાં છે, એથી જ્યાં જીવ પોતાના સ્વરૂપને પણ સમજી શકતો નથી, પરિણામે સુખની ઈચ્છાવાળો છતાં, સુખને અને તેને મેળવવાના સાચા ઉપાયોને નહિ ઓળખવાથી, પોતાના પ્રયત્નોથી ઉલટો વધુ દુઃખી થાય છે, એમ સંસારમાં અનન્તો કાળ જવા છતાં જીવ સુખી થઈ શકયો નથી, ત્યારે કબૂલવું પડે છે કે જીવ કોઇ અગમ્ય ભૂલ કરી રહ્યો છે. એ ભૂલ એને સમજાય નહિ ત્યાં સુધી એ સુખના માર્ગે પણ આવી શકે નહિ તો સુખી તો થાય જ શી રીતે ?

આ પરિસ્થિતિમાં પરમ કારુણિક શ્રીતીર્થંકર પરમાત્માએ એ ભૂલને સ્વજ્ઞાન બળે જાણી અને જીવને એ જણાવવા પોતાનું સમગ્ર જીવન ખર્ચી દીધું છે. **'આ ભૂલ છે અજ્ઞાન અને મોહની પરવશતા'** અનાદિ કાળથી આત્માની સાથે જોડાયેલો મોહ જીવને પરપદાર્થમાં મૂઢ બનાવી વિવિધ નાચ નચાવે છે, અનેક રૂપે પીડે છે, એમ છતાં જીવ તે મોહને ઓળખી શકતો નથી, કારણ કે મોહનું સાથીદાર અજ્ઞાન એ મોહને છૂપાવે છે, ઓળખવા દેતું નથી; એમ અજ્ઞાન મોહનું રક્ષણ કરે છે અને મોહ અજ્ઞાનનું પોષણ કરે છે. બન્ને પરસ્પરના સહકારથી જીવને પોતાના સ્વરૂપનું-સુખનું ભાન થવા દેતાં નથી,

પરિણામે જીવ સુખી થવા માટે પર પદાર્થોમાં મમત્વ, રાગ, દ્વેષ વિગેરે કરી તેની પાછળ ખુવાર થાય છે.

આ સ્થિતિમાં મોહ અને અજ્ઞાનનો વધતો જતો દુષ્ટ પ્રભાવ આ કલિકાળમાં તો ભારતભૂમિમાં મધ્યાહ્નના સૂર્યની જેમ જીવોને પીડી રહ્યો છે. એક વિદ્વાન મહર્ષિ કહે છે કે—

"कालः संप्रति वर्तते कलियुगः सन्तो नरा दुर्लभाः,
देशाश्च प्रलयं गताः करभरैर्लोभं गताः पार्थिवाः ।
नानाचौरगणा मुषन्ति पृथिवीमार्यो जनः क्षीयते,
पुत्रस्यापि न विश्वसन्ति पितरः कष्टं हहा ! वर्तते" ॥१॥

અર્થાત્ હમણાં કલિયુગનો કાળ છે, તેમાં સત્પુરુષો પ્રતિદિન દુર્લભ–ઓછા થતા જાય છે, અધિકાધિક વધતા કરના બોજાથી દેશો (પ્રજા) નાશ પામે છે, રાજાઓ લોભને વશ પડ્યા છે, વિવિધ જાતના બાહ્ય અને અભ્યન્તર (આચાર વિચારાદિ) ધનને લૂંટનારા ચોરો જગતને લૂંટી રહ્યા છે, જીવનની વ્યવસ્થા રહી નથી, એથી આર્ય (સદાચારી) મનુષ્યો ઘટતા જાય છે; પરિણામ એ આવ્યું છે કે માબાપને પણ પોતાના પુત્રો ઉપર વિશ્વાસ નથી. અતિખેદની વાત છે કે આ યુગ મહા કષ્ટનો ચાલે છે.

આ અન્ધાધુન્ધી વખતે જીવને બચાવનાર અને તેના આચારધનનું રક્ષણ કરનાર તત્ત્વ નાશ પામતું જાય છે. તેવા સમયે જીવને એક જ્ઞાન વિના બીજો કોઇનો આધાર નથી. સ્વયં અન્તર ચક્ષુને ખોલી જીવો પોતાની સ્થિતિ

સમજશે તો જ પુણ્યને બળે મળેલો માનવભવ, આર્ય-દેશ, ઉત્તમકુળ, દેવગુર્વાદિનો યોગ, વિગેરે સામગ્રીની મહત્તા પણ સમજાશે. એવા પ્રસંગે જ્ઞાનની કેટલી જરૂરીયાત છે તે માટે વધુ કહેવાની જરૂર નથી.

મનુષ્યને આજે જ્ઞાનની ભૂખ તો જાગી છે, એને માટે અનેકાનેક યોજનાઓ પણ વિચારાય છે, કરોડો રૂપિયાનો વ્યય થાય છે, માણસ કેડ ભાગી જાય તેટલો અર્ચ કરી જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ છે, ત્યાં સુધી કે જ્ઞાન મેળવવા માટે યોગ્યાયોગ્યની વિચારણા પણ નાશ પામી છે, એને મેળવવાના વિધિ-અવિધિનો પણ વિચાર રહ્યો નથી, જ્ઞાન કેવા ગુરુ દ્વારા મેળવી શકાય ? એ વાત તો સાવ ભૂલાઈ ગઈ છે, એને માટે કોઈ સંયમની કે વિનયાદિકની આવશ્યકતા છે કે કેમ ? એનો પણ વિચાર રહ્યો નથી. અરે ! જ્ઞાન કે અજ્ઞાન (મિથ્યાજ્ઞાન)નો વિવેક પણ નાશ પામ્યો છે, પરિણામ એ આવ્યું છે કે માણસ જેમ જેમ વિદ્યાને મેળવે છે તેમ તેમ તેના જીવનમાંથી સદાચારો અદૃશ્ય થાય છે, અનાચારો અને દુરાચારો જીવનને ઘેરતા જાય છે અને એ કારણે ઉત્તરોત્તર આર્ય દેશમાં આર્ય પ્રજા પણ હિંસા, જૂઠ, ચોરી, અન્યાય, કૂડ, કપટ, અબ્રહ્મ-વ્યભિચાર, પરિગ્રહ-સંગ્રહખોરી, ક્રોધ, અભિમાન, ઇર્ષ્યા, દ્રોહ, લોભ, ક્લેશ, કંકાસ, નિન્દા વિગેરે પાપોનો ભોગ બનતી જાય છે.

એ વિદ્યાને વિદ્યા કહેવાય જ કેમ કે જે મેળવવા છતાં આવાં પાપો વધે ? જ્ઞાનનું સ્વરૂપ તો એ છે કે તે

જે આત્મામાં પ્રગટે તેના જીવનને દુરાચારોથી બચાવી સદાચારોથી ભરપૂર કરી દે. તેને બદલે ઉલટું પરિણામ આવે તો સમજવું જોઇએ કે **જ્ઞાનના નામે જગત અજ્ઞાનને વશ પડતું જાય છે, અમૃતના નામે ઝેરનો આશ્રય લઇ રહ્યું છે.**

આ એક પરમ સત્ય છે તેને કબૂલ્યા વિના દુઃખની વિડમ્બનાઓમાંથી દુનિયા કદી પણ છૂટી થવાની નથી, આત્મા આત્મસુખ માટે આત્મગુણનો આશ્રય લેશે ત્યારે જ તેને સુખનો સાચો સ્વાદ અનુભવમાં આવશે.

આવું આત્મગુણોનો વિકાસ સાધનારું સાહિત્ય ભારતમાં દરેક દર્શનોના પૂર્વર્ષિઓનું રચેલું આજે પણ ઘણું વિદ્યમાન છે, એના અભ્યાસ અને પરિશીલનથી જ આત્મા સ્વગુણોનો વિકાસ સાધી શકશે, એ એક નિર્વિવાદ સત્ય છે. જ્યાં સુધી જીવને એ પરમ ઉપકારીઓ તરફ સન્માન નહિ જાગે અને તેઓના વચનોનો આદર નહિ પ્રગટે, ત્યાં સુધી તે કદી સાચા રાહને પામી શકવાનો નથી. આ એક જ ઉદ્દેશથી આ પુસ્તકમાં પૂર્વ પુરુષોના રચેલા આત્મગુણનો વિકાસ સાધવામાં ઉપયોગી કેટલાક ગ્રન્થોનો ટુંકા અર્થ સાથે સંગ્રહ કરવામાં આવ્યો છે કે જેમાંના કેટલાક શ્રદ્ધાવર્ધક, કેટલાક બોધજનક અને પરિણામે સદાચારના પોષક છે, તે નીચેની હકિકતથી સમજાશે.

૧–ઋષિમણ્ડલસ્તોત્ર–આ સ્તોત્ર મન્ત્ર તુલ્ય છે, એનો નિયમિત સ્વાધ્યાય કરવાથી આત્માના અભ્યન્તર રોગો–કામ ક્રોધાદિનો નાશ થાય છે એટલું જ નહિ,

પણ બાહ્ય સામગ્રી–સમ્પત્તિ આદિની પણ પ્રાપ્તિ થાય છે અને તેમાં વિશેષતા એ છે કે પ્રાયઃ એ સમ્પત્તિ આત્માને સદાચારમાં જોડે છે, એનાથી અનાદિ મોહની વાસનાઓનું પોષણ થવાને બદલે વાસનાઓ ટળે છે. અર્થાત્ ધર્મનું સાધન બને છે. કોઈ એને શ્રીગૌતમગણધરની કૃતિ કહે છે.

૨–**ઉપદેશમાલા**–એના રચયિતા **મહત્તર શ્રીધર્મદાસગણી પ્રભુ શ્રીમહાવીરદેવના હાથે દીક્ષિત થયા હતા,** એવો નિર્ણય કોઈ ન માને તો પણ એમ તો અવશ્ય કહી શકાય તેમ છે કે તે બે હજાર વર્ષોથી પણ પૂર્વની અતિ ગમ્ભીર અર્થવાળી અને સુન્દર ભાવવાહી એક પ્રાચીનતમ કૃતિ છે, એમાં આત્મગુણોના વિકાસ માટેની પૂર્ણ સામગ્રી છે, મુખ્યતયા ગ્રન્થ સાધુધર્મ માટે લખાએલો છતાં સાધુ કે ગૃહસ્થ સહુને એકાન્તે આત્મશુદ્ધિ માટે ઉપયોગી ઉપદેશ એમાં પદે પદે ભરેલો છે, સાથે સાથે અનાદિ કાળના આત્માની પાછળ લાગેલા કામ–ક્રોધ–મોહ–અજ્ઞાન–રાગ–દ્વેષાદિ રોગોનું અને તેના વિપાકોનું પણ વર્ણન પદે પદે ભરપૂર છે, કર્તાએ જાણે અનાદિ દુઃખમાં રીબાતા જગતનો ઉદ્ધાર કરવાની કરુણાદૃષ્ટિનો ધોધ વહેતો કર્યો હોય તેમ પોતાની સમગ્ર જ્ઞાનની શક્તિથી આની રચના કરી છે કે જે ભવ્યજીવોને એકાન્તે ઉપકારક છે.

૩—**કુલકસંગ્રહ**—એક વિષયના નિરૂપણ માટે રચાયેલાં પાંચ કે તેથી વધુ સંખ્યાના કાવ્ય સમુદાયને કુલક કહેવાય છે. એવાં ભિન્ન ભિન્ન વિષયનાં અનેકાનેક કુલકો જૈન સાહિત્યમાં છે તે પૈકી આમાં ૧૯ કુલકોનો

સંગ્રહ છે, જો કે આજ પૂર્વે આ કુલકો ભિન્ન ભિન્ન પુસ્તકોમાં છપાયાં છે તો પણ તેમાં મૂળ અને અર્થની અનેક ખામીઓ (ક્ષતિઓ) દૃષ્ટિગોચર થાય છે, એથી શકય પ્રયત્નો કરી એને પ્રાચીન હસ્તલિખિત પ્રતોના આધારે શોધવા પ્રયત્ન કર્યો છે, અર્થની દૃષ્ટિએ પણ સુધારો કર્યો છે, તો પણ તે સર્વાંશે શુદ્ધ થયાં છે એમ નથી. કારણ કે ઉત્તરોત્તર એમાં આજ પૂર્વે ઘણા શબ્દો-પાઠો બદલાતા ગયા છે, એ બધાને સુધારી મૂળ શબ્દો શોધવા એ દુઃશકય છે. આ કુલકો ટુંકાણમાં પ્રત્યેક વિષયનો સચોટ બોધ આપે છે, એના રચનારા સેંકડો વર્ષ પૂર્વે થઈ ગએલા મહાપુરુષો છે, તેઓએ પોતાના ચારિત્રની, જ્ઞાનની અને શ્રદ્ધાની વાનગી રૂપે ભવ્ય જીવોને ભેટ આપેલી આ કૃતિઓ છે, એને કણ્ઠે કરી પુનઃ પુનઃ સ્વાધ્યાય કરનારને ઘણો લાભ થઈ શકે એમ કહેવું અતિશયોક્તિ રૂપ નથી. પ્રત્યેકનાં નામો વિષયાનુક્રમમાં આપેલાં છે, તે જોતાં નામો ઉપરથી જ તેમાં વર્ણવેલા વિષયો સમજાય તેવા છે, એથી અહીં જુદો જુદો ઉલ્લેખ કર્યો નથી. વાચક સ્વયં તેને જોવાથી એનું મહત્ત્વ સમજશે.

૪—**ધર્મરત્નપ્રકરણ**—એના રચનાર **શ્રીશાન્તિ-સૂરિજી** એક પ્રૌઢ ગીતાર્થ છે, એમ તેઓની આ કૃતિ જ કહી આપે છે. એમાં ગૃહસ્થ અને સાધુ બન્નેના ધર્મની ભૂમિકારૂપે જરૂરી ગુણોનું સચોટ વર્ણન છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રરૂપ આત્માના મૂળ ત્રણ ગુણોને પ્રગટ

કરવા માટેનું સરળ માર્ગદર્શન છે. જેને વાંચતાં સહજ સમજાઇ જાય છે કે પાયા વિના મહેલ ચણાય નહિ તેમ આ ગુણોના પ્રગટીકરણ વિના શ્રીજિનેશ્વરોએ કહેલો આત્મધર્મ કે આત્મસુખ જીવને કદી પણ પ્રાપ્ત થાય નહિ. આજના જગતમાં અદૃશ્ય થતી ધર્મના વ્યાપાર માટેની મૂળ મુડીને એમાં ઓળખાવી છે. કહ્યા વિના ચાલે તેમ નથી કે એ ગુણોને પ્રગટાવ્યા વિના જીવોને કદી પણ સુખ પ્રાપ્ત ન જ થાય. તાત્પર્ય કે સાચા સુખના અર્થીને આ ગ્રન્થ પ્રાથમિક બાળપોથીની જેવો ઘણો જ ઉપકારક છે.

૫—પાપપ્રતિઘાત ગુણ બીજાધાનસૂત્ર=શ્રી ચિરંતનાચાર્ય કૃત પાંચસૂત્રો (પઞ્ચસૂત્ર) પૈકીનું આ પહેલું સૂત્ર છે. એમાં જીવના વિકાસ માટે પ્રથમ કર્તવ્ય-રૂપે ચાર શરણાં, દુષ્કૃત ગર્હા અને સુકૃતનું આસેવન, એમ ત્રણ વાતો કહી છે, પણ રચનામાં એ વિશેષતા છે કે એનો પાઠ કરવા માત્રથી પણ જીવમાં પ્રશમ ભાવ પ્રગટવા માંડે છે. ખુદ ગ્રન્થકાર પણ સૂચન કરે છે કે હૃદયમાં સંક્લેશ હોય ત્યારે વારંવાર અને ન હોય તો પણ પ્રતિદિન ત્રણ સન્ધ્યાએ એને અવશ્ય ભણવું. કહી શકાય કે જગતના આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી સંતપ્ત જીવને જગદ્વૈદ્ય પ્રભુ શ્રીમહાવીરદેવે આપેલા અમોઘ ઔષધની આ પુટિકા છે. એના સ્વાધ્યાયથી જગ-તના જીવ માત્ર પ્રત્યે વૈરનો નાશ થાય છે, મૈત્રી પ્રગટે છે, ઉપરાન્ત શ્રીપરમેષ્ઠિપદો પ્રત્યે એવો આત્મસંબન્ધ બન્ધાય છે કે સંસારનાં બન્ધનો અવશ્ય તૂટે. એના મહિ-

માને વર્ણવવા માટે શબ્દો અકિંચિત્કર છે.

૬–શીલાઙ્ગરથ વિગેરે ૨૧ રથો–આ રથોનું કોષ્ટક બનાવતાં રથનો આકાર બને છે માટે સાહિત્યમાં તે રથના નામે પ્રસિદ્ધ છે. એમાં શીયળ આદિની આરાધના કરવા માટે પ્રત્યેક રથની અઢાર હજાર ગાથાઓ બનાવવાનો અને તેનો સ્વાધ્યાય કરવા માટેનો ઉપાય બતાવ્યો છે, એ રીતે ગાથાઓ બનાવતાં ચિત્તની એકાગ્રતા સધાય છે અને તે તે પ્રકારે અઢાર હજાર વાર તે તે આરાધકોને પ્રણામ કરવાથી આત્મામાં તે તે ગુણની આરાધના કરવા માટેનું આત્મબળ પ્રગટ થાય છે.

૭–ગુણસ્થાનક્રમારોહ–એના રચયિતા **સૂરિપુરન્દર શ્રીરત્નશેખરસૂરિજી** સમર્થ જ્ઞાની છે. આ ગ્રન્થમાં તેઓએ આત્માની પ્રથમ ભૂમિકાથી થતો ગુણોનો વિકાસ, જેને જૈન પરિભાષામાં 'ગુણસ્થાનક' કહેવાય છે તેનો ક્રમ બતાવેલો છે. માત્ર ૧૩૬ શ્લોકોમાં એ વિષયને સચોટ રીતે વર્ણવ્યો છે. કર્મગ્રન્થાદિમાં કહેલી કોઇ કોઈ બાબતમાં તેઓ જુદા પડતા દેખાય છે પણ એમાં તેઓની અપેક્ષા છે, એને સમજવાથી મતભેદ રહેતો નથી. કર્મના વિષયને ટૂંકમાં મનન, ચિન્તન કરવા માટે આ કૃતિ ખૂબ ઉપયોગી છે.

૮–હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા–એના રચનાર કોઈ સમર્થ પૂર્વાચાર્ય છે. માત્ર છત્રીશ કાવ્યોમાં હૃદયમાં પ્રકાશ પાથરી શકે તેવો ઉપદેશ એમાં ગૂંથેલો છે. આધ્યાત્મિક વિકાસ માટે તે ઘણો ઉપકારક છે, કહી શકાય કે જ્ઞાનના

ફળરૂપે જીવને જેની જરૂર છે તે સાર રૂપે અહીં આપ્યું છે. અથવા જગત સાથે કેવી રીતે જીવન જીવવાથી જન્મ-મરણ ટળે એ એમાં સ્પષ્ટ સમજાવ્યું છે.

૯-**વર્દ્ધમાન દ્વાત્રિંશિકા**—એના રચયિતા **સૂરિ-પુરન્દર મહાવાદી શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજા** છે. આ બત્રીશ કાવ્યોમાં પ્રભુ શ્રી વર્દ્ધમાન (મહાવીર) સ્વામીના નામે તેમણે વિવિધ ઉક્તિથી શ્રી જિનેશ્વરની સ્તુતિ કરી છે. એટલું જ નહિ, પણ શ્રીજિનેશ્વરની બાહ્ય અભ્યન્તર લક્ષ્મીનું, તેઓના અપ્રતિમ ઉપકારનું, તેમના પવિત્ર સ્વરૂપનું વર્ણન કરવા સાથે પોતાની શરણાગતિની આજીજી કરી સમર્પિતપણું પ્રગટ કર્યું છે. આવાં કાવ્યો પ્રભુ સામે ઉચ્ચારવાથી સમકિત નિર્મળ થાય છે, અરિહન્તો સાથે સંબન્ધ બન્ધાય છે, કર્મોનાં બન્ધનો ઢીલાં થઈ નાશ પામે છે અને આખરે એવી ભક્તિમાંથી મુક્તિ પ્રગટે છે.

૧૦-૧૧-**અયોગવ્યવચ્છેદિકા** અને **અન્યયોગ-વ્યવચ્છેદિકાદ્વાત્રિંશિકા**—એના કર્તા **કલિકાલસર્વજ્ઞ જગદ્વિખ્યાત શ્રીહેમચન્દ્રાચાર્ય** છે. શ્રીસિદ્ધસેન દિવાકર સૂરિજીની દ્વાત્રિંશિકાના અનુસરણ તરીકે તેઓએ આ કૃતિઓ રચી છે. તેમાં પહેલીમાં પ્રભુ શ્રી વર્ધમાનદેવની સ્તુતિના ઉપલક્ષણથી વીતરાગદેવની વીતરાગતાનું અને અન્ય મતાવલમ્બી દેવોની અયથાર્થતાનું સ્પષ્ટ વર્ણન કર્યું છે, એટલું જ નહિ, અસત્યના બળે સત્યનો અપલાપ કરનારા અન્ય વાદીઓ ઉપરની કરુણાથી નીતરતા હૈયે

જિનેશ્વરના યથાર્થ સ્વરૂપમાં પોતાનો અનહદ અને નિર્મળ રાગ અને ભક્તિ પ્રદર્શિત કર્યાં છે.

અન્યયોગ૦ દ્વાત્રિંશિકામાં અન્ય મતાવલમ્બીઓની ત્રૂટિઓને નિષ્પક્ષ વર્ણવીને પ્રતિપક્ષે વીતરાગ શાસનમાં એવી ત્રૂટિઓનું લેશ પણ દર્શન થતું નથી, વિગેરે જણાવવા દ્વારા એકાન્તવાદનો નિરાસ અને અનેકાન્તવાદની મહત્તા વર્ણવી છે.

અર્થાત્ અયોગ૦માં જિનશાસનનો મોક્ષ થતાં સુધી કદી પણ વિયોગ ન થાય અને અન્યયોગ૦માં અન્યદર્શનનો કદાપિ યોગ (રાગ) ન થાય એવી પોતાની ભાવના સ્તુતિ દ્વારા વ્યક્ત કરી છે. આ સ્તુતિઓના બળે જીવમાં ભવોભવ જૈન શાસનની પ્રાપ્તિ થાય તેવો શ્રી જૈનશાસન અને જિનેશ્વરો પ્રત્યે અવિહડ રાગ પ્રગટ થાય છે, જેના બળે જીવ વીતરાગ બની શકે છે.

એમ અનેક આત્મોપકારક ગ્રન્થોનો આ પુસ્તકમાં સંગ્રહ કરવામાં આવ્યો છે, જે વાચક સ્વયં પઠન કરવાથી સમજી શકે તેમ છે.

પુસ્તકનું નામ **'સ્વાધ્યાય ગ્રન્થ સન્દોહ'** રાખવામાં એ આશય છે કે આ ગ્રન્થો કેવળ ગોખી જવા પુરતા નથી, પણ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા રૂપ પાંચે પ્રકારે તેને આત્મોપયોગી બનાવવા માટેના છે. કેવળ જાણવા માટે કરેલું પઠન પાઠન આત્મોપકારક બનતું નથી, પણ જીવનનું સાધન બનાવવાના ધ્યેયથી મેળવેલું જ્ઞાન આત્મહિત કરે છે, એ એક

નક્કર સત્ય છે. માટે જ વાચના, પૃચ્છના અને પરાવર્તના સુધી પ્રાયઃ કાયિક અને વાચિક સ્વાધ્યાય અને ચિન્તન, મનન અને જગતના ભાવો તથા આત્માના સ્વભાવની સાથે તુલનાત્મક દૃષ્ટિએ એને ઘટાવવા રૂપ અનુપ્રેક્ષાને તથા સ્વ અને પરને ઉપકાર કરવાની નિઃસ્વાર્થ બુદ્ધિએ સમજાવવા રૂપ ધર્મકથાને માનસિક સ્વાધ્યાય પણ કહ્યો છે. આવો સ્વાધ્યાય એક મહાન્ તપ છે, એનાથી અપૂર્વ નિર્જરા થાય છે અને અનન્તા કાળનાં બાંધેલાં કર્મો અન્તર્મુહૂર્તમાં ખપી જાય છે. કહ્યું છે કે--

"तं नत्थि जं न पासइ, सज्झायविऊ पयत्थपरमत्थं।
गच्छइ सुग्गइमूलं, खणे खणे परमसंवेगं "॥
"बारसविहंमि वि तवे, सब्भिंतरबाहिरे कुसलदिट्ठे।
नवि अत्थि नवि अ होही, सज्झायसमं तवोकम्मं"॥

અર્થાત્ તેવો કોઈ પદાર્થ નથી કે સ્વાધ્યાયનો જાણુ તેના પરમાર્થને ન જાણે. એટલું જ નહિ, પણ સ્વાધ્યાય કરનારો પ્રતિક્ષણે સદ્ગતિ(મોક્ષ)ના મૂળભૂત સંવેગને પામે છે.

શ્રી જિનેશ્વરોએ કહેલા બાહ્ય અભ્યન્તર બાર પ્રકારના તપમાં સ્વાધ્યાયની બરાબર કોઇ તપ થયો નથી અને થવાનો પણ નથી.

એમ સ્વાધ્યાયનું મહત્ત્વ સમજીને આ ગ્રન્થોનો ભવ્ય જીવો પોતાના આત્મહિત માટે ઉપયોગ કરે એ આશયથી લગભગ ૧૫૦૦ ગાથાઓનો અર્થ સાથે સંગ્રહ

કરવામાં કરેલો આ પ્રયત્ન આશા છે કે ઉત્તમ જીવોને ઉપકારક બનશે.

સ્વાધ્યાય સહેલાઈથી સળંગ કરી શકાય એ કારણે અડધા પેજમાં ઉપર મૂળ પાઠ રાખ્યો છે અને સાથે અર્થનું પણ જ્ઞાન કરી શકાય એ આશયથી નીચે તે તે ગાથા વિગેરેનું ગુજરાતી ભાષાન્તર આપ્યું છે, પણ એટલો જ ટુંકો તેનો અર્થ નથી, આ ગ્રન્થો ઉપર પૂર્વાચાર્યોએ હજારો શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકાઓ લખેલી છે, છતાં અહીં માત્ર સ્વાધ્યાયને ઉદ્દેશીને પ્રયત્ન કરેલો હોવાથી ટુંકો શબ્દાર્થ જ લખ્યો છે.

અન્તિમ ચાર પ્રકરણો 'જિનભક્તિ' નામના પૂ. પં. મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે લખેલા પુસ્તક-, માંથી અર્થ સાથે અક્ષરશઃ ઉદ્ધર્યાં છે અને શેષ ગ્રન્થોના અર્થો તથા મૂળ યથામતિ મેં લખ્યા છે, તેમાં શકય શુદ્ધ કરવા છતાં અજ્ઞાનતા, મતિભ્રમ કે અનુપયોગ આદિ છદ્મસ્થ સુલભ દોષોને કારણે જે કોઈ ક્ષતિ રહી હોય કે પ્રેસદોષના કારણે ભૂલ થવા પામી હોય તેનો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં દેવા સાથે તેના જાણુ આત્માઓને તે સુધારી લેવા વિનન્તિ કરું છું.

પ્રાન્તે આ પુસ્તક લખવા–છપાવવા વિગેરેને અંગે જે કંઈ સમ્યગ્ જ્ઞાનની ઉપાસના થઈ હોય તેના ફળ તરીકે ભવોભવ શ્રી જૈનશાસનની પ્રીતિ અને ભક્તિપૂર્વક ઉપાસના કરવાની શક્તિ પ્રગટે એ અભિલાષા સાથે વિરમું છું.

વિ૦ સં૦ ૨૦૧૩ અષાડ સુદ ૧. **સંપાદક.**

પ્રકાશકીય નિવેદન.

શ્રીપરમાત્મને નમઃ ।

શ્રી જિનેશ્વર દેવના શાસનમાં નવતત્ત્વોને સારભૂત કહ્યાં છે, તેમાં પણ છેલ્લું મોક્ષતત્ત્વ એ જ સર્વનો સાર છે. જો મોક્ષ ન હોય તો જીવ–અજીવ–પુણ્ય–પાપ વિગેરે જાણવાનું કંઈ પણ ફળ નથી, જીવાજીવ વિગેરેને જાણવાનાં તો મોક્ષ માટે જ છે. કારણ કે એ જ આત્માનું ઉપાદેય છે. એ હકિકતમાં વિસંવાદ નથી, દરેક આસ્તિક ધર્મવાળા એક યા બીજા રૂપમાં મોક્ષને માને છે, એ પરમ મંગળકારી મોક્ષને મેળવવામાં જૈન દર્શન **'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ'** એ સૂત્રથી જ્ઞાન અને ક્રિયા બે ઉપાયો જણાવે છે, તેમાં પણ જ્ઞાન ચક્ષુ સમાન અને ક્રિયા પગ સમાન કહી છે. આંધળા–લંગડાની જોડી મળે તો જ ઈષ્ટ સ્થળે પહોંચે તેમ જ્ઞાનક્રિયાનો યોગ મળે ત્યારે જ જીવ ઇષ્ટ સ્થળે (મોક્ષમાં) પહોંચી શકે છે.

એ માટે ગૃહસ્થધર્મ અને સાધુધર્મ એમ બે ધર્મો વર્ણવ્યા છે, તેમાં કઠિન છતાં સુયોગ્ય અને શીઘ્ર કાર્ય સાધક તો સાધુધર્મ જ છે, એનું આલમ્બન લઈને અનન્તા આત્માઓ મોક્ષને સાધી શકયા છે, આજે પણ સાધે છે અને ભવિષ્યમાં પણ સાધશે. એવા પરમ સાધુધર્મને પામવાની શક્તિ સામગ્રીના અભાવમાં ગૃહસ્થધર્મ પણ મોક્ષની સાધના માટે ઉપાદેય છે. તેની આરાધનાથી સાધુતાને પ્રાપ્ત કરવાની યોગ્યતા અને સામગ્રી મળે છે અને પરંપરાએ તે પણ મોક્ષનું સાધન બને છે.

આ ગૃહસ્થધર્મની આરાધના માટે જ્ઞાનીઓએ જિન-મૂર્તિ, જિનમન્દિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ સાત ક્ષેત્રો જણાવેલાં છે. પરસ્પર તેનું ગુરૂત્વ-લઘુત્વ છતાં મોક્ષ માટે તે સાતે ય એક સરખાં ઉપકારી છે અને અપેક્ષાએ તો બધાયમાં 'જિનાગમ' મહત્ત્વને ધરાવે છે. એક આગમની (શ્રુતજ્ઞાનની) સેવા સાતે ક્ષેત્રોની સેવારૂપ છે. જેના બળે ચરાચર જગતના ત્રણે કાળના હેય, જ્ઞેય અને ઉપાદેય ભાવોને સત્ય સ્વરૂપમાં જાણી શકાય તે જ્ઞાનને સૂર્યની અથવા દીવાની ઉપમા આપી છે.

તેમાં પણ આ અવસર્પિણી કાળે ભરતક્ષેત્રમાં વિશિષ્ટ જ્ઞાનીઓના અભાવે અન્ધારી રાત્રિ જેવો કાળ છે ત્યારે તો શ્રુતજ્ઞાન વિના જીવને બીજો કોઇ આધાર છે જ નહિ. એથી જ જ્ઞાનીઓ કહી ગયા છે કે "ત્રણે જગતને અનન્ય આધાર સમું શ્રુતજ્ઞાન એ જ આ જીવનમાં ઉપાદેય છે, એજ સેવ્ય છે, એનું જ દાન એ સર્વોત્કૃષ્ટ દાન છે, માટે હે ભવ્ય જીવો ! તમે શ્રુતજ્ઞાનની સેવાથી જીવનને કૃતાર્થ કરો !"

ગૃહસ્થ જીવનમાં શ્રુતજ્ઞાનની સેવા મર્યાદિત થઇ શકે છે, એને રચવાનું અને સમજાવવાનું તો સાધુજીવનથી જ શકય છે, માત્ર ભાવશ્રુતના આધારભૂત ગ્રન્થોનું રક્ષણ-પૂજન અને પ્રકાશન કરવા દ્વારા શ્રાવકધર્મની આરાધના થઈ શકે છે.

આવી એક ઉત્તમ આરાધના કરવાનો અમને યોગ મળવાથી અમારા જીવનને અમે ધન્ય માનીએ છીએ અને

આ પુસ્તક પ્રકાશનનો લાભ ભવ્ય પ્રાણિઓ વધુમાં વધુ લઈ આત્મકલ્યાણ સાધે એવી અમે પ્રાર્થના કરીયે છીયે.

ઉદ્દેશ—આ પુસ્તક પ્રકાશનની પાછળ અમારો ઉદ્દેશ એક ઉપકારી આત્માના ઉપકારના સ્મરણનો છે. જે **પૂજ્ય સાધ્વીજી શ્રીહીરશ્રીજીના** સ્મારક તરીકે આ ગ્રન્થનું અમે પ્રકાશન કરીયે છીએ તે દીર્ઘ ચારિત્ર પર્યાયથી અનેક ભવ્ય જીવોને આત્મ કલ્યાણને માર્ગે ચઢાવનાર સાધ્વીજી સપરિવાર અમદાવાદમાં અમારી પોળના ઉપાશ્રયમાં અનેકાનેક વખત ચાતુર્માસ માટે રહ્યાં હતાં. તેઓના પવિત્ર જીવનનો લાભ અમારા શ્રી સંઘને મલ્યો છે તેનો બદલો અમે કંઈ પણ આપી શકીએ તેમ નથી. માત્ર તેઓના ઉપકારની સ્મૃતિ રહે એ ઉદ્દેશથી અર્થી આત્માઓને ઉપકારક આ પુસ્તક પ્રગટ કરી અમે કૃતાર્થતાને અનુભવીએ છીએ.

પ્રકાશનની પાછળ તેઓની સ્મૃતિનું ધ્યેય હોવાથી આ પુસ્તકમાં તેઓનું ટુંકું જીવનચરિત્ર દાખલ કર્યું છે. ઉપરાન્ત જે જે ગ્રન્થો તેઓને પ્રિય અને આરાધનામાં ઉપયોગી થયા હતા તેનો આમાં સંગ્રહ કર્યો છે. ગ્રન્થો કેવા મહત્ત્વના છે તે તો આત્માને અને આત્મહિતને સમજનાર જ સમજી શકે તેમ છે. કેવળ શરીરની જ નહિ, કિન્તુ આત્માની અહિંસાને શીખવાડનારા એ દરેક ગ્રન્થોનું મહત્ત્વ પ્રાસ્તાવિક નિવેદનમાં જોઈ શકાશે. આવા ગ્રન્થોનો અભ્યાસ અને સદુપયોગ કરવો એજ આત્માનું સાચું જ્ઞાન અને સાચું કર્તવ્ય છે એમ અમો ભારપૂર્વક કહી

શકીએ છીએ. આશા છે કે સુખના અર્થી ભવ્ય જીવો એનું મહત્ત્વ સમજી પોતાના જીવનમાં એનો સદુપયોગ કરી અમારા પ્રયત્નને સફળ કરશે.


આ પુસ્તકનું સંયોજન અને સંપાદન કરવામાં પૂ૦ પ્રાતઃસ્મરણીય સંઘસ્થવિર પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવન્ત (દાદા) શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર ગામ્ભીર્યાદિ ગુણનિધિ સ્વ૦ આચાર્ય મહારાજ શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ્રશમનિધિ પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજય મનોહર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ શ્રી ભદ્રંકરવિજયજીએ સારો સહકાર આપ્યો છે, તે બદલ અમો તેઓને પુનઃ પુનઃ વન્દન કરીએ છીએ, તેઓના અમો ઋણી છીએ.

પુસ્તક પ્રકાશનમાં આર્થિક સહાય સદ્ગત સાધ્વીજી શ્રી હીરશ્રીજીનાં શિષ્યાઓ–પ્રશિષ્યાઓ વિગેરેના ઉપદેશથી ભિન્ન ભિન્ન સ્થળના અનેક શ્રાવક–શ્રાવિકા વર્ગે કરેલી છે, તે બદલ અમે તે સર્વનો પણ આભાર માનીએ છીએ.

પ્રાન્તે એટલું વિનવીએ છીએ કે ભવ્ય જીવો આશાતનાદિ ન થાય તેમ આ પુસ્તકનું રક્ષણ કરશે અને પઠન-પાઠન રૂપે એનો સદુપયોગ કરી અમારા પ્રયાસને સફળ કરશે.


ઠે. ફતાશાની પોળમાં, નવી પોળ,
અમદાવાદ.
વિ૦ સં૦ ૨૦૧૩
શ્રી મહાવીરચ્યવન દિન

લી. ફતાશાની પોળના, નવા
ઉપાશ્રયના સંઘ તરફથી
શા. સારાભાઈ જેસીંગભાઈ.



શ્રી ચન્દનશ્રીજી મહારાજ

સ્વ. પૂ. ગુરૂણીજી મહારાજ



શ્રી અશોકશ્રીજી મહારાજ

સ્વર્ગસ્થ પૂ. સાધ્વીજી મહારાજ



શ્રી હીરશ્રીજી મહારાજ

સાધ્વી શ્રીહીરશ્રીજી.

परमेष्ठिपदं नत्वा–ऽस्माकं गुरोर्नमस्कृतिम् ।
कुर्मस्तदुपकारांशा–ऽऽलेखनद्वारसंश्रयात् ॥ १ ॥
हीरश्रीरिति विख्याता, पवित्रा संयमेन या ।
रत्नत्रितयदात्री च, तस्याः शरणमाभवम् ॥ २ ॥
भवेद्यस्माद्धितं यस्य, तस्य पूज्यतमः स तु ।
ब्रुवतामिति विज्ञाना–मिदं नानुचितं हृदि ॥३॥
यया मात्रेव वात्सल्या–ल्लालिताः पालिताः सदा ।
शिक्षिता ज्ञानक्रियाभ्याम्, तस्या ब्रूमः कियद्वयम् ॥४॥
तथापि पूज्यस्तोत्रेण, स्तोता गुणी भवेदिति ।
न्यायादनुभूतं, श्रुतं, किञ्चित्स्वार्थाय चिन्महे ॥ ५ ॥

ભાવાર્થ–શ્રીઅરિહન્તાદિ પંચપરમેષ્ઠિઓના ચરણમાં નમસ્કાર કરીને અમારાં ગુરૂણીને પણ તેઓએ કરેલા ઉપકારોનો અંશ માત્ર અહીં લખવા દ્વારા અમે નમસ્કાર કરીએ છીએ. (૧)

જે **હીરશ્રી** એ નામથી પ્રસિદ્ધ, સંયમથી પવિત્ર અને જ્ઞાનાદિ ત્રણ રત્નોને આપનારાં હતાં તે ગુરૂનું અમોને ભવોભવ શરણ થાઓ. (૨)

'જેનાથી જેનું હિત થાય તે તેનો અધિક પૂજ્ય ગણાય' એમ ઉપદેશ આપનારા વિદ્વાનોના હૃદયમાં અમારૂં આ કાર્ય અનુચિત નહિ ગણાય, (કારણ કે તેઓએ ઉપકારીઓના ગુણ ગાવાનો ઉપદેશ કર્યો છે, બીજા અજ્ઞ

આત્માઓને ઉચિત લાગે કે ન લાગે તેનું અમારે કંઈ પ્રયોજન નથી). (૩)

જેણે માતાની જેમ સદૈવ વાત્સલ્યથી અમારું લાલન-પાલન કર્યું છે અને સમ્યગ્ જ્ઞાન તથા ક્રિયાનું શિક્ષણ આપ્યું છે (મોક્ષમાર્ગ આપ્યો છે) તે પરમોપકારી ગુરૂનું અમે કેટલું વર્ણન કરી શકીએ ? (૪)

'તો પણ પૂજ્યોની સ્તુતિથી સ્તોતા ગુણી બને છે' એ ન્યાયથી અમારા હિતને માટે અમે જે અનુભવ્યું અને સાંભળ્યું છે તેને (પુનઃ પુનઃ સ્મરણ કરવાના ઉદ્દેશથી) કંઇક માત્ર અહીં લેખ રૂપે એકઠું (સંગ્રહિત) કરીએ છીએ. (૫)

સ્વ૦ ગુરૂણી શ્રીચન્દનશ્રીજી.

અહીં જે અમારાં ગુરૂણીને અંગે લખવાનું છે તેઓનાં દાદી ગુરૂણીજી પૂજ્ય **શ્રીચન્દનશ્રીજી મહારાજ** હતાં, ઉત્તમ આત્માઓને ઉત્તમ ગુરુઓનો કેવો સુન્દર યોગ મળે છે તે જાણવા માટે તેઓને અંગે પણ જે અલ્પમાત્ર જાણવામાં આવ્યું છે તે અહીં નોંધી અમે કંઈક માત્ર કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

અમદાવાદ (રાજનગર)ના રાયપુર વિભાગમાં **'આકાશેઠના કુવાવાળી પોળ'** નામે પ્રસિદ્ધ પોળમાં ધર્મનિષ્ઠ શેઠ **વરજીવનદાસ આશારામ** નામે ઉત્તમ શ્રાવક રહેતા હતા, તેઓનું કુટુમ્બ **'ખરીદીઆ'** અટકથી આજે પણ પ્રસિદ્ધ છે. તેઓને સુશીલા **જયકોરબાઇ** નામે ધર્મશીલ પત્ની હતાં. વ્યવહાર કૌશલ્ય, કુલીનતા,

ધર્મના આચારોનું યથાશક્ય પાલન, વિગેરે ગૃહસ્થ જીવનના શણગારથી ભૂષિત તે દમ્પતીને સુખ પૂર્વક કાળ નિર્ગમન કરતાં વિ. સં. ૧૯૧૧ના પોષ સુદ ૨ ના દિવસે એક પુત્રીનો જન્મ થયો અને તેનું નામ **ચન્દનબ્હેન** રાખ્યું. બાલ્યચેષ્ટા રૂપે પણ બાલકના ગુણો બહુધા તેના ભૂત અને ભાવિ જીવનના સૂચક હોય છે. નાની વયથી જ પ્રસન્નચિત્ત, હસમુખ ચહેરો, ધર્મનો આદર, વડીલો પ્રત્યે વિનય, કલ્યાગરો સ્વભાવ, વિગેરે પૂર્વભવની આરાધનાનાં લક્ષણો તેમનામાં પ્રગટ દેખાતાં હતાં. જીવને ઉત્તમ જીવનની શરૂઆત કોઈ ભવમાં શરૂ થાય છે, પછી જો આગામી ભવોમાં અનુકૂળ સામગ્રીનો યોગ મળતો રહે તો ઉત્તરોત્તર વિકાસ પામતાં તે પરાકાષ્ટાએ પહોંચે છે, પણ એવી સામગ્રી અતિદુર્લભ હોય છે. કદાચ મળી જાય તો પણ તેને સફળ કરવી અતિ દુષ્કર હોય છે. ચન્દનબ્હેનના ગુણો માતા–પિતાદિના સ્નેહરાગનું નિમિત્ત બન્યા અને અનાદિ સંસ્કારના બળે માતાપિતા તેઓને સંસારના સુખથી સુખી કરવા મનોરથ કરવા લાગ્યાં. માણેકચોકની બાજુમાં આવેલી ક્ષેત્રપાળની પોળના રહીશ વિશાળ કુટુમ્બી મેતા મનસુખરામના પુત્ર ચુનીલાલ સાથે ચન્દનબ્હેનનું વેવિશાળ કરી ઘણા મનોરથોને સેવતાં માતાપિતાએ મંગળ મહોત્સવપૂર્વક તેઓનું લગ્ન પણ કરી નાખ્યું. આ ચુનીલાલભાઇ એ જ આજે વિદ્યમાન શતાધિકવર્ષાયુ સંઘસ્થવિર પરમોપકારી દીર્ઘતપસ્વી પ્રશાન્તમૂર્તિ **આચાર્ય મહારાજ શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી**

મહારાજ. લગ્ન કરતાં માતાપિતાને કયાં ખબર હતી કે અમારાં સંતાનો ભાવિ અલૌકિક જીવન જીવી અનેકનાં ઉપકારક બનવાનાં છે? લગ્ન થઈ ગયું, પણ ભાવિ જીવન-કળાને વિકસાવવામાં સંસારનાં એ બન્ધનો બન્નેને વિઘ્ન-ભૂત જણાયાં. માતાપિતાની આજ્ઞાને વશ લગ્નનાં બન્ધ-નથી જોડાવા છતાં એમને એ માર્ગ ન રૂચ્યો અને ભર યુવાવસ્થામાં સંયમ સ્વીકારવાની ભાવનાઓ અંકુરિત થઈ.

તે કાળે સાધુઓની સંખ્યા અલ્પ હતી, દીક્ષાનાં માન અને મહત્ત્વ અનેરાં હતાં, શ્રીપૂજ્યોની (જતિઓની) સત્તા નીચે દબાએલો સમાજ થોડા કાળ પૂર્વે જ કંઈક છૂટકારો મેળવી શકયો હતો અને એ કારણે થોડા માત્ર સંવેગી સાધુઓ સમાજમાં આગળ આવી શકયા હતા.

મનુષ્યને તે કાળે પોતાની જવાબદારીનું-કર્તવ્ય-પથનું સારૂં ભાન હતું, એથી મોટે ભાગે જવાબદારી-ભર્યા જીવનનો સ્વીકાર કરતાં પહેલાં સો ગળણે ગળીને પાણી પીવાની જેમ તે બહુ પર્યાલોચન કરતો, પોતાના બળાબળનો વિચાર કરી શકય જવાબદારીને ઉઠાવતો, કારણ કે જવાબદાર જીવન જીવનારાઓને તે કાળે લોકો મહાન્ માનતા અને એની આજ્ઞાને ઉઠાવવામાં ગૌરવનો અનુભવ કરતા. એમ પણ કહી શકાય કે આવી ઉત્તમ પ્રકૃતિને ચોગે સમાજ દીક્ષિત થનારને ખૂબ કસી જોતો, વૈરાગ્યની પરીક્ષામાં પાસ થયા પછી તેને સાથ આપતો, દીક્ષા લીધા પછી તેને વિકાસ માટેની સઘળી સગવડ

કરી આપતો અને સંયમથી પડી જવા જેવા પ્રસંગને આવવા પણ નહિ દેતો.

એક બાજુ માતાપિતા સંબન્ધીઓનો સ્નેહરાગ, બીજી બાજુ સમાજની આવી સ્થિતિ, ઇત્યાદિ કારણોથી ચુનીલાલ અને ચન્દનબહેનની ભાવનાને પ્રોત્સાહન આપનાર કોઈ ન હતું, આપ મેળે જ એ ભાવનાને પોષી દૃઢ બનાવવાની હતી, છતાં બન્ને સાત્ત્વિક આત્માઓ નાહિમ્મત ન થયા, સમયની રાહ જોતા વૈરાગ્યને પોષવા લાગ્યા. પ્રારમ્ભમાં ચન્દનબહેનનો વૈરાગ્ય તેવો દૃઢ ન હતો, છતાં પતિના વૈરાગ્યે તેઓને બળ આપ્યું. વીશ વર્ષ જેવી ઇન્દ્રિઓના ઉન્માદવાળી ઉમ્મરમાં ભોગો ઉપર કાબૂ મેળવી બ્રહ્મચર્યનું પાલન શરૂ કર્યું, પોતાના પતિને એ રીતે અનુકૂળ બનેલાં ચન્દનબહેને ખરેખર! 'પોતાના સ્ત્રીધર્મને શોભાવ્યો' એમ કહી શકાય. લગ્ન કરવું કે સામાને પોતાની ઇચ્છાઓને આધીન બનાવવો એ દામ્પત્ય જીવનનું લક્ષણ નથી. કિન્તુ પરસ્પર એક બીજાની ઇચ્છાઓને આધીન બની સદાચારો પાળવા-પળાવવામાં સહાયક થવું એ જ ખરો દામ્પત્ય ધર્મ છે, એમ સમજતાં ચન્દનબહેન તો પતિની ઇચ્છાને આધીન બની તેમના માર્ગમાં સહાયક થયાં, પણ સ્નેહરાગથી બંધાયેલા સ્વજનોએ દીક્ષાની અનુમતિ ન આપી. આખરે ચુનીલાલભાઈ સત્ત્વ કેળવી વિ૦ સં૦ ૧૯૩૪ના જેઠ વદી ૨ ના દિવસે દીક્ષિત થયા અને ચન્દનબહેનને એ માર્ગે જવાની સગવડ આપતા ગયા, તો પણ સંબન્ધીઓના સ્નેહથી સંકળાએલાં ચન્દનબહેન પાંચ વર્ષ વધુ ગૃહસ્થજીવનમાં રહ્યાં અને વિ૦ સં૦

૧૯૩૯ ના ફાગણ સુદ ૩ ના દિવસે સ્વજનોની સમ્મતિ-પૂર્વક તે પણ દીક્ષિત થયાં.

સંસારી સ્વજનાદિનાં બન્ધનો તોડવાં કેટલાં દુષ્કર છે, એ બન્ધનોની પાછળ અનાદિ મોહની વાસનાઓનું કેવું બળ હોય છે અને એક સત્ત્વશાળી આત્મા તેનો વિજય કરે છે ત્યારે કેટલાઓને પ્રેરણા મળે છે, વિગેરે ઘણું તાત્ત્વિક રહસ્ય એમાં છૂપાએલું હોય છે એને વિરલા જ સમજી શકે છે, મોટા ભાગનો માનવગણ તો સદૈવ તેનાથી અજ્ઞાત જ રહે છે. ચુનીલાલભાઇની દીક્ષા વખતે દૃઢ વિરોધ કરનારો પણ સ્વજનાદિ વર્ગ પાછળથી ચન્દન-બહેનની દીક્ષામાં સાથ આપી શક્યો એ પ્રભાવ પૂ. મુનિ શ્રી-સિદ્ધિવિજયજીના દૃઢ વૈરાગ્યનો અને સત્ત્વનો હતો એમ અતિશયોક્તિ વિના કહી શકાય, એટલું જ નહિ તે પછી તો કુલીન આત્માઓની કુલીનતા ઝળકી ઉઠી. પુત્રીની દીક્ષા પછી માતા જયકોરબહેનને પણ સંસારની અસારતાનો ખ્યાલ આવ્યો, તેઓએ પણ દીક્ષા લીધી અને માતા–પુત્રી સાધ્વીજીવનમાં અનુક્રમે ગુરૂણી–શિષ્યા બન્યાં. માતાની દીક્ષા પાછળથી થવા છતાં ડહેલાના ઉપાશ્રયે બિરાજમાન તે કાળે વિદ્યમાન પૂ૦ પં૦ મહારાજ શ્રીરતનવિજયજી ગણીના હાથે વડી દીક્ષા બન્નેની સાથે થઈ, તેમાં **માતાનું નામ સાધ્વીજી જયકોરશ્રી** રાખી ચન્દનબહેન તેમનાં શિષ્યા **સાધ્વીજી ચન્દનશ્રી** બન્યાં. કેટલાક વખત પછી ચન્દન-બહેનના ગૃહસ્થભાઈ પણ પૂ૦ મુનિરાજ શ્રીસિદ્ધિવિજયજીના હસ્તે દીક્ષા લઈ તેઓના જ શિષ્ય **મુનિ શ્રીપ્રમોદ-વિજયજી** થયા. કેવું સૌભાગ્ય !

ગુરૂણીની (માતાની) સેવાનો લાભ સા૦ ચન્દનશ્રીને બે જ વર્ષ મલ્યો, બે વર્ષના ટુંકા દીક્ષા પર્યાયમાં આરાધના કરી **સા૦ જયકોરશ્રીજી** કાળધર્મ પામ્યાં અને સા૦ ચન્દનશ્રીજી સંયમની સાધનામાં સહાયક વિનાનાં બની ગયાં. 'ગીતાર્થને પણ ગુરૂકુળવાસ વિના સંયમની આરાધના થતી નથી' એમ સમજતાં સા૦ ચન્દનશ્રીજીએ યોગ્ય નિશ્રાની શોધ કરતાં તે કાળે અમદાવાદ પાંજરાપોળના શ્રાવિકાઓના ઉપાશ્રયે બિરાજમાન શમ-દયાદિ ગુણોથી ભૂષિત સાધ્વીજી શ્રીશિવશ્રીજીનાં ગુરૂબહેન સાધ્વીજી શ્રીહેતશ્રીજીની નિશ્રા સ્વીકારી. તેઓની પાસે રહી પોતાના ચારિત્રની ઉત્તમ આરાધના માટે વિનય વૈયાવચ્ચ આદિ અભ્યન્તર અને બાહ્ય તપની યથાશકય સાધના કરતાં તેઓએ પ્રકરણો, કર્મગ્રન્થ, ભાષ્ય, સંગ્રહણી આદિનો સારો બોધ મેળવ્યો.

તે કાળે સંસ્કૃત પ્રાકૃત વિગેરે ભાષાજ્ઞાનનો ઝોક ઓછો હતો, છતાં સંયમ સાધક ચરણ-કરણ સિત્તરીના બોધનો અને પાલનનો મહિમા વધારે હતો. વર્તમાનમાં જ્ઞાનયોગ વિકાસને પામ્યો છે, પણ ચરણ કરણાનુયોગમાં શૈથિલ્યનો પ્રવેશ વધતો જાય છે તેને બદલે તે કાળે જ્ઞાનયોગની મન્દતા હતી છતાં ચરણકરણાનુયોગનું બળ સારૂં હતું, તે કાળે જ્ઞાનીઓ દુર્લભ હતા તેમ વર્તમાનમાં દૃઢ નિર્મળ આચાર દુર્લભ થતો જાય છે. કાળને યોગે આવાં પરાવર્તનો અનાદિ કાળથી થયા જ કરે છે, તેને સમજીને જે કાળે જે દુર્લભ-દુષ્કર હોય તેની રક્ષામાં વધારે સત્ત્વ

કેળવવું જોઈએ. કોરા જ્ઞાનથી કે માત્ર ક્રિયાથી નહિ, પણ ઉભયના સુમેળથી સ્વ–પર હિત સાધી શકાય છે.

જ્ઞાનાભ્યાસ, વિનય, વૈયાવચ્ચ, ત્યાગ, તપ, વિગેરે ગુણોથી સાધના કરતાં સાધ્વીજી ચન્દનજીશ્રીને પૂ૦ સાધ્વીજી **જ્ઞાનશ્રીજી** પ્રથમ શિષ્યા થયાં. તેઓની પછી અનુક્રમે સાધ્વીજી **અશોકશ્રીજી, સા૦ સુભદ્રાશ્રીજી, સા૦ ચતુરશ્રીજી, પંજાબી સાધ્વી રામશ્રીજી, સા૦ શ્રીજિનશ્રીજી અને સા૦ સુવ્રતાશ્રીજી** વિગેરે શિષ્યાઓ થયાં.

સંયમનો રાગ, અષ્ટપ્રવચન માતાઓનું પાલન, પ્રતિજ્ઞાની શ્રદ્ધા, જવાબદારીનું ભાન અને શિષ્યાઓને સંયમની શિક્ષા આપવી, વિગેરે તેમના વિશિષ્ટ ગુણો હતા. તેઓનાં પરિચિત આજે પણ જે જે વિદ્યમાન છે તેઓ તેમના ગુણોની પ્રશંસા કરે છે. અમારાં સ્વ૦ પૂજ્ય ગુરૂણીજી હીરશ્રીજી મહારાજમાં જે કોઈ ગુણો અમારા અનુભવમાં આવ્યા છે તે તેઓએ પોતાનાં દાદી ગુરૂ આ શ્રીચન્દનશ્રીજી મહારાજની સોળ વર્ષ પર્યન્ત અખણ્ડ અન્તિમ વૈયાવચ્ચ કરી હતી તેની કૃપાનું પરિણામ હતું એમ કહેવામાં કંઈ અતિશયોક્તિ નથી. 'યોગ્ય ગુરૂની એવા ઉત્તમ શિષ્યને કલ્પવૃક્ષની જેમ ફળે છે' એ સાચું જ છે. ગુરૂના ગુણો અને આશીર્વાદના બળે શિષ્ય પોતાની સાધના કરી શકે છે.

એમ કુલ ૪૩ વર્ષો ચારિત્ર પાળી મોટા પરિવારને પાછળ મૂકી પૂ૦ સા૦ શ્રીચન્દનશ્રીજી વિ૦ સં૦ ૧૯૮૨ ના અષાડ વદ ૭ ના રોજ કાલધર્મ પામ્યાં, આજે પણ તેમના પરિવારમાં આશરે ૩૦૦ સાધ્વીઓ વિચરે છે.

સ્વ૦ ગુરૂણી શ્રીઅશોકશ્રીજી.

ઉપર્યુકત દાદી ગુરૂણીજી શ્રીચન્દનશ્રીજીનાં બીજા નમ્બરનાં શિષ્યા સ્વ૦ સાધ્વીજી શ્રીઅશોકશ્રીજી મહારાજ, એ અમારાં સ્વ૦ ગુરૂણી શ્રીહીરશ્રીજી મહારાજનાં ગુરૂણી હતાં. સા૦ ચન્દનશ્રીજી દેશકાળને અનુસરી વિહાર કરતાં વિ૦ સં૦ ૧૯૫૭ની સાલમાં સુરત પધાર્યાં, ત્યાં ગોપીપુરા વિભાગના હજીરાન મહોલ્લામાં ઝવેરી પ્રેમચંદભાઈ નામે ધર્મ-શ્રીમન્ત અને ગર્ભશ્રીમન્ત શ્રાવક રહેતા હતા, તેઓનાં સુપુત્રી લક્ષ્મીબહેનને પૂ૦ ચન્દનશ્રી મહારાજના પરિચયથી સંસારની અસારતાનો ખ્યાલ આવતાં તેઓ સંયમ સ્વીકારવા ઉત્સા-હિત થયાં અને વિ૦ સં૦ ૧૯૫૭ ના વૈશાખ વદ ૬ ના દિવસે તે કાળે ત્યાં વિરાજમાન પૂ૦ મુનિરાજ શ્રીસિદ્ધિ-વિજયજી (વર્તમાનમાં પૂ૦ દાદા શ્રીવિજયસિદ્ધિ-સૂરીશ્વરજી) મહારાજને હાથે તેઓએ પ્રવ્રજ્યા અંગીકાર કરી. તેઓનું નામ સાધ્વીજી શ્રીઅશોકશ્રીજી રાખી સાધ્વીજી શ્રીચન્દનશ્રીજીનાં શિષ્યા બનાવ્યાં. તે પછી સુરતમાં જ છાણીનાં રહીશ હીરાકુંવર અને સુરતની છાપરીયાશેરીનાં રહીશ બહેન કાબુબહેનને દીક્ષા આપી અનુક્રમે સા૦ શ્રી-હીરશ્રીજી અને સા૦ શ્રીકલ્યાણશ્રીજી નામ રાખી તે બન્નેને પૂ૦ સા૦ શ્રીઅશોકશ્રીજીનાં શિષ્યા બનાવ્યાં. એમાં સા૦ શ્રીહીરશ્રીજી એ જ અમારાં સ્વ૦ ગુરૂણી હતાં.

સા૦ શ્રીઅશોકશ્રીજી એક ગર્ભશ્રીમન્ત કુલીન માતા-પિતાનાં પુત્રી હતાં, એટલે બાલ્યકાળથી જ તેઓનું જીવન અક્ષુદ્ર વિગેરે ગુણોથી ભૂષિત હતું. ઉત્તમ ક્ષેત્રમાં જન્મ,

માતાપિતાના જીવનની વિશિષ્ટતા, શ્રીમન્તાઇ અને ઉત્તમ કુળાચારો, વિગેરે પુણ્ય સામગ્રી માનવતાની સાધના ઉપરાન્ત આત્માના વિકાસ માટે પણ ખૂબ જરૂરી છે, એવી સામગ્રીથી જીવનો ઉદાર સ્વભાવ ઘડાય છે અને પરિણામે એ બાહ્ય ઉદારતા હૃદયની વિશાળતાને સર્જીને અનેક કડવા મીઠા પ્રસંગોમાંથી સમતાપૂર્વક પસાર થવાનું બળ પ્રગટાવે છે, એના પરિણામે બીજાઓ પ્રત્યે વાત્સલ્યભાવ પ્રગટે છે અને સ્વ—પર ઉપકારમાં સફળ થઈ શકાય છે. માટે તો વિપુલ જીવન સામગ્રીને આપનારા પુણ્યની પણ ઉપાદેયતા માની છે. આત્માની યોગ્યતા અને પુણ્યસામગ્રીનો યોગ બેથી પવિત્ર બનતો જીવ પુણ્યને ભોગવવા છતાં તેનાથી પર રહી આખર પુણ્યથી પણ પાર થઈ શકે છે. આ હકિકત સા૦ અશોકશ્રીજીમાં પ્રગટ દેખાતી હતી, રાજવૈભવ જેવી સુખ સામગ્રીમાં ઉછરવા છતાં સંયમ માટેની તૈયારી, તેનો સ્વીકાર અને યથાશકય સંયમના પાલન ઉપરાન્ત જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટેનો અપ્રમાદ, વિગેરે ઉત્તમ ગુણોને તેઓ પ્રગટ કરી શકયાં હતાં. કુલ ૩૧ વર્ષ ચારિત્રપાલન કરી વિ૦ સં૦ ૧૯૮૮ના આસો. સુ. ૭ ના દિવસે સુરત છાપરીયાશેરીમાં તેઓ કાળધર્મ પામ્યાં હતાં. પોતાની મુખ્ય શિષ્યાને દાદી ગુરૂણીની સેવામાં રાખી પોતે સા૦ શ્રીકલ્યાણશ્રીજી સાથે રહેતાં હતાં. એમના જીવનના પણ અનેક પ્રસંગો અનુકરણીય હતા. સા૦ શ્રીકલ્યાણશ્રીજીએ પણ અન્તકાળ સુધી તેમની અખણ્ડ સેવા કરી હતી અને આજે પણ તેઓ પર્યાયવૃદ્ધ છતાં લઘુતા કેળવીને સહુને સંભાળવામાં જાગ્રત છે.

પૂ૦ સ્વ૦ ગુરૂણી શ્રીહીરશ્રીજી મહારાજ.

અમારાં નિકટનાં ઉપકારી **સ્વ૦ ગુરૂણી શ્રીહીર-શ્રીજી** છે, તેઓના ઉપકારનું ઋણ અનેક ભવોની સેવાથી પણ ચૂકવી શકાય તેમ નથી, છતાં તેઓના જીવનની સ્મૃતિ માટે કંઇક માત્ર લખી આત્મ સંતોષ અનુભવવા અમારો આ પ્રયાસ છે.

ઉપર તેઓનાં દાદી ગુરૂણી શ્રીચન્દનશ્રીજી મહારાજ અને ગુરૂણી શ્રીઅશોકશ્રીજી મહારાજ હતાં એમ જણાવ્યું.

તેઓનો જન્મ વિ૦ સં૦ ૧૯૨૭ ના કારતક વદ ૧ના રોજ છાયાપુરી (છાણી) ગામમાં થયો હતો. છાણી ગામ નાનું છે, શહેરોના જેવી ત્યાં જીવનસામગ્રી નથી, વડોદરાની દક્ષિણ દિશામાં ચારેક માઇલ દૂર એ ગામમાં શ્રાવકોનાં આશરે ૮૦ ઘરો છે, છતાં ત્યાંની ધર્મસામગ્રી અને ધર્મની આરાધના એક શહેરથી પણ પ્રમાણમાં વધી જાય તેવી આકર્ષક અને પવિત્ર છે, ત્યાં સોળમા તીર્થંકર અને પાંચમા ચક્રવર્તી **શ્રીશાન્તિનાથ ભગવાનના** આકર્ષક આશરે ૪૫ ઇંચના મૂળનાયકના બિમ્બથી વિભૂષિત શ્રીજિનમન્દિર એક તીર્થની ગરજ સારે તેવું છે. બાજુમાં જ ભવ્ય ઉપાશ્રય, સામે સુશોભિત અને જૈનાગમોના સંગ્રહથી ભરપૂર જૈન જ્ઞાનમન્દિર છે. વીશમી સદીના શાસનના નાયક સમા કેટલાય આચાર્યાદિ મુનિવરોનાં અને અનેક સાધ્વી ગણનાં ત્યાં ચાતુર્માસ થયેલાં છે. એટલું જ નહિ, એવા ઉત્તમ દેવ–ગુરૂના યોગને સફળ

કરતા આશરે ૧૭ જેટલા પુરૂષોએ અને આશરે ૫૦ જેટલી બહેનોએ છેલ્લા ૫૦ વર્ષોમાં પરમ પારમેશ્વરી દીક્ષાને અંગીકાર કરી સ્વ પર જીવનને ધન્ય બનાવ્યું છે. માત્ર ૮૦ જેટલા ઘરોમાંથી આટલા આત્માઓ સંયમને સ્વીકારે એ આ યુગમાં આશ્ચર્ય ઉપજાવે તેવું જ નહિ, કિન્તુ સંસારના રસીયાને પણ અનુમોદના ઉપજાવે તેવું છે, આ ધર્મની છાયા પામેલા છાયાપુરી ગામમાં ધર્મનિષ્ઠ શ્રાવક કીલાચન્દભાઈ અને શ્રાવિકા જડાવબહેનનાં તેઓ પુત્રી હતાં. બે બહેનો અને એક ભાઇ એમ ત્રણમાં તેઓ વડીલ હતાં, તેઓનું નામ **હીરાકુંવર** બહેન હતું. નામ પણ નામ માત્ર ન હતું, પણ ગુણવાચક હતું, એમ કહી શકાય. કારણ કે હીરાની જેમ ઘરમાં સહુને તે અતિપ્રિય હતાં તેમ બાલ્યકાળથી સ્વભાવે જ તે કાળના માનવ સમૂહમાં હીરાની જેમ વૈરાગ્યના તેજથી તેજસ્વી હતાં. પૂર્વ-ભવની આરાધનાના સંસ્કાર અને એના પરિણામે આ ભવમાં મળેલી ઉત્તમ ધર્મસામગ્રી, બન્નેના બળે નાની ઉમ્મરથી જ તેમને દેવ–ગુરૂ–ધર્મનો રાગ સારો હતો. સમયને અનુસાર વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરતાં સ્ત્રીજીવનને અનુરૂપ ઘરનાં કામકાજની કળાઓમાં પણ પ્રવીણ બન્યાં. પછી તેઓ યૌવન વય પામ્યાં ત્યારે દુન્યવી વ્યવહારોમાં આસક્ત માતાપિતાએ તેમના જીવ-નને સંસારના પ્રવાહમાં દોર્યું.

એ કાળે જીવનમાં મર્યાદાઓનું મહત્ત્વ હતું, એથી સંતાનો ઇચ્છાએ કે અનિચ્છાએ માતાપિતાની ઇચ્છાને માન

આપતાં, વડીલોની ઇચ્છાથી વિરુદ્ધ વર્તાવ તે કાળે એક મોટા દૂષણ તરીકે મનાતો, એથી વૈરાગી પણ આત્માઓ માતાપિતાદિની ઇચ્છાને આધીન બની સંસારના માર્ગે ચઢી જતા.

હીરાકુંવર માટે પણ પ્રાયઃ એવું જ બન્યું. કાવી અને ગન્ધારની વચ્ચે આવેલા **જમ્બૂસર** નામના શહેરમાં પ્રતિષ્ઠાવન્ત **શેઠ પાનાચન્દભાઈ** અને તેમનાં **ધર્મપત્ની ગંગાબેન** રહેતાં હતાં, તેઓને **પુરૂષોત્તમદાસ, મોહનલાલ** અને **બાલુભાઇ** નામે ત્રણ પુત્રો ઉપરાન્ત **આદિતી** નામે એક પુત્રી હતાં. વ્યવહાર અને કુલાચારથી પ્રધાન એ કુટુમ્બમાં પુરૂષોત્તમદાસની સાથે બહેન હીરાકુંવરનું વેવિશાળ કરી માતાપિતાએ જાણે પોતાને માથેથી ઋણ ઉતારવું હોય તેમ તેમનું લગ્ન પણ કરી નાખ્યું. હીરાકુંવર બહેન કુમારિકા મટીને ગૃહિણી બન્યાં, પણ તેઓનું ચિત્ત એમાં માન્યું નહિ. ધનાઢ્ય ઘરમાં ભોગની વિપુલ સામગ્રી પણ તેમને આકર્ષી શકી નહિ, બલકે વૈરાગ્ય દૃઢ થતો ગયો. પરિણામે સંયમ ન લેવાય ત્યાં સુધી છ વિગઇઓનો સામાન્ય રૂપે ત્યાગ કરી પોતાની સંયમની ભાવના પ્રગટ કરી. ભર યૌવનમાં સાંસારિક સુખોના મનોરથો સેવતા પુરૂષોત્તમભાઇ તો ન પીગળ્યા, પણ તેમનાં માતાપિતા કે સાસુ-સસરાને પણ તેની અસર થઇ નહિ. એમ છતાં સત્ત્વ કેળવી હીરાકુંવર બહેન પોતાના માર્ગે અડગ રહ્યાં. એમ સોળ વર્ષ જેટલો લાંબો કાળ વહી ગયો, તે ગાળામાં પોતાના બે દીયરો પૈકી નાના દીયર મોહનભાઇમાં વૈરાગ્યનો રંગ પૂરી તેઓને

સંયમના અર્થી બનાવ્યા અને ચૌદ વર્ષની નાની ઉમ્મરમાં વિ૦ સં૦ ૧૯૬૭ ના મહા વ ૫ના રોજ તે કાળે પં૦ શ્રીઆનન્દસાગરજી ગણિવર (સાગરાનન્દસૂરીશ્વરજી) પાસે દીક્ષા અપાવી. વર્તમાનમાં તેઓ તેમના પટ્ટધર શ્રીમાણેકસાગરસૂરિજી તેઓના સમુદાયના મુખ્ય આચાર્ય તરીકે પ્રસિદ્ધ છે.

હીરાકુંવર બહેનનો પોતાનો આત્મા પણ સંયમ માટે ઉત્કણ્ઠિત થતો ગયો અને આખરે છેલ્લા છ મહિનાઓમાં મૂળથી સર્વ વિગઇઓનો ત્યાગ કરી શીઘ્ર સંયમ સ્વીકારવાનો દૃઢ સંકલ્પ કરી લીધો. ગૃહસ્થજીવન દરમ્યાન કરેલી જિનભક્તિ, ગુરૂભક્તિ અને ધર્મક્રિયાઓએ તેમના આત્માને વૈરાગ્યના રંગથી રંગી દીધો અને વડીલોની સમ્મતિ દુર્લભ માની સ્વયં સંયમ લેવા તૈયાર થયાં. વિ૦ સં૦ ૧૯૬૭ના જેઠ વદ ૬ ના મંગળ પ્રભાતે સુરતની પાસે જલાલપુર જવા માટે ઘેરથી નીકલતાં શુભ શકુનાદ્રિ ઉત્તમ નિમિત્તો મળતાં તેમનો ઉત્સાહ વધી ગયો અને ત્યાં જઈ શ્રીશાન્તિનાથ પ્રભુની છેલ્લી દ્રવ્ય પૂજાભક્તિ આદિ માંગલિક કરી સ્વયમેવ સાધ્વીનો વેશ ધારણ કરી લીધો.

છાણી અને જમ્બૂસર સમાચાર પહોંચી ગયા, પુરૂષોત્તમદાસ તુર્ત ત્યાં પહોંચ્યા અને કરવા યોગ્ય શકય પ્રયત્નો કર્યા છતાં ત્યાંના સંઘની સમજાવટથી અને હીરાકુંવર બહેનના દૃઢ નિશ્ચયથી આખરે મન શાન્ત કરી તેઓ પાછા જમ્બૂસર ગયા.

હીરાકુંવર બ્હેનને આ એક બન્ધન હતું તે તૂટી ગયું અને સંયમનો પન્થ નિષ્કણ્ટક થયો. તે પ્રસંગે વર્તમાનમાં સા૦ કલ્યાણશ્રીજી કે જેઓ ગૃહસ્થ હતાં તેઓએ સુન્દર સહાય કરી હતી. તે પછી સુરતના ઝવેરી ઝવેરચંદભાઈનાં સુપુત્રી રતનબ્હેન કે જેઓ હાલ તેઓનાં જ શિષ્યા સા૦ શ્રી સુમિત્રાશ્રીજી તરીકે વિદ્યમાન છે તેઓની સાથે પાદચારી વિહાર કરી તેઓ સુરત ગયાં. તે અવસરે ત્યાં ચાતુર્માસ માટે પધારેલા શ્રીસાગરાનન્દ સૂરીશ્વરજી બિરાજતા હતા, તેઓને મળી સઘળી હકિકત જણાવી અને તેઓશ્રીએ વિ૦ સં૦ ૧૯૬૭ના અષાઢ સુદ ૧૧ના રોજ હીરાકુંવર બ્હેનને વિધિપૂર્વક દીક્ષાની ક્રિયા કરાવી જાવજ્જીવ સુધીનું સામાયિક ઉચ્ચરાવી સા૦ શ્રીચન્દનશ્રીજીનાં શિષ્યા સા૦ શ્રીઅશોકશ્રીજીનાં શિષ્યા **સા૦ શ્રીહીરશ્રીજી** નામ સ્થાપન કર્યું. એમ ગૃહસ્થાશ્રમનાં બન્ધન તોડી ત્યાગી બનેલાં હીરાકુંવર બ્હેનની ઈચ્છા લગભગ વીશ વર્ષે પૂર્ણ થઈ એનો આનન્દ તેમના ઉત્સાહનો પોષક બન્યો. વડી દીક્ષા ન થાય અને ગુરૂણી પાસે ન પહોંચાય ત્યાં સુધી યોગ્ય નિશ્રા માટે પૂ૦ સાગરાનન્દસૂરીશ્વરજીએ તેમને સુરતમાં વિચરતાં યોગ (જોગ)શ્રી નામનાં સાધ્વીને સોંપ્યાં. ચાતુર્માસ દરમ્યાન ત્યાં રહી વિનય વૈયાવચ્ચ જ્ઞાન ધ્યાન આદિમાં દત્તચિત્ત બનેલાં સા૦ શ્રીહીરશ્રીજીએ સા૦ જોગશ્રી પાસેથી સાધુ જીવનનું પ્રાથમિક જ્ઞાન મેળવ્યું.

ચાતુર્માસ પૂર્ણ થતાં ગુરૂણીની પાસે જવા સુરતથી

વિહાર કરી છાણી (છાયાપુરી કે જે પોતાની જન્મભૂમિ છે ત્યાં) ગયાં. તેમનાં ગુરૂણી વિગેરે સાધ્વીગણ પણ ત્યાં પધારેલો હતો અને પૂ૦ પન્યાસજી મહારાજ શ્રીસિદ્ધિવિજયજી ગણી (વર્તમાનમાં પૂ૦ દાદા શ્રીસિદ્ધિસૂરીશ્વરજી) પણ ભરૂચનું ચાતુર્માસ પૂર્ણ થતાં છાણી પધાર્યા હતા, તેઓની પાસે યોગોદ્વહનાદિ કરી લીધું અને વિ૦ સં૦ ૧૯૬૮ના મહા સુદ ૧૦ ના રોજ તેઓશ્રીના મુખે મહાવ્રતો ઉચ્ચરી (વડી દીક્ષા સ્વીકારી) પોતાના આત્માને કૃતાર્થ કર્યો (વધુ જવાબદારીવાળો બનાવ્યો). દીક્ષા વખતે જે સંબન્ધીઓ સાથ ન આપી શકયા તે વડીદીક્ષા વખતે પૂર્ણ સહાયક થયા અને તેઓના ગૃહસ્થ પિતાશ્રી કીલાચંદભાઈએ નૂતન દીક્ષાની જેમ ઘણા આડમ્બરપૂર્વક ગામ બહાર વટવૃક્ષની નીચે પૂ૦ ગુરૂદેવને હાથે વડીદીક્ષા અપાવરાવી. એક કાળે જે અનુચિત જણાતું હતું તે પણ આખરે સહુને યોગ્ય જણાયું. પોતે મોહાધીન બની આટલાં વર્ષો અન્તરાયભૂત બન્યા તેનો પશ્ચાત્તાપ થયો અને છેલ્લે છેલ્લે પણ સહુએ તેઓની દીક્ષાની ખૂબ ખૂબ અનુમોદના કરી. ગુરૂણી અને દાદી ગુરૂણી વિગેરેની નિશ્રામાં સંયમનું પાલન કરતાં ગુણનો પ્રકર્ષ થતો ગયો તેમ તેમ પુણ્યનો પ્રકર્ષ પણ વધતો ગયો. તેઓનો સંયમનો આદર અને પુણ્યબળ કેવું હતું તે જાણવા માટે તેમણે સ્વ-પર કરેલી આરાધના ઉપરાન્ત બહોળો શિષ્યાઓનો પરિવાર એ મોટું પ્રમાણ છે. તેઓએ સંયમ લીધું ત્યારથી યથાશકય વિહાર કરી જુદા જુદા પ્રદેશોમાં

ચાતુર્માસો કર્યાં, એટલું જ નહિ, પણ જ્યાં જ્યાં વિચર્યાં ત્યાં પોતાના ચારિત્રની છાયાથી લોકોને આકર્ષણ કર્યાં, ઘણા આત્માઓને ધર્મમાં જોડ્યા અને પ્રાયઃ દરવર્ષે એકાનેક બહેનોને દીક્ષાઓ આપી સંયમી બનાવ્યાં. સુમારે ૪૩ વર્ષ જેટલા દીક્ષા પર્યાયમાં લગભગ શિષ્યા પ્રશિષ્યાદિ કુલ અઢીસો જેટલાં સાધ્વીઓનાં તે ગુરૂણી બન્યાં હતાં. દીક્ષાઓ આપવા માટે જ આપી ન હતી. પણ સમય અને શક્યતાને અનુસારે દરેકને જ્ઞાન અને ક્રિયામાં પૂર્ણ સહાય કરી તેઓનું આત્મહિત સાધવાનું તેઓનું મુખ્ય લક્ષ્ય હતું અને તેમાં તેઓ સમયાનુસાર સફળ પણ થયાં હતાં, દીક્ષિતોમાં મોટો વર્ગ કુલીન, ભોગ સામગ્રી સમ્પન્ન, સ્વજન વર્ગને પ્રિય અને સુશિક્ષિત છે, તેમ ઘણો ભાગ બાલબ્રહ્મચારિણીઓનો છે.

તેઓના જીવનમાં ત્યાગ વૈરાગ્ય સાહજિક પ્રગટેલા હતા, જીવ્હા ઉપર સારો કાબૂ હતો, ભાષામાં મધુરતા હતી, અપ્રમાદ પણ તેવો જ હતો અને આશ્રિત વર્ગ પ્રત્યેનું વાત્સલ્ય પણ આદર્શરૂપ હતું. થોડા પણ ઉપકારને તેઓ ભૂલતાં ન હતાં, લઘુતા એક શણગાર હતો અને એ બધું હોવા સાથે ઉદારતા અદ્‌ભૂત હતી, ભાવ ઔદાર્ય પણ અનુકરણીય હતું, નહાની વાતને પણ સમજી શકતાં છતાં કરવા યોગ્યની ઉપેક્ષા પણ કરી શકતાં હતાં. ઉપરાન્ત ગુણાનુરાગથી હૈયું હમ્મેશાં પ્રસન્ન રહેતું, પૂજ્યવર્ગ પ્રત્યે પૂજ્યભાવ અને વિનયાદિ પણ તેવાં જ સુન્દર હતાં, નહાનામાં નહાના સાધુ પ્રત્યે

પૂજ્યભાવ ધરાવતાં હતાં, જ્ઞાન પ્રત્યેનો આદર, જિનાજ્ઞાનો રાગ, વ્યાખ્યાન સાંભળવાનો પ્રેમ, વિગેરે બીજાઓને પણ પ્રેરણા આપે તેવાં હતાં અને પુણ્ય પ્રકર્ષ પણ અદ્‌ભૂત હતો. દરેક ગુણોનો પૂર્ણ ખ્યાલ તો શી રીતે આપી શકાય ? પ્રત્યક્ષ જોએલા પણ ભાવો લેખનમાં ઉતારી શકાતા નથી, એ તો અનુભવથી જ સમજાય, તો પણ કંઈક માત્ર અહીં સંગ્રહ કરીએ છીએ.

ત્યાગ વૈરાગ્ય—ઉભય કુટુમ્બમાં ભર્યા પાથર્યા ભોગોની વિપુલ સામગ્રી છતાં ભરયૌવન વયથી સંયમની અભિલાષા, સોળ સોળ વર્ષ સુધી છ (કાચી) વિગઈઓનો ત્યાગ અને બ્રહ્મચર્યનું પાલન કરવાપૂર્વક ગૃહસ્થાશ્રમનો નિર્વાહ કરવો, વિગેરે તેઓનો ત્યાગ ગૃહસ્થજીવનથી જ વૈરાગ્ય મૂલક હતો. સંયમ જીવનમાં પણ એ ગુણ અધિકાધિક ખીલતો જ રહ્યો હતો, અને ઔપચારિક નહિ રહેતાં નૈષ્ઠિક (નૈસર્ગિક) બની ગયો હતો. માટે જ અનેકાનેક જીવોને તેઓ સંયમ માર્ગે જોડી શકયાં હતાં. તેમનો થોડો વખત પરિચય કરનારા પણ યોગ્ય જીવો સંયમ પ્રત્યે સન્માનવાળા બની જતા, તેમાંના કેટલાકે તો સંયમ પણ લીધું છે.

રસનાનો વિજય શેષ ઇન્દ્રિઓના વિજયથી અતિ દુષ્કર ગણેલો છે, તેનો કાબૂ પણ તેમણે ઠીક કેળવ્યો હતો. દશ દ્રવ્યથી કોઈ દિવસ વધારે દ્રવ્યો નહિ વાપરવાં એવો તેમનો અભિગ્રહ હતો. દશમાં પણ ઓછામાં ઓછું એક તો છોડવું, કોઈ દિવસે દશ પુરાં વપરાય તો બીજે

દિવસે આઠ જ વાપરવાં, એ નિયમનું છેક સુધી પાલન કર્યું હતું. દીક્ષાદિનથી વીશ વર્ષ એકાસણાથી ઓછો તપ કર્યો ન હતો, તેમાં પણ દશતિથિ તો આયમ્બિલ ઉપવાસથી ઓછું નહિ. છેક બાલ્યવયથી આરમ્ભેલી નવપદની શાશ્વતી ઓળીની આરાધના છેક છેલ્લા વર્ષ સુધી ચાલુ રાખી હતી. વર્ધમાન તપની પણ ૧૭ ઓળીઓ કરી હતી. અટ્ઠાઇનો તપ પણ તેઓએ કર્યો હતો, વિગઈઓ પણ પ્રમાણભૂત જ લેતાં, અનેક જાતની વસ્તુઓ મળવા છતાં આ યુગમાં આ રીતે તેમણે સાચવેલો રસનાનો કાબૂ સહજ પ્રશંસા માગી લે છે. એમના આ ગુણની છાયાથી આશ્રિતવર્ગ પણ વિના પ્રેરણાએ તેમને અનુસરવા યથાશક્ય જાગ્રત રહેતો. અનેક જીવોના કલ્યાણની જવાબદારી માટે તેમનો આ ગુણ તેમને સારો સાથીદાર બન્યો હતો.

ભાષામાં મધુરતા ઉપરાન્ત દૃઢતા અને સત્ત્વ પણ હતાં. પ્રાયઃ આદેય નામકર્મના ઉદયને લીધે તેઓનું વચન કોઈ ઉત્થાપતું નહિ, વર્ષો સુધી સેંકડો સાધ્વીઓને સમ્ભાળવા છતાં તેઓ પ્રત્યે એક પણ સાધ્વીને અસદ્ભાવ થવાનો પ્રસંગ બન્યો નથી, દરેક તેમની સેવામાં રહેવા ઇચ્છતાં, હિતશિક્ષા સાંભળતાં અને જુદાં વિચરતાં વિરહનું દુઃખ અનુભવતાં, એ એમની મધુર પ્રિય અને હિતકર વાણીનો મહિમા હતો.

અપ્રમાદ અનુકરણીય હતો, ક્રિયામાં જાગૃતિ હતી, ઉભય ટાઇમ બનતાં સુધી ઉભાં ઉભાં પ્રતિક્રમણ કરતાં, નિદ્રા પરિમિત હતી, પાછલી રાત્રે વહેલા જાગ્રત થઈ દરરોજ

ઋષિમણ્ડલનો પાઠ, ચઉસરણ, આઉર પચ્ચક્ખાણ, પંચસૂત્ર-માંનું પ્રથમ પાપપ્રતિઘાત ગુણબીજાધાનસૂત્ર, નવસ્મરણ, ગૌતમાષ્ટક, વિગેરે માંગલિક પાઠ કરતાં, જ્ઞાન વિગેરેના કાયોત્સર્ગો, નવકારવાળીથી જાપ, દરરોજ હજાર ઉપરાન્ત ગાથાઓનો સ્વાધ્યાય, બાંધી નવકારવાળીથી નમસ્કાર મહા-મન્ત્રનો જાપ, વિગેરે તેમનું નિત્યકર્મ હતું. શક્તિ પહોંચી ત્યાં સુધી દરરોજ જ્ઞાનનાં ૫, નવપદનાં ૯ અને શત્રુંજયનાં ૨૧, ખમાસમણો ઉભાં ઉભાં દેતાં, માંદગીનાં છેલ્લાં બે વર્ષ સ્વયં ન કરી શકયાં ત્યારે અન્ય સાધ્વી મુખે સાંભ-ળીને પણ એ આરાધના અતૂટ રાખી હતી.

વાત્સલ્ય અદ્‌ભૂત હતું. એના પ્રતાપે કોઈ તેમના વચનનો અનાદર કરતું નહિ, મોટાથી નાના સુધી દરેક પ્રત્યે વિવેક પૂર્વક સમભાવ ધરાવતાં, પોતે ઉપવાસી હોય તો પણ પારણે અન્ય સાધ્વીઓને વપરાવીને (સાથે રાખીને) પછી જ વાપરતાં. સારી વસ્તુ વાત્સલ્યભાવે બીજાને આપ-વામાં તેમને અધિક આનન્દ થતો. પ્રસંગે બીજાને જ્ઞાન-ધ્યાનમાં સગવડ આપવા કોઇ કોઇ કાર્ય પોતાની જાતે કરી લેતાં, કઠોર વચન પણ વાત્સલ્યથી મીઠું અને આદેય બની જતું. 'જીવ માત્રને કર્મના ઉદય અનુસાર રુચિની ભિન્નતા હોય છે' એમ સમજી દરેકની રુચિને વાળવા (સુધારવા) કોશીષ કરતાં પણ વિરોધ કરતાં નહિ 'ઇચ્છિકાર' સામાચારીનું શકય પાલન કરતાં, એ જ કારણ હતું કે સહુના પ્રત્યે તેઓના હૃદયમાં માતાથી પણ અધિક વાત્સલ્ય હતું.

કૃતજ્ઞતા સુન્દર હતી, ગૃહસ્થ જીવનમાં પોતાને અન્તરાય કરનાર પણ માતાપિતાદિ સ્વજનો પ્રત્યે તેમને અલ્પમાત્ર બેરાજી ન હતી, બલ્કે તેમના ઉપકારને યાદ કરતાં. પૂ૦ આચાર્ય મહારાજ શ્રીસાગરાનન્દસૂરિજીએ કાચી દીક્ષા આપી જે આશ્રય આપેલો તેનાં તે ભારોભાર ઋણી હતાં, એથી જ તેઓ પ્રત્યે તેમને સારૂં માન અને પૂજ્ય-ભાવ હતો. સિવાય સાધ્વી જીવનમાં પણ પોતાને જેનાથી જેનાથી લાભ થયો હતો તેનું વારંવાર સ્મરણ કરતાં અને એ ગુણ કેળવવા અમને વારંવાર પ્રેરણા કરતાં. જે ઉપકારીને પણ સમજી–ઓળખી શકે નહિ તે અપકારી-ઓને પણ ક્ષમા કરવા જેવો કે ઉદ્ધરવા જેવો વીતરાગનો માર્ગ કદી પણ આરાધી શકે નહિ, માટે કૃતજ્ઞ બનવાની તે ખાસ ભલામણ કરતાં.

લઘુતા અપૂર્વ હતી, બસો જેટલાં શિષ્યાઓનાં ગુરૂણી છતાં માન તેમને નડ્યું ન હતું. વ્યવહારને બાધ ન આવે તેમ અન્ય સાધ્વીગણની સાથે વર્તાવ કરતાં. બિમારી જેવા પ્રસંગે કે કારણે વિહારાદિકમાં બીજાં સાધ્વીની સેવા કરવા પણ ઉત્સાહ ધરાવતાં. અન્ય સાધ્વીઓ પ્રત્યે વિનયાદિ ઔચિત્યને બરાબર સાચવતાં.

ઉદારતા એવી હતી કે પોતાની કોઈ પણ વસ્તુ યોગ્ય આત્માને સંયમમાં ઉપકારક કેમ બને તેનું પૂર્ણ લક્ષ્ય રાખી વસ્ત્ર, પાત્ર, પુસ્તક કે બીજું જે જે બીજાને આપી શકાય તેટલો તે વધારે આનન્દ માનતાં. બાહ્ય વસ્તુની જેમ અભ્યન્તર ઔદાર્ય પણ વિશિષ્ટ હતું અને

એથી ભૂલ થયે શિક્ષા કરતાં તેમ અયોગ્યની ઉપેક્ષા પણ કરી શકતાં. એથી જ આગ્રહ કે દુરાગ્રહથી તે બચી ગયાં હતાં અને સર્વનો પ્રેમ જીતી શકયાં હતાં.

ગુણાનુરાગ એવો હતો કે નિન્દા તો કદી તેમના મુખે થતી જ નહિ. સ્વ કે પર સમુદાયના પણ ઉત્તમ આત્માઓના ગુણને આગળ કરી અમોને તેવું અનુકરણ કરવાને સમજાવતાં, જ્ઞાન પ્રત્યેનો રાગ એવો હતો કે ભણનારને જોઇ તેઓ પુલકિત થઈ જતાં, પોતાના સાધ્વીજીઓને અધ્યયન કરાવવા તે ખૂબ કાળજી ધરાવતાં, રાત્રે જાગે ત્યારે ઉંઘેલાંને જગાડી પાઠ કરવા બેસાડતાં, વૃદ્ધાવસ્થામાં પણ બાળકની જેમ પોતે ગોખતાં, ભણતાં, ભૂલ થતાં બીજાને પૂછતાં સંકોચ ધરતાં નહિ, અમે જે કંઈ થોડું પણ જ્ઞાન મેળવી શકયાં તે તેઓની કાળજીનું પરિણામ હતું, તેઓની ઈચ્છા સાધ્વીઓને કાયમી ભણવાની સગવડ કરી આપવાની તીવ્ર હતી, અમારા ભાગ્યે થોડું વધારે જીવ્યાં હોત તો એ સગવડ પણ જરૂર તેઓ કરી શકયાં હોત. પોતાને સંસ્કૃત પ્રાકૃત ભાષાઓનો સામાન્ય બોધ હતો, છતાં બીજાં સારો અભ્યાસ કરી યોગ્ય બને એ માટેની તેમની લાગણી કદી ન ભૂલાય તેવી હતી. આજે પણ તેમના એ ગુણને અમો જેટલો યાદ કરીએ તેટલો ઓછો છે.

વિનય વૈયાવચ્ચ તરફ તેમનો પક્ષપાત હતો, કારણ કે વડીલો પ્રત્યે પૂજ્યભાવ અદ્‌ભૂત હતો, એથી પોતાની ક્ષતિઓને અંગે ગુર્વાદિ તરફથી ઠપકો મળતાં કે

શિક્ષા થતાં તેઓ નારાજ નહિ થતાં, ઉપકાર માનતાં. પોતાના અતિ ઉપકારી અનન્ય શરણ તુલ્ય પૂજ્ય પ્રાતઃ સ્મરણીય દાદા શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીની કૃપાને અખણ્ડ રાખવા તે સદૈવ જાગ્રત હતાં.

જિનાજ્ઞાનો રાગ એવો હતો કે નહાની મોટી કોઈ પણ પ્રવૃત્તિ પાછળ વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ ન થઇ જાય તેની કાળજી રાખતાં, માટે જ ક્રિયામાં વિધિનો આદર હતો, અને સહુને અવિધિથી બચાવવા સારણા-વારણાદિ કરવામાં સદૈવ જાગ્રત હતાં. વ્યાખ્યાન સાંભળવામાં ખૂબ આદર હતો એમાં પણ સારા વ્યાખ્યાતાનો યોગ હોય ત્યારે તો શરીરની સ્વસ્થતાની પણ ઉપેક્ષા કરતાં. જિનવાણી ન હોય તો આ જગતનું શું થાય ? એ તેઓ સમજતાં હતાં અને પ્રત્યેક ભવમાં એનો યોગ આત્માને દુર્લભ હોવાથી એ વિષયમાં સારો આદર ધરાવતાં હતાં.

પુણ્ય પ્રકર્ષ અદ્‌ભૂત હતો. શ્રીમન્તો અને સત્તાધીશો પ્રત્યે પણ તેમના પુણ્યની છાયા પડતી. મેવાડમાં રાજગઢ પાસે બે માઇલ દૂર વિધર્મિઓ દરવર્ષે પંચેન્દ્રિયનું (પાડાનું) દેવીને બલીદાન આપતા, તે તેઓએ સામાન્ય ઉપદેશ કરતાં પણ બન્ધ થઈ ગયું હતું; સર્વત્ર માન સન્માન પામતાં. વિના પ્રયત્ને શાસનનો ઉદ્યોત થાય તેવું તેઓનું પુણ્ય પ્રભાવક હતું, અતિપરિચયમાં આવતા આત્માઓ પણ અવજ્ઞાને બદલે આદર ધરાવતા, રાજનગરમાં જ્યારે જ્યારે રહ્યાં ત્યારે પ્રાયઃ એક જ ઉપાશ્રયમાં રહેવા છતાં અને પર્વતિથિ આરાધનાને અંગે સંઘમાં મતભેદ હોવા

છતાં તેઓની તરફ કોઇને અનાદર ન હતો. એમ પુણ્યની વિશેષતા છતાં તેઓ એ સઘળો શાસનનો કે વીતરાગે પ્રરૂપેલા ચરિત્રધર્મનો મહિમા સમજતાં અને પોતાના આત્માને એ ગૌરવના ભારથી બચાવી લેતાં.

વિહાર ચાતુર્માસ અને દીક્ષાઓ પણ અનુમોદનીય છે. પહેલું ચાતુર્માસ સં૦ ૧૯૬૭નું સુરત કરી છાણી ગયાં ત્યાં વડીદીક્ષા વિગેરે થયા પછી ગુરૂણી વર્ગની સાથે સં૦ ૧૯૬૮નું ચાતુર્માસ છાયાપુરી જ કર્યું, ત્યાં મૂળ પેથાપુરનાં વતની પાર્વતી બહેન કે જે પોતાના મોસાળ છાયાપુરીમાં રહેતાં હતાં તેમણે પૂ૦ ગુરૂણીના પરિચયથી સંયમ લેવા ઇચ્છા કરી અને વિ૦ સં૦ ૧૯૬૯માં પ૦ પૂ૦ આચાર્ય (તે કાળે પંન્યાસ) શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી–ના વરદ હસ્તે દીક્ષા આપી, પ્રથમ શિષ્યા સા૦ શ્રી **પ્રધાનશ્રીજી** બનાવ્યાં. વિ૦ સં૦ ૧૯૬૯નું ચાતુર્માસ વડોદરા કર્યું. ત્યાંથી વિહાર કરી વિ૦ સં૦ ૧૯૭૦ માં ભરૂચ ચાતુર્માસ કરી સુરત તરફ વિહાર કર્યો, ત્યાં છાપરીયા શેરીનાં વતની કાણુબહેનની દીક્ષા પોતાના ગુરૂણીના નામની થઈ, નામ સાધ્વીજી **શ્રીકલ્યાણશ્રીજી** રાખ્યું તેઓશ્રી સ્વભાવે શાન્ત સરળ અને લઘુતા ગુણધારક છે. તેઓએ ગુરૂણીજી શ્રીઅશોકશ્રીજી મહારાજની વૈયાવચ્ચમાં રહી અન્ત સુધી ગુરૂસેવાનો પૂર્ણ લાભ લીધો હતો, આજે પણ અમારાં પૂ૦ ગુરૂણીના વિરહમાં અમારા દરેક પ્રત્યે ગુરૂણી જેટલું મમત્વ રાખી વાત્સલ્યભાવે સદૈવ માર્ગદર્શન આપે છે અને પોતે પણ યથાશક્ય આરાધનામાં રહે છે.

પૂ૦ ગુરૂણીજી વિ૦ સં૦ ૧૯૭૧નું ચાતુર્માસ સુરત કરી સં૦ ૧૯૭૨માં ભરૂચ ગયાં ત્યાં મહુધાવાળાં ચંચળબ્હેન અને છાણીવાળાં જડાવબ્હેનને દીક્ષાઓ અપાવી. બન્નેનાં અનુક્રમે સા૦ **દાનશ્રીજી** અને **હરખશ્રી** નામ રાખી પોતાનાં શિષ્યાઓ કર્યાં. ત્યાંથી વિહાર કરી સીનોર ગયાં, સં૦ ૧૯૭૨નું ચાતુર્માસ ત્યાં રહ્યાં. ચાતુર્માસ પછી વિહાર કરી છાણી ગયાં, ત્યાં કપડવણજનાં વતની ચંપાબ્હેનને દીક્ષા અપાવી પોતાનાં પ્ર=શિષ્યા સા૦ **દમયન્તીશ્રી** બનાવ્યાં, ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યાં ચાતુર્માસ સં૦ ૧૯૭૩નું અમદાવાદ કર્યું અને ત્યાં અમદાવાદ કાલુપુર વિભાગની કડીયાની પોળનાં રહીશ શ્રા૦ ચંચળબ્હેનને દૃઢ વૈરાગ્ય થતાં વિ૦ સં૦ ૧૯૭૪માં પતિપત્નીની સાથે દીક્ષાઓ થઇ પતિ સુશ્રાવક મણીલાલ પૂ૦ આચાર્ય મહારાજ વિજયસિદ્ધિસૂરીશ્વરજીની નિશ્રામાં ચારિત્ર સ્વીકારી મુનિશ્રી **મહોદય વિજયજી** (વર્તમાનમાં) આચાર્ય શ્રીવિજયમનોહરસૂરીશ્વરજીના પ્રથમ શિષ્ય થયા અને ચંચળબ્હેનનું નામ સાધ્વીશ્રી **સુનન્દાશ્રીજી** રાખી ગુરૂણીશ્રી હીરશ્રીજીનાં શિષ્યા કર્યાં. સાણંદથી વિહાર કરી પાટણ ગયાં, વિ૦ સં૦ ૧૯૭૪નું ચાતુર્માસ પાટણ કર્યું, ત્યાંથી છાણી તરફ વિહાર કરી સં૦ ૧૯૭૫નું ચાતુર્માસ છાણીમાં કર્યું. ત્યાંથી વિહાર કરી વઢવાણ પધાર્યાં અને ત્યાં ઉંઝાવાળા મણીબ્હેનને તથા ખીલીમોરાવાળાં હરકોરબ્હેનને દીક્ષાઓ અપાવી પોતાનાં શિષ્યાઓ અનુક્રમે સા૦ **રેવતીશ્રી** અને સા૦ **હેમશ્રીજી** કર્યાં ત્યાંથી વિહાર

કરી છનીઆર ગયાં અને ૧૯૭૬માં ચાતુર્માસ ત્યાં રહ્યાં. ત્યાંથી વિહાર કરી અમદાવાદ ગયાં, ત્યાં શ્રા૦ શકરીબ્હેનને દીક્ષા અપાવી પોતાનાં શિષ્યા કરી સા૦ **શાન્તિશ્રી** નામ આપ્યું. ચોમાસું પણ વિ૦ સં૦ ૧૯૭૭નું ત્યાં જ પૂર્ણ કર્યું. વિહાર કરતાં વિ૦ સં૦ ૧૯૭૮માં ધમડાચાનાં વતની પાલીબ્હેન, અમદાવાદ ધાંચીની પોળનાં રહીશ સમરતબ્હેન તથા ધુસાપારેખની પોળનાં જાસુદબ્હેન અને પછીબ્હેન, એમ ચારને દીક્ષાઓ આપી અનુક્રમે **પ્રબોધશ્રીજી, સંજમશ્રીજી, સુશીલાશ્રીજી** અને **પદ્માશ્રી** નામ આપ્યાં. સં૦ ૧૯૭૮નું ચાતુર્માસ પુનઃ ત્યાં જ કર્યું, ચાતુર્માસ પછી વિચરી પુનઃ સં૦ ૧૯૭૯નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. ત્યાંથી વિચરી છાણી ગયાં અને વડોદરાનાં વતની જશકોરબ્હેનને ઉમેટામાં દીક્ષા અપાવી તેમનું નામ **સુદર્શનાશ્રી** રાખ્યું. ૧૯૮૦નું ચાતુર્માસ છાણીમાં કર્યું અને ૧૯૮૧માં અમદાવાદ ચાતુર્માસ માટે પધાર્યાં. ચોમાસા પછી વિહાર કરી પાલીતાણા પધાર્યાં, ત્યાં છરી પાળતાં નવાણું યાત્રાથી શ્રી ગિરિરાજની આરાધના કરી, પુનઃ અમદાવાદ પધાર્યાં, ત્યાંનાં રહીશ હીરાબ્હેનને દીક્ષા આપી સા૦ **વસન્તશ્રીજી** નામ રાખ્યું. સં૦ ૧૯૮૨માં પણ ચાતુર્માસ અમદાવાદ કર્યું. ચાતુર્માસ પછી ત્યાં શામળાની પોળવાળાં લલિતાબ્હેનને, વાઘણપોળવાળાં લીલાબ્હેનને, વીરમગામવાળાં ચન્દનબ્હેનને, કૃતાશાની પોળવાળાં માણેકબ્હેનને, ખેતરપાળની પોળવાળાં કમળાબ્હેનને, પાટણનાં રહીશ વિજયાબ્હેનને, ધાંચીની

પોળવાળાં કુલ્લીબ્હેનને અને ઝવેરી પોળનાં રહીશ જાસુદ બ્હેન તથા લીલાબ્હેનને, એમ કુલ ૯ દીક્ષાઓ આપી અનુક્રમે સા૦ **સુમતિશ્રીજી, દર્શનશ્રીજી, ચારિત્રશ્રીજી, પ્રજ્ઞાશ્રીજી, કુમુદશ્રીજી, વિનયશ્રીજી, વિદ્યાશ્રીજી, લક્ષ્મીશ્રીજી** અને **જયાશ્રીજી** નામ રાખ્યાં. ચાતુર્માસ પણ સં૦ ૧૯૮૩માં અમદાવાદ રહ્યાં. પુનઃ ચાતુર્માસ પછી અમદાવાદનાં સુભદ્રાબ્હેનને અને છાણીવાળાં ડાહીબ્હેન તથા ચન્દનબ્હેનને એમ ત્રણને દીક્ષાઓ આપી અનુક્રમે સા૦ **વલ્લભશ્રીજી**, સા૦ **દેવશ્રીજી** અને સા૦ **ચન્દ્રાશ્રીજી** નામ રાખ્યાં. સં૦ ૧૯૮૪માં પણ ચાતુર્માસ અમદાવાદ રહ્યાં, તે પછી સં૦ ૧૯૮૫નું ચાતુર્માસ પાલીતાણા કર્યું અને તે વર્ષે ત્યાં છાણીનાં ચન્દનબ્હેન તથા કપડવણજનાં મોતીબ્હેનને દીક્ષાઓ આપી અનક્રમે સા૦ **ચરણશ્રીજી** અને સા૦ **મંગળશ્રીજી** નામ આપ્યાં. ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યાં અને સં૦ ૧૯૮૬નું ચાતુર્માસ પણ અમદાવાદ કર્યું. વિ૦ સં૦ ૧૯૮૭માં છાણીમાં સા૦ **પુષ્પાશ્રીજી**, સા૦ **સુજ્ઞાનશ્રીજી**, સા૦ **સુમલયાશ્રીજી**, અને સા૦ **વિદ્યુતશ્રીજી** ને દીક્ષાઓ આપી ચાતુર્માસ પણ છાણી કર્યું. વિ૦ સં૦ ૧૯૮૮માં સા૦ **સુમંગળાશ્રીજી**, સા૦ **સુરેન્દ્રશ્રીજી**, સા૦ **સુમિત્રાશ્રીજી**, સા૦ **કમળશ્રીજી** અને સા૦ **ચન્દ્રોદયાશ્રીજી**ને દીક્ષા આપી, પુનઃ ચાતુર્માસ છાણીમાં જ રહ્યાં. વિ૦ સં૦ ૧૯૮૯નું ચાતુર્માસ અમદાવાદ થયું, તે વર્ષે સા૦ **હંસાશ્રીજી**, સા૦ **સુલોચનાશ્રીજી**, સા૦

ગીર્વાણશ્રીજી, સા૦ **કનકશ્રીજી**, સા૦ **સુયશાશ્રીજી**, સા૦ **સૂર્યકાન્તાશ્રીજી** તથા સા૦ **ચન્દ્રપ્રભાશ્રીજી**ને દીક્ષાઓ આપી. ત્યાંથી વિહાર કરી વિ૦ સં૦ ૧૯૯૦માં માળવા મેવાડ પ્રદેશમાં વિચરી ચાતુર્માસ રતલામ કર્યું. ચાતુર્માસ પછી સં. ૧૯૯૧માં સા૦ **મનકશ્રીજી**, સા૦ **મનોહરશ્રીજી**, સા૦ **વિચક્ષણાશ્રીજી**, સા૦ **દેવેન્દ્રાશ્રીજી** અને સા૦ **કૈલાસશ્રીજી**ને દીક્ષાઓ આપી ચાતુર્માસ માળવામાં રાજગઢમાં કર્યું. વિ૦ સં૦ ૧૯૯૨નું ચાતુર્માસ માળવામાં મેતપુર ગામમાં થયું અને તે વર્ષે સા૦ **મિત્રાશ્રીજી** અને સા૦ **મંજુલાશ્રીજી**ને દીક્ષાઓ આપી. સં. ૧૯૯૩નું ચાતુર્માસ રતલામ કર્યું અને તે વર્ષે સા૦ **મહોદયાશ્રીજી**ને દીક્ષા આપી. વિ૦ સં૦ ૧૯૯૪નું ચાતુર્માસ પણ પુનઃ રતલામમાં જ કર્યું અને તે વર્ષે સા૦ **ચેલ્લણાશ્રીજી**, સા૦ **ઉર્મીલાશ્રીજી**, સા૦ **રંજનશ્રીજી**, સા૦ **રાજેન્દ્રશ્રીજી** અને સા૦ **ત્રિલોચનાશ્રીજી**ને દીક્ષાઓ આપી. વિ૦ સં૦ ૧૯૯૫માં પુનઃ ગુજરાત બાજુ વિહાર કરી તે સાલનું ચાતુર્માસ અમદાવાદ કર્યું. તે વર્ષે ત્યાં સા૦ **સદ્‌ગુણાશ્રીજી**, સા૦ **પદ્મલતાશ્રીજી**, સા૦ **નિરંજનાશ્રીજી**, સા૦ **સ્નેહલતાશ્રીજી**, સા૦ **પ્રભંજનાશ્રીજી**, સા૦ **કનકપ્રભાશ્રીજી**, સા૦ **તિલકશ્રીજી**, સા૦ **અરૂણશ્રીજી**, સા૦ **રમણીકશ્રીજી**, સા૦ **મનોજ્ઞાશ્રીજી**, સા૦ **સૂર્યયશાશ્રીજી**, સા૦ **વિજ્ઞાનશ્રીજી**, સા૦ **ચન્દ્રકળાશ્રીજી** સા૦ **વિનોદશ્રીજી**, સા૦ **ભદ્રંકરાશ્રીજી**, અને સા૦ **હેમલતાશ્રીજી**,

વિગેરેને દીક્ષાઓ આપી. સં૦ ૧૯૯૬નું ચાતુર્માસ અમદાવાદ શહેર બહાર જૈન સોસાયટીમાં કર્યું. તે વર્ષે ત્યાં સા૦ **તીર્થશ્રીજી**, સા૦ **નન્દનશ્રીજી**, સા૦ **જીતેન્દ્રશ્રીજી** અને સા૦ **મહિમાશ્રીજી**ને દીક્ષાઓ આપી. વિ૦ સં૦ ૧૯૯૭નું ચાતુર્માસ પાલીતાણામાં કર્યું અને તે વર્ષે સા૦ **પ્રિયંકરાશ્રીજી**, સા૦ **મલયપ્રભાશ્રીજી**, સા૦ **જયપ્રભાશ્રીજી**, સા૦ **કમળપ્રભાશ્રીજી**, સા૦ **ચારૂલતાશ્રીજી**, સા૦ **કૈવલ્યશ્રીજી**, સા૦ **હેમેન્દ્રશ્રીજી** અને સા૦ **ત્રૈલોક્યશ્રીજી**ને દીક્ષાઓ આપી. સં૦ ૧૯૯૮માં સા૦ **તરૂણશ્રીજી**, સા૦ **કીર્તિપ્રભાશ્રી** અને સા૦ **હેમપ્રભાશ્રીજી**ને દીક્ષાઓ આપી અને ચાતુર્માસ ભાવનગરમાં કર્યું. સં૦ ૧૯૯૯માં ચાતુર્માસ અમદાવાદ કર્યું અને સા૦ **કૈાશલ્યાશ્રીજી**ને તે વર્ષે દીક્ષા આપી. સં૦ ૨૦૦૦ નું ચાતુર્માસ પણ અમદાવાદ થયું અને તે સાલમાં સા૦ **ચિદાનન્દશ્રીજી**ને દીક્ષા આપી. વિ૦ સં૦ ૨૦૦૧નું ચાતુર્માસ પણ અમદાવાદ રહ્યાં અને તે વર્ષે સા૦ **પૂર્ણભદ્રાશ્રીજી**, સા૦ **ધનંજયાશ્રીજી**, સા૦ **દીનેન્દ્રશ્રીજી**, સા૦ **ઇન્દિરાશ્રીજી**, સા૦ **રતિપ્રભાશ્રીજી**, સા૦ **જ્યોતિપ્રભાશ્રીજી** અને સા૦ **પ્રવીણાશ્રીજી**ને દીક્ષાઓ આપી સં૦ ૨૦૦૨માં પણ ચાતુર્માસ અમદાવાદ રહ્યાં અને તે વર્ષમાં સા૦ **જક્ષાશ્રીજી**, સા૦ **હિરણ્યશ્રીજી**, સા૦ **જયલક્ષ્મીશ્રીજી**ને તથા સા૦ **જયવન્તાશ્રીજી**ને દીક્ષાઓ આપી સં૦ ૨૦૦૩માં વિહાર કરી ચાતુર્માસ છાણીમાં કર્યું અને તે વર્ષે સા૦ **દેવાંગનાશ્રીજી**, સા૦ **ચન્દ્રયશા-**

શ્રીજી, સા૦ **દીવ્યશ્રીજી**, સા૦ **રત્નચૂડાશ્રીજી**, અને સા૦ **શીલગુણાશ્રીજી**ને દીક્ષીઓ આપી. તે પછીનાં સં૦ ૨૦૦૮ સુધીનાં પણ પાંચ ચોમાસાં વિહાર માટે શરીર અશક્ત બનવાથી છાણીમાંજ કર્યાં અને અનુક્રમે સં૦ ૨૦૦૪માં સા૦ **હંસપ્રભાશ્રીજી**, સા૦ **રત્નપ્રભાશ્રીજી**, સા૦ **રવિપ્રભાશ્રીજી**, સા૦ **અનુપમાશ્રીજી**, સા૦ **વિદ્યુત્પ્રભાશ્રીજી**, સા૦ **લબ્ધિશ્રીજી**, સા૦ **દીવ્યયશાશ્રીજી** અને સા૦ **પદ્મયશાશ્રીજી**ને, વિ૦ સં૦ ૨૦૦૫માં સા૦ **મનોરંજનાશ્રીજી**, સા૦ **હિરણ્યપ્રભાશ્રીજી**, સા૦ **હર્ષપ્રભાશ્રીજી**, સા૦ **પુષ્પલતાશ્રીજી**, સા૦ **પદ્મકીર્તિશ્રીજી** અને સા૦ **જયકીર્તિશ્રીજી**ને દીક્ષાઓ આપી. સં૦ ૨૦૦૭ માં સા૦ **યશોભદ્રાશ્રીજી** સા૦ **સુરપ્રભાશ્રીજી**, સા૦ **વિનીતાશ્રીજી** સા૦ **વસન્તપ્રભાશ્રીજી**, સા૦ **સૂર્યમાલાશ્રીજી**, સા૦ **ગુણમાલાશ્રીજી**, સા૦ **હર્ષપૂર્ણાશ્રીજી**, સા૦ **ભદ્રપૂર્ણાશ્રીજી**, સા૦ **જયાનન્દશ્રીજી**, સા૦ **નયાનન્દશ્રીજી**, સા૦ **રત્નપ્રભાશ્રીજી** અને સા૦ **હર્ષકાન્તાશ્રીજી**ને દીક્ષાઓ આપી. વિ૦ સં૦ ૨૦૦૮માં સા૦ **પૂર્ણાનન્દશ્રીજી**, સા૦ **મદનરેખાશ્રીજી**, સા૦ **રત્નરેખાશ્રીજી** અને સા૦ **કીર્તિલતાશ્રીજી**ને દીક્ષાઓ આપી. વિ૦ સં૦ ૨૦૦૯ માં સા૦ **ઇન્દ્રપ્રભાશ્રીજી** સા૦ **અરૂણોદયાશ્રીજી**, સા૦ **ગુણોદયાશ્રીજી** સા૦ **અર્કપ્રભાશ્રીજી** સા૦ **શુભોદયાશ્રીજી**, સા૦ **હંસકીર્તિશ્રીજી** અને સા૦ **યશઃકીર્તિશ્રીજી**ને દીક્ષાઓ આપી. એ વર્ષે અમદાવાદના શ્રાવિકા વર્ગના આગ્રહથી અને છેલ્લી અવસ્થામાં અનન્ય ઉપકારી પૂજ્ય

ગુરૂમહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજને દર્શન-વન્દન કરવાની ભાવનાથી સાધનદ્વારા અમદાવાદ પધાર્યાં અને સં૦ ૨૦૦૯ તથા સં૦ ૨૦૧૦નું બન્ને અન્તિમ ચાતુર્માસ ત્યાં જ રહ્યાં. વિ૦ સં૦ ૨૦૧૦માં સા૦ **જયસેનાશ્રીજી**, સા૦ **કીર્તિસેનાશ્રીજી**, સા૦ **મહાનન્દશ્રીજી**, સા૦ **માર્ગોદયાશ્રીજી** અને સા. **નિત્યોદયાશ્રીજી**ને દીક્ષાઓ આપી તથા વિ૦ સં૦ ૨૦૧૧માં સા૦ **જીતસેનાશ્રીજી**, સા૦ **વિનયજ્ઞાશ્રીજી**, સા૦ **ચારૂશીલાશ્રીજી**, સા૦ **ચારૂધર્માશ્રીજી**, સા૦ **જયપદ્માશ્રીજી**, સા૦ **મૃગનયનાશ્રીજી**, સા૦ **બિન્દુપૂર્ણાશ્રીજી**, સા૦ **જયપૂર્ણાશ્રીજી**,સા૦ **શીલપૂર્ણાશ્રીજી** સા૦ **વિમલયશાશ્રીજી** સા૦ **સૂર્યરેખાશ્રાજી** તથા સા૦ **જયરેખાશ્રીજી**ને દીક્ષાઓ આપી. એમ તેમની વિદ્યમાનતામાં દીક્ષિત થયેલા આત્માઓનાં નામ માત્ર અહીં જણાવ્યાં છે. કાલધર્મ પછી પણ બે વર્ષમાં આજ સુધી દશેક દીક્ષાઓ થઈ છે. આ બધો મહિમા તેઓના પવિત્ર ચરિત્રનો અને પુણ્યપ્રકર્ષનો જ કહી શકાય. ગુરૂશિષ્યાના સંબન્ધથી ઓળખી શકાય એ ઉદ્દેશથી ચરિત્રની પછી માત્ર તેમના પરિવારની કોષ્ટકથી નોંધ લીધી છે તે વાંચતાં કોણ કોનાં શિષ્યાઓ છે તે પણ સમજી શકાશે.

ધર્મ આરાધના પણ તેઓએ યથાશક્ય સારી કરી કરાવી હતી. ઉપરના સાધ્વી પરિવારથી સહજ ખ્યાલ આવે તેમ છે કે તેઓએ પોતાના જીવન કાળમાં દીક્ષાઓ આપી હતી તે પ્રમાણમાં અનેક આત્માઓને દેશવિરતિમાં

પણ જોડ્યા હતા. નાની મોટી વિવિધ તપશ્ચર્યાઓ, જ્ઞાન-દાન, સામાન્ય વ્રત નિયમો, વિગેરે પોતાના સાધ્વી જીવનની મર્યાદાને અનુસરતો ઉપકાર કરી અનેક આત્મા-ઓને ધર્મમાં જોડ્યા હતા. લક્ષ્યબિન્દુ સદૈવ આત્મ શુદ્ધિનું હોવાથી આશ્રિતોને પણ આન્તરિક કષાયાદિને કાપવાની વારવાર પ્રેરણા કરતાં, નવાં કર્મો ન બન્ધાઈ જાય તે માટે જાગ્રત રહેતાં અને અશાતાના ઉદયમાં પણ કર્મની પરિ-ણતિનો વિચાર કરી સમતામાં ઝીલતાં.

બોધ--પ્રકરણો, કર્મગ્રન્થો, બૃહત્સંગ્રહણી, ક્ષેત્ર-સમાસ, કુલકો, સંસ્કૃત પ્રાકૃત ભાષાજ્ઞાન, વિગેરે પ્રકીર્ણક ગ્રન્થોનો છતાં સચોટ હતો, વારંવાર પરિશીલન સાથે અનુપ્રેક્ષાની શક્તિ સારી હોવાથી તેમાંથી ભાવોને સમજી લેતાં પોતાના આત્માને ઉપકાર કરે તે જ 'બોધ પોતાનો ગણાય, પરને ઉપકાર કરે તે પારકો ગણાય' એવી દૃઢ સમજથી જે જે વાંચતાં વિચારતાં તેને સ્વશક્તિ અનુસાર પોતાના જીવનમાં ઘટાવતાં, યથાશક્ય અમલ પણ કરતાં અને અમને પણ ભણેલું પોતાને ઉપકારક બનાવવાની સતત પ્રેરણા આપતાં. એમની અમારી ઉપરની કૃપાદૃષ્ટિ અતુલ હતી, એ કારણે વારંવાર અણમૂલ હિતશિક્ષાઓ આપ્યા જ કરતાં, એ બધું કેટલું નોંધી શકાય ? એટલું જ પર્યાપ્ત છે કે તેમના ઉપકારને યથાર્થ રૂપે સમજાવવાની અમારામાં શક્તિનો જ અભાવ છે.

છેલ્લી અવસ્થા—વિ૦ સં૦ ૨૦૧૦નું ચાતુર્માસ પૂર્ણ થયા પછી ઉત્તરોત્તર શરીર અસ્વસ્થ બનતું ગયું અને

છેલ્લે તો લોહી સ્થિર થઈ જતાં અંગ (અવયવો) પણ નિષ્ક્રિય બની ગયા. ધીમે ધીમે અસ્વસ્થતા વધતી ગઈ તેમ તેમ લાંબા જીવનની આશાઓ ઘટતી ગઇ. ચૈત્રમાસની ઓળીની આરાધના પછી કૃષ્ણપક્ષમાં શરીર ખૂબ અશકત બન્યું અને ગુરૂદેવનાં દર્શન કરવા તેઓની ભાવના થઈ, એથી પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયમનોહરસૂરીશ્વરજીને ઉપાશ્રયે પધારવા વિનન્તિ કરી. તેઓ કૃપાળુ પધાર્યા ત્યારે તેઓશ્રીના મુખે પુનઃ મહાવ્રતોનું ઉચ્ચારણ વિગેરે અન્તિમ ક્રિયા સ્વસ્થતા પૂર્વક કરી સર્વ જીવોને ક્ષમાપના વિગેરે સ્વસ્થ ચિત્તે કરી લીધું. તેઓના ઉપકારને યાદ કરી તેમની આરાધના નિમિત્તે શ્રીસંઘે કહેલી ધર્મકરણી પણ અનુમોદનીય હતી. સાધ્વી વર્ગ અને શ્રાવક–શ્રાવિકા વર્ગે જે ધર્મ કરવાનું તેઓને કહ્યું હતું તેની નોંધ નીચે પ્રમાણે છે.

૧૬૯૨ ઉપવાસ.
૪ વર્ષીતપ.
૨૦ વીશસ્થાનકની ઓળીઓ.
૧૪૬૯ આયંબિલ.
૨૭૩૫ એકાસણાં.
૪૦૪૫ બેસણાં.
૩૬ નવપદજીનીઓળીઓ
૨૫૦૦ બાંધીનવકારવાળીથી. અઢીલાખ નવકારનો જાપ.
૧૧૦૦૦૦ અગીઆર લાખ નવકારનો જાપ.
૬૮૮૫૦૦૦ અડસઠલાખપંચાશી હજાર સ્વાધ્યાય.
૧ માસક્ષમણ.
૩ અઠ્ઠાઇનો તપ.
૨ છમાસી.
૧ ચોમાસી.
૧ ત્રણ માસી.
૨૦૦૦૦ સામાયિક.

૩ અઢીમાસી	૪ નવાણુયાત્રાઓ સિદ્ધાચળજીની
૨ દ્વિમાસી	૫ શંખેશ્વરજીનીયાત્રાઓ
૨ દોઢમાસી	૧૧ ગીરનારજીની યાત્રાઓ
૧ એકમાસી	૫૦ સિદ્ધગિરિજી આદિની
૧૦૦ પૌષધ	તીર્થ યાત્રાઓ.

એ સિવાય પણ નાનાં મોટાં તીર્થોની યાત્રાઓ, પૂજા પ્રભાવનાઓ તથા જીવદયા વિગેરેમાં દ્રવ્યવ્યય કરવાનું, ઇત્યાદિ ઘણી આરાધના કહી હતી. આ નોંધથી જણાશે કે આશ્રિત સાધ્વી વર્ગ અને ગૃહસ્થવર્ગ તેઓ પ્રત્યે કેટલો સુન્દર સદ્ભાવ ધરાવતો હતો.

એમ સંઘે કહેલા ધર્મની અનુમોદના કરતાં તેઓનો આત્મા વિ૦ સં૦ ૨૦૧૧ના વૈશાખ વદ ૧ના સાંજે લગભગ પાંચને પંચાવન મિનિટે નશ્વર દેહને છોડી ચાલ્યો ગયો, શોકની છાયા પથરાઈ ગઈ, છતાં તેઓએ આપેલી હિતશિક્ષાઓએ અમને એ વિરહને સહન કરવાની પણ શક્તિ આપી અને કરવા યોગ્ય વિધિ કરી વોસિરાવ્યા પછી ગૃહસ્થોએ સ્નાનાદિ કરી મૃતકને શણગાર્યું.

બીજે દિવસે સવારના સાડા આઠ વાગતાં તેમની ભવ્ય સ્મશાન યાત્રા નીકળી, હજારો નરનારીઓ એ પવિત્ર આરાધનાથી પૂજ્ય બનેલા મૃતદેહનું દર્શન કરવા ઉલટ્યાં અને જય જય નન્દા–જય જય ભદ્દાના પ્રઘોષ સાથે રાજનગરના રાજમાર્ગે જતાં હજારો મનુષ્યોની વચ્ચે ઝૂલતા એ મૃતકને જોઈ જોઇ અનુમોદના કરી ગયાં.

કાળના અટલ નિયમને કોણ અટકાવી શકયું છે ? આખરે અમારી આશાઓ પણ અધુરી જ રહી અને એ વન્દનીય પૂજનીય દેહને પણ અગ્નિ સંસ્કાર કરી ગૃહસ્થોએ પોતાનો ધર્મ બજાવ્યો.

ગુરૂણીજી ગયાં, પણ તેમના ગુણો વિસરે તેમ નથી. અમારી પ્રાર્થના છે કે ભવોભવ શ્રી જિનશાસનનાં આરાધક ઉત્તમ એ ગુરૂનો અમને યોગ મળે અને અમો કૃતાર્થ થઇએ.

તેઓના કાળધર્મને યોગે અનેક સ્થળે ઓચ્છવો મહોત્સવો ઉજવાયા હતા. રાજનગરમાં પણ કૃતાશાની પોળના ચરમતીર્થપતિ શ્રી મહાવીર પ્રભુના મન્દિરમાં ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ બૃહદ્ સ્નાત્ર સહિત ઉજવાયો હતો.

અમે અને બીજા પણ ભવ્યજીવો પૂજ્ય ગુરૂણીના ઉપકારોનું અને ગુણોનું વારંવાર સ્મરણ કરી શકીએ એ ઉદ્દેશથી યાદ રહેલું જેની પાસેથી જે જે મલ્યું તે તે મેળવીને અહીં લેખ રૂપે સંકલિત કરાવ્યું છે. ભવ્ય આત્માઓ તેને વાંચી વિચારી યથાશકય લાભ લેશે એવી અમો આશા રાખીએ છીએ.

છેલ્લે આ વિગતોમાં અમારી અજ્ઞાનતાદિને કારણે કોઇને પણ અન્યાય થાય તેવું કે અનુચિત યા જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો તેનો 'મિચ્છામિ દુક્કડં' દઇએ છીએ.

લી૦ અમે છીએ તેઓના ઉપકારનાં ઋણી
શિષ્યા–પ્રશિષ્યાઓ.

શ્રીહીરશ્રીજીનો શિષ્યા–પ્રશિષ્યાદિપરિવાર.

卐પૂ૦ સ્વ. પ્રવર્તિની સાધ્વી ચન્દનશ્રીજી મહારાજનાં.*
શિ૦ પૂજ્ય શ્રીઅશોકશ્રીજી મહારાજજી.* તેઓનાં શિ૦
પૂ૦ શ્રીહીરશ્રીજી મહારાજ.*

ગુરૂણીજી શ્રીહીરશ્રીજીનાં શિષ્યાઓ પ્રધાનશ્રીજી આદિ ૧૭ અને તેઓનાં પણ શિષ્યાદિ પરિવારનાં નામો નીચેના કોષ્ટકોથી સમજવાં.

૧. સા૦ **પ્રધાનશ્રીજી*** તેઓનાં શિષ્યાઓ બે, ૧. પદ્માશ્રીજી ૨. મહોદયાશ્રીજી તેમાં પદ્માશ્રીજીનાં ૧ પ્રજ્ઞાશ્રીજી અને મહોદયાશ્રીજીનાં ૧ પરમપ્રભાશ્રીજી.

૨. **દાનશ્રીજી** શિષ્યાઓ. ૧, દયાશ્રીજી. ૨. ચન્દ્રાશ્રીજી. તેમાં ૧. **દયાશ્રીજી**નાં શિષ્યાઓ. ૧. દર્શનશ્રીજી, ૨. વલ્લભશ્રીજી, ૩. રાજેન્દ્રશ્રીજી. ૪. તીર્થશ્રીજી, ૫. જયપદ્માશ્રીજી. તેમાં ૧–**દર્શનશ્રીજી**નાં શિષ્યાઓ. ૮, ૧. વિદ્યુત્શ્રીજી, ૨. હંસાશ્રીજી, ૩. ત્રિલોચનાશ્રીજી, ૪. રંજનશ્રીજી, ૫. કીર્તિપ્રભાશ્રીજી. ૬. જ્યોતિષ્પ્રભાશ્રી ૭. દીવ્યયશાશ્રી, ૮. હર્ષપૂર્ણાશ્રી. તેમાં

卐 શ્રીમતી ચન્દનશ્રીજીનાં બીજાં શિષ્યા જ્ઞાનશ્રીજી, ચતુરશ્રીજી આદિહતાં. પરિવારમાં હાલ ઘણાં સાધ્વીઓ છે તથા સા૦ અશોકશ્રીજીનાં શિષ્યા પણ કલ્યાણશ્રીજી આદિ અન્ય સાધ્વીઓ છે.

*આ નિશાનીવાળાં કાળધર્મ પામેલાં છે એમ સમજવું.

૧. **વિદ્યુત્શ્રીજી**નાં શિ૦ સુમંગલાશ્રીજી.

૨. **હંસાશ્રીજી**નાં શિ૦ પદ્મકીર્તિશ્રી.

૩. **ત્રિલોચનાશ્રીજી**નાં શિ૦ ૬. ૧, કનકલતાશ્રી. ૨. જયકીર્તિશ્રી. ૩ ભદ્રપૂર્ણાશ્રી. ૪. જયમાલાશ્રી. ૫. માર્ગોદયાશ્રી. ૬. નિત્યોદયાશ્રી.

૪. **રંજનશ્રીજી**નાં શિ૦ રતિપ્રભાશ્રી, તેમનાં શિષ્યા જયલતાશ્રી.

૫. **કીર્તિપ્રભાશ્રીજી**નાં શિ૦ હેમપ્રભાશ્રી, તેમનાં શિષ્યાઓ ૫. ૧. પદ્મયશાશ્રી. ૨. સૂર્યમાળાશ્રી, ૩. ગુણમાળાશ્રી, ૪. સૂર્યરેખાશ્રી, ૫. જયરેખાશ્રી.

૪. **તીર્થશ્રીજી**નાં શિષ્યાઓ ૩, ૧. કીર્તિલતાશ્રી, ૨. અર્કપ્રભાશ્રી, ૩. શુભોદયાશ્રી.

---

૩. સા૦ **હરખશ્રીજી*** શિષ્યા નથી.

---

૪. સા૦ **સુનન્દાશ્રીજી**.* તેમનાં શિષ્યાઓ, ૧. સુશીલાશ્રીજી* ૨. ચારિત્રશ્રીજી.

૧. **સુશીલાશ્રીજી**નાં શિષ્યાઓ ૪, ૧. સુદર્શનાશ્રીજી,* ૨. ચન્દ્રપ્રભાશ્રીજી,* ૩. સુમતિશ્રીજી, ૪ સુજ્ઞાનશ્રીજી.

તેમાં **સુમતિશ્રીજી**નાં શિષ્યાઓ ૭, ૧. સુયશાશ્રી*, ૨. મિત્રાશ્રી, ૩. અરૂણશ્રી, ૪. ધનંજયાશ્રી, ૫. હંસપ્રભાશ્રી, ૬. રત્નપ્રભાશ્રી, ૭. મનોરંજનાશ્રી, તેમનાં શિષ્યા મદનસેનાશ્રી,

૨. **ચારિત્રશ્રીજી**નાં શિષ્યાઓ ૧૦, ૧. મહિમાશ્રી, ૨, તરૂણશ્રી,* ૩. દીનેન્દ્રશ્રી, ૪. કલ્પલતાશ્રી, ૫. લબ્ધિશ્રી*,

૬, શીલગુણાશ્રી, ૭. પુષ્પલતાશ્રા, ૮. હિરણ્યપ્રભાશ્રી, ૯. ચારૂશીલાશ્રી, ૧૦. ચારૂધર્માશ્રી તેમાં મહિમાશ્રીજીનાં શિષ્યા રવિપ્રભાશ્રી,

૫. સા. **રેવતી**શ્રીજીનાં* શિષ્યાઓ ૧. સંજમશ્રીજી, ૨. કાન્તિશ્રીજી* તેમાં **કાન્તિ**શ્રીજીનાં શિષ્યાઓ ૧. ભૂપેન્દ્રશ્રી, ૨. નન્દનશ્રી.

૬. સા૦ **હેમશ્રી**જીનાં* શિષ્યાઓ ૪, ૧. પ્રબોધશ્રીજી, ૨. મંગલશ્રીજી. ૩. ચન્દ્રોદયાશ્રીજી, ૪. પ્રવીણાશ્રી.

તેમાં **ચન્દ્રોદયા**શ્રીજીનાં શિષ્યાઓ ૯. ૧. ઉર્મીલાશ્રી, ૨. હેમલતાશ્રી, ૩. કૌશલ્યાશ્રી, ૪. નયાનન્દશ્રી, ૫. જ્યાનન્દશ્રી, ૬. વિજયલતાશ્રી, ૭. મહાનન્દશ્રી, ૮. કીર્તિસેનાશ્રી, ૯. જયસેનાશ્રી.

તેમાં **હેમલતા**શ્રીનાં શિ૦ હર્ષપ્રભાશ્રી અને **વિજયલતા**શ્રીનાં શિ૦ વિમળયશાશ્રી.

૭. સા૦ **શાન્તિ**શ્રીજીનાં શિષ્યા મંજુલાશ્રીજી*,

૮. સા૦ **હેમન્ત**શ્રીજી* શિષ્યા નથી.

૯. સા૦ **વસન્ત**શ્રીજીનાં શિષ્યાઓ ૪, ૧. વિદ્યાશ્રીજી, ૨. લક્ષ્મીશ્રી, ૩. દેવેન્દ્રશ્રીજી, ૪. સદ્‌ગુણાશ્રીજી,

તેમાં**દેવેન્દ્ર**શ્રીનાંશિ૦કૈલાસશ્રી,અનેતેમનાંશિ૦રત્નચૂલાશ્રી,

૧૦. સા૦ **કુમુદ**શ્રીજીનાં શિષ્યાઓ ૪, ૧. સુરેન્દ્રશ્રીજી*, ૨. ગીર્વાણશ્રીજી, ૩. કનકશ્રીજી, ૪. હેમેન્દ્રશ્રી,

તેમાં **ગીર્વાણ**શ્રીજીનાં શિષ્યાઓ ૧ ચેલણાશ્રી, ૨ જીતેન્દ્ર-

શ્રી તેમાં **ચેલણાશ્રી**નાં શિ૦ ૧. હિરણ્યપ્રભાશ્રી. તથા **જીતેન્દ્રશ્રી**નાં શિ૦ ૧. જીતસેના.

૧૧. સા૦ **વિનયશ્રીજી** શિષ્યા નથી.

૧૨. સા. **દેવશ્રીજી**નાં શિષ્યાઓ ૧૬,

૧. ચરણશ્રીજી, ૨ સુલોચનાશ્રીજી, ૩ રમણીકશ્રી, ૪ મનોજ્ઞાશ્રી, ૫. સૂર્યયશાશ્રી, ૬. વિજ્ઞાનશ્રી, ૭. ચન્દ્રકળાશ્રી, ૮. વિનોદશ્રી, ૯. ચારૂલતાશ્રી, ૧૦. કૈવલ્યશ્રી, ૧૧. ચિદાનન્દશ્રી, ૧૨. દેવાંગનાશ્રી, ૧૩. દીવ્યશ્રી, ૧૪ અનુપમાશ્રી, ૧૫. રત્નશ્રી, ૧૬. હંસકીર્તિશ્રી,

તેમાં ૧. **ચરણશ્રીજી**નાં શિષ્યાઓ ૪. ૧. ભદ્રંકરાશ્રી, ૨. પ્રિયંકરાશ્રી, ૩. જયપ્રભાશ્રી, ૪. રત્નરેખાશ્રી,

તેમાં ૧. **ભદ્રંકરાશ્રી**નાં ૧, અરૂણોદયાશ્રી, ૨. ગુણોદયાશ્રી

૨. **પ્રિયંકરાશ્રી**નાં ૬. ૧. કમલપ્રભાશ્રી. ૨. જયલક્ષ્મીશ્રી. ૩. મૃગનયનાશ્રી, ૪. જયપૂર્ણાશ્રી, ૫. ઇન્દુપૂર્ણાશ્રી, ૬. શીલપૂર્ણાશ્રી.

૩. **જયપ્રભાશ્રી**નાં શિષ્યા–૧. જયવન્તીશ્રી, ૨. વિદ્યુત્પ્રભાશ્રી, ૩. હર્ષકાન્તાશ્રી.

૨. **સુલોચનાશ્રી**નાં શિ૦ ૧. મલયપ્રભાશ્રી, તેમનાં ૧. મેરૂપ્રભાશ્રી, તેમનાં ૧ મિત્રપ્રભાશ્રી.

૩. **રમણીકશ્રી**નાં શિ૦ મદનરેખાશ્રી.

૪. **મનોજ્ઞાશ્રી**નાં શિ૦ ૧. ચન્દ્રયશાશ્રી અને તેમનાં શિ૦ વિનીતાશ્રી.

૫. **સૂર્યયશાશ્રી**જીનાં શિ૦ ૧. પૂર્ણાનન્દશ્રી.

૬. **વિજ્ઞાનશ્રી**નાં શિ૦ ૪. ૧. પૂર્ણભદ્રાશ્રી, ૨. સુરપ્રભાશ્રી, ૩. વસન્તપ્રભાશ્રી, ૪. ઇન્દ્રપ્રભાશ્રી.

૭, **ચન્દ્રકળાશ્રી**નાં ૨–શિષ્યા. ૧. યશોભદ્રાશ્રી, ૨. વિનયજ્ઞાશ્રી.

૮. **વિનોદશ્રી**નાં ૧. શિ૦ ઇન્દિરાશ્રી.

૧૩. **દીવ્યશ્રી**નાં શિ૦ ૧ હર્ષલતા**શ્રી** અને

૧૬. **હંસકીર્તિશ્રી**નાં શિ૦ ૧ યશઃકીર્તિશ્રી.

---

૧૩. સા૦ **પુષ્પાશ્રી**જીનાં શિષ્યાઓ ૬. ૧. સુમલયા**શ્રી**, ૨. મનકશ્રી, ૩. નિરંજનાશ્રી, ૪. પ્રભંજનાશ્રી, ૫. સ્નેહપ્રભાશ્રી, ૬. ચન્દ્રગુપ્તાશ્રી તેમાં

૧. **સુમલયાશ્રી**જીનાં શિ૦ ૧. સૂર્યકાન્તા**શ્રી**, ૨. વિચક્ષણાશ્રી, ૩. તિલકશ્રી, ૪. મહેન્દ્રશ્રી, ૫. તારકશ્રી, ૬. કિરણશ્રી, ૭. તિલોત્તમા**શ્રી**, ૮. હર્ષલતાશ્રી, ૯. શુભોદયાશ્રી, ૧૦ વિપુલયશાશ્રી તેમાં

૧ **સૂર્યકાન્તાશ્રી**નાં ૧–પદ્મલતાશ્રી, ૨–યશોધરાશ્રી, ૩, મયણાશ્રી, ૪ વસન્તપ્રભાશ્રી, તેમાં **પદ્મલતાશ્રી**નાં ૧. નિરુપમાશ્રી, ૨. કલ્પલતાશ્રી, ૩. વીરભદ્રાશ્રી.

૨. **વિચક્ષણાશ્રી**નાં શિ૦ ૧. ગુણોદયાશ્રી.

૩. **તિલકશ્રી**નાં ૨. ૧. તીર્થયશાશ્રી, ૨. શુભંકરાશ્રી.

૪. **મહેન્દ્રશ્રી**નાં શિ૦ ૧ સુજ્યેષ્ઠાશ્રી.

૭. **તિલોત્તમાશ્રી**નાં ૧ અરૂણોદયાશ્રી.

૨. **મનકશ્રી**નાં શિ. બે ૧. સંવેગશ્રી, ૨. કલ્પયશાશ્રી.
૩. **નિરંજનાશ્રી**નાં શિ. ૧. દીવ્યોદયાશ્રી.
૪. **પ્રભંજનાશ્રી**નાં શિ૦ ૧. કનકપ્રભાશ્રી, ૨. હેમેન્દ્રશ્રી, હેમેન્દ્રશ્રીનાં ૨. ૧. આત્મપ્રભાશ્રી, ૨. હેમપ્રભાશ્રી.
૬. **ચન્દ્રગુપ્તાશ્રી**નાં ૧. નિત્યોદયાશ્રી.

૧૪. સા૦ **સુમિત્રાશ્રીજી** શિષ્યા નથી.

૧૫ સા૦ **કમળશ્રીજી**, શિષ્યા ૧. ત્રૈલોક્યશ્રી.

૧૬ સા૦ **મનોહરશ્રીજી**, શિષ્યા. ૧ ધર્મોદયાશ્રી.

૧૭ સા૦ **જક્ષાશ્રીજી** શિષ્યા નથી.

પુસ્તક છપાવવામાં દ્રવ્યની સહાય કરનારાઓનાં નામો.

૧૦૦૦)	જ્ઞાન ખાતાના.	જુદાં જુદાં ગામો
૩૦૧)	શા પ્રાગજી ઝવેરચન્દ	શિહોર
૨૦૧)	વલસાડ જ્ઞાનખાતાના	વલસાડ
૧૨૫)	મોટા ઉપાશ્રયના શ્રાવિકાઓના જ્ઞાનખાતાના.	પાલીતાણા
૧૦૧)	સુતરીયા બીલ્ડીંગ જ્ઞાનખાતાના	અમદાવાદ
૧૦૧)	નવરંગપરા–શ્રીમાળી સોસાયટી જ્ઞાનખાતાના	,,
૧૦૧)	શાહ વનમાળીદાસ હરજીવનદાસ	જામનગર
૭૫)	શ્રાવિકા સંઘ તરફથી જ્ઞાનખાતાના	છાયાપુરી

૬૧) આકોલાની શ્રાવિકાઓ તરફથી	આકોલા
૫૧) વચ્છરાજ દલસુખભાઈ	છાયાપુરી
૫૧) મહાલક્ષ્મીબેન પનાલાલ ઉમાભાઇ	અમદાવાદ
૫૧) હીરાચન્દ ડાહ્યાભાઇ કણીયા હ. હીરાબેન	સુરત
૫૧) નવીનચન્દ્ર જયંતિલાલ શુભખાતાના	અમદાવાદ
૨૫) શાહ ગુલાબદાસ હરજીવનદાસ	જામનગર
૨૫) કોલસાવાળા શણગારબેન	અમદાવાદ
૨૫) જમનાભાઇ હીરાચન્દ સુતરીયા	,,
૫૦) રામસુખભાઈ નરસીંહભાઈ દાદરાવાળા	વાપી
૫૦) શ્રાવિકાઓ તરફથી	,,
૫૦) ઉપાશ્રય તરફથી જ્ઞાનખાતાના	,,
૨૫) કાન્તાબેન	કપડવંજ
૨૫) જ્ઞાન ખાતાના પરચુરણ	અમદાવાદ
૨૫) કામેશ્વરની પોળના ઉપાશ્રયના જ્ઞાનખાતાના	,,
૨૫) વિમળાબેન [પાછીયા]	કપડવંજ
૨૫) હુકમમુનિના ઉપાશ્રય તરફથી જ્ઞાનખાતાના	સુરત
૨૫) સૌભાગ્યચન્દ દલસુખભાઇ	છાયાપુરી
૨૧) સુરચન્દ હીરાચન્દ જ્ઞાનખાતાના	સુરત
૨૧) મોતીલાલ મોહનલાલ	રાધનપુર
૨૧) ગંભીરદાસ વમળશી	,,
૨૧) નગીનભાઇ	છાયાપુરી
૧૫) દીપચંદ દલસુખભાઇ	,,
૧૫) પાંથાજી હંસરાજજી	દાંતરાઇ
૧૫) બુધાભાઈ સકરચન્દ	અમદાવાદ

૧૫) કાળુશીની પોળના જ્ઞાનખાતાના	,,
૧૧) કમળાબેન બુવારની પોળ	,,
૧૧) ભગવાનદાસભાઇ કાળુશીપોળ	,,
૧૧) ચતુરભાઇ ,,	,,
૧૧) લીલાબેન	રાધનપુર
૧૧) રમણીકલાલ મંગળદાસ	કપડવંજ
૧૧) રાયચન્દ મણીલાલ [મગનબેન]	સુરત
૧૧) જેઠાભાઇ મોતીચન્દ્ર	સીનોર
૧૦) સતીઆના ઉપાશ્રય તરફથી સારંગપુર	અમદાવાદ
૫) ગંગાબેન	,,
૫) ચન્દનબેન	,,
૫) વિમળાબેન	,,
૫) શાહ બાતે	,,
૫) કાન્તાબેન	,,
૫) સુશીલાબેન નાણાવટી	સુરત
૫) ઉર્મીલા હીરાચન્દ	,,
૫) ફકીરચન્દ ડાહ્યાભાઈ [ગુલાબબહેન]	,,
૫) કુસુમબહેન હીરાચન્દ	,,
૫) દમયન્તીબહેન	છાયાપુરી
૫) લીલાબહેન	અમદાવાદ
૫) ચન્દુલાલ વાડીલાલ	,,
૧૦૧) સંઘવી ગુલાબચંદ ગોવિંદજી	બીજાપુર
૧૦૧) સંઘ તરફથી	,,

૫૧)	સમરતબ્હેન દોલાભાઈ હ. મણીલાલ દોલાભાઇ પટવા	મ્હેસાણા
૫૧)	શાહ પ્રેમજી પચાણ	,,
૫૧)	શાન્તિલાલ હીરાલાલ હ. શારદાબ્હેન લાલાવસાની પોળ	અમદાવાદ
૨૫)	હરિશ્ચન્દ્ર સાંકળચંદ ખેતરપાળની પોળ	,,
૧૧)	મણીલાલ નંદલાલ	સીનોર
૧૧)	સાલવી અંબાલાલ પુનમચંદ	પાટણ
૧૧)	કાન્તિલાલ ભોગીલાલ બીડીવાળા	ખંભાત
૧૦)	ધનવંતભાઈ હિંમતલાલ	કપડવંજ
૫)	અમુભાઇ જીવાભાઇ કામેશ્વરની પોળ	અમદાવાદ
૫)	રમણુભાઈ જેચંદભાઇ	કપડવંજ
૫)	કસ્તુરભાઇ નગીનદાસ	,,
૫)	ચંપાબ્હેન	અમદાવાદ
૫)	મોંઘી બ્હેન	રતલામ
૫)	કંકુબ્હેન	પાલીતાણા
૫)	હીરાબ્હેન	પાલીતાણા
૫)	અમૃતલાલ	સુરત
૫)	લીલીબ્હેન કૃતાશાની પોળ	અમદાવાદ
૫)	કંચનબ્હેન	,,

शुद्धिपत्रकम्

पृष्ठ.	पंक्ति.	अशुद्ध.	शुद्ध.
१	५	स्रोत्रम्	स्तोत्रम्
१	१५	चन्द्रकार	चन्द्राकार
१	१८-१९	अहँ	अर्हं
४	४	पञ्चेते	पञ्चैते
४	५	समलङ्कृतः	समलङ्कृतः
४	६	मन्त्राक्षरो मूळप्रमाणे	
५	२	०दधि समा०	०दधिसमा०
५	३	०लङ्कृतः	लङ्कृतः
५	४	वीज०	बीज०
५	५-६	०क्षरः	०क्षराः
५	२०	हीँ	हँा
६	२	लङ्कृतः	लङ्कृतः
७	८	जाऽयता	जाऽयता
१०	५	वणै०	वर्णै०
१०	२१	हँा	हँी
१२	१६	अन्नत	अनन्त
१३	११	हूँी	हँी
२७	७	०सपरोय	०सपरो य
२९	२	०दिकिख०	०दिक्खि०
३२	६	बुज्जंति	बुज्झंति
३३	१५	पडे ?	पडे,
३४	३	उत्पन्नं	उप्पन्नं
३५	१३	करवा	करवो
३६	४	वीहु	वि हु
३६	१३	ऋद्विथी	ऋद्धिथी
३७	८	०विट्ठणिवि०	०विणिविट्ठ०
३८	८	ते	तेभ
४८	२	०खुत्तो दयेण	०खुत्तोदयेण
५०	५	छडुं ति	छडुंति
५३	२४	पराभावने	पराभवने
५४	२१	हित शिक्षा	हितशिक्षा
५६	२४	दुषणोनी	दूषणोनी
६०	२३	सम्यकत्व	सम्यक्त्व
६१	२०	अपकीर्ति	अपकीर्ति
६३	१४	०द्रष्टिओ	०दृष्टिओ
६४	१४	मुद्दथी	मुद्दथी
६९	५	०सणंजं बू०	०सणंजंबू०
७३	८	०परिवारोस	०सपरिवारो
७३	१४	कर्मोने	कर्मोने
७४	२	समुद्द	समुद्दे
७४	११	स्वय२०	स्वयंव२०

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૭૫	૧૯	ચક્રવર્તા	ચક્રવર્તી
૭૭	૧૩	આશ્ચર્ય	આશ્ચર્ય
૮૬	૨	જ	જં
૮૮	૯	०अमिग्गहे	०अभिग्गहे
૯૦	૩	वरमसंगा	वरमसंगो
૯૧	૫	अमओ	अवमओ
૧૦૨	૨	मज्जं	मज्झं
૧૦૮	૮	दुक्ख	दुक्खं
૧૧૦	૧૬	દીર્ઘકાળ	દીર્ઘકાળ
૧૧૧	૫	सज्जाय	सज्झाय
૧૧૧	૫	०विणव	०विणय
૧૨૨	૪	०रुव०	०रूव०
૧૩૩	૬	मत	मंतं
૧૩૮	૭	कचि	कंचि
૧૩૯	૩	हवति	हवंति
૧૪૦	૩	चूण	मुत्तूण
૧૪૭	૧૧	साथीदारो	साथीदारोने
૧૫૦	૧૪	विषेशता०	विशेषता
૧૫૦	૨૧	वि ध	विधि
૧૫૩	૫	सजम०	संजम०
૧૫૪	૧૮	मुर्ख	मूर्ख
૧૫૫	૩	०धम्भाओ	०धम्माओ
૧૫૬	૬	अहिय	अहियं
૧૫૬	૧૨	धणी	धणा
૧૬૧	૨	दिं ति	दिंति

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૬૩	૪	०दारुण०	०दारूण०
૧૭૪	૧૪	आधकतर	अधिकतर
૧૭૬	૨	सुसाहू०	सुसाहु०
૧૮૦	૪	ससारो	ससारो
૧૮૦	૧૭	०भ्रष्ठ	०भ्रष्ट
૧૮૩	૧૧	०सित्तिरी	०सित्तरि
૧૮૬	૨	करगय०	करयलगया०
૧૯૦	૧૫	सभक्ति	सभकित
૧૯૫	૬	सोउण	सोऊण
૧૯૭	૧૮	છદ્દા	છદ્દ્ધા
૧૯૮	૨	आ जम्म०	आजम्म०
૧૯૮	૮	पच्छई	पिच्छई
૧૯૯	૯	सहामज्झ	सहामज्झे
૨૦૨	૩	बहु गुण०	बहुगुण०
૨૦૨	૪	सुरधेणू	सुरधेणू
૨૦૨	૧૨	કર્યુ	કર્યું
૨૦૮	૨૧	लधुनीति	लघुनीति
૨૧૦	૨૩	,,	,,
૨૧૧	૧૨	,,	,,
૨૧૩	૩	मज्झ	मज्झे
૨૧૩	૪	सयकाल	सयकालं
૨૧૩	૫	ना	नो
૨૧૩	૨૨	છદ્દા	છટ્ઠ
૨૧૪	૪	निग्घअयाइं	निव्विअयाइं

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
२१६	७	संधणा०	संधयणा०
२२३	५	विक्खाय	बिक्खाय
२२३	७	०कारण	०कारणं
२२३	६	दाणण	दाणेण
२२७	१	२१७	२२७
२२७	२	हाई	होई
२२७	२०	आगम, पुस्तक	आगम-पुस्तक
२२६	७	चारेअं	चरिअं
२२६	८	नदउ	नंदउ
२३५	४	गो बंभ०	गोबंभ०
२३६	३	फल	फलं
२३७	३	जघा	जंघा
२३७	२०	नपामे	न पामे
२४१	८	०नामेणं	नामेण
२४३	१६	लेश्यानुं भावनुं	लेश्यानुं-भावनुं
२४४	७	सम्यकत्वनुं	सम्यक्त्वनुं
२४६	३	पत्त	पत्तं
२५०	१४	किंश्चित्	किंचित्
२५७	४	॥४१॥	॥१४॥
२५६	५	जिनेश्वेर	जिनेश्वर
२६१	३	मग्म०	मग्ग०
२६५	११	कुतरे।	कुतरे।
२६८	४	घम्म	धम्म

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
२६६	३	घम्म	धम्म
२७४	६	उग्गतव्वं	उग्गतवं
२७४	१३	नहीं	नही
२७६	१०	मूसगत्त	मूसगत्ते
२७८	३	घम्मो	धम्मो
२८५	११	तरेस	तेरस
२८५	२२	अग्निमित्र	अग्निभित्रा
२६३	८	देवत्त	देवत्ते
२६७	६	ठइय	ठइयं
३०१	२	ज	जं
३०१	१४	अथात्	अर्थात्
३०३	१०	दीर्ध	दीर्घ
३०३	२२	हेतभूत	हेतुभूत
३२०	२३	झ्ळ	भूळ
३२१	६	घेत्तं	घेत्तुं
३३०	१८	उद्देशीने	उद्देशीने
३३२	८	तिव्वारंभ	तिव्वारंभं
३३२	१३	अनथोनुं	अनर्थोनुं
३३६	८,१३,	अगे	अंगे
३३७	४	आगमनिई	आगमनीई
३४४	१६	न करे.	करे.
३४५	२	त	ते
३४५	११	प्रवृति	प्रवृत्ति
३५०	२	०मवन्नंतो	०मवमन्नंतो

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૫૯	૧૫	સયેાગની	સંયેાગની
૩૫૯	૧૭	સચિત	સંચિત
૩૬૦	૬	०सरगमणं	०सरणगमणं
૩૬૦	૯	सकिलेसे	संकिलेसे
૩૬૧	૫	०बाबाहा	०वाबाहा
૩૬૫	૯	बहुमाणो	बहुमाणो
૩૬૫	૨૧	प्रासंगि	प्रासंगिक
૩૬૫	૨૩	यशाशकित	यथाशकित
૩૬૭	૬	दुष्कृतती	दुष्कृतनी
૩૭૩	૯	निज्जय०	णिज्जिय०
૩૭૬	૧૭	वणजिवे	वणजीवे
૩૭૭	૪	०हताईण	०हंताईण
૩૮૦	૭	તે પ્રમાણે	તે આ પ્રમાણે
૩૮૦	૧૭	પ્રમાએ	પ્રમાણે
૩૮૧	૫	०वज्जिआ	०वज्जिओ
૩૮૨	૬	ઇચ્છિકા०	ઇચ્છાકા०
૩૯૧	૩	પ્રાયશ્ચિત્ત	પ્રાયશ્ચિત્તના
૩૯૨	૫	कषाय०	कसाय०
૩૯૨	૧૩	०वेयावच्चा	०वेयावच्चो
૩૯૩	૮	તે	તેના ભેદો
૩૯૩	૧૭	સંસારતાં	સંસારમાં
૩૯૪	૪	परिब्भइ	परिब्भमइ

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૯૫	૫	लोमी	लोभी
૪૦૬	૮	पुढवीजीए	पुढविजिए
૪૦૭	૧	०सग्रंह	०संग्रह
૪૦૭	૨૧	मणिआ	भणिआ
૪૦૮	૬	विवरिया	विवरीया
૪૦૮	૧૩	किलष्ट	क्लिष्ट
૪૦૮	૧૫	धम्मट्ठीओ	धम्मट्ठिओ
૪૧૧	૩	०यसमिओ	यासमिओ
૪૧૨	૩	अवसम०	उवसम०
૪૧૭	૧	०सग्रंह	०संग्रह
૪૨૧	૭	पमाय	पमायं
૪૨૧	૮	भय	भयं
૪૨૪	૧૧	नियंट्टि	नियट्टि
૪૨૫	૨૦	वट्टंत्त	वट्टंते
૪૨૭	૫	दाणरुइणो	दाणे रुइणो
૪૨૯	૪૩૧	મા પાનામાં ફેરવવાનાં પદો છે તે અહીં લઇને પછી રથેાની સમજુતી વાંચવી.	
૪૩૦	૮	बंभचेर	बंभचेर
૪૩૦	૨૨	निज्जय०	णिज्जिय०

पृष्ठ.	पंक्ति.	अशुद्ध.	शुद्ध.
४३०	२५	शिलाङ्गादि	शीलाङ्गादि
४३१	१२	भयविमुक्के	मयविमुक्के
४३४	३	चानिवृत्या०	चानिवृत्त्या०
४३७	१६	सम्क्य	सम्यङ्
४४४	६	स्त्रिभिः	स्त्रिभिः
४४४	११	नामनुं	अनिवृत्ति नामनुं
४४६	६	०स्त्रयो०	०स्त्रयो०
४५१	२	सवितक	सवितर्कं
४५१	४	श्रतचिन्ता	श्रुतचिन्ता
४५१	५	त्रयात्मकम्	त्रयात्मकम्
४५४	३	स्त्रीत्वं	स्त्रीत्वं
४५६	५	तदुच्यत	तदुच्यते
४५६	६	कुरुत	कुरुते
४५७	४	त्रिषष्ठि०	त्रिषष्टि०
४५७	५	०द्वस्र०	०द्वस्र०
४५८	५	स्याज्जिनेद्रो	स्याज्जिनेन्द्रो
४६५	४	०योगो	०योगी
४६८	२	द्रष्टा	दृष्टा
४७३	३	योऽन्तर्गता	योऽन्तर्गतो
४७५	२	त्वङ, कथ,	त्वङ्, कथं
४७६	६	स्त्रीणां	स्त्रीणां
४८४	७	या	याः
४८६	५	०स्त्रिकाल०	०स्त्रिकाल०
४६०	११	स्तमोभि र्ननो	स्तमोभिर्न नो
४६०	१७	भारी એક જ भारी	
४६२	४	ध्रवो	ध्रुवो
४६५	४	बूमहे	ब्रूमहे
४६६	२	यदाज्ञाविधि०	यदाज्ञा विधि०
५१४	५	मुद्रा ति०	मुद्रामति०
५१८	८	०वैक मनि०	०वैकमनि०

વિષયાનુક્રમ (આદ્યવિભાગ).

વિષય	પૃ૦
કિંચિત્ પ્રાસ્તાવિકમ્	૧
પ્રકાશકીય નિવેદન	૧૩
સાધ્વી શ્રીહીરશ્રીજી	૧૭
સાધ્વી શ્રીહીરશ્રીજીનો શિષ્યાદિ પરિવાર	૫૨
દ્રવ્ય સહાયકોની નામાવળી	૫૮
શુદ્ધિપત્રક	૬૧
અનુક્રમણિકા	૬૬
ગુરુભક્તિપ્રણિધાનાષ્ટકમ્	૬૮
પૂ૦ સા૦ શ્રીહીરશ્રીજી ગુણગીત	૬૯

ગ્રન્થોક્ત વિષયાનુક્રમ

વિષય	પદ્યો	પૃષ્ઠ
૧ શ્રીત્રષિમણ્ડલસ્તોત્ર–સાર્થ	૯૨	૧
૨ શ્રી ઉપદેશમાલા ,,	૫૪૪	૨૫
૩ શ્રી કુલક સંગ્રહ ,,	પૃ૦ ૧૯૪ થી	૩૧૩
૧ શ્રી ગુણાનુરાગકુલક ,,	૨૮	૧૯૪
૨ શ્રી ગુરુપ્રદક્ષિણાકુલક ,,	૧૮	૨૦૧
૩ શ્રી સંવિજ્ઞસાધુ યોગ્ય નિયમ કુલક ,,	૪૭	૨૦૬
૪ શ્રી પુણ્ય કુલક ,,	૧૦	૨૨૦
૫ શ્રી દાનમહિમાગર્ભિત દાનકુલક ,,	૨૦	૨૨૩
૬ શ્રી શીલમહિમાગર્ભિત શીલકુલક ,,	૨૦	૨૨૮
૭ શ્રી તપમહિમાગર્ભિતપકુલક ,,	૨૦	૨૩૪

૮ શ્રી ભાવમહિમાગર્ભિતભાવકુલક	,,	૨૧	૨૩૯
૯ શ્રીઅભવ્યકુલક	,,	૯	૨૪૫
૧૦ શ્રીપુણ્યપાપ ફલકુલક	,,	૧૬	૨૪૮
૧૧ શ્રી ગૌતમકુલક	,,	૨૦	૨૫૩
૧૨ શ્રી આત્માવબોધ કુલક	,,	૪૩	૨૬૦
૧૩ શ્રી જીવાનુશાસ્તિ કુલક	,,	૧૧	૨૭૩
૧૪ શ્રી ઇન્દ્રિયવિકાર નિરોધ કુલક	,,	૯	૨૭૬
૧૫ શ્રી કર્મકુલક	,,	૨૧	૨૭૯
૧૬ શ્રી દશશ્રાવક કુલક	,,	૧૨	૨૮૪
૧૭ શ્રી ખામણા કુલક	,,	૩૬	૨૮૭
૧૮ શ્રી સારસમુચ્ચય કુલક	,,	૩૮	૨૯૭
૧૯ શ્રી ઇરિયાવહિ કુલક	,,	૧૩	૩૦૮
૪ શ્રી ધર્મરત્ન પ્રકરણ	,,	૧૪૫	૩૧૪
૫ શ્રી પાપપ્રતિઘાતગુણબીજાધાનસૂત્ર	,,	(ગદ્ય)	૩૫૯
૬ શ્રી શીલાગાદિરથસંગ્રહ	,,	(કોષ્ટકો)	૩૭૧
૭ શ્રી ગુણસ્થાન ક્રમારોહ સાર્થ		૧૩૬	૪૩૩
૮ શ્રી હૃદયપ્રદીપષત્રિંશિકા	,,	૩૬	૪૭૩
૯ શ્રી વર્દ્ધમાનદ્વાત્રિંશિકા	,,	૩૨	૪૮૯
૧૦ અયોગવ્યવચ્છેદિકા	,,	૩૨	૫૦૪
૧૧ અન્યયોગવ્યવચ્છેદિકા	,,	૩૨	૫૧૭

गुरुभक्तिप्रणिधानाष्टकम् ।

"याऽप्रमत्ता सदा साधु–साध्वाचारविभूषिता ।
यां द्रष्टुमीहतेऽद्यापि, मनोऽस्माकमतृप्तिगम् ॥ १ ॥
यया कृताः कृतार्थाः स्मः, सर्वदा गुणपोषतः ।
यस्या ऋणं महन्नित्यं, धार्यते स्माऽस्मदादिभिः ॥२॥
यस्या विनिर्गताः काम–क्रोधाद्या आन्तरा द्विषः ।
यस्याः कीर्तिर्यशश्चारु, भासते गगनाङ्गणे ॥ ३ ॥
यस्यां स्थितं मनोऽस्माकं, नान्यत्र लभते रतिम् ।
मङ्गलनामधेया सा, गुरुर्नोऽवतु हीरश्रीः ॥ ४ ॥
ताम् भजामः सदा प्रीता—मनन्यवत्सलां गुरुम् ।
तयाऽऽशीर्वादिता नित्यं, सर्वत्र शममाप्नुमः ॥ ५ ॥
तस्यै नमः सदानन्ददायिन्यै भव्यप्राणिनाम् ।
तस्या विनिर्गता सद्वाग्, हृदि स्थैर्यं करोतु नः ॥६॥
तस्याश्चरणसेवायाः, प्राप्तिमाशास्महे वयम् ।
तस्यां पुण्यपवित्राया—मात्मस्नानं भवेच्च नः ॥७॥
इति स्तुते गुरो ! दद्याः, सद्भक्तिं जिनशासने ।
यया नित्यं वयं हीर--श्रियोऽवियोगमाप्नुमः ॥८॥"

"एवं स्तुता चरणधर्मददा वदान्या,
शिष्यादिनाऽऽश्रितजनेन परप्रमोदात् ।
स्वर्गेऽपि सा स्थितवती शरणं प्रदात्री
सर्वस्य हीरगुरुरस्तु शुभं विधात्री ॥९॥"

પૂ૦ સા૦ હીરશ્રીજી ગુણગીત.

એ ગુરૂના ગુણ કદીય ન વિસરે,
ગુણગણ ભૂષિત અમ આધારરે.—એ ગુરૂના૦ એ ટેક૦

ગુર્જરદેશે રે છાણી ગામમાં, શેઠ ફોલાચંદ બાઇ જડાવરે,
દંપતી ઉત્તમ ધર્મથી શોભતાં, પુત્રી હીરા પુણ્ય પ્રભાવરે.
એ ગુરૂના૦ ૧

બાલપણાથી રે સહુને ભાવતાં, ગાવતાં દેવ ગુરૂ ગુણ ગ્રામ રે.
ધર્મ તણે રસે જીવન સિંચતાં, પામે યૌવન રૂપ–ગુણ ધામ રે.
એ ગુરૂના૦ ૨

મન વૈરાગી રે વિનય ગુણે ભર્યાં, પરણ્યાં આગ્રહ વશ થઇ જેહ રે,
સંયમ લીધું રે ભોગ નિવારીને, નામે **હીરશ્રી** ગુણમણિ ગેહરે.
એ ગુરૂના૦ ૩

ભક્તિ કરે જે ગુરૂજનની સદા, ધરે આશ્રિત પર નિર્મળ નેહ રે
જ્ઞાન ક્રિયાથી રે વિષય કષાયને, ગાળે દેતાં કર્મને છેહ રે.
એ ગુરૂના૦ ૪

સહતાં ઉપસર્ગો સમતા ધરી, મહાવ્રત પાળે થઇ એક તાન રે.
માન શિષ્યાદિનું અઢીસો જેહને, કરતાં સંયમ જ્ઞાનનું દાનરે.
એ ગુરૂના૦ ૫

વરસ ચુમાળીશ સંયમ પાળીયું, ખાળી મોહ મહીપની જ્વાળ રે.
નશ્વર દેહને છોડી સીધાવીયાં, ભવોભવ શરણું તેહ કૃપાળ રે.
એ ગુરૂના૦ ૬



॥ अर्हं ॥

अनन्तलब्धिनिधानाय श्रीगौतमस्वामिने नमः ।

। सुगृहीतनामधेयश्रीविजयसिद्धिसूरीश्वरेभ्यो नमः।

स्वाध्यायग्रन्थसन्दोहः सार्थः

॥ श्रीऋषिमण्डलस्तोत्रम् ॥

(વિનયાદિ ગુણવાળા યોગ્ય આત્માને ઓછામાં ઓછાં ત્રણ આયંબિલ કર્યા પછી આ સ્તોત્રને વાંચવા ભણવા માટે અધિકારી કહ્યો છે.)

आद्यन्ताक्षरसंलक्ष्य-मक्षरं व्याप्य यत्स्थितम् ।
अग्निज्वालासमं नाद-बिन्दु-रेखासमन्वितम् ॥ १ ॥
अग्निज्वालासमाक्रान्तं, मनोमलविशोधनम् ।
देदीप्यमानं हृत्पद्मे, तत्पदं नौमि निर्मलम् ॥ २ ॥

અર્થ:—પહેલા અને છેલ્લા (અ–હ) અક્ષરોથી જે ઓળખાય છે, તેની વચ્ચે સર્વ અક્ષરો રહેલા હોવાથી જે સર્વ અક્ષરોમાં વ્યાપક રહેલું છે, અને જે અગ્નિની જ્વાલા સમાન, નાદ એટલે અર્દ્ધચંદ્રકાર (ૅ), બિન્દુ અને રેખા (રૂ૫) (ં) થી સુશોભિત છે (૧)

અગ્નિની જ્વાલાની જેમ હૃદયકમળમાં વ્યાપીને રહેલું તે 'अर्हं' પદ મનના સર્વ મેલની શુદ્ધિ કરનારું છે, તે દેદીપ્યમાન અને નિર્મળ 'अर्हं' પદને હું નમસ્કાર કરું છું. (૨)

अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः
सिद्धचक्रस्यादिबीजं, सर्वतः प्रणिदध्महे ॥ ३ ॥
ॐ नमोऽर्हद्भ्य ईशेभ्य, ॐ सिद्धेभ्यो नमो नमः
ॐ नमः सर्वसूरिभ्य, उपाध्यायेभ्य ॐ नमः ॥ ४ ॥
ॐ नमः सर्वसाधुभ्य, ॐ ज्ञानेभ्यो नमो नमः
ॐ नमस्तत्त्वदृष्टिभ्य–श्चारित्रेभ्यस्तु ॐ नमः ॥ ५ ॥
श्रेयसेऽस्तु श्रियेऽस्त्वेत–दर्हदाद्यष्टकं शुभम् ।
स्थानेष्वष्टसु विन्यस्तं, पृथग् बीजसमन्वितम् ॥ ६ ॥

'अर्हं' એવું એ પદ અક્ષર (અવિનાશી) છે, બ્રહ્મ (સિદ્ધ)સ્વરૂપ છે, અરિહંતાદિ પંચ પરમેષ્ઠિનું વાચક છે, અને શ્રી સિદ્ધચક્ર મંડળના મધ્યમાં રહેલું તે સિદ્ધચક્રનું પ્રથમ બીજ છે (સિદ્ધચક્રનાં બીજાં સર્વ પદો એમાં વ્યાપેલાં છે), તેનું અમે સર્વ પ્રકારે પ્રણિધાન (પ્રાર્થના–ધ્યાન) કરીએ છીએ. (૩)

હવે એજ પ્રણિધાન કરતાં કહે છે કે—

૧ ઈશ્વર એવા અરિહંતને હું પ્રણવ પૂર્વક નમસ્કાર (**ॐ नमः**) કરું છું, એ રીતે ૨–સિદ્ધોને '**ॐ नमो नमः**' ૩–સર્વ આચાર્યોને '**ॐ नमः**', ૪–શ્રી ઉપાધ્યાયોને '**ॐ नम**', ૫ સર્વ સાધુઓને '**ॐ नमः**', ૬–શ્રી જ્ઞાનગુણને '**ॐ नमः**', ૭–શ્રી તત્ત્વદૃષ્ટિ (સમ્યગ્ દર્શન) ગુણને '**ॐ नमः**', અને ૮–શ્રી ચારિત્ર ધર્મને પણ '**ॐ नमः**' નમસ્કાર કરું છું. (૪–૫)

आद्यं पदं शिखां रक्षेत्, परं रक्षेत्तु मस्तकम् ।
तृतीयं रक्षेन्नेत्रे द्वे, तुर्यं रक्षेच्च नासिकाम् ॥ ७ ॥
पञ्चमं तु मुखं रक्षेत्, षष्ठं रक्षेच्च घण्टिकाम् ।
सप्तमं रक्षेन्नाभ्यन्तम्, पादान्तं रक्षेच्चाष्टमम् ॥ ८ ॥
"ॐ ह्रां ह्रीं ह्रूँ ह्रूँ ह्रेँ ह्रैँ ह्रौँ ह्रः"
ॐ अ-सि-आ-उ-सा-ज्ञान-दर्शन-चारित्रेभ्यो ह्रीँ नमः॥

જુદા જુદા બીજાક્ષરોથી (હ્રાં હ્રીં વિગેરેથી) યુક્ત (નીચે કહીશું તે શિખા વિગેરે) આઠ સ્થાનોમાં સ્થાપન કરેલું અર્હંત્-સિદ્ધ આદિ આઠ પદોનું એ શુભ અષ્ટક કલ્યાણને કરનારું તથા બાહ્ય-અભ્યન્તર લક્ષ્મીને કરનારું થાઓ ! અર્થાત્ કલ્યાણ અને લક્ષ્મીને કરો. (૬)

હવે આઠ સ્થાનોમાં આઠ પદોની સ્થાપના સાથે પ્રણિધાન કરે છે.

પહેલું (અરિહંત) પદ મસ્તકની શિખાનું રક્ષણ કરો, બીજું (સિધ્ધ) પદ મસ્તકનું રક્ષણ કરો, ત્રીજું (સૂરિપદ) બે નેત્રોની રક્ષા કરો; અને ચોથું (ઉપાધ્યાય) પદ; નાસિકાની રક્ષા કરો. (૭)

પાંચમું (સાધુપદ) મુખની રક્ષા કરો, છઠ્ઠું (જ્ઞાન-પદ) ગળાની રક્ષા કરો, સાતમું (દર્શન પદ) નાભિ સુધી રક્ષા કરો અને આઠમું (ચારિત્ર પદ) નીચે પગ સુધી રક્ષણ કરો. (૮).

पूर्वं प्रणवतः सान्तः, सरेफो द्व्यब्धिपञ्चषान् ।
सप्ताष्टदशसूर्याङ्कान्, श्रितो बिन्दुस्वरान् पृथक् ॥ ९ ॥
पूज्यनामाक्षरा आद्याः, पञ्चेते ज्ञानदर्शन-
चारित्रेभ्यो नमो मध्ये, ह्रीं सान्तः समलङ्कृतः ॥१०॥

ॐ ह्रां ह्रीं ह्रूँ ह्रौं ह्रूँ ह्रैं ह्रौं ह्रः એ ૐ સહિત આઠ બીજાક્ષરો રૂપ નવ અક્ષરનો ઋષિમણ્ડલસ્તવનો મૂલ મંત્ર છે અને 'ૐ अ-सि-आ-उ-सा-ज्ञान-दर्शन-चारित्रेभ्यो ह्रीं नमः' એ અઢાર અક્ષરોનો ઋષિમંડળનો વિદ્યામંત્ર છે.

હવે એ બીજાક્ષરોને અને વિદ્યામંત્રને બનાવવાનો ઉપાય કહે છે.

પૂર્વે પ્રણવ (ૐ) ને સ્થાપીને સકારને અન્તે (છેલ્લો) રહેલો હ અક્ષર રેફ (ર્) સહિત એક બિન્દુ અને 'બીજો સ્વર आ, ચોથો ई પાંચમો उ છઠ્ઠો ऊ સાતમો ए આઠમો ऐ દશમો ओ અને બારમો अः' એ સ્વરોથી યુક્ત જુદો જુદો લખવો, અર્થાત્ હ્ ની સાથે ર્ જોડીને જુદા જુદા તે તે સ્વરો યુક્ત કરવો અને ઉપર બિન્દુ ં કરવું એમ કરવાથી આઠ બીજાક્ષરો બનશે, તેને ૐ પૂર્વક 'ૐ ह्रां अर्हद्भ्यो नमः ૐ ह्रीं सिद्धेभ्यो नमः ૐ ह्रूँ आचार्येभ्यो नमः વિગેરે જુદા જુદા આઠ પ્રકારો લખવા. (૯)

હવે વિદ્યામન્ત્રનો ઉપાય જણાવે છે.

પૂજ્ય એવાશ્રી પંચ પરમેષ્ઠિનાં નામોના પ્રથમ અક્ષરો 'अ-सि-आ-उ-सा' એ પાંચ પછી ज्ञान-दर्शन-चारित्रेभ्यो

जम्बूवृक्षधरो द्वीपः, क्षारोदधि समावृतः ।
अर्हदाद्यष्टकैरष्ट–काष्ठाधिष्ठैरलङ्कृतः ॥ ११ ॥

([1]वीजमिति ऋषिमण्डलस्तवयन्त्रस्य मूलमन्त्रः, आराधकस्य शुभनवबीजाक्षरः, अष्टादश विद्याक्षरः, पदमेकत्र सप्तविंशतिरक्षरः)

नमः અને તેની મધ્યમાં (**नमः** ની પૂર્વે) સકારને અન્તે રહેલો ह् નાદ–બિન્દુ–કળા–રકાર અને ઈકારથી અલંકૃત એટલે ह्रीं લખવો. અહીં પણ **'पूर्वं प्रणवतः'** એ નવમા શ્લોકના પદની અનુવૃત્તિથી પૂર્વે ॐ લખવો. એથી **ॐ अ–सि–आ–उ–सा–ज्ञान–दर्शन चारित्रेभ्यो ँह्रीं नमः** એવો અઢાર અક્ષરોનો વિદ્યામંત્ર બનશે. ૧૦

હવે ઋષિમણ્ડલસ્તવના મણ્ડલની રચનાનો ઉપાય જણાવે છે,

જમ્બૂવૃક્ષને ધારણ કરનારો લવણ સમુદ્રથી વિંટાયેલો 'જમ્બૂદ્વીપ' નામનો દ્વીપ આઠ દિશાઓમાં રહેલાં 'અર્હત્' આદિ આઠ પદોના અષ્ટકથી સુશોભિત બનાવવો. અર્થાત્ મધ્યમાં ગોળ થાળી આકારે મંડલ રૂપ જમ્બૂદ્વીપનો આકાર કરી તેની ચારે તરફ ફરતો લવણ સમુદ્રનો આકાર વલય રૂપે બનાવવો અને તે વલયમાં પૂર્વાદિ આઠ દિશાઓમાં અનુક્રમે 'ॐ ह्रीं **अर्हद्भ्यो नमः**' વિગેરે આઠ પદો આલેખવાં. (૧૧)

---

૧ ઉપર પ્રમાણે ઋષિમણ્ડલ સ્તવયંત્રના બીજ રૂપ મૂળ મંત્ર જાણવો. તેમાં આરાધકનું શુભ કરનારા નવ બીજાક્ષરો અને અઢાર વિદ્યાક્ષરો છે, એમ કુલ સત્તાવીશ અક્ષરો છે.

तन्मध्ये सङ्गतो मेरुः, कूटलक्षैरलङ्कृतः ।
उच्चैरुच्चैस्तरस्तार–तारामण्डलमण्डितः ॥ १२ ॥
तस्योपरि सकारान्तं, बीजमध्यास्य सर्वगम् ।
नमामि बिम्बमार्हन्त्यं, ललाटस्थं निरञ्जनम् ॥ १३ ॥
अक्षयं निर्मलं शान्तं, बहुलं जाड्यतोज्झितम् ।
निरीहं निरहङ्कारं, सारं सारतरं घनम् ॥ १४ ॥

એની મધ્યમાં રહેલા, લાક્ષ્એા કૂટોથી શોભતા, અત્યંત ઊંચા અને દેદીપ્યમાન તારામંડલ (જ્યોતિશ્ચક્ર) થી શોભતા મેરૂ પર્વતની સ્થાપના (કલ્પના) કરવી. (૧૨)

તેની ઉપર સકારને અંતે રહેલું 'ह्रीँ' જે ઋષિમંડલનું બીજ છે, સમસ્ત જગતમાં (લૌકિક લોકોત્તર વ્યવહારોમાં, કે જ્ઞાનગુણ દ્વારા સર્વ જ્ઞેયોમાં) વ્યાપક છે, તેને લલાટસ્થ=મેરૂ ચૂલા ઉપર સ્થાપન કરીને તેમાં રહેલા નિરંજન=ઘાતીકર્મરૂપ અંજન રહિત ચોવીસ જિનેશ્વરોના 'આર્હન્ત્ય' એટલે અરિહંતપણું છે જેમાં એવા તે બિમ્બને નમસ્કાર કરૂં છું. (૧૩)

હવે એ **આર્હન્ત્ય બિંબ** કેવું છે તે કહે છે,

જ્ઞાનાદિ ગુણોથી **અવિનશ્વર**, બાહ્ય અભ્યંતર મેલ

* ૧૪ થી ૧૯ સુધીના શ્લોકોનો ભાવાર્થ પ્રાપ્ત આધારોને લક્ષ્યમાં રાખી યથામતિ લખેલો છે, છતાં તે પર્યાપ્ત નથી, એનો ભાવ સમજવો અતિગહન છતાં આરાધક બાળ બુદ્ધિ જીવોના સંતોષ માટે લખેલો હોવાથી વિશેષ જ્ઞાનીઓ પાસેથી એનો વિશેષ અર્થ પ્રાપ્ત થાય તેટલો મેળવવા યથાશક્ય પ્રયત્ન કરવો.

अनुद्धतं शुभं स्फीतं, सात्त्विकं राजसं मतम् ।
तामसं चिरसम्बुद्धं, तैजसं शर्वरीसमम् ॥ १५ ॥
साकारं च निराकारं, सरसं विरसं परम् ।
परापरं परातीतं, परंपरपरापरम् ॥ १६ ॥

રહિત **નિર્મળ,** ઘાતી કર્મોના ઉદયના અભાવે **શાન્ત,** સર્વ તીર્થંકરોનું એક સ્વરૂપ હોવાથી સર્વ ચોવિશીઓમાં **વિસ્તરેલું,** અજ્ઞાનરૂપ **જાડ્યતા રહિત,** મતિજ્ઞાનનો પ્રકાર **ઈહા અથવા ઇચ્છા રહિત, અહંકાર રહિત,** માટે સ્વયં **શ્રેષ્ઠ,** જગતને જ્ઞાનરૂપ લોચનનું દાન દેવાથી **અતિશ્રેષ્ઠ,** આત્મપ્રદેશોથી ઘનીભૂત માટે **'ઘન'** (સિદ્ધ સ્થાનમાં અનંત આત્માઓ સાથે એક અવગાહનામાં રહેલું) છે. (૧૪)

વળી **ઉદ્ધતપણાથી રહિત,** તીર્થંકર નામ કર્મના ઉદયને યોગે **શુભ,** સર્વદેવોના ત્રણ કાળના રૂપ કરતાં ય અતિશય રૂપવાળું હોવાથી સ્ફીત એટલે **દેદીપ્યમાન,** આત્માના અનંત વીર્યરૂપ **સત્ત્વગુણવાળું,** ત્રણે જગતના નાથ રૂપે માન્ય હોવાથી **રજોગુણી,** કર્મરૂપ શત્રુઓનું નાશક માટે **તમોગુણવાળું, ત્રૈકાલિક-ચિરજ્ઞાનવાળું,** (અથવા જ્યાં **'વિરસં-બુદ્ધં'** એવો પાઠાન્તર છે ત્યાં શૃંગારાદિ રસરહિત, અને જ્ઞાનવાળું એમ અર્થ સમજવો) પૂર્ણિમાની રાત્રિની જેમ **તેજવાળું** (શાન્ત પ્રકાશ કરનારૂં) (૧૫)

વળી અવગાહના હોવાથી **આકારવાળું** છતાં સિદ્ધાપેક્ષાએ અરૂપી હોવાથી **નિરાકાર** છે. આત્મગુણોના રસનો

एकवर्णं द्विवर्णं च, त्रिवर्णं तुर्यवर्णकम् ।
पञ्चवर्णं महावर्णं, सपरं च परापरम् ॥ १७ ॥

અનુભવ કરનાર માટે **રસવાળું** છતાં શૃંગાર વિગેરે કે મધુર વિગેરે બાહ્ય રસોના અભાવે **રસ રહિત** છે, સર્વ-જીવોથી **પર** છે, વળી એક અવગાહનામાં અનંત સિદ્ધો ભેગા રહેતા હોવાથી ભાવિ નયની અપેક્ષાએ 'પરથી અપર' એટલે **એકસ્વરૂપ** છે, 'પર' એટલે પુદ્ગલ દ્રવ્યથી સર્વથા રહિત હોવાથી **પરાતીત** છે અને 'પરંપર' એટલે ગુણસ્થાનકના ક્રમે અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન, અને ચારિત્ર, એ ગુણોના ક્રમે 'પર' એટલે ઉત્તમ બનેલું છતાં તે ક્રમથી અપર છે એમ **'પરંપર પરાપર'** છે. (૧૬)

દરેક તીર્થંકરોમાં પંચપરમેષ્ઠિ રહેલા* છે માટે અરિહંતરૂપે **એક શ્વેત વર્ણવાળું**, અરિહંત-સિદ્ધ બે રૂપે શ્વેત-રક્ત **બે વર્ણવાળું**, અરિહંત-સિદ્ધ-આચાર્ય ત્રણ પદોના શ્વેત-રક્ત અને પીત-એમ **ત્રણ વર્ણવાળું**, તેમાં ઉપાધ્યાયપદ મેળવતાં શ્વેત-રક્ત-પીત-લીલ એમ **ચાર વર્ણવાળું** અને સાધુપદ મેળવતાં શ્વેત-રક્ત-પીત-લીલ અને કૃષ્ણ એમ **પાંચ વર્ણવાળું** છે, ચોવીસ

* અરિહંત પણાની ઋદ્ધિ ભોગવવાથી અરિહંત, જ્ઞાનાદિ ગુણોના સિદ્ધિ કરવાથી સિદ્ધ, ઉપદેશ દેવાથી આચાર્ય, શિષ્યોને વિનયાદિ કરાવનાર-શિખવાડનાર માટે ઉપાધ્યાય, અને વ્યવહાર ચારિત્ર પાળવાથી સાધુ, એમ અરિહંતમાં પાંચેય પરમેષ્ઠિઓ રહેલા છે (વ્યવહારભાષ્ય)

सकलं निष्कलं तुष्टं, निर्वृतं भ्रान्तिवर्जितम् ।
नि(नी) रञ्जनं निराकाङ्क्षं, निर्लेपं वीतसंश्र(श)यम् ॥१८॥
ईश्वरं ब्रह्म सम्बुद्धं, शु(बु)द्धं सिद्धं मतं गुरुम् ।
ज्योतीरूपं महादेवं, लोकालोकप्रकाशकम् ॥ १९ ॥

તીર્થંકરોના પાંચેય વર્ણોવાળું હોવાથી **મહાવર્ણ** છે, પર એટલે 'બ્રહ્મ-મોક્ષ' સહિત હોવાથી '**સપર**' છે અને છતાં પર એટલે 'બ્રહ્મા' થી અપર માટે **પરાપર** પણ છે. (૧૭)

["ॐ ह्रीं अर्हं नमः "] (**मूलमन्त्रः**)

'કલ' એટલે શબ્દ=અરિહંતની અપેક્ષાએ ૩૫ ગુણ યુકત વાણીવાળા માટે '**સકલ**' અને સિદ્ધની અપેક્ષાયે તેથી રહિત માટે '**નિષ્કલ**' છે, સ્વગુણોમાં આનંદવાળું માટે તુષ્ટ=**પ્રસન્ન** છે છતાં 'નિર્વૃત' એટલે સર્વથા **શાન્ત** છે, વળી કેવળજ્ઞાની હોવાથી '**ભ્રમણા રહિત**' છે, નિરંજન એટલે આઠ કર્મરૂપ **અંજન રહિત** અથવા નીરંજન એટલે **રાગ રહિત** છે, સર્વ પ્રયોજન સમાપ્ત થયેલાં હોવાથી **આકાંક્ષા રહિત** છે, નવાં કર્મોના બંધ રૂપ લેપ રહિત માટે **નિર્લેપ છે**-સર્વથા 'સંશ્રય' એટલે રાગાદિ **આલંબન રહિત** અથવા 'સંશય' એટલે સંદેહ-**શંકા રહિત** છે. (૧૮)

તીર્થંકરપણાનું ઐશ્વર્ય ભોગવનાર માટે **ઈશ્વર** છે, જ્ઞાન અથવા મોક્ષરૂપ હોવાથી **બ્રહ્મ** છે, કેવલજ્ઞાની માટે '**સંબુદ્ધ**' છે, મોહરૂપી મેલના અભાવે **શુદ્ધ** (અથવા

अर्हदाख्यस्तु वर्णान्तः, सरेफो बिन्दुमण्डितः ।
तुर्यस्वरसमायुक्तो, बहुधा नादमालितः ॥ २० ॥
अस्मिन् बीजे स्थिताः सर्वे, ऋषभाद्या जिनेश्वराः ।
वर्णैर्निजैर्निजैर्युक्ता, ध्यातव्यास्तत्र सङ्गताः ॥ २१ ॥
नादश्चन्द्रसमाकारो, बिन्दुर्नीलसमप्रभः ।
कलाऽरुणसमा सान्तः, स्वर्णाभः सर्वतोमुखः ॥ २२ ॥

સ્વયં બોધ પામેલ હોવાથી બુદ્ધ) છે, સર્વ કાર્યો (અથવા ગુણો) સિદ્ધ થવાથી **સિદ્ધ** છે, 'મતં' એટલે ત્રણે જગતને **માનનીય** છે, મોક્ષ માર્ગને સમજાવનાર માટે **ગુરૂ** છે, કેવળજ્ઞાનથી સૂર્યની જેમ પ્રકાશક માટે **જ્યોતીરૂપ** છે, રાગ-દ્વેષ અને અજ્ઞાન રહિત માટે **દેવાધિદેવ-મહાદેવ** છે અને લોકાલોકનું જ્ઞાન જગતને કરાવનાર માટે **લોકાલોકપ્રકાશક** છે. (૧૯)

'અર્હત્' એટલે ૨૪ તીર્થંકરોનાં નામવાળો જે 'ह्रीं' વર્ણ બીજરૂપ છે તે વર્ણનો અન્ત્ય અક્ષર 'ह्' છે, સરેફ એટલે રકાર સહિત (ह्र) છે. બિન્દુ સહિત (માટે ह्रँ છે ચોથા સ્વર સહિત (માટે ह्रीं) અને પ્રાયઃ નાદ એટલે ચંદ્રકલાથી શોભતો) એટલે "ह्रीं" છે. (૨૦)

આ "ह्रीं" બીજાક્ષરમાં શ્રીઋષભ આદિ સર્વ તીર્થંકરો રહેલા છે, સ્વ-સ્વ વર્ણથી યુક્ત તે '' માં ह्रीं રહેલા તે તીર્થંકરોનું તે તે વર્ણોના આલંબનપૂર્વક ધ્યાન કરવું. (૨૧)

शिरःसंलीन ईकारो, विनीलो वर्णतः स्मृतः ।
वर्णानुसारसंलीनं, तीर्थकृन्मण्डलं स्तुमः ॥ २३ ॥
चन्द्रप्रभपुष्पदन्तौ, नादस्थितिसमाश्रितौ ।
बिन्दुमध्यगतौ नेमि-सुव्रतौ जिनसत्तमौ ॥ २४ ॥
पद्मप्रभ-वासुपूज्यौ, कलापदमधिष्ठितौ ।
शिरईस्थितिसंलीनौ, पार्श्व-मल्ली जिनोत्तमौ ॥ २५॥

હવે તે ह्रीं માં કયા વર્ણો કયાં કયાં છે તે કહે છે.

મથાળે રહેલો 'નાદ એટલે અર્દ્ધચંદ્રાકાર' ચંદ્રની કળા જેવા આકારવાળો અને ચંદ્ર સમાન 'શ્વેત' વર્ણવાળો છે, તેમાં રહેલો બિન્દુ (અનુસ્વાર) 'શ્યામ' છે, કળા એટલે ઉપરનું મથાળું(–)અરૂણસમું 'રક્ત' છે અને સકારનો અન્ત્યાક્ષર ह सर्वदिशाએ (સમ્પૂર્ણ) સુવર્ણ સરખો 'પીળો' છે. (૨૨) વળી—

ह ના મસ્તકે રહેલો 'ई' (ી) સ્વર વિનીલ એટલે 'લીલા' વર્ણનો કહેલો છે. એમાં તે તે વર્ણને અનુસારે રહેલા તે તે વર્ણવાળા ૨૪ તીર્થંકરોના મંડળ (સમુહ)ની અમે સ્તુતિ કરીએ છીએ. (૨૩)

એજ હકિકતને સ્પષ્ટ કરતાં કહે છે કે-

શ્વેતવર્ણવાળા શ્રીચન્દ્રપ્રભ અને પુષ્પદન્ત (સુવિધિનાથ) બે નાદમાં (ઉપરની ચંદ્રકલામાં) સ્થાન કરીને રહેલા છે. ઉત્તમ એવા શ્રી નેમિનાથ અને મુનિસુવ્રત બે શ્યામ વર્ણવાળા ઉપરના અનુસ્વારમાં રહેલા છે. (૨૪)

*ऋषभं चाजितं वन्दे, सम्भवं चाभिनन्दनम् ।
सुमतिं तथा सुपार्श्वं, वन्दे श्रीशीतलं जिनम् ॥ २६ ॥
श्रेयांसं विमलं वन्दे, चानन्तं धर्मनाथकम् ।
शान्तिं कुन्थु-मरार्हन्तं, नमिं वीरं नमाम्यहम् ॥ २७ ॥
एताँश्च षोडशजिनान्, गाङ्गेयद्युतिसन्निभान् ।
त्रिकालं नौमि सद्भक्त्या, ह-राक्षरमधिष्ठितान् ॥ २८ ॥

શ્રી પદ્મપ્રભ અને વાસુપૂજ્ય, એ બે રક્તવર્ણવાળા કળા એટલે મથાળામાં સ્થાન કરીને રહેલા છે, અને મથાળે રહેલા ई (ી) માં ઉત્તમ એવા નીલ વર્ણવાળા બે શ્રીપાર્શ્વનાથ અને મલ્લીનાથ રહેલા છે. (૨૫)

હવે ह માં રહેલા પીતવર્ણવાળા ૧૬ નાં નામો જણાવે છે.

શ્રીઋષભદેવને, શ્રી અજિતનાથને, શ્રીસંભવને, અને અભિનન્દનસ્વામીને હું વન્દન કરું છું-તથા સુમતિનાથને, સુપાર્શ્વનાથને અને શ્રી શીતળજિનને હું વાંદું છું (૨૬)

શ્રી શ્રેયાંસનાથને, શ્રીવિમળનાથને, શ્રી અનન્તનાથને તથા શ્રી ધર્મનાથને વાંદું છુ. વળી શ્રી શાન્તિનાથ શ્રી-કુન્થુનાથ શ્રી અરજિન શ્રી નમિનાથ તથા શ્રી મહાવીર જિનને વન્દન કરું છું. (૨૭)

એ ગાંગેય એટલે સોનાના જેવા પીળાવર્ણવાળા સોળ જિનેશ્વરો કે જેઓ ह અને र् એ બે અક્ષરોમાં રહેલા છે તેઓને સુંદર ભક્તિભાવથી ત્રિકાળ નમું છું. (૨૮)

* આ ૨૬-૨૭-૨૮ ગાથાઓ પ્રક્ષિપ્ત સમજાય છે.

शेषास्तीर्थकृतः सर्वे, हरस्थाने नियोजिताः ।
मायाबीजाक्षरं प्राप्ता–श्चतुर्विंशतिरर्हताम् ॥ २९ ॥
गतराग–द्वेष–मोहाः, सर्वपापविवर्जिताः ।
सर्वदाः सर्वकालेषु, ते भवन्तु जिनोत्तमाः ॥ ३० ॥
देवदेवस्य यच्चक्रं, तस्य चक्रस्य या प्र(वि)भा ।
तयाऽऽच्छादितसर्वाङ्गं, मां मा हिंसन्तु पन्नगाः ॥३१॥

શેષ એટલે ૨૪–૨૫ શ્લોકમાં કહેલા ચાર વર્ણવાળા આઠ સિવાયના (૨૬ થી ૨૮ શ્લોકમાં કહેલા) પીળા વર્ણવાળા સર્વ (૧૬) તીર્થંકરો 'ह र' (ह्रीं) ના સ્થાનમાં સ્થાપન કરેલા છે, એમ અરિહંતોની ચોવીસી માયાબીજ એટલે ह्रीं અક્ષરને પ્રાપ્ત કરીને તેમાં રહેલી છે, અર્થાત્ ૨૪ તીર્થંકરોના સ્થાનરૂપ માયાબીજ છે. (૨૯)

રાગદ્વેષ અને મોહથી રહિત, માટે સર્વ પાપોથી મુક્ત તે ચોવીસ શ્રી તીર્થંકરો સર્વકાળે સર્વ સુખને આપનારા થાઓ–મને સર્વ સુખો આપો. (૩૦)

ઉપર કહ્યું તે દેવદેવ એટલે દેવાધિદેવ શ્રીતીર્થંકરોનું ચક્ર એટલે જે મંડળ–તે મંડળની જે પ્રભા એટલે કાન્તિ અથવા મહિમા તેના વડે આચ્છાદિત છે સર્વ અંગ જેનું એવા મને પન્નગો (સર્પો) ન હણો ! અર્થાત્ આ તીર્થંકરોની છાયાથી અંગરક્ષા કરનારને સર્પો હણતા નથી.

એમ આગળના દરેક શ્લોકોમાં પ્રથમના ત્રણ પદોનો સમાન અર્થ સમજવો, ચોથા પાદમાં રહેલાં ભિન્ન ભિન્ન નામોનો અર્થ યથામતિ જણાવીએ છીએ. (૩૧)

देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु दानवाः ॥३२॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु खेचराः ॥३३॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु राक्षसाः ॥३४॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु तस्कराः ॥३५॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु हस्तिनः ॥३६॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु वह्नयः ॥३७॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु मुद्गलाः ॥३८॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु कुग्रहाः ॥३९॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु हिंसकाः ॥४०॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु शूकराः ॥४१॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु शत्रवः ॥४२॥

મને દાનવો ન હણો ! (૩૨)
મને વિદ્યાધરો ન હણો ! (૩૩)
મને રાક્ષસો ન હણો ! (૩૪)
મને ચોરી કરનારા (ચોરો) ન હણો ! (૩૫)
મને હાથીઓ ન હણો ! (૩૬)
મને અગ્નિ (અગ્નિકુમાર દેવો) ન હણો ! (૩૭)
મને મ્લેચ્છો ન હણો ! (૩૮)
મને દુષ્ટગ્રહો ન હણો ! (૩૯)
મને હિંસક મનુષ્યો ન હણો (૪૦)
મને શુકરો (ભુંડ જાતિનાં પશુઓ) ન હણો ! (૪૧)
મને શત્રુઓ ન હણો ! (૪૨)

देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु भूमिपाः ॥४३॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु दुर्जनाः ॥४४॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु दंष्ट्रिणः ॥४५॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु व्यन्तराः ॥४६॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु पक्षिणः ॥४७॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु व्याधयः ॥४८॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु सिंहकाः ॥४९॥
देवदेवस्य यच्चक्रं०. मां मा हिंसन्तु देवताः ॥५०॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु गोणसाः ॥५१॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु वृश्चिकाः ॥५२॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु रेपलाः ॥५३॥

મને રાજાઓ ન હણો ! (૪૩)
મને દુર્જનો ન હણો ! (૪૪)
મને દાઢવાળાં (માંસાહારી) પશુઓ ન હણો ! (૪૫)
મને વ્યંતરો ન હણો ! (૪૬)
મને પક્ષીઓ ન હણો ! (૪૭)
મને વ્યાધિઓ ન હણો ! (૪૮)
મને સિંહો ન હણો ! (૪૯)
મને દેવો (દેવીઓ) ન હણો ! (૫૦)
મને ગોણસ જાતિના સર્પો ન હણો ! (૫૧)
મને વિંછીઓ ન હણો ! (૫૨)
મને રેપલાઓ (?) ન હણો ! (૫૩)

देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु डाकिनी ॥५४॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु याकिनी ॥५५॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु राकिनी ॥५६॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु लाकिनी ॥५७॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु काकिनी ॥५८॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु शाकिनी ॥५९॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु हाकिनी ॥६०॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु जाकिनी ॥६१॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु नागिनी ॥६२॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु जृम्भिणी ॥६३॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु व्यन्तरी ॥६४॥

મને ડાકણો ન હણો ! (૫૪)
મને યાકિની (?) ન હણો ! (૫૫)
મને રાકિની (?) ન હણો ! (૫૬)
મને લાકિની (?) ન હણો ! (૫૭)
મને કાકિની (?) ન હણો ! (૫૮)
મને શાકિની (?) ન હણો ! (૫૯)
મને હાકિની (?) ન હણો ! (૬૦)
મને જાકિની (?) ન હણો ! (૬૧)
મને નાગણી ન હણો ! (૬૨)
મને જૃમ્ભિણી (તિર્યગ્ જૃમ્ભિણી) ન હણો ! (૬૩)
મને વ્યન્તરી (દેવીઓ) ન હણો ! (૬૪)

देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु तोयदाः ॥६५॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिंसन्तु चित्रकाः ॥६६॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु मानवी ॥६७॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु किन्नरी ॥६८॥
देवदेवस्य यच्चक्रं०, मां मा हिनस्तु दैवहि ॥६९॥
देवदेवस्य यच्चक्रं०, सा मां पातु सदैव हि ॥ ७० ॥
श्री गौतमस्य या मुद्रा, तस्या या भुवि लब्धयः ।
ताभिरभ्यधिकज्योति–रर्हन् सर्वनिधीश्वरः ॥ ७१ ॥

મને મેઘકુમાર દેવો ન હણો ! (૬૫)
મને ચિત્તાઓ ન હણો ! (૬૬)
મને માનવી (નામની) દેવી ન હણો ! (૬૭)
મને કિન્નરી (દેવી) ન હણો ! (૬૮)
મને દૈવ (અદૃષ્ટ) ન હણો ! (૬૯)

એમ દેવાધિદેવોનું જે ચક્ર અને તે ચક્રની જે પ્રભા (મહિમા) તેનાથી આચ્છાદિત શરીરવાળા મારું તે પ્રભા સર્વદા રક્ષણ કરો ! (૭૦)

શ્રી ગૌતમપ્રભુની જે મુદ્રા (ગણધર પદ) અને જગતમાં તેની જે લબ્ધિઓ છે, તેનાથી પણ અધિક જ્ઞાન (સામર્થ્ય)વાળા શ્રીઅરિહંતદેવ સર્વનિધિઓના (ગુણરૂપ ખજાનાના) સ્વામી છે. (તેઓ મારું રક્ષણ કરો !) (૭૧)

पातालवासिनो देवा, देवा भूपीठवासिनः ।
स्वर्वासिनोऽपि ये देवाः, सर्वे रक्षन्तु मामितः ॥७२॥
येऽवधिलब्धयो ये तु, परमावधिलब्धयः ।
ते सर्वे मुनयो देवा, मां संरक्षन्तु सर्वतः ॥ ७३ ॥
भुवनेन्द्र-व्यन्तरेन्द्र-ज्योतिष्केन्द्र-कल्पेन्द्रेभ्यो नमो नमः।
श्रुतावधि-देशावधि-सर्वावधि-परमावधि प्राप्त-बुद्धिऋद्धि-प्राप्त-सर्वौषधिप्राप्त-अनन्तबलर्द्धिप्राप्त-तप ऋद्धिप्राप्त-रसर्द्धिप्राप्त-वैक्रियर्द्धिप्राप्त-क्षेत्रर्द्धिप्राप्त-अक्षीणमहानसर्द्धि-प्राप्तेभ्यो नमो नमः॥

જે (ભવનપતિ) દેવો પાતાલમાં રહેનારા છે, જે (વ્યન્તર) દેવો ભૂમીપીઠ ઉપર રહે છે, અને (વૈમાનિક) જેઓ સ્વર્ગમાં રહેલા છે તે (ત્રણે લોકવર્તી) સર્વ દેવો મને સર્વ (ઉપદ્રવો)થી રક્ષણ કરો ! (૭૨)

જે અવધિજ્ઞાનની લબ્ધિવાળા અને પરમાવધિ જ્ઞાનની લબ્ધિવાળા છે તે સર્વ મુનિઓ અને (ઉપર જણાવ્યા તે સર્વ) દેવો મારૂં સર્વ પ્રકારે રક્ષણ કરો ! (૭૩)

ભુવનપતિના ઈન્દ્રોને, વ્યન્તરોના ઈન્દ્રોને, જ્યોતિષિઓના ઈન્દ્રોને અને સૌધર્માદિ કલ્પોના વૈમાનિક ઈન્દ્રોને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ.

શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-દેશઅવધિજ્ઞાન-સર્વઅવધિજ્ઞાન અને પરમાવધિજ્ઞાનને પામેલા, બુદ્ધિરૂપી ઋદ્ધિને પામેલા, સર્વૌષધિ લબ્ધિને પામેલા, અનન્તબળ રૂપ ઋદ્ધિને પામેલા, તપ ઋદ્ધિને પામેલા, રસરૂપ ઋદ્ધિને પામેલા,

दुर्जना भूतवेतालाः, पिशाचा मुद्गलाऽनलाः ।
ते सर्वेऽप्युपशाम्यन्तु, देवदेवप्रभावतः ॥ ७४ ॥
ॐ ह्रीँ-ह्रीः श्रीर्धृतिर्लक्ष्मी-गौरी चण्डी सरस्वती ।
जयाऽम्बा विजया क्लिन्ना-ऽजिता नित्या मदद्रवा ॥७५॥
कामाङ्गा कामबाणा च, सानन्दाऽऽनन्दमालिनी ।
माया मायाविनी रौद्री, कला काली कलिप्रिया ॥७६॥
एताः सर्वा महादेव्यो, वर्तन्ते या जगत्त्रये ।
मह्यं सर्वाः प्रयच्छन्तु, कान्तिं लक्ष्मीं धृतिं मतिम् ॥७७॥

વૈક્રિય લબ્ધિરૂપ ઋદ્ધિને પામેલા, ક્ષેત્રરૂપી ઋધ્ધિને પામેલા અને અક્ષીણમહાનસલબ્ધિરૂપ ઋદ્ધિને પામેલા, એ સર્વને નમસ્કાર થાઓ ! નમસ્કાર થાઓ !

દુર્જનો, ભૂતો, વેતાળો, પિશાચો, મ્લેચ્છો, અને અગ્નિઓ; એ સઘળા દેવાધિદેવના પ્રભાવથી ઉપશાન્ત થાઓ. અર્થાત્ મને ઉપસર્ગો (ઉપદ્રવો) ન કરો ! (૭૪)

પૂર્વે ૐ હ્રીં મંત્રાક્ષરો સાથે શ્રીઋષિમંડલયંત્રમાં તે તે નામથી આલેખ કરાએલી હ્રી દેવી, શ્રીદેવી, ધૃતિદેવી, લક્ષ્મીદેવી, ગૌરી, ચંડી, સરસ્વતી, જયાદેવી, અમ્બાદેવી, વિજયાદેવી, ક્લિન્નાદેવી, અજિતાદેવી, નિત્યાદેવી, મદદ્રવાદેવી, કામાઙ્ગાદેવી, કામબાણાદેવી, આનંદાદેવી, આનંદમાલિનીદેવી, માયાદેવી, માયાવિનીદેવી, રૌદ્રીદેવી, કલાદેવી, કાલીદેવી અને કલિપ્રિયાદેવી, એ સર્વ (ચોવીશ) મહાદેવીઓ કે જે ત્રણ જગતમાં રહેલી છે તે સર્વ મને કાન્તિ, લક્ષ્મી, ધીરજ અને બુદ્ધિને આપો ! (૭૫-૭૬-૭૭)

दिव्यो गोप्यः सुदुष्प्राप्यः, श्रीऋषिमण्डलस्तवः ।
भाषितस्तीर्थनाथेन, जगत्त्राणकृतेऽनघः ॥ ७८ ॥
रणे राजकुले वह्नौ, जले दुर्गे गजे हरौ ।
स्मशाने विपिने घोरे, स्मृतो रक्षति मानवम् ॥ ७९ ॥
राज्यभ्रष्टा निजं राज्यं, पदभ्रष्टा निजं पदम् ।
लक्ष्मीभ्रष्टा निजां लक्ष्मीं, प्राप्नुवन्ति न संशयः ॥८०॥
भार्यार्थी लभते भार्यां, पुत्रार्थी लभते सुतम् ।
विद्यार्थी लभते विद्यां, नरः स्मरणमात्रतः ॥८१॥

હવે ઋષિમંડલ સ્તવનો મહિમા વર્ણવે છે કે—

દૈવી મહિમાવાળું, રક્ષણ કરવા યોગ્ય, અને (જેની પ્રાપ્તિ યોગ્યતા વાળાનેજ થતી હોવાથી) દુષ્પ્રાપ્ય એવું આ ઋષિમંડલ સ્તવન ત્રણ જગતના રક્ષણ માટે શ્રી તીર્થંકર દેવે કહેલું અત્યંત પવિત્ર (પાપરહિત) છે. (૭૮)

વળી ભયંકર યુદ્ધના પ્રસંગે, રાજદરબારમાં, અગ્નિના ઉપદ્રવમાં, જળના ઉપદ્રવમાં. કિલ્લેબંધીના પ્રસંગે, હાથીના ઉપદ્રવમાં, સિંહના ઉપદ્રવમાં, સ્મશાનમાં, અને ઘોર જંગલ (અટવી)માં પણ સ્મરણ કરવાથી તે મનુષ્યનું રક્ષણ કરે છે (૭૯)

એના સ્મરણથી રાજ્યથી ભ્રષ્ટ થએલા પોતાના રાજ્યને, સ્થાન (પદવી) ભ્રષ્ટ થએલા પુનઃ પોતાની પદવીને, લક્ષ્મીભ્રષ્ટ થએલા પોતાની લક્ષ્મીને નિશ્ચયથી પ્રાપ્ત કરે છે. તેમાં સંદેહ નથી. (૮૦)

स्वर्णे रौप्ये पटे कांस्ये, लिखित्वा यस्तु पूजयेत् ।
तस्यैवाऽष्टमहासिद्धि-र्गृहे वसति शाश्वती ॥८२॥
भूर्जपत्रे लिखित्वेदं, गलके मूर्ध्नि वा भुजे ।
धारितं सर्वदा दिव्यं, सर्वभीतिविनाशकम् ॥८३॥
भूतैः प्रेतै-र्ग्रहै-र्यक्षैः, पिशाचैर्म्लेच्छैः खलैः (र्बलैः) ।
वातपित्तकफोद्रेकै-र्मुच्यते नाऽत्र संशयः ॥८४॥
ॐ-भूर्भुवःस्वस्त्रयीपीठ-वर्तिनः शाश्वता जिनाः ।
तैः स्तुतैर्वन्दितैर्दृष्टै-र्यत् फलं तत्फलं स्मृतौ (तम्)॥८५॥

વળી આ ઋષિમંડલ સ્તવનનું સ્મરણ માત્ર કરનારો પુરૂષ સ્ત્રીનો અર્થી હોય તે સ્ત્રીને, પુત્રનો અર્થી પુત્રને, વિદ્યાનો અર્થી વિદ્યાને મેળવે છે. (૮૧)

હવે એનો મંત્ર (પટ્ટ) બનાવવાનો વિધિ કહે છે કે-

સુવર્ણના, રૂપાના, કે કાંસાના પત્રા ઉપર લખીને જે આ યંત્ર (પટ્ટ)ને પૂજે છે તેના ઘરમાં અષ્ટમહાસિદ્ધિઓ કાયમ રહે છે. (૮૨)

વળી ભોજપત્રમાં આલેખીને આ દિવ્ય મંત્રને ગળે, મસ્તકે કે ભુજાએ રાખવાથી તે સર્વદા સર્વ ભયોને નાશ કરે છે. (૮૩).

તથા-ભૂતો-પ્રેતો-ગ્રહો-યક્ષો-પિશાચો-મ્લેચ્છો-ખલ (દુર્જન) પુરૂષો (અથવા લશ્કરો) તથા વાયુ-પિત્ત તથા કફના વિકારો (રોગો); એ સર્વથી નિશ્ચે મુક્ત થાય છે (અર્થાત્ એ સર્વના ઉપદ્રવો અવશ્ય નાશ પામે છે.) (૮૪)

एतद्दोष्यं महास्तोत्रं, न देयं यस्य कस्यचित् ।
मिथ्यात्ववासिने दत्ते, बालहत्या पदे पदे ॥ ८६ ॥
आचाम्लादि तपः कृत्वा, पूजयित्वा जिनावलिम् ।
अष्टसाहस्रिको जापः, कार्यस्तत्सिद्धिहेतवे ॥ ८७ ॥
शतमष्टोत्तरं प्रात-र्ये पठन्ति दिने दिने ।
तेषां न व्याधयो देहे, प्रभवन्ति न चापदः (च सम्पदः)॥८८॥

(વળી આત્મિક લાભ તરિકે) 'ભૂ' એટલે તિર્ચ્છાલોક, 'ભુવઃ' એટલે અધોલોક, અને 'સ્વઃ' એટલે ઊર્ધ્વ લોક એ ત્રણે જગતરૂપી પીઠનો આશ્રય કરીને રહેલાં જે શાશ્વતાં જિનબિંબો છે તે સર્વની સ્તુતિ કરવાથી-વન્દન કરવાથી તથા દર્શન કરવાથી જે ફળ મળે તે ફળ આ સ્તવનું સ્મરણ કરવાથી મળે છે (એમ કહેલું છે) (૮૫)

હવે આ સ્તોત્ર યોગ્યનેજ આપવું તે માટે કહે છે કે-

આ. ઋષિમંડલમહાસ્તોત્ર રક્ષણ કરવા યોગ્ય છે માટે જેને તેને આપવું નહિ, મિથ્યાત્વથી વાસિત (મિથ્યા દૃષ્ટિ) જીવોને આપવાથી આપનારને તેના પદેપદે બાલ-હત્યા કરવા જેટલું પાપ લાગે છે. (૮૬)

(યોગ્ય આત્માએ આદુષ્પ્રાપ્ય સ્તોત્ર ગુર્વાદિ પાસેથી મેળવીને-ભણીને) આયંબિલ-ઉપવાસ વિગેરે તપ કરીને શ્રી જિનેશ્વરદેવોની પૂજા કરીને પોતાના કાર્યને સિધ્ધ કરવા માટે આઠ હજારવાર જપવો (ગણવો). (૮૭)

જે મનુષ્ય પ્રાતઃકાળે પ્રતિદિન એકસો આઠ વાર

अष्टमासावधिं यावत्, प्रातरुत्थाय यः पठेत् ।
स्तोत्रमेतन्महातेजो, जिन(जस्त्वर्हद्)बिम्बं स पश्यति ॥८९॥
दृष्टे सत्यर्हतो (त्यार्हते) बिम्बे, भवे सप्तमके ध्रुवम् ।
पदं प्राप्नोति शुद्धात्मा, परमानन्दनन्दितः (तम्) ॥९०॥
विश्ववन्द्यो भवेद् ध्याता, कल्याणानि च सोऽश्नुते ।
गत्वा स्थानं परं सोऽपि, भूयस्तु न निवर्तते ॥ ९१ ॥
इदं स्तोत्रं महास्तोत्रं, स्तुतीनामुत्तमं परम् ।
पठनात्स्मरणाज्जापा–ल्लभ्य(भ)ते पदमव्ययम् ॥ ९२ ॥

ગણે છે તેના શરીરે રોગો–વ્યાધિઓ થતા નથી અને આપત્તિઓ તેને નડતી નથી. (૮૮)

જે મનુષ્ય એ પ્રમાણે પ્રાતઃકાળે ઊઠીને આઠ મહિના સુધી દરરોજ આ મહા પ્રભાવશાળી સ્તોત્રને ગણે તેને શ્રી જિન પ્રતિમાનું દર્શન થાય છે. (૮૯)

અને એ રીતે અરિહંતની પ્રતિમાનું દર્શન થયે છતે નિશ્ચે સાતમા ભવમાં (પરમ આનંદને પામેલો) તેનો શુધ્ધ આત્મા પરમ આનંદના સ્થાનરૂપ પરમપદ (મોક્ષને) પામે છે. (૯૦)

આનું ધ્યાન કરનારો પણ જગત્વન્દ્ય થાય છે, સર્વ પ્રકારનાં કલ્યાણને પામે છે અને તે પરં (મોક્ષ) સ્થાનને પામીને પુનઃ ત્યાંથી પાછો ફરતો નથી. (૯૧)

આ સ્તોત્ર એક મહાસ્તોત્ર છે, દરેક સ્તુતિઓમાં

*ऋषिमण्डलनामैतत्, पुण्यपापप्रणाशकम् ।
दिव्यतेजो महास्तोत्रं, स्मरणात्पठनाच्छुभम् ॥
विघ्नौघाः प्रलयं यान्ति, चापदो नैव कर्हिचित् ।
ऋद्धिसमृद्धयः सर्वाः स्तोत्रस्याऽस्य प्रभावतः ॥
श्रीवर्द्धमानशिष्येण, गणभृद्गौतमर्षिणा ।
ऋषिमण्डलनामैतद् भाषितं स्तोत्रमुत्तमम् ॥

અતિ ઉત્તમ છે, એને ગણવાથી–સ્મરણ કરવાથી અને જાપ કરવાથી અવ્યય પદ–મોક્ષને પ્રાપ્ત કરી શકાય છે. (૯૨)

ઋષિ મંડળ નામનું પુણ્ય–પાપ ઉભય (આઠ) કર્મોને નાશ કરનારૂં દૈવી તેજ આપનારૂં આ મહાસ્તોત્ર છે તેને સ્મરણ કરવાથી–ગણવાથી તે શુભ કરે છે. (૯૨)

આ સ્તોત્રના પ્રભાવથી વિઘ્નોની પરંપરા નાશ પામે છે, આપત્તિઓ કદાપિ કયાંય નડતી નથી, સર્વ ઋધ્ધિ અને સમૃદ્ધિઓ મળે છે.

જિનેશ્વરદેવ શ્રી વર્દ્ધમાન (મહાવીર) પ્રભુના શિષ્ય શ્રી ગૌતમ ગણધર ભગવંતે આ ઋષિમંડલ નામનું ઉત્તમ સ્તોત્ર કહેલું છે.

॥ ઇતિ શ્રી ઋષિમંડલસ્તોત્રં સાર્થં સમાપ્તમ્ ॥

---

* છેલ્લી ત્રણ ગાથાઓ કોઈ કોઈ સ્થળે મળે છે, બધા ગ્રન્થોમાં મળતી નથી. માટે તેનો ક્રમાંક આપ્યો નથી.

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

महत्तरश्रीधर्मदासगणिविरचिता–

श्रीउपदेशमाला

नमिऊण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोयगुरू ।
उवएसमालमिणमो, वुच्छामि गुरूवएसेणं ॥ १ ॥
जगचूडामणीभूओ, उसभो वीरो तिलोयसिरितिलओ ।
एगो लोगाइच्चो, एगो चक्खू तिहुयणस्स ॥ २ ॥
संवच्छरमुसभजिणो, छम्मासे वद्धमाणजिणचंदो ।
इय विहरिया निरसणा, जइज्ज एउवमाणेणं ॥ ३ ॥

અર્થ:—ત્રણે જગતના ગુરૂ, દેવેન્દ્રો અને નરેન્દ્રો વડે પૂજાએલા શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને હું (ધર્મદાસગણિક્ષમાશ્રમણ) ગુરૂના ઉપદેશને અનુસારે ઉપદેશમાળાને કહીશ. (૧)

ત્રણે જગતના ચૂડામણી પહેલા શ્રીઋષભદેવ અને ત્રણ જગતની લક્ષ્મીના તિલક છેલ્લા શ્રીમહાવીર જિન થયા, તેમાં એક શ્રી ઋષભદેવ આ અવસર્પિણી કાળમાં કેવળજ્ઞાન દ્વારા ઉગતા સૂર્ય અને એક શ્રી વીરજિન ત્રિભુવનનાં નેત્રો થયા. (૨)

શ્રી ઋષભદેવ એક વર્ષ સુધી અને વર્દ્ધમાન જિનચંદ્ર છ માસ સુધી, એમ બન્ને નિરાહાર વિચર્યા. તેઓના દૃષ્ટાન્તથી હે જીવ ! તું પણ તપનો ઉદ્યમ કર ! (૩)

जइ ता तिलोगनाहो, विसहइ बहुयाइं असरिसजणस्स ।
इयं जीयंतकराइं, एस खमा सव्वसाहूणं ॥ ४ ॥
न चइज्जइ चालेउं, महइ महावद्धमाणजिणचंदो ।
उवसग्गसहस्सेहिं वि, मेरू जहा वायगुंजाहिं ॥ ५ ॥
भद्दो विणीयविणओ, पढमगणहरो समत्तसुअनाणी ।
जाणंतो वि तमत्थं विम्हियहियओ सुणइ सव्वं ॥ ६ ॥
जं आणवेइ राया, पगइओ तं सिरेण इत्थं ति ।
इय गुरुजणमुहभणियं, कयंजलिउडेहिं सोयव्वं ॥ ७ ॥

જેમ તેમાં ત્રિલોકનાનાથ શ્રી વીરપ્રભુએ સામાન્ય-હલકા જીવોના પણ મારણાંતિક ઘણા ઉપસર્ગોને સહન કર્યા તેમ સર્વ સાધુઓએ પણ એવી ક્ષમા કરવી જોઈએ. (૪)

જેમ મહાવાયુ પણ મેરૂને ન ચલાવી શકે તેમ હજારો ઉપસર્ગો પણ મોક્ષના એક નિશ્ચયવાળા મહાન્ શ્રીવર્દ્ધમાનજિનચંદ્રને ચલાયમાન કરવા સમર્થ ન થયા. (તેમ સાધુઓએ પણ ઉપસર્ગો-પરિષહોમાં નિશ્ચલ થવું જોઈએ). (૫)

કલ્યાણના કરનારા, વિનયથી વિનીત અને સંપૂર્ણ શ્રુતજ્ઞાની પ્રથમ ગણધર શ્રી ગૌતમપ્રભુ જ્ઞાની છતાં પણ તે તે સર્વ અર્થોને (અન્યલોકને જણાવવા માટે) રોમાંચિત થઈને આશ્ચર્યપૂર્ણ હૈયે ભગવાનના મુખથી સાંભળતા હતા. (તેમ સાધુએ ગુરૂમુખે વિનયપૂર્વક શાસ્ત્રો સાંભળવાં જોઈએ) (૬).

जह सुरगणाण इंदो, गहगणतारागणाण जह चंदो ।
जह य पयाण नरिंदो, गणस्स वि गुरू तहाणंदो ॥ ८ ॥
बालु त्ति महीपालो, न पया परिहवइ एस गुरुउवमा ।
जं वा पुरओ काउं, विहरंति मुणी तहा सो वि ॥ ९ ॥
पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ।
गंभीरो धीमंतो, उवएसपरोय आयरिओ ॥ १० ॥

રાજા જે આજ્ઞા કરે તેને પ્રાકૃત (પ્રજા)જન જેમ શિરોમાન્ય કરે છે, નતમસ્તકે સ્વીકારે છે, તેમ સાધુએ ગુરૂજનના મુખથી નીકળેલા વચનને બે હાથથી અંજલી કરી નત મસ્તકે સાંભળવું (સ્વીકારવું) જોઈએ. (૭)

જેમ દેવના સમુહોને ઈન્દ્ર, જેમ ગ્રહ–નક્ષત્ર અને તારાઓના સમુહને ચંદ્ર અને જેમ પ્રજાજનને રાજા આનંદ આપે છે તેમ સાધુગણને ગુરૂ આનંદદાતા છે (માટે ગુરૂનો અવિનય તે નહાના હોય તો પણ નહિ કરવો) (૮)

રાજા બાળક હોય તો પણ પ્રજા તેનો પરાભવ નથી કરતી તેમ અહીં ગુરૂને માટે પણ સમજવું, અથવા સાધુએ જેને તે અગ્રેસર માનીને તેની નિશ્રામાં વિચરે તે વય–પર્યાયથી લઘુ હોય તો પણ તેનો પરાભવ ન કરવો. ગુરૂ સમજી વિનય કરવો. (૯)

સમ્પૂર્ણ અવયવોપેત સુંદર શરીરવાળા, તેજસ્વી (પ્રતિભાશાળી), પોતાના કાળમાં અન્ય જીવો કરતાં વિશેષ

अप्परिसावी सोमो, संगहसीलो अभिग्गहमई य ।
अविकहणो अचवलो, पसंतहियओ गुरू होइ ॥ ११ ॥
कइयावि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं ।
आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं ॥ १२ ॥
अणुगम्मइ भगवई, रायसुयज्जा सहस्सविंदेहिं ।
तहवि न करेइ माणं, परियच्छइ तं तहा नूणं ॥१३॥

જ્ઞાની, મધુરભાષી, મહાગંભીર, ધૈર્યવાન–નિશ્ચલ ચિત્તવાળા, સદુપદેશક, બીજાની ગુહ્ય વાતો જાણવા છતાં કોઈને નહિ જણાવનારા, સૌમ્ય આકૃતિવાળા, શિષ્યાદિને ઉપકારક તે તે વસ્ત્ર–પાત્રાદિના સંગ્રાહક, દ્રવ્યાદિ અભિગ્રહો ગ્રહણ કરનારા તથા કરાવનારા, થોડું બોલનારા–સ્વશ્લાઘા નહિ કરનારા સ્થિર સ્વભાવવાળા અને પ્રશાન્ત ચિત્તવાળા, એવા ગુરૂ–આચાર્ય કહ્યા છે. (૧૦–૧૧)

શ્રીજિનેશ્વરો તો મોક્ષનો માર્ગ (જ્ઞાન–દર્શન–ચારિત્ર) બતાવીને કેટલાય કાલ પૂર્વે સિદ્ધિને પામ્યા છે, વર્તમાનમાં સઘળા શાસનને–આગમને આચાર્ય ભગવંતોજ ટકાવનારા છે (માટે તેઓનોજ સાચો આધાર છે) (૧૨)

હજારો લોકોથી પૂજાતાં પણ ભગવતી રાજપુત્રી આર્યા ચંદનાએ કદી ગર્વ કર્યો નહિ, તે જાણતાં હતાં કે આ મહિમા મારો નહિ–ગુણોનો છે, તે આર્યા ચંદના તે દિવસના દીક્ષિત દ્રમકની સામે પણ આસનની ઇચ્છા

दिणदिक्खियस्स दमगस्स, अभिमुहा अज्जचंदणा अज्जा।
नेच्छइ आसणगहणं, सो विणओ सव्वअज्जाणं ॥ १४ ॥
वरिससयदिक्खियाए, अज्जाए अज्जदिक्खिओ साहू ।
अभिगमणवंदणनमंसणेण विणएण सो पुज्जो ॥ १५ ॥
धम्मो पुरिसप्पभवो, पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ।
लोए वि पहू पुरिसो, किं पुण ? लोगुत्तमे धम्मे ॥१६॥
संवाहणस्स रन्नो, तइया वाणारसीए नयरीए ।
कण्णासहस्समहियं, आसी किर रूववंतीणं ॥१७॥

નહોતાં કરતાં (ઉભાં રહેતાં હતાં) એ રીતે આજના દીક્ષિત સાધુનો પણ સર્વ સાધ્વીઓએ વિનય કરવો. (૧૩–૧૪)

સો વર્ષનાં દીક્ષિત સાધ્વીએ આજના દીક્ષિત પણ સાધુની સામે જઈને, તથા વંદન–નમસ્કાર કરીને આસન આપીને પૂજવા યોગ્ય છે. (૧૫)

ધર્મની ઉત્પત્તિ ગણધરરૂપ પુરૂષથી છે, તેના દેખાડનારા તીર્થંકરો પણ પુરૂષ છે, એમ ધર્મ પુરૂષ પ્રધાન હોવાથી સાધ્વીને સાધુ પૂજ્ય છે. લોકમાં પણ પુરૂષની પ્રભુતા છે તો લોકોત્તર ધર્મમાં તો પૂછવું જ શું ? (૧૬)

ત્યારે (પૂર્વકાળે) સંવાહન રાજાને વાણારસી નગરીમાં રૂપવતી એક હજાર કન્યાઓ હતી તો પણ (રાજાનું મરણ થતાં વારસના અભાવે બીજાઓ રાજ્યને લુંટવા લાગ્યા ત્યારે) તેઓ રાજ્યલક્ષ્મીનું રક્ષણ કરી શકી નહિ. માત્ર અંગવીર નામનો એકજ પુત્ર કે જે પટ્ટરાણીના

तहवि य सा रायसिरी, उल्लटंती न ताइया ताहिं ।
उयरट्ठिएण एक्केण, ताइया अंगवीरेण ॥ १८ ॥
महिलाण सुबहुयाण वि, मज्झाओ इह समत्थघरसारो ।
रायपुरिसेहिं निज्जइ, जणे वि पुरिसो जहिं नत्थि ॥१९॥
किं ? परजणबहुजाणावणाहिं, वरमप्पसक्खियं सुकयं ।
इह भरहचक्कवट्टी, पसन्नचंदो य दिट्ठंता ॥ २० ॥
वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।
किं परियत्तियवेसं, विसं न मारेइ ? खज्जंतं ॥ २१ ॥

ગર્ભરૂપ (જન્મ્યો ન) હતો તો પણ તેણે રક્ષણ કર્યું. અર્થાત્ તેના અધિકારીપણાથી રાજ્ય રહ્યું. (એમ લોકમાં પણ પુરૂષપ્રધાનતા છે જ.) (૧૭–૧૮)

લોકમાં ઘણી પણ સ્ત્રીઓની વચ્ચેથી (પતિના અભાવે) ઘરનું સમસ્ત ધન રાજપુરૂષો લઈ જાય છે કે જે ઘરમાં પુરૂષ નથી. (૧૯)

સુકૃત (ધર્મ) આત્મસાક્ષીએ કરવું તેજ શ્રેષ્ઠ છે, બીજા મનુષ્યોને બહુ જણાવવાથી શું ? એ વિષયમાં ભરતચક્રી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિ દૃષ્ટાન્ત રૂપ છે. (૨૦)

છકાય વિરાધનાદિ અસંયમ સેવનારને બાહ્ય સાધુનો વેષ પણ અપ્રમાણ છે–નકામો છે, શું વેષ બદલીને ઝેર ખાનારને ઝેર મારતું નથી ? (માટે બાહ્ય દીક્ષા માત્રથી સંતોષ ન ધરતાં રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓનો પરાજય કરવા ઉદ્યમ કરવો.) (૨૧)

धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओमि अहं ।
उम्मग्गेण पडंतं, रक्खइ राया जणवउ व्व ॥ २२ ॥
अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ।
अप्पा करेइ तं तह, जह अप्पसुहावओ होइ ॥ २३ ॥
जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ॥ २४ ॥
धम्मो मण्ण हुंतो, तो नवि सीउण्हवायविज्झडिओ ।
संवच्छरमणसिओ, बाहुबली तह किलिस्संतो ॥ २५ ॥

વેષ નકામો પણ નથી, રાજા જેમ અન્યાય કરનાર પ્રજાને રોકે છે તેમ વેષ પડતા જીવના ધર્મનું રક્ષણ કરે છે. 'હું દીક્ષિત છું' એમ માનીને તે પાપ કરતાં ડરે છે. (૨૨)

આત્માજ આત્માને (શુભાશુભ ભાવને) યથાસ્થિત રૂપે જાણે છે, બીજો સામાન્ય મનુષ્ય જાણી શકતો નથી; આત્મસાક્ષીએ કરેલો જ ધર્મ છે, તેથી આત્માએ તેવો ધર્મ કરવો કે જે આત્માને સુખકારક બને! (૨૩)

જીવ જે જે સમયે જે જે ભાવ (અધ્યવાસય) વાળો બને છે તે તે સમયે તે તેવું શુભ–અશુભ કર્મ બાંધે છે. (અર્થાત્ ભાવ જ શુભાશુભનું કારણ છે.) (૨૪)

જો ધર્મ શુભ ભાવ વિના ગર્વ (વિગેરે) થી થતો હોત તો બાહુબલીજી એક વર્ષ અણાહારીપણે શીત–તાપ –વાયુ વિગેરેથી ક્લેશ પામ્યા (છતાં કંઈ ફળ ન મળ્યું) તે બનત નહિ. (૨૫)

नियगमइविगप्पिय–चिंतिएण सच्छंदबुद्धिचरिएण ।
कत्तो ? पारत्तहियं, कीरइ गुरुअणुवएसेण ॥ २६ ॥
थद्धो निरुवयारी, अविणीओ गव्विओ निरुवणामो ।
साहुजणस्स गरहिओ, जणे वि वयणिज्जयं लहइ ॥ २७ ॥
थोवेण वि सप्पुरिसा, सणंकुमार व्व केइ बुज्जंति ।
देहे खणपरिहाणी, जं किर देवेहिं से कहियं ॥ २८ ॥
जइ ता लवसत्तमसुरा, विमाणवासी वि परिवडंति सुरा ।
चिंतिज्जंतं सेसं, संसारे सासयं कयरं ? ॥ २९ ॥

જે (મદથી) પોતાની મતિ કલ્પનાથી તત્ત્વાતત્ત્વને વિચારે છે અને તેથી સ્વચ્છંદ આચરણ કરે છે. ગુરૂના ઉપદેશ માટે પણ જે અયોગ્ય છે તેવા જીવનું પારલૌકિક (આત્મિક) હિત શી રીતે થાય ? અર્થાત્ ન થાય, (માટે મદ તજીને ગુરૂ આજ્ઞાને માનવી જોઇએ.) (૨૬)

અભિમાનથી કોઇને નહિ નમનારો–અક્કડ, કૃતઘ્ન, અવિનીત, ગર્વિષ્ઠ–આત્મપ્રશંસક, વડિલ ગુરૂજનને પણ નહિ નમનારો અને એથી સજ્જનોમાં નિંદાપાત્ર બનેલો લોકમાં પણ હલકાઇને પામે છે. (૨૭)

કોઈ સત્પુરૂષો અલ્પ ઉપદેશથી પણ સનતકુમાર ચક્રીની જેમ બોધ પામે છે. કારણ કે દેવોએ તેમને 'શરીરનું રૂપ ક્ષણમાત્રમાં નષ્ટ થાય છે' એટલું કહેવા માત્રથી તે બોધ પામ્યા. (૨૮)

જો લવસપ્તમસુરવિમાન (અનુત્તર વિમાન) વાસી

कह तं भण्णइ सोक्खं ?, सुचिरेण वि जस्स दुक्खमल्लियइ।
जं च मरणावसाणे, भवसंसाराणुबंधि च ॥ ३० ॥
उवएससहस्सेहिं वि, बोहिज्जंतो न बुज्झइ कोई ।
जह बंभदत्तराया, उदाइनिवमारओ चेव ॥ ३१ ॥
गयकन्नचंचलाए, अपरिचित्ताए रायलच्छीए ।
जीवा सकम्मकलिमल-भरियभरा तो पडंति अहे ॥३२॥
वोत्तूण वि जीवाणं, सुदुक्कराइंति पावचरियाइं ।
भयवं जा सा सा सा, पच्चाएसो हु इणमो ते ॥ ३३ ॥

દેવો [કે જેઓની બરાબર સંસારનું સુખ કોઇને નથી તેઓ) પણ આયુષ્યનો ક્ષય થતાં ત્યાંથી ગર્ભનાં દુઃખોમાં આવી પડે છે તો વિચાર કરતાં સંસારમાં બીજું શાશ્વત રહેનારૂં શું છે ? કંઈ નથી. (૨૯)

તેને સુખ કહેવાય જ કેમ ? કે લાંબા કાળે પણ જેના પરિણામે દુઃખ આવી પડે ? (વસ્તુતઃ સંસારિક સુખો) મરણ પછી નરકાદિભવોરૂપ સંસાર પરિભ્રમણનાં અને ત્યાં ત્યાં દુઃખો ભોગવવાનાં કારણો રૂપ છે. (૩૦)

બ્રહ્મદત્તચક્રી અને ઉદાયીનૃપમારકની જેમ હજારો (પ્રકારે) ઉપદેશ કરવા છતાં કોઈ (ગુરૂકર્મી) જીવ તો બોધ પામતો જ નથી. (૩૧)

હસ્તિકર્ણ સમી ચંચળ રાજ્યલક્ષ્મીનો ત્યાગ નહિ કરતા જીવો તે (લક્ષ્મીમાં મૂઢ બની) પોતાના પાપ કર્મ-રૂપ કચરાથી ભારે થઈને નીચે (નરકમાં) પડે છે. (૩૨)

पडिवज्जिऊण दोसे, नियए सम्मं च पायपडियाए ।
तो किर मिगावईए, उत्पन्नं केवलं नाणं ॥ ३४ ॥
किं सक्का ? वोत्तुं जे, सरागधम्मंमि कोइ अकसाओ ।
जो पुण धरेज्ज धणियं, दुव्वयणुज्जालिए स मुणी ॥३५॥
कडुयकसायतरूणं, पुप्फं च फलं च दोवि विरसाइं ।
पुप्फेण झायइ कुविओ, फलेण पावं समायरइ ॥ ३६ ॥

(આ ભવમાં પણ એવાં પાપકર્મો આચરે છે કે,) જીવોનાં તે પાપ કર્મોને બોલવાં પણ દુષ્કર બને છે. જેમ ભગવાને એક ભીલ્લ પૃચ્છકને ' જા સા સા સા' એવો ઉત્તર આપી તેના પ્રશ્નનું સમાધાન કર્યું હતું. તેનું પાપ પ્રગટ બોલાય તેવું પણ ન હતું. (૩૩)

પોતાની ભૂલ સ્વીકારીને 'पुनः आवुं नहि करूं' એમ કહેતાં આર્યામૃગાવતીજી પોતાનાં ગુરૂણીઆર્યાચંદનબાલાના પગમાં મસ્તક મૂકી ખમાવતાં કેવળજ્ઞાન પામ્યાં. (તેમ આત્માર્થીએ પોતાના દોષો જોવા જોઈએ.) (૩૪)

શું સરાગધર્મી કોઈ કષાય વિનાનો હોય એમ કહી શકાય ? નહિ, સર્વ કષાયના ઉદયવાળા જ હોય. તથાપિ તે મહાત્મા મુનિ ગણાય કે કટુવચનરૂપ કાષ્ઠથી સળગેલા કષાયઅગ્નિને જે રોકે, તેને વશ ન થાય, કટુવચન સાંભળીને પણ જે કષાય ન કરે. (૩૫)

(કષાયને રોકવાનું કારણ એ છે કે) કટુકષાયરૂપ વૃક્ષનાં પુષ્પો અને ફળો બન્ને કડવાં છે, ક્રોધરૂપ કષાયનું પુષ્પ

संते वि कोवि उज्झइ, कोवि असंते वि अहिलसइ भोए ।
चयइ परपच्चएण वि, पभवो दट्ठूण जह जंबुं ॥ ३७ ॥
दीसंति परमघोरा वि, पवरधम्मप्पभावपडिबुद्धा ।
जह सो चिलाइपुत्तो, पडिबुद्धो सुंसुमाणाए ॥ ३८ ॥
पुप्फियफलिए तह पिउघरंमि, तण्हाछुहा समणुबद्धा ।
ढंढेण तहा विसो(स)ढा, विसढा जह सफलया जाया ॥३९॥
आहारेसु सुहेसु अ, रम्मावसहेसु काणणेसुं च ।
साहूण नाहिगारो, अहिगारो धम्मकज्जेसु ॥ ४० ॥

દુર્ધ્યાન (બીજાનું બરાબ કરવાની વૃત્તિ વિગેરે) અને ફળ (તાડન તર્જન કરવા રૂપ) પાપ પ્રવૃત્તિ છે. (૩૬)

(માટે કષાયોનો અને તેના હેતુભૂત શબ્દાદિ વિષયોનો વિવેકપૂર્વક ત્યાગ કરવા જોઈએ) કોઈ વિવેકી છતા ભોગોને પણ આર્યજમ્બૂની જેમ તજે છે, કોઈ અવિવેકી પ્રભવ-ચોરની જેમ ન હોય તેને ઈચ્છે છે અને આખરે જમ્બૂના ત્યાગને જોઈને પ્રભવે પણ ત્યાગ કર્યો તેમ કોઈ બીજાના આલંબનથી તજે પણ છે. (૩૭)

અતિરૌદ્રધ્યાનીઓ પણ અરિહંતકથિત શ્રેષ્ઠ ધર્મના પ્રભાવથી બોધ પામેલા દેખાય છે, પામે છે. જેમ પાપી પણ ચીલાતીપુત્ર સુંસુમાના દૃષ્ટાન્તથી પ્રતિબૂઝ્યો. (૩૮)

ખાન-પાનાદિ ભોગ વૈભવથી ભરેલું પણ પિતાનું (કૃષ્ણનું) ઘર છતાં મહાત્મા ઢંઢણે ભુખ-તૃષાદિને નિરંતર એવી રીતે સહન કરી કે સહન કરેલી તે સફળ થઈ. (૩૯)

साहू कंतारमहाभएसु, अवि जणवए वि मुइअम्मि ।
अवि ते सरीरपीडं, सहंति न लहं(यं)ति य विरुद्धं ॥४१॥
जंतेहिं पीलिया वीहु, खंदगसीसा न चेव परिकुविया ।
विइयपरमत्थसारा, खमंति जे पंडिया हुंति ॥४२॥
जिणवयणसुइसकण्णा, अवगयसंसारघोरपेयाला ।
बालाण खमंति जई, जइ त्ति किं इत्थ अच्छेरं ? ॥४३॥

સુંદર આહારમાં, સુંદર સુખોમાં, સુંદર ઉપાશ્રયોમાં, સુંદર ઉદ્યાનોમાં અને સુંદર વસ્ત્રપાત્રાદિમાં પણ સાધુને આસક્તિ કરવાનો અધિકાર નથી, માત્ર ધર્મકાર્યોમાં જ તેનો અધિકાર છે. (૪૦)

સાધુઓ (ધર્મનાજ અર્થી હોવાથી) મહાઅટવીમાં કે રાજભયના પ્રસંગે, અથવા ઋદ્ધિથી ભરેલાં ગામો–શહેરો વિગેરે સગવડવાળા પ્રદેશમાં પણ શરીરની પીડાને સહન કરે છે, પણ જિનાજ્ઞા વિરૂદ્ધ આહાર–વસ્ત્ર–પાત્રાદિ ગ્રહણ કરતા નથી. (૪૧)

(આપત્તિમાં પણ ધર્મ ન છોડવા માટે દૃષ્ટાન્ત આપે છે કે) સ્કંદકસૂરિના શિષ્યો યંત્રમાં પીલાવા છતાં પણ કોપાયમાન ન થયા તેમ જેઓ પરમાર્થતત્ત્વના જાણુ પંડિત (જ્ઞાની) હોય તે પરિષહાદિને સહન કરે છે, મરણાન્તે પણ ધર્મને છોડતા નથી. (૪૨)

શ્રીજિનવચનશ્રવણમાં તત્પર હોવાને કારણે જેણે ઘોર સંસારની અસારતા જાણી છે તેવા સાધુઓ બાલજ

न कुलं एत्थ पहाणं, हरिएसबलस्स किं कुलं आसी ? ।
आकंपिया तवेणं, सुरा वि जं पज्जुवासंति ॥ ४४ ॥
देवो नेरयउ त्ति य, कीडपयंगु त्ति माणुसो वेसो ।
रूवस्सी य विरूवो, सुहभागी दुक्खभागी य ॥४५॥
राउ त्ति य दमगुत्ति य, एस सपागु त्ति एस वेयविऊ ।
सामी दासो पुज्जो, खलो त्ति अधणो धणवइ त्ति ॥४६॥
न वि इत्थ को वि नियमो, सकम्मविट्ठणिविसरिसकयचिट्ठो ।
अन्नुन्नरूववेसो, नडु व्व परियत्तए जीवो ॥ ४७ ॥

(અજ્ઞાની)ના અકાર્યોને જો સહન કરે તો તેમાં આશ્ચર્ય શું છે ? કંઈ નથી, અર્થાત્ શાસ્ત્રશ્રવણનું ફળ પરિષહો સહન કરવા તે જ છે. (૪૩)

આ પરિષહાદિ સહન કરવારૂપ ધર્મમાં કુળની(જ) પ્રધાનતા છે, એમ નથી. હરિકેશબળ કે જે ચંડાળકુળના હતા તેઓને કુળ કયું હતું ? તો પણ તેઓના તપથી આવર્જિત થયેલા દેવો પણ તેમની સેવા કરતા હતા. (૪૪)

આ મનુષ્ય પોતે બાંધેલા કર્મના ઉદયના અનુસારે વર્તતો દેવ થાય છે–નારકી પણ થાય છે, કીડો થાય છે અને પતંગીયો પણ થાય છે, રૂપવાન થાય છે–વિરૂપ પણ થાય છે, સુખી તેમ દુઃખી પણ થાય છે, રાજા થાય છે તેમ ભીખારી પણ થાય છે, ચંડાલ થાય છે અને તે જ ઉચ્ચ બ્રાહ્મણ પણ થાય છે, સ્વામી તેમ સેવક પણ થાય છે, ગુણોથી પૂજ્ય થાય અને દુર્જન–ખલ પણ થાય છે, નિર્ધન

कोडीसएहिं धणसंचयस्स, गुणसुभरियाए कन्नाए ।
नवि लुद्धो वयररिसी, अलोभया एस साहूणं ॥ ४८ ॥
अंतेउरपुरबलवाहणेहिं, वरसिरिघरेहिं मुणिवसहा ।
कामेहिं बहुविहेहि य, छंदिज्जंता वि नेच्छंति ॥ ४९ ॥
छेओ भेओ वसणं, आयासकिलेसभयविवागो अ ।
मरणं धम्मब्भंसो, अरई अत्थो उ सव्वाइं ॥ ५० ॥

થાય તે ધનપતિ પણ થાય છે, એવો કોઈ નિયમ નથી કે તે અમુક સ્વરૂપમાંજ રહે. માટે નટની માફક ઉચ્ચ નીચ-પણાને પામતા જીવને કુળાભિમાન કરવું તે ઘટતું નથી (૪૫ થી ૪૭)

જેમ ધન સાર્થવાહ અતિગુણવંતી–રૂપવંતી પોતાની પુત્રીને પરણાવવા ક્રોડો રત્ન–રૂપીઆ આપવાની કબુલાત પૂર્વક કરગર્યો તો પણ મહાત્મા આર્યવજ્ર તેમાં લોભાયા નહિ તેમ સર્વ સાધુઓને સાંસારિક સુખ સાધનોમાં એવી નિર્લોભતા કરવી જોઈએ. (૪૮)

અંતઃપુરો, નગરો, લશ્કર, હાથીઓ વિગેરે વાહનો, ધનના ભંડારો, અને ઘણી ઘણી જાતના પાંચે ઈન્દ્રિયોના 'શબ્દ રૂપ' વિગેરે ભોગના પદાર્થો વિગેરે આજીજીપૂર્વક આપવા છતાં ઉત્તમ મુનિવરો તે લેવાની ઈચ્છા માત્ર પણ કરતા નથી. (૪૯)

કારણ કે તે પદાર્થોથી શરીરના અવયવોનો છેદ, ભેદ, ચોરાદિની આપત્તિ, તેની રક્ષા માટે પરિશ્રમ, બીજાઓના

दोससयमूलजालं, पुव्वरिसिविवज्जियं जई वंतं ।
अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरसि ? ॥५१॥
वहबंधणमारणसेहणाओ काओ परिग्गहे नत्थि ? ।
तं जइ परिग्गहुच्चिय, जइधम्मो तो नणु पवंचो ॥ ५२ ॥
किं आसि नंदिसेणस्स, कुलं ? जं हरिकुलस्स विउलस्स ।
आसी पियामहो सच्चरिएण वसुदेवनामु त्ति ॥ ५३ ॥

ઉપદ્રવો, રાજાદિનો ત્રાસ, કલહ, મરણ, જ્ઞાનાદિ ધર્મનો અને સદાચારનો નાશ, અને ચિત્તનો ઉદ્વેગ, વિગેરે સર્વ પ્રકારનાં દુઃખો સહન કરવાં પડે છે, અર્થાત્ અર્થ એ સઘળા અનર્થોનું મૂળ છે. (૫૦)

નરકાદિના કારણભૂત હોવાથી અનર્થરૂપ સોનું-રૂપું વિગેરે જે સેંકડો દોષોનાં મૂળીયાંભૂત હોવાથી પૂર્વર્ષિઓએ તજી દીધું છે તેને જો તું ઇચ્છે છે તો તું નિષ્ફળ તપ શા માટે કરે છે ? અર્થાત્ પરિગ્રહધારીનો તપ વિગેરે નિરર્થક છે. (૫૧)

વધ, બંધન, મરણ; વિગેરે કયી કયી અનેક જાતની કદર્થનાઓ પરિગ્રહમાં નથી ? અર્થાત્ બધી છે, છતાં જો પરિગ્રહ રાખે છે તો સાધુનો વેશ રાખે છે તે નિશ્ચે લોકોને ઠગવા માટેનો પ્રપંચ જ છે. (૫૨)

જે પોતાના ઉત્તમ ચરિત્રના બળે ઉત્તમ એવા વિશાળ (નિર્મળ) હરિવંશકુળના વસુદેવ નામના દાદા થયા તેઓને પૂર્વે નંદિષેણના ભવમાં કયું કુળ હતું ? અર્થાત્ કુળ

विज्जाहरीहिं सहरिसं, नरिंददुहियाहिं अहमहंतीहिं ।
जं पत्थिज्जइ तइया, वसुदेवो तं तवस्स फलं ॥ ५४ ॥
सपरक्कमराउलवाइएण, सीसे पलीविए नियए ।
गयसुकुमालेण खमा, तहा कया जह सिवं पत्तो ॥ ५५ ॥
रायकुलेसु वि जाया, भीया जरमरणगब्भवसहीणं ।
साहू सहंति सव्वं, नीयाण वि पेसपेसाणं ॥ ५६ ॥
पणमंति य पुव्वयरं, कुलया न नमंति अकुलया पुरिसा ।
पणओ इह पुव्वि जइ-जणस्स जह चक्कवट्टिमुणी ॥५७॥

અધમ છતાં વૈયાવચ્ચ ગુણથી મેળવેલા પુણ્યના પ્રભાવે તેઓ 'વસુદેવ' થયા હતા અને વસુદેવના ભવમાં અદ્‌ભૂત રૂપથી વશ થએલી વિદ્યાધરપુત્રીઓ અને રાજપુત્રીઓ પરસ્પર સ્પર્ધાવડે ખૂબ આદરપૂર્વક તેઓને વરી હતી, તે પૂર્વભવના વૈયાવચ્ચરૂપ તપનું જ ફળ હતું. (૫૩-૫૪)

પૂર્વભવમાં વસુદેવે દૈવી ઉપસર્ગમાં પણ ક્ષમા ધારણ કરી (તેનું કારણ ક્ષમા મોક્ષનું અંગ છે.) એથી જ પરાક્રમી અને રાજતેજનું બળ હોવા છતાં પોતાના શિરે અંગારા ભરનાર ઉપર પણ ગજસુકુમાળે એવી ક્ષમા કરી કે જેથી તે મોક્ષને પામ્યા. (૫૫)

રાજકૂળ વિગેરે ઉત્તમ કુળમાં જન્મેલા ઘરડપણ, મરણ, ગર્ભ વિગેરેનાં દુઃખોથી ભય પામેલા સાધુઓ નીચ ચાકરથી પણ હલકાઓના સર્વ અપરાધોને સહન કરે છે, પણ ક્રોધાદિ કરતા નથી. (૫૬)

जह चक्कवट्टिसाहू, सामाइयसाहुणा निरुवयारं ।
भणिओ न चेव कुविओ, पणओ बहुयत्तणगुणेणं ॥५८॥
ते धन्ना ते साहू, तेसिं नमो जे अकज्जपडिविरया ।
धीरा वयमसिहारं, चरंति जह थूलिभद्दमुणी ॥५९॥
विसयासिपंजरंमिव, लोए असिपंजरम्मि तिक्खंमि ।
सीहा व पंजरगया, वसंति तवपंजरे साहू ॥ ६० ॥
जो कुणइ अप्पमाणं, गुरुवयणं न य लहेइ उवएसं ।
सो पच्छा तह सोअइ, उक्कोसघरे जह तवस्सी ॥६१॥

કુલિન આત્માઓ પોતાના પહેલાં દીક્ષિત થયેલા (સામાન્ય) સાધુને પણ નમે છે, અકુલિન સાધુઓ નમતા નથી. જેમ જૈનશાસનમાં ચક્રવર્તી સાધુ પણ એક નાના સાધુને સર્વ સાધુની પહેલાં નમ્યા. (૫૭) જેમ કે એક મુનિએ પૂર્વે ચક્રી હોવાને લીધે અભિમાનથી અન્ય સાધુઓને વન્દન નહિ કરવાથી એક સામાયિકમાત્ર ઉચ્ચરેલા (અજ્ઞ) સાધુએ તે ચક્રી સાધુને કઠોર શબ્દોમાં કહ્યું કે 'તમો માની છો– મુનિઓને વંદન કરવું જોઈએ' ત્યારે તેની ઉપર કોપ ન કર્યો પણ હિતશિક્ષા આપનાર હોવાથી ગુણી સમજી ચક્રી મુનિએ સર્વ મુનિઓની પહેલાં તેને વંદન કર્યું. (૫૮)

તેઓ ધન્ય છે, તેઓ સાધુપુરૂષો છે, તેઓને નમસ્કાર થાઓ ! કે જે ધીર સાધુઓ સ્થૂલિભદ્રમુનિની જેમ અકાર્યથી દૂર રહ્યા થકા તલવારની ધાર ઉપર ચાલવા સમાન વ્રતોને

जेट्ठव्वयपव्वयभर–समुव्वहणववसियस्स अच्चंतं ।
जुवइजणसंवइयरे, जइत्तणं उभयओ भट्ठं ॥ ६२ ॥
जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।
पत्थन्तो अ अबंभं, बंभावि न रोयए मज्झं ॥ ६३ ॥

અખંડપણે પાળે છે. (૫૯) સ્વવ્રતોના નિર્મળ પાલન માટે સાધુઓ 'જેમ સીંહો પાંજરામાં પુરાઇને (કષ્ટો વેઠીને) પણ રહે છે તેમ આ તીક્ષ્ણશસ્ત્રોના ઘરસમા લોકમાં વિષયોરૂપી તલવાર(શસ્ત્રો)ના પાશમાંથી બચવા માટે' તપ રૂપ પાંજરામાં પુરાઈ રહે છે. અર્થાત્ તપનાં મહાકષ્ટો વેઠીને પણ વિષયોના મારથી પોતાનું (વ્રતોનું) રક્ષણ કરે છે. (૬૦) વ્રતો માટે જે ગુરૂવચનને માનતો નથી, તેઓના ઉપદેશને સ્વીકારતો નથી તે પાછળથી એવો પસ્તાય છે કે જેમ કોશ્યાવેશ્યાના ઘેર સિંહગુફાવાસી મુનિ પસ્તાયા. (૬૧)

મહાવ્રતોરૂપ પર્વતના ભારને વહન કરવા તૈયાર થયેલા સાધુને યુવતી(સ્ત્રી)ઓનો સંપર્ક કરવો તેમાં સાધુતાનો ઉભયથા અત્યંત નાશ છે. અર્થાત્ પરિણામ વિના સાધુપણું ન રહ્યુ અને સાધુવેશ હોવાથી ગ્રહસ્થપણું પણ ન રહ્યું, માટે ઉભય ભ્રષ્ટ થયો. (૬૨)

કાયોત્સર્ગમાં રહેનારો હોય, મૌની હોય, મસ્તક મુંડાવેલું હોય, નગ્નપ્રાયઃ ઝાડની છાલનાં વસ્ત્રોવાળો હોય, કે કઠોર–ઘોર તપસ્વી હોય, પણ જો અબ્રહ્મની ઇચ્છા કરે તો તેવો સાધુ બ્રહ્મા હોય તો પણ મને રૂચતો નથી. (૬૩)

तो पढियं तो गुणियं, तो मुणियं तो अ चेइओ अप्पा ।
आवडियपेल्लियामंतिओ वि जइ न कुणइ अकज्जं ॥६४॥
पागडियसव्वसल्लो, गुरुपायमूलंमि लहइ साहुपयं ।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ॥६५॥
जइ दुक्करदुक्करकारओत्ति, भणिओ जहट्ठिओ साहू ।
तो कीस अज्जसंभूअ-विजयसीसेहिं नवि खमिअं ? ॥६६॥

તે ભણેલું, તે ગણેલું, તે જાણેલું, અને તે ચેતેલું સફળ છે કે આત્મા કોઈ દુર્જનના સંબંધમાં આવીને, અગર કોઈની પ્રેરણા પામીને કે કોઈ સ્ત્રી વિગેરેની અકાર્ય માટે પ્રાર્થના સાંભળીને પણ મરણાન્તે તે અકાર્યને ન આચરે, (૬૪)

(એ હેતુથી સિંહગુફાવાસીમુનિએ) ગુરૂના ચરણ સમીપે (ગુરૂની પ્રત્યક્ષ) પોતાના મૂળ-ઉત્તરગુણ અંગેના સર્વ અપરાધોને જણાવીને પુનઃ સાધુતાને મેળવી. (શુદ્ધિ કરી.) કારણ કે અશુદ્ધ ચિત્તવાળાને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થતી નથી, અપરાધકાળે હોય તેટલીજ રહે છે અને શેષ અનુષ્ઠાનો વિના તો તેટલી પણ નાશ પામે છે. (૬૫)

જો સ્થૂલભદ્ર સાધુને યથાર્થ વ્રત પાલવાથી 'દુષ્કર દુષ્કર કારક' કહ્યા તો આર્યસંભૂતિવિજયના શિષ્યોએ (સિંહગુફાવાસી વિગેરેએ) તે કેમ સહન ન કર્યું ? (૬૬)

जइ ताव सव्वओ सुंदरुत्ति, कम्माण उवसमेण जई ।
धम्मं वियाणमाणो, इयरो किं मच्छरं वहइ ? ॥६७॥
अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति जो न सहइ जइपसंसं ।
सो परिहाइ परभवे, जहा महापीढपीढरिसी ॥६८॥
परपरिवायं गिण्हइ, अट्टमयविरल्लणे सया रमइ ।
डज्झइ य परसिरीए, सकसाओ दुक्खिओ निच्चं ॥६९॥
विग्गहविवायरुइणो, कुलगणसंघेण बाहिरकयस्स ।
नत्थि किर देवलोए वि, देवसमिईसु अवगासो ॥७०॥

જો એ રીતે (સ્થૂલભદ્રજી) કર્મોનો ઉપશમ થવાથી શ્રેષ્ઠ-ઉત્તમ હતા તો ધર્મને સમજતા બીજા (સિંહગુફા-વાસી) મુનિએ તેમની ઉપર મત્સર કેમ કર્યો ? અર્થાત્ અવિવેક સિવાય મત્સર કરવાનું કોઈ કારણ ન હતું. (૬૭)

આ 'મૂળ-ઉત્તરગુણોમાં સ્થિર (દૃઢ) છે, વૈયાવચ્ચાદિ ગુણનો ધારક છે' એવી સાચી પણ અન્યસાધુની પ્રશંસાને જે સહન ન કરે તે મહાપીઠ અને પીઠ મુનિની જેમ પરભવે સ્ત્રીપણું વિગેરે હલકા ભાવોને પામે છે. (૬૮)

જે બીજાની નિંદા કરે, આઠ મદથી મસ્ત થઇ પોતાની પ્રશંસા સાંભળે-કરે, અને જે બીજાની લક્ષ્મી-યશ જોઇને બળે-તેને હલકો પાડવા મથે, તે કષાયી આત્મા નિત્ય અશાતાવેદનીયાદિથી દુઃખી થાય. (૬૯)

લડાઈ-ઝઘડાની રૂચિ હોય, તેથી સાધુ સમુદાયે,

जइ ता जणसंववहार–वज्जियमकज्जमायरइ अन्नो ।
जो तं पुणो विकत्थइ, परस्स वसणेण सो दुहिओ ॥७१॥
सुट्ठु वि उज्जव(म)माणं, पंचेव करिंति रित्तयं समणं ।
अप्पथुई[१] परनिंदा[२], जिब्भोवत्था[३] कसाया[४] य[५] ॥७२॥
परपरिवायमईओ, दूसई वयणेहिं जेहिं जेहिं परं ।
ते ते पावइ दोसे, परपरिवाई इय अपिच्छो ॥७३॥

સર્વસાધુઓએ અને ચતુર્વિધશ્રીસંઘે પણ તજી દીધો હોય (બહાર કર્યો હોય) તેને દેવલોકમાં પણ દેવોની પાસે સ્થાન નિયમા નથી મળતું. અર્થાત્ પરલોકમાં પણ સારું સ્થાન નથી મળતું. (૭૦)

જો એક માણસ નિંદા, ચોરી, વ્યભિચાર આદિ લોકવ્યવહારથી વિરૂદ્ધ પાપને (અકાર્યને) કરે છે, તે સ્વયં પોતાના જ પાપથી રાજદંડ, ફાંસી વિગેરે દુઃખો પામે છે, જો પુનઃ બીજો તેની લોક સમક્ષ નિન્દા કરે તો તે નાહક બીજાના દુઃખે દુઃખી થાય છે. (૭૧)

(માટે પાપીનો પણ અવર્ણવાદ કરવો નહિ, કારણ કે–) તપ–વિનયાદિમાં અતિ ઉદ્યમ કરનારને પણ ૧આત્મ-શ્લાઘા, ૨ પરનિંદા, ૩ જીવ્હાઇન્દ્રિયની અને, ૪ સ્પર્શને-ન્દ્રિયની પરવશતા તથા ૫ કષાયો, એ પાંચ (પૈકી એક પણ) દોષ સાધુને સર્વથા ગુણ રહિત બનાવે છે (૭૨)

બીજાની નિંદા કરવાની વૃત્તિવાળો પોતાના મુખે

થદ્ધા ચ્છિદ્દપ્પેહી, અવણ્ણવાઈ સયંમઈ ચવલા ।
વંકા કોહણસીલા, સીસા ઉવ્વેઅગા ગુરુણો ॥૭૪॥
જસ્સ ગુરુમ્મિ ન ભત્તી, ન ય બહુમાણો ન ગઉરવં ન ભયં ।
ન વિ લજ્જા ન વિ નેહો, ગુરુકુલવાસેણ કિં તસ્સ ?॥૭૫॥
રૂસઇ ચોઇજ્જંતો, વહઈ ય હિયએણ અણુસયં ભણિઓ ।
ન ય કમ્હિ કરણિજ્જે, ગુરુસ્સ આલો ન સો સીસો ॥૭૬॥
ઉવ્વિલણસૂઅણપરિભવેહિં અઇમણિયદુટ્ઠભણિએહિં ।
સત્તાહિયા સુવિહિયા, ન ચેવ ભિંદંતિ મુહરાગં ॥૭૭॥

બીજાના જે જે અવગુણ બોલે તે તે અવગુણો તેનામાં પ્રગટે છે–એથી તે અતિપાપી હોઈ તેનું મુખ પણ જોવા લાયક નથી. (૭૩)

ગર્વથી અક્કડ, ગુરૂનાં પણ દૂષણો જોનારા, ગુરૂની પણ નિંદા કરનારા, સ્વમતિએ વર્તનારા, અસ્થિર ચિત્તવાળા, વક્ર, ક્રોધી સ્વભાવવાળા, એવા શિષ્યો અવિનીત હોઈ ગુરૂને પણ ઉદ્વેગ કરાવે છે. (૭૪)

જેનામાં ગુરૂ પ્રત્યે ભક્તિ નથી, બહુમાન નથી, પૂજ્ય ભાવ નથી, અકાર્ય કરવામાં ગુરૂનો ભય નથી, સ્વયં લજ્જાળુ નથી, કે સ્નેહ નથી, તેને ગુરૂકુળવાસથી શું ? (૭૫)

કોઈ ભૂલ થતી સુધારવા માટે હિતશિક્ષા આપતાં રોષ કરે, હૃદયમાં બદલો લેવાનો વિચાર રાખે અને કાળાંતરે બદલો લે, કહેવા છતાં કાર્ય ન કરે, તે ગુરૂનો શિષ્ય નહિ પણ શત્રુ સમજવો. (૭૬)

माणंसिणोवि अवमाण–वंचणा ते परस्स न करंति ।
सुहदुक्खुग्गिरणत्थं, साहू उयहिव्व गंभीरा ॥७८॥
मउआ निहुअसहावा, हासदवविवज्जिया विगहमुक्का ।
असमंजसमइवहुअं, न भणंति अपुच्छिया साहू ॥७९॥
महुरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं ।
पुव्विं मइसंकलियं, भणंति जं धम्मसंजुत्तं ॥ ८० ॥

જે ઉત્તમ મુનિઓ છે તે સત્ત્વશાળી હોવાથી કોઈ દુર્જન અપકાર કરે, ચાડી કરે, કે પરાભવ કરે તથા અસંબદ્ધ બોલે કે કઠોર વચનો કહે તો પણ મુખનો ચહેરો પણ બદલતા નથી. અર્થાત્ જરા પણ નારાજ થતા નથી. (૭૭)

માનવંતા(ઈન્દ્રાદિને પણ પૂજ્ય) એવા સાધુઓ પરનું અપમાન કે ઠગાઈ કરતા નથી, પણ સમુદ્રની જેમ ગંભીર હૃદયવાળા તેઓ સુખ કે દુઃખનાં નિમિત્તોને પામીને શાતાવેદનીય–અશાતા વેદનીયનો ક્ષય કરવા માટે સહે છે, મોટી ઠકુરાઇ મળે તો પણ તેના બળે કોઈનું પણ અપમાન કે ઠગાઈ કરતા નથી (૭૮)

કોમળ પ્રકૃતિવાળા નિરભિમાની, નિભૃત એટલે ઉપશમ સ્વભાવવાળા, (અભ્યંતર સંયમમાં ઉદ્યત–બહાર દેખાવ નહિ કરનારા) હાસ્ય–મશ્કરીથી રહિત, દેશકથા વિગેરે વિકથાઓથી રહિત, સાધુઓ પૂછ્યા વિના અલ્પ પણ અયોગ્ય વચન, કે યોગ્ય પણ ઘણું બોલતા નથી. (૭૯)

सट्ठिं वाससहस्सा, तिसत्तखुत्तो दयेण धोएण ।
अणुचिण्णं तामलिणा,. अन्नाणतवु त्ति अप्पफलो ॥८१॥
छज्जीवकायवहगा, हिंसगसत्थाइं उवइसंति पुणो ।
सुबहुं पि तवकिलेसो, बालतवस्सीण अप्पफलो ॥८२॥
परियच्छंति अ सव्वं, जहट्ठियं अवितहं असंदिद्धं ।
तो जिणवयणविहिन्नू , सहंति बहुअस्स बहुआइं ॥८३॥

(પૂછવાથી પણ) મધુર, સૂક્ષ્મઅર્થવાળું, થોડું, કાર્યપૂરતું, સ્વશ્લાઘાદિ ગર્વવિનાનું અને અર્થગંભીર (તુંકારાદિ તુચ્છતા રહિત), એવું પ્રથમ વિચાર કરીને જે ધર્મરૂપ હોય તેવું થોડું બોલે છે. (૮૦)

તામલી તાપસે એકવીસવાર પાણીથી ધોએલા આહારથી પારણું કરીને સાઠ હજાર વર્ષ છટ્ઠ ઉપર છટ્ઠનો તપ કરવા છતાં અજ્ઞાન તપ હોવાથી તેનું તેને અલ્પ જ ફળ મલ્યું (૮૧)

અજ્ઞાની જેઓ છકાય જીવની હિંસામાં પ્રવર્તે છે, અને હિંસા વધે તેવો શાસ્ત્રોનો ઉપદેશ કરે છે, તેવા બાળ તપસ્વીઓનો ઘણો પણ તપનો પરિશ્રમ અલ્પફળ આપે છે. (૮૨)

જીવાજીવાદિ સર્વ તત્ત્વોને યથાર્થ સ્વરૂપમાં જાણે છે, નિઃસંદેહ શ્રદ્ધા કરે છે, તેથી તે શ્રીજિનવચનના વિધિના જાણ મુનિવરો ઘણાઓના ઘણા પરિષહ–ઉપસર્ગોને દુર્વચનોને સહન કરે છે, પોતાના અશુભ કર્મનું ફળ માની

जो जस्स वट्टए हियए, सो तं ठावेइ सुंदरसहावं ।
वग्घी छावं जणणी, भद्दं सोमं च मन्नइ ॥ ८४ ॥
मणिकणगरयणधणपूरियंमि भवणंमि सालिभद्दोवि ।
अन्नो किर मज्झ वि सा–मिओ त्ति जाओ विगयकामो ॥८५॥
न करंति जे तवं संजमं च, ते तुल्लपाणिपायाणं ।
पुरिसा समपुरिसाणं, अवस्स पेसत्तणमुविंति ॥८६॥
सुंदरसुकुमालसुहोइएण, विविहेहिं तवविसेसेहिं ।
तह सोसविओ अप्पा, जह नवि नाओ सभवणेऽवि ॥८७॥

તેઓની ઉપર ક્રોધાદિ કરતા નથી તેથી તેઓનો તપ ઘણો લાભ કરે છે. (૮૩)

(તેમાં એ કારણ છે કે) મોહથી કે બીજા કારણથી જે જેને પ્રિય લાગે છે તે ખરાબ હોય તો પણ તેને પોતે સારૂં માને છે, વાઘના બચ્ચાને પણ વાઘણ ભદ્ર અને શાન્ત સ્વભાવ વાળું માને છે, (તેમ અજ્ઞાની પોતાના અજ્ઞાન તપને પણ શ્રેષ્ઠ માને છે માટેજ વિવેકની આવશ્યકતા છે.)(૮૪)

(વિવેકથી જ) મણી, સુવર્ણ, રત્ન અને ધન વિગેરેથી ભરેલા ઘરમાં પણ શાલીભદ્રજી ' મારે માથે પણ બીજો સ્વામી ' એ વિચારે વૈરાગી થયા. (૮૫)

જેઓ બાર પ્રકારે તપ અને છ કાયની રક્ષા વિગેરે સંયમને કરતા નથી તેઓ હાથ પગથી સમાન અને સરખા પુરૂષાર્થ વાળા મનુષ્યોના પણ અવશ્ય દાસ બને છે.(૮૬)

માટે જ શાલીભદ્રજીએ રૂપવતી, કોમળ અને સુખ

दुक्करमुद्धोसकरं, अवंतिसुकुमालमहरिसीचरियं ।
अप्पावि नाम तह तज्ज, इत्ति अच्छेरयं एयं ॥८८॥
उच्छूढसरीरघरा, अन्नो जीवो सरीरमन्नं ति ।
धम्मस्स कारणे सुवि,–हिया, सरीरं पि छड्डंति ॥८९॥
एगदिवसं पि जीवो, पव्वज्जमुवागओ अनन्नमणो ।
जइवि न पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥९०॥

ભોગને ઉચિત એવી પણ પોતાની કાયાને વિવિધ પ્રકારનાં તપથી એવી સુકાવી દીધી કે જેને પોતાના ઘરનાં માણસો પણ ઓળખી ન શકયાં (૮૭)

અરે ! એથી પણ આગળ વધીને અવંતિસુકુમાળ મહર્ષિનું ચરિત્ર દુષ્કર અને સાંભળતાં રોમાંચ ખડાં થાય તેવું આશ્ચર્યકારક છે કે જેણે ધર્મરક્ષા માટે શરીરનો સર્વથા ત્યાગ કર્યો હતો. (૮૮)

જીવ જુદો છે, શરીર તેનાથી જુદું છે, એમ સમજતા ઉત્તમ મુનિઓ શરીરરૂપ ઘરની મમતા વિનાના ધર્મની રક્ષા માટે ધન–ધાન્યદિ જ નહિ, શરીરને પણ છોડે છે; અર્થાત પ્રાણાંતે પણ ધર્મની રક્ષા કરે છે. (૮૯)

(એ પ્રમાણે ધર્મના આદરવાળો) જીવ એક દિવસ માત્ર પણ સંયમને પામીને નિશ્ચલ મનવાળો બને તો (તથાવિધ સંઘયણ–કાળાદિ સામગ્રીને અભાવે) મોક્ષ ન પામે તો વૈમાનિકદેવપણું તો અવશ્ય પામે છે. (૯૦)

सीसावेढेण सिरम्मि, वेढिए निग्गयाणि अच्छीणि ।
मेयज्जस्स भगवओ, न य सो मणसा वि परिकुविओ ॥९१॥
जो चंदणेण बाहुं, आलिंपइ वासिणा वि तच्छेइ ।
संथुणइ जो अ निंदइ, महरिसिणो तत्थ समभावा ॥९२॥
सिंहगिरिसुसीसाणं भद्दं गुरुवयणसद्दहंताणं ।
वयरो किर दाही वा,–यणत्ति न विकोविअं वयणं ॥९३॥
मिण गोणसंगुलीहिं, गणेहि वा दंतचक्कलाइं से ।
इच्छंति भाणिऊणं, कज्जं तु त एव जाणंति ॥९४॥

ભગવાન આર્ય મેતાર્યને (સોનારે) વાધરથી મસ્તક વીંટતાં નેત્રો નીકળી પડયાં (અર્થાત્ એક પ્રાણીની રક્ષા માટે મરણાન્ત કષ્ટ આવ્યું) તો પણ તેઓ મનથી પણ (સોની ઉપર) ન કોપ્યા. (એમ ધર્મ માટે પ્રાણછોડનારાનાં અનેક દૃષ્ટાન્તો છે.) (૯૧)

કોઈ ભુજાઓએ (શરીરે) ચંદનનું વિલેપન કરે (શાતા ઉપજાવે), કે કોઈ કુહાડાથી તેને છોલે (અશાતા ઉપજાવે), એ રીતે કોઈ સ્તુતિ કરીને (મનને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે) કે કોઈ નિન્દા કરીને નારાજ કરવા પ્રયત્ન કરે, કિન્તુ ઉત્તમ મુનિઓ બન્ને પ્રત્યે સમભાવ રાખે છે. (ઉપેક્ષા કરે છે) (૯૨)

(આવી સાધુતા ગુરૂના ઉપદેશથી પ્રગટે છે માટે મુનિઓએ ગુરૂઆજ્ઞાને પ્રાણાન્તે પણ પાળવી) ગુરૂવચનમાં શ્રદ્ધાવાળા તે આર્ય સિંહગિરિના ઉત્તમ શિષ્યોનું કલ્યાણ થાઓ કે 'તમને વાચના વજ્ર આપશે' એમ કહેવા છતાં જેઓનું મુખ જરા પણ મેલું ન થયું. (૯૩)

कारणविऊ कयाई, सेयं कायं वयंति आयरिया ।
तं तह सद्दहिअव्वं, भविअव्वं कारणेण तहिं ॥९५॥
जो गिण्हइ गुरुवयणं, भण्णंतं भावओ विसुद्धमणो ।
ओसहमिव पिज्जंतं, तं तस्स सुहावहं होइ ॥९६॥
अणुवत्तगा विणीया, बहुक्खमा निच्चभत्तिमंता य ।
गुरुकुलवासी अमुई, धन्ना सीसा इह सुसीला ॥९७॥

(વિનીત શિષ્યનું એ કર્તવ્ય છે કે) 'ગુરૂ આંગળીઓથી સાપને માપો' એમ કહે કે 'સાપના દાંત ગણો' એમ આજ્ઞા કરે તો પણ 'તહત્તિ' કહીને તે કાર્ય તુર્ત કરે ! 'મને આવી આજ્ઞા કેમ કરી ?' એવો વિકલ્પ પણ ન કરે ! કારણ કે 'આજ્ઞા કરનારા ગુરૂ લાભ હાનિને સારી રીતે સમજે છે, મને અહિતકર આજ્ઞા ન કરે, એવી શ્રદ્ધા તેને હોય છે. (૯૪)

કોઈ વાર આચાર્ય (ગુરૂ) કાળા કાગડાને ધોળો કહે, તો પણ તે વચનને તે રીતે સદ્દહવું(માનવું) જોઈએ, કારણ કે 'ગુરૂ કારણના જાણ છે માટે કોઈ કારણે તેમ બોલ્યા હશે' એમ વિશ્વાસ રાખવો જોઈએ. (૯૫)

જે શિષ્ય ગુરૂના મુખથી નીકળતું વચન ભાવપૂર્વક નિર્વિકલ્પમનથી સ્વીકારી લે છે, તેને તે ગુરૂઆજ્ઞા 'પીધેલું ઔષધ રોગનો નાશ કરે 'તેમ સુખકારક (કર્મરોગની નાશક) બને છે. (૯૬)

ગુરૂની ઈચ્છાને અનુકૂળ વર્તનારા, વિનીત, રોષ નહિ કરનારા, નિત્ય ગુરૂ પ્રત્યે ભક્તિ (પૂજ્યભાવ) વાળા, શ્રુતજ્ઞાન

जीवंतस्स इह जसो, कित्ती य मयस्स परभवे धम्मो ।
सगुणस्स य निग्गुणस्स य, अयसो कित्ती अहम्मो य ॥९८॥
वुड्ढावासे वि ठियं, अहव गिलाणं गुरुं परिभवंति ।
दत्तु व्व धम्मवीमंसएण, दुस्सिक्खियं तं पि ॥९९॥
आयरिय-भत्तिरागो, कस्स ? सुनक्खत्तमहरिसीसरिसो ।
अवि जीवियं ववसियं, न चेव गुरुपरिभवो सहिओ ॥१००॥

માટે ગુરૂ પાસે રહેલા અને ભણવાનું પૂર્ણ થવા છતાં ગુરૂને નહિ છોડનારા, એવા સદાચરણ વાળા પુણ્યવંત શિષ્યો છે.(૯૭)

(આવા ગુણોની એટલા માટે શિષ્યને જરૂર છે કે) ગુણવંત જીવે ત્યાં સુધી આ ભવમાં તેનો યશ ગવાય છે, મરણ પછી કીર્તિ અખંડ રહે છે અને પરભવમાં ઉત્તમ ધર્મ (ધર્મ સામગ્રી) મળે છે, નિર્ગુણીને (તેથી વિપરીત) આ ભવમાં અપયશ, અપકીર્તિ અને પરભવમાં અધર્મ (કુદેવ-કુગતિ વિગેરે) મળે છે. (૯૮)

વૃદ્ધપણાને લીધે સ્થિરવાસ રહેલા કે ગ્લાન (માંદા પડેલા) ગુરૂનો દત્તમુનિની જેમ જે ધર્મના કુવિકલ્પથી પરાભવ કરે છે (શિથિલ માને છે તે શિષ્ય ધર્માચારને સારી રીતે સમજતો હોય તો પણ) તેનું તે શિક્ષણ દુષ્ટ છે (કે જે ગુરૂ પ્રત્યે અવિશ્વાસ પેદા કરાવે છે. (૯૯)

આર્ય સુનક્ષત્રમહર્ષિના જેવો ગુરૂ પ્રત્યે ભક્તિનો રાગ બીજા કોને હોય ? અર્થાત્ તેમનો ગુરૂરાગ ઉત્તમ હતો કે જેના પરિણામે પોતાના જીવનને બલાસ કર્યું પણ ગુરૂના પરભાવને સહન ન કર્યો. (ગોશાળાએ ભગવંતને કહેલા અપશબ્દો ન સાંભ્યા.) (૧૦૦)

पुण्णेहिं चोइया पुरक्खडेहिं, सिरिभायणं भविअसत्ता ।
गुरुमागमेसिभद्दा, देवयमिव पज्जुवासंति ॥१०१॥
बहु-सुक्खसयसहस्साण-, दायगा मोअगा दुहसयाणं ।
आयरिआ फुडमेअं, केसिपएसी व ते हेऊ ॥१०२॥
नरयगइगमणपडिहत्थए, कए तह पएसिणा रण्णा ।
अमरविमाणं पत्तं, तं आयरियप्पभावेणं ॥१०३॥
धम्ममएहिं अइसुंदरेहिं, कारणगुणोवणीएहिं ।
पल्हायंतो व्व मणं, सीसं चोएइ आयरिओ ॥१०४॥

પૂર્વકૃત પુણ્યથી પ્રેરાએલા (પુણ્યવાન) તે ભવ્ય જીવો આ ભવમાં જ્ઞાનાદિ લક્ષ્મીનું ભાજન બને છે અને ભવિષ્યમાં સ્વર્ગ-મોક્ષરૂપ કલ્યાણને પામે છે કે જેઓ પરમાત્માની જેમ ગુરૂની સેવા કરે છે. (૧૦૧)

એ સ્પષ્ટ છે કે કેશીગણધર અને પ્રદેશી રાજાની જેમ આચાર્ય (ગુરૂ) ઘણી જાતિનાં લાડુઓ સુખોને આપનારા અને સેંકડો દુઃખોથી છોડાવનારા છે. એ હેતુથી હે શિષ્ય! તારે ગુરૂનો વિનય કરવો જોઈએ. પ્રદેશી રાજાએ નરક ગતિમાં જવા યોગ્ય કર્મો કરવા છતાં જે દેવવિમાનનું સુખ મેળવ્યું તે આચાર્યના (શ્રીકેશીગણધરના) પ્રભાવથી સમજવું. (૧૦૨-૧૦૩)

આચાર્ય શિષ્યને પ્રેરણા-હિત શિક્ષા આપતાં પણ ધાર્મિક, અતિ નિર્દોષ, સકારણ બોલાયેલાં, જ્ઞાનાદિ ગુણને કરનારાં અને શિષ્યને પ્રતીતિ થાય તેવાં વચનો વડે તેના મનને પ્રસન્ન કરતા પ્રેરણા આપે, હિતશિક્ષા માટે પણ અસત્ય (કડવું) ન બોલે. (૧૦૪)

जीअं काऊण पणं, तुरुमिणिदत्तस्स कालिअज्जेण ।
अवि अ सरीरं चत्तं, न य भणिअमहम्मसंजुत्तं ॥१०५॥
फुडपागडमक्कहंतो, जह–ट्ठियं बोहिलाभमुवहणइ ।
जह भगवओ विसालो, जरमरणमहोअही आसि ॥१०६॥
कारुण्णरुण्णसिंगार–भावभयजीवियंतकरणेहिं ।
साहू अवि अ मरंति, न य निअनियमं विराहिंति ॥१०७॥
अप्पहियमायरंतो, अणुमोअंतो य सुग्गइं लहइ ।
रहकारदाणअणुमोअगो, मिगो जह य बलदेवो ॥१०८॥

(જેમ કે–) શ્રી કાલિકાચાર્યે તુરૂમિણિ નગરીના દત્ત નામે બ્રાહ્મણ –મંત્રીને જીવન હોડમાં મૂકીને (મરણનો ભય છોડીને) પણ સત્ય ઉત્તર આપ્યો શરીરનો રાગ છોડયો પણ અધાર્મિક (અસત્ય–ઉત્સૂત્ર) ન બોલ્યા. (૧૦૫)

જે સાધુ સત્ય વચનને સ્પષ્ટ શબ્દોથી પ્રગટપણે યથાર્થ કહેતો નથી તેને જેમ ભગવાન મહાવીરને 'કવિલા ઇહિયંપિ ઇત્થંપિ' એવું દ્વિભાષીયું વચન બોલવાને યોગે જરા–મરણાદિ દુઃખરૂપ સંસાર સમુદ્ર વિશાળ થયો (વધી ગયો) તેમ બોધિલાભનો નાશ થાય છે અને સંસાર પરિભ્રમણ વધી જાય છે. (૧૦૬)

ઉત્તમ સાધુઓ કરૂણાભાવથી, સ્વજનાદિના રૂદનથી, સ્ત્રી આદિના શૃંગારોથી કે હાવભાવથી, રાજાદિના ભયથી, કે પ્રાણાંત કારણોથી; એવા અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોથી પણ મરણને સ્વીકારે છે કિન્તુ પોતાના નિયમને વિરાધતા નથી. (૧૦૭)

जं तं कयं पुरा पूरणेण, अइदुक्करं चिरं कालं ।
जइ तं दयावरो इह, करिंतु तो सफलयं हुंतं ॥१०९॥
कारणनीयावासी, सुट्ठुयरं उज्जमेण जइयव्वं ।
जह ते संगमथेरा, सपाडिहेरा तया आसि ॥११०॥
एगंतनियवासी, घरसरणाईसु जइ ममत्तं पि ।
कह न पडिहंति कलिकलुस-रोसदोसाण आवाए ॥१११॥

જેમ રથકાર, તેના દાનની અનુમોદના કરતો મૃગ અને બળદેવ મુનિ સુગતિને પામ્યા તેમ સ્વયં આત્મહિતને આચરતો (દૃઢ વ્રતને પાળતો) અને બીજા તેવાઓની અનુમોદના કરતો જીવ સદ્ગતિને પામે છે. (૧૦૮)

પૂર્વે પુરણ નામના શેઠે (તાપસે) દીર્ઘકાલ સુધી જે તપનાં અતિ દુષ્કર કષ્ટ કર્યાં (સહ્યાં) તે જો દયા ભાવથી આ (જૈન) શાસનમાં રહીને (એના મર્મને સમજીને) કર્યાં હોત તો સફળ થાત. મિથ્યાભાવે તો ઘણાં કષ્ટો વેઠવા છતાં નિષ્ફળ થાય છે. (૧૦૯)

કારણે (વૃદ્ધત્વાદિને યોગે) સાધુને એક સ્થળે રહેવું પડે તો પણ સંયમ માટે અતિશય ઉદ્યમ કરવો જોઈએ કે જેમ સ્થવિરસંગમસૂરિને તે કાળે દેવ સહાયક થયા તેમ બીજાને પણ દેવની સહાય મળે. (૧૧૦)

નિષ્કારણ હંમેશાં જે એક જ સ્થળે રહે છે, અને તેથી ગ્રહસ્થના ઘર(ઉપાશ્રય)ની છાપરાની વિગેરે સારસંભાળમાં, સુધારણામાં કે સ્વજનાદિમાં જેઓ મમત્વ કરે છે તેઓ કલહ, પાપ, ક્રોધાદિ દુષણોની આપત્તિમાં કેમ ન પડે? અર્થાત્ તેથી અનેક દોષો તેઓમાં પ્રગટે છે. (૧૧૧)

अविकत्तिऊण जीवे, कत्तो घरसरणगुत्तिसंठप्पं ? ।
अवि कत्तिआ अ तं तह, पडिया अस्संजयाण पहे ॥११२॥
थोवोऽवि गिहिपसंगो, जइणो सुद्धस्स पंकमावहइ ।
जह सो वारत्तरिसी, हसिओ पज्जोयनरवइणा ॥११३॥
सब्भावो वीसंभो, नेहो रइवइयरो य जुवइजणे ।
सयणघर–संपसारो, तवसीलवयाइं फेडिज्जा ॥११४॥

કારણ કે– વૃક્ષ આદિના જીવોનો છેદ કર્યા (કરાવ્યા) વિના ઘર–છાપરૂં, વાડ વિગેરે સમારી શકાતું નથી, તેથી તે માટે જો જીવોને છેદે તો તે સાધુઓ અસંજમીઓના (ગ્રહસ્થોના) માર્ગે ચઢે છે, અર્થાત્ ગ્રહસ્થ સરખા બને છે. (૧૧૨)

(માત્ર ગ્રહસ્થોનાં કામ કરવાથી જ નહિ, ગ્રહસ્થોનો સંગ કરવાથી પણ સાધુતાને દૂષણ લાગે છે) જેમ વારત્ત (વરદત્ત) ઋષિ પ્રદ્યોતનરાજાની હાંસીનું પાત્ર બન્યા તેમ થોડો પણ ગ્રહસ્થનો પરિચય શુદ્ધ સાધુને દૂષિત (મલીન) કરે છે. (૧૧૩)

(આ તો સામાન્ય દૂષણ છે, સ્ત્રીઓનો પરિચય તો તેથી ય બહુ ખરાબ છે) સ્ત્રીઓનું અકાળે ઉપાશ્રયમાં આવવું તેઓનો વિશ્વાસ કરવો, રાગ કરવો, વિકારક વાતો કરવી, અંગો વિગેરે સરાગપણે જોવાં અને સ્વજન–ઘર વિગેરેને અંગે તેઓની સાથે વિચાર કરવો, વિગેરેથી તો તપ શીયલ અને વ્રતોનો પણ નાશ થાય છે. (૧૧૪)

જોઇસનિમિત્તઅક્ખર, કોઉયઆએસભૂઇકમ્મેહિં ।
કરણાણુમોઅણાહિ અ, સાહુસ્સ તવક્ખઓ હોઇ ॥૧૧૫॥
જહ જહ કીરઇ સંગો, તહ તહ પસરો ખણે ખણે હોઇ ।
થેવો વિ હોઇ બહુઓ, ન ય લહઇ ધિઇં નિરુંભંતો ॥૧૧૬॥
જો ચયઇ ઉત્તરગુણે, મૂલગુણે વિ અચિરેણ સો ચયઇ ।
જહ જહ કુણઇ પમાયં, પેલિજ્જઇ તહ કસાએહિં ॥૧૧૭॥

વળી જ્યોતિષ, નિમિત્તો, અક્ષરોના જોડાણથી પ્રગટતી શક્તિ (વિદ્યા), તથા અમુક કાર્ય સાધવા માટે સ્નાન કૌતુક વિગેરે જણાવવાથી, 'આ આમ થશે' એમ ભવિષ્ય કહેવાથી, રાખ મંત્રીને આપવાથી, મંત્રાદિ આપવાથી, વિગેરે કરવા-કરાવવા કે અનુમોદવાથી સાધુને બાહ્ય અભ્યંતર તપનો ક્ષય થાય છે. (૧૧૫)

જેમ જેમ અયોગ્ય વર્તન કરાય તેમ તેમ ક્ષણે ક્ષણે તે વધતું જાય છે, (કારણ કે પ્રમાદનો અનાદિ અભ્યાસ છે) તેથી (પ્રારંભમાં) અલ્પ દોષ પણ વધીને ઘણો બળવાન થાય છે, તેને રોકવો અશકય બને છે, અને પાછળથી રોકવા છતાં રોકાતો નથી. (૧૧૬)

થોડો પણ પ્રમાદનો સંગ એ રીતે વધે છે કે-જેમ જેમ પ્રમાદ કરવામાં આવે તેમ તેમ કષાયોને વધવાનો અવકાશ મળે છે, એથી જે પ્રારંભમાં ઉત્તર ગુણોને (પ્રમાદ વશ) છોડે છે તે થોડા જ કાળમાં મૂળગુણોને પણ છોડી દે છે. (૧૧૭)

जो निच्छएण गिण्हइ, देहच्चाए वि न य धिइं मुयइ ।
सो साहेइ सकज्जं, जह चंडवडिंसओ राया ॥११८॥
सीउण्हखुप्पिवासं, दुस्सिज्जपरीसहं किलेसं च ।
जो सहइ तस्स धम्मो, जो धिइमं सो तवं चरइ ॥११९॥
धम्ममिणं जाणंता, गिहिणो वि दढव्वया किमुअ साहू ? ।
कमलामेलाहरणे, सागरचंदेण इत्थुवमा ॥१२०॥
देवेहिं कामदेवो, गिही वि न वि चालिओ तवगुणेहिं ।
मत्तगयंदभुयंगम–रक्खसघोरट्टहासेहिं ॥१२१॥

જે વ્રતાદિના પાલન માટે સદનુષ્ઠાનને દૃઢપણે વળગી રહે છે, શરીર છૂટી જાય તો પણ છોડતો નથી, તે ચંદ્રાવતંસક રાજાની જેમ પોતાના કાર્યને સિદ્ધ કરે છે. (૧૧૮)

ઠંડી, ગરમી, ભૂખ, તૃષા, દુષ્ટ શય્યા એટલે મકાનમાં નીચીઊંચી જમીનની પ્રતિકૂળતા, બીજા પણ અનેક વિધ પરિષહો, અને દેવાદિના ઉપસર્ગોને જે સહન કરે તેને ધર્મ આરાધના થાય છે, જે ધૈર્યવંત હોય છે તે જ આવાં કષ્ટોને સહન કરે છે, બીજાને તો આર્ત્તધ્યાન થવાથી ધર્મનો ક્ષય થાય છે. (૧૧૯)

શ્રીજિનકથિત ધર્મને જાણતા ગ્રહસ્થો પણ વ્રતમાં દૃઢ બને છે, તો સાધુનું શું પૂછવું ? અર્થાત્ તેઓએ અવશ્ય દૃઢ વ્રતવાળા બનવું જોઈએ. આ વિષયમાં કમળામેલાનું હરણ કરનાર સાગરચંદ્ર દૃષ્ટાન્ત રૂપ છે. (૧૨૦)

કામદેવ શ્રાવક કે જેઓ કાઉસ્સગ્ગમાં હતા ત્યારે

भोगे अभुंजमाणा वि, केइ मोहा पडंति अहरगइं ।
कुविओ आहारत्थी, जत्ताइ-जणस्स दमगु व्व ॥१२२॥
भवसयसहस्स-दुलहे, जाइजरामरणसागरुत्तारे ।
जिणवयणंमि गुणायर !, खणमवि मा काहिसि पमायं ॥१२३॥
जं न लहइ सम्मत्तं, लद्धूण वि जं न एइ संवेगं।
विसयसुहेसु य रज्जइ, सो दोसो रागदोसाणं ॥१२४॥

તેમના ધૈર્યની પરીક્ષા કરવા આવેલા દેવે મત્તહાથી, સર્પ અને રાક્ષસના ઘોર અટ્ટહાસો વિગેરે ઘણા ઉપસર્ગો કર્યા, છતાં ગ્રહસ્થ પણ તે નિયમથી ચલાયમાન ન થયા અર્થાત્ કાયોત્સર્ગ ન છોડયો. (૧૨૧)

(અવિવેકી નિરપરાધી ઉપર પણ કોપ કરે છે, તે કહે છે કે) કોઈ મોહ મૂઢ આત્માઓ ભોગોને વિના ભોગવ્યે પણ અધોગતિમાં (નરકમાં) પડે છે, જેમ આહારને માટે રાજગ્રહીનો દ્રમક (ભીખારી) વૈભારગિરિ ઉપર પ્રભુ મહાવીરને વન્દન કરવા જતા યાત્રિકોઉપર કોપાયમાન થઇ પોતેજ ગબડાવેલી શિલાતળે કચડાઇને સાતમી નરકે ગયો. (૧૨૨)

માટે હે ગુણવંત શિષ્ય ! લાખો ભવે પણ મળવો દુર્લભ, જન્મ-જરા મરણનાં દુઃખોથી ભરેલા સંસાર-સમુદ્રમાંથી પાર ઉતારનાર શ્રીજિનવચન (પાલન કરવા)માં ક્ષણ પણ પ્રમાદ ન કરીશ (મોહને વશ ન પડીશ.) (૧૨૩)

(પ્રમાદ કરાવનાર રાગ-દ્વેષ છે) જીવોને સમ્યકત્વ (તત્ત્વની શ્રદ્ધા) થતું નથી, કે થયા પછી પણ મોક્ષની ઇચ્છા-

तो बहुगुणनासाणं, सम्मत्तचरित्तगुणविणासाणं ।
न हु वसमागंतव्वं, रागद्दोसाण पावाणं ॥१२५॥
न वि तं कुणइ अमित्तो, सुट्ठुवि सुविराहिओ समत्थोवि ।
जं दोवि अणिग्गहिया, करंति रागो य दोसो य ॥१२६॥
इह लोए आयासं, अजसं च करेंति गुणविणासं च ।
पसवंति अ परलोए, सारीरमणोगए दुक्खे ॥१२७॥
धिद्धी अहो अकज्जं, जं जाणंतोवि रागदोसेहिं ।
फलमउलं कडुअरसं, तं चेव निसेवए जीवो ॥१२८॥

રૂપ સંવેગ થતો નથી, ઉલટો વિષયસુખોમાં આસક્ત બને છે, તે દૂષણ રાગ-દ્વેષનું છે, બીજા કોઈનું નથી. (૧૨૪)

તેથી અનેક પ્રકારે આત્માનો નાશ (સંસારની રખડપટ્ટી) કરનારા અને સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મ ગુણોનો નાશ કરનારા રાગ-દ્વેષ રૂપ પાપોને વશ કદાપિ નથવું. (૧૨૫)

જેનો અત્યંત અપરાધ કર્યો હોય તે સમર્થ શત્રુ પણ જે નુકશાન-અહિત કરતો નથી તે કાબુમાં નહિ લીધેલા (વધી ગયેલા) રાગ અને દ્વેષ કરે છે. (૧૨૬)

રાગ-દ્વેષને વશ નહિ કરવાથી (રાગ-દ્વેષ કરવાથી) તેઓ આભવમાં શારીરિક-માનસિક અનેક કષ્ટો આપે છે, અપકીર્તિ કરે છે અને જ્ઞાન-ચારિત્ર વિગેરે ગુણોનો નાશ કરે છે, ઉપરાંત પરલોકમાં શારીરિક-માનસિક અનેક દુઃખોને પ્રગટ કરે છે. (૧૨૭)

ધિક્ ધિક્, ખેદની વાત છે કે-અતિશય કડવાં દુઃખો

को दुक्खं पाविज्जा?, कस्स व सुक्खेहिं विम्हओ हुज्जा?।
को व न लभिज्ज मुक्खं?, रागद्दोसा जइ न हुज्जा॥१२९॥
माणी गुरुपडणीओ, अणत्थभूओ अमग्गचारी अ।
मोहं किलेसजालं, सो खाइ जहेव गोसालो॥१३०॥
कलहणकोहणसीलो, भंडणसीलो विवागसीलो य।
जीवो निच्चुज्जलिओ, निरत्थयं संयमं चरइ॥१३१॥

રૂપ રાગ-દ્વેષનાં દુષ્ટ ફળો જાણવા-ભોગવવા છતાં પણ અવિવેકી જીવ એ રાગ-દ્વેષની જ સેવા કરે છે. (૧૨૮)

જો રાગ-દ્વેષ ન હોય તો દુઃખી કોણ થાય?(કોઇ નહિ,) અથવા સુખ પામવાથી આશ્ચર્ય કોને થાય? (કોઇને નહિ કારણ કે રાગ દ્વેષનો અભાવ એજ પરમ સુખ છે, આશ્ચર્ય પણ રાગને લીધે થાય છે.) અથવા કોણ મોક્ષ ન મેળવે? (સહુ મેળવે) અર્થાત્ દુઃખને આપનારા સુખને રોકનારા મોક્ષ નહિ થવા દેનારા રાગ-દ્વેષ જ છે. (૧૨૯)

ગોશાળાની જેમ (રાગ-દ્વેષના ફળ રૂપ) જે અભિમાની, ગુરૂનો દ્રોહી-પ્રત્યનીક, અનર્થની ખાણ, જિનાજ્ઞા વિરૂદ્ધ વર્તનારો થાય છે તે મુધા અનેક ક્લેશો (શિરમુંડન-તપકરવો વિગેરે ધર્મ કષ્ટો) ભોગવે છે. (અર્થાત્ રાગી-દ્વેષીને ધર્મકષ્ટો નિષ્ફળ થાય છે.) (૧૩૦)

કલહ (કજીયો) તથા ક્રોધ કરવાના સ્વભાવવાળો, તથા મારામારી કે રાજકચેરીમાં વિવાદ કરવાના સ્વભાવવાળો (કઠોર હૃદયવાળો) જીવ હંમેશાં ક્રોધથી ધમધમેલો રહેતો હોવાથી તેનું સંયમ નિરર્થક છે. (૧૩૧)

जह वणदवो वणं, दवदवस्स जलिओ खणेण निद्दहइ ।
एवं कसायपरिणओ, जीवो तवसंजमं दहइ ॥१३२॥
परिणामवसेण पुणो, अहिओ ऊणयरओ व हुज्ज खओ ।
तह वि ववहारमित्तेण, भण्णइ इमं जहाथूलं ॥१३३॥
फरुसवयणेण दिणतवं, अहिक्खिवंतो अ हणइ मासतवं ।
वरिसतवं सवमाणो, हणइ हणंतो अ सामण्णं ॥१३४॥
अह जीविअं निकिंतइ, हंतूण य संजमं मलं चिणइ ।
जीवो पमायबहुलो, परिभमइ अ जेण संसारे ॥१३५॥

જેમ એકદમ સળગેલો વધતો જતો દાવાનળ ક્ષણમાં વનને બાળી મૂકે છે તેમ કષાયથી સળગતો જીવ પણ તપ સંયમને બાળી મૂકે છે. (૧૩૨)

જો કે ઉપર કહ્યું તેમ રાગ દ્વેષથી પ્રગટેલા કષાયોનું સ્વરૂપ ભયંકર છે, નિશ્ચયદ્રષ્ટિએ તેથી પરિણામની વિચિત્રતાને વશે સંયમની હાનિ અધિક કે ઓછી પણ થાય છે તો પણ વ્યવહાર માત્રથી બાહ્ય સ્થૂલ દૃષ્ટિએ આ પ્રમાણે કહ્યું છે કે–બીજાને કઠોર વચન બોલવાથી એક દિવસનું તપ (સંયમ), હલકો પાડવાથી મહિનાનું તપ, શાપ દેવાથી એક વર્ષનું તપ હારે છે (નાશ કરે છે) અને મારવાથી (તાડન કરવાથી) સમ્પૂર્ણ સાધુપણાનો નાશ કરે છે. જો તે બીજાના પ્રાણ લે છે (મારી નાખે છે) તો સઘળા સંયમનો નાશ કરવા ઉપરાંત એવું પાપ કર્મ બાંધે છે કે પ્રમાદ (અજ્ઞાન–મોહ)ને વશ બનેલો તે સંસારમાં કેટલોય કાળ ભમે છે. (અર્થાત્ કોઈના એક વખત પ્રાણ લેતાં પોતાને

अक्कोसणतज्जणताडणा य, अवमाणहीलणाओ य ।
मुणिणो मुणियपरभवा, दढप्पहारि व्व विसहंति ॥१३६॥
अहमाहओ त्ति न य पडिहणंति, सत्ता वि न य पडिसवंति।
मारिज्जंता वि जई, सहंति सहस्समल्लु व्व ॥१३७॥
दुज्जणमुहकोदंडा, वयणसरा पुव्वकम्मनिम्माया ।
साहूण ते न लग्गा, खंतिफलयं वहंताणं ॥१३८॥

કેટલાંય મરણોનાં (જન્મોનાં) દુઃખો ભોગવવાં પડે છે. (૧૩૩-૧૩૪-૧૩૫)

માટે જ જેઓ પરભવને (જન્મ-મરણની પરંપરાને) જાણે છે તે મુનિઓ મહાત્મા દૃઢપ્રહારીની જેમ બીજાઓના કરેલા આક્રોશ, આક્ષેપો, તાડના (માર), અપમાન (પરાભવ), અને હીલના (નિંદા), વગેરે બધું સમભાવે સહન કરે છે.(૧૩૬)

અને 'અધમ (પાપી)એ મને મુઠ્ઠી આદિથી માર્યો' એમ સમજી ઉત્તમ સાધુઓ બદલામાં તેને મારતા નથી, શાપ દેનારને શાપ દેતા નથી, અને કોઈ મારી નાંખે તો પણ તેને મારતા નથી કિન્તુ સહસ્રમલ્લની જેમ સહન કરે છે, તેનાં ભાવિ દુઃખોની પરંપરાને જોઈ તેની ઉપર દયા કરે છે. (૧૩૭)

દુર્જનના મુખરૂપ ધનુષ્યમાંથી નીકળતા કટુવચન રૂપ બાણોના પ્રહારોથી બચવા માટે ક્ષમા રૂપ ઢાલને ધારણ કરનારા સાધુઓને પૂર્વકૃત કર્મને યોગે નીકળેલાં તે વચન બાણો ભૂતકાળમાં લાગ્યાં નથી, (વર્તમાનમાં લાગતાં નથી અને ભવિષ્યમાં લાગશે નહિ. અર્થાત્ દુર્જનનાં બાણ સરખાં વચનોને પણ સાધુઓ ક્ષમાથી સહન કરે છે, કોપ કરતા નથી. (૧૩૮)

पत्थरेणाहओ कीवो, पत्थरं डक्कुमिच्छइ ।
मिगारिओ सरं पप्प, सरुप्पत्तिं विमग्गइ ॥१३९॥
तह पुव्विं किं न कयं ?, न बाहए जेण मे समत्थोऽवि ।
इण्हिं किं कस्स व कुप्पिमु, त्ति धीरा अणुप्पिच्छा ॥१४०॥
अणुराएण जइस्स वि, सियायपत्तं पिया धरावेइ ।
तह वि य खंदकुमारो, न बंधुपासेहिं पडिबद्धो ॥१४१॥

પત્થર વાગવાથી કુતરો પત્થરને બચકાં ભરવા ઇચ્છે છે અને સિંહ બાણ વાગવા છતાં બાણ મારનારને શોધી તેને મારવા ઇચ્છે છે. (તેમ ઉત્તમ સાધુ ઉદયમાં આવેલાં કર્મોનો સામનો કરતા નથી, સહન કરે છે, પણ એ કર્મો જે કારણે બંધાયાં હોય તે કારણોને શોધીને તેનો નાશ કરે છે.) (૧૩૯)

તથા પૂર્વકાળે એવું શું નથી કર્યું ? કે જેથી (નીચ કે) સમર્થ પણ મને ન પીડે ? દુઃખી ન કરે ? અર્થાત્ પૂર્વે ઘણાં ખરાબ કામો કર્યાં છે, માટે (આ દુઃખો મારે સહવાં પડે છે માટે) મારો જ આ દોષ છે, કદર્થના કરનારનો નથી, તો શા માટે હું કોપ કરૂં ? અથવા કોની ઉપર કોપ કરૂં ? એમ વિચારી ધીર પુરૂષો શાન્ત થાય છે. (૧૪૦)

એ રીતે દ્વેષ કરનાર ઉપર પણ દ્વેષ નહિ કરવા જણાવ્યું. (હવે રાગી ઉપર પણ રાગ નહિ કરવા કહે છે કે–) સ્નેહને કારણે સાધુ થયેલા (ખંદકકુમાર) ઉપર પણ તેના પિતાએ ધવળ છત્ર ધરાવ્યું, (એવો દૃઢ સ્નેહ) છતાં પણ ખંદકકુમાર (મુનિ) સ્વજનોના સ્નેહરૂપી પાશમાં ન બંધાયા. તેમ સર્વ મુનિઓએ રાગનો પ્રતિબંધ તજવો જોઇએ. (૧૪૧)

गुरु गुरुतरो य अइगुरु, पियमाइअवच्चपियजणसिनेहो ।
चिंतिज्जमाणगुविलो, चत्तो अइधम्मतिसिएहिं ॥१४२॥
अमुणियपरमत्थाणं, बंधुजणसिनेहवइयरो होइ ।
अवगयसंसारसहाव-निच्छयाणं समं हिययं ॥१४३॥
माया पिया य भाया, भज्जा पुत्ता सुही य नियगा य ।
इह चेव बहुविहाइं, करंति भयवेमणस्साइं ॥१४४॥
माया नियगमइविगप्पियंमि, अत्थे अपूरमाणंमि ।
पुत्तस्स कुणइ वसणं, चुलणी जह बंभदत्तस्स ॥१४५॥

માતાપિતાનો, અપત્ય (પુત્રાદિ) નો અને સ્ત્રી બહેનો આદિનો સ્નેહ અનુક્રમે દુઃખથી, અતિદુઃખથી અને અતિતરદુઃખથી છૂટે તેવો આકરો છે, કોઇ વાર તો તેના વિયોગથી મરણ પણ થઇ જાય છે, વિચાર કરતાં અનંત સંસારનું કારણ હોવાથી અતિગહન છે, તેથી ધર્મમાં અતિ તૃષ્ણાવાળા (આસક્ત) મુનિવરોએ તેનો ત્યાગ કર્યો છે. (૧૪૨)

જે પરમાર્થને (તત્ત્વને) જાણતા નથી તેઓને સ્વજનોના સ્નેહનો પ્રતિબંધ (સંબંધ) હોય છે, કિન્તુ જેઓએ સંસારનો (અનિત્ય) સ્વભાવ નિશ્ચયથી જાણ્યો છે તેઓનું હૃદય સર્વત્ર (રાગ-દ્વેષ રહિત) સમાન રહે છે. (૧૪૩)

માતા, પિતા, ભાઇ, ભાર્યા, પુત્રો અને સ્વજનો વિગેરે આ ભવમાં જ અનેક પ્રકારના ભય (ત્રાસ) અને વૈર-વિરોધ કરે છે. (તેઓનો સ્નેહ કરણીય નથી). (૧૪૪)

જેમ ચૂલણીએ પોતાના પુત્ર બ્રહ્મદત્તને દુઃખ દીધું

सव्वंगोवंगविगत्तणाओ, जगडणविहेडणाओ अ ।
कासी अ रज्जतिसिओ, पुत्ताण पिया कणयकेऊ ॥१४६॥

विसयसुहरागवसओ, घोरो भाया वि भायरं हणइ ।
आहाविओ वहत्थं, जह बाहुबलिस्स भरहवई ॥१४७॥

भज्जा वि इंदियविगार–दोसनडिया करेइ पइपावं ।
जह सो पएसिराया, सूरियकंताइ तह वहिओ ॥१४८॥

તેમ માતા પણ પોતાની બુદ્ધિથી નષ્ટ કરેલું તેનું કાર્ય (પ્રયોજન) સિદ્ધ ન થાય તો પુત્રને પણ આપત્તિમાં મૂકે છે. (૧૪૫)

રાજ્યની તૃષ્ણાવાળા કનકકેતુ રાજાએ 'આ પુત્રો મોટા થશે તો મારું રાજ્ય લઈ લેશે,' એમ કલ્પીને પિતા છતાં પોતાના પુત્રોના સર્વ અંગોપાંગ કાપ્યાં–કપાવ્યાં અને અનેક પ્રકારની કદર્થનાઓ તથા પીડાઓ કરી–કરાવી. (અર્થાત્ પિતા પણ પુત્રોને દુઃખ દે છે.) (૧૪૬)

જેમ ભરતચક્રી બાહુબલીને મારી નાખવા તૈયાર થયા તેમ વિષયસુખના રાગને વશ પડેલો ક્રૂર ભાઈ પણ ભાઇને હણે છે. (૧૪૭)

જેમ સૂર્ય (રી) કાન્તા રાણીએ પોતાના પતિ પ્રદેશી રાજાને ઝેર આપીને મારી નાખ્યો તેમ ઈન્દ્રિયોના વિકારરૂપ દોષને વશ થએલી (વિષયાન્ધ બનેલી) ભાર્યા પણ પતિનું પાપ કરે છે, પતિને મારી નાખે છે. (૧૪૮)

सासयसुक्खतरस्सी, नियअंगसमुब्भवेण पियपुत्तो ।
जह सो सेणियराया, कोणियरण्णा खयं नीओ ॥१४९॥
लुद्धा सकज्जतुरिआ, सुहिणो वि विसंवयंति कयकज्जा ।
जह चंदगुत्तगुरुणा, पव्वयओ घाइओ राया ॥१५०॥
नियया वि नियय कज्जे, विसंवयंतंमि हुंति खरफरुसा ।
जह रामसुभूमकओ, बंभक्खत्तस्स आसि खओ ॥१५१॥

શાશ્વત સુખ (મોક્ષ) મેળવવા માટે વેગવાળા (આતુર) અને પોતાનો પુત્ર હોવાથી પુત્ર પ્રત્યે અતિ પ્રેમવાળા એવા પણ શ્રેણીક રાજાને જેમ તેમના જ પુત્ર કોણીક રાજાએ મારી નાખ્યા તેમ પુત્ર પણ પિતાને મારી નાખે છે. (૧૪૯)

લોભીઆ અને પોતાનું કાર્ય સાધવામાં તત્પર એવા મિત્રો પણ પોતાનું કાર્ય સિદ્ધ થતાં જેમ ચંદ્રગુપ્તના ગુરૂ ચાણાક્યે નંદ રાજાને હણવા માટે મિત્ર બનાવેલા પર્વત નામના મિત્ર રાજાને મરાવી નાખ્યો તેમ પોતાના મિત્રને પણ મારી-મરાવી નાખે છે. (૧૫૦)

પોતાનું કાર્ય સિદ્ધ ન થતાં જેમ રામ અને સુભૂમે પરસ્પર બ્રાહ્મણોનો અને ક્ષત્રિઓનો ક્ષય કર્યો તેમ પોતાના સંબંધીઓ પણ પરસ્પર હૃદયથી નિષ્ઠુર કર્મ કરનારા અને કઠોર શબ્દ સંભળાવનારા (શત્રુ) બને છે. રામ અને સુભૂમ પરસ્પર સંબંધી છતાં વૈર થવાથી રામે સાત વાર પૃથ્વી નક્ષત્રી કરી હતી અને તેનો બદલો લેવા સુભૂમે ૨૧ વાર પૃથ્વી ઉપરથી સર્વ બ્રાહ્મણોનો નાશ કર્યો હતો. (૧૫૧)

कुलघरनिययसुहेसु अ, सयणे अ जणे य निच्च मुणिवसहा।
विहरंति अणिस्साए, जह अज्जमहागिरी भयवं ॥१५२॥
रूवेण जुव्वणेण य, कन्नाहि सुहेहिं वरसिरीए य।
न य लुब्भंति सुविहिया, निदरिसणंजं बूनामुत्ति ॥१५३॥
उत्तमकुलप्पसूया, रायकुलवडिंसगा वि मुणिवसहा।
बहुजणजइसंघट्टं, मेहकुमारु व्व विसहति ॥१५४॥
अवरुप्परसंबाहं, सुक्खं तुच्छं सरीरपीडा य।
सारण वारण चोयण, गुरुजणआयत्तया य गणे ॥१५५॥

(તે કારણે) કુટુંબનાં, ઘરનાં કે સંબંધીઓનાં સુખોમાં, ગામ-નગરમાં રહેવાનાં સુખોમાં, સ્વજનોનાં સુખોમાં તથા સામાન્ય લોકના તરફથી મળનારાં સુખોમાં ભગવાન આર્ય-મહાગિરિની જેમ ઉત્તમ મુનિઓ હંમેશાં નિરપેક્ષ રહે છે. (૧૫૨)

સુવિહિત મુનિઓ રૂપથી, યૌવનથી, કન્યાઓ આપવાથી, સુખનાં સાધનો આપવાથી કે ઘરની લક્ષ્મી આપવાથી લલચાવે તો પણ તેમાં લોભાતા નથી. આ વિષયમાં આર્ય જમ્બૂનું દૃષ્ટાન્ત સમજી લેવું. (૧૫૩)

ઉત્તમ કુળમાં જન્મેલા અને રાજ કુળમાં પ્રધાન (માનનીય) હોય તેવા પણ ઉત્તમ મુનિઓ સાધુપણામાં ઘણા (દેશ-દેશના) સાધુઓના સંઘટ્ટને પણ મેઘકુમારની જેમ સહન કરે છે. ક્ષુદ્ર જીવોને ગચ્છમાં રહેવું દુષ્કર છે. (૧૫૪)

(કારણ કે) ગચ્છમાં રહેવાથી પરસ્પર એક બીજાનું સંઘર્ષણ (સંઘટ્ટન) ખમવું પડે છે, પાંચે ઇન્દ્રિઓનાં સુખ

इक्कस्स कओ ? धम्मो, सच्छंदगई मइपयारस्स ।
किं वा करेइ ? इक्को, परिहरउ कहं ? अकज्जं वा ॥१५६॥
कत्तो ? सुत्तत्थागम-पडिपुच्छणचोयणा य इक्कस्स ।
विणओ वेयावच्चं, आराहणया य मरणंते ॥१५७॥
पिल्लिज्जेसणमिक्को, पइन्नपमयाजणाउ निच्च भयं ।
काउमणो वि अकज्जं, न तरइ काऊण बहुमज्झे ॥१५८॥

(શબ્દાદિ ભોગો) તુચ્છ (નહિ વત્) હોય છે, પરીષહાદિની શારીરિક પીડાઓ ખમવી પડે છે, વડીલો તરફથી થતી સારણા વારણા કે પ્રેરણાદિનું અપમાન સહવું પડે છે અને દરેક કાર્યમાં ગુરૂઓની આજ્ઞાને વશ બનવું પડે છે. (૧૫૫)

(દુષ્કર માનીને ગચ્છવાસને છોડવાથી) સ્વચ્છંદમતિએ વર્તનાર અને પોતાની બુદ્ધિએ જીવનાર એકલા સાધુને (ગુરૂની નિશ્રા વિના) ધર્મ કયાંથી થાય ? અર્થાત્ ન થાય. અથવા એકલો શું આરાધન કરે ? કે અકાર્યનો એ શી રીતે ત્યાગ કરે (કોણ તેને રોકે) ? તથા અલ્પ બુદ્ધિવાળો એકલો સૂત્ર-અર્થરૂપ આગમની પૃચ્છા કોને કરે ? કોની પાસે ભણે ? અથવા તીવ્રબુદ્ધિવાળો હોય તો તેને થતા તર્કોનું (યુક્તિઓનું) સમાધાન પણ કોણ કરે ? વળી એકલો વિનય-વૈયાવચ્ચ વિગેરે કોની કરે ? અને અંતકાળે તેને આરાધના (નિર્જામણા) કોણ કરાવે ? વળી એકલો એષણાસમિતિનું પણ ઉલ્લંઘન કરે અર્થાત્ દોષિત આહારાદિ વાપરતો થઈ જાય, અને ઠેર ઠેર સ્ત્રીઓથી ભરેલા ક્ષેત્રમાં એકલાને (ગોચરી આદિ ફરતાં) પોતાનું ચારિત્ર

उच्चारपासवणवंत–पित्तमुच्छाइ मोहिओ इक्को ।
सद्दवभायणविहत्थो, निक्खिवइ व कुणइ उड्डाहं ॥१५९॥

एगदिवसेण बहुआ, सुहा य असुहा य जीवपरिणामा ।
इक्को असुहपरिणओ, चइज्ज आलंबणं लद्धुं ॥१६०॥

सव्वजिणप्पडिकुट्ठं, अणवत्था थेरकप्पभेओ अ ।
इक्को अ सुआउत्तोवि, हणइ तवसंजमं अइरा ॥१६१॥

ધન લૂંટાઈ જવાનો નિત્ય ભય રહે. તેથી ઉલટું–ગચ્છમાં ઘણાઓની સાથે રહેવાથી અનાદિ વાસનાથી અકાર્ય કરવાની ઇચ્છા થઈ આવે તો પણ કરી શકે નહિ, બચી જાય. (માટે અનેક કષ્ટોવાળો પણ ગચ્છવાસ સંયમને ઉપકારી છે.) (૧૫૬–૧૫૭–૧૫૮)

જેમ કે એકલો સાધુ સ્થંડિલ–માત્રુ કરતાં અથવા વમન કે પિત્તનો પ્રકોપ થતાં વિહ્વળ બનીને (ગભરાઇને) હાથમાં પાણીનું ભાજન લઈ સ્થંડિલાદિ કરે, ત્યારે અસ્વસ્થતાથી ભાજન કે પોતે પડી જાય તો સંયમની અને આત્માની (શરીરની) વિરાધના થાય, પાણી વિના સ્થંડિલાદિ કરતાં શાસનનો ઊહાહ થાય. (૧૫૯)

વળી, જીવને એક દિવસમાં પણ શુભ અને અશુભ ઘણા ઘણા પરિણામો (મનમાં વિતર્કો) થાય છે તેથી જો એકલો હોય તો અશુભ પરિણામને વશ પોતાની મનકલ્પનાને આધારે આલંબન (કારણ) કલ્પીને (પામીને) સંયમનો પણ ત્યાગ કરે–અર્થાત્ એકાકી સંયમથી સર્વથા પડી જાય. (૧૬૦)

वेसं जुण्णकुमारिं, पउत्थवइअं च बालविहवं च ।
पासंडरोहमसइं, नवतरुणिं थेरभज्जं च ॥१६२॥
सविडंकुब्भडरूवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥१६३॥
सम्मद्दिट्ठी वि कयागमोवि, अइविसयरागसुहवसओ ।
भवसंकडंमि पविसइ, इत्थं तुह सच्चई नायं ॥१६४॥

વળી, સાધુને એકાકી બનવાનું સર્વજ્ઞિનેશ્વરોએ નિષેધેલું છે, કારણ કે તેથી એકલા થવાની પરંપરા ચાલે, એથી સ્થવિરકલ્પ (ગચ્છવાસ) છિન્ન ભિન્ન થઈ જાય, વધારે શું ? અતિ અપ્રમત્ત સાધુ પણ એકલો થતાં અલ્પ કાલમાં જ તપ (પ્રધાન) સંયમનો નાશ કરે છે. (૧૬૧)

વેશ્યા, પ્રૌઢ છતાં કુમારી, પતિ પરદેશ ગએલો હોય તેવી, બાલવિધવા, કપટથી વ્રતધારી (સાધ્વી) બનેલી, દુરાચારિણી, નવયૌવના, વૃદ્ધા, જેનું ઉદ્ભટરૂપ–વેષ જોતાંની સાથે અધ્યવસાયોને મલીન કરે તેવી, તથા દૃષ્ટિ (જોવા) માત્રથી મોહ થાય તેવી, ઉપર્યુક્ત કોઇ સ્ત્રીને આત્મહિતને ઇચ્છતા સાધુઓ અતિ દૂરથી જ તજે છે, મનથી પણ તેની ઇચ્છા કરતા નથી. કારણ કે સ્ત્રીનો રાગ સર્વ અપાયો (અનર્થો)નું કારણ છે. (૧૬૨–૧૬૩)

સમકિત દૃષ્ટિ અને આગમનો જાણ (ગીતાર્થ) છતાં પાંચે ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાં સુખ માને તો વિષયોના અતિરાગને વશ પડી સંસારનાં સંકટોમાં પડે છે, હે શિષ્ય ! આ વિષયમાં તારે સત્યકી વિદ્યાધરનું ઉદાહરણ જાણવું. (માટે વિષયોના રાગથી ગુરૂકુળવાસ તજવો નહિ.) (૧૬૪)

सुतवस्सियाण पूया-पणामसक्कारविणयकज्जपरो ।
बद्धं पि कम्ममसुहं, सिढिलेइ दसारनेया व ॥१६५॥
अभिगमणवंदणनमंसणेण, पडिपुच्छणेण साहूणं ।
चिरसंचियं पि कम्मं, खणेण विरलत्तणमुवेइ ॥१६६॥
केइ सुसीला सुहम्माइ, सज्जणा गुरुजणस्स वि सुसीसा ।
विउलं जणंति सद्धं, जह सीसो चंडरुद्दस्स ॥१६७॥
अंगारजीववहगो, कोइ कुगुरुसुसी परिवारोस ।
सुमिणे जईहि दिट्ठो, कोलो गयकलहपरिकिन्नो ॥१६८॥

(સાધુઓએ તો વડીલોની ઉપાસના કરવી જ જોઇએ કિન્તુ શ્રાવકો પણ સાધુઓની ઉપાસના કરે છે કારણ કે-) ઉત્તમ સાધુઓની વસ્ત્રાદિથી પૂજા, પ્રણામ, સ્તુતિરૂપ સત્કાર અને વિનયાદિ કરવામાં તત્પર હોય તે ગ્રહસ્થ છતાં પણ કૃષ્ણની જેમ બાંધેલાં પણ અશુભ કર્મોને છોડે છે. (૧૬૫)

આવતા સાધુની સામે જવાથી, ગુણસ્તુતિરૂપ વન્દન કરવાથી, મન અને કાયાથી નમવારૂપ નમસ્કાર કરવાથી અને સુખશાતાદિ પૂછવાથી, સાધુઓનાં (શ્રાવકોનાં પણ) ઘણા કાળનાં બાંધેલાં કર્મો ક્ષણમાં વિરલ થઈ જાય છે. (૧૬૬)

ચંડરૂદ્રાચાર્યના (નૂતન) શિષ્યની જેમ કોઈ (ઇન્દ્રિયો અને મનની સમાધિવાળા સુશીલ અને જ્ઞાન ચારિત્રરૂપ ધર્મવાળા સજ્જન શિષ્યો) (વિનયથી) સામાન્ય સાધુને જ નહિ, ગુરૂના મનમાં પણ મોટી શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. (૧૬૭)

सो उग्गभवसमुद्द, सयंवरमुवागएहिं राएहिं ।
करहोवक्खरभरिओ, दिट्ठो पोराणसीसेहिं ॥१६९॥
संसारवंचणा न वि, गणंति संसारसुअरा जीवा ।
सुमिणगएण वि केई, बुज्झंति पुप्फचूला व्व ॥१७०॥

કોલસાને જીવ સમજી હિંસા કરનારા ઉત્તમ શિષ્યોથી પરિવરેલા કોઈ કુગુરૂ(અંગારમર્દકાચાર્ય)ને અન્ય સાધુઓએ 'સ્વપ્નમાં એક ભુંડ હાથીઓનાં બચ્ચાંથી પરિવરેલો આવે છે' એ રીતે જોયો. તે ઉગ્રસંસાર-સમુદ્રમાં ભમ્યો કે તેના પૂર્વભવના શિષ્યો જે અન્યભવે રાજ-પુત્રો થયા હતા અને સ્વયરમંડપમાં આવેલા હતા તેઓએ જાતિસ્મરણ જ્ઞાનથી પોતાના તે પૂર્વ ગુરૂને અતિભાર વહન કરતા ઊંટના અવતારને પામેલો જોયો. (અર્થાત્ પોતાના ગુરૂ અંગારમર્દકાચાર્ય અભવ્ય છે એમ જાણી તેઓના શિષ્યો તે ગુરૂને છોડી અન્ય ગુરૂની નિશ્રામાં આરાધના કરી એક જ રાજાના રાજપુત્રો થયા. તે સ્વયંવરમંડપમાં બધા ગજપુર નગરે આવેલા ત્યાં પોતાના ગુરૂ (અંગારમર્દકાચાર્ય) ને જાતિ-સ્મરણ જ્ઞાનથી ઊંટના અવતારમાં અતિ કષ્ટ ભોગવતા જોઇ વૈરાગ્ય પામી સર્વે દીક્ષિત થયા, ગુરૂની દયાથી તેઓએ તે ઊંટને કષ્ટમાંથી છોડાવ્યો. (૧૬૮–૧૬૯)

સંસારમાં વિષયસુખમાં ભુંડ જેવા (ગૃદ્ધ) કોઈ જીવો પોતે સંસારથી ઠગાય છે તેની ગણના કરતા નથી, તો કોઈ ઉત્તમ જીવો સ્વપ્નમાં પણ સંસારનાં નરકાદિ દુઃખો જોઇને પુષ્પચૂલાની જેમ બોધ પામે છે. (૧૭૦)

जो अविकलं तवं संजमं च, साहू करिज्ज पच्छा वि ।
अन्नियसुय व्व सो नियग–मट्ठमचिरेण साहेइ ॥१७१॥

सुहिओ न चयइ भोए, चयइ जहा दुक्खिओ त्ति अलियमिणं ।
चिक्कणकम्मोलित्तो, न इमो न इमो परिच्चयइ ॥१७२॥

जह चयइ चक्कवट्टी, पवित्थरं तत्तियं मुहुत्तेण ।
न चयइ तहाअहन्नो, दुब्बुद्धी खप्परं दमओ ॥१७३॥

देहो पिवीलियाहिं, चिलाइपुत्तस्स चालणी व्व कओ ।
तणुओ वि मणपओसो, न चालिओ तेण ताणुवरिं ॥१७४॥

જે કોઈ સાધુ અંત કાલે પણ તપ–સંયમની સાધના અખંડપણે કરે છે તે 'અર્ણિકાપુત્ર' આચાર્યની જેમ નિયમા પોતાના પ્રયોજનને–સુખને અલ્પ કાલમાં જ સાધે છે. (૧૭૧)

(ધર્મ દુઃખીઆઓ કરે છે એમ નથી.) કોઈ કહે 'કે સુખી જીવ ભોગને તજતો નથી કે જેમ દુખી તજે છે' તો એ અસત્ય વચન છે, કારણ કે સુખી કે દુઃખી ગમે તે હોય પણ જ્ઞાનાવરણીયાદિ ચીકણા કર્મોના ઉદયવાળો ભોગને તજી શકતો નથી–હળુકર્મી તજી શકે છે. (૧૭૨)

જેમ છ ખંડની ઋદ્ધિ જેટલા મોટા પરિગ્રહને પણ એક ક્ષણમાં ચક્રવર્તી છોડી દે છે તેમ નિર્ભાગી–મંદબુદ્ધિ એવો રંક પોતાના ફૂટેલા પાત્રને (ભીખ માગવાના ખપ્પરને) પણ તજી શકતો નથી. (૧૭૩)

(પાતળાં (અલ્પ) કર્મવાળા જીવો તો શરીરનો પણ ત્યાગ કરી સંયમની રક્ષા કરે છે.) ચિલાતીપુત્રના શરીરને

પાણચ્ચએ વિ પાવં, પિવીલિયાએ વિ જે ન ઇચ્છંતિ ।
તે કહ જઈ અપાવા, પાવાઇં કરેંતિ અન્નસ્સ ? ॥૧૭૫॥

જિણપહઅપંડિયાણં, પાણહરાણં પિ પહરમાણાણ ।
ન કરંતિ ય પાવાઇં, પાવસ્સ ફલં વિયાણંતા ॥૧૭૬॥

વહમારણઅબ્ભક્ખાણ–દાણપરધણવિલોવણાઇણં ।
સવ્વજહન્નો ઉદઓ, દસગુણિઓ ઇક્કસિ કયાણં ॥૧૭૭॥

કીડીઓએ આરપાર નીકળી ચાલણી જેવું બનાવ્યું તો પણ તે મહાત્માએ મનમાં કીડીઓ ઉપર અલ્પમાત્ર પણ દ્વેષ ન કર્યો. (૧૭૪)

પ્રાણાન્તે પણ જેઓ એક કીડી જેવા જીવનો પણ દ્રોહ કરવા ઇચ્છતા નથી તે નિરવદ્ય જીવનવાળા સાધુઓ બીજાઓનો (મનુષ્યાદિનો) દ્રોહ–પાપ તો કરે જ કેમ? અર્થાત્ ન કરે. (૧૭૫)

પાપનાં ફળોને જાણતા જ્ઞાનીઓ (બીજાઓનો તો દ્રોહ ન કરે પણ) જિનકથિતધર્મને નહિ જાણનારા–અજ્ઞાન, જીવોના પ્રાણ લેનારા–ઘાતકી અને તલવાર વિગેરે શસ્ત્રોથી મારનારા–ખુની, વિગેરે અધમ પુરૂષોનું પણ અહિત (તેને મારવા વિગેરેનો વિચાર) કરતા નથી, ઉલટું તેઓનાં કુકર્મ-ના ભાવિદુઃખોથી દયા ચિંતવે છે. (૧૭૬)

એક જ વાર કરેલાં પણ પાપો, જેવાં કે–માર મારવો, મારી નાખવો, ખોટું આળ આપવું (કલંક ચઢાવવું), પારકું ધન ચોરવું–લૂંટવું, કોઈની ગુપ્તવાત પ્રગટ કરવી, વિગેરેનો

तिव्वयरे उ पओसे, सयगुणिओ सयसहस्सकोडिगुणो ।
कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा ॥१७८॥
के इत्थ करेंतालंबणं, इमं तिहुयणस्स अच्छेरं ।
जह नियमाखवियंगी, मरुदेवी भगवई सिद्धा ॥१७९॥
किं पि कहिं पि कयाइ, एगे लद्धीहिं केहि वि निभेहिं ।
पत्तेयबुद्धलाभा, हवंति अच्छेरयब्भूया ॥१८०॥

ઓછામાં ઓછો વિપાક (બદલો) દશ ગુણો ભોગવવો પડે છે અને દ્વેષ (કષાય) તીવ્ર–અતિ ઉત્કટ હોય તો એવા દ્વેષથી એક જ વખત કરેલાં પાપોનું દ્વેષની વિચિત્રતાને અનુસાર સોગુણું, લાખગુણું, ક્રોડગુણું, ક્રોડાક્રોડગુણું કે એથી પણ ઘણું ફળ (વિપાક) ભોગવવું પડે છે. (૧૭૭–૧૭૮)

કોઈ જીવો આ વિષયમાં ત્રિભુવનને આશ્ચર્ય પમાડનારૂં (અચ્છેરાભૂત) આ આલંબન લઈને પ્રમાદ સેવે છે કે–જેમ તપ સંયમથી શરીરને કષ્ટો આપ્યા વિના જ ભગવતી 'મરૂદેવી' સિદ્ધિપદને પામ્યાં તેમ અમારી પણ સિદ્ધિ (મુક્તિ) થશે, અપ્રમાદનું (તપ–સંયમનું) શું પ્રયોજન છે? (૧૭૯)

કોઈ વખત–કોઈ ક્ષેત્રમાં–કોઇ વૃષભાદિ પદાર્થને જોઇને કોઇ 'કરકંડુ' વિગેરે તેવી પોતાની કર્મના ક્ષય-ક્ષયોપશમ રૂપ લબ્ધિથી તેવાં નિમિત્તોને પામીને જગતમાં આશ્ચર્યભૂત (પ્રત્યેકબુદ્ધ) બને છે. એથી એવાં કાદાચિત્ક અચ્છેરાભૂત દૃષ્ટાન્તોનો આશ્રય લઈને બીજાઓએ તપ સંયમમાં શિથીલતા કરવી નહિ. (૧૮૦)

निहिं संपत्तमहन्नो, पत्थितो जह जणो निरुत्तप्पो ।
इह नासइ तह पत्तेअ–बुद्धलच्छि पडिच्छंतो ॥१८१॥

सोऊण गइं सुकुमालियाए, तह ससगभसगभइणीए ।
ताव न विससियव्वं, सेयट्ठी धम्मिओ जाव ॥१८२॥

खरकरहतुरयवसहा, मत्तगइंदा वि नाम दम्मंति ।
इक्को नवरि न दम्मइ, निरंकुसो अप्पणो अप्पा ॥१८३॥

वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
मा हं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥१८४॥

રત્નાદિનિધિની ઇચ્છાવાળો નિર્ભાગી મનુષ્ય પ્રાપ્ત થએલા નિધિને ગ્રહણ કરવા માટે 'બલિદાન' વિગેરે કરવા યોગ્ય ક્રિયામાં પ્રમાદ કરીને નિધિને ગુમાવે છે, લોકોમાં હાસ્યપાત્ર બને છે, તેમ પ્રત્યેકબુદ્ધ વિગેરેનાં આલંબન લઈ સંયમ–તપમાં પ્રમાદ કરનારો મોક્ષરૂપ નિધિને ગુમાવે છે. (૧૮૧)

માટે–શશક–ભશક મુનિની બહેન સુકુમારિકાની ગતિ (સંયમભ્રષ્ટતા) સાંભળીને ધર્મી આત્માએ મરણપર્યંત (અથવા મોક્ષપર્યંત) રાગ–દ્વેષનો વિશ્વાસ નહિ કરવો અર્થાત્ રાગ–દ્વેષથી સદૈવ ડરીને દૂર રહેવું. (૧૮૨)

ગધેડાં, ઊંટ, ઘોડા, વૃષભો અને મદોન્મત્ત હાથીઓને પણ વશ કરી શકાય છે. એક જ માત્ર તપ–સંયમ વિનાનો નિરંકુશ આપણો આત્મા વશ કરી શકાતો નથી. અર્થાત્ આત્માને વશ કરવો એ અતિ દુષ્કર છે. (૧૮૩)

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥१८५॥
निच्चं दोससहगओ, जीवो अविरहियमसुभपरिणामो ।
नवरं दिन्ने पसरे, तो देइ पमायमयरेसु ॥१८६॥
अच्चिय वंदिय पूइअ, सक्कारिय पणमिओ महग्घविओ ।
तं तह करेइ जीवो, पाडेइ जहप्पणो ठाणं ॥१८७॥

સંયમ–તપથી મારે જ મારા આત્માને વશ કરવો શ્રેષ્ઠ છે કે જેથી વધ બંધન વિગેરેથી બીજાઓને મારા આત્માને અન્ય ગતિમાં વશ કરવાનો ન રહે. (૧૮૪)

આત્માને જ વશ કરવો જોઇએ, કારણ કે તેને વશ કરવો દુઃશકય છે. (બાહ્ય શત્રુઓને વશ કરવા દુઃશકય નથી) વશ કરેલો આત્મા આ લોકમાં અને પરલોકમાં પણ સુખી થાય છે. (૧૮૫)

નિત્ય રાગ–દ્વેષાદિ દોષથી ભરેલો જીવ સતત અશુભ પરિણામવાળો હોવાથી માત્ર તેને છૂટ આપતાં જ તે લોક-વિરૂદ્ધ અને આગમવિરૂદ્ધ કાર્યો દ્વારા પ્રમાદને જ કરે છે. (૧૮૬)

જેમ જેમ ચંદનાદિથી ચર્ચાય, સ્તુતિ વિગેરેથી વંદાય, વસ્ત્રાદિથી પૂજાય, અભ્યુત્થાનાદિથી સત્કારાય કે મસ્તકથી પ્રણામ કરાય, તેમ તેમ જીવ તેવું કરે કે જેથી 'આચાર્યપદ' વિગેરે સ્થાનથી પોતાને ભ્રષ્ટ કરે છે, (અર્થાત્ અનુકૂળ ઉપસર્ગો અતિ દુઃસહ છે. માટે માન–પૂજા–વન્દન–સત્કારાદિમાં રાગ કરવો નહિ.) (૧૮૭)

सीलव्वयाइं जो बहुफलाइँ, हंतूण सुक्खमहिलसइ ।
धिइदुब्बलो तवस्सी, कोडीए कागिणिं किणइ ॥१८८॥
जीवो जहामणसियं, हियइच्छियपत्थिएहिं सुक्खेहिं ।
तोसेऊण न तीरई, जावज्जीवेण सव्वेण ॥१८९॥
सुमिणंतराणुभूयं, सुक्खं समइच्छियं जहा नत्थि ।
एवमिमं पि अईयं, सुक्खं सुमिणोवमं होई ॥१९०॥
पुरनिद्धमणे जक्खो, महुरामंगू तहेव सुयनिहसो ।
बोहेइ सुविहियजणं, विसूरइ बहुं च हियएण ॥१९१॥

સ્વર્ગ–મોક્ષ જેવા મહાફળને આપનારાં શીલ અને વ્રતોનો નાશ કરીને જે બાહ્ય સુખની ઇચ્છા કરે છે તે મંદ બુદ્ધિવાળો તપસ્વી (બિચારો) કોડને બદલે કાકિણી (રૂપીયાના એંશીમા ભાગ રૂપ કોડી)ને ખરીદ કરે છે. (૧૮૮)

આ સંસારી જીવને યાવજ્જીવ સુધી મનોભીષ્ટ અને હૃદયથી ઇચ્છિત સુખોથી પણ સંતુષ્ટ કરી શકાતો નથી. ગમે તેવાં તેટલાં સુખો ભોગવવા છતાં તેને સંતોષ થતો જ નથી. (૧૮૯)

સ્વપ્નમાં અનુભવેલું સુખ જેમ જાગ્યા પછી નથી હોતું, તેમ આ જાગતાં ભોગવેલું વૈષયિક સુખ પણ ભોગવ્યા પછી સ્વપ્ન તુલ્ય બને છે, માટે તેમાં રાગ નહિ કરવો. (૧૯૦)

(વિષયમાં ગૃદ્ધિ કરવાથી) જાણે શ્રુતજ્ઞાનની પરીક્ષા કરવા માટે કસોટી ન હોય, તેવા ગીતાર્થ જ્ઞાની પણ '(મથુરા)

निग्गंतूण घराओ, न कओ धम्मो मए जिणक्खाओ ।
इड्ढिरससायगुरुयत्तणेण, न य चेइओ अप्पा ॥१९२॥
ओसन्नविहारेणं, हा जह झीणंमि आउए सव्वे ।
किं काहामि अहन्नो, संपइ सोयामि अप्पाणं ॥१९३॥
हा जीव ! पाव भमिहिसि, जाईजोणीसयाइं बहुआइं ।
भवसयसहस्सदुलहं पि, जिणमयं एरिसं लद्धुं ॥१९४॥

भंगु' નામના આચાર્ય મરીને રસની લોલુપતાથી મથુરા-નગરીના બાળની નજીક યક્ષ (વ્યંતર) થયા. તેઓએ વિભંગ-જ્ઞાનથી ઓળખીને પોતાના ઉત્તમ શિષ્યોને જીભ બતાવીને રસગૃદ્ધિ નહિ કરવા સમજાવ્યા અને પોતે કરેલી ભૂલથી ખૂબ દુઃખી થયા. (૧૯૧)

તે યક્ષ ચિંતા કરે છે કે–ઘરમાંથી નીકળીને મેં શ્રી-જિનકથિત ધર્મ ન કર્યો, કિન્તુ શિષ્યસંપત્તિ રૂપ ઋદ્ધિ, મધુર વિગેરે રસો અને કોમળ શય્યાદિના ભોગ રૂપ શાતા, એ ત્રણ ગારવ (અભિમાન)થી મેં મારા આત્માને ન ઓળખ્યો. એના ભાવિ દુઃખોનો વિચાર ન કર્યો. (૧૯૨)

ખેદની વાત છે કે–શૈથિલ્ય આચરણ કરીને હું જીવ્યો અને તે ભવનું સર્વ આયુષ્ય પૂર્ણ થયું, હવે નિર્ભાગી વ્યંતર બનેલો હું શું કરું ? માત્ર આત્માનો પશ્ચાત્તાપ જ કરું. (૧૯૩)

(ભંગુ આચાર્ય–યક્ષ પશ્ચાત્તાપ કરે છે કે) લાખો જન્મ–મરણ કરતાં પણ મળવો દુર્લભ એવો સુંદર શ્રી

पावो पमायवसओ, जीवो संसारकज्जमुज्जुत्तो ।
दुक्खेहिं न निव्विण्णो, सुक्खेहिं न चेव परितुट्ठो ॥१९५॥
परितप्पिएण तणुओ, साहारो जइ घणं न उज्जमइ ।
सेणियराया तं तह, परितप्पंतो गओ नरयं ॥१९६॥
जीवेण जाणि विसज्जियाणि, जाईसएसु देहाणि ।
थोवेहिं तओ सयलंपि, तिहुयणं हुज्ज पडिहत्थं ॥१९७॥

જિનધર્મ પામીને પણ (તારા શિથિલ આચરણથી) હે પાપી જીવ ! ઘણા સેંકડો (હજારો–લાકખો) વાર એકેન્દ્રિયાદિ જાતિમાં શીત–ઉષ્ણ આદિ યોનિઓમાં તું ભમીશ. (૧૯૪)

કષાયને વશ પડેલો પાપી જીવ સદાય સંસાર વધારનારાં કાર્યોમાં ઉદ્યમી રહે છે. તેથી ઘણું દુઃખ ભોગવવા છતાં તે હજુ કંટાળ્યો નહિ અને ઘણાં સુખો મળવા છતાં તે ધરાયો નહિ. (૧૯૫)

જો તપ–સંયમમાં સખ્ત ઉદ્યમ ન કરે તો માત્ર પશ્ચાત્તાપ (પાપનો ખેદ) કરવાથી કોઈ વિશેષ રક્ષા થાય નહિ, અલ્પ માત્ર રક્ષણ થાય. જેમ કે શ્રેણિક રાજા અવિરતિ (જીવન)નો ઘણો પશ્ચાત્તાપ કરવા છતાં નરકે ગયો. અર્થાત્ તપ–સંયમનો સતત ઉદ્યમ કરવા સાથે પાપનો પશ્ચાત્તાપ કરવાથી રક્ષણ થાય છે. (૧૯૬)

જીવે ભૂતકાળમાં સેંકડો જાતિઓમાં જે જે શરીરો છોડયાં, તેના થોડા (અનંતમા) ભાગથી પણ સકળ ત્રણે જગત પૂર્ણ ભરાઈ જાય. અર્થાત્ એટલાં શરીર–આહાર–ભોગાદિ ભોગવવા છતાં જીવને સંતોષ ન થયો. (૧૯૭)

नहदंतमंसकेसट्ठिएसु, जीवेण विप्पमुक्केसु ।
तेसु वि हविज्ज कइलास–मेरुगिरिसन्निभा कूडा ॥१९८॥
हिमवंतमलयमंदर–दीवोदहिधरणिसरिसरासीओ ।
अहिअयरो आहारो, छुहिएणाहारिओ होज्जा ॥१९९॥
जं णेण जलं पीयं, घम्मायवजगडिएण तंपि इहं ।
सव्वेसु वि अगडतलाय–नईसमुद्देसु नवि हुज्जा ॥२००॥
पीयं थणयच्छीरं, सागरसलिलाओ होज्ज बहुअयरं ।
संसारम्मि अणंते, माऊणं अन्नमन्नाणं ॥२०१॥

જીવે ભૂતકાળમાં જે જે નખ, દાંત, માંસ, કેશ (વાળ) અને હાડકાં છોડી દીધાં તે એક એકના પણ કૈલાસ અને મેરૂ પર્વત જેવડા કૂટ (ઢગલા) થાય. (૧૯૮)

હિમવંત પર્વત, મલયાચળ, મેરૂ પર્વત, બધા દ્વીપો અને સમુદ્રો તથા પૃથ્વીઓના રાશિઓથી પણ અધિકતર રાશિઓ થાય તેટલો આહાર ભૂખ્યા જીવે ભૂતકાળમાં ખાધો છે. (૧૯૯)

ગ્રીષ્મ આતાપ (ગરમી)થી પરાભવ પામેલા–તરસ્યા આ જીવે ભૂતકાળમાં જે પાણી પીધું છે તેટલું પાણી સઘળાય કૂવા, તળાવો, નદીઓ અને સમુદ્રોમાં પણ ન થાય. (૨૦૦)

વળી અનંત કાળથી સંસારમાં જુદી જુદી માતાઓના સ્તનનું દૂધ (ધાવણ) તેણે એટલું પીધું છે કે તે સમુદ્રો અને નદીઓથી પણ ઘણું જ વધારે થાય. અર્થાત્ તેની નદીઓ ચાલે અને સમુદ્રો ભરાય. (૨૦૧)

पत्ता य कामभोगा, कालमणंतं इहं सउवभोगा ।
अपुव्वं पिव मन्नइ, तहवि य जीवो मणे सुक्खं ॥२०२॥
जाणइ अ जहा भोगिड्ढिसंपया सव्वमेव धम्मफलं ।
तहवि दढमूढहियओ, पावे कम्मे जणो रमइ ॥२०३॥
जाणिज्जइ चिंतिज्जइ, जम्मजरामरणसंभवं दुक्खं ।
न य विसएसु विरज्जइ, अहो सुबद्धो कवडगंठी ॥२०४॥
जाणइ य जह मरिज्जइ, अमरंतं पि हु जरा विणासेई ।
न य उव्विग्गो लोगो, अहो ! रहस्सं सुनिम्मायं ॥२०५॥

જીવે આ સંસારમાં અનંત કાળ સુધી અનુભવ પૂર્ણ કામભોગો એટલે શબ્દાદિ વિષયોના ભોગો પ્રાપ્ત કર્યા (ભોગવ્યા) છે; તો પણ વર્તમાનમાં વિષય સુખને મનમાં અપૂર્વ-જાણે કદી ભોગવ્યું જ ન હોય તેમ માને છે. (૨૦૨)

જીવ જાણે છે-દેખે છે કે ભોગોના ઉત્કર્ષની પ્રાપ્તિ (ઘણા ઘણા ભોગ ભોગવવા) તે સઘળું ધર્મનું જ ફળ છે, તથાપિ અતિ મૂઢ હૈયાવાળો તે પાપકર્મમાં જ આનંદ માને છે. (૨૦૩)

(વિષયભોગનાં ફળો રૂપ) જન્મ-જરા અને મરણાદિનું દુઃખ ગુરૂ ઉપદેશથી જાણી શકે છે અને બુદ્ધિથી સમજી પણ શકે છે, છતાં વિષયોનો રાગ છોડતો નથી. અહો ! જીવોને મોહનો પાશ (બંધ) સખ્ત બંધાએલો છે. (૨૦૪)

જાણે છે કે મરી જવાનું છે, નહિ મરે ત્યાં સુધી

दुपयं चउप्पयं बहु-पयं च अपयं समिद्धमहणं वा ।
अणवकएऽवि कयंतो, हरइ हयासो अपरितंतो ॥२०६॥
न य नज्जइ सो दियहो, मरियव्वं चाऽवसेण सव्वेण ।
आसापासपरद्धो, न करेइ य जं हियं बज्झो ॥२०७॥
संझरागजलबुब्बुओवमे, जीविए य जलबिंदुचंचले ।
जुव्वणे य नईवेगसन्निभे, पाव जीव ! किमियं न बुज्झसि ?
॥२०८॥

ઘડપણ શરીરને ક્ષીણ કરવાનું છે તો પણ લોકને આ સંસારનો ભય થતો નથી, અરે ! આ સંસારનું (મોહનું) અતિ અગમ્ય રહસ્ય જુઓ તો ખરા. (૨૦૫)

બે પગવાળા, ચાર પગવાળા, ઘણા પગવાળા, પગ વગરના (સાપ વિગેરે), સમૃદ્ધિવાળા, કે દરિદ્ર (મૂર્ખ કે પંડિત, રાજા કે રંક) સર્વને દુષ્ટ યમ તેનો કોઈ એ કંઈ અપકાર નહિ કરવા છતાં અવિશ્રાન્તપણે સતત હરણ કરે છે. (૨૦૬)

તે દિવસ જાણવામાં નથી કે જે દિવસે મરવાનું છે, તથાપિ સર્વને પરાધીનપણે મરવાનું નક્કી છે. છતાં શૂળી કે ફાંસી ઉપર રહેલો જેમ કંઈ કરી શકતો નથી તેમ આશાના બંધનથી બંધાયેલો જીવ કંઈ હિત સાધતો નથી. (૨૦૭)

આયુષ્ય સંધ્યાના રંગ તથા પાણીના પરપોટા જેવું અને ઘાસના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિન્દુ જેવું ચંચળ છે; વળી યૌવન નદીના પૂર જેવું નાશવંત છે, એમ

જ જં નજ્જઇ અસુઇં, લજ્જિજ્જઇ કુચ્છણિજ્જમેયં તિ।
તં તં મગ્ગઇ અંગં, નવરમણંગુત્થ પડિકૂલો ॥૨૦૯॥
સવ્વગહાણં પભવો, મહાગહો સવ્વદોસપાયટ્ટી।
કામગ્ગહો દુરપ્પા, જેણભિભૂયં જગં સવ્વં ॥૨૧૦॥
જો સેવઇ કિં લહઇ? થામં હારેઇ દુબ્બલો હોઇ।
પાવેઇ વેમણસ્સં, દુક્ખાણિ ય અત્તદોસેણં ॥૨૧૧॥

હે પાપ કરનારા જીવ! શું તું નથી જાણતો? અર્થાત્ તું જેને માટે પાપ કરે છે તે બધું ક્ષણિક–નાશવંત છે. (૨૦૮)

જે સર્વ પદાર્થો (બાલકને પણ સમજાય તેવા) અપવિત્ર છે અને દુર્ગંછનીય હોવાથી જેની ઇચ્છા કે સ્પર્શ કરવો તે પણ લજ્જાસ્પદ છે તે તે સ્ત્રીઓનાં અશુચિ અંગોની તું જેના માટે ઇચ્છા કરે છે તે અનંગ-કામ આ જગતમાં અતિ પ્રતિકૂળ–વૈરી છે. (તેના પોષણ માટે તું અશુચિ કેમ ચૂંથે છે?) (૨૦૯)

સર્વ ઉન્માદોની ઉત્પત્તિનું કારણ અને પરદારા સેવન વિગેરે સર્વ દોષોને કરાવનાર દુષ્ટાત્મા (સ્વરૂપે દુષ્ટ) કામ-વિકાર એ એક મહાઉન્માદ છે કે જેણે સર્વ જગતને વશ કરેલું છે. (૨૧૦)

એવા દુષ્ટ કામની જે સેવા કરે છે તે શું તૃપ્તિ વિગેરે કંઈ લાભ મેળવે છે? અર્થાત્ કંઈ મેળવતો નથી, ઉલટું બળ–તાકાત ગુમાવે છે, દુર્બળ થાય છે, ચિત્તમાં ઉદ્વેગ પામે છે અને પોતાના અજ્ઞાનતાદિ અપરાધોથી ક્ષય-વ્યાધિઓ વિગેરેનાં દુઃખો ભોગવે છે. (૨૧૧)

जह कच्छुल्लो कच्छुं, कंडूयमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥२१२॥
विसयविसं हालहलं, विसयविसं उक्कडं पियंताणं ।
विसयविसाइन्नं पिव, विसयविसविमूइया होई ॥२१३॥
एवं तु पंचहिं आसवेहिं, रयमायणित्तु अणुसमयं ।
चउगइदुहपेरंतं, अणुपरियट्टंति संसारे ॥२१४॥

જેમ પામા–ખસનો દર્દી ખસને ખણતો તે ખસના દુઃખને સુખ માને છે તેમ મોહ (કામ) થી પીડાતા મનુષ્યો વિષયોનાં દુઃખોને પણ સુખ તરીકે સમજાવે છે, પોતાની ઇચ્છા પૂર્ણ કરવા બીજાઓને પણ દુઃખને સુખ કહી ઉંધે માર્ગે ચઢાવે છે. (૨૧૨)

વિષયોરૂપી ઝેર (આત્માને અનંતા જન્મમરણો કરાવનારા હોવાથી) હાલાહલ (તુર્ત પ્રાણ લેનાર ઝેર) જેવું છે. જેમ લોકપ્રસિદ્ધ કાલકુટ વિગેરે ઝેરો તીવ્રપણે (વધુ) પીવાથી તેનું અજીર્ણ થાય છે (મરવું પડે છે), તેમ વિષયોરૂપી ઝેરથી પણ વિશૂચિકા (અજીર્ણ) થતાં (અનંતા ભવો સુધી) મરવું પડે છે. (૨૧૩)

એ પ્રમાણે (ચક્ષુ વિગેરે કર્મ બંધાવનારાં)આશ્રવો દ્વારા પ્રતિ સમય કર્મરૂપરજને લઇને (કઠોર કર્મો બાંધીને) જીવ ચારે ગતિમાં ઉત્કૃષ્ટ (કઠોરતમ) દુઃખો ભોગવતો સંસારમાં પરિભ્રમણ કરે છે. (૨૧૪)

सव्वगईपक्खंदे, काहंति अणंतए अकयपुण्णा ।
जे य न सुणंति धम्मं, सोऊण य जे पमायंति ॥२१५॥
अणुसिट्ठा य बहुविहं, मिच्छद्दिट्ठी य जे नरा अहमा ।
बद्धनिकाइयकम्मा, सुणंति धम्मं न य करेंति ॥२१६॥
पचेव उज्झिऊणं, पंचेव य रक्खिऊण भावेणं ।
कम्मरयविप्पमुक्का, सिद्धिगइमणुत्तरं पत्ता ॥२१७
नाणे दंसणचरणे, तवसंजमसमिइगुत्तिपच्छित्ते ।
दमउस्सग्गववाए, दव्वाइ अभिग्गहे चेव ॥२१८॥

કેટલાક એવા નિષ્પુણ્યક (પુણ્યકર્મને નહિ કરતા) જીવો સંસારમાં સર્વ ગતિઓમાં ગમન (ભ્રમણ) કરે છે, કે જેઓ ધર્મને સાંભળતા નથી અને સાંભળે તો પણ પ્રમાદ કરે છે, આચરતા નથી. (૨૧૫)

(સાંભળવા છતાં કોણ ધર્મને નથી કરતા ?) અધમ મિથ્યાદૃષ્ટિ મનુષ્યો એવાં નિકાચિત કર્મોથી બંધાએલા હોય છે કે જેઓને અનેક રીતે સમજાવવા છતાં ધર્મ સાંભળે છે પણ કરતા નથી. (૨૧૬)

(કોઇ પુણ્યવંત જીવો) પાંચ આશ્રવો (હિંસા–જૂઠ–ચોરી અબ્રહ્મ અને પરિગ્રહ) નો ત્યાગ કરીને પાંચ (અહિંસાદિ કે ઇન્દ્રિયો) નું પરમાર્થથી (યથાયોગ્ય) રક્ષણ કરીને એ દ્વારા કર્મરૂપ રજથી મુક્ત થયેલા સર્વશ્રેષ્ઠ એવી સિદ્ધિગતિને પામ્યા છે. (૨૧૭)

જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, તપમાં, જીવરક્ષાદિ સંયમમાં, પાંચસમિતિમાં, ત્રણગુપ્તિમાં, આલોચના–પ્રતિક્રમ-

सद्दहणायरणाए, निच्चं उज्जुत्त एसणाइ ठिओ ।
तस्स भवोअहितरणं, पव्वज्जाए य सम्मं तु ॥२१९॥
जे घरसरणपसत्ता, छक्कायरिऊ सकिंचणा अजया ।
नवरं मोत्तूण घरं, घरसंकमणं कयं तेहिं ॥२२०॥
उस्सुत्तमायरंतो, बंधइ कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च पवड्ढइ, मायामोसं च कुव्वइ य ॥२२१॥

ણાદિ પ્રાયશ્ચિત્તમાં, ઇન્દ્રિઓના દમનમાં, ઉત્સર્ગ માર્ગમાં, અપવાદ માર્ગમાં અને (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ)અભિગ્રહોમાં. (૨૧૮) તથા-શ્રદ્ધાપૂર્વક ધર્મ આચરવામાં નિત્ય ઉદ્યમી જે જીવ એષણા (નિર્દોષ આહારાદિ) નું સેવન (પાલન) કરે છે તે જ તેનું સંસારસમુદ્રથી તરવાનું કાર્ય છે. અર્થાત્ એ સદાચારોનું પાલન એ જ સંસાર સમુદ્ર તરવાની ક્રિયા છે અને તેની જ દીક્ષા સમ્યગ્ છે અન્યથા દીક્ષા લેવા છતાં નિષ્ફળ (કે અહિતકર) છે. (૨૧૯)

(ઘર છોડવા છતાં) જેઓ ઘરની સાર સંભાળરૂપ સાવદ્ય કાર્યમાં પ્રવર્તે છે, એથી જેઓ છકાય જીવોના શત્રુ (હિંસક) છે, ધનને રાખનારા છે અને મન, વચન અને કાયાથી અયતનાવાળા છે, તેઓએ માત્ર એક ઘર છોડીને સાધુવેષ ધારણ કરવા રૂપે બીજા ઘરમાં પ્રવેશ કર્યો છે, એમ કરવું તે મહાઅનર્થનું કારણ છે. કારણ કે-(૨૨૦)

આગમવિરૂદ્ધ આચરણ કરતો જીવ અતિ કઠોર કર્મો બાંધે છે, તેનાથી સંસારનું ભ્રમણ વધારે છે અને પોતાના આચરણથી માયા મૃષાવાદને કરે છે. (૨૨૧)

जइ गिण्हइ वयलोवो, अहव न गिण्हइ सरीरवुच्छेओ ।
पासत्थसंगमोऽविय, वयलोवो तो वरमसंगो ॥२२२॥

आलावो संवासो, वीसंभो संथवो पसंगो य ।
हीणायारेहिं समं, सव्वजिणिंदेहिं पडिकुट्ठो ॥२२३॥

अन्नुन्नजंपिएहिं, हसिउद्धुसिएहिं खिप्पमाणो य ।
पासत्थमज्झयारे, बलाऽवि जई वाउली होइ ॥२२४॥

(ઉત્સૂત્ર આચરણ કરનારા પાર્શ્વસ્થાદિ (કુસાધુઓ) બને છે માટે સુસાધુએ તેવાઓની સાથે ન રહેવું, છતાં જે રહે છે અને તેઓનાં આહારવસ્ત્રાદિ લે (વાપરે) છે તેનાં વ્રતોનો નાશ થાય છે, અથવા નહિ લેવાથી શરીરનો વિચ્છેદ (નાશ) થાય છે, અરે ! તેઓની સાથે રહેવા માત્રથી પણ (જિનાજ્ઞા-વિરૂદ્ધ હોવાથી) વ્રતોનો લોપ થાય છે; માટે તેઓનો સંગ ન કરવો તે જ શ્રેષ્ઠ છે. (૨૨૨)

તે પાર્શ્વસ્થાદિની સાથે બોલવું, એક મકાનમાં રહેવું, વિશ્વાસ કરવો, તેઓનો પરિચય રાખવો, અને કંઈ આહાર-વસ્ત્રાદિ લેવા–આપવાનો વ્યવહાર કરવો, વિગેરેનો સર્વ જિનેશ્વરોએ નિષેધ કર્યો છે. (૨૨૩)

પાર્શ્વસ્થાદિની સાથે રહેલો સુસાધુ પણ પરસ્પર બોલ-વાથી, પરસ્પર હસવાથી, હાસ્યને યોગે ચિત્તનો આનંદ (રોમાંચ) થવાથી આકર્ષિત થતો (અન્યોન્ય પ્રેમ વધતાં) બલાત્કારે (ઇચ્છા વિના) પણ પોતાના માર્ગથી ચલાયમાન થાય છે. (૨૨૪)

लोएऽवि कुसंसग्गी–पियं जणं दुन्नियच्छमइवसणं ।
निंदइ निरुज्जमं पिय–कुसीलजणमेव साहुजणो ॥२२५॥
निच्चं संकियभीओ, गम्मो सव्वस्स खलियचारित्तो ।
साहुजणस्स अमओ, मओऽवि पुण दुग्गइं जाइ ॥२२६॥
गिरिसुयपुप्फसुआणं, सुविहिय ! आहरणकारणविहिन्नू ।
वज्जेज्ज सीलविगले, उज्जुयसीले हविज्ज जई ॥२२७॥

લોકો પણ જેને હલકી સોબત પ્રિય હોય, ભાંડ જેવો હલકો (કે ઉદ્ભટ) વેશ પહેરતો હોય, જુગારાદિનો વ્યસની હોય, પોતાની આરાધનામાં (કર્તવ્યોમાં) પ્રમાદી હોય અને દુર્જનો જેને પ્રિય હોય તેવાને નિંદે છે, તેમ સાધુ પુરૂષો પણ તેને નિંદે છે. (૨૨૫)

કુસંગથી જેનું ચારિત્ર સ્ખલનાવાળું છે તે હંમેશાં 'બીજો વાત કરે તો પણ મારી વાત કરતો હશે' વિગેરે શંકાવાળો તથા નિર્દોષથી પણ ભય પામતો રહે, સર્વથી (સામાન્ય મનુષ્યોથી પણ) પરાભવ (અપમાન) પામે, સાધુ પુરૂષોનો આદર ન પામે અને મર્યા પછી દુર્ગતિને પામે. (૨૨૬)

હે સુવિહિત સાધુ ! ગિરિશુક અને પુષ્પશુકના પરસ્પર વિરૂદ્ધ ચરિત્રનું (સત્સંગ અને કુસંગ રૂપ) કારણ સમજતો તું સદાચાર રહિત (પાર્શ્વસ્થાદિ) ની સંગતિને તજી દે અને સ્વયં સદાચરણમાં ઉદ્યમી બન. (૨૨૭)

ओसन्नचरणकरणं जइणो वंदंति कारणं पप्प ।
जे सुविइयपरमत्था, ते वंदंते निवारंति ॥२२८॥
सुविहियवंदावंतो, नासेई अप्पयं तु सुपहाओ ।
दुविहपहविप्पमुक्को, कहमप्प न याणई मूढो ॥२२९॥
वंदइ उभओ कालं पि, चेइयाइं थयत्थुई परमो ।
जिणवरपडिमाघरधूव–पुप्फगंधच्चणुज्जुत्तो ॥२३०॥

જેઓ મૂળ–ઉત્તરગુણોમાં અતિ શિથિલ છે તેવાઓને પણ કોઈ વિશિષ્ટ કારણે ઉત્તમ સાધુઓ વંદન કરે છે, ત્યારે જે શિથિલાચારીઓ પોતાની શિથિલતાને (દોષોને) સમજે છે, સાધુતાના મર્મને જાણે છે તેઓ વન્દન કરનારાઓને રોકે છે, અર્થાત્ શિથિલ છતાં પરમાર્થના જાણુ સાધુ બીજાનું વન્દન લેતા નથી. (૨૨૮)

જે શિથિલાચારી તેને બીજા ઉત્તમ સાધુઓ વન્દન કરે તો પણ અટકાવતો નથી, વંદાવે છે, તે પોતાના આત્માને જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરે છે, સાધુ અને શ્રાવક બન્નેના માર્ગથી (ધર્મથી) ભ્રષ્ટ થએલો તે મૂઢ પોતાના આત્માને કેમ ઓળખતો નથી ? શા માટે વંદાવે છે ? (૨૨૯)

હવે શ્રાવક ધર્મનો વિધિ કહે છે કે–શ્રાવક ત્રણે કાળ જિનચૈત્યોને વાંદે છે (દેવ વન્દન કરે છે), ભક્તિમાં એકાગ્ર બનીને તેઓની સ્તવના–સ્તુતિ કરે છે, જિનમંદિરમાં ધૂપ કરવામાં અને પુષ્પ ગંધ વિગેરેથી પૂજા કરવામાં ઉદ્યમ કરે છે. (૨૩૦)

सुविणिच्छियएगमई, धम्मम्मि अनन्नदेवओ अ पुणो ।
न य कुसमएसु रज्जइ, पुव्वावरबाहियत्थेसु ॥२३१॥

दट्ठूण कुलिंगीणं, तसथावरभूयमद्दणं विविहं ।
धम्माओ न चालिज्जइ, देवेहिं सइंदएहिं पि ॥२३२॥

वंदइ पडिपुच्छइ, पज्जुवासइ साहुणो सययमेव ।
पढइ सुणइ गुणेइ अ, जणस्स धम्मं परिकहेइ ॥२३३॥

दढसीलव्वयनियमो, पोसहआवस्सएसु अक्खलिओ ।
महुमज्जमंसपंचविह–बहुबीयफलेसु पडिक्कंतो ॥२३४॥

ધર્મમાં એક સુનિશ્ચલ (દૃઢ) બુદ્ધિવાળો હોય છે, જિન વિના બીજા દેવને માનતો નથી અને પૂર્વા–પર અર્થનાં બાધક કુશાસ્ત્રોમાં તે રાચતો નથી. (સાંભળતો નથી.) (૨૩૧)

બૌદ્ધ–સાંખ્ય વિગેરે મતવાળાઓનાં ત્રસ–સ્થાવર જીવોની હિંસાવાળાં વિવિધ અનુષ્ઠાનો જોઈને અહિંસા-પ્રધાન જિનધર્મથી દેવો અને ઇન્દ્રો પણ તેને ચલાયમાન કરી શકતા નથી. મનુષ્યો તો ચળાવે જ શી રીતે ? (૨૩૨)

સાધુઓને મન, વચન અને કાયાથી વંદન કરે છે, સંશયો પૂછે છે અને નિકટવર્તી બનીને સદા સેવા કરે છે. વળી સૂત્રો ભણે છે, અર્થ સાંભળે છે, તેનું પરાવર્તન કરે છે, અર્થોને વિચારે છે અને પોતાનાં સ્વજનો આદિ બીજાઓને ધર્મ સંભળાવે (સમજાવે) છે. (૨૩૩)

શિયળમાં (સદાચારોમાં), વ્રતોમાં અને નિયમો રૂપ

नाहम्मकम्मजीवी, पच्चक्खाणे अभिक्खणुज्जुत्तो ।
सव्वं परिमाणकडं, अवरज्झइ तं पि संकंतो ॥२३५॥
निक्खमण-नाण-निव्वाण-जम्मभूमीउ वंदइ जिणाणं ।
न य वसइ साहुजणविरहियंमि देसे बहुगुणेऽवि ॥२३६॥
परतित्थियाण पणमण-उब्भावण-थुणण-भत्तिरागं च ।
सक्कारं सम्माणं, दाणं विणयं च वज्जेइ ॥२३७॥

વિવિધ અભિગ્રહોમાં દૃઢ ચિત્તવાળો હોય છે, પૌષધ વિગેરે પર્વકૃત્યો અને સામાયિકાદિ દૈનિકાવશ્યકકૃત્યોમાં અતિચાર લાગવા દેતો નથી, તથા મધુ (દારૂ), માંસ તથા પાંચ પ્રકારના વડના ટેટાનાં વૃન્તાક વિગેરે વિવિધ ફળોનાં (બહુ બીજ) વિગેરેનાં પચ્ચક્ખાણ (ત્યાગ) કરે છે. (૨૩૪)

અંગાર કર્મ વિગેરે મહાપાપારંભ કરીને આજીવિકા મેળવતો નથી, હંમેશાં (કરવા યોગ્ય ત્યાગનાં) પચ્ચક્ખાણો કરવામાં અપ્રમાદી હોય છે, ધન-ધાન્યાદિ પરિગ્રહનું પ્રમાણ કરે છે, તેમ છતાં કોઈ અપરાધ (અતિચાર) થાય તો પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધિ કરે છે. (૨૩૫)

જિનેશ્વરોની દીક્ષાની-કેવળજ્ઞાનની-મોક્ષની અને જન્મની (કલ્યાણક) ભૂમિઓને વાંદે છે (તીર્થોની સ્પર્શના કરે છે) અને જ્યાં સાધુજન (ગુરૂનો યોગ) ન હોય તે દેશ-ગામમાં ઘણો લાભ થાય તો પણ વસતો નથી. (૨૩૬)

પરદર્શનીઓને પ્રણામ, બીજાની આગળ તેઓના ગુણોની પ્રશંસા, તેઓની પ્રત્યક્ષમાં સ્તુતિ, કે ચિત્તમાં

पढमं जईण दाऊण, अप्पणा पणमिऊण पारेइ ।
असइ य सुविहियाणं, भुंजेइ कयदिसालोओ ॥२३८॥

साहूण कप्पणिज्जं, जं नवि दिन्नं कहिं वि किंचि तहिं ।
धीरा जहुत्तकारी, सुसावगा तं न भुंजंति ॥२३९॥

वसहीसयणासणभत्त–पाणभेसज्जवत्थपत्ताइं ।
जइवि न पज्जत्तधणो, थोवावि हु थोवयं देइ ॥२४०॥

રાગ કરતો નથી તથા વસ્ત્રાદિથી સત્કાર, વળાવવા જવું વિગેરે સન્માન, આહારાદિનું દાન, કે વિનય પણ કરતો નથી. (૨૩૭)

ભોજન પણ પહેલાં સાધુઓને દાન આપીને, તેઓને વન્દન કરીને પછી કરે છે અને એવા સુયોગ્ય પાત્રનો યોગ ન હોય તો પણ 'કોઇ સ્થળેથી સાધુ આવે તો દાન દઈ ભોજન કરું' એવા આશયથી ચારે દિશામાં પ્રતીક્ષા કરીને પછી ભોજન કરે છે. (૨૩૮)

સાધુઓને કલ્પે તેવી જે આહાર આદિ વસ્તુ જ્યાં સુધી જે ક્ષેત્રમાં સાધુઓને આપવાનો યોગ ન બને ત્યાં સુધી ધર્મમાં ધીર અને શાસ્ત્રોક્ત વિધિથી વર્તનારા ઉત્તમ શ્રાવકો તે વસ્તુને પોતે ભોગવતા (વાપરતા) નથી. (૨૩૯)

પોતે શ્રીમંત ન હોય તો પણ ઉત્તમ શ્રાવક આશ્રય, શયન, આસન, આહારપાણી, ઔષધ, વસ્ત્ર, પાત્રો વિગેરે થોડામાંથી થોડું પણ આપે (અતિથિ સંવિભાગ કરે) છે. (૨૪૦)

संवच्छरचाउम्मासिएसु, अट्ठाहियासु अ तिहीसु ।
सव्वायरेण लग्गइ, जिणवरपूयातवगुणेसु ॥२४१॥
साहूण चेइयाण य, पडिणीयं तह अवण्णवायं च ।
जिणपवयणस्स अहियं, सव्वत्थामेण वारेई ॥२४२॥
विरया पाणिवहाओ, विरया निच्चं च अलियवयणाओ ।
विरया चोरिक्काओ, विरया परदारगमणाओ ॥२४३॥
विरया परिग्गहाओ, अपरिमियाओ अणंततण्हाओ ।
बहुदोससंकुलाओ, नरयगइगमणपंथाओ ॥२४४॥

વાર્ષિક–ચાતુર્માસિક પર્વોમાં, અષ્ટાન્હિકાઓના દિવસોમાં અને ચતુર્દશી આદિ પર્વ તિથિઓમાં (શક્તિ સંયોગને ગોપવ્યા વિના) સર્વ પ્રકારે આદરપૂર્વક જિનેશ્વરોની પૂજા–તપ–જ્ઞાન–ધ્યાન આદિમાં ઉદ્યમ કરે છે. (૨૪૧)

સાધુઓના અને મંદિર કે જિનમૂર્તિઓની વિરૂદ્ધ વર્તતો (ઉપદ્રવ કરતો નથી) તથા અવર્ણવાદ કરતો નથી અને શ્રી જિનશાસન–શાસ્ત્રના દ્રોહીને (હલકાઇ કરનારને) પોતાની સર્વશક્તિનો ઉપયોગ કરી અટકાવે છે. (૨૪૨)

ઉત્તમ શ્રાવકો હંમેશાં જીવહિંસાથી, અસત્ય બોલવાથી, ચોરી (અન્યાય અનીતિ વિગેરે) કરી ધન મેળવવામાં અને પરસ્ત્રી (કુમારી, વેશ્યા, વિધવા આદિ) ને ભોગવવામાં વિરમેલા હોય છે, એવું વર્તન કદી કરતા નથી. (૨૪૩)

અપરિમિત (પોતાના કુલ–દેશને અનુસરીને વધારે પડતા) ધન–ધાન્યાદિકનો પરિગ્રહ (સંગ્રહ) કરતા નથી,

મુક્કા દુજ્જણમિત્તી, ગહિયા ગુરુવયણસાહુપડિવત્તી ।
મુક્કો પરપરિવાઓ, ગહિઓ જિણદેસિઓ ધમ્મો ॥૨૪૫॥

તવનિયમસીલકલિયા, સુસાવગા જે હવંતિ ઇહ સુગુણા ।
તેસિં ન દુલ્લહાઇં, નિવ્વાણવિમાણસુક્ખાઇં ॥૨૪૬॥

સીઇજ્જ કયાઇ ગુરૂ, તં પિ સુસીસા સુનિઉગમહુરેહિં ।
મગ્ગે ઠવંતિ પુણરવિ, જહ સેલગ–પંથગો નાયં ॥૨૪૭॥

કારણ કે પરિમાણ નહિ કરવાથી પરિગ્રહ રૂપ ધન–ધાન્યાદિકની ઇચ્છા–મમતાનો છેડો–અંત રહેતો નથી. રાજ્યભય-ચોરનો ભય વિગેરે અનેક દોષો–સંતાપ થાય છે અને આખરે તેનાથી નરકગતિમાં જવું પડે છે. (૨૪૪)

ઉત્તમ શ્રાવકો દુર્જનની મૈત્રીથી મુક્ત હોય છે, તીર્થંકર ગણધરોનાં વચનોનો સુંદર સ્વીકાર–પ્રતિજ્ઞા પાલન કરનારા હોય છે, બીજાનો અવર્ણવાદ કરતા નથી અને જિનભાષિત ધર્મને (વ્રતોને) ગ્રહણ કરે છે. (૨૪૫)

એ પ્રમાણે જૈન શાસનમાં તપ–નિયમ–શીયળવાળા જે ઉત્તમ શ્રાવકો સદ્‌ગુણી હોય છે તેઓને મોક્ષનાં કે સ્વર્ગનાં સુખો દુર્લભ નથી. (૨૪૬)

કર્મોદયને વશ થઈ કદાચ ગુરૂ શિથિલ થાય તો તેને પણ ઉત્તમ શિષ્યો નિપુણબુદ્ધિપૂર્વકનાં (હિતકર) મધુર વચનો કહી પુનઃ જ્ઞાનાદિરૂપ સન્માર્ગે ચઢાવે છે કે જેમ સેલકાચાર્યજીને પંથક નામના શિષ્યે ચઢાવ્યા. આ વિષયમાં તે દૃષ્ટાન્તભૂત છે. (૨૪૭)

દસ દસ દિવસે દિવસે, ધમ્મે બોહેઇ અહવ અહિઅયરે ।
ઇય નંદિસેણસત્તી, તહવિ ય સે સંજમવિવત્તી ॥૨૪૮॥
કલુસીકઓ અ કિટ્ટીકઓ અ, ખયરીકઓ મલિણિઓ અ ।
કમ્મેહિં એસ જીવો, નાઊણ વિ મુજ્ઝઇ જેણ ॥૨૪૯॥
કમ્મેહિં વજ્જસારોવમેહિં, જઉનંદણો વિ પડિબુદ્ધો ।
સુબહું પિ વિસૂરંતો, ન તરઇ અપ્પક્ખમં કાઉં ॥૨૫૦॥

(ગીતાર્થ ગુરૂનું પણ કર્મપારવશ્યથી પતન થવું સંભવિત છે) પ્રતિદિન દસ દસને અથવા તેથી પણ અધિકને પ્રતિબોધ કરી ધર્મમાર્ગમાં જોડે, એ નંદિષેણમાં શક્તિ હતી, તથાપિ તેઓના ચારિત્રને વિપત્તિ આવી. (વેશ્યાના ભોગમાં લપટાયા.) (૨૪૮)

કર્મોએ આ જીવને કર્મબંધ દ્વારા તે નિર્મળ છતાં કલુષિત કર્યો, (નિધત્તિથી) આત્મપ્રદેશોની સાથે એકમેક મળી જઇને કીટ્ટીભૂત કર્યો (સુવર્ણની રજની જેમ રગદોળ્યો), (નિકાચનાથી) ખલુરી કર્યો (ગુંદરને લાગેલું દ્રવ્ય તદ્રૂપ અને તેમ જડ સ્વરૂપ બનાવી દીધો) અને મલિન કર્યો (રતીથી ખરડાયેલા શરીરની જેમ બાહ્ય વ્યવહારોમાં પણ દુરાચારી બનાવ્યો) એમ પોતાના સ્વરૂપને જાણતા એવા જીવને પણ મોહોદયે મુંઝવ્યો. (૨૪૯)

વધારે શું ? શ્રદ્ધાળુ અને સમજણો યદુપુત્ર-વિષ્ણુ પણ વજ્રસમાં કઠોર કર્મોથી સેંકડો પ્રકારે મનમાં ખેદ કરવા છતાં આત્મકલ્યાણ કરવા (વિરતિ લેવા) શક્તિમાન ન થયો. (૨૫૦)

वाससहस्सं पि जई, काऊणं संजमं सुविउलं पि ।
अंते किलिट्ठभावो, न विसुज्झइ कंडरीउ व्व ॥२५१॥
अप्पेण वि कालेणं, केइ जहागहियसीलसामण्णा ।
साहंति निययकज्जं, पुंडरियमहारिसि व्व जहा ॥२५२॥
काऊण संकिलिट्ठं, सामण्णं, दुल्लहं विसोहिपयं ।
सुज्झिज्जा एगयरो, करिज्ज जइ उज्जमं पच्छा ॥२५३॥
उज्झिज्ज अंतरि चिय, खंडिय सबलादउ व्व हुज्ज खणं ।
ओसन्नो सुहलेहड, न तरिज्ज व पच्छ उज्जमिउं ॥२५४॥

(ક્લિષ્ટ કર્મોની વિષમતા એવી છે કે) એક હજાર વર્ષો સુધી દીર્ઘ ચારિત્ર પાળીને પણ અંતે કર્મોદયથી અશુભ પરિણામી થયેલા કંડરીકની જેમ જીવ દીર્ઘ સંયમ પાળવા છતાં શુદ્ધ થતો નથી. (૨૫૧)

(આમ છતાં) કોઇ મહા સત્ત્વશાળી આત્માઓ ગ્રહણ કરવા પ્રમાણે યથાર્થરૂપમાં શીયળ અને સાધુતાનું પાલન કરીને અલ્પકાળમાં જ પુંડરિક મહર્ષિની જેમ પોતાના કાર્યને (સિદ્ધિ ગતિને) સાધે પણ છે. (૨૫૨)

પહેલાં સાધુતાને દૂષિત કરીને પાછળથી આત્માની વિશુદ્ધિ કરવી દુર્લભ છે, કોઇકે જ આત્મા કર્મવિવર (મંદતા) થવાથી પાછળ પણ ઉદ્યમ કરી પુનઃ ચારિત્રને શુદ્ધ કરી શકે છે (માટે આત્મર્થીએ ચારિત્રમાં દૂષણ લાગવા દેવું નહિ.) (૨૫૩)

ગ્રહણ કરીને ચારિત્રને વચ્ચે જ છોડી દે, એકાદ વ્રતનું

अवि नाम चक्कवट्टी, चइज्ज सव्वं पि चक्कवट्टिसुहं ।
न य ओसन्नविहारी, दुहिओ ओसन्नयं चयइ ॥२५५॥

नरयत्थो ससिराया, बहु भणई देहलालणासुहिओ ।
पडिओ मि भए भाउअ ! तो मे जाएह तं देहं ॥२५६॥

को तेण जीवरहिएण, संपयं जाइएण हुज्ज गुणो ? ।
जइ सि पुरा जायंतो, तो नरए नेव निवडंतो ॥२५७॥

ખંડન કરે, નાના નાના ઘણા અતિચારોથી ચારિત્રને શબલ કરે, અથવા તદ્દન છોડી દે તે અવસન્ન (શિથિલ) વિષયસુખમાં લંપટ બની ગએલો પછી ચારિત્રમાં ઉદ્યમ કરી શકતો નથી. (૨૫૪)

સંભવ છે કે ચક્રવર્તી ચક્રીપણાનાં સર્વસુખોને તજી શકે, પણ શિથિલ વિહારી શિથિલતાથી દુઃખી થાય તો પણ શિથિલતાને છોડી શકે નહિ. (૨૫૫)

નરકમાં ગયેલો (રહેલો) શશિપ્રભરાજા પોતાના ભાઇને ઘણું ઘણું કહે છે કે હે ભાઇ ! શરીરના લાલન પાલનમાં સુખ માનતો હું નરકમાં પડયો છું, માટે મારા તે શરીરને કષ્ટો દે. (૨૫૬)

તેના ઉત્તરમાં તેના ભાઇ સૂરપ્રભરાજા કહે છે કે–જીવ-વિનાના તે શરીરને વર્તમાનમાં કષ્ટ દેવાથી શું લાભ થવાનો છે ? જો પહેલાં (જીવતાં) તેને પીડાઓ આપી હોત તો નરકમાં ન જ પડત. (૨૫૭)

जावाऽऽउ सावसेसं, जाव य थोवोऽवि अत्थि ववसाओ ।
ताव करिज्जप्पहियं, मा ससिराया व सोइहिसि ॥२५८॥
घित्तूण वि सामण्णं, संजमजोगेसु होइ जो सिढिलो ।
पडइ जई वयणिज्जे, सोअइ अ गओ कुदेवत्तं ॥२५९॥
सुच्चा ते जिअलोए, जिणवयणं जे नरा न याणंति ।
सुच्चाण वि ते सुच्चा, जे नाउणं नवि करेंति ॥२६०॥
दावेऊण धणनिहिं, तेसिं उप्पाडिआणि अच्छीणि ।
नाऊण वि जिणवयणं, जे इह विहलंति धम्मधणं ॥२६१॥

માટે હે જીવ! જ્યાં સુધી આયુ બાકી છે, જ્યાં સુધી થોડો પણ ચિત્તનો ઉત્સાહ છે ત્યાં સુધી આત્મહિત કરવું જોઇએ કે જેથી શશીરાજાની જેમ પાછળ શોક કરવો ન પડે. (૨૫૮)

સાધુપણું સ્વીકારીને પણ જે સાધુ સંયમના પાલનમાં શિથિલ બને છે તે આ ભવમાં નિન્દાનું પાત્ર બને છે અને હલકું (કિલ્બિષિક) દેવપણું પામીને ત્યાં દીર્ઘ કાળ શોક કરે છે. (૨૫૯)

આ જગતમાં તેઓ શોચનીય છે કે જેઓ શ્રી જિનવચનને જાણતા નથી, તેઓથી પણ વધારે શોચનીય તો તે છે કે જેઓ જાણવા છતાં જિનવચન (આજ્ઞા) પ્રમાણે કરતા નથી. (૨૬૦)

જેઓ શ્રી જિનવચનને જાણવા છતાં આ જગતમાં ધર્મ-ધનને ગુમાવે છે તેઓને (મોહે) ધનનો ભંડાર બતાવીને તેઓનાં નેત્રો ઉખાડી દીધાં છે–અંધ બનાવ્યા છે. (૨૬૧)

ઠાણં ઉચ્ચુચ્ચયરં, મજ્જં હીણં ચ હીણતરગં વા ।
જેણ જહિં ગંતવ્વં, ચિટ્ઠા વિ સે તારિસી હોઈ ॥૨૬૨॥
જસ્સ ગુરુમ્મિ પરિભવો, સાહૂસુ અણાયરો ખમા તુચ્છા ।
ધમ્મે ય અણહિલાસો, અહિલાસો દુગ્ગઈએ ઉ ॥૨૬૩॥
સારીર–માણસાણં, દુક્ખસહસ્સાણ વસણપરિમીયા ।
નાણંકુસેણ મુણિણો, રાગગઇંદં નિરુંભંતિ ॥૨૬૪॥
સુગ્ગઇમગ્ગપઈવં, નાણં દિંતસ્સ હુજ્જ કિમદેયં ? ।
જહ તં પુલિંદએણં, દિન્નં સિવગસ્સ નિયગચ્છિ ॥૨૬૫॥

(એ દોષ તેઓના કર્મોનો છે કારણ કે–) સ્વર્ગરૂપ ઉચ્ચ, મોક્ષ રૂપ અતિ ઉચ્ચ, મનુષ્યભવરૂપ મધ્યમ, તિર્યંચગતિરૂપ નીચ, અથવા નરકગતિરૂપ અતિ નીચ, એમાંના જે સ્થાને ભવિષ્યમાં જેને જવું હોય છે તે જીવની કરણી પણ તેને અનુરૂપ–તેવી હોય છે. (૨૬૨)

જે ધર્મગુરૂનો પરાભવ–અપમાન કરે છે, સાધુઓ પ્રત્યે આદર વિનાનો છે, જેની ક્ષમા તુચ્છ (સ્વલ્પ) છે અને ધર્મની અભિલાષા નથી તેની અભિલાષા દુર્ગતિમાં જવાની છે. (૨૬૩)

શારીરિક અને માનસિક હજારો દુઃખોનાં કષ્ટોથી ભય પામેલા મુનિઓ જ્ઞાનરૂપી અંકુશથી રાગરૂપ ગજેન્દ્રને વશ કરે છે. (૨૬૪)

આવું સદ્ગતિના માર્ગને સમજાવવામાં દીપક સમું જ્ઞાન આપનાર ગુરૂને બદલામાં શું આપવા યોગ્ય નથી ?

सिंहासणे निसण्णं, सोवागं सेणिओ नखरिंदो ।
विज्जं मग्गइ पयओ, इअ साहुजणस्स सुअविणओ ॥२६६॥
विज्जाए कासवसं–तिआएदगसूअरो सिरिं पत्तो ।
पडिओ मुसं वयंतो, सुअनिण्हवणा इअ अपत्था ॥२६७॥
सयलम्मि वि जिअलोए, तेण इहं घोसिओ अमाघाओ ।
इक्कं पि जो दुहत्तं, सत्तं बोहेइ जिणवयणे ॥२६८॥

અર્થાત્ સર્વસ્વ આપવા છતાં તેઓનું ઋણ મટતું નથી જેમ કે શિવના ભક્ત એક ભીલ્લે શિવની મૂર્તિનું નેત્ર ઉખડી ગયેલું જોઈ પોતાનું નેત્ર ઊખેડીને ચોઢી દીધું. (૨૬૫)

ચંડાળને રાજ સિંહાસને બેસાડીને શ્રેણિક રાજાએ વિનયપૂર્વક વિદ્યાની પ્રાર્થના કરી, એ પ્રમાણે સાધુ પુરૂષે શ્રુત (જ્ઞાની)નો વિનય કરવો જોઇએ. (૨૬૬)

કોઈ હજામની પાસેથી મેળવેલી (આકાશગામિની) વિદ્યા દ્વારા કોઇ ઉદકશુકરે (પાણીમાં સતત સ્નાન કરવામાં ધર્મ માનનારા વિષ્ણુના ભક્તે) લક્ષ્મી (યશપૂજા) મેળવી, કોઇએ વિદ્યા કયાંથી મળી એમ પૂછતાં તેણે અસત્ય ઉત્તર આપ્યો તેથી તેનો ત્રિદંડ આકાશમાંથી નીચે પડતાં તેની આબરૂ ગઈ. આવી શ્રુતની નિન્હવતા એ વિદ્યાનો અપચો (અપથ્ય) છે. (૨૬૭)

(માટે ગુરૂની નિન્હવતા કરવી નહિ કારણ કે–) એક પણ દુઃખી જીવને જે શ્રી જિનવચનનો બોધ કરે છે તે (વિદ્યાદાતા ગુરૂ આ જગતમાં સકળ ચૌદરાજ લોકમાં અમારી પડહ વજડાવનારા (મહા ઉપકારી–પૂજ્ય) છે. (૨૬૮)

सम्मत्तदायगाणं, दुप्पडिआरं भवेसु बहुएसु ।
सव्वगुणमेलियाहि वि, उवयारसहस्सकोडीहिं ॥२६९॥
सम्मत्तंमि उ लद्धे, ठइआइं नरयतिरिअदाराइं ।
दिव्वाणि माणुसाणि अ, मोक्खसुहाइं सहीणाइं ॥२७०॥
कुसमयसुईण महणं, सम्मत्तं जस्स सुट्ठियं हियए ।
तस्स जगुज्जोयकरं, नाणं चरणं च भवमहणं ॥२७१॥
सुपरिच्छियसम्मत्तो, नाणेणालोइयत्थसब्भावो ।
निव्वणचरणाउत्तो, इच्छियमत्थं पसाहेइ ॥२७२॥

ઘણા ભવો સુધી દ્વિગુણ-ત્રિગુણ યાવત્ અનંતગુણા ઉપકારો કોડો વાર કરવા છતાં સમ્યક્ત્વનું દાન કરનારા (પમાડનારા) ઉપકારી ગુરૂનો બદલો વળતો નથી, અશક્ય છે. (૨૬૯)

(કારણ કે) સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી નરક-તિર્યંચ-ગતિનાં બારણાં બંધ થાય છે અને દેવભવનાં મનુષ્યભવનાં તથા અંતે મોક્ષમાં પણ સુખો સ્વાધીન થાય છે. (૨૭૦)

મિથ્યા આગમના શ્રવણને (તેનાથી થયેલી મિથ્યા-શ્રદ્ધાને-વાસનાને) તોડી નાખનારૂં સમ્યક્ત્વ જેના હૃદયમાં સ્થિર થયું છે તેનું જ્ઞાન જગતને પ્રકાશ આપનારૂં (કેવળજ્ઞાન) બને છે અને ચારિત્ર સંસારનો નાશ (મોક્ષ) કરે છે. (૨૭૧)

જેનું સમ્યક્ત્વ અતિ ઉપસર્ગોથી પાસ થયું છે-અતિ-દૃઢ છે, નિર્મળજ્ઞાનથી જીવ-અજીવાદિ પદાર્થો રૂપ તત્ત્વોને

जह मूलताणए पं–डुरंमि दुव्वन्नरागवण्णेहिं ।
बिभच्छा पडसोहा, इय सम्मत्तं पमाएहिं ॥२७३॥
नरएसु सुरवरेसु अ, जो बंधइ सागरोवमं इक्कं ।
पलिओवमाण बंधइ, कोडिसहस्साणि दिवसेणं ॥२७४॥
पलिओवमसंखिज्जं, भागं जो बंधई सुरगणेसु ।
दिवसे दिवसे बंधइ, स वासकोडी असंखिज्जा ॥२७५॥

જેણે જાણ્યાં છે અને જે નિર્વ્રણ (નિરતિચાર) ચારિત્રથી યુક્ત છે તે ઇષ્ટ અર્થને (મોક્ષને) સાધે છે. અર્થાત્ મોક્ષ માટે ત્રણે ય આવશ્યક છે. (૨૭૨)

જેમ કોઈ વસ્ત્રના તંતુઓ મૂળમાં સફેદ હોય છતાં પાછળથી દુષ્ટ વર્ણ રૂપ રંગના વર્ણોથી તે વસ્ત્રની શોભા બગડે તેમ પ્રારંભમાં સમ્યક્ત્વ નિર્મળ છતાં પશ્ચાત્ કષાયો વિગેરે પ્રમાદથી મલિન થાય છે. (૨૭૩)

જે સો વર્ષના આયુષ્યમાં પ્રમાદથી નારકીનો એક સાગરોપમ જેટલો અને અપ્રમાદથી દેવગતિનો એક સાગરોપમ બંધ કરે તે તેથી ઉલટ પ્રમાદી એક દિવસ અપ્રમાદ કરવાથી હજારો ક્રોડ પલ્યોપમો દેવલોકનો અને અપ્રમાદી પ્રમાદ કરવાથી તેટલો નારકીનો બંધ કરે છે. સો વર્ષના દિવસોથી સાગરોપમને ભાગ દેતા હજારો ક્રોડ પલ્યોપમ થાય છે. માત્ર વિશેષતા એ છે કે પ્રમાદથી નરકનો અને અપ્રમાદથી તેટલો સ્વર્ગનો બંધ થાય છે. (૨૭૪)

તથા જે સો વર્ષમાં પલ્યોપમનો સંખ્યાતમા ભાગ જેટલો દેવગતિનો બંધ અપ્રમાદથી કરે તે પ્રમાદથી પ્રતિ

एस कमो नरएसु वि, बुहेण नाऊण नाम एयं पि ।
धम्ममि कह पमाओ, निमेसमित्तंपि कायव्वो ? ॥२७६॥

दिव्वालंकारविभूसणाइं, रयणुज्जलाणि य घराइं ।
रूवं भोगसमुदओ, सुरलोगसमो कओ इहयं ? ॥२७७॥

देवाण देवलोए, जं सोक्खं तं नरो सुभणिओ वि ।
न भणइ वाससएण वि, जस्स वि जीहासयं हुज्जा ॥२७८॥

દિવસ અસંખ્યાત ક્રોડ વર્ષો જેટલો નારકીનો બંધ કરે. (સો વર્ષના દિવસોથી ભાગ દેતાં તેટલાં થાય) અહીં પણ પ્રમાદ–અપ્રમાદનો વ્યત્યય (ઉલટાપણું) જાણવો. (૨૭૫)

એજ ક્રમ નરક માટે પણ છે, બુદ્ધિમાન પુરૂષ આ સ્પષ્ટ વાતને સમજીને ધર્મ (શ્રુત–ચારિત્રના) ઉદ્યમમાં એક નિમેષ માત્ર પણ પ્રમાદ કેમ કરે ? અર્થાત્ ન કરે. (૨૭૬)

સિંહાસન છત્ર વિગેરે દૈવી અલંકારો અને મુગટ–કુંડલ વિગેરે દૈવી આભરણો, રત્નનાં ઉજ્વળ દૈવી ઘરો (વિમાનો–ભવનો) અને અતિ અદ્‌ભૂતરૂપ (સૌંદર્ય), એ દેવ-લોકના જેવી ભોગની સામગ્રી અહીં માનવભવમાં કયાંથી મળે ? (૨૭૭)

દેવલોકમાં દેવોને જે સુખ હોય છે તે સારી રીતે બોલનારો (વચન ચતુર) મનુષ્ય તેને એકસો જીભોવાળો હોય અને સો વર્ષસુધી વર્ણવે તો પણ ન વર્ણવી શકે. (૨૭૮)

नरएसु जाइं अइक्कखडाइँ दुक्खाइँ परमतिक्खाइँ ।
को वण्णेही ताइं ?, जीवंतो वासकोडीऽवि ॥२७९॥

कक्खडदाहं सामलि–असिवणवेयरणिपहरणसएहिं ।
जा जायणाउ पावंति, नारया तं अहम्मफलं ॥२८०॥

तिरिया कसंकुसारा–निवायवहबंधमारणसयाइं ।
नवि इहयं पावेंता, परत्थ जइ नियमिया हुंता ॥२८१॥

आजीवसंकिलेसो, सुक्खं तुच्छं उवद्दवा बहुया ।
नीयजणसिट्ठणा वि य, अणिट्ठवासो अ माणुस्से ॥२८२॥

નરકોમાં જે અતિ કઠોર (શારીરિક) અને અતિ તીક્ષ્ણ (માનસિક) દુઃખો (ભોગવવાનાં) હોય છે તેને એક ક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ જીવન પર્યંત વર્ણવે તો પણ કોણ પૂર્ણ વર્ણવી શકે ? અર્થાત્ ન વર્ણવી શકે. (૨૭૯)

નરકોમાં નારકો તીવ્રઅગ્નિનો આકરો દાહ, શાલ્મલી વન અને અસિપત્રવન, વૈતરણીનદી અને સેંકડો શસ્ત્રોથી જે પીડાઓ ભોગવે છે તે અધર્મનું (પાપપ્રવૃત્તિનું) ફળ છે. (૨૮૦)

તિર્યંચો જે સેંકડો ચાબુક અને આરા (પરોણા)નો માર, સેંકડો લાઠીના પ્રહારો, દોરડા વિગેરેનાં બંધનો અને પ્રાણઘાતક માર સહે છે તે પરભવમાં જો નિયમવાળા (ધર્મી) બન્યા હોત તો આ (તિર્યંચના) ભવમાં સહવા ન પડત. (૨૮૧)

મનુષ્ય ભવમાં યાવજ્જીવ ચિત્તનો સંક્લેશ (સંતાપ), તુચ્છ માત્ર વૈષયિક સુખ, ચોર વિગેરેના ઘણા ઉપદ્રવો,

चारगनिरोहवहबंध-रोगधणहरणमरणवसणाइं ।
मणसंतावो अजसो, विग्गोवणया य माणुस्से ॥२८३॥
॥युग्मम्॥

चिंतासंतावेहि य, दरिद्दरूआहिं दुप्पउत्ताहिं ।
लद्धूण वि माणुस्सं, मरंति केई सुनिव्विण्णा ॥२८४॥
देवा वि देवलोए, दिव्वाभरणाणुरंजियसरीरा ।
जं परिवडंति तत्तो, तं दुक्ख दारुणं तेसिं ॥२८५॥

સામાન્ય (હલકા) લોકોનો ઠપકો (અપમાન) અને અનિષ્ટ સ્થાને વસવાટ કરવો પડે છે. વળી જેલમાં પુરાવું, શસ્ત્રાદિના પ્રહારો સહવા, દોરડાં વિગેરેનાં બંધનો, વાતપિત્તકફથી ઉત્પન્ન થતા રોગો, ધનનું હરણ, મારણાંતિક સંકટો, ચિત્તનો ખેદ (નિરાશા), અપયશ અને અનેક જાતની વિગોપના (વગોવણું) વિગેરે મનુષ્ય ભવનાં દુઃખો (પણ પૂર્વભવના અધર્મનું જ ફળ) છે. (૨૮૨-૨૮૩)

(મનુષ્યોને) ભરણ પોષણની ચિંતા, ચોરી વિગેરેનો સંતાપ, નિર્ધનતા, રોગીષ્ટ દશા વિગેરે દુષ્ટ કર્મોના ઉદયથી એવાં આકરાં હોય છે કે તેનાથી કંટાળેલા કોઈ કોઇ તો ઉત્તમ મનુષ્યભવ પામીને પણ મરે છે-આપઘાત કરે છે. (૨૮૪)

દેવલોકમાં દેવતાઈ આભરણોથી સુશોભિત શરીરવાળા દેવો પણ જે દેવલોકથી (ગર્ભની અશુચિમાં) પડે છે તે દુઃખ તેઓને દેવલોકના સુખ કરતાં ય અતિ દારૂણ છે. (૨૮૫)

तं सुरविमाणविभवं, चिंतिय चवणं च देवलोगाओ ।
अइबलियं चिय जं नवि, फुट्टइ सयसक्करं हिययं ॥२८६॥
ईसाविसायमयकोह-मायालोभेहिं एवमाईहिं ।
देवाऽवि समभिभूया, तेसिं कत्तो सुहं नाम ? ॥२८७॥
धम्मं पि नाम नाऊण, कीस पुरिसा सहंति पुरिसाणं ? ।
सामित्ते साहीणे, को नाम करिज्ज दासत्तं ? ॥२८८॥
संसारचारए चारए व्व आवीलियस्स बंधेहिं ।
उव्विग्गो जस्स मणो, सो किर आसन्नसिद्धिपहो ॥२८९॥

તે તે દેવવિમાનનો વૈભવ અને દેવલોકથી ચ્યવનનો વિચાર કરવા છતાં પણ તેઓનું હૃદય સેંકડો કકડા થઈને ફૂટતું નથી તે હૃદય અતિ નિષ્ઠુર-કઠોર છે માટે ! (૨૮૬)

દેવો પણ ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, માયા અને લોભ વિગેરેથી પરાભવ પામેલા (વશ થયેલા) છે. તેઓને વળી સુખ કયાંથી ? અર્થાત્ સુખની સંભાવના પણ નથી. (૨૮૭)

માટે (ઉપર્યુક્ત સર્વ દુઃખોમાંથી બચાવનાર)શ્રી જિનકથિત પ્રસિદ્ધ ધર્મને જાણીને પણ કયા પુરૂષો અન્ય પુરૂષોની રાહ જુએ ? (એ પુરૂષો આરાધક બની અમને ઉપકાર કરે એવી આશાએ વિલંબ કોણ કરે ?) એ રીતે મોક્ષરૂપ સ્વામિપણું સ્વાધીન છતાં સંસારરૂપ દાસપણું કોણ કરે ? (૨૮૮)

જેલની જેમ સંસારરૂપ કેદખાનામાં બંધનોથી પીડા પામેલા જે પુરૂષનું મન ઉદ્વિગ્ન થયું છે તે જ નજીકના કાળમાં મોક્ષ માર્ગની પ્રાપ્તિનું ચિન્હ છે. (૨૮૯)

आसन्नकालभवसिद्धियस्स, जीवस्स लक्खणं इणमो ।
विसयसुहेसु न रज्जइ, सव्वत्थामेसु उज्जमइ ॥२९०॥
हुज्ज व न व देहबलं, धिइमइसत्तेण जइ न उज्जमसि ।
अच्छिहिसि चिरं कालं, बलं च कालं च सोअंतो ॥२९१॥
लद्धिल्लियं च बोहिं, अकरिंतोऽणागयं च पत्थिंतो ।
अन्नं दाइं बोहिं, लब्भसि कयरेण मुल्लेणं ? ॥२९२॥
संघयणकालबलदूसमारुयालंबणाइं घित्तूणं ।
सव्वं चिय नियमधुरं, निरुज्जमाओ पमुच्चंति ॥२९३॥

નજીકના કાળમાં જે સંસારથી પાર પામવાનો હોય તે જીવનું આ લક્ષણ છે કે તે વિષયના સુખમાં રાગ ન કરે અને મોક્ષના સર્વ સાધનોમાં ઉદ્યમ કરે. (૨૯૦)

અથવા હે શિષ્ય ! શારીરિક બળ નથી તો પણ ધૈર્ય (મનનો નિશ્ચય), બુદ્ધિ અને સત્ત્વ (ચિત્તના આલંબન)થી જો તું મોક્ષનો ઉદ્યમ નથી કરતો તો શરીરબળ અને બરાબ કાળની ચિંતા કરતો તું દીર્ઘકાળ સંસારમાં રખડીશ, અર્થાત્ જેને જે વખતે જે સામગ્રી–બળ વિગેરે મલ્યું હોય તેણે તેટલાથી પણ ધર્મનો ઉદ્યમ કરવો તે જ તેની સફળતા છે. (૨૯૧)

વર્તમાનમાં મળેલી જિન ધર્મની (સામગ્રીની) પ્રાપ્તિથી જે ધર્મ કરતો નથી અને ભવિષ્યમાં બીજી વધારે મેળવવાની આશા કરે છે, તો હે મૂર્ખ ! તે તું કયા મૂલ્યથી મેળવીશ ? (૨૯૨)

(પ્રમાદી જીવો) શું કરીયે ? શરીર બળ નથી, દુષ્કાળ

कालस्स य परिहाणी, संजमजोगाइं नत्थि खित्ताइं ।
जयणाइ वट्टियव्वं, न हु जयणा भंजए अंगं ॥२९४॥
समिईकसायगारव-इंदियमयबंभचेरगुत्तीसु ।
सज्जायविणवतवसत्तिओ अ जयणा सुविहियाणं ॥२९५॥
जुगमित्तंतरदिट्ठी, पयं पयं चक्खुणा विसोहंतो ।
अव्वक्खित्ताउत्तो, इरियासमिओ मुणी होई ॥२९६॥

કે પાંચમા આરાનો કાળ છે, ધૈર્ય ઓછું છે, ભગવાને કહ્યું પણ છે કે ધીરજ રહેવી વિષમ છે, શરીરે રોગી છીયે વિગેરે આલંબનો લઇને પ્રમાદથી સર્વ નિયમોનું પાલન છોડી દે છે. (૨૯૩)

(ત્યારે બુદ્ધિમાને શું કરવું જોઇએ તે કહે છે કે) કાળ તો પ્રતિદિન ખરાબ આવે છે એથી દ્રવ્યો-ક્ષેત્રો-ભાવો પણ હીન થતા હોઇ સંયમને યોગ્ય ક્ષેત્રો પણ નથી, માટે સર્વ વિષયમાં જયણાથી વર્તવું જોઇએ, જયણા સંયમ શરીરને ભાગતી નથી, અર્થાત્ ઉત્સર્ગ-અપવાદના રહસ્યને સમજી તે પ્રમાણે વર્તતાં સંયમ અખંડ રહે છે. (૨૯૪)

(એ જયણા) ઇર્યા વિગેરે સમિતિઓમાં, ક્રોધ વિગેરે કષાયોમાં, ઋદ્ધિ વિગેરેના ગારવો (અભિમાન)માં, પાંચ ઇન્દ્રિયોમાં, જાતિ વિગેરેના મદોમાં, બ્રહ્મચર્યની નવ વાડોમાં કરવી. અર્થાત્ સમિતિ, ગુપ્તિ, નવવાડોનું રક્ષણ, કષાય-ગારવ વિગેરેનો ત્યાગ અને ઇન્દ્રિયોનો જય કરવો તથા સ્વાધ્યાય, વિનય અને તપ શક્તિને ગોપવ્યા વિના કરવો એ વિગેરે સુવિહિત સાધુઓની જયણા (સંયમની આરાધના) છે. (૨૯૫)

कज्जे भासइ भासं, अणवज्जमकारणे न भासइ य ।
विगहविसुत्तियपरिवज्जिओ अ जई भासणासमिओ ॥२९७॥
बायालमेसणाओ, भोयणदोसे य पंच सोहेइ ।
सो एसणाइ समिओ, आजीवी अन्नहा होइ ॥२९८॥
पुव्विं चक्खुपरिक्खिय–पमज्जिउं जो ठवेइ गिण्हइ वा ।
आयाणभंडमत्तनिक्खे वणाइ समिओ मुणी होइ ॥२९९॥

(હવે એ સમિતિ આદિનું ક્રમશ : વર્ણન કરે છે તેમાં) યુગ (ચાર હાથ) જેટલી આગળ દૃષ્ટિને રાખીને નેત્રોથી પગલે પગલે ભૂમી શોધતો (બાજુ કે પાછળનો પણ ઉપયોગ રાખતો) સારા–ખોટા શબ્દાદિ કોઈ વિષયમાં રાગ–દ્વેષ કર્યા વિના ઉપયોગપૂર્વક ચાલતો મુનિ ઇર્યાસમિતિનો પાલક બને છે. (૨૯૬)

કારણે નિરવદ્ય (નિષ્પાપ) વચન બોલે, નિષ્કારણ ન બોલે, વિકથાઓ તથા દુર્ભાવથી બબડવારૂપ વિશ્રોતસિકા કદી ન કરે એવો સાધુ ભાષાસમિતિનો પાલક છે. (૨૯૭)

એષણાના (આહારાદિ ગ્રહણ કરવા વિગેરેમાં) બેંતાલીસ અને ભોજનના પાંચ દોષોને જે લાગવા ન દે તે સાધુ એષણાસમિતિવાળો છે અન્યથા સાધુવેષના બળે પેટ ભરનારો (વેષવિડંબક) જાણવો. (૨૯૮)

કોઈ વસ્ત્ર પાત્રાદિ વસ્તુ લેતાં મૂકતાં જે સાધુ પહેલાં મૂકવાની વસ્તુને નેત્રથી જોઇને અને તે સ્થળ (પ્રદેશ)ને રજોહરણથી પ્રમાર્જીને મૂકે કે તેવી રીતે જોઇ પ્રમાર્જીને ગ્રહણ કરે તે આદાનભંડમાત્રનિક્ષેપ સમિતિવાળો જાણવો. (૨૯૯)

उच्चारपासवणखेले, जल्लसिंघाणए य पाणविही ।
सुविवेइए पएसे, निसिरंतो होइ तस्समिओ ॥३००॥
कोहो माणो माया, लोहो हासो रई य अरई य ।
सोगो भयं दुगंछा, पच्चक्खकली इमे सव्वे ॥३०१॥
कोहो कलहो खारो, अवरुप्परमच्छरो अणुसओ य ।
चण्डत्तणमणुवसमो, तामसभावो य संतावो ॥३०२॥

સ્થંડિલ (મળ), પ્રશ્રવણ (પેશાબ), શ્લેષ્મ, શરીરનો મેલ, નાસિકાનો મેલ અને ઉપલક્ષણથી વધેલાં કે અશુદ્ધ આહારાદિ તથા વસ્ત્રાદિ ઉપકરણોમાં ચઢેલાં ત્રસ કીડી કુંથુઆ વિગેરે જીવો ઇત્યાદિને જ્યાં ત્રસ-સ્થાવર જીવ રહિત ભૂમી હોય ત્યાં ચક્ષુથી જોઇને અને પ્રમાર્જીને જયણાથી પરઠવે (મૂકે) તે મુનિ પારિષ્ઠાપનિકા સમિતિવાળો સમજવો. (૩૦૦)

(હવે કષાયોનું સ્વરૂપ કહે છે કે) ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય (હાંસી), રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા (દુર્ગંછા) એ સર્વ પ્રત્યક્ષ કલિ (કલહ) જાણવા. અર્થાત્ એ બધા સર્વ અનર્થોનું મૂળ છે. (૩૦૧)

ક્રોધ-કલહ (કજીઓ), ખાર (ઇર્ષ્યા), પરસ્પર મત્સર, પશ્ચાત્તાપ (ખેદ), ઉગ્રરોષ, અશાન્તિ (હૈયાનો ઉકળાટ), તામસભાવ (રીસાળપણું) અને સંતાપ (બળાપો) એ બધાં ક્રોધનાં રૂપો છે-ક્રોધ જ છે. તથા ક્રોધથી આત્માનું મલિન થવું, તિરસ્કાર, ઠપકો (આલંભો) આપવો, બીજાને નહિ અનુસરવાપણું, સાથે ન રહી શકવું (એકલપણું), સામાના

निच्छोडण निब्भंछण, निराणुवत्तित्तणं असंवासो ।
कयनासो य असम्मं, बंधइ घणचिक्कणं कम्मं ॥३०३॥
॥युग्मम्॥

माणो मयहंकारो, परपरिवाओ य अत्तउक्करिसो ।
परपरिभवो वि अ तहा, परस्स निंदा असूया य ॥३०४॥
हीला निरुवयारित्तणं, निरवणामया अविणओ अ ।
परगुणपच्छायणया, जीवं पाडंति संसारे ॥३०५॥
॥ युग्मम्॥

माया कुडंग पच्छण्ण-पावया कूडकवडवंचणया ।
सव्वत्थ असब्भावो, परनिक्खेवावहारो य ॥३०६॥

ઉપકારને વિસરી જવો (અકૃતજ્ઞતા) અને બીજની સાથે સમાનભાવે નહિ વર્તવું એ પણ ક્રોધનાં જ રૂપાંતરો છે. તે તે પ્રકારે ક્રોધ કરનારો અતિ કઠોર ચીકણાં જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધે છે. (૩૦૨–૩૦૩)

માન–જાત્યાદિ મદ, અહંકાર (અહંતા), બીજાઓની હલકાઈ, પોતાની પ્રશંસા, બીજાઓનો પરાભવ (પરાજય) તથા પરની નિંદા અને બીજાઓ પ્રત્યે અસૂયા (અસહ્યભાવ) એ સર્વ માનનાં રૂપો છે. ઉપરાન્ત બીજાને વગોવવા, કોઇનો ઉપકાર ન કરવો, અક્કડપણું–અનમ્રતા, અવિનય કરવો, બીજાના ગુણોને ઢાંકવા વિગેરે માનનાં રૂપાન્તરો જીવને સંસારમાં પાડે છે. (રખડાવે છે.) (૩૦૪–૩૦૫)

માયા–વક્રતા, ગુપ્તપાપાચરણ, કુડ, કપટ, બીજાને

छलछोमसंवइयरो, गूढायारत्तणं मई कुडिला ।
वीसंभघायणं पि य, भवकोडिसएसु वि नडंति ॥३०७॥
॥ युग्मम् ॥

लोभो अइसंचयसीलया य, किलिट्ठत्तणं अइममत्तं ।
कप्पण्णमपरिभोगो, नट्ठविणिट्ठे य आगल्लं ॥३०८॥

मुच्छा अइबहुधणलोभया य, तब्भावभावणा य सया ।
बोलंति महाघोरे, जरमरणमहासमुद्दंमि ॥३०९॥

ઠગવા, કોઇનો સદ્ભાવ (વિશ્વાસ) ન કરવો, સર્વ પદાર્થોને અંગે અસત્ય (ઉત્સૂત્ર) બોલવું, પારકી થાપણ ઓળવવી, એ બધાં માયાનાં રૂપાંતરો છે. તે ઉપરાન્ત છળ, છદ્મ (હૃદયના ભાવને છૂપાવવો), પોતાના સ્વાર્થ માટે ગાંડામાં ગણાવું–મૂર્ખની ચેષ્ટા કરવી, ગુપ્ત આચરણ, વક્ર બુદ્ધિ, વિશ્વાસઘાત એ સર્વ માયાનાં રૂપાંતરો પણ ક્રોડાક્રોડ જન્મ-મરણ સુધી સંસારમાં નડે છે (ભમાવે છે). (૩૦૬–૩૦૭)

લોભ–અતિસંચય–એકઠું કરવાનો સ્વભાવ, કઠોરતા, અતિ મમતા, કૃપણતા, છતી સામગ્રીએ ભૂખ્યા રહેવું, કોઈ વસ્તુ નાશ પામતાં–ચોરાઈ જતાં કે આપેલી પાછી નહિ આવતાં બીમાર પડવું, (૩૦૮)

મૂર્છિત થવું, ધનનો અતિઘણો લોભ કરવો અને સદા લોભી સ્વભાવથી ચિત્તમાં તેનું ચિંતવન કરવું વિગેરે લોભનાં જ રૂપો છે તે જન્મમરણથી મહાભયંકર અપાર સંસાર સમુદ્રમાં બુડાવે (ભમાવે) છે. (૩૦૯)

एएसु जो न वट्टिज्जा, तेणं अप्पा जहट्ठिओ नाओ ।
मणुआण माणणिज्जो, देवाण वि देवयं हुज्जा ॥३१०॥
जो भासुरं भुअंगं, पयंडदाढाविसं विघट्टेइ ।
तत्तो चिय तस्संतो, रोसभुअंगोवमाणमिणं ॥३११॥
जो आगलेइ मत्तं, कयंतकालोवमं वणगइंदं ।
सो तेणं चिय छुज्जइ, माणगइंदेण इत्थुवमा ॥३१२॥
विसवल्लिमहागहणं, जो पविसइ साणुवायफरिसविसं ।
सो अचिरेण विणस्सइ, माया विसवल्लिगहणसमा ॥३१३॥

એ ઉપર્યુક્ત કષાયોમાં જે રહેતો (રાચતો) નથી, તેણે આત્માને યથાર્થ ઓળખ્યો છે અને તેવો મહાત્મા મનુષ્યોને માનનીય અને દેવોને પણ દેવની જેમ પૂજ્ય બને છે. (૩૧૦)

જે અતિરૌદ્ર, પ્રચંડ એવા આશિર્વિષ સર્પને છેડે (સતાવે) છે તેનો તે સર્પથી નાશ (મરણ) થાય છે. એ ઉપમા ક્રોધસર્પની છે. અર્થાત્ ક્રોધસર્પને ઉદ્દીરનારો–વેગ આપનારો આત્મા સંયમરૂપી પ્રાણનો નાશ કરે છે. (૩૧૧)

જે મદોન્મત્ત મરણકાળ સરખા જંગલી હાથીને પકડે તે તેનાથી ચૂરાઈ જાય એ ઉપમા માન કષાયરૂપ હાથીની સમજવી. અર્થાત્ માનને ઉદ્દીરનારો આત્મા (તેના સર્વ ગુણો) ચૂરાઈ જાય છે. (૩૧૨)

જે વિષવેલડીઓના મહાભયંકર જંગલમાં સામા પવને ઝેર સ્પર્શે તેમ પેસે છે તે વેલડીઓના ઝેરી પવનના સ્પર્શ અને ગંધથી તત્કાળ નાશ (મરણ) પામે છે. તેમ માયા

घोरे भयागरे सागरम्मि, तिमिमगरगाहपउरम्मि ।
जो पविसइ सो पविसइ, लोभमहासागरे भीमे ॥३१४॥

गुणदोसबहुविसेसं, पयं पयं जाणिऊण नीसेसं ।
दोसेसु जणो न विरज्जइ त्ति कम्माण अहिगारो ॥३१५॥

अट्टट्टहासकेलिकिलत्तणं हासखिड्डजमगरुई ।
कंदप्पं उवहसणं, परस्स न करंति अणगारा ॥३१६॥

વિષવેલડીઓના જંગલ જેવી ભયંકર (હોવાથી તેને વશ થનારો સંયમ પ્રાણનો નાશ કરે) છે. (૩૧૩)

જે લોભરૂપી મહાસમુદ્રમાં પ્રવેશ કરે છે તે મોટા મચ્છો, મગરો અને ઝુંડ વિગેરે ભયંકર જળચરજીવોથી ભયંકર મોટા સમુદ્રમાં પ્રવેશ કરે છે, અર્થાત્ લોભને વશ થવું તે ભયંકર મહાસાગરમાં ડૂબવા બરાબર છે. (૩૧૪)

જિનાગમના પદે પદે જ્ઞાનાદિ ગુણોનું તથા ક્રોધાદિ દોષોનું અંતર (ફળ) સંપૂર્ણ જાણવા છતાં પણ જીવ દોષોથી વિરાગી થતો (અટકતો) નથી એ કર્મોનું જ આધિપત્ય છે. (જીવ કર્મોને વશ દીન બની ગયો છે એનું પરિણામ છે.) (૩૧૫)

(એ પ્રમાણે ક્રોધાદિની દુષ્ટતા જણાવીને હવે હાસ્યાદિની વિષમતા કહે છે કે) ખુલ્લા મુખે ખડખડાટ હસવું, રમતથી બીજાને હરાવવાપણું, વિટ-ભાંડની જેમ ચાળા કરવા, વિષયાદિમાં રાગ વધે તેવાં યમકાદિ કાવ્યો (ગીતો-ગાયનો)

साहूणं अप्परुई, ससरीरपलोअणा तवे अरई ।
सुत्थिअवन्नो अइपहरिसो य नत्थी सुसाहूणं ॥३१७॥
उव्वेयओ अ अरणामओ अ, अरमंतिया य अरई य ।
कलिमलओ अ अणेगग्गयाय कत्तो? सुविहियाणं ॥३१८॥
सोगं संतावं अधिइं च, मन्नुं च वेमणस्सं च ।
कारुण्ण–रुन्नभावं, न साहुधम्मम्मि इच्छंति ॥३१९॥

માં પ્રીતિ કરવી, સામાન્ય હાસ્ય અને બીજાઓની હાંસી (મશ્કરી) કરવી, ઇત્યાદિ (હાસ્ય) ઉત્તમ સાધુઓ કરતા નથી. (૩૧૬)

સાધુને, 'મને ઠંડી, તાપ વિગેરે ન જોઇએ' એવી શરીરની રૂચિ તથા સ્વશરીરને રાગથી (દુર્બળ–સબળ વિગેરે) જોવાનું ન હોય, એથી તપમાં અરતિ (નારાજી), હું સારો છું એવી આત્મશ્લાઘા અને અતિહર્ષનાં નિમિત્તો હોવા છતાં હર્ષ વિગેરે સારા સાધુને ન હોય, અર્થાત્ એવી રતિ ન કરે તે સાધુ ઉત્તમ જાણવો. (૩૧૭)

ધર્મધૈર્યમાં ઉદ્વેગ (ચલ સ્વભાવ), વિષયોના આકર્ષણ-રૂપ આત્મરોગ, ધર્મધ્યાનમાં ચિત્તનો અનાદર, ચિત્તમાં અતિઉદ્વેગ (અરતિ), ઇષ્ટ વિષયોની અપ્રાપ્તિથી મનનો ક્ષોભ અને 'આ પહેરીશ, આ ખાઇશ, આ જોઇશ વિગેરે' ચિત્તનું ડામડોલપણું; એવી અરતિ જિનાજ્ઞાના પાલક ઉત્તમ મુનિઓને કયાંથી હોય? અર્થાત્ ન હોય. (૩૧૮)

સ્વજનાદિના મરણ વિગેરેનો શોક, અતિશોકરૂપ

भयसंखोहविसाओ, मग्गविभेओ विभीसियाओ य ।
परमग्गदंसणाणि य, दढधम्माणं कओ हुंति ? ॥३२०॥
कुच्छा चिलीणमलसंकडेसु, उव्वेयओ अणिट्ठेसु ।
चक्खुनियत्तणमसुभेसु, नत्थि दव्वेसु दंताणं ॥३२१॥
एयं पि नाम नाऊण, मुज्झियव्वं ति नूण जीवस्स ।
फेडेऊण न तीरइ, अइबलिओ कम्मसंघाओ ॥३२२॥

સંતાપ, કોઈ અનિષ્ટ વસ્તુમાં (ક્યારે છૂટું એવી) અધૃતિ, અતિશોકથી પોતાની ઉપર ગુસ્સો, આપઘાતની ભાવના, અલ્પ રૂદન, મોટા અવાજે રડવું વિગેરે (શોકને) શ્રી તીર્થંકરો વિગેરે સાધુધર્મમાં ઇચ્છતા નથી. અર્થાત્ સાધુતામાં એ ઇષ્ટ નથી. (૩૧૯)

નિઃસત્વપણાથી આકસ્મિક ભય, ચૌર વિગેરેની ઝહીક, દીનતા, વિહારમાં સિંહાદિના ભયથી માર્ગ છોડી દેવો તથા વેતાલ રાક્ષસ વિગેરેથી ડરવું (આ બે જિનકલ્પીને ઉદ્દેશીને સમજવાં.) અને ભયથી બીજાઓના ધર્મની પ્રરૂપણા (પ્રશંસા) કરવી; એ ભયો નિર્ભય-દૃઢ ચિત્તવાળા મુનિને ક્યાંથી હોય ? ન હોય. (૩૨૦)

અપવિત્ર-સડેલાં દુર્ગંધી મુડદાં વિગેરે પદાર્થોની કુત્સા (નિંદા), મેલથી ભરેલાં વસ્ત્રો કે પોતાનું શરીર વિગેરે અનિષ્ટ પદાર્થો તરફ ઉદ્વેગ (અણગમો) અને ક્રીડા વિગેરેથી સડતાં જીવતાં કુતરાં વિગેરે દ્રવ્યો દેખીને આંખ મીંચી દેવી-મુખ ફેરવવું-મરોડવું વિગેરે જુગુપ્સા દાન્ત (જિતેન્દ્રિય) સાધુઓને હોતી નથી. (૩૨૧)

जह जह बहुस्सुओ सम्मओ अ, सीसगणसंपरिवुडो अ ।
अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥३२३॥

पवराइं वत्थपाया–सणोवगरणाइँ एस विभवो मे ।
अवि य महाजणनेया, अहंति अह इड्ढिगारविओ ॥३२४॥

अरसं विरसं लूहं, जहोववन्नं च निच्छए भुत्तुं ।
निद्धाणि पेसलाणि य, मग्गइ रसगारवे गिद्धो ॥३२५॥

એ ઉપર જણાવ્યું તે કષાય–નોકષાયને પરાભવ કરનારા પ્રગટ શ્રી જિનવચનને જાણવા છતાં જીવ મોહને વશ થાય છે, મુંઝાય છે, તે નિશ્ચે જીવથી તેનો પરાભવ નથી થઈ શકતો તેનું પરિણામ છે, કારણ કે કર્મોનો સમુહ (ઉદય) અતિ બળવાન છે. (૩૨૨)

જેમ જેમ બહુ ભણ્યો હોય, અજ્ઞ લોકોમાં માન્ય હોય, ઘણા મૂઢ શિષ્યપરિવારવાળો હોય, તેમ તેમ આગમ તત્ત્વનો અજાણ–અનિશ્ચિત અર્થવાળો તે આગમનો (વિરૂદ્ધ આચરવાથી) શત્રુ બને છે. (૩૨૩)

(હવે ઋદ્ધિગારવવાળાનું વર્ણન કરે છે.) સાધુ શ્રેષ્ઠ વસ્ત્રો–પાત્રો–આસન તથા ઉપકરણો વિગેરે મળવાથી 'આ મારો વૈભવ છે, હું સમૃદ્ધિવંત છું, વળી ઘણા લોકોનો હું નેતા–અગ્રેસર છું' એમ માનતો ઋદ્ધિના અભિમાનથી અને ન મળે તે માગવાથી ઋદ્ધિ ગારવવાળો તે કર્મથી ભારે થાય છે. (૩૨૪)

રસગારવવાળો સાધુ રસમાં ગૃદ્ધ હોવાથી સંસ્કાર

सुस्सूसई सरीरं, सयणासणवाहणापसंगपरो ।
सायागारवगुरुओ, दुक्खस्स न देइ अप्पाणं ॥३२६॥
तवकुलछायाभंसो, पंडिच्चप्फंसणा अणिट्ठपहो ।
वसणाणि रणमुहाणि य, इंदियवसगा अणुहवंति ॥३२७॥
सद्देसु न रंजिज्जा, रूवं दट्ठुं पुणो न इक्खिज्जा ।
गंधे रसे अ फासे, अमुच्छिओ उज्जमिज्ज मुणी ॥३२८॥

વિનાનાં નિરસ, ઠંડા વિગેરે વિરસ, લુખાં યથાસમય જે મળે તે આહારાદિ વાપરવા ઇચ્છતો નથી, કિન્તુ સ્નિગ્ધ અને સ્વાદિષ્ટ ભોજનને શોધે છે. (૩૨૫)

શાતાગારવથી અભિમાની સાધુ પોતાના શરીરની ક્ષણે ક્ષણે ધોવું, સાફ રાખવું વિગેરે સેવા-શોભા કરે છે, કોમળ-સુંવાળાં સંથારો આસન વિગેરે વારંવાર નિષ્કારણ પણ વાપરવાની આસક્તિ કરે છે, વાપરે છે, એમ પોતાના આત્માને (શરીરને) કષ્ટો આપતો નથી.(૩૨૬)

(હવે ઇન્દ્રિયોથી જીતાએલ કેવો હોય તે કહે છે કે-) ઇન્દ્રિયોને વશ પડેલા બાહ્ય અભ્યંતર તપનો, કુળનો અને લોકોમાં ફેલાએલી કીર્તિનો નાશ કરે છે, પંડિતાઇને (જ્ઞાનને) કલંકિત કરે છે, સંસારના માર્ગે ગમન કરે છે, અનેક સંકટો વેઠે છે અને કલહ-યુદ્ધનાં દ્વાર ઉઘાડે છે, એમ સમસ્ત દોષોને અનુભવે છે. (૩૨૭)

(માટે) વાજિંત્રાદિના શબ્દોમાં રાગ કરવો નહિ, અભિલષિત રૂપ જોઇને સરાગ ભાવે જોવું નહિ-દૃષ્ટિ રોકવી

निहयाणि हयाणि य इंदिआणि, घाएह णं पयत्तेणं ।
अहियत्थे निहयाइं, हियकज्जे पूयणिज्जाइं ॥३२९॥
जाइकुलरुववलसुअ–तवलाभिस्सरियअट्ठमयमत्तो ।
एयाइं चिय बंधइ, असुहाइँ बहुं च संसारे ॥३३०॥
जाईए उत्तमाए, कुले पहाणम्मि रूवमिस्सरियं ।
बलविज्जा य तवेण य, लाभमएणं च जो खिंसे ॥३३१॥

અને સુંદર ગંધ, રસ તથા સ્પર્શમાં મૂર્છા (મુંઝાયા) વિના સાધુએ આત્મ કલ્યાણમાં ઉદ્યમ કરવો. (૩૨૮)

ઇષ્ટાનિષ્ટ વિષયોમાં રાગદ્વેષ વિનાની (હણાયેલી) છતાં વિષયોને ગ્રહણ કરતી (નહિ હણાયેલી) ઇન્દ્રિયોને તથા કષાયોની મન્દતાથી હતપ્રાયઃ થએલા છતાં ઉદિત (નહિ હણાયેલાં) કર્મોરૂપી ઋણને હે મુનિઓ ! પ્રયત્નથી (અપ્રમત્ત બની) હણો અને આત્માના અહિતમાં જતી ઇન્દ્રિઓને તથા કર્મોને આત્મહિતમાં પ્રવર્તાવો–કબજે કરો; એમ કરવાથી તે પૂજનીય બને છે. (૩૨૯)

સંસારમાં જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત, તપ, લાભ અને ઐશ્વર્ય; એ આઠ સારાં મળવાથી મદ કરનારો અભિમાની ભાવિ કાળે તે તે અનંતગુણાં બરાબ મળે તેવું કર્મ બાંધે છે. અર્થાત્ મદથી જીવ બરાબ ભાવોને પામે છે. (૩૩૦)

પોતાની ઉત્તમ જાતિથી, ઉત્તમ કુળથી, સુંદર રૂપથી, સારા ઐશ્વર્યથી, સારા બળથી, સારી વિદ્યાથી, ઉત્કટ તપથી અને ઘણા લાભથી જે બીજાઓને હલકા પાડે છે–નિંદે છે, તે મનુષ્ય અવશ્ય તે તે ભાવોને હલકા બરાબ પામે જ

संसारमणवयग्गं, नीयट्ठाणाइं पावमाणो य ।
भमइ अणंतं कालं, तम्हा उ मए विवज्जिज्जा ॥३३२॥
॥युग्मम्॥

सुट्ठु पि जइ जयंतो, जाइमयाईसु मज्जई जो उ ।
सो मेअज्जरिसी जहा, हरिएसबलु व्व परिहाइ ॥३३३॥
इत्थिपसुसंकिलिट्ठं, वसहिं इत्थिकहं च वज्जंतो ।
इत्थिजणसंनिसिज्जं, निरूवणं अंगुवंगाणं ॥३३४॥

છે અને તેથી અપાર સંસારમાં અનંતકાળ રખડે છે, માટે સુખના અર્થીએ જાત્યાદિ મદોને તજવા જોઇએ. (૩૩૧–૩૩૨)

પ્રયત્નપૂર્વક સુંદર તપ જપ વિગેરે કરવા છતાં જે સાધુ જાતિમદ વિગેરેથી મદોન્મત્ત રહે છે તે મેતાર્ય મુનિ અને હરિબળકેશીની જેમ હલકાં જાતિ કુળ વિગેરેને પામે છે. (૩૩૩)

(મદની અનિષ્ટતા કહીને બ્રહ્મચર્યની ગુપ્તિને માટે કહે છે કે)–દેવી,માનુષીસ્ત્રી, તથા પશુસ્ત્રીના સંસર્ગવાળી વસતિનો, સ્ત્રીના વેષ–રૂપ વિગેરેની વાર્તાનો, એકલી સ્ત્રીની સભામાં ધર્મોપદેશનો, સ્ત્રીના આસનનો અને સ્ત્રીનાં અંગોપાંગને સરાગદૃષ્ટિએ જોવાનો મુનિએ ત્યાગ કરવો જોઇએ, ઉપલક્ષણથી સાધ્વીએ દેવ–પુરૂષ કે પશુના સંસર્ગવાળી વસતિનો, પુરૂષના વેષ–રૂપ વિગેરેની વાતોનો, એકલા પુરૂષને ધર્મ કહેવાનો, પુરૂષના આસનનો અને તેના અવયવો જોવાનો ત્યાગ કરવો જોઇએ. (૩૩૪)

पुव्वरयाणुस्सरणं, इत्थिजणविरहरूवविलवं च ।
अइबहुअं अइबहुसो, विवज्जयंतो अ आहारं ॥३३५॥
वज्जंतो अ विभूसं, जइज्ज इह बंभचेरगुत्तीसु ।
साहू तिगुत्तिगुत्तो, निहुओ दंतो पसंतो अ ॥३३६॥
गुज्झोरुवयणकक्खोरुअंतरे तह थणंतरे दट्ठुं ।
साहरइ तओ दिट्ठिं, न य बंधइ दिट्ठिए दिट्ठिं ॥३३७॥

વળી (સાધુ કે સાધ્વીએ) પૂર્વે ભોગવેલા ભોગોના સ્મરણનો, પતિ વિયોગિની સ્ત્રીના વિરહ વિલાપને તથા ભીંત વિગેરેના આંતરે સંભળાતા મૈથુન ક્રીડાના શબ્દોને સાંભળવાનો, રૂક્ષ વિગેરે પણ અતિ પ્રમાણ આહારનો અને થોડા પણ સ્વાદિષ્ટ કે માદક આહારનો, એ સર્વનો ત્યાગ કરવો. (૩૩૫)

તથા ત્રણગુપ્તિથી ગુપ્ત, મન-ઇન્દ્રિયોના વ્યાપાર રહિત શાન્ત, જિતેન્દ્રિય અને કષાયનો વિજેતા બનીને સાધુએ શરીરની શોભા-સંસ્કારરૂપ વિભૂષાને પણ છોડીને બ્રહ્મચર્યની એ નવ ગુપ્તિઓના પાલનમાં ઉદ્યમ કરવો જોઇએ. (૩૩૬)

તથા સ્ત્રીની યોનિ, સાથળ, મુખ, બગલ, હૃદય વિગેરેના પોલાણને (આંતરાને) તથા સ્તનોના આંતરાને દેખવામાં આવે તો સૂર્યની સામેથી ખેંચી લે તેમ તુર્ત દૃષ્ટિને ખેંચી લેવી અને સ્ત્રીની દૃષ્ટિ સાથે દૃષ્ટિ કદી પણ જોડવી નહિ. (એમ સાધ્વીએ પુરૂષને અંગે પણ સમજવું.) (૩૩૭)

सज्झाएण पसत्थं, झाणं जाणइ य सव्वपरमत्थं ।
सज्झाए वट्टंतो, खणे खणे जाइ वेरग्गं ॥३३८॥

उड्ढमहतिरियलोए, जोइसवेमाणिया य सिद्धी य ।
सव्वो लोगालोगो, सज्झायविउस्स पच्चक्खो ॥३३९॥

जो निच्चकाल तवसं-जमुज्जओ नवि करेइ सज्झायं ।
अलसं सुहसीलजणं, न वि तं ठावेइ साहुपए ॥३४०॥

હવે સ્વાધ્યાયને અંગે કહે છે કે-વાચના-પૃચ્છનાદિ સ્વાધ્યાયને કરતો સાધુ ધર્મ કે શુક્લ ધ્યાનવાળો બને છે, જગતનાં સર્વ તત્ત્વોને (પરમાર્થથી) જાણે છે અને સ્વાધ્યાય કરતાં ક્ષણે ક્ષણે વૈરાગ્યને પામે છે. (૩૩૮)

સ્વાધ્યાયના મર્મને જાણનાર મુનિ ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવો અને સિદ્ધસ્થાનને, અધોલોકમાં નરકો વિગેરેને, તિર્છાલોકમાં વ્યંતર-જ્યોતિષ્કદેવો અને અસંખ્યાત દ્વીપ સમુદ્રોને, અરે ! સર્વલોક અલોકને પણ પ્રત્યક્ષની જેમ જાણે છે, જુએ છે. (૩૩૯)

જે સાધુ નિત્ય તપ અને સંયમાનુષ્ઠાનોમાં ઉદ્યમી છતાં સ્વાધ્યાય નથી કરતો તે સ્વયં આળસુ સુખશીલિઆ પોતાના શિષ્યવર્ગને પણ સાધુમાર્ગમાં સ્થિર કરી શકતો નથી, કારણ કે સ્વાધ્યાય વિના પોતાના આશ્રિતોને સંયમમાં આગળ વધારવાનું જ્ઞાન તેનામાં હોતું નથી. (૩૪૦)

विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।
विणयाओ विप्पमुक्कस्स, कओ? धम्मो कओ? तवो ॥३४१॥
विणओ आवहइ सिरिं, लहइ विणीओ जसं च कित्तिं च ।
न कयाइ दुव्विणीओ, सकज्जसिद्धिं समाणेइ ॥३४२॥
जह जह खमइ सरीरं, धुवजोगा जह जहा न हायंति ।
कम्मक्खओ अ विउलो, विवित्तया इंदियदमो अ ॥३४३॥

હવે વિનય માટે કહે છે કે–દ્વાદશાંગીરૂપ જૈન શાસનનું મૂળ વિનય છે (અર્થાત્ વિનીત આત્માને જ શાસ્ત્રો સમ્યક્ પચે છે) માટે વિનીત આત્મા જ સંયમી બને છે. વિનય રહિત જીવમાં (મૂળ ન હોવાથી) તપ અને ધર્મ કેવી રીતે પ્રગટે ? (ન પ્રગટે.) (૩૪૧)

વિનય (બાહ્ય–અભ્યંતર) લક્ષ્મીને પ્રાપ્ત કરાવે છે અને વિનીત આત્મા માનસુભટનો પરાભવ કરવાનો યશ અને કીર્તિને પામે છે. દુર્વિનીત કદાપિ સ્વકાર્યોની સિદ્ધિ કરી શકતો નથી. (૩૪૨)

હવે તપનું વર્ણન કરે છે. કોઇ અજ્ઞ જીવો કષ્ટો સહન કરવામાં તપ માને છે તે અયોગ્ય છે, એથી તો નારકો વિગેરે મહાતપસ્વી ગણાશે, માટે વસ્તુતઃ જેટલું શરીર સહન કરે અને જે તપથી સંયમના પ્રતિલેખના વૈયાવચ્ચ સ્વાધ્યાયાદિ યોગોમાં વિઘ્ન ન આવે તેવો તપ કરવાથી મોટો કર્મક્ષય થાય છે, શરીરથી આત્મા ભિન્ન દેખાય છે (વૈરાગ્ય વધે છે) અને ઇન્દ્રિઓનો વિજય (નિગ્રહ) થાય છે. (૩૪૩)

जइ ता असक्कणिज्जं, न तरसि काऊण तो इमं कीस ।
अप्पायत्तं न कुणसि, ? संजमजयणं जइजोगं ॥३४४॥
जायम्मि देहसंदेहयम्मि, जयणाइ किंचि सेविज्जा ।
अह पुण सज्जो अ निरु-ज्जमो य तो संजमो कत्तो ?
॥३४५॥

मा कुणउ जइ तिगिच्छं, अहियासेऊण जइ तरइ सम्मं ।
अहियासिंतस्स पुणो, जइ से जोगा न हायंति ॥३४६॥

હવે પોતાને અશક્ત માની પ્રમાદ સેવનારને કહે છે કે-જો તું ભિક્ષુ પડિમાદિ દુષ્કર (અશક્ય) આરાધન કરી શકતો નથી, તો હે સાધુ ! ઉપર જણાવી તે સાધુને યોગ્ય સમિતિનું પાલન વિગેરે સ્વાધીન સંયમની યતનાને (આરાધનાને) કેમ નથી કરતો ? (૩૪૪)

કોઇ એમ માને કે શાસ્ત્રમાં ઉત્સર્ગની જેમ અપવાદનું પણ વિધાન છે તો પ્રમાદ કરનારને શો દોષ ? તેને કહે છે કે-પ્રાણાંત સંકટ પ્રસંગે જયણાથી (વિવેકથી) કોઇક અપવાદનો આશ્રય કરે (સેવે), પણ સમર્થ કે નિરોગી છતી શક્તિએ પણ શૈથિલ્ય સેવે તો તેને સંયમ કેમ રહે ? અર્થાત્ જિનાજ્ઞાનું પાલન ન થવાથી સંયમ ન જ રહે. (૩૪૫)

અહીં સુધી ૨૯૫ મી ગાથામાં કહેલા સમિતિ વિગેરે દ્વારોનું વર્ણન કર્યું. હવે સમર્થને શૈથિલ્યથી સંયમનો અભાવ થાય, માંદાને નહિ, તો શું ઔષધાદિ પણ ન લેવું ? તે માટે કહે છે કે-

निच्चं पवयणसोहा–कराण चरणुज्जयाण साहूणं ।
संविग्गविहारीणं, सव्वपयत्तेण कायव्वं ॥३४७॥
हीणस्स वि सुद्धपरूवगस्स, नाणाहियस्स कायव्वं ।
जणचित्तग्गहणत्थं, करिंति लिंगावसेसेऽवि ॥३४८॥
दगपाणं पुप्फफलं, अणेसणिज्जं गिहत्थकिच्चाइं ।
अजया पडिसेवंति, जइवेसविडंबगा नवरं ॥३४९॥

રોગ પરિષહ સહવાથી કર્મક્ષય કરવામાં રોગો સહાયક છે, માટે રોગની અતિ પીડાને પણ સહન કરી શકે (દુર્ધ્યાન ન થવા દે) તેણે ઔષધ કરવું નહિ. પણ અતિ સહન કરતાં સંયમણ બળ ન પહોંચવાથી સંયમનાં પડિલેહાણાદિ કાર્યો સીદાય તો તેણે ઔષધ કરવું અનુચિત નથી. (૩૪૬)

શેષ સાધુઓનું કર્તવ્ય એ છે કે–હંમેશાં જૈન શાસનની શોભા (પ્રભાવના) કરનારા અપ્રમાદી (ચારિત્રવંત) મુનિઓ અને મોક્ષની એક ઇચ્છાવાળા સાધુઓની સર્વ પ્રયત્નો કરીને વૈયાવચ્ચાદિક કરવું જોઇએ. (૩૪૭)

અપ્રમત્ત (આત્માર્થી) મુનિએ મનુષ્યોને પ્રસન્ન કરવા માટે ચારિત્રમાં શિથિલ છતાં વિશેષ જ્ઞાની એવા શુદ્ધ ધર્મના પ્રરૂપકનું પણ ઉચિત કાર્ય કરવું. કારણ કે 'સાધુઓ પરસ્પર ઇર્ષ્યાળુ છે' એવો લોકોમાં ઉહાહ ન થાય તે માટે સારા સાધુઓ પાર્શ્વસ્થાદિનું પણ તેવું ઉચિત કરે છે. (૩૪૮)

તે વેષધારી (પાર્શ્વસ્થાદિ) કેવા હોય તે કહે છે કે–સચિત્ત પાણી, પુષ્પો, ફળો તથા આધાકર્મિકાદિ દોષિત

ओसन्नया अबोही, पवयणउब्भावणा य बोहिफलं ।
ओसन्नो वि वरं पि हु, पवयणउब्भावणापरमो ॥३५०॥
गुणहीणो गुणरयणायरेसु, जो कुणइ तुल्लमप्पाणं ।
सुतवस्सिणो य हीलइ, सम्मत्तं कोमलं तस्स ॥३५१॥
ओसन्नस्स गिहिस्स व, जिणपवयणतिव्वभावियमइस्स ।
कीरइ जं अणवज्जं, दढसम्मत्तस्सऽवत्थासु ॥३५२॥

આહારાદિને વાપરે છે અને માત્ર સાધુવેષને લજ્જાવનારા સાવદ્યપ્રવૃત્તિ કરનારા તેઓ ગૃહસ્થોનાં સાવદ્ય કાર્યો પણ કરે છે. (૩૪૯)

તેઓનો (સર્વ ઓસન્નનો) આ ભવમાં લોકોમાં અવસન્નતા એટલે પરાભવ થાય છે અને પરલોકમાં જૈનધર્મ મળતો નથી. કારણ કે શાસનની પ્રભાવનાના ફળ તરીકે જિનધર્મની પ્રાપ્તિ થાય છે. પોતે શિથિલ છતાં શુદ્ધ પ્રરૂપણાદિથી શાસનની પ્રભાવના કરે છે તે દેશે ઓસન્નો છતાં શ્રેષ્ઠ છે. (૩૫૦)

જે નિર્ગુણી ગુણવંતોની તુલ્ય પોતાને જાણે-જણાવે છે, તે ઉત્તમ તપસ્વિ (ગુણવંતો) ને હલકા પાડે છે તેથી તેનું સમ્યક્ત્વ નિઃસાર દુર્બળ છે (કારણ કે સમ્યક્ત્વ ગુણવાનને દેખી પ્રમોદ પામવાથી ટકી શકે છે.)(૩૫૧)

(શાસનની ભક્તિવાળા સુસાધુઓએ શાસનની અપભ્રાજના ન થાય તે ઉદ્દેશથી) પાર્શ્વસ્થાદિ શિથિલાચારીઓ કે ઉત્તમ શ્રાવક જો તે જિનવચનની પ્રીતિવાળા હોય (શાસ-

પાસત્થોસન્નકુસીલ,–નીયસંસત્તજણમહાચ્છંદં ।
નાઊણ તં સુવિહિયા, સવ્વપયત્તેણ વજ્જંતિ ॥૩૫૩॥

બાયાલમેસણાઓ, ન રક્ખઇ ધાઇસિજ્જપિંડં ચ ।
આહારેઇ અભિક્ખં, વિગઈઓ સન્નિહિં ખાઈ ॥૩૫૪॥

સૂરપ્પમાણભોજી, આહારેઇ અભિક્ખમાહારં ।
ન ય મંડલીએ ભુંજઇ, ન ય ભિક્ખં હિંડઈ અલસો ॥૩૫૫॥

નના પક્ષકાર હોય) તો દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ વિગેરે આપત્તિના પ્રસંગે તેઓનું ઉચિત–નિષ્પાપકાર્ય કરવું જોઇએ, હંમેશાં નહિ. (૩૫૨)

પાર્શ્વસ્થ–અવસન્ન–કુશીલ–નિત્ય (સ્થિર) વાસી–સંસક્ત તથા એ સર્વથી વધુ દોષવાળો યથાચ્છંદ, એ દરેકને જાણીને (ઓળખ્યા પછી) સુવિહિત સાધુઓ સર્વ પ્રયત્નથી તેઓનો સંગ તજે છે. (૩૫૩)

(પાર્શ્વસ્થપણું વિગેરે થવાનાં કારણો કહે છે) આહારના ૪૨ દોષ ટાળવા રૂપ એષણાસમિતિનું રક્ષણ કરતો નથી, ધાત્રીપિંડ અને શય્યાતરપિંડથી રક્ષા કરતો નથી, વારંવાર દૂધ વિગેરે વિગઇઓ વાપરે તથા વાસી રાખેલ ગોળ વિગેરે વાપરે છે. (૩૫૪) તથા–

સૂર્યાસ્ત સુધી ભોજન કરે, અનિયતપણે વારંવાર આહાર વાપરે, સાધુઓ સાથે માંડલીમાં ન વાપરે અને આળસના કારણે ગોચરી વહોરવા જતો નથી. (૩૫૫) તથા–

कीवो न कुणइ लोअं, लज्जइ पडिमाइ जल्लमवणेइ ।
सोवाहणो अ हिंडइ, बंधइ कडिपट्टयमकज्जे ॥३५६॥
गामं देसं च कुलं, ममायए पीठफलगपडिबद्धो ।
घरसरणेसु पसज्जइ, विहरइ य सकिंचणो रिक्को ॥३५७॥
नहदंतकेसरोमे, जमेइ उच्छोलधोअणो अजओ ।
वाहेइ य पलियंकं, अइरेगपमाणमत्थुरइ ॥३५८॥

સત્ત્વ વિનાનો બની લોચ ન કરે, કાયોત્સર્ગ (પડિમા) કરતાં શરમાય, શરીરનો મેલ ઉતારે, પગરખાં પહેરીને ચાલે, વિના કારણે ચોલપટ્ટકને (કંદોરાથી) બાંધે. (પૂર્વકાળે કંદોરો ચોળપટ્ટો બાંધવાનો આચાર ન હતો તેને આશ્રીને આ દોષ જાણવો.) (૩૫૬) તથા–

અમુક ગામ, અમુક દેશ, અમુક કુલ (ગ્રહસ્થનાં ઘરો) ઉપર મમતા રાખે, (અન્ય સાધુઓ ત્યાં વિચરે તો દ્વેષ ધરે, પોતે ત્યાંનો અધિકારી બની બેસે) ઋતુબદ્ધ (શેષ) કાળમાં પણ પાટ–પાટલા વિગેરે વાપરે, ઘરરૂપ માળાઓમાં આસક્ત થાય અથવા ઘેર ભોગવેલા ભોગોનું સ્મરણ કરે અને સુવર્ણ આદિ ધન રાખીને ફરવા છતાં પોતાને નિર્ગ્રંથ (અપરિગ્રહી) તરીકે જણાવે. (૩૫૭) વળી–

નખ–દાંત–કેશ–શરીરના વાળ વિગેરેની (નખ કપાવે, દાંત ઘસે, વાળ ઓળે વિગેરે) શોભા કરે, ઘણા પાણીથી ગ્રહસ્થની જેમ હાથ–પગ અને મુખ ધોયા કરે, એમ યતના રહિત બને, પલંગ વાપરે તથા સંથારા–ઉત્તરપટ્ટાથી અધિક પાથરીને સુખશીલિઓ બને. (૩૫૮) તથા–

सोवइ य सव्वराइं, नीसट्ठमचेयणो न वा झरइ ।
न पमज्जंतो पविसइ, निसिहीयावस्सियं न करे ॥३५९॥
पाय पहे न पमज्जइ, जुगमायाए न सोहए इरियं ।
पुढवीदगअगणिमारुअ–वणस्सइतसेसु निरविक्खो ॥३६०॥
सव्वं थोवं उवहिं, न पेहए न य करेइ सज्झायं ।
सद्दकरो झंझकरो, लहुओ गणभेयतत्तिल्लो ॥३६१॥
खित्ताईयं भुंजइ, कालाईयं तहेव अविदिन्नं ।
गिण्हइ अणुइयसूरे, असणाई अहव उवगरणं ॥३६२॥

નિશ્ચેષ્ટ (મુડદાની જેમ) આખી રાત્રી સુતો રહે–ઉંઘે, પણ સ્વાધ્યાય ન કરે, રાત્રે અંધારામાં (દંડાસણથી) પ્રમાર્જન વિના મકાનમાં પેસે–ફરે અને પેસતાં નિસિહી નીકળતાં આવસ્સહી ન કહે. (૩૫૯)વળી–

માર્ગમાં (ગામના પેસાર–નિસારે) પગને ન પ્રમાર્જે, ઇર્યાસમિતિના પાલન માટે યુગ (ધુંસરી) પ્રમાણ દૃષ્ટિથી ભૂમી ન જુવે, પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિ અને ત્રસ, એ છ કાય જીવોની નિઃશંકપણે વિરાધના કરે. (૩૬૦) વળી–

થોડી પણ ઉપધિનું પડિલેહણ ન કરે, દિવસે પણ સ્વાધ્યાય ન કરે, રાત્રે મોટા શબ્દથી બોલે, કલહ (કજીઓ) કરે, એમ તુચ્છ પ્રકૃતિવાળો ગચ્છમાં પરસ્પર ચિત્તભેદ કરવામાં તત્પર રહે. (૩૬૧)વળી–

બે ગાઉ ઉપરનું વહોરેલું (ક્ષેત્રાતીત) આહારાદિ વાપરે, ત્રણ પ્રહર ઉપરનું (ચાર પ્રહર પહેલાં) વહોરેલું

ठवणकुले न ठवेई, पासत्थेहिं च संगयं कुणई ।
निच्चमवज्झाणरओ, न य पेहपमज्जणासीलो ॥३६३॥

रीयइ य दवदवाए, मूढो परिभवइ तहय रायणिए ।
परपरिवायं गिण्हई, निट्ठुरभासी विगहसीलो ॥३६४॥

विज्जं मंतं जोगं, तेगिच्छं कुणई भूइकम्मं च ।
अक्खर-निमित्तजीवी, आरंभपरिग्गहे रमइ ॥३६५॥

કાલાતીત વાપરે બીજાએ (ગુરૂએ) નહિ આપેલું વાપરે, તથા સૂર્યોદય પહેલાં અશનાદિ આહાર કે ઉપકરણ ઉપધિ આદિ ગ્રહણ કરે. (વહોરે) (૩૬૨) વળી–

ખાસ પ્રયોજને આહારાદિ મેળવવા યોગ્ય ગુરૂનાં સ્થાપનાકુળો (શ્રીમંત કે ભક્ત ગ્રહસ્થોનાં ઘરો) માંથી નિષ્કારણ આહારાદિ લાવે, પાર્શ્વસ્થાઓની સાથે સંગતિ કરે, નિત્ય દુષ્ટ (સંક્લિષ્ટ) ચિત્તવાળો–પ્રમાદી બનીને વસતિ–ઉપધિ આદિમાં પ્રેક્ષણ–પ્રમાર્જનાશીલ ન રહે. (૩૬૩) વળી–

માર્ગમાં જલ્દી (ત્વરાથી) ચાલે, જ્ઞાનાદિ ગુણોથી વિશિષ્ટ રત્નાધિક મુનિઓનો તે મૂઢ પરાભવ કરે, બીજાની નિંદા કરે, કડવાં કઠોર વચન બોલે તથા સ્ત્રીકથાદિ વિકથાઓમાં તત્પર રહે. (કરે) (૩૬૪)

દેવી અધિષ્ઠિત વિદ્યા, દેવાધિષ્ઠિત મંત્ર, મંત્રિત વિશિષ્ટ દ્રવ્યરૂપ યોગ, ઔષધ અને મંત્રેલી ભૂતિ (રાખ) નો પ્રયોગ કરવારૂપ ભૂતિકર્મ, એનો પ્રયોગ કરે, વિદ્યા

कज्जेण विणा उग्गह–मणुजाणावेई दिवसओ सुयइ ।
अज्जियलाभं भुंजइ, इत्थिनिसिज्जासु अभिरमइ ॥३६६॥

उच्चारे पासवणे, खेले सिंघाणए अणाउत्तो ।
संथारगउवहीणं, पडिक्कमइ वा सपाउरणो ॥३६७॥

न करेइ पहे जयणं, तलियाणं तह करेइ परिभोगं ।
चरइ अणुबद्धवासे, सपक्खपरपक्खओमाणे ॥३६८॥

ભણાવીને કે નિમિત્તો કહીને આજીવિકા ચલાવે, છકાયજીવોનો આરંભ કરે અને મર્યાદાથી વધારે ઉપકરણાદિનો પરિગ્રહ રાખી ખૂશી થાય. (૩૬૫) તથા–

વિના પ્રયોજને ઇન્દ્ર–રાજા વિગેરેના અવગ્રહની યાચના કરે, દિવસે શયન કરે, સાધ્વીએ મેળવેલા આહારાદિ વાપરે અને સ્ત્રીના ઉઠ્યા પછી તેના આસનનો ઉપભોગ કરે. (૩૬૬) વળી–

સ્થંડિલ–માત્રુ–બળખો–શ્લેષ્મ–વિગેરેને પરઠવવામાં અજયણા કરે. સંથારામાં રહીને કે ઉપધિ ઉપર ઉભો અથવા વસ્ત્ર ઓઢીને પ્રતિક્રમણ કરે. (૩૬૭) તથા–

માર્ગમાં ચાલતાં સચિત્ત પાણી વિગેરેની જયણા ન કરે, તથા સશક્ત છતાં પગરખાંનો વિના કારણે પણ ઉપયોગ કરે, વર્ષાકાળમાં ફરે અને જ્યાં ઘણા સ્વપક્ષી અને બૌદ્ધાદિ પરપક્ષી સાધુઓ હોય ત્યાં શાસનની લઘુતા થાય તેમ સુખશીલીઓ બની વ્યવહાર કરે. (૩૬૮) વળી–

संजोअइ अइबहुअं, इंगाल सधूमगं अणट्ठाए ।
भुंजइ रूववलट्ठा, न धरेइ अ पायपुंछणयं ॥३६९॥

अट्ठम छट्ठ चउत्थं, संवच्छर चाउमास पक्खेसु ।
न करेइ सायबहुलो, न य विहरइ मासकप्पेणं ॥३७०॥

नीयं गिण्हइ पिंडं, एगागी अच्छए गिहत्थकहो ।
पावसुआणि अहिज्जइ, अहिगारो लोगगहणंमि ॥३७१॥

परिभवइ उग्गकारी, सुद्धं मग्गं निगूहए बालो ।
विहरइ सायागुरुओ, संजमविगलेसु खित्तेसु ॥३७२॥

ભોજન માંડલીના પાંચ દોષો સેવે ૧ સંયોજના, ૨ અતિપ્રમાણ આહાર, ૩ અંગારદોષ (રાગ), ૪ ધૂમ્રદોષ (દ્વેષ), તથા ૫ આહાર લેવાનાં શાસ્ત્રોક્ત ક્ષુધાની વેદના વિગેરે ૬ કારણો વિના શરીરનું રૂપ–બળ વધારવા આહાર વાપરે અને રજોહરણ ન રાખે.(૩૬૯) તથા–

વાર્ષિક, ચોમાસી અને પાક્ષિક તપનો અટ્ઠમ છટ્ઠ અને ઉપવાસ સુખશીલપણાથી ન કરે અને માસકલ્પાદિ નવકલ્પી વિહારથી ન વિચરે. (૩૭૦)

એક ઘરનો આહાર નિત્ય વાપરે, એકલો રહે, ગ્રહસ્થોની વાતો કર્યા કરે, જુગાર વિગેરેનાં પાપશાસ્ત્રો ભણે અને લોકોને પ્રસન્ન કરવામાં તત્પર રહે, પોતાનાં અનુષ્ઠાનોમાં આદર ન કરે. (૩૭૧) વળી–

ઉગ્રવિહારી (અપ્રમાદી) સાધુઓનો પરાભવ કરે (નિંદા કરે), બાલ–મંદબુદ્ધિવાળો તે જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ

उग्गाइ गाइ हसई, असंवुडो सइ करेइ कंदप्पं ।
गिहिकज्जचिंतगोऽविय, ओसन्ने देइ गिण्हइ वा ॥३७३॥
धम्मकहाओ अहिज्जइ, घराघरं भमइ परिकहंतो अ ।
गणणाइ पमाणेण य, अइरित्तं वहइ उवगरणं ॥३७४॥
बारस बारस तिण्णि य, काइय-उच्चार-कालभूमीओ ।
अंतोबहिं च अहियासि, अणहियासे न पडिलेहे ॥३७५॥

શુદ્ધ માર્ગને ગોપવે, શાતાગારવીઓ બનીને જ્યાં ઉત્તમ સાધુઓ ન વિચરતા હોય તેવાં સંયમવિકલ ક્ષેત્રોમાં (આજીવિકા ચાલે એ ઉદ્દેશથી) વિચરે. (૩૭૨) વળી–

મોટા અવાજથી સંગીત કરે, સામાન્ય સંગીત કરે, ખુલ્લાં મુખે (ખડખડાટ) હસે, કામોદ્દીપક વચનો બોલીને સદા કંદર્પ (કામચેષ્ટાઓ) કરે, ગ્રહસ્થનાં કાર્યોની ચિંતા કરે અને ઓસન્નને (શિથિલાચારીઓને) વસ્ત્રાદિ આપે અથવા તેમની પાસેથી લે. (૩૭૩).

આજીવિકા અર્થે ધર્મકથાઓને (શાસ્ત્રોને) ભણે, ઘેર ઘેર ધર્મકથા (ઉપદેશ) કરતો ફરે અને ગણત્રી (સંખ્યા) થી તથા માપથી વધારે–(ઘણાં તથા મોટાં) ઉપકરણો રાખે. (૩૭૪) વળી–

મકાનની અંદરની તથા બહારની સામાન્ય હાજત તથા અસહ્ય હાજતે રાત્રે માત્રુ તથા સ્થંડિલ માટેની બાર બાર ભૂમીઓનું (માંડલાંનું) તથા ત્રણ કાળ (ગ્રહણ કરવા) ની ભૂમીઓનું પડિલેહણ ન કરે. (૩૭૫) તથા–

गीअत्थं संविग्गं, आयरिअं मुअइ वलइ गच्छस्स ।
गुरुणो य अणापुच्छा, जं किंचि वि देइ गिण्हइ वा ॥३७६॥

गुरुपरिभोगं भुंजइ, सिज्जा-संथार-उवगरणजायं ।
किं ति य तुमं ति भासई, अविणीओ गव्विओ लुद्धो ॥३७७॥

गुरुपच्चक्खाणगिलाण-सेहबालाउलस्स गच्छस्स ।
न करेइ नेव पुच्छइ, निद्धम्मो लिंगमुवजीवी ॥३७८॥

આગમના જ્ઞાતા ગીતાર્થ અને મોક્ષાર્થી એવા ઉત્તમ પણ પોતાના આચાર્ય (ગુરૂ) ને વિના પ્રયોજને તજે, કોઈ પ્રમાદાદિ કારણે પ્રેરણા (હિતશિક્ષા) આપતાં ગચ્છને એટલે ગુરૂને સામો (ઉત્તર આપવા તૈયાર) થાય અને ગુરૂને પૂછ્યા વિના વસ્ત્રાદિ વસ્તુ કોઇને આપે અથવા લે. (૩૭૬)

ગુરૂ વાપરતા હોય તે શય્યા-સંથારો તથા ઉપકરણો (પણ ગુરૂની જેમ પૂજ્ય હોવા છતાં) પોતે વાપરે, ગુરૂ બોલાવે ત્યારે 'મત્થએણ વંદામિ' ને બદલે શું છે ? એમ જવાબ આપે, ગુરૂની સાથે વાત કરતાં માનાર્થક શબ્દો નહિ વાપરતાં તુંકાર બોલે, એમ અવિનય કરનારો, અવિનીત માટે અભિમાની અને વિષયમાં ગૃદ્ધ જાણવો. અર્થાત્ અવિનીત-અભિમાની અને વિષયોમાં ગૃદ્ધ એવો તે ઉપર પ્રમાણે ગુરૂની આશાતનાઓ કરે.(૩૭૭) વળી-

ગુરૂ-ક્ષપક (તપસ્વી) રોગી-નવદીક્ષિત, બાળ વિગેરે સાધુઓવાળા ગચ્છનાં કરવા યોગ્ય કાર્યો કરતો નથી,

પહગમણ–વસહિ–આહાર–સુયણ–થંડિલ્લવિહિપરિટ્ઠવણં ।
નાયરઇ નેવ જાણઇ, અજ્જાવટ્ટાવણં ચેવ ॥૩૭૯॥
સચ્છંદગમણ ઉટ્ઠાણ–સોઅણો અપ્પણેણ ચરણેણ ।
સમણગુણમુક્કજોગી, બહુજીવખયંકરો ભમઇ ॥૩૮૦॥
બત્થિ વ્વ વાયપુણ્ણો, પરિભમઇ જિણમયં અયાણંતો ।
થદ્ધો નિચ્વિન્નાણો, ન ય પિચ્છઇ કચિ અપ્પસમં ॥૩૮૧॥

હે મુનિઓ ! મારે યોગ્ય શું કર્તવ્ય છે એમ કરવાનું પૂછતો નથી, આથી જ તે આચારભ્રષ્ટ, માત્ર સાધુવેષથી પેટ ભરનારો છે. (૩૭૮) વળી–

તે વિહાર–વસતિ–આહાર-શયન–સ્થંડિલ–પરિટ્ઠવણ આદિને નિર્ધર્મપણાથી વિધિપૂર્વક આચરતો નથી અથવા જાણતો–સમજતો નથી, અથવા એ સાધુના આચારોમાં વર્તતો નથી વા જાણતો નથી અને સાધ્વીઓને સંયમ જીવન માટે શુદ્ધ વર્તન કરાવવાનું પણ કરતો કે જાણતો નથી. (૩૭૯)

વળી–ગુર્વાજ્ઞારહિત ચાલવું–ઊઠવું–બેસવું–શયન કરવું (વિગેરે) સ્વચ્છંદપણે કરનારો તે સ્વબુદ્ધિથી કલ્પિત ચારિત્રમાં (અચારિત્રમાં) ભમે અને સાધુના જ્ઞાનાદિ ગુણોથી રહિત યોગ–સાધુચર્યા મુક્ત ઘણા જીવનો ક્ષય (વિરાધના) કરતો વિના સંયમે ભટકે. (૩૮૦) વળી–

વાયુથી ભરેલી મસકની જેમ અતિગર્વથી ભરેલો, જિનવચનને (સ્યાદ્વાદને) નહિ સમજતો, શરીરે પણ અભિમાનથી અક્કડ બનેલો, જ્ઞાન રહિત જ્યાં ત્યાં ભમે (વિચરે)

सच्छंदगमणउट्ठाण–सोअणो भुंजई गिहीणं च ।
पासत्थाइट्ठाणा, हवंति एमाइया एए ॥३८२॥
जो हुज्ज उ असमत्थो, रोगेण व पिल्लिओ फुरियदेहो ।
सव्वमवि जहाभणियं, कयाइ न तरिज्ज काउं जे ॥३८३॥

અને જગતને તૃણવત્ નિર્ગુણી માને, પોતાની બરાબર કોઇને સમજે નહિ. (૩૮૧) વળી–

સ્વચ્છંદપણે ચાલવું–ઉઠવું–સુવું વિગેરે કરનારો, (૩૮૦ ગાથામાં કહેવા છતાં સ્વચ્છંદી ગુણવાનોના આશ્રયે નહિ રહેતાં તેઓથી દૂર રહે છે એ મોટો દુર્ગુણ છે એ જણાવવા પુનઃ કહ્યું છે) તે ગ્રહસ્થોની વચ્ચે ભોજન કરે છે, એમ પાસત્થાદિના કેટલા દોષો કહી શકાય? અર્થાત્ ઉપર જણાવ્યા ઇત્યાદિ પાસત્થાદિ શિથિલ સાધુઓના (ઘણા) દોષો હોય છે. (૩૮૨)

(ઉપર જણાવ્યા પ્રમાણે દોષ સેવનાર પાર્શ્વસ્થાદિમાં ગણાય તો વર્તમાનમાં સંઘયણહાનિ–રોગાદિ પરાભવમાં દરેક સાધુઓમાં આવું શૈથિલ્ય કંઈ નહિ તો કંઈ સંભવિત છે એથી સુસાધુ કોઈ નથી એમ સમજાઈ ન જાય માટે વ્યવચ્છેદ માટે કહે છે કે–) જે મંદસંઘયણવાળો–દુર્બળ-અસમર્થ હોય, અથવા ક્ષય જેવા મહા રોગથી પીડાતો હોય, અથવા વૃદ્ધાવસ્થાથી જીર્ણ શરીરી થયો હોય, તેવો સાધુ કદાપિ શાસ્ત્રકથન પ્રમાણે સઘળું યથાર્થ કરી ન શકે, (૩૮૩) તે

સોઽવિય નિયયપરક્કમ–વવસાયધિઈબલં અગૂહંતો ।
ત્તૂણ કૂડચરિઅં, જઈ જયંતો અવસ્સ જઈ ॥૩૮૪॥યુગ્મમ્॥
અલસો સઢોઽવલિત્તો, આલંબણતપ્પરો અદ્દપમાઈ ।
એવંઠિઓઽવિ મન્નઈ, અપ્પાણં સુટ્ઠિઓમ્હિ ત્તિ ॥૩૮૫॥
જોઽવિ ય પાડેઊણં, માયામોસેહિં ણાઇ મુદ્ધજણં ।
તિગ્ગામમજ્ઝવાસી, સો સોયઇ કવડખવગુ વ્વ ॥૩૮૬॥
એગાગી પાસત્થો, સચ્છંદો ઠાણવાસી ઓસન્નો ।
દુગ્ગમાઇસંજોગા, જહ બહુઆ તહ ગુરૂ હુંતિ ॥૩૮૭॥

તથા દ્રવ્ય–ક્ષેત્રાદિ આપત્તિને વશ પડેલો પોતાના શરીરબળના વ્યાપારને, મનના ધૈર્યને, એમ શરીરના અને મનના બળને છૂપાવ્યા વિના માયા કપટ છોડીને યતનાથી સાધુતાને પાળે તો તે નિયમા સુસાધુ છે એમ સમજવું. (૩૮૪)

આળસુ, માયાવી, ગર્વિષ્ઠ, પ્રમાદનાં બહાનાં શોધતો અને ગાઢનિદ્રાદિ અતિપ્રમાદી એવો છતાં પોતાને સુસાધુ માને તે કપટચેષ્ટાવાળો કુસાધુ જાણવો. (૩૮૫)

જે ભોળા લોકને પોતાને વશવર્તી બનાવીને માયાપૂર્વક અસત્ય બોલીને તેઓને ઠગે છે તે ત્રણ ગામોમાં રહેનારા કપટક્ષપકની જેમ પરિણામે શોક કરે છે. (૩૮૬)

૧–એકાકી, ૨–પાર્શ્વસ્થો, ૩–સ્વચ્છંદી, ૪–એક જ સ્થાને રહેનારો અને ૫–આવશ્યકાદિમાં શિથિલ–પ્રમાદી, એ પાંચ પદોના દ્વિસંયોગાદિ ભાંગા થાય, તે ભાંગા જેમ જેમ

गच्छगओ अणुओगी, गुरुसेवी अनियओ गुणाउत्तो ।
संजोएण पयाणं, संजमआराहगा भणिया ॥३८८॥
निम्ममा निरहंकारा, उवउत्ता नाणदंसणचरित्ते ।
एगखित्तेऽवि ठिआ, खवंति पोराणयं कम्मं ॥३८९॥
जियकोहमाणमाया, जियलोहपरिसहा य जे धीरा ।
वुड्ढावासेऽवि ठिया, खवंति चिरसंचियं कम्मं ॥३९०॥

પદો વધે તેમ તેમ મોટા (ઘણા) થાય. એમાં જેમ પદો વધે તેમ દોષવૃદ્ધિ થાય. જેમ કોઇ એકાકી, કોઇ પાર્શ્વસ્થ, એમ પાંચ ભાંગા થાય. કોઈ એકાકી અને પાર્શ્વસ્થો, કોઈ એકાકી અને સ્વચ્છંદી એમ દ્વિસંયોગી ૧૦ થાય, કોઇ એકાકી–પાર્શ્વસ્થ અને સ્વચ્છંદી એમ ત્રિકસંયોગી ૧૦ થાય, એ પ્રમાણે ચતુઃસંયોગી પાંચ અને પાંચસંયોગી ૧ ભાંગો થાય તેમાં જેમ પદો વધે તેમ તે ભાંગો વધુદુષ્ટ જાણવો. (૩૮૭)

એથી વિપરીત–૧–ગચ્છવાસી, ૨–જ્ઞાનાદિસંબંધવાળો, ૩–ગુરૂ આજ્ઞાપાલક ૪–અનિયતવિહારી અને ૫–ગુણયુક્ત અપ્રમાદી. આ પાંચપદોના પણ એ પ્રમાણે એક–દ્વિ–ત્રિ–સંયોગી વિગેરે ભાંગા ૫–૧૦–૧૦–૫–૧ થાય તેમાં જેમ પદો વધે તેમ વધુ સંયમના આરાધક જાણવા. (૩૮૮)

મમતા વિનાના, નિરભિમાની અને જ્ઞાનદર્શનચારિત્ર (રૂપ મોક્ષ માર્ગ)માં ઉપયુક્ત–અપ્રમાદી મુનિઓ એક ક્ષેત્રમાં રહેવા છતાં પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરે છે. (૩૮૯)

જેઓએ ક્રોધ–માન–માયા–લોભ અને પરિષહોનો

पंचसमिया तिगुत्ता, उज्जुत्ता संजमे तवे चरणे ।
वाससयं पि वसंता, मुणिणो आराहगा भणिया ॥३९१॥
तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो य पवयणे नत्थि ।
आयं वयं तुलिज्जा, लाहाकंखि व्व वाणियओ ॥३९२॥
धम्मंमि नत्थि माया, न य कवडं आणुवत्तिभणियं वा ।
फुडपागडमकुडिल्लं, धम्मवयणमुज्जुयं जाण ॥३९३॥

વિજય કર્યો છે તેવા ધીર (સત્ત્વશાળી) મુનિઓ વૃદ્ધાવસ્થાને કારણે સ્થિર વાસ કરવા છતાં ઘણા કાળનાં બાંધેલાં કર્મોને ખપાવે છે. (૩૯૦)

પાંચસમિતિથી સમિતા, ત્રણગુપ્તિથી ગુપ્તા (અષ્ટ પ્રવચનમાતાના પાલક) અને ૧૭ પ્રકારના સંયમમાં, બાર પ્રકારના તપમાં અને ચારિત્રધર્મમાં ઉદ્યમી મુનિઓને સો વર્ષ પર્યન્ત એક ક્ષેત્રમાં રહેવા છતાં આરાધક કહ્યા છે. (૩૯૧)

તે કારણે જિનઆગમમાં સર્વકરણીય વિષયમાં આમ કરવું જ એવી અનુજ્ઞા (આજ્ઞા) નથી અને સર્વ હેય વિષયમાં આ ન જ કરવું એવો નિષેધ પણ નથી. સર્વ કાર્યોમાં લાભના અર્થી વ્યાપારીની જેમ લાભ હાનિનો વિચાર કરવો. (જેમ વધુ લાભ અને થોડી હાનિ થાય તેમ કરવું.) (૩૯૨) કારણ કહ્યું છે કે–શુદ્ધભાવરૂપ ધર્મમાં માયા નથી, પરને ઠગવારૂપ કપટ નથી, બીજાને વશ કરવા માટે તેને ગમે તેવું (કપટ) વચન પણ બોલવાનું નથી, કિન્તુ સ્પષ્ટ–શોભે તેવું માયા વિનાનું વચન (ભાષણ) મોક્ષપ્રાપ્તિ માટે જરૂરી –સમર્થ છે. (૩૯૩)

नवि धम्मस्स भडक्का, उक्कोडा वंचणा व कवडं वा ।
निच्छम्मो किर धम्मो, सदेवमणुआसुरे लोए ॥३९४॥

भिक्खू गीयमगीए, अभिसेए तहय चेव रायणिए ।
एवं तु पुरिसवत्थुं, दव्वाइ चउव्विहं सेसं ॥३९५॥

चरणइयारो दुविहो, मूलगुणे चेव उत्तरगुणे य ।
मूलगुणे छट्ठाणा, पढमो पुण नवविहो तत्थ ।।३९६॥

ધર્મને મોટાં આસન–વસ્ત્રાદિ બાહ્ય આડંબર જોઇતો નથી, 'તું મને અમુક આપે તો હું આમ કરું' એવો બદલો પણ જરૂરી નથી, તત્ત્વ સમજાવવામાં ઠગાઈ પણ જરૂરી નથી અથવા પરને ઠગવારૂપ કપટ પણ જરૂરી નથી, પરંતુ કપટ વિનાનો વીતરાગકથિત ધર્મ એ જ દેવો–મનુષ્યો અને અસુરો(ભવનપત્યાદિ) માં ધર્મરૂપે વર્તે છે. અર્થાત્ માયારહિત ધર્મ એ જ શુદ્ધ ધર્મ છે. (૩૯૪)

હવે લાભ હાનિની તુલના કરવાનો વિધિ કહે છે કે– પહેલાં તો પુરૂષરૂપ વસ્તુનો એટલે પુરૂષમાં કોઈ સાધુ, કોઈ ગીતાર્થ, અગીતાર્થ, ઉપાધ્યાય, આચાર્ય અને રત્નાધિક ગણી–પ્રવર્તક–સ્થવિર વિગેરે અનેક જાતના હોય તેને આશ્રીને તથા વિશેષમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાએ લાભ–હાનિની તુલના કરવી. (૩૯૫)

વળી તે પુરૂષને આરાધનાની અપેક્ષાએ–(જ્ઞાન–દર્શન –ચારિત્ર પૈકી) ચારિત્રાચાર–મૂળગુણ અને ઉત્તરગુણ એમ બે પ્રકારનો છે, મૂલગુણમાં (પાંચ મહાવ્રત અને રાત્રિભોજન

सेसुक्कोसो मज्झिम–जहन्नओ वा भवे चउद्धा उ ।
उत्तरगुणऽणेगविहो, दंसणनाणेसु अट्ठट्ठ ॥३९७॥
जं जयइ अगीअत्थो, जं च अगीयत्थनिस्सिओ जयइ ।
वट्टावेइ य गच्छं, अणंतसंसारिओ होइ ॥३९८॥

વિરમણ એ) છ સ્થાનો છે તેમાં પણ પહેલા મહાવ્રતરૂપ પહેલું સ્થાન પાંચ સ્થાવરો ત્રણ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયની રક્ષા રૂપ નવ પ્રકારે છે. (૩૯૬)

બાકીનાં પાંચ સ્થાનો (મૃષાવાદ વિરમણાદિ) જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ અથવા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી ચાર ચાર પ્રકારનાં છે. પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ ચારિત્ર અનેક પ્રકારે છે. એમ ચારિત્રાચાર જાણવો. દર્શના–ચાર અને જ્ઞાનાચારના આઠ–આઠ પ્રકારો (નિઃશંકિતાદિ તથા કાળ–વિનયાદિ) છે. (એ ક્રમે પ્રથમ પુરૂષની અપેક્ષાએ અને શેષ દ્રવ્યાદિ આપત્તિની અપેક્ષાએ ચારિત્ર–દર્શન અને જ્ઞાનની આરાધના વિરાધનાના ક્રમે લાભ હાનિનો તુલના–ત્મક દૃષ્ટિએ વિચાર કરવો. આવું વિચારવાની શક્તિ વિનાનો અજ્ઞાની અગીતાર્થ ગચ્છ ચલાવે તેને કેવો અનર્થ થાય તે કહે છે. (૩૯૭)

જે અગીતાર્થ (અજ્ઞાની) સ્વયં અને જે અગીતાર્થની નિશ્રામાં રહેલો સંયમમાં ઉદ્યમ કરે, તથા અગીતાર્થ છતાં જે ગચ્છ ચલાવે (તે ત્રણે) અનંતસંસારી થાય છે. (૩૯૮)

कह उ ? जयंतो साहू, वट्टावेई य जो उ गच्छं तु ।
संजमजुत्तो होउं, अणंतसंसारिओ होइ ? ॥३९९॥
दव्वं खित्तं कालं, भावं पुरिसपडिसेवणाओ उ ।
नवि जाणइ अगीअत्थो, उस्सग्गववाइयं चेव ॥४००॥
जहठियदव्व न याणइ, सचित्ताचित्तमीसियं चेव ।
कप्पाकप्पं च तहा, जुग्गं वा जस्स जं होई ॥४०१॥
जहठियखित्त न जाणइ, अद्धाणे जणवए अ जं भणियं ।
कालं पि अ नवि जाणइ, सुभिक्ख-दुभिक्ख जं कप्पं ॥४०२॥

શિષ્ય પ્રશ્ન કરે છે કે–જે સાધુ સંયમની યતના–ઉદ્યમ કરે, કે જે ગચ્છને ચલાવે–સાર સંભાળ કરે, તે સંયમ–યુક્ત હોવા છતાં અનંતસંસારી કેમ થાય ? (૩૯૯)

(આચાર્ય ઉત્તર આપે છે કે–) દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અને પુરૂષને આશ્રીને ઔત્સર્ગિક કે આપવાદિક પ્રતિસેવા-રૂપ કર્તવ્ય તથા અકર્તવ્યને અગીતાર્થ સાધુ જાણી શકતો નથી. એથી વિપરીત વર્તે, તેથી કર્મબંધ થાય અને તેનાથી અનંત સંસાર રખડે. (૪૦૦)

અગીતાર્થ સાધુ સચિત્ત, અચિત્ત કે મિશ્ર દ્રવ્યોને યથાર્થરૂપે સમજતો નથી, તેથી કલ્પ્ય કે અકલ્પ્યને પણ જાણતો નથી, તેથી કયા સાધુને કયું દ્રવ્ય કે કર્તવ્યાદિ ઉચિત કે અનુચિત છે તે સમજતો નથી અને તેથી બીમાર, બાલ, તપસ્વી વિગેરેને શું યોગ્ય અયોગ્ય છે તે પણ સમ-જતો નથી. (૪૦૧)

भावे हट्टगिलाणं, नवि याणइ गाढऽगाढकप्पं च ।
सहुअसहुपुरिसरूवं, वत्थुमवत्थुं च नवि जाणे ॥४०३॥
पडिसेवणा चउद्धा, आउट्टिपमायदप्पकप्पेसु ।
न वि जाणइ अग्गीओ, पच्छित्तं चेव जं तत्थ ॥४०४॥

યથાસ્થિત સંયમમાં ઉપકારક–અપકારક ક્ષેત્રને પણ સમજી શકતો નથી, તેમજ વિહારાદિ પ્રસંગે માર્ગમાં કે ગામ–શહેર વિગેરે મનુષ્યવાળા સ્થાનમાં કર્તવ્ય અકર્તવ્ય શ્રીજિનઆગમમાં જે કહ્યું છે તે પણ સમજતો નથી. તેમ કાળની અપેક્ષાએ સુકાળ–દુષ્કાળ પ્રસંગે કરણીય અકરણીયને પણ સમજતો નથી. (૪૦૨)

ભાવની અપેક્ષાએ–નિરોગી–રોગીને સમજી શકતો નથી તથા ગાઢ–અગાઢ (વિશેષ–સામાન્ય) કારણે કરવા યોગ્ય ઉચિત અનુચિતને પણ સમજતો નથી. પુરૂષની અપેક્ષાએ–સહિષ્ણુ કે અસહિષ્ણુ સાધુને યા આચાર્યાદિક મહાનને કે સામાન્ય સાધુને (યોગ્ય કરવા–નહિ કરવા યોગ્ય કર્તવ્યને) અગીતાર્થ સમજી શકતો નથી. (૪૦૩)

પ્રતિસેવના એટલે નિષિદ્ધ કાર્ય ૧. આકુટ્ટી (ઈરાદા-પૂર્વક)થી ૨. પ્રમાદ (વિષયવાસનાદિ)થી, ૩. દર્પ (અભિમાન –હઠ વિગેરે) થી અને ૪. કલ્પ (કારણે કરવાનું કહેલું હોવા) થી, એમ ચાર પ્રકારે થાય છે, તે કોણે કેવા કારણે કર્યું છે તેને અગીતાર્થ સમજી શકતો નથી, તેથી જેને જેવું જેટલું પ્રાયશ્ચિત્ત ઘટે તેટલું તે પણ સમજી શકતો નથી. (૪૦૪)

जह नाम कोइ पुरिसो, नयणविहूणो अदेसकुसलो य ।
कंताराडविभीमे, मग्गपणट्ठस्स सत्थस्स ॥४०५॥
इच्छइ य देसियत्तं, किं सो उ समत्थ ? देसियत्तस्स ।
दुग्गाइँ अयाणंतो, नयणविहूणो कहं ? देसे ॥४०६॥
एवमगीयत्थोऽवि हु, जिणवयणपईवचक्खुपरिहीणो ।
दव्वाइँ अयाणंतो, उस्सग्गववाइयं चेव ॥४०७॥
कह सो जयउ अगीओ ? कह ? वा कुणउ अगीयनिस्साए।
कह ? वा करेउ गच्छं, सबालवुड्ढाउलं सो उ ॥४०८॥

જેમ કોઇ અંધ, માર્ગનો અજાણ, ભયંકર અટવીમાં ભૂલો પડેલો પુરૂષ ભૂલા પડેલા પોતાના સાર્થને (સાથીદારો), માર્ગે ચઢાવવા ઇચ્છે તો શું એ તેઓને માર્ગે ચઢાવવા સમર્થ બને ? અર્થાત્ ન બને, કારણ કે ખાડા-ટેકરા કે વિષમ-અવિષમ માર્ગને નહિ દેખતો અંધ બીજાને માર્ગે શી રીતે ચઢાવે ? (૪૦૫-૪૦૬)

એ રીતે શ્રીજિનવચનરૂપી દીપક, જે મનુષ્યને ચક્ષુ સમાન છે તેનાથી રહિત (અજ્ઞાની), દ્રવ્યાદિને કે ઉત્સર્ગ -અપવાદ માર્ગને નહિ જાણતો અગીતાર્થ સ્વયં અંધ સંસાર અટવીમાં ભૂલો પડેલો છે. (૪૦૭)

તે અગીતાર્થ સ્વયં તથા તેની નિશ્રામાં બીજા પણ ચારિત્રની યતના (રક્ષા) શી રીતે કરે ? અને તે અગીતાર્થ-બાળક, વૃદ્ધ, તપસ્વી, પ્રાઘુર્ણક વિગેરે સાધુઓના સમૂહરૂપ ગચ્છની સંભાળ પણ શી રીતે કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. (૪૦૮)

सुत्ते य इमं भणियं, अप्पच्छित्ते य देइ पच्छित्तं ।
पच्छित्ते अइमत्तं, आसायण तस्स महईओ ॥४०९॥
आसायण मिच्छत्तं, आसायणवज्जणा उ सम्मत्तं ।
आसायणानिमित्तं, कुव्वइ दीहं च संसारं ॥४१०॥
एए दोसा जम्हा, अगीय जयंतस्सऽगीयनिस्साए ।
वट्टावेइ गच्छस्स य, जो अ गणं देइ अगीयस्स ॥४११॥
अबहुस्सुओ तवस्सी, विहरिउकामो अजाणिऊण पहं ।
अवराहपयसयाइं, काऊण वि जो न याणेइ ॥४१२॥

આગમમાં આ પ્રમાણે કહ્યું છે કે જે પ્રાયશ્ચિત્ત નહિ છતાં પ્રાયશ્ચિત્ત આપે (કરાવે), કે થોડા અપરાધમાં અધિક પ્રાયશ્ચિત્ત આપે તેને જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં અંતરાય કરવારૂપ મોટી આશાતના-વિરાધના લાગે. (૪૦૯)

આશાતના એ જ જ્ઞાનાદિની આશાતના રૂપ સાક્ષાત્ મિથ્યાત્વ છે અને તેનો ત્યાગ તે જ સાક્ષાત્ સમ્યક્ત્વ છે. અગીતાર્થ અવિધિએ વર્તન કરવાથી આશાતનાના નિમિત્તે સંસારને ક્લિષ્ટ દીર્ઘ કરે (વધારે) છે. (૪૧૦)

જે કારણે અગીતાર્થને તથા અગીતાર્થની નિશ્રામાં ચારિત્રનું પાલન કરનારને ઉપર પ્રમાણે (આ) દોષો કહ્યા તે કારણે જે અજ્ઞાની છતાં ગચ્છ ચલાવે અને પાછળથી અગીતાર્થને ગચ્છ સોંપે તેને પણ એ દોષો જાણવા. (૪૧૧)

અહીં સુધી એકાન્તે અગીતાર્થને ઉદ્દેશીને ૨૯૫મી દ્વારગાથાનું વર્ણન કર્યું. હવે અલ્પજ્ઞને ઉદ્દેશીને કહે છે-

देसियराइयसोहिय, वयाइयारे य जो न याणेइ ।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ॥४१३॥
॥युग्मम्॥
अप्पागमो किलिस्सइ, जइ वि करेइ अइदुक्करं तु तवं ।
सुंदरबुद्धीइ कयं, बहुइयं पि न सुंदरं होइ ॥४१४॥
अपरिच्छियसुयनिहसस्स, केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेण वि कयं, अन्नाणतवे बहुं पडइ ॥४१५॥

જે નિમિત્તોને કારણોને કે હેતુઓને સમજવામાં મંદ–અલ્પજ્ઞ મોક્ષ (ચારિત્ર) માર્ગને નહિ જાણવા છતાં ગીતાર્થ વિના એકલો રહેવા ઇચ્છે તે ઉત્કૃષ્ટ (અઘોર) તપ કરવાવાળો છતાં અતિચારનાં સેંકડો કારણો (પ્રસંગો) સેવીને તેને સમજે (જાણે) નહિ, દિવસના કે રાત્રિના દોષોની શુદ્ધિને તથા વ્રતોના મૂલગુણ–ઉત્તરગુણમાં લાગેલા અતિચારોને જે જાણે નહિ તે અશુદ્ધ (અતિચારવાળો) કે શુદ્ધ હોય તો પણ તેનાં ગુણસ્થાનકો વધતાં નથી હોય તે જ રહે છે તેમાં પણ ક્લિષ્ટચિત્તો ગુરૂથી એકલો થયો હોય તો હોય તે પણ ગુણો ચાલ્યા જાય છે. (૪૧૨–૪૧૩) કારણ કે–

અલ્પજ્ઞ બહુ કષ્ટો ઉઠાવે અને અતિ દુષ્કર માસક્ષપણાદિ તપ કરે તો પણ શુદ્ધ બુદ્ધિએ ઘણું કરેલું પણ તે સુંદર (ગુણકારક) થતું નથી. (૪૧૪)

આગમના રહસ્યને (ઉત્સર્ગ–અપવાદ વિગેરેની સમજપૂર્વક) જેણે નિશ્ચિત જાણ્યું નથી, માત્ર વિવરણાદિ વિનાના

जह दाइयम्मि वि पहे, तस्स विसेसे पहस्सऽयाणंतो।
पहिओ किलिस्सइ च्चिय, तह लिंगायारसुअमित्तो॥४१६॥
कप्पाकप्पं एसण–मणेसणं चरणकरणसेहविहिं।
पायच्छित्तविहिं पि य, दव्वाइगुणेसु अ समग्गं ॥४१७॥
पव्वायणविहिमुट्ठावणं च, अज्जाविहिं निरवसेसं।
उस्सग्गववायविहिं, अयाणमाणो कहं? जयउ ॥४१८॥
॥ युग्मम्॥

અવ્યક્તસૂત્ર જ્ઞાનના બળે જે ચારિત્ર પાળે છે, તેનું સર્વ પ્રકારે ઉદ્યમપૂર્વક કરેલું પણ વર્તન (અલ્પમાત્ર આગમાનુસારી હોય છે અને) ઘણું અજ્ઞાન તપમાં પડે (જાય) છે. (૪૧૫)

જેમ કોઇએ દિશામાત્ર બતાવેલા રસ્તે ચાલનારો રસ્તાની વિષેશતાઓનો અજાણ મુસાફર ભૂખ–ચોર વિગેરેનાં કષ્ટોથી ક્લેશ પામે છે, તેમ માત્ર રજોહરણાદિ વેષ, પોતાની મતિએ કલ્પેલી ક્રિયા અને વિશેષ અર્થ રહિત શ્રુતમાત્રના બળે ચારિત્ર પાળતો અલ્પજ્ઞાની પણ ક્લેશને જ પામે છે. (૪૧૬)

કલ્પ્ય–અકલ્પ્ય, નિર્દોષ–સદોષ, ચરણસિત્તરી–કરણસિત્તરી, દીક્ષાર્થી કે નવદીક્ષિતને સામાચારી શીખવાડવાનો વિધ, તેને આલોચનાદિ પ્રાયશ્ચિત્ત, કોને કેટલું આપવું–કેવી રીતે કરાવવું વિગેરે વિધિ, તે પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના સારા–માઠા પ્રસંગે કેટલું આપવું? વિગેરે સમગ્ર (ચારિત્રમાં જરૂરી) જ્ઞાન વિનાનો–(૪૧૭)

सीसायरियकमेण य, जणेण गहियाइँ सिप्पसत्थाइं ।
नज्जंति बहुविहाइं, न चक्खुमित्ताणुसरियाइं ॥४१९॥

जह उज्जमिउं जाणइ, नाणी तव संजमे उवायविऊ ।
तह चक्खुमित्तदरिसण–सामायारी न याणंति ॥४२०॥

सिप्पाणि य सत्थाणि य, जाणंतोऽवि न य जुंजइ जो उ ।
तेसिं फलं न भुंजइ, इअ अजयंतो जई नाणी ॥४२१॥

તથા પ્રવ્રાજન (દીક્ષા આપવાનો) વિધિ, ઉપસ્થાપના (વડી દીક્ષાનો) વિધિ, આર્યા એટલે સાધ્વીઓના ચારિત્રની રક્ષાનો વિધિ, ઇત્યાદિ સઘળું ઉત્સર્ગ–અપવાદ પ્રસંગે કર્તવ્ય–અકર્તવ્યને નહિ જાણતો અલ્પજ્ઞાની ચારિત્રની (યતના) રક્ષા શી રીતે કરી શકે? (માટે તે જ્ઞાનના અર્થીએ ગુરૂની સેવા કરવી જોઇએ) (૪૧૮)

અવિવેકી (સામાન્ય) જનોએ પણ ચિત્ર વિગેરે (શિલ્પો) અને વ્યાકરણ વિગેરે (શાસ્ત્રો) ગુરૂ–શિષ્યના ક્રમે (ગુરૂના શિષ્ય બનીને) ગ્રહણ કર્યાં છે કારણ કે એ રીતે જ મેળવેલું જ્ઞાન ઉપકાર કરે છે. અનેક પ્રકારના (કળા) શાસ્ત્રો ચક્ષુ માત્રથી જોઇને પોતાની બુદ્ધિ પ્રમાણે અનુસરવાથી નથી જાણી શકાતાં. (૪૧૯)

તપ–સંયમના ઉપાયમાં કુશળ–જ્ઞાની જે રીતે તે તે અનુષ્ઠાનોનો ઉદ્યમ કરવાનો જાણે છે તેવો ઉદ્યમ તથાવિધ આગમના જ્ઞાન વિનાના બીજાને માત્ર કરતા જોઇને જાણી–શીખી શકતા નથી. (૪૨૦)

गारवतियपडिबद्धा, संजमकरणुज्जमम्मि सीअंता ।
निग्गंतूण गणाओ (घराओ), हिंडंति पमायरण्णम्मि ॥४२२॥

नाणाहिओ वरतरं, हीणोऽविहु पवयणं पभावंतो ।
न य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥४२३॥

શિલ્પો (કળાઓ) ને તથા શાસ્ત્રો (જ્યોતિષ વિગેરે) ને જાણવા છતાં પણ જે તેને ક્રિયામાં ઉતારતો (વ્યાપાર કરતો) નથી તે શુષ્કજ્ઞાની ધન વિગેરેના લાભથી વંચિત રહે છે–ફળ ભોગવી શકતો નથી, તેમ શાસ્ત્રોનો જાણુ જ્ઞાની છતાં ચારિત્રની રક્ષા જયણા કરતો નથી તે ક્રિયાશૂન્ય શુષ્કજ્ઞાની મોક્ષફળને મેળવી શકતો નથી. (૪૨૧)

શિષ્ય પ્રશ્ન કરે છે–જ્ઞાની છતાં ક્રિયા કેમ ન કરે? ગુરૂ કહે છે કે–જ્ઞાની છતાં પણ ત્રણ ગારવને વશ થયેલા પૃથ્વીકાયાદિ જીવોની રક્ષા વિગેરે સંયમના કાર્યમાં શિથિલ, બનેલા ગચ્છમાંથી નીકળીને (જુદા પડીને) પ્રમાદરૂપી રણમાં વિષય–કષાય વગેરે ચોર–શિકારીઓમાં ફસાય છે–ભટકતા બને છે. (૪૨૨)

શિષ્ય પૂછે છે–ક્રિયા રહિત જ્ઞાની અને ક્રિયાવાન અજ્ઞાની બેમાં કેવું અંતર છે? ગુરૂ કહે છે–જ્ઞાનથી શાસનની પ્રભાવના કરતો જ્ઞાનાધિક ક્રિયાથી હીન છતાં શ્રેષ્ઠ પ્રધાન છે કિન્તુ અલ્પજ્ઞાની પુરૂષ સારી રીતે દુષ્કર માસ–ક્ષપણાદિ કરનારો પણ સુંદર નથી. કારણ કે અજ્ઞાનથી શાસનની અપભ્રાજના કરે છે. (૪૨૩)

नाणाहियस्स नाणं, पुज्जइ नाणा पवत्तए चरणं ।
जस्स पुण दुण्ह इक्कं पि, नत्थि तस पुज्जए काइं ? ॥४२४॥
नाणं चरित्तहीणं, लिंगग्गहणं च दंसणविहीणं ।
संजमहीणं च तवं, जो चरइ निरत्थयं तस्स ॥४२५॥
जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गईए ॥
॥४२६॥

જ્ઞાનગુણથી અધિક હોય તેનું જ્ઞાન પૂજાય છે, કારણ કે જ્ઞાનથી ચારિત્રનું પ્રવર્તન (રક્ષણ) થાય છે, જેને જ્ઞાન ચારિત્ર બેમાંથી એકે ય નથી તેનું શું પૂજાય ? અર્થાત્ કંઈ નહિ. આથી જ્ઞાન વિનાનો ચારિત્ર પાળવા છતાં ચારિત્ર જ્ઞાન બેથી ય રહિત છે એમ સમજવું. (૪૨૪)

(વસ્તુતઃ જ્ઞાનાદિ ગુણો પરસ્પર મળીને આત્મહિત કરે છે, એક પણ ઓછો હોય તો બાકીના ગુણો કંઈ કરી શકતા નથી તે કહે છે કે) ચારિત્રવિનાનું જ્ઞાન, દર્શન (સમકિત–શ્રદ્ધા) વિનાનું લિંગ ગ્રહણ (ચારિત્ર), તથા મન ઇન્દ્રિયોના સંયમ વિનાનો તપ જે કરે છે તેનું તે દરેક નિરર્થક છે. (૪૨૫)

એ માટે દૃષ્ટાન્ત જણાવે છે કે–જેમ ચંદનનાં લાકડાંને ઉપાડનારો ગધેડો માત્ર ભારને સહન કરે છે તે ચંદનના ગંધનો સ્વાદ લઈ શકતો (સમજતો) નથી, તેમ ચારિત્ર (સંયમ) વિનાનો જ્ઞાની માત્ર જ્ઞાનનો ભાગી બને છે સદ્ગતિને પામતો નથી. (૪૨૬)

संपागडपडिसेवी, काएसु वएसु जो न उज्जमइ ।
पवयणपाडणपरमो, सम्मत्तं कोमलं तस्स ॥४२७॥
चरणकरणपरिहीणो, जइ वि तवं चरइ सुट्ठु अइगुरुअं ।
सो तिल्लं व किणंतो, कंसियबुद्दो मुणेयव्वो ॥४२८॥
छज्जीवनिकायमहव्वयाण, परिपालणाइ जइधम्मो ।
जइ पुण ताइँ न रक्खइ, भणाहि को नाम सो धम्मो ?
॥४२९॥

હવે શ્રદ્ધા વિનાના ચારિત્રીનું શું થાય ? તે કહે છે કે–લોકસમક્ષ પ્રગટ રીતે જે. પ્રતિસેવા (નિષિદ્ધ આચરણ) કરે છે અને પૃથ્વીકાયાદિની રક્ષામાં તથા અહિંસાદિ વ્રતોમાં જે ઉદ્યમ કરતો નથી તેવો (જ્ઞાની) પ્રવચન (આગમ)ની લઘુતા–અપભ્રાજનાનો કરનારો છે, તેનું સમ્યક્ત્વ ખોટું છે, (પોતે પોતાના શબ્દોથી જ સમકિતનો અભાવ સિદ્ધ કરે છે.) (૪૨૭)

ચરણ–કરણથી હીન સંયમ વિનાનો સાધુ અતિક્લિષ્ટ ચાર ચાર મહિનાના ઉપવાસ જેવું તપ કરે તે આરિસાથી માપીને તેલને બદલે તલ આપનારા મુર્ખ ગામડીઆ જેવો જાણવો. અર્થાત્ ચારિત્રમાં શૈથિલ્યરૂપ અલ્પસુખ ભોગવતો સંયમના મહા–શાશ્વત સુખને ગુમાવે છે. (૪૨૮)

છકાય જીવોની રક્ષા થાય તેમ મહાવ્રતોના પાલનથી યતિધર્મને ધર્મ કહ્યો છે. જો તેનું (છકાય જીવો કે વ્રતોનું) રક્ષણ ન કરે તો કહો તે ધર્મને ધર્મ કેમ કહેવાય ? (૪૨૯)

छज्जीवनिकायदयाविवज्जिओ, नेव दिक्खिओ न गिही ।
जइधम्माओ चुक्को, चुक्कइ गिहिदाणधम्माओ ॥४३०॥
सव्वाओगे जह कोइ, अमच्चो नरवइस्स घित्तूणं ।
आणाहरणे पावइ, वहबंधणदव्वहरणं च ॥४३१॥
तह छक्कायमहव्वय–सव्वनिवित्तीउ गिण्हिऊण जई ।
एवमवि विराहंतो, अमच्चरण्णो हणइ बोहिं ॥४३२॥
तो हयबोही य पच्छा, कयावराहाणुसरिसमियममियं ।
पुण वि भवोअहिपडिओ, भमइ जरामरणदुग्गम्मि ॥४३३॥

છકાય જીવોની દયા વિનાનો સાધુ નથી, તેમ મુંડ થએલો તે ગ્રહસ્થ પણ નથી એમ સાધુધર્મથી ચૂકયો અને ગ્રહસ્થને યોગ્ય દાન–ધર્મથી પણ ચૂકે છે–ઉભય ભ્રષ્ટ થાય છે. કારણ કે ગ્રહસ્થનાં આહાર–વસ્ત્ર–પાત્રાદિ સાધુને કલ્પે છે પણ તેની કોઇ વસ્તુ સાધુને કલ્પતી નથી. (૪૩૦)

જેમ કોઇ અમાત્ય (મંત્રી) રાજા પાસેથી સઘળા અધિકારોને–સત્તાને મેળવીને રાજાની આજ્ઞાને ન પાળે તો વધ (માર) બંધન (જેલ) પામે અને રાજા તેનું સર્વસ્વ લૂંટી લે અને મારી પણ નાખે. (૪૩૧)

તેમ છકાયની રક્ષા કરવારૂપ મહાવ્રતોની નિવૃત્તિઓ એટલે નિયમો લઇને સાધુ એક પણ કાયની વિરાધના કરતો દેવરાજા એટલે દેવાધિદેવની બોધિ એટલે આજ્ઞાનો તે લોપ કરે છે. (૪૩૨) તેના પરિણામે–

તેનાથી આજ્ઞાભંજક કરેલા અપરાધને અનુરૂપ,

जइयाऽणेणं चत्तं, अप्पणयं नाणदंसणचरित्तं ।
तइया तस्स परेसुं, अणुकंपा नत्थि जीवेसु ॥४३४॥
छक्कायरिऊण असंजयाण, लिंगावसेसमित्ताणं ।
बहुअसंजमपवाहो, खारो मइलेइ सुट्ठुअरं ॥४३५॥
किं लिंगविडुरीधारणेण ? कज्जम्मि अट्ठिए ठाणे ।
राया न होइ सयमेव, धारयं चामराडोवे ॥४३६॥

અમિત (અનંત) કાળ સુધી પુનઃ સંસાર સમુદ્રમાં પડેલો તે પાછળથી જરા-જન્મ-મરણાદિ અતિ ગહન દુઃખોમાં ભળે છે. (૪૩૩)

જ્યારે એવા સાધુએ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પોતાનું (ધન)તજી દીધું ત્યારે તેને બીજા જીવોમાં તો દયા નથી જ. (૪૩૪)

છકાયના શત્રુ (વિરાધક) અને મન-વચન-કાયાની સાવદ્ય પ્રવૃત્તિ કરનારા અસંજમીઓ માટે જ તેવા માત્ર વેષધારીઓનો ઘણો અસંયમના પાપોરૂપ ક્ષાર તે જ આત્માને કર્મ-મેલથી મલિન કરે છે. અર્થાત્ જેમ કોઇ ક્ષાર વસ્ત્રને બાળીને નાશ કરે છે તેમ અસંયમીઓનો પાપનો સમૂહ તે આત્માને બાળે છે-સંસારમાં ઘણો જ ભમાવે છે. (૪૩૫)

સંયમ કાર્યમાં નહિ રહેલા (અસંયમી) સાધુને રજોહરણાદિ સાધુવેષના સ્ફટાટોપ (આડંબરથી) શું ? અર્થાત્ કંઇ નહિ. શું કોઇ સ્થાને-સિંહાસને બેસીને સ્વયમેવ ચામર વિંઝે તથા છત્રાદિ આડંબર કરે તે રાજ્ય-બળનો કે પ્રજા

जो सुत्तत्थविणिच्छय-कयागमो मूलउत्तरगुणोहं ।
उव्वहइ सयाऽखलिओ, सो लिक्खइ साहुलिक्खम्मि ॥
॥४३७॥

बहुदोससंकिलिट्ठो, नवरं मइलेइ चंचलसहावो ।
सुट्ठु वि वायामंतो, कायं न करेइ किंचि गुणं ॥४३८॥
केसिंचि वरं मरणं, जीवियमन्नेसिमुभयमन्नेसिं ।
दद्दुरदेविच्छाए, अहियं केसिंचि उभयं पि ॥४३९॥

લશ્કર આદિ રાજ્ય કાર્યો વિના રાજા કહેવાય ? ન કહેવાય. (૪૩૬)

(એમ વેષમાત્રથી નહિ પણ સંયમનાં કાર્યોથી સાધુ ગણાય છે. એ માટે કહે છે કે–) જે કોઇ સાધુ સૂત્ર–અર્થના સારને નિશ્ચિત કરીને કૃતાગમ એટલે ગીતાર્થ બનેલો વ્રતો આદિ અને પિંડવિશુદ્ધિઆદિ મૂળ–ઉત્તરગુણોનું જીવન પર્યંત રક્ષણ કરે, સદા નિરતિચાર ચારિત્ર પાળે, તે સાધુ સાધુઓની ગણત્રીમાં ગણાય છે. (૪૩૭)

અજ્ઞાન–ક્રોધાદિ ઘણા દોષોથી સંક્લિષ્ટ (ભરેલો) માત્ર પોતાને કર્મોથી મલિન (ભારે) કરે છે, ચંચળ ચિત્તવાળો સારી રીતે વ્યાયામ કરવા છતાં પરિણામનો વિચાર નહિ કરવાથી (જેમ) શરીરને કંઇ ગુણ કરી શકતો નથી. (તેમ અજ્ઞાન–કષાયાદિ દોષયુક્ત સાધુ પણ કર્મક્ષયાદિ કંઇ પામતો નથી) (૪૩૮)

(શું ત્યારે નિર્ગુણી મરે ? જવાબમાં કહે છે કે ના, મરણ પણ ભાગ્યવાનને કલ્યાણકારી છે. કહ્યું છે કે–)

केसिंचि य परलोगो, अन्नेसिं इत्थ होइ इहलोगो ।
कस्स वि दुण्णि वि लोगा, दोऽवि हया कस्सइ लोगा ॥
॥४४०॥

छज्जीवकायविरओ, कायकिलेसेहिं सुट्ठु गुरुएहिं ।
न हु तस्स इमो लोगो, हवइ स्सेगो परो लोगो ॥४४१॥

કેટલાક જીવોને મરણ સારૂં છે, કેટલાક બીજાઓને જીવવું સારૂં છે, કેટલાક બીજાઓને મરણ-જીવન બે ય સારાં છે, તો કેટલાકને દદુરાંક દેવના દૃષ્ટાન્તમાં કહેલા કાલ સૌકરિકની જેમ જીવવું-મરવું બન્ને ય અહિતકર છે. (૪૩૯)

કારણ કે કેટલાકને પરલોક (ભવ) હિતકારી છે, કેટલાક બીજાઓને આ ભવમાં આલોક હિતકારી છે, કોઇને વળી બન્ને લોક હિતકર છે, તો કોઇને આભવ-પરભવ બન્ને હણાયેલા (અહિતકર) છે. (૪૪૦)

એ ચારેનું સ્વરૂપ કહે છે કે- જે છકાય જીવોની વિરાધનામાં આસક્ત પંચાગ્નિ તપથી શરીરનાં મહાકષ્ટો કરનારો છે, તેને અહીં કષ્ટો વેઠવાથી આ ભવ શ્રેષ્ઠ નથી -અજ્ઞાનતપના પ્રભાવે પણ પરભવમાં જ્યોતિષ્કાદિ દેવનાં સુખ પામવાનો હોવાથી તેને વ્યવહારથી પરભવ સારો છે. (એ ઉપલક્ષણથી સ્વયં બીજાં ત્રણ દૃષ્ટાન્તો સમજવાં-જેમકે શ્રેણિકને આલોકમાં ધર્મ અને પરલોકમાં નરક હોવાથી આલોક સારો, અભય કુમારને આ ભવે ધર્મ પરભવે દેવપણું મળવાનું હોવાથી ઉભય સારા અને પારધિ આદિને આભવ-પરભવ બન્ને અહિતકર જાણવા.) (૪૪૧)

નરયનિરુદ્ધમઈણં, દંડિયમાઈણ જીવિયં સેયં ।
બહુવાયમ્મિ વિ દેહે, વિસુજ્ઝમાણસ્સ વર મરણં ॥૪૪૨॥
તવનિયમસુટ્ઠિયાણં, કલ્લાણં જીવિઅં પિ મરણં પિ ।
જીવંતઽજ્જંતિ ગુણા, મયા વિ પુણ સુગ્ગઇં જન્તિ ॥૪૪૩॥
અહિય મરણં અહિયં ચ, જીવિયં પાવકમ્મકારીણં ।
તમસમ્મિ પડંતિ મયા, વેરં વડ્ઢંતિ જીવંતા ॥૪૪૪॥
અવિ ઇચ્છંતિ અ મરણં, ન ય પરપીડં કરંતિ મણસાઽવિ ।
જે સુવિઇયસુગઇપહા, સોયરિયસુઓ જહા સુલસો ॥૪૪૫॥

જેઓની બુદ્ધિ નરકના માર્ગમાં સ્થિર છે તેવા દંડિક (કોટવાળ) વિગેરેને પરભવે નરક હોવાથી જીવવું સારૂં છે, ઘણી અપાય (રોગ–પીડા)થી કે બહુ વાયુના દર્દથી પીડાતા જીવને અંતર્મુહૂર્ત શુભધ્યાનને યોગે તે સહન કરતાં તેવાને શુભગતિ મળે તે કારણે મરવું સારૂં છે. (૪૪૨)

તપ–નિયમ વિગેરેમાં સુસ્થિર આત્માઓને જીવન અને મરણ પણ કલ્યાણકારી છે કારણ કે તેવાઓ જીવવાથી ગુણો પ્રાપ્ત કરે છે અને મરવાથી સદ્ગતિને પામે છે. (૪૪૩)

પાપકર્મ કરનારાને મરણ અહિતકર અને જીવવું પણ અહિતકર છે, કારણ કે મરીને નારકીમાં જાય છે અને જીવતાં વૈર વધારે છે.માટે જ વિવેકીઓ પ્રાણાન્તે પણ પાપ કરતા નથી. (૪૪૪)

તે કહે છે કે–જેઓએ સત્યસ્વરૂપે સદ્ગતિનો પંથ જાણ્યો છે તે વિવેકિઓ મરવું પસંદ કરે છે કિન્તુ મનથી પણ બીજાને પીડા કરતા નથી. દૃષ્ટાન્તમાં જેમ કાલસૌકરિક

मूलग कुदंडगा दामगाणि, उच्छूलघंटिआओ य ।
पिंडेइ अपरितंतो, चउप्पया नत्थि य पसू वि ॥४४६॥

तह वत्थपायदंडग–उवगरणे जयणकज्जमुज्जुत्तो ।
जस्सऽट्ठाए किलिस्सइ, तं चिय मूढो न वि करेइ ॥४४७॥

अरिहंता भगवंतो, अहियं व हियं व नवि इहं किंचि ।
वारंति कारवेंति य, घित्तूण जणं बला हत्थे ॥४४८॥

કસાઇનો પુત્ર સુલસ તેણે બાપુકો કસાઇનો ધંધો છોડવા પોતાના શરીરે કુહાડાના ઘા કરી સંબંધીઓને પીડામાં ભાગ પડાવવાનું કહી સમજાવ્યા પણ હિંસાનો ધંધો ન કર્યો. (૪૪૫)

અવિવેકીઓ તો એક બકરી પણ અર્થાત્ કોઈ ચતુષ્પદ પશુઓ ન હોય તો પણ પશુઓને બાંધવાના ખીલા, મારવાના પરોણા અથવા કોરડા, બાંધવાનાં દોરડાં, ગળે બાંધવાનાં ડહેરા કે ઘંટડીઓ વિગેરે સાધનોને અવિરતપણે એકઠાં કરે છે, કે જે નિષ્પ્રયોજન છે. (૪૪૬)

તેમ જે અવિવેકી સાધુ સંયમરક્ષાનાં સાધનો વસ્ત્રો, પાત્રો, દંડો વિગેરે ઉપકરણને અવિરતપણે એકઠાં કરે છે પણ જેને માટે તે ક્લેશ કરે છે તે સંયમની રક્ષા તે ઉપકરણોથી કરતો નથી, તે વિના પશુએ પશુઓ માટે ખીલા વિગેરે ભેગા કરનારા જેવો છે. શિષ્ય કહે છે કે તો અરિહંતો એવા અવિવેકીને કેમ રોકતા નથી ? (૪૪૭) તેને કહે છે કે–

શ્રી અરિહંત ભગવંતો લોકમાં કોઈ મનુષ્યને બલાત્કારે

उवएसं पुण तं दिंति, जेण चरिएण कित्तिनिलयाणं ।
देवाणऽवि हुंति पहू, किमंग पुण मणुअमित्ताणं ॥४४९॥
वरमउडकिरीडधरो, चिंचइओ चवलकुंडलाहरणो ।
सक्को हिओवएसा, एरावणवाहणो जाओ ॥४५०॥
रयणुज्जलाइँ जाइं, बत्तीसविमाणसयसहस्साइं ।
वज्जहरेण वराइं, हिओवएसेण लद्धाइं ॥४५१॥

હાથ પકડીને કોઇ અહિતકાર્યથી વારતા નથી અથવા હિતકાર્યને કરાવતા પણ નથી. (૪૪૮) કેમ એમ કરે છે? તે કહે છે કે–

તેઓ તેને ઉપદેશ આપે છે, કે જે ઉપદેશ પ્રમાણે આચરણ કરવાથી કીર્તિના ઘર (સુખીઆ) એવા દેવોનો પણ તે સ્વામી બને છે. પછી મનુષ્યમાત્રનો સ્વામી (રાજા) બને તેમાં તો આશ્ચર્ય જ શું? (૪૪૯)

(ભગવાનનો ઉપદેશ સકલ સુખને આપે જ છે. જેમકે–) ભગવંતના કહેલા હિતોપદેશથી (કાર્તિકશેઠ) શ્રેષ્ઠ મુકુટરૂપ કિરીટને ધારણ કરનારો બાજુબંધ–કંકણ વિગેરેથી શોભિત અને ચપલકુંડલોરૂપ આભરણ પહેરનારો ઐરાવણ હાથી ઉપર આરૂઢ થનારો ઇન્દ્ર થયો. (૪૫૦) વળી–

તે વજ્રધરે એટલે ઇન્દ્રે અરિહંત ભગવંતના હિતોપદેશથી ઉજ્વલ ઇન્દ્રનીલાદિ રત્નોથી જડેલાં શ્રેષ્ઠ બત્રીસલાખ વિમાનો મેળવ્યાં અર્થાત્ તેટલાં વિમાનોનો તે સ્વામી થયો. (૪૫૧)

सुरवइसमं विभूइं, जं पत्तो भरहचक्कवट्टी वि ।
माणुसलोगस्स पहू, तं जाण हिओवएसेण ॥४५२॥
लद्धूण तं सुइसुहं, जिणवयणुवएसममयबिंदुसमं ।
अप्पहियं कायव्वं, अहिएसु मणं न दायव्वं ॥४५३॥
हियमप्पणो करिंतो, कस्स न होइ गरुओ गुरू गण्णो ? ।
अहियं समायरंतो, कस्स न विप्पच्चओ होइ ? ॥४५४॥
जो नियमसीलतवसंजमेहिं, जुत्तो करेइ अप्पहियं ।
सो देवयं व पुज्जो, सीसे सिद्धत्थओ व्व जणे ॥४५५॥

વળી મનુષ્યલોકનો (છ ખંડ ભરતનો) સ્વામી ભરત-ચક્રી પણ જે ઇન્દ્રસમાન વિભૂતિ (ઋદ્ધિ)ને પામ્યો તે પૂર્વભવે ભગવંતના હિતોપદેશને આચરવાનું ફળ સમજવું. (૪૫૨)

(માટે વિવેકીએ) શ્રવણને સુખકારી અમૃતબિન્દુ-સમાન શ્રીજિનવચનરૂપ ઉપદેશને પામીને આત્મહિત જ કરવું જોઇએ, અહિતકારી હિંસાદિ પાપોનો વિચાર પણ કરવો નહિ. પછી તેવું બોલવાની કે આચરવાની તો વાત જ કેમ કરાય ? (૪૫૩)

જિનોપદેશથી આત્મહિતને કરનારો જગતમાં કોને માનનીય અને સર્વ કાર્યોમાં સલાહ લેવા યોગ્ય ન થાય ? તેમ અહિત (હિંસાદિ) કરનારો કોને અવિશ્વસનીય ન થાય ? (૪૫૪)

(હવે કોઇ માને કે યોગ્ય આત્માઓ ભલે તેમ કરે, અમે ભગવંતના ઉપદેશને માટે યોગ્ય નથી, તેને કહે છે કે–)

सव्वो गुणेहिं गण्णो, गुणाहिअस्स जह लोगवीरस्स ।
संभंतमउडविडवो, सहस्सनयणो सययमेइ ॥४५६॥
चोरिक्कवंचणाकूडकवड–परदारदारुणमइस्स ।
तस्स च्चिय तं अहियं, पुणोऽवि वेरं जणो वहइ ॥४५७॥

જે વ્રત (નિયમ) શીયળ–તપ–સંયમ વિગેરેથી યુક્ત આત્મહિત કરે છે તે લોકોમાં દેવની જેમ પૂજ્ય થાય છે, સિદ્ધાર્થ એટલે માંગલિક–સફેદ સરસવની જેમ તેની આજ્ઞાને સહુ મસ્તકે ચઢાવે છે. (તાત્પર્ય એ છે કે–યોગ્ય જીવોની કોઇ જુદી ખાણ નથી, ગુણો પૂજ્ય બનાવે છે તે પ્રયત્ન કરવાથી પ્રગટે છે માટે સુખાર્થીએ ગુણો પ્રગટ કરવા પ્રયત્ન કરવો જોઇએ. અયોગ્ય માનીને પાપો કરવાં જોઇએ નહિ.) (૪૫૫)

સર્વ કોઈ જ્ઞાનાદિ ગુણોથી પૂજ્ય (ગણુનીય) બને છે જેમ ગુણાધિક અને લોકોમાં અદ્વિતીય વીર (સુભટ) એવા ભગવંતની સેવામાં ભક્તિથી જેનાં મુકુટનાં કિરણો ઝળહળે છે. (એવો દેદીપ્યમાન મુગટ પહેરનારો ઇન્દ્ર પણ સ્વયમેવ આવે છે.) (૪૫૬)

ચોરી, ક્રિયાથી અન્યને ઠગવો, વચનથી ફૂટ બોલવું, મનથી કપટ કરવું, પરદારાનું સેવન વિગેરે પાપ કરવામાં દારૂણ બુદ્ધિવાળાને તેની તે પાપ પ્રવૃત્તિઓ જ અહિતકર છે અને વળી પરલોકમાં લોકો તેના ઉપર વૈર–ક્રોધ કરે છે. એમ તેનું જીવન તેને ક્ષત ઉપર ક્ષારની જેમ બને છે. (૪૫૭)

जइ ता तणकंचणलुट्ठ–रयणसरिसोवमो जणो जाओ ।
तइया नणु वुच्छिन्नो, अहिलासो दव्वहरणम्मि ॥४५८॥
आजीवगगणनेया, रज्जसिरिं पयहिऊण य जमाली ।
हियमप्पणो करिंतो, न य वयणिज्जे इह पडंतो ॥४५९॥
इंदियकसायगारवमएहिं, सययं किलिट्ठपरिणामो ।
कम्मघणमहाजालं, अणुसमयं बंधइ जीवो ॥४६०॥

તેથી ઉલટમાં જ્યારે જીવ ઘાસ અને કંચનમાં તથા પત્થરના ટુકડામાં અને રત્નમાં સમાન દૃષ્ટિવાળો (નિર્લોભી) બને છે ત્યારે તેને પરધનને હરણ કરવાની ઇચ્છા (ચોરીના પરિણામ) નાશ પામે છે. (૪૫૮)

(દોષ સેવવાથી મોટાઓ પણ કિંમત વિનાના બની જાય છે. તે કહે છે કે–) રાજ્ય લક્ષ્મીને તજીને દ્રવ્ય વેષના બળે આજીવિકા ચલાવનારા નિન્હવો (આજીવકો)ના સમૂહના નાયક બનેલા જમાલીએ જો તેમ નહિ કરતાં આત્મહિત કર્યું હોત તો લોકોમાં અપકીર્તિનું (આ નિન્હવ છે એવી નિંદાનું) ભાજન ન થાત. અર્થાત્ રાજપુત્ર છતાં જિનાજ્ઞા વિરૂદ્ધ વર્તવાથી લોકોમાં નિંદા પામ્યો. (૪૫૯)

વળી ઇન્દ્રિઓ, કષાયો, રસગારવાદિ ત્રણગારવો અને જાત્યાદિ આઠ મદોથી સતત સંક્લિષ્ટ પરિણામી જીવ પ્રતિ-સમયે કર્મરૂપી વાદળની મોટી જાળ બાંધે છે (કે તેમાં તેનો જ્ઞાનરૂપ ચન્દ્ર–સૂર્યનો પ્રકાશ ઢંકાઈ જાય છે) પરિણામે કંઈ સુખ તેને મળતું નથી. (૪૬૦) કહ્યું છે કે–

परपरिवायविसाला, अणेगकंदप्पविसयभोगेहिं ।
संसारत्था जीवा, अरइविणोअं करंतेवं ॥४६१॥
आरंभपायनिरया, लोइयरिसिणो तहा कुलिंगी य ।
दुहओ चुक्का नवरं, जीवंति दरिद्दजियलोए ॥४६२॥
सव्वो न हिंसियव्वो, जह महीपालो तहा उदयपालो ।
न य अभयदाणवइणा, जणोवमाणेण होयव्वं ॥४६३॥

બીજાની નિંદા કરવામાં શૂરા સંસારી જીવો અનેક હાસ્યકારક શબ્દો બોલીને અને વિષય ભોગવીને અરતિને જ પ્રેરણા આપે છે. અર્થાત્ વિષયાભ્યાસથી રાગ વધે છે, ઇન્દ્રિઓની કુશળતા વધે છે, પરિણામે વિષય તૃષ્ણાની પીડા જ વધે છે, સુખ મળતું નથી; એટલું જ નહિ મૂઢ બુદ્ધિવાળા તેઓ પાપને પણ પુણ્ય બુદ્ધિએ કરે છે. (૪૬૧) કહ્યું છે કે–

પૃથ્વીકાયાદિની હિંસારૂપ આરંભ અને પાક એટલે રસોઇ કરવામાં આસક્ત માયા વિનાના લૌકિક ઋષિઓ (તાપસાદિ) તથા કપટી બૌદ્ધો વિગેરે કુલિંગીઓ ઉભયભ્રષ્ટ છે, માત્ર તેઓ દરિદ્રજીવોની પંક્તિમાં (ભીખ માગીને) જીવે છે. કારણ કે ગ્રહસ્થાશ્રમનો ત્યાગ કરવાથી તે બિચારા ગ્રહસ્થો નથી તેમ હિંસાદિ પ્રવૃત્તિવાળા હોવાથી સાધુઓ પણ નથી. ઉભયભ્રષ્ટ દરિદ્રો છે. (૪૬૨)

(મોહ મુક્ત જીવોના ચિત્તમાં કેવા પરિણામ હોય તે કહે છે કે–) જેમ રાજા તેમ રંક, સર્વને (ક્રોધને પણ) હણવો ન જોઇએ. અભયદાનના સ્વામી (અહિંસાવ્રતી)એ જેમ બીજા સામાન્ય લોકો 'વેદાન્તના પારગામી પણ

पाविज्जइ इह वसणं, जणेण तं छगलओ असत्तुत्ति ।
न य कोइ सोणियबलिं, करेइ वग्घेण देवाणं ॥४६४॥
वच्चइ खणेण जीवो, पित्तानिलधाउसिंभखोभेहिं ।
उज्जमह मा विसीअह, तरतमजोगो इमो दुलहो ॥४६५॥
पंचिंदियत्तणं माणुसत्तणं, आरिए जणे सुकुलं ।
साहुसमागम सुणणा, सद्दहणाऽरोग पव्वज्जा ॥४६६॥

આતતાયીને એટલે અગ્નિ સળગાવનારો, શસ્ત્રધારી, ધન હરનારો, ઝેર આપનારો અને પુત્ર તથા સ્ત્રીનું હરણ કરનારને મારી નાખવો જોઈએ' એવું માની મારી નાખે છે, તેમ દુશ્મનને પણ ન મારવો જોઈએ, પીડા કરનારને પણ પીડા નહિ કરવી જોઈએ. (૪૬૩)

આ જગતમાં જે અશકત હોય છે તે જ અવિવેકીઓથી દુઃખ-સંકટને પામે છે. કોઇ વાઘને મારીને દેવોને લોહીનું બલિદાન કરતો નથી કારણ કે વાઘ બળવાન છે બિચારો બોકડો અશક્ત છે તેથી તેના લોહીનું બલિદાન કરે છે. એમ સમજી સાધુ ક્ષમાને જ કરે છે. (૪૬૪)

જીવ પિત્ત-વાત-ધાતુઓ અને શ્લેષ્મનો વિકાર થતાં ક્ષણમાં નાશ (મરણ) પામે છે, માટે ધર્મમાં ઉદ્યમ કરો, શિથિલ ન બનો, કારણ કે એક એકથી અતિશયવાળો (શ્રેષ્ઠ) ધર્મ કરવાનો આ યોગ પુનઃ મળવો દુર્લભ છે. (૪૬૫)

એ ધર્મ કરવાની ઉત્તરોત્તર શ્રેષ્ઠ સામગ્રીરૂપ યોગને કહે છે કે-પંચેન્દ્રિય પૂર્ણ શરીર, તેમાં પણ મનુષ્યપણું, તે પણ

आउं संविल्लंतो, सिढिलंतो बंधणाइं सव्वाइँ ।
देहट्ठिअं मुयंतो, झायइ कलुणं बहुं जीवो ॥४६७॥
इक्कं पि नत्थि जं सुट्ठु, सुचरियं जह इमं बलं मज्झ ।
को नाम दढक्कारो, मरणंते मंदपुण्णस्स ॥४६८॥ युग्मम् ॥
सूलविसअहिविसूई, पाणीसत्थग्गिसंभमेहिं च ।
देहंतरसंकमणं, करेइ जीवो मुहुत्तेण ॥४६९॥

આર્યદેશમાં, તે પણ ઉત્તમકુળમાં, ત્યાં પણ સાધુનો સમાગમ, વળી તેઓના મુખે ધર્મનું શ્રવણ, તેમાં શ્રદ્ધા, રોગનો અભાવ, તેથી પણ આગળ વધીને દીક્ષા; એમ ઉત્તરોત્તર દુર્લભ યોગને હે જીવ! તું મેળવી શક્યો છે. પ્રમાદ ન કર. (૪૬૬)

મરણ વખતે આયુષ્યને તોડતો, શરીરમાં અંગોપાંગનાં બંધનોને ઢીલાં કરતો, શરીરના વાસ (રહેઠાણ)ને છોડતો તથા પુત્ર-સ્ત્રી-ધન-સંબંધીઓને પણ છોડતો ધર્મ નહિ કરનારો જીવ "હા! મેં મૂઢે મોક્ષદાયક ધર્મની સેવા ન કરી, નિરંતર મહાદુઃખને દેનાર આરંભપરિગ્રહમાં જીવન પૂર્ણ કર્યું" ઇત્યાદિ સજ્જનોને કરૂણા ઉપજાવે તેવું રડે છે-દુર્ધ્યાન કરે છે. (૪૬૭)

વળી-એક પણ મારૂં સુંદર સારૂં આચરણ નથી કે જે મારો આધાર બને (સહાય કરે), મંદપુણ્યવાળા મને મરણ વખતે કોણ દૃઢ આલંબન બનશે? કોણ મારી રક્ષા કરશે? એમ કરૂણાજનક રડે છે. (૪૬૮)

(વાત-પિત્ત-શ્લેષ્મના વિકારથી જ નહિ પણ) શૂળરોગ,

कत्तो चिंता सुचरिय-तवस्स गुणसुट्ठियस्स साहुस्स ?।
सोगइगमपडिहत्थो, जो अच्छइ नियमभरियभरो ॥४७०॥
साहंति य फुडविअडं, मासाहससउणसरिसया जीवा ।
न य कम्मभारगरुय-त्तणेण तं आयरंति तहा ॥४७१॥
वग्घमुहम्मि अहिगओ, मंसं दंतंतराउ कड्ढेइ ।
मा साहसं ति जंपइ, करेइ न य तं जहाभणियं ॥४७२॥

ઝેર, સર્પદંશ, વિશુચિકા (ઝાડા-ઉલટી), પાણીમાં ડૂબવું, શસ્ત્ર, અગ્નિ અને અતિભય કે અતિ કામરાગ વિગેરેના ક્ષોભથી (પણ) જીવ એક મુહૂર્ત (ક્ષણ) માં એક શરીરથી બીજા શરીરમાં સંક્રમ કરે (ભરે) છે. (૪૬૯)

(અધર્મીની આ દશા થાય છે ત્યારે) જેણે સુંદર રીતે બારે પ્રકારના તપ (સંયમ) ને આચર્યું છે અને તેથી સંયમરૂપ ગુણમાં જે સુસ્થિર છે એવો સાધુ કે જે સદ્ગતિમાં જવાને દક્ષ છે અને જેણે નિયમરૂપે અનેક અભિગ્રહોરૂપ (ધનનો) ભાર આત્મામાં ભરી લીધો છે તેને મરણની ચિંતા કયાંથી થાય ? ન થાય. (૪૭૦)

સમજવા છતાં ભારેકર્મી જીવો તેમ કરી શકતા નથી તે કહે છે કે 'માસાહસ' નામના પક્ષીના સરખા જીવો બીજાને સુખદુઃખનો માર્ગ સ્પષ્ટ-પ્રગટ સમજાવે છે, પણ કર્મના ભારેપણાથી સ્વયં તે માર્ગે ચાલી શકતા નથી. 'માસાહસ' પક્ષી કેવું હોય તે કહે છે કે-(૪૭૧)

માસાહસ પક્ષી વાઘના મુખમાં પેસીને તેના દાંતની વચ્ચેથી માંસને કાઢે (ખાય) છે અને 'મા સાહસ' એમ

परिअट्टिऊण गंथत्थ-वित्थरं निहसिऊण परमत्थं ।
तं तह करेह जह तं, न होइ सव्वं पि नडपढियं ॥४७३॥
पढइ नडो वेरग्गं, निव्विज्जिज्जा य बहुजणो जेण ।
पढिऊण तं तह सढो, जालेण जलं समोअरइ ॥४७४॥
कह कह करेमि कह मा, करेमि कह कह कयं बहुकयं मे।
जो हिययसंपसारं, करेइ सो अइकरेइ हियं ॥४७५॥

બોલે છે અને જેવું બોલે છે તેવું તે કરતો નથી. (અર્થાત્ સાહસ ન કરો એમ બોલવા છતાં પોતે સાહસ કરે છે.) (૪૭૨)

ગ્રંથ એટલે મૂળસૂત્રો અને તેના અર્થોના વિસ્તારનું પરાવર્તન (વારંવાર આવૃત્તિ-પાઠ) કરીને અને તેના રહસ્યને પણ સમજીને ભારેકર્મી એવું વર્તન કરે છે કે જેથી તેનું જ્ઞાન તેના વર્તનમાં આવતું નથી. તેનું જ્ઞાન નટના જ્ઞાન જેવું (માત્ર બીજાને ઉપદેશ કરવા પૂરતું જ) હોય છે. (૪૭૩)

એ જ કહે છે કે-નટ એવો વૈરાગ્ય (રસને) ભજવે છે કે જેને દેખીને ઘણા લોક સંસારથી નિર્વેદ પામે છે (વિરાગી બને છે), તેમ શઠ કપટી સાધુ એવો ઉપદેશ આપે કે તેથી ઘણાઓ વિરાગી બને કિન્તુ પોતે તો (માછીમારની જેમ) જાળ લઈને માછલાં પકડવા જળમાં પેસવા જેવું કરે છે. (અર્થાત્ ઉપદેશથી વૈરાગી બનેલા લોકો પાસેથી આહારાદિ મેળવી તેમાં સુખશીલિઓ બને છે, ત્યાગ-તપ-સંયમને સેવતો નથી.) (૪૭૪)

વિવેકીએ પ્રતિક્ષણ એમ વિચારવું જોઇએ કે-આત્મ-

सिढिलो अणायरकओ, अवसवसकओ तहा कयावकओ ।
सययं पमत्तसीलस्स, संजमो केरिसो होज्जा ? ॥४७६॥
चंदु व्व कालपक्खे, परिहाइ पए पए पमायपरो ।
तह उग्घरविघरनिरं–गणो य ण य इच्छियं लहइ ॥४७७॥
भीओव्विग्गनिलुक्को, पागडपच्छन्नदोससयकारी ।
अप्पच्चयं जणंतो, जणस्स धी जीवियं जियइ ॥४७८॥

હિતને કરનારી ક્રિયાઓ (અનુષ્ઠાનો) કેવી કેવી રીતે કરું, કેવી કેવી રીતે (અકરણીય) ન કરું, કેવી કેવી રીતે કરેલું થોડું પણ મારા આત્માને બહુ ઉપકારક થાય, એમ જે હૃદયમાં વિચાર કરે છે તે વિદ્વાન (થોડું કરીને પણ) ઘણું આત્મહિત કરે છે. (૪૭૫)

સતત પ્રમાદ કરનારાનો સંયમ શિથિલ, અનાદરથી કરેલો, (અનિચ્છાએ ગુર્વાદિકની) પરાધીનતાથી કરેલો, તથા કંઈક કર્યો કંઈક ન કર્યો જેમ તેમ કરેલો તેને સંયમ કેમ કહેવાય ? અર્થાત્ ન કહેવાય. (૪૭૬)

પ્રમાદી આત્મા કૃષ્ણપક્ષના ચંદ્રની પેઠે પગલે પગલે (સંયમથી) હીન (ક્ષીણ) થતો જાય છે, તથા ગ્રહસ્થોના સંબંધ વિનાનો, રહેવાના ઘર (વસતિ) વિનાનો અને અંગના (સ્ત્રી) વિનાનો (એ સઘળું તજવા) છતાં ઈચ્છિત (આત્મહિત) ને પામતો નથી. (૪૭૭)

આ ભવમાં કોણ મને શું કહેશે ? એવા ભયવાળો, ધૈર્યના અભાવે ઉદ્વિગ્ન અને એથી જ સંઘના મનુષ્યોથી છૂપાતો, પ્રગટ–અપ્રગટપણે સેંકડો દોષને સેવે છે. એમ

न तहिं दिवसा पक्खा, मासा वरिसा वि संगणिज्जंति ।
जे मूलउत्तरगुणा, अक्खलिया ते गणिज्जंति ॥४७९॥
जो नवि दिणे दिणे संकलेइ, के अज्ज अज्जिया मि गुणा ?।
अगुणेसु अ न हु खलिओ, कह सो करिज्ज अप्पहियं ?
॥४८०॥
इय गणियं इय तुलिअं, इय बहुहा दरिसियं नियमियं च।
जइ तह वि न पडिबुज्झइ, किं कीरइ ? नूण भवियव्वं ॥
॥४८१॥

કરવાથી લોકોને 'આ સાધુઓનો ધર્મ આવો અરાબ છે' એમ સાધુધર્મ ઉપર અવિશ્વાસ પેદા કરતો પોતે ધિક્કારને પાત્ર જીવન જીવે છે. (૪૭૮)

તેવા જીવનમાં (અમુક) આટલા દિવસો, પખવાડીયાં, મહિનાઓ કે વર્ષો પણ (જીવ્યો એમ) તેનો જીવનકાળ ગણનામાં ગણાતો નથી. જેઓ મૂલગુણ અને ઉત્તરગુણમાં (ચરણ-કરણ સિત્તરીમાં) દોષો સેવ્યા વિના નિરતિચાર જીવન જીવે છે તેના જ જીવનનો કાળ ગણનામાં ગણાય છે. (૪૭૯)

જે દિન પ્રતિદિન 'મેં આજે કયા-કેટલા ગુણો મેળવ્યા ? કયા કયા દોષોમાંથી હું બચ્યો' એમ સંકલના કરતો નથી તે આત્મહિત કેવી રીતે કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. (૪૮૦)

એમ આ ગ્રંથમાં અહીં સુધી આરાધનાના માર્ગની (ચારિત્રની) પ્રથમ તીર્થંકરના વાર્ષિક તપ વિગેરે દ્વારા ગણના કરી, શ્રીઅવંતિસુકુમાર આદિના ચરિત્ર સાથે તુલના કરી,

किमगं तु पुणो जेणं, संजमसेढी सिढिलिकया होइ ।
सो तं चिय पडिवज्जइ, दुक्खं पच्छा उ उज्जमई ॥४८२॥
जइ सव्वं उवलद्धं, जइ अप्पा भाविओ उवसमेणं ।
कायं वायं च मणं, उप्पहेणं जह न देई ॥४८३॥

શ્રી આર્યમહાગિરિના દૃષ્ટાન્ત વિગેરેથી ઘણા પ્રકારે તે ધર્મને જોયો અને "આ માર્ગ વિરાધનાનો આ માર્ગ આરાધનાનો" એમ નક્કી પણ કર્યું તથાપિ જો ભારેકર્મી આત્મા પ્રતિબોધ ન પામે તો શું કરીયે? નિશ્ચે તેની ભવિતવ્યતા તેવી! (સમજી ઉપેક્ષા કરીએ.) (૪૮૧)

પરંતુ હે શિષ્યો! જે પુણ્યવંત સંયમ શ્રેણી (ગુણ-સ્થાનોની વૃદ્ધિ) પ્રાપ્ત કરીને પુનઃ શિથિલ બને તે (વધારે શોચનીય છે, સ્વભાવે જ પત્થર સારો પણ જે અલંકારમાં હીરાને સ્થાને ગોઠવાયેલો ભ્રષ્ટ થાય તે સારો નહિ, એમ જે ધર્મ પામ્યો જ નહિ તેના કરતાં ધર્મ પામીને શિથિલ થનાર વધારે શોચનીય છે કારણ કે તે-) પછી શૈથિલ્યને જ અંગીકાર કરે છે, પાછળથી સંયમનો ઉદ્યમ ઘણા કષ્ટે તેનાથી થાય છે, અર્થાત્ શૈથિલ્યને કારણે મોહ વધી જવાથી પુનઃ તે ઉત્તમ સંયમને આરાધી શકતો નથી. (૪૮૨)

માટે જો કહેલો અને કહેવાશે તે સમગ્ર ઉપદેશને તમોએ સારી રીતે સમજી લીધો હોય અને રાગાદિનો જય કરીને આત્માને જો ઉપશમભાવથી વાસિત કર્યો હોય તો કાયા-વચન અને મનને જેમ ઉન્માર્ગે ન જાય તેમ કરવું (ઉન્માર્ગ આપવો નહિ જોઇએ.) (૪૮૩)

हत्थे पाए न निखिवे, कायं चालिज्ज तंपि कज्जेणं ।
कुम्मो व्व सए अंगे, अंगोवंगाइं गोविज्जा ॥४८४॥
विकहं विणोयभासं, अंतरभासं अवक्कभासं च ।
जं जस्स अणिट्ठमपुच्छिओ, य भासं न भासिज्जा ॥४८५॥
अणवट्ठियं मणो जस्स, झायइ बहुयाइं अट्टमट्टाइं ।
तं चिंतिअं च न लहइ, संचिणइ अ पावकम्माइं ॥४८६॥
जह जह सव्वुवलद्धं, जह जह सुचिरं तवोवणे वुच्छं ।
तह तह कम्मभरगुरू, संजमनिब्बाहिरो जाओ ॥४८७॥

કાયાને વશ કરવા માટે હાથ-પગને વિના પ્રયોજને હલાવવા નહિ, કાયાને હલાવવી પડે તો પણ પ્રયોજન પડે ત્યારે જ અને કાચબાની જેમ હાથ-નેત્રો વિગેરે અંગોપાંગને પણ પોતાના શરીરમાં ગોપવવાં જોઇએ. (૪૮૪)

વચનથી-વિકથાઓ, જ્ઞાનાદિ પ્રયોજન વિના વિનોદની ખાતર, ગુર્વાદિની વાતમાં વચ્ચે, અયોગ્ય વાક્યથી જેમ તેમ, સાંભળનારને જે અનિષ્ટ લાગે તેવું અને પૂછ્યા વિના જ વચન ન બોલવું જોઇએ. (૪૮૫)

મનથી-જેનું ચિત્ત અનવસ્થિત એટલે અતિચંચળ હોય તે પાપકારી અનેક આર્ત-રૌદ્રરૂપ જેવા તેવા વિકલ્પો કરે, તેથી તે ચિંતવેલું કંઇ પામે નહિ અને નિરર્થક ઘણું પાપકર્મ (અશુભ કર્મ) બાંધે. એમ કાયા વચન અને મનને ઉન્માર્ગે જતાં અટકાવવાં. (૪૮૬)

જેમ જેમ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થવાથી સર્વ આગ-

विज्जप्पो जह जह ओसहाइं, विज्जेइ वायहरणाइं ।
तह तह से अहिययरं, वाएणाऊरिअं पुट्ठं ॥४८८॥
दड्ढजउमकज्जकरं, भिन्नं संखं न होइ पुण करणं ।
लोहं च तंबविद्धं, न एइ परिकम्मणं किंचि ॥४८९॥
को दाही उवएसं, चरणालसयाण दुव्विअड्ढाणं ? ।
इंदस्स देवलोगो, न कहिज्जइ जाणमाणस्स ॥४९०॥

મના રહસ્યને પ્રાપ્ત કર્યું (જાણ્યું) અને જેમ જેમ તપોવન એટલે સાધુ સમૂહમાં વધારે વસ્યો, તેમ તેમ કર્મ (મોહનીય) ના ભારથી ભારે બનેલો (મોહવશ) આત્મા સંયમથી બહાર (દૂર–દૂર) થયો, એમ સમજવું. (૪૮૭)

સેવાભાવી (આપ્ત) વૈદ્ય જેમ જેમ સુંઠ વિગેરે વાયુ-ઘાતક ઔષધોને પાય તેમ તેમ તે આતુર (અતિરોગી) ને વાયુથી અધકતર પેટ આક્રાન્ત થાય (પેટમાં વાયુ વધે.) એ ન્યાયે ઔષધ તુલ્ય કર્મરૂપી વાયુના ઘાતક સિદ્ધાન્તો અનેક રીતે પાપીજીવરૂપ રોગીને આપવામાં આવે તો પણ તેનું ચિત્તરૂપી પેટ પાપરૂપ વાયુથી ભરાતું જાય. અર્થાત્ પાપી આત્મા જેમ જેમ સિદ્ધાન્ત ભણે, તપ કરે તેમ તેમ તેનું ચિત્ત મોહમાં ફસાતું જાય. (૪૮૮)

બળેલી લાખ કોઇ કામ કરી શકતી નથી. ભાંગેલો શંખ સંધાતો નથી અને ત્રાંબાથી મિશ્ર લોખંડ જેમ કંઇ કાપી શકતું નથી–કોઇ કાર્ય માટે યોગ્ય રહેતું નથી તેમ તેવા અયોગ્ય જીવને સન્માર્ગે–સંયમમાં જોડી શકાતો નથી. (૪૮૯)

दो चेव जिणवरेहिं, जाइजरामरणविप्पमुक्केहिं ।
लोगम्मि पहा भणिया, सुस्समण सुसावगो वाऽवि ॥४९१॥
भावच्चणमुग्गविहारया य, दव्वच्चणं तु जिणपूआ ।
भावच्चणाउ भट्ठो, हविज्ज दव्वच्चणुज्जुत्तो ॥४९२॥

દુર્વિદગ્ધ એટલે પંડીતમાની ચારિત્રમાં આળસુઓ કે જેઓ પોતાની બુદ્ધિથી પોતાને સર્વ જાણનારા માને છે કોઈના ઉપદેશની અપેક્ષા રાખતા નથી તેને ઉપદેશ કોણ આપે ? અર્થાત્ કોઈ ન આપે. ઇન્દ્ર કે જે દેવલોકને જાણે છે તેને દેવલોકનું વર્ણન કોણ સંભળાવે ? સંભળાવવું નિરર્થક છે. (૪૯૦)

જન્મ-જરા-મરણથી મુક્ત શ્રીજિનેશ્વરોએ આ લોકમાં (અરિહંત પૂજના) બે જ માર્ગ કહ્યા છે. કાં તો સુસાધુ થાય એ એક માર્ગ, ન બને તો સુશ્રાવક થાય એ બીજો માર્ગ. (એ સિવાય શિથિલ છતાં સંવેગીનો પક્ષકાર સંવિજ્ઞપાક્ષિક આરાધક છે પણ તે સાધુ હોય તો સાધુમાં અને ગ્રહસ્થ હોય તો શ્રાવકમાં ગણાય માટે બે જ વીતરાગ વચનના ઉપાસક છે.) (૪૯૧)

(એ બે માર્ગોને ભાવપૂજન અને દ્રવ્યપૂજન કહેવાય છે તેમાં-) તીર્થંકરોની ભાવપૂજા એટલે જિન વચનની ઉગ્ર આરાધના જ છે અને પુષ્પાદિકથી જિનબિંબનું પૂજન કરવું તે દ્રવ્યપૂજન જ છે. જે તથાવિધ સામગ્રી-યોગ્યતાના અભાવે ભાવપૂજાથી ભ્રષ્ટ છે-અશક્ત છે, તે દ્રવ્યપૂજામાં ઉદ્યમ કરે. (દ્રવ્યપૂજા પણ પુણ્યાનુબંધી પુણ્યદ્વારા પરંપરાએ ભાવપૂજાનું કારણ બને છે.) (૪૯૨)

जो पुण निरच्चणो च्चिअ, सरीरसुहकज्जमित्ततल्लिच्छो ।
तस्स न हि बोहिलाभो, न सुग्गई नेय परलोगो ॥४९३॥
कंचणमणिसोवाणं, थंभसहस्सूसिअं सुवण्णतलं ।
जो कारिज्ज जिणहरं, तओऽवि तवसंजमो अहिओ ॥४९४॥
निब्बीए दुब्भिक्खे, रण्णा दीवंतराओ अन्नाओ ।
आणेऊणं बीअं, इह दिन्नं कासवजणस्स ॥४९५॥

એમ જો બે માર્ગો જ જિનપૂજનના છે તો જે સાધુ માત્ર શરીર સુખનાં કાર્યોમાં જ લોલુપી છે, અતિગૃદ્ધ છે, (ભાવ અને દ્રવ્ય બન્ને પૂજનથી રહિત હોવાથી) તેને પરભવે જિનધર્મની પ્રાપ્તિ થતી નથી, મોક્ષરૂપ સદ્ગતિ થતી નથી અને પરલોકમાં પણ દેવ વિગેરે સારો ભવ મળતો નથી. (૪૯૩)

બે માર્ગોમાં યોગ્ય જીવે ભાવધર્મને જ આરાધવો જોઇએ. કારણ કે—જે શ્રાવક રત્નજડિત સુવર્ણનાં પગથીયાંવાળું હજાર થાંભલાઓથી ઉંચું સુવર્ણના તળીયાવાળું જિનમંદિર બંધાવે તેનાથી પણ તપ અને સંયમ અધિક (ફળદાયી) છે. (૪૯૪)

માટે યોગ્ય જીવે ચારિત્રમાં ઉદ્યમ કરવો, અંગીકાર કરીને પ્રમાદ ન કરવો તેમ કરવાથી મહા આપત્તિ થાય તે દૃષ્ટાન્તથી જણાવે છે કે–

કોઈ કાળે સખ્ત દુષ્કાળમાં લોકો પાસે વાવવા જેટલું અનાજ (બીજ) પણ ન રહ્યું ત્યારે રાજાએ બીજા દ્વીપમાંથી બીજ મંગાવીને ખેડૂતોને આપ્યું. (૪૯૫)

केहि वि सव्वं खइयं, पइन्नमन्नेहिं सव्वमद्धं च ।
वुत्तं गयं च केइ, खित्ते खुट्टंति संतत्था ॥४९६॥ युग्मम् ॥
राया जिणवरचंदो, निब्बीयं धम्मविरहिओ कालो ।
खित्ताइं कम्मभूमी, कासववग्गो य चत्तारि ॥४९७॥
अस्संजएहिं सव्वं, खइयं अद्धं च देसविरएहिं ।
साहूहिं धम्मबीअं, उत्तं नीअं च निप्फत्तिं ॥४९८॥
जे ते सव्वं लहिउं, पच्छा खुट्टंति दुब्बलधिइया ।
तवसंजमपरितंता, इह ते ओहरिअसीलभरा ॥४९९॥

કેટલાકો તે બધું ખાઈ ગયા, બીજા કેટલાએ અડધું વાવ્યું (અડધું ખાધું), કેટલાએ બધું વાવ્યું, જ્યારે તે ઉગ્યું ત્યારે રાજાથી ગુપ્ત ઘેર લઇ જવા માટે કેટલાકો તેને ખેતરમાં કાપવા લાગ્યા અને તેથી રાજપુરૂષોએ તેમને સખ્ત શિક્ષા કરવાથી અતિ ત્રાસ પામ્યા. (૪૯૬)

હવે એ દૃષ્ટાન્તને ઘટાવે છે કે–અહીં શ્રીઅરિહંતદેવ રાજા, ધર્મરૂપ બીજ રહિત કાળ તે દુષ્કાળ, પંદર કર્મ-ભૂમીઓ તે ખેતરો અને અસંયત આદિ ચાર પ્રકારના ખેડૂતો જાણવા. તેઓને મોક્ષ માટે કેવળજ્ઞાનરૂપ દ્વીપમાંથી લાવીને વિરતિધર્મરૂપ બીજ ભગવંતે આપ્યું. (૪૯૭)

તેમાંના ધર્મ રહિત અસંયતો તેને સમ્પૂર્ણ ખાઈ ગયા, દેશવિરતિ (શ્રાવકોએ) અર્ધું ખાધું–અર્ધું વાવ્યું, સર્વવિરતિધરોએ (સાધુઓએ) સઘળું વાવ્યું અને તેની (અંગીકાર કરેલી વિરતિ–ચારિત્રની) રક્ષા કરીને સંપૂર્ણ નિપજાવ્યું. (૪૯૮)

आणं सव्वजिणाणं, भंजइ दुविहं पहं अइक्कंतो ।
आणं च अइक्कंतो, भमइ जरामरणदुग्गम्मि ॥५००॥
जइ न तरसि धारेउं, मूलगुणभरं सउत्तरगुणं च ।
मुत्तूण तो तिभूमी, सुसावगत्तं वरतरागं ॥५०१॥

પાર્શ્વસ્થ વિગેરે ચોથા પ્રકારના ખેડૂતોએ શું કર્યું, તે કહે છે–ભગવંતની આજ્ઞા વિરૂદ્ધ વર્તનારા હોવાથી ચોરસરખા સત્ત્વવિનાના પાસત્થા વિગેરે ચોથા પ્રકારના ખેડૂતોએ સર્વવિરતિ ગ્રહણ કરીને તેનું ખંડન કર્યું–ચારિત્રનો નાશ કર્યો, એમ તપ–સંયમથી થાક્યા, એથી જિનશાસનમાં તેઓ શીયલના (વ્રતના) ભારથી મુક્ત થએલા પાર્શ્વસ્થા કહેવાય છે. (૪૯૯)

હવે ફલિતાર્થ કહે છે કે–એમ સાધુ અને શ્રાવક અન્નેના માર્ગથી ભ્રષ્ટ થએલો જીવ સર્વજિનેશ્વરોની આજ્ઞાનો ભંજક બને છે અને જિનાજ્ઞાનો ભંગ કરવાથી કર્મરૂપ કોટવાળોની શિક્ષાને સહન કરતો તે જન્મ–મરણરૂપ અતિગહન દુઃખોમાં (સંસારમાં) ભટકે છે. (૫૦૦)

તો ભગ્નપરિણામી ચારિત્રનું પાલન ન કરી શકે તેણે શું કરવું? તે કહે છે–જો અંગીકાર કરેલા ચારિત્રના મૂળગુણ અને ઉત્તરગુણનો ભાર સહવામાં (પાલન કરવામાં) અશક્ત બને તો જન્મભૂમી, દીક્ષાભૂમી અને જ્યાં જ્યાં વિચર્યો હોય તે સર્વ પ્રદેશરૂપ વિહારભૂમી એ ત્રણેને છોડીને અન્ય પ્રદેશમાં ઉત્તમ શ્રાવકપણું પાળે તે શ્રેષ્ઠ છે. (૫૦૧)

अरिहंतचेइयाणं, सुसाहूपूयारओ दढायारो ।
सुसावगो वरतरं, न साहुवेसेण चुअधम्मो ॥५०२॥
सव्वं ति भाणिऊणं, विरई खलु जस्स सव्विया नत्थि ।
सो सव्वविरइवाई, चुक्कइ देसं च सव्वं च ॥५०३॥
जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ? ।
वड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥५०४॥

શ્રીજિનબિંબોની પૂજામાં અને ઉત્તમસાધુઓની વસ્ત્ર-પાત્ર-આહારાદિ ભક્તિ કરવામાં રકત બનેલો દેશ-વિરતિનું દૃઢ પાલન કરનારો ઉત્તમ શ્રાવક અતિ શ્રેષ્ઠ છે પણ સાધુવેષમાં રહી શાસનની અપભ્રાજનાના કારણભૂત જિનાજ્ઞાવિરૂદ્ધ જીવવું શ્રેષ્ઠ નથી. (૫૦૨)

(સર્વની પ્રત્યક્ષ) સર્વ પાપ વ્યાપારોનો ત્રિકરણ-યોગથી યાવજ્જીવ પર્યંત ત્યાગ જાહેર કરીને જેને તે સર્વવિરતિ (ત્યાગ) નિશ્ચે નથી જ તે મિથ્યા સર્વવિરતિને જણાવનારો દેશવિરતિ અને સર્વવિરતિ ઉભયથી ભ્રષ્ટ છે. (૫૦૩)

એટલું જ નહિ તેમ કરવાથી મિથ્યાદૃષ્ટિપણું થાય છે, તે કહે છે-જે યથાવાદ એટલે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે કરતો નથી, તેનાથી બીજો કોણ મિથ્યાદૃષ્ટિ છે? અર્થાત્ તે જ મિથ્યાદૃષ્ટિ છે અને બીજાઓને પોતાના આચારથી 'જિનાગમમાં કહેલો ધર્મ આવો (અસદાચારરૂપ) હશે' એવી બીજાઓને શંકા પ્રગટ કરીને મિથ્યાત્વને વધારે છે. (૫૦૪)

आणाए च्चिय चरणं, तब्भंगे जाण किं न भग्गं ति ?।
आणं च अइक्कंतो, कस्साएसा कुणइ सेसं ? ॥५०५॥
ससारो अ अणंतो, भट्ठचरित्तस्स लिंगजीविस्स ।
पंचमहव्वयतुंगो, पागारो भिल्लिओ जेण ॥५०६॥
न करेमि त्ति भणित्ता, तं चेव निसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, मायानियडीपसंगो य ॥५०७॥
लोएऽवि जो सम्मगो, अलिअं सहसा न भासए किंचि ।
अह दिक्खिओऽवि अलियं, भासइ तो किं च दिक्खाए
॥५०८॥

શ્રીજિનેશ્વરની આજ્ઞામાં જ ચારિત્ર છે, તે આજ્ઞાનો ભંગ કર્યો તો હે શિષ્ય ! તું કહે કે શું ન ભાંગ્યું ? અર્થાત્ સર્વ ચારિત્ર ભાંગ્યું. વળી જે જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે બાકીનું પાલન કોની આજ્ઞાથી કરે છે ? અર્થાત્ આજ્ઞા રહિત જે કરે છે તે તેને વિડંબનાતુલ્ય છે. (૫૦૫)

જેણે પંચમહાવ્રતોરૂપ ઉંચો (પોતાના ગુણરૂપ ધન રક્ષણનો) કિલ્લો તોડયો તે ચારિત્રભ્રષ્ટ સાધુવેષથી માત્ર આજીવિકા ભરનારાને અનંત સંસાર (જન્મ-મરણાદિ અસહ્ય કષ્ટોમાં) ભમવું પડે છે. (૫૦૬)

જે આત્મા 'ત્રિકરણ-યોગે પાપ નહિ કરું' એમ પ્રતિજ્ઞા કરીને તે જ પાપને પુનઃ સેવે તે પ્રત્યક્ષ મૃષાવાદી (સોનીની જેમ સુધરવા માટે અયોગ્ય) છે અને તેને બાહ્ય-અભ્યંતર બન્ને પ્રકારના કપટથી અવશ્ય બાહ્ય અભ્યંતર ઉભય દુઃખોનો પ્રસંગ આવે જ છે. (૫૦૭)

महव्वयअणुव्वयाइं, छंडेउं जो तवं चरइ अन्नं ।
सो अन्नाणी मूढो, नावाबुड्डो मुणेयव्वो ॥५०९॥
सुबहुं पासत्थजणं, नाऊणं जो न होइ मज्झत्थो ।
न य साहेइ सकज्जं, कागं च करेइ अप्पाणं ॥५१०॥
परिचिंतिऊण निउणं, जइ नियमभरो न तीरए वोढुं ।
परचित्तरंजणेणं, न वेसमित्तेण साहारो ॥५११॥

લોકમાં પણ જે પાપભીરૂ હોય છે તે સહસા કંઇ પણ અસત્ય બોલતો નથી, અસત્ય ન બોલાઈ જાય તેની કાળજી રાખે છે, ત્યારે દીક્ષિત થઇને જે અસત્ય બોલે તેને દીક્ષાથી શું ? અર્થાત્ તેની દીક્ષા નિષ્પ્રયોજન–નિષ્ફળ સમજવી. (૫૦૮)

મહાવ્રત કે અણુવ્રતોને (નિરતિચાર પાલવાની દરકાર) છોડીને બીજું બીજું તપ કરે છે તે મૂઢ–અજ્ઞાની વ્રતોરૂપ નાવડી હોવા છતાં સંસાર સમુદ્રમાં ડૂબેલો સમજવો. નાવડી ભાંગીને તેના લોહના બીલાના આધારે તરનારા જેવો મૂર્ખ જાણવો. (૫૦૯)

પોતાના સમૂહમાં ઘણા પાસત્થાઓને જાણીને જે મધ્યસ્થ થતો (મૌન સેવતો) નથી, તે પોતાનું મોક્ષકાર્ય સાધી શકતો નથી અને પોતાને કાગડા તુલ્ય બનાવે છે. અર્થાત્ ઘણા શિથિલાચારીઓમાં આત્માર્થીએ મૌનપણે પોતાની સાધના કરવી જોઇએ નહિ તો તેઓ બધા મળીને રોષથી લોકમાં તેને જ દુર્ગુણી તરીકે જાહેર કરે છે, કાગડા જેવો નિર્ગુણી ગણાવી પોતાને તેઓ હંસ સરખા ગુણવાન ગણાવે છે. (૫૧૦)

निच्छयनयस्स चरण–स्सुवघाए नाणदंसणवहोऽवि ।
ववहारस्स उ चरणे, हयम्मि भयणा उ सेसाणं ॥५१२॥
सुज्झइ जई सुचरणो, सुज्झइ सुस्सावओऽवि गुणकलिओ ।
ओसन्नचरणकरणो, सुज्झइ संविग्गपक्खरुई ॥५१३॥

પોતાના સ્વરૂપનો સૂક્ષ્મબુદ્ધિએ પૂર્ણ વિચાર કરીને જો મૂલ–ઉત્તરગુણરૂપ નિયમ (ચારિત્ર) નો ભાર વહન કરવો શકય ન જણાય તો પરજનોના ચિત્તને ખૂશી કરનારા માત્ર સાધુવેષથી આત્મરક્ષણ નહિ થાય, અર્થાત્ નિર્ગુણીને વેષ રાખવાથી લોકોમાં મિથ્યાત્વની વૃદ્ધિ થવાને યોગે અનંત સંસાર થાય છે; માટે વેશ તજી દેવોશ્રેયસ્કર છે. (૫૧૧)

અહીં એમ બને કે ભલે ચારિત્ર રક્ષણ ન કર્યું, પણ જ્ઞાન–દર્શન હોવાથી તે એકાન્તે નિર્ગુણી નથી; માટે વેષ છોડવો હિતકર નથી એમ કોઈ કહે તો તે ઉચિત નથી, કારણ કે–ચારિત્રના અભાવે તત્ત્વથી જ્ઞાન–દર્શનનો પણ અભાવ જ છે, કહ્યું છે કે–

નિશ્ચય નયના અભિપ્રાયે ચારિત્રનો નાશ થયે જ્ઞાન દર્શનનો પણ નાશ થાય છે અને વ્યવહાર નયથી ચારિત્રનો નાશ થતાં જ્ઞાન દર્શનનો નાશ થાય જ એવો એકાન્ત નથી. (૫૧૨)

ઉત્તમ ચારિત્રવંત સાધુ શુદ્ધ થાય છે, સમ્યગ્ દર્શન–અણુવ્રતાદિ ગુણથી શોભતો ઉત્તમ શ્રાવક પણ શુદ્ધ થાય છે અને મોક્ષાભિલાષી સાધુઓનો પક્ષકાર (શુદ્ધ પ્રરૂપક) સંવિગ્નપાક્ષિક ચારિત્રમાં શિથિલ છતાં શુદ્ધ થાય છે, તેમાં સાધુ પ્રત્યક્ષ શુદ્ધ થાય છે અને શ્રાવક તથા સંવિગ્નપાક્ષિક

संविग्गपक्खियाणं, लक्खणमेयं समासओ भणियं ।
ओसन्नचरणकरणाऽवि, जेण कम्मं विसोहंति ॥५१४॥
सुद्धं सुसाहुधम्मं, कहेइ निंदइ य नियमायारं ।
सुतवस्सियाण पुरओ, होइ य सव्वोमरायणीओ ॥५१५॥
वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ कारवे नेय ।
अत्तट्ठा न वि दिक्खइ, देइ सुसाहूण बोहेउं ॥५१६॥

ચારિત્રના રાગી હોવાથી ઉત્તરોત્તર ગૌણપણે શુદ્ધ થાય છે. (૫૧૩) હવે સંવિજ્ઞપાક્ષિકનું લક્ષણ કહે છે–

સંવિજ્ઞપાક્ષિકોનું લક્ષણ શ્રીગણધર ભગવંતોએ આ પ્રમાણે ટૂંકમાં કહ્યું છે કે–ચરણસિત્તરિ કરણસિત્તરી (વ્રત)ના પાલનમાં શિથિલ થવા છતાં પોતાના લક્ષણથી તેઓ જ્ઞાનાવરણીયાદિ કર્મોને તોડે છે. (૫૧૪) કયા લક્ષણથી કર્મો તોડે છે તે કહે છે કે–

સંવિજ્ઞપાક્ષિક લોકોને નિરતિચાર સાધુ ધર્મનો શુદ્ધ ઉપદેશ આપે છે, પોતાના શિથિલાચારની નિંદા અને જુગુપ્સા કરે છે અને ઉત્તમ સાધુઓમાં રહીને પણ આજના દીક્ષિત સાધુથી પણ પોતાને હીન ગુણી માને છે. અન્ય સાધુઓને ગુણવાન માની તેઓનું બહુમાન પ્રશંસાદિ કરે છે. (૫૧૫)

ઉત્તમ ગુણરત્નાધિક સાધુઓને વંદન કરે છે, નાના પણ સાધુઓનું વન્દન લેતો (વંદાવતો) નથી, તેઓની વિશ્રામણા–શરીરસેવા સ્વયં કરે છે, પોતાની સેવા કરાવતો નથી, અન્ય જીવોને ધર્મ સમજાવીને પોતાની પાસે દીક્ષા

ओसन्नो अत्तट्ठा, परमप्पाणं च हणइ दिक्खंतो ।
तं छुहइ दुग्गईए, अहिययरं वुड्ढइ सयं च ॥५१७॥
जह सरणमुवगयाणं, जीवाणं निकिंतए सिरे जो उ ।
एवं आयरिओ वि हु, उस्सुत्तं पन्नवंतो य ॥५१८॥
सावज्जजोगपरिव–ज्जणा उ सव्वुत्तमो जइधम्मो ।
बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो ॥५१९॥

લેવા તૈયાર થએલા શિષ્યને પણ પોતાનો શિષ્ય બનાવતો નથી પણ ઉત્તમ સાધુઓને સોંપી દે છે. (૫૧૬)

અવસન્ન (ચારિત્રમાં શિથિલાચારી) સાધુ બીજાને પોતાનો શિષ્ય બનાવીને તેના અને પોતાના આત્માને (જ્ઞાનાદિક ભાવ પ્રાણોનો નાશ કરવાથી) હણે છે, તેને (શિષ્યને) દુર્ગતિમાં નાખે છે અને પોતે અધિકાધિક સંસારમાં ડૂબે છે. (૫૧૭)

જેમ જે કોઈ મનુષ્ય પોતાના શરણે આવેલા વિશ્વાસનું મસ્તક કાપે તે વિશ્વાસઘાતી મહાપાપી છે, તેમ પોતાને શરણે આવેલા (શિષ્ય થયેલા) સાધુને ઉત્સૂત્ર પ્રરૂપણા કરતો આચાર્ય (ગુરૂ) પણ તેવો જાણવો. (૫૧૮)

ઉપર જણાવ્યા પ્રમાણે એ સિદ્ધ થયું કે–સર્વ પાપ વ્યાપારોનો ત્યાગ કરવારૂપ સાધુધર્મ સર્વોત્તમ છે, બીજો શ્રાવકધર્મ અને ત્રીજો સંવિજ્ઞપાક્ષિકનો ધર્મ છે, કારણ કે તેઓ પણ મોક્ષમાર્ગરૂપ શુદ્ધ ચારિત્રના પક્ષકાર હોવાથી બન્નેનો ધર્મ પણ મોક્ષમાર્ગ છે. (૫૧૯)

सेसा मिच्छदिट्ठी, गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं ।
जह तिण्णि य मुक्खपहा, संसारपहा तहा तिण्णि ॥५२०॥
संसारसागरमिणं, परिब्भमंतेहिं सव्वजीवेहिं ।
गहियाणि य मुक्काणि य, अणंतसो दव्वलिंगाइं ॥५२१॥
अच्चणुरत्तो जो पुण, न मुयइ बहुसोऽवि पन्नविज्जंतो ।
संविग्गपक्खियत्तं, करिज्ज लब्भिहिसि तेण पहं ॥५२२॥

બાકીના ગ્રહસ્થો, અન્યધર્મના તાપસો વિગેરે કુલિંગવાળાઓ અને માત્ર દ્રવ્યથી સાધુવેષધારી દ્રવ્યલિંગીઓ એ સઘળા સંસારમાર્ગે હોવાથી મિથ્યાદૃષ્ટિઓ જાણવા. નિષ્કર્ષ એ થયો કે જેમ (૫૧૯ ગાથામાં કહેલા) ત્રણ મોક્ષમાર્ગી છે, તેમ ત્રણ સંસારમાર્ગી છે. (૫૨૦)

અહિં પ્રશ્ન થાય કે–ગ્રહસ્થો અને કુલિંગીઓ ભલે તેવા હોય પણ સાધુવેષધારી સંસારમાર્ગી કેમ કહેવાય? તેને જણાવે છે કે–આ સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરતા સર્વ જીવોએ ભૂતકાળ અનંત હોવાથી અને સર્વ પ્રકારના સંયોગ થતા હોવાથી અનંતીવાર દ્રવ્યથી સાધુવેષ ગ્રહણ કર્યો છે અને છોડયો છે. (૫૨૧)

(વળી ઉપર કહ્યું કે અતિ નિર્ગુણીને સાધુવેષ તજવો શ્રેયસ્કર છે, છતાં તે ન છોડે તો શું કરવું? તે કહે છે.) જે સાધુવેષનો અત્યંત રાગી હોય અને પાપ કર્મ માટે કંઈક નિઃશૂક હોય તેને બહુ રીતે સમજાવવા છતાં ન છોડી શકે તો તેને ઉપર કહ્યું તે સંવિગ્નપાક્ષિકપણું સમજાવવું (કરાવવું) જોઇએ, કે સંવિગ્નપાક્ષિકપણાથી

कंतारुरोहमद्धाण–ओमगेलन्नमाइकज्जेसु ।
सव्वायरेण जयणाइ, कुणइ जं साहुकरणिज्जं ॥५२३॥
आयरतरसंमाणं सुदुक्करं माणसंकडे लोए ।
संविग्गपक्खियत्तं, ओसन्नेणं फुडं काउं ॥५२४॥
सारणचइआ जे गच्छ–निग्गया पविहरंति पासत्था ।
जिणवयणबाहिरा वि य, ते उ पमाणं न कायव्वा ॥५२५॥

ચારિત્રધર્મનું બીજ આત્મામાં વાવવાથી તે ભવાન્તરે તેના ફળરૂપ ઉત્તમ ચારિત્રરૂપ મોક્ષ માર્ગને પ્રાપ્ત કરશે. (૫૨૨) સંવિજ્ઞપાક્ષિક બનીને શું કરવાથી તે મોક્ષમાર્ગનાં બીજનો આરાધક બને ? તે કહે છે–

મોટી અટવી, જે ગામ શહેરમાં રહ્યા હોય ત્યાં પરચક્રનો ઘેરો, વિહારના વિષમ માર્ગમાં, દુષ્કાળમાં, બીમારીમાં કે રાજા વિગેરેના ઉપસર્ગાદિ પ્રસંગમાં કરવા યોગ્ય કાર્યો સર્વ શક્તિથી જયણાપૂર્વક ચિત્તમાં ખેદ કર્યા વિના જેમ સાધુ કરે તેમ સંવિજ્ઞપાક્ષિક સાધુઓનાં તે તે કાર્યો કરે– એમ કરવું અતિ દુષ્કર છે, છતાં કરે માટે જ સંવિજ્ઞપાક્ષિકને ઉત્તમ (આરાધક) કહ્યો છે. (૫૨૩) કહ્યું છે કે–

માન કષાયથી સાંકડી (તુચ્છ) પ્રકૃતિવાળા જગતમાં સ્વયંશિથિલાચારી છતાં નિષ્કપટભાવે લોકો દેખે તેમ સ્પષ્ટ આવું ઉત્તમ સાધુઓનું પક્ષપાતીપણું કરવું તે અતિ દુષ્કર છે. (૫૨૪) ત્રણ માર્ગો મોક્ષના કહ્યા તેમાં જે ઘણો કાળ સંવિજ્ઞ રહેવા છતાં કર્મની પરતંત્રતાએ પાછળથી શિથિલ બને તે કયા પક્ષમાં ગણવો ? તે માટે કહે છે કે–

हीणस्स वि सुद्धपरूवगस्स, संविग्गपक्खवायस्स ।
जा जा हविज्ज जयणा, सा सा से निज्जरा होइ ॥५२६॥
सुक्काइयपरिसुद्धे, सइ लाभे कुणइ वाणिओ चिट्ठं ।
एमेव य गीयत्थो, आयं दट्ठुं समायरइ ॥५२७॥

ગુર્વાદિકે કરેલી સારણા–વારણા–ચોયણા–પડિચોયણાને નહિ માનવાથી ગચ્છમાંથી દૂર કરાયેલા જે ગચ્છ બહાર નીકળેલા વિચરે છે, તે પણ જિનવચનનો અનાદર કરનારા સમજીને પ્રમાણભૂત (સુસાધુ) નહિ માનવા, પાસત્થા સમજવા. સંવિજ્ઞપાક્ષિક સંવિજ્ઞ અને શ્રાવક ત્રણે પક્ષમાંથી તે દૂર થયેલા જાણવા. પૂર્વે પાળેલા સુચારિત્રની અપેક્ષા નહિ માનવી. (૫૨૫)

શિથિલ છતાં શુદ્ધ માર્ગનો પ્રરૂપક (પોતાનાં દૂષણોનો નિંદક) સુસાધુઓનો પક્ષકાર કહેવાય છે તેની જે જે યતના (ઓછા દોષ સેવવાની પરિણતિ) થાય તે તે તેને નિર્જરા (કારક) બને. કારણ કે તે કાયાથી શિથિલ છતાં ચિત્તથી શુદ્ધ આરાધનાના દૃઢ રાગવાળો હોય. (૫૨૬) જે ગીતાર્થ ઘણા–થોડા દોષનો વિવેક કરીને જિનવચન અનુસારે કંઈક માત્ર અપવાદ સેવે તે ઘણી નિર્જરા કરે છે. જેમકે–

જેમ વ્યાપારી રાજદાણ–નોકરખર્ચ–વ્યાજ વિગેરે બધું જતાં વિશેષ લાભ દેખે તો વ્યાપાર કરે, તેમ જ્ઞાની ગીતાર્થ જ્ઞાનાદિ ગુણોનો વિશેષ લાભ જોઈને કારણે થોડો અપવાદ સેવે. (૫૨૭) વળી,

आमुक्कजोगिणो चिअ, हवइ थोवाऽवि तस्स जीवदया ।
संविग्गपक्खजयणा, तो दिट्ठा साहुवग्गस्स ॥५२८॥

किं मूसगाण अत्थेण, किं वा कागाण कणगमालाए ।?
मोहमलखविलिआणं, किं कज्जुवएसमालाए ? ॥५२९॥

चरणकरणालसाणं, अविनयबहुलाण सययऽजोगमिणं ।
न मणी सयसाहस्सो, आबज्झइ कुच्छभासस्स ॥५३०॥

સર્વથા સંયમની પ્રવૃત્તિ છોડી દેનાર પણ તેને સાધુ વર્ગની થોડી પણ જીવદયા હોય, અર્થાત્ પાછળથી પોતાની શિથિલતાનું દુઃખ અને સુસાધુતાનો આદર (પક્ષ) જાગે તો તે સંવિજ્ઞપક્ષની જનક હોવાથી તેની યતના (શક્તિ અનુસાર દોષ ઓછા સેવવાની પરિણતિ ૫૨૬મી ગાથામાં કહ્યા પ્રમાણે) નિર્જરા કારક કહી છે. ફલિતાર્થ એ થયો કે-ઉત્કટ ચારિત્ર પાલવા છતાં પાછળથી ચારિત્રના અનાદરવાળો સંવિજ્ઞપાક્ષિક નથી અને સંયમમાં પૂર્ણ શિથિલ પણ પાછળથી આદરવાળો થયેલો સંવિજ્ઞપાક્ષિક ગણાય છે. (૫૨૮)

અયોગ્ય જીવોને ઉદ્દેશીને કહે છે કે-ઉંદરોને ધન મળવાથી શું ? અને કાગડાઓને સુવર્ણની રત્નજડિત માળાથી શું ? અર્થાત્ કંઈ નહિ, તેમ મિથ્યાત્વમેલથી લેપાયેલાઓને આ ઉપદેશમાળાથી શું ? કંઈ નહિ, તેવાઓને આ ઉપદેશમાળા ઉપકારક નથી. (૫૨૯)

માટે-ચરણ-કરણ ગુણોમાં પ્રમાદી અને દુર્વિનીત જીવોને આ ઉપદેશમાલા સર્વદા અનુચિત (અનુપકારક) છે.

नाऊण करगयामलं व–सब्भावओ पहं सव्वं ।
धम्मम्मि नाम सीइज्जइ, त्ति कम्माइं गुरुआइं ॥५३१॥
धम्मत्थकाममुक्खेसु, जस्स भावो जहिं जहिं रमइ ।
वेरग्गेगंतरसं, न इमं सव्वं सुहावेइ ॥५३२॥
संजमतवालसाणं, वेरग्गकहा न होइ कण्णसुहा ।
संविग्गपक्खियाणं, हुज्ज व केसिंचि नाणीणं ॥५३३॥

લક્ષમૂલ્યમણિ કાગડાની કેાટે ન બંધાય, બાંધનારની હાંસી થાય, તેમ અયેાગ્યને આ ઉપદેશ આપતાં હાંસી થાય. (૫૩૦)

આ ઉપદેશથી પણ અયેાગ્ય જીવેા કેમ સન્માર્ગ ન સ્વીકારે ? તે કહે છે કે– હાથમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટ સદ્‌ભાવ (ઉપાદેયબુદ્ધિ)થી સર્વ માર્ગને (ધર્મ–અધર્મ તેના શુભાશુભ ફળેા વિગેરેને) જાણીને પણ ધર્મમાં (મેાક્ષમાર્ગમાં) સીદાય (શિથિલ બને), ત્યારે સમજાય છે કે તેની ભારેકર્મિતા છે, મેાહનેા આવેશ તેના આત્મા ઉપર તીવ્ર છે. (૫૩૧)

ધર્મ–અર્થ–કામ અને મેાક્ષ–એ ચાર વર્ગમાં જેનેા ભાવ (રસિકતા) જેમાં જેમાં રમે છે તે તેનેા અર્થી હેાય છે; માટે એકાન્તે વૈરાગ્યરસવાળું આ ઉપદેશમાળા પ્રકરણ સર્વને સુખી કરી શકતું નથી, ઉલટું વિરેાધી પણ બનાવે છે માટે અયેાગ્યને આ ઉપદેશમાળા ઉપકારક નથી એમ સમજવું. (૫૩૨)

સંયમ–તપ (ચારિત્ર)માં આળસુ જીવેાને વૈરાગ્યની વાત સાંભળતાં આનંદ થતેા નથી, અથવા સંવિગ્નપાક્ષિક

सोऊण पगरणमिणं, धम्मे जाओ न उज्जमो जस्स ।
न य जणियं वेरग्गं, जाणिज्ज अणंतसंसारी ॥५३४॥
कम्माण सुबहुआणुव–समेण उवगच्छई इमं सव्वं ।
कम्ममलचिक्कणाणं, वच्चइ पासेण भण्णंतं ॥५३५॥
उवएसमालमेयं, जो पढइ सुणइ कुणइ वा हियए ।
सो जाणइ अप्पहियं, नाऊण सुहं समायरइ ॥५३६॥

અને જ્ઞાની છતાં સંયમમાં શિથિલ હોય તેવા કોઈ કોઇને આનંદ થાય છે. (૫૩૩)

જેને આ ઉપદેશમાલા પ્રકરણ સાંભળીને ધર્મમાં ઉદ્યમ પ્રગટ ન થયો અને વૈરાગ્ય ન પ્રગટયો તેને અનંત-સંસારી જાણવો. (૫૩૪)

મિથ્યાત્વ મોહનીય આદિ કર્મોના ઉપશમવાળા તથા ઉપલક્ષણથી ઉદય પામેલાંનો ક્ષય અને અનુદીર્ણનો ઉપશમ-રૂપ ક્ષયોપશમ થયો હોય તેવા સમકિતવંતને તથા ઉદયગત મિથ્યાત્વાદિ નિર્બળ હોવાથી મુંઝવે તેમ ન હોય તેવા લઘુકર્મી (મિથ્યાદૃષ્ટિ) જીવને આ સર્વ ઉપદેશ સહ્યબોધ કરી શકે છે. જેઓનો કર્મ મેલ ચીકણો (આકરો) હોય તેવાઓને કહેલો ઉપદેશ (ઉખરની જેમ) પાસે થઇને ચાલ્યો જાય છે, આત્મસ્પર્શી થતો નથી. (૫૩૫)

આ ઉપદેશમાળાને જે ધન્ય આત્મા સૂત્રથી ભણે, અર્થથી સાંભળે અને પ્રતિક્ષણ હૃદયમાં ધારે (વિચારે) તે આત્માનું આલોક–પરલોકનું હિત જાણી શકે અને સુખપૂર્વક આદરથી તેને આચરી શકે. (૫૩૬)

धंतमणिदामससिगय–णिहिपयपढमक्खराभिहाणेणं ।
उवएसमालपगरण–मिणमो रइयं हिअट्ठाए ॥५३७॥
जिणवयणकप्परुक्खो, अणेगसुत्तत्थसालविच्छिन्नो ।
तवनियमकुसुमगुच्छो, सुग्गइफलबंधणो जयइ ॥५३८॥
जुग्गा सुसाहुवेरग्गियाण, परलोगपत्थिआणं च ।
संविग्गपक्खिआणं, दायव्वा बहुसुआणं च ॥५३९॥
इय धम्मदासगणिणा, जिणवयणुवएसकज्जमालाए ।
मालव्व विविहकुसुमा, कहिआ य सुसीसवग्गस्स ॥५४०॥

ધન્ત–મણિ–દામ (માળા) સસિ (ચંદ્ર) ગજ (હાથી) ણિહિ (નિધાન) એ છ પદોના પ્રથમાક્ષરથી બનતા નામવાળા ધર્મદાસગણીએ આ ઉપદેશમાળા પ્રકરણ પોતાના હિત માટે રચ્યું છે. (૫૩૭)

શ્રી ભગવંતના વચનને કલ્પવૃક્ષની ઉપમા ધરાવે છે કે–અનેક (આચારાંગાદિ) સૂત્રો અને અર્થો રૂપી ડાળાંઓથી વિસ્તીર્ણ, તપ–નિયમરૂપ પુષ્પોના ગુચ્છવાળો અને સદ્ગતિની પ્રાપ્તિ રૂપ ફળને (બાંધનારો) પેદા કરનારો જિનવચન (દ્વાદશાંગી)રૂપ કલ્પવૃક્ષ સદા જયવંતો રહો. (૫૩૮)

ઉત્તમ સાધુઓને, વૈરાગી ઉત્તમ શ્રાવકોને અને પરલોકના હિતમાં (સંયમમાં) ઉદ્યમી એવા સંવિજ્ઞપાક્ષિકોને કે જેઓ બહુ શ્રુતો (વિવેકી) ગીતાર્થો છે તેઓને આ ઉપદેશમાળા (નો ઉપદેશ) આપવા યોગ્ય છે. (૫૩૯)

એ પ્રમાણે શ્રી ધર્મદાસગણીએ જિનવચનના ઉપદેશના કાર્યની આ (ઉપદેશ) માળામાં જેમ ફૂલની માળામાં પુષ્પોને

संतिकरी वुड्ढिकरी, कल्लाणकरी सुमंगलकरी य ।
होइ कहगस्स परिसाए, तह य निव्वाणफलदाई ॥५४१॥

इत्थ समप्पइ इणमो, मालाउवएसपगरणं पगयं ।
गाहाणं सव्वाणं, पंचसया चेव चालीसा ॥५४२॥

जाव य लवणसमुद्दो, जाव य नक्खत्तमंडिओ मेरू ।
ताव य रइया माला, जयम्मि थिरथावरा होउ ॥५४३॥

ગુંથે તેમ વિવિધ વિષયેારૂપ પુષ્પો ગુંથીને ઉત્તમશિષ્ય-વર્ગને (માટે) કહી. (૫૪૦)

આ ઉપદેશમાળા ઉપદેશ કરનારને તથા પર્ષદા (શ્રોતાજન)ને કષાયાદિની શાન્તિ કરનારી, જ્ઞાનાદિ ગુણેાની વૃદ્ધિ કરનારી, સદ્ગતિરૂપ કલ્યાણ કરનારી, વિઘ્નોને દૂર કરવારૂપ મંગળ કરનારી તથા મેાક્ષ રૂપી ફળને આપનારી છે. (૫૪૧)

એમ આ ઉપદેશમાલા નામનું પ્રસ્તુત પ્રકરણ અહીં સમાપ્ત થયું તેની સર્વ મળીને ગાથાએા પાંચસેા ને ચાલીસ છે. (બાકીની પ્રક્ષિપ્ત ગાથાએા જાણવી.) (૫૪૨)

જ્યાં સુધી લવણ નામનેા પ્રથમ સમુદ્ર અને ચંદ્ર –સૂર્ય–નક્ષત્રાદિ જ્યેાતિષચક્રના પરિભ્રમણથી શેાભિત મેરૂ પર્વત વિદ્યમાન રહે ત્યાં સુધી રચેલી આ ઉપદેશમાળા જગતમાં સ્થિર–સ્થાવર (ચિરંજીવી–શાશ્વતી) બનેા ! (૫૪૩)

अक्खरमत्ताहीणं, जं चिय पढियं अयाणमाणेणं ।
तं खमह मज्झ सव्वं, जिणवयणविणिग्गया वाणी ॥५४४॥

॥ इति श्रीधर्मदासगणिविरचितम् उपदेशमालाप्रकरणम् ॥

અજાણપણાથી જે કંઈ અક્ષર–માત્રાદિથી હીન કે વધુ કહ્યું (કહેવાયું) હોય તે મારા સર્વ દોષને શ્રીજિન-વચનરૂપે પ્રગટ થયેલી શ્રુતદેવી ક્ષમા કરો ! (૫૪૪)

"ઇતિ મહત્તર શ્રીધર્મદાસગણીએ રચેલી ઉપદેશમાલાનો શ્રીસિદ્ધર્ષિસૂરિવિરચિત હેયોપાદેયા નામની લઘુવૃત્તિને અનુલક્ષીને તપાગચ્છમુકુટમણિ સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી પટ્ટધર સ્વ૦ આચાર્યદેવેશ શ્રીવિજયમેઘસૂરિવરજી પટ્ટધર આચાર્ય શ્રીમદ્‌વિજયમનોહરસૂરિજી શિષ્ય મુ. ભદ્રંકરવિજયે વિ. સં. ૨૦૧૨ મહા સુદ ૧૦ ભોમ વાસરે–રાજનગરે કરેલો ગુજરાતી અનુવાદ પૂર્ણ થયો. શં ભવતુ."

॥ अथ कुलकसंग्रहः सार्थः ॥

॥ श्रीगुणानुरागकुलकम् ॥

सयलकल्लाणनिलयं, नमिऊण तित्थनाहपयकमलं ।
परगुणगहणसरूवं, भणामि सोहग्गसिरिजणयं ॥१॥

उत्तमगुणाणुराओ, निवसइ हिययंमि जस्स पुरिसस्स ।
आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धीओ ॥२॥

ते धन्ना ते पुन्ना, तेसु पणामो हविज्ज मह निच्चं ।
जेसिं गुणाणुराओ, अकित्तिमो होइ अणवरयं ॥३॥

સકલ કલ્યાણનું નિવાસસ્થાન એવા શ્રીતીર્થંકર-ભગવાનના ચરણકમળને નમસ્કાર કરીને સૌભાગ્ય અને સંપત્તિને કરનારૂં એવું પરગુણોને ગ્રહણ કરવાનું સ્વરૂપ (ફળ) કહું છું. (૧)

જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણવાનોના ગુણોનો અનુરાગ રહેલો છે, તેને તીર્થંકરપણા સુધીની કોઇ રિદ્ધિઓ દુર્લભ નથી. અર્થાત્ ગુણાનુરાગી રાજા, વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી અને તીર્થંકર પણ થઇ શકે છે. (૨)

તેઓ ધન્ય જીવનવાળા છે, તેઓ પુણ્યશાળી છે અને તેઓને મારો હંમેશાં નમસ્કાર હો, કે જેઓના હૃદયને વિષે સદા સાચો ગુણાનુરાગ રહેલો છે. (૩)

किं बहुणा भणिएणं, किं वा तविएण किं व दाणेणं ।
इक्कं गुणाणुरायं, सिक्खह सुक्खाण कुलभवणं ॥४॥
जइ चरसि तवं विउलं, पढसि सुयं करिसि विविहकट्ठाइं ।
न धरसि गुणाणुरायं, परेसु ता निप्फलं सयलं ॥५॥
सोउण गुणुक्करिसं, अन्नस्स करेसि मच्छरं जइवि ।
ता नूणं संसारे, पराहवं सहसि सव्वत्थ ॥६॥
गुणवंताण नराणं, ईसाभरतिमिरपूरिओ भणसि ।
जइ कहवि दोसलेसं, ता भमसि भवे अपारम्मि ॥७॥

બહુ ભણવાથી શું ? બહુ તપ કરવાથી શું ? અને બહુ દાન દેવાથી પણ શું ? એક ગુણાનુરાગને જ શીખો, કે જે સુખોનું ઘર છે. અર્થાત્ એક જ ગુણાનુરાગ કેળવવાથી સર્વ સુખો પ્રાપ્ત થાય છે. (૪)

જો તું ઘણો તપ કરે છે, શાસ્ત્રો ભણે છે ને અનેક જાતનાં કષ્ટો વેઠે છે છતાં બીજાના ગુણો તરફ અનુરાગ નથી ધરતો, (પારકા ગુણો જોઇ ખૂશી નથી થતો) તો એ બધું નિષ્ફળ છે. (૫)

બીજાના ગુણોના ઉત્કર્ષને સાંભળીને જો તું તેનો મત્સર કરે છે, તો સમજ કે સંસારમાં ચારે ગતિમાં તું નિશ્ચે સર્વત્ર પરાભવ પામીશ. (૬)

તું ઇર્ષ્યારૂપી ઘોર અંધારાથી (અજ્ઞાનથી) આંધળો બનીને ગુણવંત પુરૂષોના ગુણને બદલે કોઇ પ્રકારના લેશમાત્ર પણ દોષને કહીશ, તેઓની નિન્દા કરીશ, તો અનેકાનેક જન્મો સુધી અપાર સંસારમાં ભમીશ. (૭)

જં અબ્ભસેઇ જીવો, ગુણં ચ દોસં ચ ઇત્થ જમ્મમ્મિ ।
તં પરલોએ પાવઇ, અબ્ભાસેણં પુણો તેણં ॥૮॥
જો જંપઇ પરદોસે, ગુણસયભરિઓ વિ મચ્છરભરેણં ।
સો વિઉસાણમસારો, પલાલપુંજ વ્વ પડિભાઇ ॥૯॥
જો પરદોસે ગિણ્હઇ, સંતાઽસંતે વિ દુટ્ઠભાવેણં ।
સો અપ્પાણં બંધઇ, પાવેણ નિરત્થએણાવિ ॥૧૦॥
તં નિયમા મુત્તવ્વં, જત્તો ઉપ્પજ્જએ કસાયગ્ગી ।
તં વત્થું ધારિજ્જા, જેણોવસમો કસાયાણં ॥૧૧॥

જીવ આ જન્મમાં ગુણ અથવા દોષમાંથી જેનો અભ્યાસ કરે છે–સંસ્કાર પામે છે તે અભ્યાસના બળે આગામી ભવોમાં પુનઃ તે જ ગુણો કે દોષોને પામે છે. (૮)

જે પોતે સેંકડો ગુણોથી ભરેલો છતાં પણ મત્સરના આવેશથી પરાયા દોષ બોલે–નિન્દા કરે, તે પુરૂષ વિદ્વાન જનોને–ડાહ્યાઓને પરાળના પૂળા માફક કિંમત વગરનો જણાય છે. (૯)

જે દુષ્ટસ્વભાવથી–(કે અસદ્‌ભાવથી) છતા કે અછતા બીજાના દોષો ગ્રહણ કરે છે તે મનુષ્ય પોતાના આત્માને નિરર્થક પાપથી બાંધે છે. (૧૦)

જેનાથી કષાયરૂપ અગ્નિ પ્રદીપ્ત થાય તે વસ્તુને અવશ્યમેવ છોડી દેવી અને જેનાથી કષાયો દબાય તે વસ્તુ ધારણ કરવી, અર્થાત્ બીજાના દોષો જોવા નહિ, કારણ કે તેથી કષાયો વધે છે. ગુણો જોવા કે જેથી કષાયો શાન્ત પડે છે. (૧૧)

जइ इच्छह गुरुयत्तं, तिहुयणमज्झम्मि अप्पणो नियमा ।
ता सव्वपयत्तेणं, परदोसविवज्जणं कुणह ॥१२॥
चउहा पसंसणिज्जा, पुरिसा सव्वुत्तमुत्तमा लोए ।
उत्तमउत्तम–उत्तम–मज्झिमभावा य सव्वेसिं ॥१३॥
जे अहम–अहमअहमा, गुरुकम्मा धम्मवज्जिया पुरिसा ।
ते विय न निंदणिज्जा, किं तु दया तेसु कायव्वा ॥१४॥
पच्चंगुब्भडजुव्वण–वंतीणं सुरहिसारदेहाणं ।
जुवईणं मज्झगओ, सव्वुत्तमरूववंतीणं ॥१५॥

જો તું ત્રણે જગતની અંદર ખરેખર તહારી મોટાઈ ઇચ્છતો હોય તો સર્વ પ્રયત્નોથી પરાયા દોષો જોવાનું કામ સર્વ પ્રકારે બંધ કર–અર્થાત્ કોઇ પણ ભોગે પારકાં દૂષણો જોવાં–બોલવાં બંધ કર. (૧૨)

આ જગતમાં છ પ્રકારના જીવો પૈકી ચાર પ્રકારના જીવો પ્રશંસા કરવા યોગ્ય છે; એક સર્વોત્તમોત્તમ, બીજા ઉત્તમોત્તમ, ત્રીજા ઉત્તમ અને ચોથા મધ્યમ, અર્થાત્ એ ચારે પ્રકારના મનુષ્યોની પ્રશંસા કરવી. (૧૩)

પાંચમા પ્રકારના અધમ કે જેઓ ભારેકર્મી અને છઠા પ્રકારના અધમાધમ જે ધર્મવર્જિત હોય છે, તેઓની પણ નિંદા કરવી ન જોઇએ કિંતુ દયા કરવી જોઇએ. (૧૪)

એ ચાર પ્રકારના જીવોનું સ્વરૂપ કહે છે.

દરેક અંગોમાં જેને સુંદર યૌવન ખીલ્યું છે એથી સુગંધીમાન શરીરવાળી, અને સર્વ કરતાં ઉત્તમ રૂપવાળી એવી સ્ત્રીઓના વચ્ચે રહીને પણ જે પુરૂષ જન્મથી બ્રહ્મચારી

आ जम्मबंभयारी, मणवयकाएहिं जो धरइ सीलं ।
सव्वुत्तमुत्तमो पुण, सो पुरिसो सव्वनमणिज्जो ॥१६॥
एवंविह–जुवइगओ, जो रागी हुज्ज कहवि इगसमयं ।
बीयसमयम्मि निंदइ, तं पावं सव्वभावेणं ॥१७॥
जम्मंमि तम्मि न पुणो, हविज्ज रागो मणंमि जस्स कया ।
सो होइ उत्तमुत्तम–रूवो पुरिसो महासत्तो ॥१८॥
पिच्छई जुवइरूवं, मणसा चिंतेइ अहव खणमेगं ।
जो नायरइ अकज्जं, पत्थिज्जंतो वि इत्थीहिं ॥१९॥

છે અને મન વચન કાયાથી શીયળ પાળે છે તે પુરૂષ 'સર્વોત્તમોત્તમ' જાણવો. તે સર્વ કોઇને નમવા લાયક છે. આવા પ્રથમ નંબરમાં શ્રીતીર્થંકર દેવો હોય છે. (૧૫–૧૬)

ઉપર જણાવી તેવા પ્રકારની (સર્વોત્તમ રૂપવાળી) સ્ત્રીઓની વચ્ચે રહ્યો થકો જે પુરૂષ કદાચ કોઈ પ્રકારે માત્ર એક ક્ષણભર મનમાં ભોગનો રાગ કરે, પણ (અકાર્યમાં નહિ ફસાતાં તુર્ત સાવચેત થઇ) બીજી ક્ષણે પોતાના તે (માનસિક) પાપને પૂર્ણ ભાવથી (મન, વચન અને કાયાથી) નિંદે અને ફરીને તે જન્મમાં ક્યારે પણ તેના મનમાં તેવો રાગ ઉત્પન્ન ન થાય; તે બીજા પ્રકારનો–'ઉત્તમોત્તમ' પુરૂષ જાણવો, તે પણ સત્ત્વશાળી (મહાયોગી) છે. (૧૭–૧૮)

જે પુરૂષ સૌન્દર્યવાળી યુવતિ સ્ત્રીનું રૂપ રાગથી જુએ, અથવા ક્ષણભર મનથી તેનું ધ્યાન કરે, છતાં સ્ત્રીઓ પ્રાર્થના કરે તો પણ જે અકાર્ય ન કરે, તે સાધુ હોય, અથવા શ્રાવક હોય તો પણ સ્વદારાસંતોષી તે ત્રીજા પ્રકારનો 'ઉત્તમપુરૂષ' અલ્પ સંસારી સમજવો. (૧૯–૨૦)

साहू वा सड्ढो वा, सदारसंतोससायरो हुज्जा ।
सो उत्तमो मणुस्सो, नायव्वो थोवसंसारो ॥२०॥
पुरिसत्थेसु पवट्टइ, जो पुरिसो धम्मअत्थपमुहेसु ।
अन्नुन्नमवाबाहं, मज्झिमरूवो हवइ एसो ॥२१॥
एएसिं पुरिसाणं, जइ गुणगहणं करेसि बहुमाणा ।
तो आसन्नसिवसुहो, होसि तुमं नत्थि संदेहो ॥२२॥
पासत्थाइसु अहुणा, संजमसिढिलेसु मुक्कजोगेसु ।
नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्झ ॥२३॥
काऊण तेसु करुणं, जइ मन्नइ तो पयासए मग्गं ।
अह रुसइ तो नियमा, न तेसिं दोसं पयासेइ ॥२४॥

જે પુરૂષ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થને પરસ્પર બાધા ન આવે તે રીતે તેમાં પ્રવર્તે, ધર્મ–અર્થ–કામ, ત્રણેને સમાન રીતે સાચવે, તે ચોથા પ્રકારનો 'મધ્યમ પુરૂષ' જાણવો. (૨૧)

એ ચારે પ્રકારના પુરૂષોના ગુણોમાં જો બહુમાન કરી તેના ગુણોની પ્રશંસા કરીશ તો હે જીવ! નજીકમાં જ તું (પણ) મુક્તિસુખ મેળવીશ; તેમાં કશો સંદેહ નથી. (૨૨)

વળી વર્તમાનમાં સંયમ પાળવામાં ઢીલા પડેલા એવા જ્ઞાનાદિ ગુણસાધક ક્રિયાથી હીન પાર્શ્વસ્થા વિગેરે જેઓ સાધુનો વેષ રાખે છે, તેઓની પણ માણસોની સભા મધ્યે નિન્દા અને પ્રશંસા પણ કરવી નહિ. (૨૩)

તેઓ ઉપર કરૂણા લાવીને જો તેઓ માને તેમ હોય તો ખરો રસ્તો બતાવવો અને તેમ કરતાં તેઓ ગુસ્સે

संपइ दूसमसमए, दीसइ थोवो वि जस्स धम्मगुणो ।
बहुमाणो कायव्वो, तस्स सया धम्मबुद्धीए ॥२५॥
जउ परगच्छि सगच्छे, जे संविग्गा बहुस्सुया मुणिणो ।
तेसिं गुणाणुरायं, मा मुंचसु मच्छरप्पहओ ॥२६॥
गुणरयणमंडियाणं, बहुमाणं जो करेइ सुद्धमणो ।
सुलहा अन्नभवंमि य, तस्स गुणा हुंति नियमेणं ॥२७॥
एयं गुणाणुरायं, सम्मं जो धरइ धरणिमज्झम्मि ।
सिरिसोमसुंदरपयं, सो पावइ सव्वनमणिज्जं ॥२८॥

થાય તો પણ ઘચિત તેમના દોષ તો નહિ જ પ્રકાશવા. (૨૪)

આજના વિષમ કાળમાં જેનામાં થોડો પણ ધર્મરૂપ ગુણ દેખવામાં આવે તેનું હંમેશાં ધર્મબુદ્ધિથી બહુમાન કરવું. (૨૫)

જો પરાયા ગચ્છમાં હોય, અગર પોતાના ગચ્છમાં હોય પણ જે વૈરાગ્યવાન અને જ્ઞાની મુનિઓ હોય તેમના તરફ કદી પણ મત્સરે ભરાઇ ગુણાનુરાગ મૂકીશ નહિ. (૨૬)

ગુણરૂપી રત્નોથી ભૂષિત એવા ગુણી પુરૂષોનું જે શુદ્ધમનથી બહુમાન કરે છે, તેને આગામી ભવમાં તે તે ગુણો નિશ્ચે સુલભ થઇ પડે છે. અર્થાત્ નિશ્ચે તે તેવા ગુણવાળો બને છે. (૨૭)

આ પ્રમાણે જે આ પૃથ્વીમાં સમ્યગ્ ગુણાનુરાગને ધારણ કરે તે શ્રીસોમસુંદર–અર્થાત્ શોભતા ચન્દ્ર જેવા શાંતિમય અને સર્વને નમનીય સુંદર (તીર્થંકરરૂપ) પદને–સિદ્ધિપદને પામે છે. આમાં કર્તાએ 'સોમસુંદર' એવું પોતાનું નામ સૂચવ્યું છે. (૨૮)

॥ अथ गुरुप्रदक्षिणाकुलकम् ॥

गोअम–सुहम्म–जंबु–पभवो सिज्जंभवाइ आयरिया ।
अन्नेवि जुगप्पहाणा, पइं दिट्ठे सुगुरु ते दिट्ठा ॥१॥
अज्ज कयत्थो जम्मो, अज्ज कयत्थं च जीवियं मज्झ ।
जेण तुह दंसणामय–रसेण सित्ताइं नयणाइं ॥२॥
सो देसो तं नगरं, सो गामो सो अ आसमो धन्नो ।
जत्थ पहु तुम्ह पाया, विहरंति सयापि सुपसन्ना ॥३॥

હે સદ્‌ગુરૂજી ! આપનું દર્શન કર્યે છતે શ્રીગૌતમ–સ્વામી, શ્રીસુધર્માસ્વામી, શ્રીજંબુસ્વામી, શ્રીપ્રભવસ્વામી, અને સિજ્જંભવ, આદિક આચાર્ય ભગવંતો તેમજ બીજાપણ યુગપ્રધાનોનું દર્શન કર્યું એમ હું માનું છું, અર્થાત્ મારા જેવા જીવો માટે આ કાળમાં આપ તેમના સરખા છો. (૧)

આજે મારો જન્મ કૃતાર્થ થયો, આજે મારૂં જીવિત સફળ થયું, કે જેથી આપના દર્શનરૂપ અમૃતરસ વડે મારાં નેત્રો સિંચિત થયાં, અર્થાત્ આજે આપનાં અદ્‌ભૂત દર્શનથી મારાં નેત્રો સફળ થયાં. (૨)

તે દેશ, તે નગર, તે ગ્રામ અને તે આશ્રમ (સ્થાન) ધન્ય છે કે–હે પ્રભુ! જ્યાં આપ સદાય સુપ્રસન્નપણે વિચરો છો, અર્થાત્ વિહાર કરો છો–રહો છો. (૩)

હત્થા તે સુકયત્થા, જે કિઇકમ્મં કુણંતિ તુહ ચલણે ।
વાણી બહુ ગુણખાણી, સુગુરુગુણા વણ્ણિઆ જીએ ॥૪॥

અવયરિયા સુરધેણૂ, સંજાયા મહ ગિહે કણયવુટ્ઠી ।
દારિદ્દં અજ્જ ગયં, દિટ્ઠે તુહ સુગુરુ મુહકમલે ॥૫॥

ચિંતામણિસારિચ્છં, સમ્મત્તં પાવિયં મએ અજ્જ ।
સંસારો દૂરીકઓ, દિટ્ઠે તુહ સુગુરુ મુહકમલે ॥૬॥

જા રિદ્ધી અમરગણા, ભુંજંતા પિયતમાઇ સંજુત્તા ।
સા પુણ કિત્તિયમિત્તા, દિટ્ઠે તુહ સુગુરુ મુહકમલે ॥૭॥

તે મારા હાથ સુકૃતાર્થ થયા કે જે હાથ આપના ચરણે દ્વાદશાવર્ત વંદન કરે છે અને તે મારી વાણી (જીહ્વા) બહુ ગુણવાળી છે કે જેણે સદ્ગુરૂના ગુણોનું વર્ણન કર્યું. અર્થાત્ વંદનથી મારા હાથ અને ગુણગાનથી મારી જીહ્વા (વચન) બન્ને સફળ થયાં. (૪)

હે સદ્ગુરૂ! આપનું મુખકમળ દીઠે છતે આજે મારા ઘરઆંગણે કામધેનુ આવી જાણું છું, તેમજ સુવર્ણની વૃષ્ટિ થઇ જાણું છું અને આજથી મારૂં દારિદ્ર દૂર થયું માનું છું, અર્થાત્ સદ્ગુરૂનું દર્શન એ બધાં સુખોને આપનારૂં છે. (૫)

હે સદ્ગુરૂ! આપનું મુખકમલ દીઠે છતે ચિંતામણિ-રત્ન સરખું સમકિત મને પ્રાપ્ત થયું અને તેથી સંસારનો અંત થયો માનું છું. અર્થાત્ ગુરૂદર્શનથી મિથ્યાત્વનો નાશ થઈ સમકિત પ્રગટે છે. (૬)

मणवयकाएहिं मए, जं पावं अज्जियं सया भयवं ।
तं सयलं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुहकमले ॥८॥
दुलहो जिणिंदधम्मो, दुलहो जीवाण माणुसो जम्मो ।
लद्धेपि मणुअजम्मे, अइदुलहा सुगुरुसामग्गी ॥९॥
जत्थ न दीसंति गुरू, पच्चूसे उट्ठिएहिं सुपसन्ना ।
तत्थ कहं जाणिज्जइ, जिणवयणं अमिअसारिच्छं ॥१०॥

હે સદ્‌ગુરૂ ! આપનું મુખકમલ દીઠે છતે દેવતાઓ પોતાની દેવાંગનાદિક સહિત જે લક્ષ્મી (સુખ) ને ભોગવે છે તે મારે કંઈ હિસાબમાં નથી, તેનાથી પણ આપના દર્શનનો આનંદ વધી જાય છે. (૭)

હે સદ્‌ગુરૂ ! મેં મન વચન કાયાથી જે પાપ આજ પર્યંત ઉપાર્જન કર્યું હતું તે આજે આપનું વદનકમલદીઠે છતે સઘળું નષ્ટ થયું. અર્થાત્—ગુરૂદર્શનથી અનંતા ભવોનાં પાપ નાશ પામે છે. (૮)

જીવોને મનુષ્યજન્મ મળવો દુર્લભ છે, તથા સર્વજ્ઞ-ભાષિત ધર્મ પામવો દુર્લભ છે, કારણ કે મનુષ્યજન્મ મળે છતે પણ સદ્‌ગુરૂરૂપ સામગ્રી મળવી અતિ દુર્લભ છે. (૯)

જ્યાં રહેવાથી પ્રભાતે ઉઠતાં જ સુપ્રસન્ન એવા ગુરૂનાં દર્શન થતાં નથી, ત્યાં અમૃતસદૃશ જિનવચનનો લાભ શી રીતે લઇ શકાય ? કારણ કે ગુરૂ વિના જ્ઞાન કયાંથી મળે. (૧૦)

जह पाउसंमि मोरा, दिणयरउदयम्मि कमलवणसंडा ।
विहसंति तेम तच्चिय ? तह अम्हे दंसणे तुम्ह ॥११॥
जह सरइ सुरही वच्छं, वसंतमासं च कोइला सरइ ।
विंझं सरइ गइंदो, तह अम्ह मणं तुमं सरइ ॥१२॥
बहुया बहुयां दिवसडां, जइ मइं सुहगुरु दीठ ।
लोचन बे विकसी रह्यां, हीअडइं अमिअ पइठ ॥१३॥
अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ ।
अहो ते निक्खिया माया, अहो लोहो वसीकओ ॥१४॥

જેમ મેઘને દેખી મયૂરો તુર્ત પ્રમુદિત થાય છે અને સૂર્યનો ઉદય થયે છતે તુર્ત કમળનાં વનો વિકસિત થાય છે, તેમ આપનું દર્શન થયે છતે અમે પણ પ્રમોદ પામીએ છીએ. (૧૧)

હે સદ્ગુરૂજી ! જેમ ગાય પોતાના વાછરડાને સંભારે છે, જેમ કોયલ વસંતમાસને ઇચ્છે છે, તથા જેમ હાથી વિંધ્યાચલની અટવીને યાદ કરે છે, તેમ અમારૂં મન સદાય આપનું સ્મરણ કર્યા કરે છે, અર્થાત્ આપ અમારા હૃદયમાં વસો છો. (૧૨)

હે સદ્ગુરૂ ! આપના દર્શનથી આજે મારો દિવસ મોટામાં મોટો છે, કે જેથી આજે મેં સદ્ગુરૂ દીઠા; (તેથી) મારી બે આંખો વિકસ્વર થઈ અને હૃદયમાં અમૃત પેઠું. (૧૩)

અહો ! આપે ક્રોધનો જય કર્યો છે, અહો ! માનનો પરાજય કર્યો છે, અહો ! માયાને દૂર કરી છે અને અહો ! આપે લોભને સર્વથા વશ કર્યો છે. (૧૪)

અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં ।
અહો તે ઉત્તમા ખંતી, અહો તે મુત્તિ ઉત્તમા ॥૧૫॥
ઇહં સિ ઉત્તમો ભંતે, પચ્છા હોહિસિ ઉત્તમો ।
લોગુત્તમુત્તમં ઠાણં, સિદ્ધિં ગચ્છસિ નીરઓ ॥૧૬॥
આયરિયનમુક્કારો, જીવં મોએઇ ભવસહસ્સાઓ ।
ભાવેણ કિરમાણો, હોઇ પુણો બોહિલાભાએ ॥૧૭॥
આયરિયનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો ।
મંગલાણં ચ સવ્વેસિં, તઇયં હવઇ મંગલં ॥૧૮॥

અહો ! આપનું આર્જવ (સરલપણું) ઘણું જ ઉત્તમ છે, અહો ! આપનું માર્દવ (નમ્રપણું) ઘણું જ રૂડું છે, અહો ! આપની ક્ષમા ઘણી જ ઉત્તમ છે અને આપની સંતોષવૃત્તિ ઘણી જ શ્રેષ્ઠ છે. (૧૫)

હે ભગવંત ! આપ અહીં આ ભવમાં પ્રગટ ઉત્તમ છો, જન્માંતરમાં પણ ઉત્તમ થવાના છો અને અંતે પણ કર્મમલને ટાળીને આપ મોક્ષનામનું સર્વોત્તમ સ્થાન પામવાના જ છો. (૧૬)

આચાર્ય (સુગુરૂ) મહારાજને કરેલો (આ) નમસ્કાર જીવને હજારો ગમે ભવોથી-જન્મમરણથી મુક્ત કરે છે, કારણ કે ભાવસહિત કરવામાં આવતો સદ્‌ગુરૂનો નમસ્કાર જીવને સમકિતનો લાભ આપે છે. (૧૭)

ભાવાચાર્યને ભાવપૂર્વક કરેલો નમસ્કાર સર્વપાપનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે અને તે સર્વ મંગલમાં ત્રીજું મંગલ છે-નવકારમંત્રનું ત્રીજું પદ છે. (૧૮)

॥ अथ संविग्नसाधुयोग्यं नियमकुलकम् ॥

भुवणिक्कपईवसमं, वीरं नियगुरुपए अ नमिऊणं ।
चिरइअरदिक्खिआणं, जुग्गे नियमे पवक्खामि ॥१॥
निअउअरपूरणफला, आजीविअमित्त होइ पव्वज्जा ।
धूलिहडीरायत्तण–सरिसा सव्वेसिं हसणिज्जा ॥२॥
तम्हा पंचायारा–राहणहेउं गहिज्ज इअ निअमे ।
लोआइकट्ठरूवा, पव्वज्जा जह भवे सफला ॥३॥
नाणाराहणहेउं, पइदिअहं पंचगाहपढणं मे ।
परिवाडीओ गिण्हे, पणगाहा णं च सट्ठा य ॥४॥

ત્રણ ભુવનને વિષે એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રીવીરપ્રભુને અને મારા ગુરૂના ચરણકમળને નમીને દીર્ઘપર્યાયવાળા અને નવદીક્ષિત પણ સાધુઓને યોગ્ય (સુખે નિર્વહી શકાય એવા) નિયમો હું (સોમસુંદરસૂરિ) કહીશ. (૧)

યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા (દીક્ષા) પોતાનું ઉદરપૂરણ કરવારૂપ આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી થાય છે, તેથી એવી દીક્ષા ધૂળેટીના રાજા (ઇલાજી) ના જેવી સહુ કોઇને હસવા યોગ્ય બને છે. (૨)

તે માટે પંચાચાર (જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્ય-આચાર) ના આરાધન માટે લોચાદિ કષ્ટોરૂપ નિયમો ગ્રહણ કરવા જોઇએ, કે જેથી (આદરેલી) પ્રવ્રજ્યા સફળ થાય. (૩)

તેમાં જ્ઞાન આરાધન માટે મારે હંમેશાં પાંચ મૂળ

अण्णेसिं पढणत्थं, पणगाहाओ लिहेमि तह निच्चं ।
परिवाडीओ पंच य, देमि पढंताण पइदियहं ॥५॥
वासासु पंचसया, अट्ठ य सिसिरे य तिन्नि गिम्हंमि ।
पइदियहं सज्झायं, करेमि सिद्धंतगुणणेणं ॥६॥
परमिट्ठिनवपयाणं, सयमेगं पइदिणं सरामि अहं ।
अह दंसणआयारे, गहेमि नियमे इमे सम्मं ॥७॥
देवे वंदे निच्चं, पणसक्कत्थएहिं एकवारमहं ।
दो तिन्नि य वा वारा, पइजामं वा जहासत्ति ॥८॥

ગાથાઓ ભણુવી–કંઠાગ્રકરવી અને દરરોજ પાંચ ગાથાઓની અર્થ સહિત ગુરૂ પાસેથી વાચના લેવી. (૪)

વળી હું બીજાઓને ભણુવા માટે હંમેશાં પાંચ ગાથાઓ પુસ્તકમાં લખું અને ભણુનારાઓને હંમેશાં પરિપાટીથી (વિધિપૂર્વક વાચનાથી) પાંચ પાંચ ગાથાઓ આપું. (ભણાવું–અર્થ ધરાવું વિગેરે.) (૫)

વળી સિદ્ધાંતપાઠ (ગાથા વિગેરે) ગણુવા વડે વર્ષાઋતુમાં પાંચસો, શિશિર ઋતુમાં આઠસો અને ગ્રીષ્મઋતુમાં ત્રણસો ગાથા પ્રમાણ દરરોજ સજ્ઝાયધ્યાન સદૈવ કરું. (૬)

પંચ પરમેષ્ઠિનાં નવપદોનું (નવકાર મહામંત્રનું) એક સો વાર હું સદાય રટણ કરું. (દરરોજ એક બાંધી નવકારવાળી ગણું) હવે હું દર્શનાચારના આ (નીચેના) નિયમોને સારી રીતે ગ્રહણ કરું છું. (૭)

પાંચ શક્રસ્તવ વડે દરરોજ એક વખત દેવવંદન કરું, અથવા બે વખત, ત્રણ વખત, કે પહોરે પહોરે (ચાર વખત)

अट्ठमीचउद्दसीसुं, सव्वाणि वि चेइआइं वंदिज्जा ॥
सव्वे वि तहा मुणिणो, सेसदिणे चेइअं इक्कं ॥९॥
पइदिणं तिन्नि वारा, जिट्ठे साहू नमामि निअमेणं ।
वेयावच्चं किंची, गिलाण वुड्ढाइणं कुव्वे ॥१०॥
अह चारित्तायारे, नियमग्गहणं करेमि भावेणं ।
बहिभूगमणाईसुं, वज्जे वत्ताइं इरियत्थं ॥११॥

યથાશક્તિ આળસરહિત દેવવન્દન કરું. (શક્તિ સંયેાગ પ્રમાણે જઘન્યથી એકવખત અને ઉત્કૃષ્ટથી ૪ વખત દેવવંદન કરું.) (૮)

વળી દરેક અષ્ટમી તથા ચતુર્દશીના દિવસે જે ગામ નગરમાં હેાઉં ત્યાંનાં સઘળાં દેરાસરેા જુહારવાં, તેમજ સઘળા ય મુનિરાજોને વાંદવા અને બાકીના દિવસેામાં એક દેરાસરે દર્શન–ચૈત્યવન્દનાદિ અવશ્ય કરવું. (૯)

હંમેશાં વડીલ સાધુઓને નિશ્ચે ત્રણ વાર (ત્રિકાળ) વન્દન કરું જ અને બીજા ગ્લાન (બીમાર) તથા વૃદ્ધાદિક મુનિજનેાની વૈયાવચ્ચ યથાશક્તિ કરું. (સાધ્વીએ પેાતાના સમુદાયમાં દરેક વડીલ સાધ્વીને વન્દન કરવું.) (૧૦)

હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમેા ભાવસહિત અંગીકાર કરું છું.

૧. ઇર્યાસમિતિ–વડીનીતિ–લઘુનીતિ કરવા અથવા આહાર–પાણી વહેારવા જતાં–આવતાં ઇર્યાસમિતિ પાળવા માટે (જીવરક્ષા માટે) વાટમાં વાર્તાલાપ વિગેરે કરવાનું હું વર્જું–ત્યાગ કરું છું. (રસ્તે ચાલતાં બેાલીશ નહિ) (૧૧)

अपमज्जियगमणम्मि, असंडासपमज्जिउं च उवविसणे।
पाउंछणयं च विणा, उवविसणे पंचनमुक्कारा ॥१२॥

उग्घाडेण मुहेणं, नो भासे अहव जत्तिया वारा।
भासे तत्तियमित्ता, लोगस्स करेमि उस्सग्गं ॥१३॥

असणे तह पडिक्कमणे, वयणं वज्जे विसेसकज्ज विणा
सक्कीयमुवहिं च तहा, पडिलेहंतो न बेमि सया ॥१४॥

દિવસે દૃષ્ટિથી કે રાત્રિએ દંડાસનથી પૂંજ્યા પ્રમાર્જ્યા વગર ચાલ્યા જવાય તો, અંગ-પડિલેહણા પ્રમુખ સંડાસા કે આસન પડિલેહ્યા-પ્રમાર્જ્યા વિના બેસી જવાય તો અને કટાસણા-કાંબળી વિના જમીન ઉપર બેસી જવાય તો (તત્કાળ) પાંચ નમસ્કાર કરવા. (પાંચ ખમાસમણ દેવાં અથવા પાંચ વાર નવકાર મન્ત્રનો જાપ કરવો.) (૧૨)

૨-ભાષાસમિતિ-ઉઘાડે મુખે (મુહપત્તિ રાખ્યા વિના) નહિ જ બોલું, છતાં ગફલતથી જેટલી વાર ખુલ્લા મુખે બોલી જાઉં તેટલી વાર (ઈરિયાવહીપૂર્વક) એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરૂં. (૧૩)

આહાર-પાણી વાપરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઇ મહત્ત્વના કાર્ય વિના કોઇને કાંઈ કહું નહિ, એટલે કે કોઇ સંગાથે વાર્તાલાપ કરૂં નહિ; એ જ રીતે મારી પોતાની ઉપધિની પડિલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ. (વડીલના પડિલેહણ વખતે કારણે બોલવું પડે તો જયણા.) (૧૪)

अन्नजले लब्भंते, विहरे नो धावणं सकज्जेणं ।
अगलिअजलं न विहरे, जरवाणीअं विसेसेणं ॥१५॥
सक्कीयमुवहिमाई, पमज्जिउं निक्खिवेमि गिण्हेमि ।
जइ न पमज्जेमि तओ, तत्थेव कहेमि नमुक्कारं ॥१६॥
जत्थ व तत्थ व उज्झणि, दंडगउवहीण अंबिलं कुव्वे ।
सयमेगं सज्झायं, उस्सग्गे वा गुणेमि अहं ॥१७॥
मत्तगपरिट्ठवणम्मि अ, जीवविणासे करेमि निव्विगयं ।
अविहीइ विहरिऊणं, परिठवणे अंबिलं कुव्वे ॥१८॥

૩–એષણાસમિતિ–બીજું નિર્દોષ પ્રાસુક (નિર્જીવ) જલ મળતું હોય તો મારા પોતાના માટે ધોવણવાળું જળ હું ગ્રહણ કરું નહિ. વળી અળગણ (ગળ્યા વિનાનું જળ હું લઉં નહિ અને જરવાણી (ગૃહસ્થે નીતારીને તૈયાર કરેલું) તો વિશેષે કરીને લઉં જ નહિ. (૧૫)

૪–આદાનનિક્ષેપણાસમિતિ–મારી પોતાની ઉપધિ પ્રમુખ કોઈપણ ચીજ પૂંજી પ્રમાર્જીને (ભૂમિ ઉપર) મૂકું તેમજ પૂંજી પ્રમાર્જીને ગ્રહણ કરું, જો તેમ પૂંજવા પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાં જ એક નવકાર ગણું. (૧૬)

દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં (જેમ તેમ સૂની–ભળાવ્યા વિના) મૂકી દેવાય તો એક આયંબિલ કરું અથવા ઉભા ઉભા કાઉસ્સગ્ગ મુદ્રાએ રહી એકસો શ્લોક અથવા સો ગાથા જેટલો કાઉસ્સગ્ગ કરું. (૧૭)

૫–પારિઠાવણિયાસમિતિ–લઘુનીતિ કે શ્લેષ્મ–

अणुजाणह जस्सुग्गह, कहेमि उच्चारमत्तगट्ठाणे ।
तह सन्नाडगलगजोग–कप्पतिप्पाइ वोसिरे तिगं ॥१९॥

रागमये मणवयणे, इक्किक्कं निव्वियं करेमि अहं ।
कायकुचिट्ठाए पुणो, उववासं अंबिलं वा वि ॥२०॥

बिंदियमाईण वहे, इंदियसंखा करेमि निव्वियया ।
भयकोहाइवसेणं, अलीयवयणंमि अंबिलयं ॥२१॥

વિગેરેનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવી કરૂં અને અવિધિથી (સદોષ) આહાર–પાણી પ્રમુખ વહોરી લાવવાથી તેને પરઠવવાં પડે તો એક આયંબિલ કરૂં. (૧૮)

વડીનીતિ (ઝાડો) કે લઘુનીતિ (પેશાબ) વિગેરે કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું, તેમજ તે લઘુ–વડીનીતિ, ધોવાનું પાણી, લેપ અને ડગલ (શુદ્ધિ માટેના ઇંટ, માટી, પત્થર વિગેરેના કકડા) પ્રમુખ પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહું. (૧૯)

ત્રણગુપ્તિના પાલન માટે–મન અને વચનથી રાગમય (રાગાકૂળ) વિચારૂં કે બોલું તો હું એક નિવી કરૂં અને જો કાયાથી કુચેષ્ટા થાય–ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરૂં. (૨૦)

પહેલા અહિંસા વ્રતમાં–બેઇન્દ્રિયપ્રમુખ ત્રસજીવની વિરાધના–હિંસા મારા પ્રમાદાચરણથી થઇ જાય તો તે તે મરેલા જીવની ઇન્દ્રિયો જેટલી નિવીઓ કરૂં. **બીજા વ્રતમાં**

पढमालियाइ तु गहे, घयाइवत्थूण गुरुअदिट्ठाणं ।
दंडगतप्पणगाई, अदिन्नगहणे य अंबिलयं ॥२२॥

एगित्थीहिं वत्तं, न करे परिवाडिदाणमवि तासिं ।
इगवरिसारिहमुवहिं, ठावे अहिगं न ठावेमि ॥२३॥

पत्तगटुप्परगाइ, पन्नरस उवरिं ठवे न ठावेमि ।
आहाराण चउण्हं, रोगे वि अ संनिहिं न करे ॥२४॥

ભય ક્રોધ લોભ અને હાસ્યાદિકને વશ થઈ અસત્ય (અસભ્ય) બોલું તો આયંબિલ કરું. (૨૧)

ત્રીજા વ્રતમાં–નવકારશી વિગેરેમાં ઘી, દૂધ, વિગેરે વિકારી વિગઇઓ આદિ વસ્તુઓ ગુરૂએ જોઇ હોય (મને વાપરવાની ગુરૂએ આજ્ઞા કરી હોય) તો જ વાપરું. (કારણ કે–મુનિને કારણ વિના વિગઇઓ વાપરવાનું વિધાન નથી) અને બીજા સાધુઓનાં દાંડો તરપણી વિગેરે ઉપકરણો તેઓની રજા વગર લઉં–વાપરું તો આયંબિલ કરું. (૨૨)

ચોથા વ્રતમાં–એકલી સ્ત્રીઓ–સાધ્વીઓ સંગાથે વાર્તાલાપ ન કરું અને તેઓને એકલો (સ્વતન્ત્ર) ભણાવું નહિ.

પાંચમા વ્રતમાં–એક વર્ષ યોગ્ય (જેટલી જ) ઉપધિ રાખું પણ એથી અધિક ન જ રાખું. (૨૩)

પાત્રાં અને કાચલાં પ્રમુખ બધું મળી મારા પોતાના (તરીકે) પંદર ઉપરાંત રાખું નહિ અને બીજાને રખાવું નહિ.

છઠ્ઠા વ્રતમાં–અશન, પાન, આદિમ અને સ્વાદિમ-રૂપ ચારે પ્રકારના આહારનો (લેશમાત્ર) સંનિધિ રોગાદિક

महरोगे वि अ काढं, न करेमि निसाइ पाणीयं न पिबे ।
सायं दोघडियाणं, मज्झ नीरं न पिबेमि ॥२५॥

अहवत्थमिए सूरे, काले नीरं न करेमि सयकाल ।
अणहारोसहसंनिहि–मवि नो ठावेमि वसहीए ॥२६॥

तवआयारे गिण्हे, अह नियमे कइवए ससत्तीए ।
ओगाहियं न कप्पइ, छट्ठाइतवं विणा जोगं ॥२७॥

કારણે પણ રાત્રે રાખું નહિ. દરરોજ જરૂર હોય તે પ્રમાણે લાવું. વધારે સંગ્રહ ન રાખું. (૨૪)

મોટો રોગ થયો હોય તો પણ ક્વાથ ન કરું–ઉકાળો કરાવીને વાપરું નહિ. રાત્રિ સમયે જળપાન પણ કરું નહિ અને સાંજે છેલ્લી બે ઘડીમાં (સૂર્યાસ્ત પહેલાંની બે ઘડીના કાળમાં) પાણી પીઉં નહિ, (બે ઘડી પહેલાં ચોવિહાર પચ્ચક્ખાણ કરું) તો પછી બીજા અશનાદિક આહારની તો વાત જ શી ? અર્થાત્ સૂર્યાસ્ત પહેલાં બે ઘડી બાકી રહે ત્યારે સર્વ આહારનો ત્યાગ કરું. (૨૫)

અથવા સૂર્ય આથમે છતે સદાય જળપાન ન કરું (સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહાર સંબંધી પચ્ચક્ખાણ કરી લઉં.) અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું–રખાવું નહિ. (૨૬)

તપાચારને વિષે કેટલાક નિયમો સ્વશક્તિને અનુસારે ગ્રહણ કરું છું. તેમાં છટ્ઠા (એક સાથે બે ઉપવાસ) કે તેથી વધુ તપ ન કર્યો હોય, તેમજ યોગવહન ન

નિવ્વિયતિગં ચ અંબિલ–દુગં વિણુ નો કરેમિ વિગયમહં ।
વિગઇદિણે ખંડાઇ–ગકાર નિયમો અ જાવજીવં ॥૨૮॥

નિવ્વઅયાઇં ન ગિણ્હે, નિવ્વિયતિગમજ્ઝિ વિગઇદિવસે અ ।
વિગઇં નો ગિણ્હેમિ અ, દુન્નિ દિણે કારણં મુત્તું ॥૨૯॥

અટ્ઠમીચઉદ્દસીસું, કરે અહં નિવ્વિયાઇં તિન્નેવ ।
અંબિલદુગં ચ કુવ્વે, ઉવવાસં વા જહાસત્તિ ॥૩૦॥

દવ્વખિત્તાઇગયા, દિણે દિણે અભિગ્ગહા ગહેઅવ્વા ।
જીયમ્મિ જઓ ભણિયં, પચ્છિત્તમભિગ્ગહાભાવે ॥૩૧॥

કરતો હોઉં તો મારે અવગાહિમ (પક્વાન્ન–વિગઇ) લેવી કલ્પે નહિ. (૨૭)

લાગલગાં ત્રણ નિવીઓ અથવા બે આયંબિલ કર્યા વિના હું વિગઇ (દૂધ, દહી, ઘી પ્રમુખ) વાપરું નહિ અને વિગઈ વાપરું તે દિવસે પણ સ્વાદ માટે દૂધ વિગેરેમાં ખાંડ વિગેરે ભેળવવાનો નિયમ જાવજ્જીવ સુધી પાળું. (૨૮)

ત્રણ નિવીઓ લાગોલાગ થાય ત્યાં સુધી તેમજ વિગઈ વાપરવાના દિવસે પણ નિવીયાતાં દ્રવ્યો (પક્વાન્નાદિ) ગ્રહણ કરું નહિ–વાપરું નહિ, તેમજ કોઇપણ તેવા પુષ્ટ કારણ વિના બે દિવસ સુધી લાગટ વિગઈ વાપરું નહિ. (૨૯)

પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીએ ઉપવાસ કરું, શક્તિના અભાવે બે આયંબિલ, અથવા ત્રણ નિવીઓ વિગેરે સ્વશક્તિ પ્રમાણે કરી આપું. (૩૦)

वीरियायारनियमे, गिण्हे केई अवि जहासत्तिं ।
दिणपणगाहाईणं, अत्थं गिण्हे मं (णे) णुण सया ॥३२॥
पणवारं दिणमज्झे, पमाययंताण देमि हियसिक्खं ।
एगं परिट्ठवेमि अ, मत्तयं सव्वसाहूणं ॥३३॥
चउवीसं वीसं वा, लोगस्स करेमि काउसग्गम्मि ।
कम्मखयट्ठा पइदिण, सज्झायं वा वि तम्मित्तं ॥३४॥

પ્રતિદિન દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી અભિગ્રહો* ધારણ કરવા. કારણ–'અભિગ્રહ ન ધારે તો પ્રાયશ્ચિત્ત આવે.' એમ શ્રીયતિજીતકલ્પમાં કહ્યું છે. (૩૧)

વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરું છું. સદા સંપૂર્ણ પાંચ ગાથા વિગેરેના અર્થ હું ગ્રહણ કરું. ઓછામાં ઓછી પાંચ ગાથા ગોખું, અર્થ કરું, ભણાવું વિગેરે કરું. (૩૨)

(વડીલ તરીકે) આખા દિવસમાં સંયમ માર્ગમાં (ધર્મ કાર્યમાં) પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા (શિખામણ) આપું અને લઘુ તરીકે સર્વ વડીલ સાધુઓનું એક એક માત્રક (પરઠવવાનું ભાજન) પરઠવી આપું. (૩૩)

---

* કરણસિત્તરીમાં ચાર ભેદો અભિગ્રહના ગણેલા છે. તે દરરોજ કરવા યોગ્ય હોવાથી આહારાદિ સંજ્ઞાના વિજય માટે સાધુએ (ગૃહસ્થના દેસાવગાસિકની જેમ) પ્રતિદિન દ્રવ્યાદિ અભિગ્રહો ધારવા જોઈએ.

निद्दाइपमाएणं, मंडलिभंगे करेमि अंबिलयं ।
नियमा करेमि एगं, विस्सामणयं च साहूणं ॥३५॥
सेहगिलाणाईणं, विणा वि संघाडयाइसंबंधं ।
पडिलेहणमल्लगपरि–ठवणाइ कुव्वे जहासत्ति ॥३६॥
वसहीपवेसि निगम्मि, निसिहीआवस्सियाण विस्सरणे ।
पायापमज्जणे विय, तत्थेव कहेमि नमुक्कारं ॥३७॥
भयवं पसाउ करिउं, इच्छा (च्चा) इ अभासणम्भि वुड्ढेसु ।
ईच्छाकाराकरणे, लहूसु साहूसु कज्जेसु ॥३८॥

પ્રતિદિવસ કર્મક્ષય માટે ચોવીસ કે વીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું, અથવા કાઉસ્સગમાં રહી સ્થિરતાથી એટલું સજ્ઝાયધ્યાન કરું. (૩૪)

નિદ્રાદિક પ્રમાદ વડે મંડલીનો ભંગ થઇ જાય (પ્રતિક્રમણ પડિલેહણ સ્વાધ્યાયાદિમાં જુદો પડું) તો એક આયંબિલ કરું અને (કરવા યોગ્ય વડીલ) સાધુઓની એક વખત વિશ્રામણા–વૈયાવચ્ચ નિશ્ચે કરું. (૩૫)

સંઘાડાદિકનો કશો સંબન્ધ ન હોય તો પણ લઘુ શિષ્ય (બાલ) ગ્લાન સાધુ, પ્રમુખનું પડિલેહણ તેમજ તેમની ખેળ પ્રમુખની કુંડીને પરઠવવી વિગેરે હું યથાશક્તિ કરીશ. (૩૬)

વસતિ (ઉપાશ્રય)માં પ્રવેશ કરતાં 'નિસીહિ' અને નીકળતાં 'આવસ્સહિ' કહેવી ભૂલી જાઉં તથા ગામમાં પેસતાં કે નીસરતાં પગ પૂંજવા ભૂલી જાઉં તો યાદ આવે ત્યાં જ નવકારમંત્ર ગણું. (૩૭)

सव्वत्थवि खलिएसुं, मिच्छाकारस्स अकरणे तह य ।
सयमन्नाउ वि सरिए, कहियव्वो पंचनमुक्कारो ॥३९॥

वुड्ढस्स विणा पुच्छं, विसेसवत्थुं न देमि गिण्हे वा ।
अन्नं पि अ महकज्जं, वुड्ढं पुच्छिय करेमि सया ॥४०॥

दुब्बलसंघयणाण वि, एए नियमा सुहावहा पायं ।
किंचि वि वेरग्गेणं, गिहिवासो छड्डिओ जेहिं ॥४१॥

કાર્ય પ્રસંગે વિનંતિ કરતાં વૃદ્ધ સાધુઓને 'હે ભગવન્ પસાય કરી' અને લઘુ સાધુને 'ઇચ્છકાર' એટલે તેમની ઇચ્છા અનુસારે, એમ કહેવું ભૂલી જઉં કે સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ થાય ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે 'મિચ્છામિ દુક્કડં' એમ કહેવું ભૂલી જઉં તો જ્યારે મને યાદ આવે અથવા કોઇ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ મારે એક વાર નવકારમન્ત્ર ગણવો. (૩૮–૩૯)

વૃદ્ધ (વડીલ)ને પૂછ્યા વિના કોઇ વિશેષ સારી વસ્તુ (આહાર વસ્ત્ર પાત્રાદિ) બીજા પાસેથી લઉં નહિ અને દઉં પણ નહિ તથા સદૈવ કોઇ મોટું કામ વૃદ્ધ (વડીલ) ને પૂછીને જ કરું, પૂછ્યા વગર કરું નહિ. (૪૦)

શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા પણ જેમણે કાંઇક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છોડયો છે, તેઓને આ ઉપર જણાવેલા નિયમો પ્રાયઃ સુખેથી પાળી શકાય તેવા (શુભ ફળ દેનારા) છે. (૪૧)

संपइकाले वि इमे, काउं सक्के करेइ नो निअमे ।
सो साहुत्तगिहित्तण–उभयभट्ठो मुणेयव्वो ॥४२॥

जस्स हिययम्मि भावो, थोवो वि न होइ नियमगहणंमि ।
तस्स क (ग) हणं निरत्थय–मसिरावणि कूवखणणं व ॥४३॥

संघयणकालबलदूसमा–रयालंबणाइं घित्तूणं ।
सव्वं चिय निअमधुरं, निरुज्जमाओ पमुच्चंति ॥४४॥

वुच्छिन्नो जिणकप्पो, पडिमाकप्पो अ संपइं नत्थि ।
सुद्धो अ थेरकप्पो, संघयणाईण हाणीए ॥४५॥

સંપ્રતિકાળે પણ સુખે પાળી શકાય એવા આ નિયમોને જે આદરે–પાળે નહિ, તે સાધુપણા થકી અને ગૃહસ્થપણા થકી એમ ઉભયભ્રષ્ટ થયો જાણવો. (૪૨)

જેના હૃદયમાં ઉક્ત નિયમો ગ્રહણ કરવાનો લેશ પણ ભાવ ન હોય તેને આ નિયમ સંબન્ધી ઉપદેશ કરવો એ સિરા (જ્યાં પાણી પ્રગટ થાય તેમ ન હોય તેવા સર) રહિત સ્થળે કૂવો ખોદવા જેવો નિરર્થક–નિષ્ફળ થાય છે. અથવા તેનો સંયમનો સ્વીકાર પાણી વિનાની જમીનમાં કૂવો ખોદવા બરાબર છે. (૪૩)

વર્તમાનમાં સંઘયણબળ, કાળબળ અને દુઃષમઆરો વિગેરે નબળાં છે એમ હીણાં આલંબન પકડીને પુરૂષાર્થ રહિત–પામર હોય તેવા જીવો આળસ–પ્રમાદથી બધા નિયમોરૂપી સંયમની ધુંસરીને છોડી દે છે. (૪૪)

तह वि जइ एअ नियमा–राहणविहीए जइज्ज चरणम्मि ।
सम्ममुवउत्तचित्तो, तो नियमाराहगो होई ॥४६॥

एए सव्वे नियमा, जे सम्मं पालयंति वेरग्गा ।
तेसिं दिक्खा गहिआ, सहला सिवसुहफलं देइ ॥४७॥

(સંપ્રતિકાળે) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે, વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી અને સંઘણાદિકની હાનિથી શુદ્ધ સ્થવિરકલ્પ પણ પાળી શકાતો નથી, તો પણ જે મુમુક્ષુ જીવ આ નિયમોની આરાધના કરવાપૂર્વક સમ્યગ્ ઉપયુક્ત ચિત્તવાળો થઇ ચારિત્રપાળવામાં યત્ન (ઉદ્યમ) કરશે, તો તે નિયમા–નિશ્ચે જિનાજ્ઞાનો આરાધક થશે. (૪૫–૪૬)

આ સર્વે નિયમોને જે આત્માઓ વૈરાગ્યથી સારી રીતે પાળે છે, આરાધે છે, તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે અને તે શિવસુખ ફળને આપે છે. (૪૭)

॥ अथ पुण्यकुलकम् ॥

संपुन्नइंदियत्तं, मणुसत्तं विपुलआरियं खित्तं ।
जाई-कुल-जिणधम्मो, लब्भंति पभूयपुण्णेहिं ॥१॥
जिणचलणकमलसेवा, सुहगुरुपयपज्जुवासणं चेव ।
सज्झायवावडत्तं, लब्भंति पभूयपुण्णेहिं ॥२॥
सुद्धो बोहो सुगुरूहिं, संगमो उवसमो दयालुत्तं ।
दक्खिण्णं करणजओ, लब्भंति पभूयपुण्णेहिं ॥३॥
सम्मत्ते निच्चलत्तं, वयाण परिपालणं अमाइत्तं ।
पढणं गुणणं विणओ, लब्भंति पभूयपुण्णेहिं ॥४॥

પાંચે ઇન્દ્રિયોથી સંપૂર્ણ ઇન્દ્રિયપણું (કંઈ પણ ખોડ ખાંપણ વગરની સઘળી ઇન્દ્રિયોની પ્રાપ્તિ), મનુષ્યપણું, ધર્મસામગ્રી યુક્ત આર્યક્ષેત્રમાં અવતાર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ અને વીતરાગ ભાષિત જૈન ધર્મ, એ સઘળી વસ્તુ ઘણા જ પુણ્યથી મળે છે. (૧)

જિન-અરિહંતના ચરણકમળની સેવા-ભક્તિ, સદ્‌ગુરૂના ચરણની પર્યુપાસના અને પાંચે પ્રકારના સ્વાધ્યાયમાં વ્યાપૃતપણું (અપ્રમાદ), એ પણ ઘણા જ પુણ્ય યોગે મળે છે. (૨)

શુદ્ધ બોધ (વીતરાગ વચનની યથાર્થ સમજ), સુગુરૂનો સમાગમ, ઉપશમ ભાવ, (રાગદ્વેષાદિની મન્દતા,) દયાળુપણું દાક્ષિણ્યતા અને ઇન્દ્રિયોનો જય એ દરેક ઉત્તરોત્તર ઘણા ઘણા પુણ્યથી પામી શકાય છે. (૩)

સમ્યક્‌ત્વમાં નિશ્ચલતા, વ્રતોનું નિરતિચાર પાલન,

उस्सग्गे अववाये, निच्छयववहारयम्मि निउणत्तं ।
मणवयणकायसुद्धी, लब्भंति पभूयपुण्णेहिं ॥५॥

अवियारं तारुण्णं, जि(गु)णाणुराओ परोवयारित्तं ।
निक्कंपया य झाणे, लब्भंति पभूयपुण्णेहिं ॥६॥

परनिंदापरिहारो, अपसंसा अत्तणो गुणाणं च ।
संवेगो निव्वेओ, लब्भंति पभूयपुण्णेहिं ॥७॥

निम्मलसीलब्भासो, दाणुल्लासो विवेगसंवासो ।
चउगइदुहसंतासो, लब्भंति पभूयपुण्णेहिं ॥८॥

નિર્ભીયિપણું, ભણવું, ગણવું અને વિનય કરવો; એ બધાં વાનાં પણ ઘણા જ પુણ્યયોગે પમાય છે. (૪)

ઉત્સર્ગ (સામાન્યમાર્ગ) અને અપવાદ (કારણિકમાર્ગ) તથા નિશ્ચય (આત્મ શુદ્ધિરૂપ અભ્યંતર ધર્મ) અને વ્યવહાર (બાહ્યધર્મ), તે દરેકની વિશેષતા સમજવાનું નિપુણપણું, તેમજ મન, વચન અને કાયાની શુદ્ધિ, (આત્મહિતકર કુશલ પ્રવૃત્તિ) એ દરેક પણ ઘણા જ પુણ્યયોગે પ્રગટ થાય છે. (૫)

નિર્વિકાર-વિકાર વગરનું યૌવન, ગુણોનો (જિનેશ્વરનો) રાગ, પરોપકારીપણું અને ધ્યાનમાં નિશ્ચલતા, એ પણ દરેક ઘણા જ પુણ્યથી પ્રગટ થાય છે. (૬)

પરનિન્દાનો અને પોતાના ગુણોની પ્રશંસાનો ત્યાગ તેમજ સંવેગ (મોક્ષાભિલાષ) અને નિર્વેદ (ભવવૈરાગ્ય) એ પણ ઘણા પુણ્યયોગે પ્રાપ્ત થાય છે. (૭)

दुक्कडगरिहा सुक्कडा–णुमोयणं पायच्छित्ततवचरणं ।
सुहझाणं नवकारो, लब्भंति पभूयपुण्णेहिं ॥९॥
इय गुणमणिभंडारो, सामग्गीं पाविऊण जेहि कओ ।
विच्छिन्नमोहपासा, लहंति ते सासयं सुक्खं ॥१०॥

નિર્મળ–શુદ્ધ શીલનો (સદાચારનો) અભ્યાસ, સુપાત્રાદિકમાં દાન દેવાનો ઉલ્લાસ, હિતાહિત ભાવોમાં હેય–ઉપાદેયનો વિવેક, અને ચાર ગતિનાં દુઃખોનો અતીવ ત્રાસ થવો, એ દરેક પણ મહાપુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. (૮)

કરેલાં પાપોની આલોચના (ગુરૂ સામે ગર્હા કરવી), સુકૃતની અનુમોદના, કરેલાં પાપોને છેદવા ગુરૂએ બતાવેલા તપનું આચરણ, શુભ ધ્યાન અને નવકાર મહામન્ત્રનો રાગ, એ પણ દરેક મહાપુણ્યયોગે પ્રાપ્ત થાય છે. (૯)

એ 'મનુષ્યપણું' વિગેરે સઘળી પુણ્ય સામગ્રી પામીને જેઓએ જ્ઞાનાદિ (ક્ષમાદિ) ગુણોરૂપ રત્નનો ભંડાર ભર્યો તે મોહના પાશને છેદનારા (ધન્ય જીવો) શાશ્વત (મુક્તિના) સુખને પામે છે. (૧૦)

॥ अथ दानमहिमागर्भितं दानकुलकम् ॥

परिहरिअरज्जसारो, उप्पाडिअसंजमिक्कगुरुभारो ।
खंधाओ देवदूसं, विअरंतो जयउ वीरजिणो ॥१॥
धम्मत्थकामभेया, तिविहं दाणं जयम्मि विक्खायं ।
तहवि अ जिणिंदमुणिणो, धम्मं दाणं पसंसंति ॥२॥
दाणं सोहग्गकरं, दाणं आरुग्गकारणं परमं ।
दाणं भोगनिहाणं, दाणं ठाणं गुणगणाणं ॥३॥
दाणण फुरइ कित्ती, दाणेण य होइ निम्मला कंती ।
दाणावज्जियहिअओ, वेरी वि हु पाणियं वहइ ॥४॥

સમસ્ત રાજ્યઋદ્ધિનો ત્યાગ કર્યો, સંયમનો એક અતિ આકરો ભાર ઉપાડ્યો અને (ઇન્દ્ર મહારાજે દીક્ષા સમયે સ્થાપેલું) દેવદૂષ્યવસ્ત્ર પણ ખભેથી જેમણે (પાછળ આવેલા વિપ્રને) દાનમાં આપી દીધું તે શ્રીવીરપ્રભુ જયવન્તા વર્તો. (૧)

જો કે–ધર્મદાન, અર્થદાન, અને કામદાન, એમ ત્રણ પ્રકારનું દાન દુનિયામાં પ્રસિદ્ધ છે, તો પણ જિનેશ્વરપ્રભુની આજ્ઞાના રસિક મુનિઓ ધાર્મિક દાનને જ પ્રશંસે છે. (૨)

દાન સૌભાગ્યને કરનારું, દાન આરોગ્યનું પરમ કારણ, દાન પુણ્યનું નિધાન એટલે ભોગ ફલકારી અને દાન અનેક ગુણ સમૂહોનું સ્થાન છે. (૩)

દાન વડે નિર્મળ કીર્તિ વધે છે, દાનથી નિર્મળ કાન્તિ વધે છે અને દાનથી વશ થયું છે હૃદય જેનું એવો

धणसत्थवाहजम्मे, जं घयदाणं कयं सुसाहूणं ।
तक्कारणमुसभजिणो, तेलुक्कपियामहो जाओ ॥५॥

करुणाइ दिन्नदाणो, जम्मंतरगहिअपुण्णकिरिआणो ।
तित्थयरचक्करिद्धिं, संपत्तो संतिनाहो वि ॥६॥

पंचसयसाहुभोयण–दाणावज्जिअसुपुण्णपब्भारो ।
अच्छरिअचरिअभरिओ, भरहो भरहाहिवो जाओ ॥७॥

मूलं विणा वि दाउं, गिलाण पडिअरणजोगवत्थूणि ।
सिद्धो अ रयणकंबल–चंदणवणिओ वि तम्मि भवे ॥८॥

દુશ્મન પણ (દાતારના ઘેર) પાણી ભરે છે–તેની સર્વ પ્રકારની સેવા કરે છે. (૪)

ધન સાર્થવાહના ભવમાં ઉત્તમ સાધુઓને ઘીનું દાન દીધું હતું, તે કારણથી ઋષભદેવ ભગવાન ત્રણે લોકના પિતામહ (દાદા) થયા. (૫)

પાછલા દશમા ભવમાં કરૂણા વડે (પારેવાને) અભયદાન આપ્યું અને જન્માન્તરમાં જેણે એ પુણ્ય કરિયાણું ખરીદી લીધું, તે શ્રીશાન્તિનાથ પ્રભુ પણ છેલ્લા ભવે તીર્થંકરની અને ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યા. (૬)

પાંચસો સાધુઓને ભોજન લાવી આપવાથી જેણે બહુ ભારે (નિકાચિત) પુણ્યકર્મ બાંધ્યું તેથી જેનું ચરિત્ર આશ્ચર્યકારક છે એવો ભરત રાજા સમ્પૂર્ણ ભરત ક્ષેત્રનો નાયક–ચક્રવર્તી રાજા થયો. (૭)

दाऊण खीरदाणं, तवेण सुसिअंगसाहुणो धणिअं ।
जणजणिअचमक्कारो, संजाओ सालिभद्दो वि ॥९॥
जम्मंतरदाणाओ, उल्लसिआऽपुव्वकुसलझाणाओ ।
कयवन्नो कयपुन्नो, भोगाणं भायणं जाओ ॥१०॥
घयपूसवत्थपूसा, महरिसिणो दोसलेसपरिहीणा ।
लद्धीइ सव्व (सयल) गच्छो–वग्गहगा सुग्गइं पत्ता ॥११॥
जीवंतसामिपडिमाइ, सासणं विअरिऊण भत्तीए ।
पव्वइऊण सिद्धो, उदाइणो चरमरायरिसी ॥१२॥

કોઢરોગવાળા (માંદા) મુનિને ઔષધમાં ઉપયોગી વસ્તુઓ (ભાવના ચન્દન અને કંબળ) વગરમૂલ્યે આપવા માત્રથી પણ રત્નકંબળ અને ભાવનાચન્દનનો વ્યાપારી (વાણિયો) તે જ ભવમાં સિદ્ધિપદ પામ્યો. (૮)

તપશ્ચર્યાથી અત્યન્ત શોષિત દેહવાળા તપસ્વી મુનિરાજને ક્ષીરનું દાન દેવાથી શાલિભદ્ર પણ સહુ કોઇને ચમત્કાર ઉપજાવે તેવી (અને અગણિત) ઋદ્ધિનું પાત્ર થયો. (૯)

પૂર્વ જન્મમાં દીધેલા દાનથી પ્રગટેલા અપૂર્વ શુભ ધ્યાનના પ્રભાવે અતિપુણ્યવંત કયવન્નો શેઠ વિશાળ સુખ–ભોગનો ભાગી થયો. (૧૦)

ઘૃતપુષ્ય અને વસ્ત્રપુષ્ય નામના મહામુનિઓ સ્વલબ્ધિ વડે સકળ ગચ્છની નિરતિચાર ભક્તિ કરતા થકા સદ્ગતિને (મોક્ષને) પામ્યા. (૧૧)

જીવન્ત (મહાવીર) સ્વામીની પ્રતિમાની ભક્તિ માટે રાજ્ય (નો ભાગ) (ગામ ગરાસ) આપીને દીક્ષિત થએલા ઉદાયી નામના છેલ્લા રાજર્ષિ મોક્ષગતિને પામ્યા. (૧૨)

जिणहरमंडिअवसुहो, दाउं अणुकंपभत्तिदाणाइं ।
तित्थप्पभावगरेहिं, संपत्तो संपई राया ॥१३॥
दाउं सद्धासुद्धे, सुद्धे कुम्मासए महामुणिणो ।
सिरिमूलदेवकुमरो, रज्जसिरिं पाविओ गु (ग) रुइं ॥१४॥
अइदाणमुहरकविअण-विरइअसयसंखकव्ववित्थरिअं ।
विक्कमनरिंदचरिअं, अज्जवि लोए परिप्फुरइ ॥१५॥
तियलोयबंधवेहिं, तब्भवचरिमेहिं जिणवरिंदेहिं ।
कयकिच्चेहि वि दिन्नं, संवच्छरियं महादाणं ॥१६॥

જેણે સકળ પૃથ્વીને જિનચૈત્યોથી સુશોભિત કરી, એવો સંપ્રતિ રાજા, અનુકમ્પાદાન અને ભક્તિદાન (સુપાત્ર દાન) વડે શાસન પ્રભાવકોમાં રેખાને (પ્રથમ નંબરને) પામ્યો. (૧૩)

શ્રદ્ધા વડે શુદ્ધ એટલે શુદ્ધ શ્રદ્ધા પૂર્વક નિર્દોષ એવા માત્ર અડદના બાકુળાનું દાન મહામુનિને દેવાથી (જિતશત્રુ રાજાનો પુત્ર) શ્રીમૂળદેવ કુમાર વિશાળ રાજ્યલક્ષ્મીને પામ્યો. (૧૪)

અતિદાન મળવાથી વાચાળ (બૂશી) થએલા કવિઓ (પણ્ડિતો)એ સેંકડો કાવ્યો વડે રચેલું શ્રીવિક્રમાદિત્ય રાજાનું વિસ્તૃત ચરિત્ર અદ્યાપિ પર્યન્ત લોકમાં પ્રસિદ્ધ છે. (૧૫)

ત્રણ લોકના બન્ધુ એવા શ્રીજિનેશ્વરો કે જેઓ તે જ ભવમાં નિશ્ચિત મોક્ષ જવાના હોવાથી કૃતકૃત્ય છે તેઓએ પણ સાંવત્સરિક (એક-એક વર્ષ પર્યન્ત) મહાદાન આપ્યું. (૧૬)

सिरिसेयंसकुमारो, निस्सेयससामिओ कह न होई ।
फासुअदाणपवाहो, पयासिओ जेण भरहम्मि ॥१७॥
कह सा न पसंसिज्जइ, चंदणबाला जिणिंददाणेणं ।
छम्मासिअतवतविओ, निव्वविओ जीए वीरजिणो ॥१८॥
पढमाइं पारणाइं, अकरिंसु करंति तह करिस्संति ।
अरिहंता भगवंता, जस्स घरे तेसि धुवसिद्धी ॥१९॥
जिणभवणबिंबपुत्थय–संघसरूवेसु सत्तखित्तेसु ।
वविअं धणं पि जायइ, सिवफलयमहो अणंतगुणं ॥२०॥

જેણે પ્રાસુક (નિર્દોષ) પદાર્થોના દાનધર્મનો પ્રવાહ આ (અવસર્પિણીમાં) ભરત ક્ષેત્રમાં ચલાવ્યો, તે શ્રીશ્રેયાંસકુમાર મોક્ષનો સ્વામી કેમ ન થાય ? (તેને મોક્ષ કેમ ન મળે ?) (૧૭)

છ માસી તપવાળા ઘોર તપસ્વી શ્રીવીરપ્રભુને જેણે અડદના બાકુળાનું દાન કરીને સંતોષ્યા તે ચન્દનબાળા પ્રશંસાને કેમ ન પામે ? (૧૮)

અરિહંત ભગવંતોએ જેમના ઘરે પ્રથમ (તપનાં) પારણાં કર્યાં, કરે છે, અને કરશે તે આત્માઓની સિદ્ધિ (મોક્ષ) અવશ્ય થાય છે. (૧૯)

આશ્ચર્ય છે કે જિનભુવન (જિનમન્દિર) જિનબિમ્બ (પ્રતિમા), આગમ, પુસ્તક અને સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ, એ સાતે ક્ષેત્રોમાં વાવેલું ધન અનન્તગુણા એવા મોક્ષફળને આપે છે. (માટે ધનની મમતા તજી તેનો સદ્વ્યય કરી ધનવંત લોકોએ તેનો લ્હાવો લેવો.) (૨૦)

॥ અથ શીલમહિમાગર્ભિતં શીલકુલકમ્ ॥

સોહગ્ગમહાનિહિણો, પાએ પણમામિ નેમિજિણવરૂણો ।
બાલેણ ભુયબલેણં, જણદ્દણો જેણ નિજ્જણિઓ ॥૧॥

સીલં ઉત્તમવિત્તં, સીલં જીવાણ મંગલં પરમં ।
સીલં દોહગ્ગહરં, સીલં સુક્ખાણ કુલભવણં ॥૨॥

સીલં ધમ્મનિહાણં, સીલં પાવાણ ખંડણં ભણિયં ।
સીલં જંતૂણ જએ, અકિત્તિમં મંડણં પરમં ॥૩॥

નરયદુવારનિરુંભણ–કવાડસંપુડસહોઅરચ્છાયં ।
સુરલોઅધવલમંદિર–આરુહણે પવરનિસ્સેણિં ॥૪॥

જેમણે બાલ્ય વયમાં પોતાના ભુજબળ વડે કૃષ્ણજીને જીતી લીધા હતા, તે સૌભાગ્યના સમુદ્ર એવા **શ્રીનેમિનાથ** પ્રભુનાં ચરણ કમળને હું પ્રણમું છું. (૧)

શીલ (સદાચરણ) એ પ્રાણીઓનું ઉત્તમ ધન છે, શીલ એ જીવોને પરમમંગલ રૂપ છે, શીલ એ દુઃખ દારિદ્રને હરનારૂં છે અને શીલ એ સકળ સુખોનું ધામ છે. (૨)

શીલ ધર્મનું નિધાન છે, શીલ પાપનાશક છે અને જગતમાં પ્રાણીઓનો સ્વાભાવિક શ્રેષ્ઠ શણગાર પણ શીલ છે. (એમ જિનેશ્વરોએ ભાખ્યું છે.) (૩)

શીલ એ નરકનાં દ્વાર બંધ કરવાને બે કમાડની જોડી સમાન છે અને દેવલોકનાં ઉજ્વળ વિમાનો ઉપર આરૂઢ થવાને ઉત્તમ નિસરણી સમાન છે. (૪)

सिरिउग्गसेणधूआ, राइमई लहइ सीलवइरेहं ।
गिरिविवरगओ जीए, रहनेमी ठाविओ मग्गे ॥५॥
पज्जलिओ वि हु जलणो, सीलप्पभावेण पाणिअं हवइ ।
सा जयउ जए सीआ, जीसे पयडा जसपडाया ॥६॥
चालणीजलेण चंपाइ, जीए उग्घाडियं दुवारतियं ।
कस्स न हरेइ चित्तं, तीए चरिअं सुभद्दाए ॥७॥
नदउ नमयासुंदरी, सा सुचिरं जीइ पालियं सीलं ।
गहिलत्तणं पि काउं, सहिआ य विडंबणा विविहा ॥८॥

શ્રીઉગ્રસેન રાજાની પુત્રી **રાજીમતી** શીલવંતીઓમાં શ્રેષ્ઠપણાને પામી કે જેણે ગુફામાં આવી ચઢેલા અને (કામાતુર થએલા) રહનેમિને સંયમ માર્ગમાં પુનઃ સ્થિર કર્યા. (૫)

જેના શીલના પ્રભાવથી પ્રજ્વલિત એવો પણ અગ્નિ ખરેખર જળરૂપ થઇ ગયો એ **સીતાદેવી** જયવન્તી વર્તો કે જેની જશપતાકા જગમાં આજે પણ ફરકી રહી છે. (૬)

શીલના પ્રભાવે કુવામાંથી ચાલણી દ્વારા કાઢેલા જલવડે જેણે ચંપા નગરીનાં (કોઈથી નહિ ઉઘડેલાં) ત્રણ દ્વાર ઉઘાડ્યાં હતાં, તે **સુભદ્રાસતીનું** ચરિત્ર કોના ચિત્તને હરણ ન કરે? (૭)

તે **નર્મદાસુંદરી** સતી સદાય જયવન્તી વર્તો, કે જેણીએ ગ્રહિલપણું આદરીને (ગાંડી બનીને) પણ શીલવ્રતનું પાલન કર્યું અને (શીલની રક્ષા ખાતર) વિવિધ વિડંબનાઓ સહન કરી. (૮)

भद्दं कलावईए, भीसणरण्णम्मि रायचत्ताए ।
जं सा सीलगुणेणं, छिन्नंगपुणन्नवा जाया ॥९॥
सीलवईए सीलं, सक्कइ सक्को वि वण्णिउं नेव ।
रायनिउत्ता सचिवा, चउरो वि पवंचिआ जीए ॥१०॥
सिरिवद्धमाणपहुणा, सुधम्मलाभुत्ति जीइ पट्ठविओ ।
सा जयउ जए सुलसा, सारयससिविमलसीलगुणा ॥११॥
हरिहरबंभपुरंदर–मयभंजणपंचबाणबलदप्पो ।
लीलाइ जेण दलिओ, स थूलभद्दो दिसउ भद्दं ॥१२॥

ભયંકર અટવીમાં (પોતાના પતિ) રાજાએ તજી દીધેલી **કલાવતી સતીનું** કલ્યાણ થાઓ, કે જેના શીલગુણના પ્રભાવથી છેદાયેલાં પણ અંગો (હાથ) ફરી નવાં થઇ ગયાં. (૯)

સતી **શીલવતીના** શીલને શક્ર–ઇન્દ્ર પણ યથાર્થરૂપે વર્ણવવાને શક્તિમાન નથી કે જેણીએ રાજાએ મોકલેલા ચારે પ્રધાનોને છેતરી સ્વશીલનું રક્ષણ કર્યું હતું. (૧૦)

શ્રીવર્ધમાન પ્રભુએ (પણ) જેણીને ઉત્તમ ધર્મલાભ પાઠવ્યો, તે શરદ ઋતુના ચન્દ્ર સમાન નિર્મળ શીલગુણવાળી **સુલસા** સતી જગતમાં જયવન્તી વર્તો. (૧૧)

વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, અને ઇન્દ્રના પણ મદને ગાળી નાખનારા કામદેવની શક્તિનો ગર્વ પણ જેણે લીલા માત્રમાં ચૂરી નાખ્યો, તે **શ્રીસ્થૂલભદ્ર** (મુનિરાજ સર્વનું) કલ્યાણ કરો. (૧૨)

मणहरतारुण्णभरे, पत्थिज्जंतो वि तरुणिनियरेणं ।
सुरगिरिनिच्चलचित्तो, सो वयरमहारिसी जयउ ॥१३॥

थुणिउं (मुणिउं) तस्स न सक्का, सड्ढस्स सुदंसणस्स गुणनिवहं ।
जो विसमसंकडेसु वि, पडिओ (सूइचडिओ) वि अखंड-सीलधणो ॥१४॥

सुंदरि-सुनंद-चिल्लण-मणोरमा अंजणा मिगावई अ ।
जिणसासणसुपसिद्धा, महासईओ सुहं दिंतु ॥१५॥

अच्चंकारीअ चरिअं, सुणिऊणं को न धुणइ किर सीसं ।
जा अखंडिअसीला, भिल्लवईकयत्थिआ वि दढं ॥१६॥

મનોહર (ભર) યૌવન વયમાં અનેક યુવતિ સ્ત્રીઓના સમૂહથી (વિષય માટે) પ્રાર્થના કરાતા છતાં પણ જે મેરૂ ગિરિની જેમ નિશ્ચલચિત્તવાળા (દૃઢ) રહ્યા, (મનથી પણ ભોગની ઇચ્છા ન કરી,) તે **શ્રીવજ્ર મહામુનિ** જયવન્તા વર્તો. (૧૩)

તે **સુદર્શન** શ્રાવકના ગુણગણને ગાવા (કોઈ રીતે) શક્ય નથી, કે જેણે ભારે સંકટમાં આવી પડ્યા (શૂળીએ ચઢયા) છતાં શીલરૂપ ધનને અખણ્ડ રાખ્યું. (૧૪)

સુન્દરી, સુનન્દા, ચેલણા, મનોરમા, અંજના અને **મૃગાવતી** વિગેરે જિનશાસનમાં પ્રસિદ્ધ થયેલી મહાસતીઓ સુખશાન્તિ આપો! (સર્વનું કલ્યાણ કરો.) (૧૫)

नियमित्तं नियभाया, नियजणओ नियपियामहो वा वि ।
नियपुत्तो वि कुसीलो, न वल्लहो होइ लोआणं ॥१७॥

सव्वेसिं पि वयाणं, भग्गाणं अत्थि कोइ पडिआरो ।
पक्कघडस्स व कन्ना, न होइ सीलं पुणो भग्गं ॥१८॥

वेआलभूअरक्खस–केसरिचित्तयगइंदसप्पाणं ।
लीलाइ दलइ दप्पं, पालंतो निम्मलं सीलं ॥१९॥

अच्चंकारीभट्टानुं अद्भूत चरित्र सांभळीने निश्चे कोण (पोतानुं) मस्तक न धुणावे ? के भिल्लपतिओ अत्यन्त कदर्थना कर्यां छतां जेणे स्वशीलने अखण्ड साचवी राख्युं. (१६)

पोतानो मित्र, पोतानो बन्धु, पोतानो पिता, पोताना तातनो तात (पितामह) के पोतानो पुत्र होय, तो पण जो कुशील होय, तो ते लोकोने (संबन्धीओने) पण प्रिय न थाय. (१७)

बीजां बधां व्रत खण्डित थयां होय तेनो (आलोचना, निन्दा, प्रायश्चित्तादिक रूप) सांधवानो कोइ नहि तो कोइ उपाय होई शके छे, पण पाका घडानो कानो न संधाय तेम मात्र एक वार पण भांग्युं होय ते शीलने अखण्ड करी शकातुं (संधातुं) नथी. (१८)

निर्मल शीलनुं पालन करनारो मनुष्य (पुरुष–स्त्री) वेताल, भूत, राक्षस, केसरी सिंह, चित्ता, हाथी अने सर्पना अहंकारने पण लीलामात्रमां (जेतजेतामां) चूरी नाखे छे.

केइ कम्ममुक्का, सिद्धा सिज्झंति सिज्झिहिंति तहा ।
सव्वेसिं तेसि बलं, विसालसीलस्स हु ललिअं (माहप्पं)
॥२०॥

(અર્થાત્ શીયળવંતની સામે તે ઉપદ્રવો ટકી શકતા નથી.) (૧૯)

જે કોઇ મહાશયો સર્વ કર્મથી મુક્ત થઇને સિદ્ધિ પદને પામ્યા છે, વર્તમાનમાં સિદ્ધિપદને પામે છે અને ભવિષ્યકાળમાં પણ સિદ્ધિપદને પામશે, તે સઘળાને આ પવિત્ર શીલનો જ પ્રભાવ જાણવો. (ઉત્તમ શીલથી યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થવાથી અવશ્ય સિદ્ધિ થાય જ છે, શીલનું–ચારિત્રનું આવું ઉત્તમ માહાત્મ્ય શાસ્ત્રકારોએ જણાવેલું છે, તે ધ્યાનમાં લઇ ભવ્યજનોએ નિર્મળ શીલરત્નનું પાલન કરવા હંમેશાં ઉદ્યમી રહેવું ઉચિત છે.) (૨૦)

॥ अथ तपःकुलकम् ॥

सो जयउ जुगाइजिणो, जस्संसे सोहए जडामउडो ।
तवझाणग्गिपलिविअ–कम्मिंधणधूमपंति व्व ॥१॥

संवच्छरिअतवेणं, काउस्सग्गम्मि जो ठिओ भयवं ।
पूरिअनिययपइन्नो, हरउ दुरिआइं बाहुबली ॥२॥

अथिरं पि थिरं वंकं, अवि उजुअं दुल्लहं पि तह सुलहं ।
दुस्सज्झं पि सुसज्झं, तवेण संपज्जए कज्जं ॥३॥

छट्ठं छट्ठेण तवं, कुणमाणो पढमगणहरो भयवं ।
अक्खीणमहाणसीओ, सिरिगोयमसामिओ जयउ ॥४॥

તપ અને ધ્યાનરૂપ અગ્નિ વડે બાળી નાખેલા કર્મ-ઇન્ધનોમાંથી નીકળેલી ધૂમપંક્તિ હોય તેવો મસ્તકના કેશની જટા રૂપ મુગટ જેમના બન્ને ખભા ઉપર શોભી રહ્યો છે તે પ્રભુ **ઋષભદેવ** જયવન્તા વર્તો. (૧)

એક વર્ષપર્યન્ત આહાર છોડીને કાઉસ્સગ્ગ મુદ્રાએ ખડા રહી જે મહાત્માએ સ્વપ્રતિજ્ઞા પૂર્ણ કરી (કેવળજ્ઞાન મેળવ્યું) તે **બાહુબલી** મહારાજ (અમારાં) દુરિત–પાપોને હરણ કરો. (૨)

તપના પ્રભાવથી અસ્થિર કાર્ય પણ સ્થિર થાય છે, વાંકુ (કઠિન) પણ સરળ થાય છે, દુર્લભ પણ સુલભ થાય છે અને દુઃસાધ્ય પણ સુસાધ્ય થાય છે. (૩)

છટ્ઠ છટ્ઠનો સતત તપ કરતા જે 'અક્ષીણ મહાનસી'

છज्जइ सणंकुमारो, तवबलखेलाइलद्धिसंपन्नो ।
निट्ठुअखवलिअंगुलिं, सुवण्णकंतिं पयासंतो ॥५॥
गो बंभगब्भगब्भिणी–बंभिणीघायाइ गुरुअपावाइं ।
काऊण वि कणयं पिव, तवेण सुद्धो दढप्पहारी ॥६॥
पुव्वभवे तिव्वतवो, तविओ जं नंदिसेणमहरिसिणा ।
वसुदेवो तेण पिओ, जाओ खयरीसहस्साणं ॥७॥
देवा वि किंकरत्तं, कुणंति कुलजाइविरहिआणं पि ।
तवमंतपभावेणं, हरिकेसबलस्स व रिसिस्स ॥८॥

નામની મહાલબ્ધિને પામ્યા તે પ્રથમ ગણધર **શ્રીગૌતમસ્વામી** મહારાજ જયવન્તા વર્તો. (૪)

ક્ષય પામેલી (સડેલી) આંગળીને પોતાના થૂંક વડે સુવર્ણ જેવી શોભતી કરી દેખાડતા એવા **સનત્કુમાર રાજર્ષિ** તપોબળથી 'ખેલાદ્દિક' લબ્ધિઓને પામ્યા થકા શોભે છે. (૫)

ગૌ, બ્રાહ્મણ, ગર્ભ અને ગર્ભવતી બ્રાહ્મણી સ્ત્રી, એ ચારેયની હત્યા વિગેરે મહાઉગ્ર પાપોને કર્યા છતાં **દૃઢપ્રહારી** તપના સેવન વડે સુવર્ણની જેમ શુદ્ધ થયા. (૬)

પૂર્વ જન્મમાં **નંદિષેણ મહર્ષિએ** જે તીવ્ર તપ કર્યો તેના પ્રભાવથી વસુદેવ થયેલા તે હજારો વિદ્યાધરીઓના પ્રિય–પતિ થયા. (૭)

તીવ્ર તપ રૂપી મન્ત્રના પ્રભાવથી **હરિકેશીબલ ઋષિની** પેઠે કુળ અને જાતિથી હીન હોય તેવાઓનું પણ દેવતાઓ પણ દાસપણું કરે છે. (૮)

પડસયમેગપડેણં, એગેણ ઘડેણ ઘડસહસ્સાઇં ।
જં કિર કુણંતિ મુણિણો, તવકપ્પતરુસ્સ તં ખુ ફલ ॥૯॥
અનિઆણસ્સ વિહીએ, તવસ્સ તવિઅસ્સ કિં પસંસામો ? ।
કિજ્જઇ જેણ વિણાસો, નિકાઇયાણં પિ કમ્માણં ॥૧૦॥
અઇદુક્કરતવકારી, જગગુરુણા કણ્હપુચ્છિએણ તયા ।
વાહરિઓ સ મહપ્પા, સમરિજ્જઉ ઢંઢણકુમારો ॥૧૧॥
પઇદિવસં સત્તજણે, વહિઊણ (હણિઊણ)
ગહિયવીરજિણદિક્ખો ।
દુગ્ગાભિગ્ગહનિરઓ, અજ્જુણઓ માલિઓ સિદ્ધો ॥૧૨॥

મુનિજનો જે એક પટ (વસ્ત્ર) વડે સેંકડો પટો (વસ્ત્રો) અને એક ઘટ–ભાજન વડે હજારો ઘટ–ભાજનો કરે છે, તે નિશ્ચે તપરૂપ કલ્પવૃક્ષનું જ ફળ છે. (૯)

જેનાથી નિકાચિત કર્મોનો પણ નાશ કરી શકાય છે, તે નિયાણા (આશંસા) રહિત વિધિપૂર્વક કરેલા તપની અમે કેટલી પ્રશંસા કરીએ ? (૧૦)

(અઢાર હજાર મુનિઓમાં) અતિ દુષ્કર તપ કરનાર કયા સાધુ છે ? એમ કૃષ્ણે પૂછ્યું ત્યારે જગદ્‌ગુરૂ શ્રીનેમિ-પ્રભુએ જે મહાશયને વખાણ્યા તે **ઢંઢણમુનિ** (સદાય) સ્મરણીય છે. (૧૧)

પ્રતિદિવસ સાત સાત મનુષ્યોનો વધ કરનાર છતાં વીરપ્રભુ પાસે દીક્ષા લઈ જે ઘોર–દુષ્કર અભિગ્રહ (તપ) કરવામાં ઉજમાળ થયો, તે મહાત્મા **અર્જુનમાળી** તપના પ્રભાવે સિદ્ધિપદ પામ્યો. (૧૨)

નંદીસરરુअगेसु वि, सुरगिरिसिहरे वि एगफालाए ।
जघाचारणसमणा, गच्छंति तवप्पभावेणं ॥१३॥
सेणियपुरओ जेसिं, पसंसिअं सामिणा तवोरूवं ।
ते धन्ना धन्नमुणी, दुन्नवि पंचुत्तरे पत्ता ॥१४॥
सुणिऊण तवं सुंदरी–कुमरीए अंबिलाण अणवरयं ।
सट्ठिं वाससहस्सा, भण कस्स न कंपए हिअयं ? ॥१५॥
जं विहिअमंबिलतवं, बारसवरिसाइं सिवकुमारेण ।
तं दट्ठुं जंबुरूवं, विम्हइओ कोणिओ राया ॥१६॥

નંદીશ્વર નામના આઠમા દ્વીપે, રૂચક નામના તેરમે દ્વીપે, તેમજ મેરૂપર્વતના શિખર ઉપર એક જ ફાળે કરી જે જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ જાય છે, તે તપના પ્રભાવે જઈ શકે છે. (૧૩)

શ્રેણિકરાજાની આગળ શ્રીવીરપરમાત્માએ જેઓનું તપોબળ વખાણ્યું હતું, તે **ધન્નોમુનિ** (શાલિભદ્રના બનેવી) અને **ધન્નાકાકંદી** બન્ને મુનિઓ તપના બળે સર્વાર્થસિદ્ધ વિમાને ઉપન્યા. (૧૪)

(ઋષભદેવ સ્વામીની પુત્રી) **સુન્દરી કુમારીએ** ૬૦ હજાર વર્ષ પર્યન્ત સતત આયંબિલ તપ કર્યો, તે સાંભળીને કહો કોનું હૃદય ન કમ્પે ? (આશ્ચર્ય–આનન્દ નપામે) (૧૫)

પૂર્વે શિવકુમારના ભવમાં બાર વર્ષ પર્યન્ત આયંબિલ તપ કર્યો તેના પ્રભાવથી જંબૂકુમારને એવું અદ્‌ભૂતરૂપ મલ્યું કે તે દેખીને કોણિક રાજા વિસ્મય પામ્યો. (૧૬)

जिणकप्पिअपरिहारिअ–पडिमापडिवन्नलंदयाईणं ।
सोऊण तवसरूवं, को अन्नो वहउ तवगव्वं ? ॥१७॥
मासद्धमासखवओ, बलभद्दो रूववं पि हु विरत्तो ।
सो जयउ रण्णवासी, पडिबोहिअसावयसहस्सो ॥१८॥
थरहरिअधरं झलहलिअ–सायरं चलियसयलकुलसेलं ।
जमकासी जयं विण्हू, संघकए तं तवस्स फलं ॥१९॥
किं बहुणा भणिएणं ? जं कस्स वि कह वि कत्थ वि सुहाइं ।
दीसंति भवणमज्झे, तत्थ तवो कारणं चेव ॥२०॥

જિનકલ્પી, પરિહારવિશુદ્ધિચારિત્રવાળા, પ્રતિમા–પ્રતિપન્ન, અને યથાલંદ્વી સાધુઓના (ઉગ્ર) તપનું સ્વરૂપ સાંભળીને બીજો કોણ તપસ્વી તપનો ગર્વ કરી શકે ? (૧૭)

અતિ રૂપવંત છતાં વિરક્ત થઇ અરણ્યમાં રહેનારા જેણે હળરો શ્વાપદ (જંગલી પશુઓને) પ્રતિબોધ્યાં, તે માસ, અર્ધમાસની તપશ્ચર્યા કરનારા બલભદ્રમુનિ જયવન્તા વર્તો.(૧૮)

શ્રીસંઘનું કષ્ટ નિવારણ કરવા માટે જ્યારે વિષ્ણુકુમારે લાખ યોજન જેવડું શરીર વિકુર્વીને જય મેળવ્યો ત્યારે પૃથ્વી કમ્પાયમાન થઇ, સમુદ્રો ખળભળ્યા અને સઘળા પર્વતો ચલાયમાન થયા, તે બધું તપનું જ ફળ (બળ) જાણવું. (૧૯)

(આવા) તપનો પ્રભાવ કેટલો વર્ણવી શકાય ? ટુંકાણમાં જે કોઇને કોઇપણ પ્રકારે ત્રણે જગતમાં કયાંય પણ સુખ સમાધિ મળે છે, ત્યાં ત્યાં તે સર્વને (બાહ્ય–અભ્યંતર) તપ જ કારણરૂપ છે. માટે સુખના અર્થીએ તેનું આરાધન કરવા યથાવિધિ ઉદ્યમ સેવવો. (૨૦)

॥ अथ भावकुलकम् ॥

कमठासुरेण रइयम्मि, भीसणे पलयतुल्लजलबोले ।
भावणकेवललच्छिं, विवाहिओ जयउ पासजिणो ॥१॥
निच्चुण्णो तंबोलो, पासेण विणा न होइ जह रागो ।
तह दाणसीलतव भा–वणाउ अहलाउ भाव विणा ॥२॥
मणिमंतओसहीणं, जंतयतंताण देवयाणं पि ।
भावेण विणा सिद्धी, न हु कस्सवि दीसए लोए ॥३॥
सुहभावणावसेणं, पसन्नचंदो मुहुत्तमित्तेण ।
खविऊण कम्मगंठिं, संपत्तो केवलं नाणं ॥४॥

કમઠ નામના અસુરે રચેલા ભયંકર પ્રલયકાળના જેવા જળના ઉપદ્રવ વખતે પણ શુભ ભાવને ધારણ કરવાથી જેઓ કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને વર્યા તે **શ્રીપાર્શ્વપ્રભુ** જયવન્તા વર્તો. (૧)

જેમ ચૂના (કાથા) વગરનું તાંબુલ (નાગરવેલનું પાન) અને પાસ દીધા વગરનું વસ્ત્ર રંગાતું નથી, તેમ ભાવ વિના દાન, શીલ, તપ અને ભાવનાઓ પણ અફળ જાય છે. (૨)

મણિ, મન્ત્ર, ઔષધિ, જન્ત્રો–તન્ત્રોની અને દેવતાની પણ સાધના જગતમાં કોઇને પણ ભાવ વિના સિદ્ધ થતી નથી. (ભાવ યોગે જ તે તે વસ્તુઓની સિદ્ધિ થાય છે.) (૩)

શુભ ભાવનાને યોગે **પ્રસન્નચન્દ્ર** (રાજર્ષિ) માત્ર એક જ મુહૂર્તમાં કર્મની ગ્રન્થિ–ગાંઠને ભેદી નાખીને કેવલજ્ઞાન પામ્યા. (૪)

सुस्सूसंती पाए, गुरुणीणं गरिहिऊण नियदोसे ।
उप्पन्नदिव्वनाणा, मिगावई जयउ सुहभावा ॥५॥
भयवं इलाइपुत्तो, गुरुए वंसम्मि जो समारूढो ।
दट्ठूण मुणिवरिंदे, सुहभावो केवली जाओ ॥६॥
कविलो अ बंभणमुणी, असोगवणिआइ मज्झयारम्मि ।
लाहा लोह त्ति पयं, झायंतो जाइ जाइसरो ॥७॥
खवगनिमंतणपुव्वं, वासिअभत्तेण सुद्धभावेण ।
भुंजंतो वरनाणं, संपत्तो कूरगडूडूओ ॥८॥

નિજ દોષ (અપરાધ)ની નિન્દા–ગર્હા કરીને ગુરૂણીના ચરણની સેવા (ક્ષમાપના) કરતાં શુભ ભાવથી જે કેવળજ્ઞાની થયાં તે **મૃગાવતી** સાધ્વી જયવન્તી વર્તો. (૫)

મોટા–ઉંચા વાંસ ઉપર નાચવા માટે ચઢેલા ભગવંત **શ્રીઈલાચીપુત્રને** કોઇ મહા મુનિરાજના દર્શનથી શુભ ભાવ પ્રગટ થતાં જ કેવળજ્ઞાન પ્રગટયું (એ સદ્‌ભાવનો જ પ્રભાવ સમજવો.) (૬)

કપિલનામનો બ્રાહ્મણ મુનિ અશોક વાટિકામાં "લાહા લોહો પવડ્ઢઈ–લાભ થાય તેમ લોભ વધે" એ પદની વિચારણા–ધ્યાન કરતો એ શુભભાવથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. (૭)

વાસિત એટલે નવકારશીના ટાઇમે મળેલા નિર્દોષ આહારનું ઉપવાસી સાધુઓને પારણા માટે નિમન્ત્રણ કરવા પૂર્વક ભોજન કરતા **કૂરગડુમુનિ** શુદ્ધભાવથી કેવળજ્ઞાન પામ્યા. (૮)

पूव्वभवसूरिविरइअ–नाणासाअणपभावदुम्मेहो ।
नियनामं झायंतो, मासतुसो केवली जाओ ॥९॥
हत्थि पि समारूढा, रिद्धिं दट्ठूण उसभसामिस्स ।
तक्खणसुहझाणेणं, मरुदेवी सामिणी सिद्धा ॥१०॥
पडिजागरमाणीए, जंघाबलखी (ही) णमण्णिआपुत्तं ।
संपत्तकेवलाए, नमो नमो पुप्फचूलाए ॥११॥
पनरसयतावसाणं, गोअमनामेणं दिन्नदिक्खाणं ।
उप्पन्नकेवलाणं, सुहभावाणं नमो ताणं ॥१२॥

પૂર્વભવે આચાર્યપણે કરેલી જ્ઞાનની આશાતનાના પ્રભાવથી બુદ્ધિહીન થયેલા અને નિજનામનો (**'मा रुष, मा तुष'** પદનો) ધ્યાતા અર્થાત્ 'કોઈની ઉપર રાગ કે રીસ ન કરવાં' એ ગુરૂએ બતાવેલા પરમાર્થ સામે બદ્ધલક્ષ્ય થએલા **માસતુસ**મુનિ (એ શુભ ભાવથી) ઘાતીકર્મોનો ઘાત કરીને કેવળજ્ઞાન પામ્યા. (૯)

હાથીના સ્કંધ ઉપર આરૂઢ થવા છતાં **મરુદેવીમાતા** ઋષભદેવ સ્વામીની તીર્થંકરપણાની રિદ્ધિ–સિદ્ધિ દેખીને શુભ ધ્યાનથી (એકત્વ–અન્યત્વ ભાવનાથી) અંતકૃત કેવળી થઈ તત્કાળ મોક્ષપદ પામ્યાં. (૧૦)

ક્ષીણ જંઘાબળવાળા અર્ણિકાપુત્ર આચાર્યની શુભ-ભાવથી સેવા (ઉચિત વૈયાવચ્ચ) કરતાં જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તે સાધ્વી **પુષ્પચૂલાને** પુનઃ પુનઃ નમસ્કાર હો. (૧૧)

ગૌતમ સ્વામીએ જે **પંદરસો તાપસોને** દીક્ષા દીધી

જીવસ્સ સરીઆઓ,(સરીરસ્સ ય) ભેઅં નાઉં સમાહિપત્તાણં।
ઉપ્પાડિઅનાણાણં, ખંદગસીસાણ તેસિ નમો ॥૧૩॥
સિરિવદ્ધમાણપાએ, પૂયંતી (પૂયત્થી) સિંદુવારકુસુમેહિં।
ભાવેણં સુરલોએ, દુગ્ગયનારી સુહં પત્તા ॥૧૪॥
ભાવેણ ભુવણનાહં, વંદેઉં દદ્દુરો વિ સંચલિઓ।
મરિઊણ અંતરાલે, નિયનામંકો સુરો જાઓ ॥૧૫॥
વિરયાવિરયસહોઅર, ઉદગસ્સ ભરેણ ભરિઅસરિઆએ।
ભણિયાઇ સાવિયાએ, દિન્નો મગ્ગુ ત્તિ ભાવવસા ॥૧૬॥

અને જેઓને શુભભાવ વડે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેઓને નમસ્કાર હો. (૧૨)

પાપી પાલકે યન્ત્રમાં પીલવા છતાં જીવથી શરીરને ભિન્ન જાણીને સમાધિમાં રહેલા જેઓને કેવળજ્ઞાન પેદા થયું, તે **સ્કંદકસૂરિના સઘળા શિષ્યોને** નમસ્કાર હો. (૧૩)

શ્રી વર્ધમાનસ્વામીના ચરણને સિન્દુવારનાં ફૂલથી પૂજવાને ઇચ્છતી–પૂજતી **દુર્ગતાનારી** શુભભાવ વડે સુખને પામી. (કાળ કરીને દેવગતિમાં ઉપજી.) (૧૪)

(નંદમણીઆરનો જીવ) દેડકો થયો પણ ભુવનગુરૂ શ્રીવર્ધમાનસ્વામીને સમવસરેલા જાણીને ભાવથી વાંદવા ચાલ્યો, ત્યાં માર્ગમાં જ (ઘોડાની ખરી નીચે કચરાઇ) મરણ પામવા છતાં શુભભાવથી નિજનામાંકિત–**દર્દુરાંક** નામે દેવ થયો. (૧૫)

सिरिचंडरुद्दगुरुणा, ताडिज्जंतो वि दंडघाएहिं ।
तक्कालं तस्सीसो, सुहलेसो केवली जाओ ॥१७॥
जं न हु भणिओ बंधो, जीवस्स वहे वि समिइगुत्ताणं ।
भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो ॥१८॥
भावु च्चिय परमत्थो, भावो धम्मस्स साहगो भणिओ ।
सम्मत्तस्स वि बीअं, भावु च्चिय बिंति जगगुरुणो ॥१९॥

વિરત (સાધુ) અને અવિરત (શ્રાવક રાજા) જે બન્ને સગા ભાઇ હતા, તેઓને ઉદ્દેશીને 'દીક્ષા લીધી ત્યારથી સદાય મારા દેવરમુનિ ભોજન કરવા છતાં ઉપવાસી હોય અને મારો પતિ રાજા ભોગ ભોગવવા છતાં સદાય બ્રહ્મચારી હોય તો હે નદીદેવી! મને માર્ગ આપજે', એમ ઉક્ત મુનિને વન્દન કરવા જતાં અને પાછા વળતાં રાણીએ માર્ગમાં પાણીના પૂરથી ભરેલી નદીને સંબોધીને કહ્યે છતે ભોજન કરવા છતાં અને વિષય સેવવા છતાં શુભ ભાવના કારણે નદીએ રાણીને વચ્ચે માર્ગ આપ્યો હતો. (૧૬)

શ્રીચણ્ડરુદ્ર નામના ગુરુએ દંડના પ્રહારથી તાડન કરવા છતાં પણ તે દિવસનો દીક્ષિત નૂતન શિષ્ય તત્કાળ કેવળજ્ઞાન પામ્યો. તે શુભ લેશ્યાનું ભાવનું ફળ હતું. (૧૭)

સમિતિ-ગુપ્તિવંત સાધુઓથી ઉપયોગ રાખવા છતાં ક્વચિત્ જીવનો વધ થઇ જાય; તો પણ નિશ્ચે કર્મબન્ધ થતો નથી, તેમાં તેઓનો શુભ (અહિંસક) ભાવ એ જ કારણ છે, કાયવ્યાપાર પ્રમાણભૂત મનાતો નથી. (૧૮)

किं बहुणा भणिएणं, तत्तं निसुणेह भो ! महासत्ता ।
मुक्खसुहबीयभूओ, जीवाण सुहावहो भावो ॥२०॥
इय दाणसीलतवभा–वणाओ जो कुणइ सत्तिभत्तिपरो ।
देविंदविंदमहिअं, अइरा सो लहइ सिद्धिसुहं ॥२१॥

આત્માનો શુભભાવ જ ખરો પરમાર્થ છે, ભાવ જ ધર્મનો સાધક છે અને ભાવ જ સમ્યકત્વનું બીજ છે; એમ ત્રિભુવનગુરૂ શ્રીતીર્થંકરો કહે છે. (૧૯)

ઘણું ઘણું શું કહીએ ? હે મહાસત્ત્વશાળી ભવ્યો ! હું તમોને તત્ત્વરૂપ એક જ વચન કહું છું તે સાંભળો ! 'મોક્ષ-સુખના બીજરૂપ ભાવ જ જીવોને સુખકારી છે'. (અર્થાત્ શુભ ભાવના યોગે જ જીવો મોક્ષ મેળવી શકે છે.) (૨૦)

એ રીતે દાન, શીલ, તપ અને ભાવનારૂપ ચતુર્વિધ ધર્મને જે (ભવ્યાત્મા) શક્તિ અને ભક્તિના ઉલ્લાસ યોગે કરે છે, તે (મહાશય) ઈન્દ્રોના સમૂહવડે પૂજિત એવું અક્ષય-મોક્ષસુખ અલ્પકાળમાં મેળવી શકે છે. (૨૧)

આ કુલકમાં છેવટે ચારે કુલકોના કર્તાએ પોતાનું 'દેવેન્દ્રસૂરિ' એવું નામ ગર્ભિતપણે સૂચવ્યું છે. ઉક્ત મહા-શયનાં અતિ હિતકર વચનોને ખરા ભાવથી આદરવાં એ આત્મ હિતકર છે

॥ अथ अभव्यकुलकम् ॥

जह अभवियजीवेहिं, न फासिया एवमाइया भावा ।
इंदत्तमणुत्तरसुर-सिलायनरनारयत्तं च ॥१॥
केवलिगणहरहत्थे, पव्वज्जा तित्थवच्छरं दाणं ।
पवयणसुरीसुरत्तं, लोगंतियदेवसामित्तं ॥२॥
तायत्तीससुरत्तं, परमाहम्मियजुयलमणुअत्तं ।
संभिन्नसोय तह पुव्व-धराहारयपुलायत्तं ॥३॥
मइनाणाई सुलद्धी, सुपत्तदाणं समाहिमरणत्तं ।
चारणदुगमहुसप्पिय-खीरासवखीणठाणत्तं ॥४॥

અભવ્ય જીવોએ આ હવે પછી કહીશું તે ભાવો કદાપિ સ્પર્શ્યા નથી. ૧-ઇન્દ્રપણું, ૨-અનુત્તરવાસી દેવપણું, ૩-ત્રેસઠશલાકા પુરૂષપણું અને ૪-નારદપણું (અભવ્યો કદી ન પામે.) (૧)

વળી અભવ્યો ૫-કેવલી તથા ગણધરના હાથે દીક્ષા ૬-શ્રીતીર્થંકરનું વાર્ષિકદાન, ૭-પ્રવચનના અધિષ્ઠાયક દેવી તથા દેવપણું, ૮-લોકાન્તિક દેવપણું અને ૯-દેવપતિ (મહર્દ્ધિક) પણું ન પામે. (૨)

૧૦-ત્રાયસ્ત્રિંશદેવપણું, ૧૧-પંદરજાતિએ પરમાધામી દેવપણું, ૧૨- યુગલિક મનુષ્યપણું, ૧૩-સંભિન્નશ્રોતલબ્ધિ ૧૪-પૂર્વધરલબ્ધિ, ૧૫-આહારકલબ્ધિ અને ૧૬-પુલાકલબ્ધિ (પણ અભવ્યો ન પામે.) (૩)

तित्थयर–तित्थपडिमा–तणुपरिभोगाइकारणे वि पुणो ।
पुढवाइयभावम्मि वि, अभव्वजीवेहि नो पत्त ॥५॥

चउदसरयणत्तं पि, पत्तं न पुणो विमाणसामित्तं ।
सम्मत्तनाणसंयम–तवाइभावा न भावदुगे ॥६॥

अणुभवजुत्ता भत्ती, जिणाण साहम्मियाण वच्छल्लं ।
न य साहेइ अभव्वो, संवेगत्तं न सुक्कपक्खं ॥७॥

૧૭–મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનાદિક શુભજ્ઞાનની લબ્ધિ, ૧૮–સુપાત્રમાં દાન, ૧૯–સમાધિમરણ, ૨૦–વિદ્યાચારણ અને ૨૧–જંઘાચારણ લબ્ધિઓ, ૨૨–મધુસર્પિ લબ્ધિ, ૨૩–ક્ષીરાશ્રવલબ્ધિ અને ૨૪– અક્ષીણ મહાનસી લબ્ધિ પણ ન પામે. (૪)

૨૫–તીર્થંકરના શરીરમાં તથા તીર્થંકરની પ્રતિમામાં ઉપયોગમાં આવે તેવા પૃથ્વીકાય વિગેરે ભાવોને પણ અભવ્યોએ કદી પ્રાપ્ત કર્યા નથી. (૫)

૨૬–ચક્રવર્તીનાં ચૌદરત્નપણું અને ૨૭–વિમાનાધિપતિપણું કદી પામ્યા નથી. વલી સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વિગેરે ભાવો પણ ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવના પામ્યા નથી. (૬)

અભવ્યજીવો ૨૮–અનુભવ જ્ઞાનથી યુક્ત શ્રીજિનેશ્વરોની ભક્તિ, ૨૯–સાધર્મિઓનું વાત્સલ્ય, ૩૦–સંસારથી (સંવેગ) વૈરાગ્યપણું તેમજ ૩૧–શુક્લપાક્ષિકપણું ન પામે. (૭)

जिणजणयजणणीजाया, जिणजक्खाजक्खिणीजुगपहाणा।
आयरियपयाइदसगं, परमत्थगुणड्ढमप्पत्तं ॥८॥

अणुबंधहेउसरूवा, तत्थ अहिंसा तिहा जिणुदिट्ठा।
दव्वेण य भावेण य, दुहा वि तेसिं न संपत्ता ॥९॥

૩૨–જિનેશ્વરની માતા, પિતા, સ્ત્રી, જક્ષ, જક્ષણી અને ૩૩–યુગપ્રધાન પણ નથી થયા. વલી ૩૪–પારમાર્થિક (સાચા) ગુણોથી યુક્ત એવાં આચાર્યપદ વિગેરે દસ પદો પણ પામ્યા નથી. (૮)

વલી ૩૫–'અનુબન્ધ, હેતુ અને સ્વરૂપ' એમ ત્રણ પ્રકારે શ્રીજિનેશ્વરે કહેલી અહિંસા પણ દ્રવ્યથી કે ભાવથી તેઓને કદી પ્રાપ્ત થઈ નથી. (૯)

॥अथ पुण्यपापफलकुलकम् ॥

छत्तीसदिणसहस्सा, वाससये होइ आउपरिमाणं ।
झिज्झंतं पइसमयं, पिच्छिय धम्मम्मि जइअव्वं ॥१॥
जइ पोसहसामइओ, तवनियमगुणेहि गमइ एगदिणं ।
ता बंधइ देवाउं, इत्तियमित्ताइ पलियाइं ॥२॥
सगवीसं कोडीसया, सतहत्तरी कोडिलक्ख सहसा य ।
सत्तसयसत्तहुत्तरि, नवभागा सत्त पलियस्स ॥३॥
अट्ठासीई सहस्सा, वाससए दुण्णिलक्ख पहराणं ।
एगो वि अ जइ पहरो, धम्मजुओ ता इमो लाहो ॥४॥

સો વરસના આયુષ્યવાળાને છત્રીસ હજાર દિવસનું પ્રમાણ હોય છે. તે સમયે સમયે ઓછું થતું જાય છે, એમ જાણીને ધર્મમાં યત્ન કરવો. (૧)

જો કોઇ જીવ પોસહ સામાયિક પૂર્વક તપ અને પાપનો ત્યાગ વિગેરે ગુણોની સેવામાં એક દિવસ ગાળે તો તે ત્રીજી ગાથામાં કહીશું તેટલા પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય બાંધે છે. (૨)

સત્તાવીસસો ક્રોડ, સત્યોતેર ક્રોડ, સત્યોતેર લાખ, સત્યોતેરહજાર, સાતસો ને સત્યોતેર એટલા પલ્યોપમ અને ઉપર એક પલ્યોપમના નવ ભાગ કરીએ તેવા સાત ભાગ $\frac{૭}{૯}$ એટલું દેવગતિનું આયુષ્ય (એક પોસહ કરનારો) બાંધે છે. (૩)

એક સો વર્ષના આયુષ્યમાં કુલ બે લાખ અને

तिसयसगचत्तकोडि, लक्खा बावीस सहस बावीसा ।
दुसय दुवीस दुभागा, सुराउबंधो य इगपहरे ॥५॥

दसलक्ख असीयसहसा, मुहूत्तसंखा य होइ वाससए ।
जइ सामाइअसहिओ, एगो वि अ ता इमो लाहो ॥६॥

बाणवई कोडीओ, लक्खा गुणसट्ठि सहस पणवीसं ।
नवसयपणवीसजुआ, सतिहा अडभाग पलियस्स ॥७॥

અઠ્યાસી હજાર પ્રહર થાય, તેમાંથી જો એક પણ પ્રહર ધર્મયુક્ત જાય, તો તેને આગળ કહીશું તેટલો લાભ થાય છે. (૪)

ત્રણસો સુડતાલીસ ક્રોડ, બાવીસ લાખ, બાવીસ હજાર, અસો અને બાવીસ અને ઉપર પલ્યોપમના નવભાગ કરીયે તેવા બે ભાગ $\frac{2}{9}$ પલ્યોપમ એટલું દેવગતિનું આયુષ્ય એક પ્રહર સુધી ધર્મ (સમતા) કરવાથી બંધાય છે. (૫)

સો વર્ષના આયુષ્યમાં મુહૂર્તો (બે ઘડીઓ) દસ લાખ અને એંશી હજાર થાય, તેમાનું જો એક મુહૂર્ત પણ સામાયિકમાં જાય તો આગળની ગાથામાં કહીશું તેટલો લાભ થાય છે. (૬)

બાણું ક્રોડ, એગણસાઠ લાખ, પચીસ હજાર, નવસો પચ્ચીસ અને ઉપર એક પલ્યોપમના નવ ભાગ કરીયે તેવા એક તૃતીયાંશ સહિત આઠ ભાગ $\frac{8}{9}+\frac{1}{3}$ (૯૨૫૯૨૫૯૨૫ $\frac{8}{9}+\frac{1}{3}$ પલ્યોપમ) એટલું દેવગતિનું આયુષ્ય બે ઘડીના સામાયિકમાં બંધાય છે. (૭)

વાસસયે ઘડિઆણં, લક્ખા ઇગવીસ સહસ તહ સટ્ઠી ।
એગા વિ અ ધમ્મજુઆ, જાઇ તા લાહો ઇમો હોઇ ॥૮॥

છાયાલકોડી ગુણતીસ, લક્ખ બાસટ્ઠી સહસ્સ સયનવગં ।
તેસટ્ઠિ કિંચૂણા, સુરાઉ બંધેઇ ઇગઘડિએ ॥૯॥

સટ્ઠી અહોરત્તેણં, ઘડીઆઓ જસ્સ જંતિ પુરિસસ્સ ।
નિયમેણ વિરહિઆઓ, સો દિઅહઓ નિષ્ફલો તસ્સ ॥૧૦॥

ચત્તારિ અ કોડિસયા, કોડીઓ સત્તલક્ખ અડયાલા ।
ચાલીસં ચ સહસ્સા, વાસસએ હુંતિ ઊસાસા ॥૧૧॥

એક સો વર્ષમાં ઘડીઓ એકવીસ લાખ અને સાઠ હજાર થાય, તેમાંથી એક ઘડી પણ જો ધર્મયુક્ત જાય, તો આગલી ગાથામાં કહેશે તેટલો લાભ થાય છે. (૮)

છેંતાલીસ ક્રોડ, ઓગણત્રીસ લાખ, બાસઠ હજાર નવસો અને ત્રેંસઠ પલ્યોપમમાં કિંશ્ચિત્ ન્યૂન એટલું દેવગતિનું આયુષ્ય એક ઘડીની સમતાથી બંધાય. (૯)

એક દિવસ રાત્રીની મળી સાઠે ય ઘડીયો જે પુરૂષની (જીવની) વ્રત-નિયમથી રહિત જાય તે જીવને તે રાત્રિદિવસ સમ્પૂર્ણ નિષ્ફળ ગયો જાણવો. (૧૦)

એક ઘડીમાં એક હજાર આઠસો સાડીછ્યાશી શ્વાસોચ્છવાસ થાય તે પ્રમાણે એકસો વર્ષમાં ચારસો સાત ક્રોડ, અડતાલીસ લાખ, ચાલીસ હજાર (૪૦૭૪૮૪૦૦૦) શ્વાસોચ્છવાસ થાય છે. (૧૧)

इक्को वि अ ऊसासो, न य रहिओ होइ पुण्णपावेहिं ।
जइ पुण्णेणं सहिओ, एगो वि अ ता इमो लाहो ॥१२॥

लक्ख दुग सहस पणचत्त, चउसया अट्ठ चेव पलियाइं ।
किंचूणा चउभागा, सुराउबंधो इगूसासे ॥१३॥

एगुणवीसं लक्खा, तेसट्ठी सहस्स दुसयसतसट्ठी ।
पलियाइं देवाउं, बंधइ नवकारउस्सग्गे ॥१४॥

તેમાંથી એક પણ શ્વાસોચ્છવાસ પુણ્ય'કે' પાપથી રહિત હોય નહિ, જો તેમાંનો એક શ્વાસોચ્છવાસ પણ પુણ્ય સહિત જાય તો તેનો આગલી ગાથામાં કહેશે તેટલો લાભ થાય છે. (૧૨)

બે લાખ, પિસ્તાલીસ હજાર, ચારસોને આઠ પલ્યોપમ ઉપર એક પલ્યોપમના નવ ભાગ કરીએ તેવા કંઈક ન્યૂન ચાર ભાગ, એટલું (૨૪૫૪૦૮$\frac{૪}{૯}$ કંઈક ન્યૂન) દેવગતિનું આયુષ્ય એક શ્વાસોચ્છવાસ માત્ર ધર્મ (સમતા) કરવાથી બંધાય છે. (૧૩)

(એક નવકારના કાયોત્સર્ગમાં આઠ શ્વાસોચ્છવાસ થાય માટે) ઓગણીસ લાખ, ત્રેંસઠ હજાર, બસોને સડસઠ પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય એક નવકારમન્ત્ર (આઠ શ્વાસોચ્છવાસ)નો કાયોત્સર્ગ કરનારો જીવ બાંધે. (૧૪)

लक्खिगसट्ठी पणतीस, सहस दुसय दसपलिय देवाउ ।
बंधइ अहियं जीवो, पणवीसूसासउस्सग्गे ॥१५॥

एवं पावपराणं, हवेइ निरयाउअस्स बंधो वि ।
इअ नाउं सिरिजिणकित्ति–अम्मि धम्मम्मि उज्जमह ॥१६॥

એકસઠ લાખ, પાંત્રીસ હજાર, બસોને દસ પલ્યોપમથી કંઇક અધિક દેવગતિનું આયુષ્ય પચ્ચીસ શ્વાસોચ્છવાસ (એક લોગસ્સ)નો કાઉસ્સગ્ગ કરનાર જીવ બાંધે. (૧૫)

હે ભવ્ય જીવો ! એ પ્રમાણે પાપ કરનારને ઉપર જણાવ્યું તેટલા તેટલા પલ્યોપમનો નરકના આયુષ્યનો બન્ધ પણ હોય છે, એમ જાણીને શ્રી જિનેશ્વરે કહેલા ધર્મને વિષે ઉદ્યમ કરો, અહીં કર્તાએ પોતાનું ('શ્રીજિનકીર્તિ') એવું નામ સૂચવ્યું છે. (૧૬)

॥ अथ गौतमकुलकम् ॥

लुद्धा नरा अत्थपरा हवंति, मूढा नरा कामपरा हवंति ।
बुद्धा नरा खंतिपरा हवंति, मिस्सा नरा तिन्नि वि
आयरंति ॥१॥

ते पंडिया जे विरया विरोहे, ते साहुणो जे समयं चरंति ।
ते सत्तिणो जे न चलंति धम्मे, ते बंधवा जे वसणे हवंति ॥२॥

कोहाभिभूया न सुहं लहंति, माणंसिणो सोयपरा हवंति ।
मायाविणो हुंति परस्स पेसा, कुद्धा महिच्छा नरयं उविंति ॥३॥

લોભી પુરૂષો ધન મેળવવામાં તત્પર હોય છે. મૂર્ખ પુરૂષો કામ-ભોગમાં તત્પર હોય છે. તત્ત્વના જાણ પુરૂષો ક્ષમામાં તત્પર હોય છે અને મિશ્ર પુરૂષો ધન, કામ અને ક્ષમા, ત્રણેમાં તત્પર હોય છે. (૧)

જે વિરોધથી (વૈરથી) વિરમ્યા તે જ સાચા પણ્ડિતો છે, જે સિદ્ધાન્તની રીતે ચાલે તે જ સાચા સાધુઓ છે, જે ધર્મથી ન ચળે તે જ સાચા સત્ત્વવંત છે અને જે આપદા સમયે આપણા (સહાયક) થાય તે જ સાચા બાન્ધવો છે. (૨)

જેઓ ક્રોધથી હારેલા (ક્રોધી) હોય તે જીવો સુખ ન પામે, માની ભવિષ્યમાં શોકાતુર દશા પામે, માયાવી ભવિષ્યમાં પારકા ચાકર થાય અને લોભની ઘણી તૃષ્ણા વાળા જીવો નરકમાં ઉપજે છે. (૩)

कोहो विसं किं अमयं अहिंसा, माणो अरी किं हियमप्पमाओ।
माया भयं किं सरणं तु सच्चं, लोहो दुहं किं सुहमाह तुट्ठि ॥४॥
बुद्धी अचंडं भयए विणीयं, कुद्धं कुसीलं भयए अकित्ती।
संभिन्नवित्तं भयए अलच्छी, सच्चे ट्ठियं संभयए सिरी य ॥५॥
चयंति मित्ताणि नरं कयग्घं, चयंति पावाइं मुणिं जयंतं।
चयंति सुक्काणि सराणि हंसा, चयंति बुद्धी कुवियं मणुस्सं ॥६॥
अरोइयत्थे× कहिए विलावो, असंपहारे कहिए विलावो।
विक्खित्तचित्ते कहिए विलावो, बहु कुसीसे कहिए विलावो ॥७॥

ક્રોધ મહા ઝેર છે અને અહિંસા અમૃત છે, માન દુષ્ટ શત્રુ છે અને અપ્રમાદ હિતસ્વી છે, માયા મહાભય રૂપ છે અને સત્ય શરણું છે તથા લોભ મહા દુઃખ છે અને સંતોષ પરમ સુખ કહ્યું છે. (૪)

વિનયવંત અને સૌમ્ય પ્રકૃતિવાળા માણસને બુદ્ધિ ભજે છે, ક્રોધી અને કુશીલિયાને અપકીર્તિ ભજે છે, વ્રત ભાગનાર (ભ્રષ્ટાચારી)ને અલક્ષ્મી (દરિદ્રતા) ભજે છે અને સત્યમાં સ્થિર રહેનારને લક્ષ્મી સુન્દર સેવા કરે છે. (૫)

કૃતઘ્ન પુરૂષને મિત્રો તજે છે, જયણાવાળા મુનિને પાપો તજે છે, સુકાઇ ગયેલાં સરોવરોને હંસપક્ષીઓ તજે છે અને કોપવંત મનુષ્યને બુદ્ધિ (સદ્‌વિચારો) તજે છે. (૬)

સાંભળનારને ન રૂચે તેવી વાત કહેવી તે વિલાપ

×કોઇ ગ્રન્થમાં 'अईयअत्थे' પાઠ છે, તેનો અર્થ 'સમય ગયા પછી કહેવું તે વિલાપ તુલ્ય છે' એમ કરવો.

दुट्ठा निवा दंडपरा हवंति, विज्जाहरा मंतपरा हवंति ।
मुक्खा नरा कोवपरा हवंति, सुसाहुणो तत्तपरा हवंति ॥८॥

सोहा भवे उग्गतवस्स खंती, समाहिजोगो पसमस्स सोहा ।
नाणं सुझाणं चरणस्स सोहा, सीसस्स सोहा विणए पवित्ती ॥९॥

अभूसणो सोहइ बंभयारी, अकिंचणो सोहइ दिक्खधारी ।
बुद्धिजुओ सोहइ रायमंती, लज्जाजुओ सोहइ एगपत्ती ॥१०॥

કરવા તુલ્ય છે; એકાગ્રતા વગરના જીવને કંઇ કહેવું તે વિલાપ કરવા તુલ્ય છે; પરવશ ચિત્તવાળાને કંઇ કહેવું તે વિલાપ તુલ્ય છે અને કુશિષ્યને ઘણું કહેવું તે પણ વિલાપ તુલ્ય છે. (૭)

દુષ્ટ રાજાઓ દંડવામાં તત્પર હોય છે. વિદ્યાધરો મન્ત્ર સાધવામાં તત્પર હોય છે. મૂર્ખ પુરૂષો કોપ કરવામાં તત્પર હોય છે અને ઉત્તમ સાધુઓ તત્ત્વ (પરમાર્થ) સાધવામાં તત્પર હોય છે. (૮)

ક્ષમા ઉગ્ર તપની શોભા છે સમાધિયોગ તે ઉપશમની શોભા છે. જ્ઞાન અને શુભ ધ્યાન તે ચારિત્રની શોભા છે અને વિનયમાં પ્રવૃત્તિ કરવી તે શિષ્યની શોભા છે. (૯)

બ્રહ્મચારી આભૂષણ વિના પણ શોભે છે. દીક્ષાધારી અકિંચનપણે (પરિગ્રહના ત્યાગથી) શોભે છે, રાજાનો મન્ત્રી બુદ્ધિયુક્ત હોય તો શોભે છે તથા લજ્જાળુ મનુષ્ય એક-પત્નીવ્રત પાળવાથી શોભે છે. (૧૦)

અપ્પા અરી હોઇ અણવટ્ઠિઅસ્સ, અપ્પા જસો સીલમઓ નરસ્સ ।
અપ્પા દુરપ્પા અણવટ્ઠિયસ્સ, અપ્પા જિઅપ્પા સરણં ગઈ ય ॥૧૧॥

ન ધમ્મકજ્જા પરમત્થિ કજ્જં, ન પાણિહિંસા પરમં અકજ્જં ।
ન પેમરાગા પરમત્થિ બંધો, ન બોહિલાભા પરમત્થિ લાભો ॥૧૨॥

ન સેવિયવ્વા પમયા પરક્કા, ન સેવિયવ્વા પુરિસા અવિજ્જા ।
ન સેવિયવ્વા અહમા નિહીણા, ન સેવિયવ્વા પિસુણા મણુસ્સા ॥૧૩॥

અનવસ્થિત (ચપળ) ચિત્તવાળાને (વિષયાસક્ત જીવને) તેનો પોતાનો જ આત્મા વૈરી છે. શીલવંત પુરૂષોનો આત્મા એ જ તેનો યશ છે, અનવસ્થિત ચિત્તવાળાને (અસંયમીને) પોતાનો જ આત્મા દુરાત્મા છે અને ઇન્દ્રિયોને જીતી મનને વશ કરે, તે જિતાત્માને તે પોતે જ શરણ અને આશ્રયભૂત થાય છે. (૧૧)

ધર્મ કાર્યોથી શ્રેષ્ઠ બીજું કોઇ કાર્ય નથી. જીવહિંસાથી ઉત્કૃષ્ટ કોઈ અકાર્ય નથી. પ્રેમરાગના બન્ધનથી ઉત્કૃષ્ટ બન્ધન નથી અને બોધિલાભથી ઉત્કૃષ્ટ બીજો કોઈ લાભ નથી. (૧૨)

ડાહ્યા પુરૂષે પરસ્ત્રીને ન સેવવી, વિદ્યાહીન પુરૂષોને ન સેવવા, (ઉચ્ચ કુલવાળા છતાં) આચારથી અધમ હોય તેને તથા નીચ કુલવાળાને ન સેવવા તથા ચાડિયા એટલે દુષ્ટ પુરૂષોને પણ ન સેવવા (એટલાનો સંગ તજવો.) (૧૩)

જે ધમ્મિયા તે ખલુ સેવિયવ્વા, જે પંડિયા તે ખલુ પુચ્છિયવ્વા।
જે સાહુણો તે અભિનંદિયવ્વા, જે નિમ્મમા તે પડિલાભિયવ્વા
॥૪૧॥

પુત્તા ય સીસા ય સમં વિભત્તા, રિસી ય દેવા ય સમં વિભત્તા।
મુક્ખા તિરિક્ખા ય સમં વિભત્તા, મુઆ દરિદ્દા ય સમં
વિભત્તા ॥૧૫॥

સવ્વા કલા ધમ્મકલા જિણાઇ, સવ્વા કહા ધમ્મકહા જિણાઇ।
સવ્વં બલં ધમ્મબલં જિણાઇ, સવ્વં સુહં ધમ્મસુહં જિણાઇ॥૧૬॥

જે ધર્મવંત હોય તે પુરૂષોને નિશ્ચે સેવવા, જે પણ્ડિત હોય તે પુરૂષોને જ પૂછવા યોગ્ય પૂછવું, જે સાધુ–સત્પુરૂષ હોય તેની જ પ્રશંસા સ્તુતિ કરવી અને જે નિર્મમ હોય તેઓને આહાર વિગેરેનું દાન આપવું. (૧૪)

ડાહ્યાઓએ સુપુત્રો અને વિનીત શિષ્યો એ બેઉને સરખા કહ્યા છે, ઋષિઓને અને દેવોને સરખા કહ્યા છે, મૂર્ખાઓને અને તિર્યંચોને સરખા કહ્યા છે અને મરણ પામેલા અને દરિદ્ર એ બેઉને સરખા કહ્યા છે. (અર્થાત્ તે તેઓના જેવા ગણ્યા છે.) (૧૫)

સર્વ કળાઓને એક ધર્મકળા જીતે છે, સર્વ કથાઓને એક ધર્મની કથા જીતે છે, સર્વ બળોને એક ધર્મનું બળ જીતનારૂં છે અને સર્વ પ્રકારનાં સુખોને ધર્મનું (સમતાનું) સુખ જીતે છે. (અર્થાત્ ધર્મ સર્વ વિષયમાં વિજયવંત છે.) (૧૬)

जूए पसत्तस्स धणस्स नासो, मंसे पसत्तस्स दयाइ नासो।
मज्जे पसत्तस्स जसस्स नासो, वेसापसत्तस्स कुलस्स नासो
॥१७॥

हिंसापसत्तस्स सुधम्मनासो, चोरीपसत्तस्स सरीरनासो।
तहा परत्थिसु पसत्तयस्स, सव्वस्स नासो अहमा गई य ॥१८॥

दाणं दरिद्दस्स पहुस्स खंति, इच्छानिरोहो य सुहोइयस्स।
तारुण्णए इंदियनिग्गहो य, चत्तारि एआणि सुदुक्कराणि ॥१९॥

જુગાર રમવામાં આસક્ત હોય તેના ધનનો નાશ થાય, માંસમાં આસક્ત હોય તેની દયાનો નાશ થાય, મદિરામાં આસક્ત હોય તેનો જશ નાશ પામે અને વેશ્યામાં આસક્ત હોય તેના કુલનો નાશ થાય. (૧૭)

જીવહિંસામાં આસક્ત હોય તેના ઉત્તમ ધર્મનો (દયાનો) નાશ થાય, ચોરીમાં આસક્ત હોય તેના શરીરનો નાશ (ફાંસી) થાય અને પરસ્ત્રીમાં આસક્ત હોય તેના સર્વસ્વનો (સર્વ ગુણોનો) નાશ થાય; એટલું જ નહિ તેઓ મરીને પણ અધમ ગતિને પામે. (૧૮)

દરિદ્ર અવસ્થામાં દાન દેવું દુષ્કર, પ્રભુપણામાં (સત્તાધીશ થઈને) ક્ષમા રાખવી દુષ્કર, સુખોચિત પ્રાણીને (તીવ્ર ભોગાવળી કર્મના ઉદયવાળાને) ઇચ્છાનો રોધ કરવો દુષ્કર અને તરૂણાવસ્થામાં ઇન્દ્રિયનો નિગ્રહ કરવો દુષ્કર છે; એ ચારે વાનાં અતિ દુષ્કર જાણવાં. (૧૯)

असासयं जीवियमाहु लोए, धम्मं चरे साहु जिणोवइट्ठं ।
धम्मो य ताणं सरणं गई य, धम्मं निसेवित्तु सुहं लहंति॥२०॥

જગતમાં જીવિતવ્યને અશાશ્વત [નાશવંત] કહ્યું છે, (તેથી) હે ભવ્યો ! જિનેશ્વર મહારાજે ઉપદેશેલા સુન્દર ધર્મમાં પ્રવર્તો. કારણ કે એ ધર્મ જ ત્રાણ-શરણભૂત અને રૂડી ગતિને આપનારો છે. એવા ધર્મને જે પ્રાણી સેવે છે, તે પ્રાણી નિશ્ચે શાશ્વત સુખને પામે છે. (૨૦)

આ કુલકના મૂળ રચયિતા પ્રાચીન ગૌતમઋષિ છે એમ આની વૃત્તિના પ્રારંભમાં જણાવ્યું છે.

આ કુલક ઉપર ખરતરગચ્છાચાર્ય શ્રીજિનહંસસૂરિ શિષ્ય શ્રીપુણ્યસાગર ઉપાધ્યાયના શિષ્ય ઉ૦ પદ્મરાજગણીના શિષ્ય શ્રીજ્ઞાનતિલકગણીએ વિ.સં.૧૬૬૦માં વૃત્તિ રચી છે, તેમાં ૬૯ કથાઓ આપી વિષયને સુબોધ-સુદૃઢ બનાવ્યો છે.

॥ अथ आत्मावबोधकुलकम् ॥

धम्मप्पहरमणिज्जे, पणमित्तु जिणे महिंदनमणिज्जे ।
अप्पावबोहकुलयं, वुच्छं भवदुक्खकयपलयं ॥१॥

अत्तावगमो नज्जइ, सयमेव गुणेहिं किं बहु भणसि ? ।
सूरुदओ लक्खिज्जइ, पहाइ न उ सवहनिवहेणं ॥२॥

दम–सम–समत्त–मित्ती–संवेअ–विवेअ–तिव्वनिव्वेआ ।
एए पगूढअप्पा–वबोहबीअस्स अंकुरा ॥३॥

जो जाणइ अप्पाणं, अप्पाणं सो सुहाणं न हु कामी ।
पत्तम्मि कप्परुक्खे. रुक्खे किं पत्थणा असणे? ॥४॥

ધર્મની પ્રભા વડે રમણીય અને મહેન્દ્રો વડે નમનીય એવા શ્રી જિનેન્દ્રોને પ્રણામ કરી ભવદુઃખનો પ્રલય કરનારૂં એવું આત્માવબોધ (અનુભવ) કુલક કહીશ. (૧)

જેમ સૂર્યઉદય તેજથી મનાય છે, તેજ સિવાય ઘણા સોગન ખાવાથી પણ તે મનાતો નથી, તેમ આત્મબોધ સ્વયં આત્મગુણો વડે જ જણાઇ આવે છે, (આત્મગુણ વિના) સંખ્યાબંધ સોગન ખાવાથી આત્મબોધ થતો નથી, માટે હે જીવ ! તું વધારે શા માટે બોલે છે ? શા માટે સ્વ પ્રશંસા કરે છે ? (૨)

મન–ઇન્દ્રિયોનું દમન, વિષય–કષાયનું શમન, સમ્યક્ત્વ, મૈત્રી, સંવેગ વિવેક અને તીવ્ર નિર્વેદ, એ ગુપ્ત રહેલા આત્મજ્ઞાન રૂપ બીજના સઘળા અંકુરા છે. (૩)

निअविन्नाणे निरया, निरयाइ दुहं लहंति न कया वि ।
जो होइ मग्गलग्गो, कह सो निवडेइ कूवम्मि ? ॥५॥

तेसिं दूरे सिद्धी, रिद्धी रणरणयकारणं तेसिं ।
तेसिमपुण्णा आसा, जेसिं अप्पा न विन्नाओ ॥६॥

ता दुत्तरो भवजलही, ता दुज्जेओ महालओ मोहो ।
ता अइविसमो लोहो, जा जाओ नो निओ बोहो ॥७॥

જે આત્માને જાણે છે, તે (સંયોગ વિયોગ ધર્મવાળા સંસારના) અલ્પસુખોનો કામી નથી હોતો. જેને કલ્પવૃક્ષ પ્રાપ્ત થયું હોય તે આસનના (આહનના) વૃક્ષની પ્રાર્થના કેમ કરે? (૪)

આત્મસ્વરૂપના જ્ઞાનમાં (સમભાવમાં) નિરન્તર રક્ત એવા જીવો નરક, તિર્યંચ વિગેરેનાં દુઃખો કદાપિ પામતા નથી, કારણ કે જે આત્મવિજ્ઞાનરૂપી (સ્વસંવેદનરૂપી) સીધી સડક પર ચાલે, તે જીવ (નરકાદિનાં દુઃખો જેમાં છે એવા સંસારરૂપી) કૂવામાં કયા કારણે પડે? (૫)

જેઓને આત્મા ઓળખાણો નથી, તેઓથી સિદ્ધિ (મોક્ષ) દૂર જ રહે છે, લક્ષ્મી પણ તેઓને દુઃખોનું (કલહાદિનું) કારણ થાય છે અને તેઓની આશાઓ અપૂર્ણ રહે છે. (૬)

ત્યાં સુધી જ ભવસમુદ્ર દુસ્તર છે, મહા મોહ પણ ત્યાં સુધી જ દુર્જય છે અને અતિ આકરો લોભ પણ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી આત્મજ્ઞાન નથી થયું. (૭)

જેણ સુરાસુરનાહા, હા હા અણાહુવ્વ વાહિયા સો વિ ।
અજ્ઝપ્પઝાણજલણે, એઇ પયંગત્તણં કામો ॥૮॥
જં બદ્ધું પિ ન ચિટ્ઠઇ, વારિજ્જંતં વિસરઇ અસેસે
(પસરઇ અસેસે) ।
ઝાણબલેણં તં પિ હુ, સયમેવ વિલિજ્જએ ચિત્તં ॥૯॥
બહિરંતરંગભેયા, વિવિહા વાહી ન દિંતિ તસ્સ દુહં ।
ગુરુવયણાઓ જેણં, સુહઝ્ઝાણરસાયણં પત્તં ॥૧૦॥
જિઅમપ્પચિંતણપરં, ન કોઇ પીડેઇ અહવ પીડેઇ ।
તા તસ્સ નત્થિ દુક્ખં, રિણમુક્ખં મન્નમાણસ્સ ॥૧૧॥

અરે ! જેણે સુરેન્દ્રોને અને અસુરેન્દ્રોને પણ અનાથની પેઠે પીડિત (વશ) કર્યા છે, તે પ્રબળ કામ પણ અધ્યાત્મ (આત્મ) ધ્યાન રૂપ અગ્નિમાં પતંગિયાની પેઠે ભસ્મ થઈ જાય છે. (૮)

શુભ ભાવના (ચિન્તન) વિગેરેથી બાંધવા છતાં પણ જે મન સ્થિર રહેતું નથી, અભિગ્રહાદિથી વાર્યા છતાં પણ અનેકાનેક વિચારોમાં ખસી જાય છે (પહોંચી જાય છે), તેવું દુર્જય ચપળ મન પણ આત્મ ધ્યાનના બલ વડે પોતાની મેળે શાન્ત થાય છે. (૯)

જેણે સદ્‌ગુરૂના વચનથી ઉપદેશાયેલું શુદ્ધ આત્મધ્યાનરૂપી રસાયણ પ્રાપ્ત કર્યું (પીધું) છે, તેને બહિરંગ (રોગાદિ) અને અંતરંગ (કામક્રોધાદિ) વિવિધ પ્રકારના વ્યાધિઓ પણ દુઃખ આપી શકતા નથી. (૧૦)

दुक्खाण खाणी खलु रागदोसा, ते हुंति चित्तम्मि
चलाचलम्मि ।
अज्झप्पजोगेण चएइ चित्तं, चलत्तमालाणिअकुञ्जरु व्व ॥१२॥

एसो मित्तममित्तं, एसो सग्गो तहेव नरओ अ ।
एसो राया रंको, अप्पा तुट्ठो अतुट्ठो वा ॥१३॥

लद्धा सुरनररिद्धी, विसया वि सया निसेविया णेण ।
पुण संतोसेण विणा, किं कत्थ वि निव्वुई जाया ? ॥१४॥

જે જીવ આત્મચિન્તનમાં (આત્મધ્યાનમાં) તત્પર થયેલો હોય, તેને કોઇ પીડા કરી શકતું નથી, અથવા કરે તો પણ તેને દુઃખ નથી થતું, કારણ કે તે પીડાઓથી પોતે 'દેવામાંથી હું મુક્ત થાઉં છું' એમ માને છે. (૧૧)

ખરેખર, દુઃખોની ખાણ રાગદ્વેષ છે અને રાગ દ્વેષની ઉત્પત્તિ ચિત્ત ચલાયમાન થવાથી થાય છે. જેમ આલાનરૂપી સ્તંભે (ખીલે) બાંધેલો હાથી ચપળપણાનો ત્યાગ કરે છે, (શાન્ત ઉભો રહે છે) તેમ અધ્યાત્મયોગથી ચિત્ત પણ ચપલતાનો ત્યાગ કરે છે. (૧૨)

આત્મા પોતાના ગુણોમાં તુષ્ટમાન થયો તો પોતે જ પોતાનો મિત્ર છે, પોતે જ સ્વર્ગ છે અને પોતે જ રાજા પણ છે અને જો તુષ્ટમાન ન થયો તો પોતે જ પોતાનો શત્રુ છે, પોતે જ નરક છે તેમ પોતે રંક પણ છે, આમ આત્માની ઉત્તમ કે અધમસ્થિતિ પોતાને જ આધીન છે. (૧૩)

जीव! सयं चिअ निम्मिअ–तणुधणरमणीकुडुंबनेहेणं ।
मेहेणिव दिणनाहो, छाइज्जसि तेअवंतो वि ॥१५॥
जं वाहिवालवेसा–नराण तुह वेरिआण साहीणे ।
देहे तत्थ ममत्तं, जिअ! कुणमाणो वि किं लहसि? ॥१६॥
वरभत्तपाणण्हाणय–सिंगारविलेवणेहिं पुट्ठो वि ।
निअपहुणो (णा) विहडंतो, सुणए (हे) ण वि न सरिसो देहो ॥१७॥

આ જીવે દેવોની અને મનુષ્યોની ઋદ્ધિ પણ મેળવી અને ત્યાં બધે વિષયો પણ સદૈવ વારંવાર સેવ્યા, તથાપિ સંતોષ વિના શું તેને કોઇપણ ઠેકાણે જરા પણ શાન્તિ થઇ છે? અર્થાત્ નથી થઇ. (૧૪)

જેમ તેજસ્વી પણ સૂર્ય મેઘ વડે આચ્છાદિત થાય છે, (ઢંકાઇ જાય છે) તેમ હે જીવ! તું લોકાલોકપ્રકાશક એવા જ્ઞાનપ્રકાશથી તેજસ્વી સૂર્ય સરખો છે, છતાં તેં તારી પોતાની મેળે જ ઉત્પન્ન કરેલાં શરીર, ધન, સ્ત્રી અને કુટુમ્બના સ્નેહથી તું આચ્છાદિત થયો છે, (ઢંકાઈ ગયો છે,) તેથી તારું જ્ઞાન તને થતું નથી, તું તેને ઓળખી શકતો નથી. (૧૫)

વળી તારો આ દેહ વ્યાધિ, સર્પ અને અગ્નિ સરખા વિષય કષાયાદિરૂપ તારા જ અંતરંગ શત્રુઓને સ્વાધીન છે, તે દેહ ઉપર મમત્વ કરવાથી હે જીવ! તું શું ફાયદો મેળવીશ? (૧૬)

कट्ठाइ कडुअ बहुहा, जं धणमावज्जिअं तए जीव ! ।
कट्ठाइ तुज्झ दाउं, तं अंते गहिअमन्नेहिं ॥१८॥

जह जह अन्नाणवसा, धणधन्नपरिग्गहं बहुं कुणसि ।
तह तह लहुं निमज्जसि, भवे भवे भारिअतरि व्व ॥१९॥

जा सुविणे वि हु दिट्ठा, हरेइ देहीण देहसव्वस्सं ।
सा नारी मारी इव, चयसु तुह दुब्बलत्तेणं ॥२०॥

ઉત્તમ ભોજન, સ્વાદિષ્ટ પીણું, સ્નાન, શૃંગાર અને વિલેપનાદિથી પોષણ (પુષ્ટિ) કર્યા છતાં, પોતાના માલિકને છોડી દેનાર (અથવા પાલકને પણ અનર્થ કરનાર) કૃતઘ્ન આ દેહ શ્વાન જેટલો પણ કૃતજ્ઞ નથી. (કૂતરો પણ માલિકની રક્ષા–સેવા કરે છે તેટલું પણ દેહ કરતો નથી. (૧૭)

હે જીવ! બહુ બહુ પ્રકારે ટાઢ, તડકા, ભૂખ, તૃષા તથા જંગલોનાં અને સમુદ્રનાં અણગમતાં કષ્ટો સહન કરી તેં જે ધન ઉપાર્જ્યું, તે ધને પણ તને મૂર્છા પેદા કરીને કષ્ટ જ આપ્યું છે અને તારી નજર સામે જ તે અગ્નિ–ચોર–રાજાદિને વશ થયું, બીજાઓ લઈ ગયા, ત્યાં તારું કંઈ પણ જોર ચાલ્યું નથી. (૧૮)

હે જીવ! જેમ જેમ તું અજ્ઞાનને વશ થઈ ધનધાન્યાદિ પરિગ્રહ ઘણો એકઠો કરીશ, તેમ તેમ પ્રમાણથી અધિક ભાર ભરેલું નાવ સમુદ્રમાં ડૂબે તેમ તું ભવોભવ સંસાર-સમુદ્રમાં જલ્દી ડૂબીશ. (૧૯)

अहिलससि चित्तसुद्धिं, रज्जसि महिलासु अहह मूढत्तं ।
नीलीमिलिए वत्थे, धवलिमा किं चिरं ठाई ? ॥२१॥
मोहेण भवे दुरिए, बंधिअ खित्तोसि नेहनिगडेहिं ।
बंधवमिसेण मुक्का, पाहरिआ तेसु को राओ ? ॥२२॥
धम्मो जणओ करुणा, माया भाया विवेगनामेणं ।
खंती पिया सुपुत्तो, गुणो कुडुंबं इमं कुणसु ॥२३॥

સ્ત્રી કે જે સ્વપ્નમાં દેખવા માત્રથી પણ મનુષ્યના દેહનું સર્વસ્વ હરી લે છે, તે સ્ત્રીને મારી (મરકી)ના રોગ સરખી સમજીને તું દુર્બળ (અબળા) પણાથી (સત્ત્વ કેળવીને) તેનો ત્યાગ કર. (૨૦)

હે જીવ! તું મનશુદ્ધિની અભિલાષા રાખે છે અને સ્ત્રીઓને વિષે આસક્ત થાય છે, રાગ કરે છે, અહો! શું મૂઢપણું! ગળીમાં બોળેલું વસ્ત્ર કયાં સુધી ઉજ્વળ રહે? અર્થાત્ સ્ત્રીરૂપ ગળીમાં રંગાયેલું મન કદાપિ ઉજ્વળ (શુદ્ધ) નથી રહેતું. (૨૧)

મોહરાજાએ તને સ્નેહરૂપી બેડીઓથી બાંધી સંસારરૂપ બંદીખાનામાં નાખ્યો છે અને બન્ધુઓને (માતા, પિતા, સગા સંબન્ધી વિગેરેને) રક્ષકના બહાનાથી (તું જેલમાંથી નાશી ન જાય માટે) પહેરેગીર તરીકે મૂકયા છે, એમ સંસારમાં પૂરી રાખનારાં જેલર જેવાં તે બાન્ધવાદિ સ્વજનો પ્રત્યે રાગ શા માટે કરવો? (૨૨)

ધર્મ એ જ તારો પિતા, કરૂણા જ તારી માતા, વિવેક તહારો ભ્રાતા, ક્ષમા એ તહારી પ્રિય સ્ત્રી અને જ્ઞાન

अइपालिआहिं पगइत्थिआहिं, जं भामिओसि बंधेउं ।
संते वि पुरिसकारे, न लज्जसे जीव ! तेणं पि ॥२४॥
सयमेव कुणसि कम्मं, तेण य वाहिज्जसि तुमं चेव ।
रे जीव ! अप्पवेरिअ ! अन्नस्स य देसि किं दोसं ॥२५॥
तं कुणसि तं च जपसि, तं चिंतसि जेण पडसि वसणोहे ।
एयं सगिहरहस्सं, न सक्किमो कहिउमन्नस्स ॥२६॥

દર્શન, ચારિત્રાદિ ગુણોરૂપ તારા ઉત્તમ પુત્રો છે એમ તું તારૂં અંતરંગ કુટુમ્બ બનાવ. (તેનો આશ્રય લે.) (૨૩)

હે જીવ ! તારામાં પુરૂષકાર (અનન્ત બળ) હોવા છતાં પણ તેં અતિપાલન કરેલી એવી કર્મ પ્રકૃતિરૂપ તારી સ્ત્રીઓએ તને બાંધીને ચારે ગતિમાં પરિભ્રમણ કરાવ્યું, તેની તને (હજી) પણ શું લજ્જા નથી આવતી ? (૨૪)

હે જીવ ! તારા આત્માનો વૈરી તું પોતે જ કર્મ ઉપાર્જન કરે છે અને તેનાથી જ નિશ્ચય ચારે ગતિમાં તું પરિભ્રમણ કરે છે, છતાં 'અમુકે મારૂં બગાડ્યું' વિગેરે તું બીજાને શા માટે દોષ આપે છે ? (૨૫)

હે આત્મન્ ! તું એવાં કામો કરે છે, એવા શબ્દો બોલે છે અને એવા વિચારો કરે છે, જેથી તું પોતે જ દુઃખના સમુદ્રમાં જઈ પડે છે, આ આપણા પોતાના ઘરની છૂપી વાત બીજાને કહેવાને હું શક્તિમાન નથી, અર્થાત્ ઘરની ગુપ્ત વાત બીજે હું શું કહું ? (એવું હે આત્મા તું પોતાના અશુદ્ધ પર્યાયરૂપ બહિરાત્માને કહે છે.) (૨૬)

પંચિંદિપરા ચોરા, મણજુવરન્નો મિલિત્તુ પાવસ્સ ।
નિઅનિઅત્થનિરત્તા, મૂલટ્ઠું તુજ્ઝ લુંપંતિ ॥૨૭॥
હણિઓ વિવેગમંતી, ભિન્નં ચઉરંગધમ્મચક્કં પિ ।
મુટ્ઠું નાણાઇધણં, તુમં પિ છૂઢો કુગઇકૂવે ॥૨૮॥
ઇત્તિઅકાલં હુંતો, પમાયનિદ્દાઇગલિયચેઅન્નો ।
જઇ જગ્ગિઓ સિ સંપઇ, ગુરુવયણા તા (કિં) ન વેએસિ
॥૨૯॥

હે આત્મન્! પોતપોતાના સ્વાર્થમાં (વિષયમાં) આસક્ત એવા પાંચ ઇન્દ્રિયોરૂપી મહાન ચોરો તારા પાપી મનરૂપી યુવરાજની સાથે મળી જઈને (જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ) તારા મૂળ અર્થને અર્થાત્ તારા આત્મગુણરૂપ મૂળ ધનને લૂંટી રહ્યા છે. (૨૭)

તેઓએ (ઇન્દ્રિઓએ) તારા વિવેકરૂપી મન્ત્રીને હણી નાખ્યો, તારા ચતુરંગ (મનુષ્ય જન્મ, ધર્મ શ્રવણ, શ્રદ્ધા અને સંયમ વીર્યરૂપ) ધર્મ ચક્રને પણ ભેદી નાખ્યું, તારા જ્ઞાનાદિ ધનને ચોરી લીધું અને હવે સમજી લે કે તને પણ દુર્ગતિરૂપી કુવામાં નાખ્યો જ. (અર્થાત્ જલ્દી નહિ ચેતે તો નિશ્ચે દુર્ગતિમાં પડીશ.) (૨૮)

આટલા કાળ સુધી તું પ્રમાદરૂપ નિદ્રાએ કરી ગલિત ચેતનાવાળો (જડ–અજ્ઞાન) હતો, પરન્તુ હવે જો તું સદ્ગુરુનાં વચનોથી જાગ્યો છે, તો પણ તારું સ્વરૂપ તું કેમ જોતો (વિચારતો) નથી? (૨૯) તારું સ્વરૂપ સાંભળ–

लोगपमाणो सि तुमं, नाणमओऽणंतवीरिओ सि तुमं ।
नियरज्जठिइं चिंतसु, धम्मज्झाणासणासीणो ॥३०॥
को व मणो जुवराया, को वा रायाइ रज्जपब्भंसे ।
जइ जग्गिओ सि संपइ, परमेसर ! पविस चेअन्नं ॥३१॥
नाणमओ वि जडो विव, पहू वि चोरु व्व जत्थ जाओ सि ।
भवदुग्गम्मि किं तत्थ, वससि साहीणसिवनयरे ॥३२॥
जत्थ कसाया चोरा, महावया सावया सया घोरा ।
रोगा दुट्ठभुअंगा, आसासरिआ घणतरंगा ॥३३॥

હે આત્મન્ ! તું લોક પ્રમાણ છે (લોકાકાશના પ્રદેશો જેટલા અસંખ્યાતા પ્રદેશવાળો છે), અનંતવીર્ય (શક્તિ) વાન છે, માટે ધર્મ ધ્યાનરૂપી આસને બેસી તારી આત્મ-સામ્રાજ્યની સ્થિતિનો વિચાર કર ! (૩૦)

જો હમણાં તું જાગ્યો છે તો તારી સામે તે મનરૂપી યુવરાજ કોણ છે (શું કરવાનો છે) ? અથવા તને રાજ્યથી ભ્રષ્ટ કરવામાં કયો રાજા વિગેરે (સમર્થ) છે ? તારી ચેતનામાં (અનંત જ્ઞાનમાં) પ્રવેશ કર ! તારૂં સ્વરૂપ (બળ) જો ! તું પરમેશ્વર છે. (સર્વથી સમર્થ છે.) (૩૧)

જ્ઞાનમય છતાં તું જ જડ જેવો થઇ ગયો છે, ધણી હોવા છતાં ચોર જેવો બની ગયો છે; મોક્ષનગર તારે સ્વાધીન હોવા છતાં તે ભવ દુર્ગમાં (સંસારરૂપી સખત કેદખાનામાં) કેમ પુરાઈ રહ્યો છે? (૩૨)

(ભવરૂપ દુર્ગ કેવો છે તે કહે છે કે) જ્યાં ચાર

चिन्ताडवी सकट्टा, बहुलतमा सुंदरी दरी दिट्ठा ।
खाणी गई अणेगा, सिहराइं अट्ठमयभेआ ॥३४॥

रयणिअरो मिच्छत्तं, मणदुक्कडओ सिला ममत्तं च ।
तं भिंदसु भवसेलं, झाणासणिणा जिअ! सहेलं ॥३५॥

जत्थत्थि आयनाणं, नाणं विआण सिद्धिसुहयं तं ।
सेसं बहुं वि अहियं, जाणसु आजीविआमित्तं ॥३६॥

કષાયો ચોરરૂપ છે, સદા મોટી આપદાઓ રૂપી શ્વાપદો-હિંસક જીવો રહે છે, જ્યાં રોગોરૂપી દુષ્ટ સર્પો રહેલા છે અને ઘણા મોટા તરંગો (વિકલ્પો) વાળી આશારૂપી મોટી નદી છે. (૩૩)

વળી–જ્યાં ચારે દિશામાં ચિન્તારૂપી અટવી છે, જ્યાં ઘણા જ અંધકારવાળી ગુફાના જેવી અજ્ઞાનમય સ્ત્રી રહે છે, ચારે ગતિરૂપ અનેક ખીણો છે, આઠ મદરૂપી જ્યાં આઠ શિખરો છે, જ્યાં મિથ્યાત્વરૂપી રાક્ષસ રહે છે, જ્યાં મનરૂપી કડક એટલે પર્વતનો મૂળ ભાગ છે અને મમત્વરૂપી શિલાઓ છે; તે સંસારરૂપી કઠિણ–દુર્ગમ પર્વતને ધ્યાનરૂપી વજ્ર વડે લીલામાત્રમાં હે જીવ! તું ભેદી નાખ. (૩૪–૩૫)

હવે સાચું જ્ઞાન કયું ? તે કહે છે. જે વિરતિધરોનું આત્મજ્ઞાન છે. તે જ જ્ઞાન સિદ્ધિ સુખને દેનારૂં છે અને તે સિવાયનું બીજું ઘણું પણ ભણેલું (જ્ઞાન) તે આજીવિકા માત્ર છે એમ જાણજે (અર્થાત્ કાં તો તે અહિત કરશે અને કાં તો આજીવિકા માત્ર પૂરશે.) (૩૬)

सुबहुं अहिअं जह जह, तह तह गव्वणे पूरिअं चित्तं ।
ही अप्पबोहरहिअस्स, ओसहा उट्ठिआ वाही ॥३७॥
अप्पाणमबोहंता, परं विबोहंति केइ ते वि जडा ।
भण परियणम्मि छुहिए, सत्तागारेण किं कज्जं ॥३८॥
बोहंति परं किं वा, मुणंति कालं नरा पठंति सुअं ।
ठाणमुअंति सया वि हु, विणाऽऽयबोहं पुण न सिद्धी ॥३९॥
अवरो न निंदिअव्वो, पसंसिअव्वो कया वि न हु अप्पा ।
समभावो कायव्वो, बोहस्स रहस्समिणमेव ॥४०॥

જેમ જેમ ઘણું ભણ્યા, તેમ તેમ ગર્વથી ચિત્ત પૂરાયું. ખરેખર! ભણવા છતાં તેમાંથી જેને આત્મબોધ ન મળ્યો તેને બહુ ભણતરરૂપી ઔષધથી કર્મરોગ નાશ થવાને બદલે ગર્વરૂપી રોગ ઉત્પન્ન થયો. (૩૭)

પોતાના આત્માને બોધ કર્યા વગર કેટલાક બીજાને બોધ કરે છે, તેઓ પણ ખરેખરા જડ (મૂર્ખ) છે. તું કહે તો ખરો કે–એક બાજુ પોતાનો પરિવાર ભૂખ્યો છે, ત્યારે બીજાને માટે દાનશાળા માંડવામાં શું ડહાપણ છે? અર્થાત્ તે મૂર્ખતા છે (નિશ્ચયથી તો આત્માને સમજાવવો તે જ બીજાને સમજાવ્યો ગણાય છે.) (૩૮)

બીજાને બોધ આપે, જ્યોતિષ વિગેરેથી કાળનું સ્વરૂપ (પોતાના મરણ સમયને) જાણે, સૂત્રો ભણે અને પોતાનું સ્થાન (ઘરબાર, દેશ) પણ સદાને માટે છોડે, (સાધુ–સંન્યાસી બને) છતાં તેને આત્મજ્ઞાન ન થાય તો સિદ્ધિ નથી જ થતી. (૩૯)

કદાપિ પરની નિન્દા ન કરવી, પોતાની પ્રશંસા ન

परसक्खित्तं भंजसु, रंजसु अप्पाणमप्पणा चेव ।
वज्जसु विविहकहाओ, जइ इच्छसि अप्पविन्नाणं ॥४१॥
तं भणसु गणसु वायसु, झायसु उवइससु आयरेसु जिआ।
खणमित्तमपि विअक्खण, आयारामे रमसि जेण ॥४२॥
इय जाणिऊण तत्तं, गुरूवइट्ठं परं कुण पयत्तं ।
लहिऊण केवलसिरिं, जेणं जयसेहरो होसि ॥४३॥

કરવી અને સમભાવ રાખવો; આ જ આત્મબોધનું (શુદ્ધ-જ્ઞાનનું) રહસ્ય છે. (૪૦)

જો તને આત્મવિજ્ઞાનની (આત્માને ઓળખવાની) ઇચ્છા હોય તો બીજાના સાક્ષીપણાને (બીજા મને સારો કહે છે કે ખોટો ? એ વિકલ્પો) છોડી દે; અર્થાત્ બહાર સારો દેખાવાનો ઢોંગ તજી દે. આત્માને આત્મા વડે જ રાજી કર; તું જ સારો બનીને સ્વગુણો મેળવવા દ્વારા તારા આત્માને ખૂશી (પ્રસન્ન) કર અને બીજાઓની વિવિધ વિકથાઓને મૂકી દે. (૪૧)

હે જીવ ! તું તેવું ભણ, તેવું ગણ, તેવું વાંચ, તેવું ધ્યાન ધર, તેવો ઉપદેશ કર, તેવું આચર કે જેથી હે વિચક્ષણ ! તું ક્ષણમાત્ર (પ્રતિક્ષણ) પણ આત્માનન્દમાં રમી શકે ! (૪૨)

આ પ્રકારે ગુરૂશ્રીએ ઉપદેશેલા તત્ત્વને જાણીને તેમાં પ્રયત્ન કર, કે જેથી કેવલશ્રી (કેવળજ્ઞાન) પામીને તું **જયશેખર** (આઠ કર્મનો જય કરનારો) થાય. (૪૩)

(આ ગાથામાં આ કુલકના કર્તાનું **'જયશેખર'** એવું નામ સૂચિત થયેલું છે.)

॥ अथ जीवानुशास्तिकुलकम् ॥

रे जीव ! किं न बुज्झसि, चउगइसंसारसायरे घोरे ।
भमिओ अणंतकालं, अरहट्टघडि व्व जलमज्झे ॥१॥
रे जीव ! चिंतसु तुमं, निमित्तमित्तं परो हवइ तुज्झ ।
असुहपरिणामजणियं, फलमेयं पुव्वकम्माणं ॥२॥
रे जीव ! कम्मभरियं, उवएसं कुणसि मूढ ! विवरीअं ।
दुग्गइगमणमणाणं, एस च्चिय हवइ परिणामो ॥३॥
रे जीव ! तुमं सीसे, सवणा दाऊण सुणसु मह वयणं ।
जं सुक्खं न वि पाविसि, ता धम्मविवज्जिओ नूणं ॥४॥

હે જીવ! ચારગતિરૂપ ભયંકર સંસાર સમુદ્રમાં, પાણીમાં રેંટની ઘડીઓ ભમે તેમ અનન્તકાળથી તું ભમ્યો; એ હાલતને કેમ સંભારતો નથી? (૧)

હે જીવ! એ તારા ભવ ભ્રમણમાં બીજો તો નિમિત્ત-માત્ર જ છે, ખરી રીતે તેં જ આ (બધું) અશુભ પરિણામથી ઉત્પન્ન કરેલું, પૂર્વે કરેલાં તારા કર્મોનું ફલ છે; એ તું વિચારી જો. (૨)

હે મૂઢ જીવ! તું (પાપ) કર્મથી ભરેલો વિપરીત ઉપદેશ કરે છે. (તો જાણજે કે) દુર્ગતિમાં જવાની ઇચ્છાવાળાઓના મનમાં આવો ઉંધો જ પરિણામ હોય. અર્થાત્ એ તારી ભાવિ દુર્ગતિનું લક્ષણ છે. (૩)

હે જીવ! તું મસ્તકે કાન લગાડીને (એકાગ્ર થઇને) મારું વચન સાંભળ, તું જે સુખ પામતો નથી

રે જીવ ! મા વિસાયં, જાહિ તુમં પિચ્છિઊણ પરરિદ્ધી ।
ધમ્મરહિયાણ કુત્તો ? સંપજ્જઇ વિવિહસંપત્તી ॥૫॥
રે જીવ ! કિં ન પિચ્છસિ ? ઝિજ્ઝંતં જુવ્વણં ધણં જીઅં ।
તહવિ હુ સિગ્ઘં ન કુણસિ, અપ્પહિયં પવરજિણધમ્મં ॥૬॥
રે જીવ ! માણવજ્જિઅ, સાહસપરિહીણ દીણ ગયલજ્જ ।
અચ્છસિ કિં વીસત્થો, ન હુ ધમ્મે આયરં કુણસિ ॥૭॥
રે જીવ ! મણુયજમ્મં, અકયત્થં જુવ્વણં ચ વોલીણં ।
ન ય ચિણ્ણં ઉગ્ગતવ્વં, ન ય લચ્છી માણિઆ પવરા ।૮॥

તેથી ખરેખર તું ધર્મરહિત જ છે. અર્થાત્ ધર્મ નથી માટે તને સુખ નથી. (૪)

હે જીવ ! બીજાની ઋદ્ધિ જોઇને તું વિષાદ કરીશ નહીં. ધર્મ વિનાના જીવોને વિવિધ પ્રકારની સંપત્તિઓ ક્યાંથી પ્રાપ્ત થાય ? અર્થાત્ તું દરિદ્ર છે તે તારા અધર્મનું ફળ છે, બીજાની ઈર્ષ્યા કરવાથી કંઈ નહિ વળે. (૫)

હે જીવ ! તું નાશવંત એવા તારા યૌવન, ધન અને જીવિતને કેમ નથી જોતો ? અને (જો જાણે છે) તો પણ આત્મ હિતકારી શ્રેષ્ઠ જિનધર્મને તું કેમ નથી કરતો ? (૬)

(આવાં દુઃખો–અપમાન વિગેરે વેઠવા છતાં) હે માન વિનાના, હે સાહસ (સત્ત્વ) રહિત, હે નિર્લજ્જ; હજુ વિશ્વાસવાળો થઇને કેમ બેઠો છે ? તું ધર્મમાં બિલકુલ આદર કેમ કરતો નથી ? (૭)

હે જીવ ! તારો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો અને

રે જીવ ! કિં ન કાલો, તુજ્ઝ ગઓ પરમુહં નીયંતસ્સ ।
જં ઇચ્છિયં ન પત્તં, તં અસિધારાવયં ચરસુ ॥૯॥
ઇય મા મુણસુ મણેણં, તુજ્ઝ સિરી જા પરસ્સ આઇત્તા ।
તા આયરેણ ગિણ્હસુ, સંગોવય વિવિહપયત્તેણ ॥૧૦॥
જીવિઅં મરણેણ સમં, ઉપ્પજ્જઇ જુવ્વણં સહ જરાએ ।
રિદ્ધી વિણાસસહિઆ, હરિસવિસાઓ ન કાયવ્વો ॥૧૧॥

યૌવન પણ વ્યતીત થયું, તેં ઉગ્ર તપ પણ ન આચર્યું અને ઉત્તમ પ્રકારની (પુણ્યરૂપી) લક્ષ્મી પણ ન ભોગવી. (૮)

હે જીવ ! શું બીજાના મુખ સામું (જોઈને બેસી રહેતાં) જોતાં (પારકી આશાએ) તારો વખત (નકામો) નથી ગયો ? તું જો, તને (પારકી આશાઓથી) ઇચ્છિત (કંઈ) નથી મળ્યું, માટે હવે ખડ્ગધારા સરખું (નિરતિચાર) વ્રત આદર ! (એ તારું ઈષ્ટ જરૂર આપશે.) (૯)

તારી લક્ષ્મી પારકાને તાબે છે એમ તું મનથી પણ ન માનીશ. આદરપૂર્વક તેને (તારા આત્મગુણોરૂપ લક્ષ્મીને) ગ્રહણ (પ્રગટ) કર અને વિવિધ પ્રયત્નો વડે તેનું રક્ષણ કર ! (૧૦)

હે જીવ ! જીવિત મરણની સાથે, યૌવન જરાની સાથે અને ઋદ્ધિઓ વિનાશની સાથે ઉત્પન્ન થાય છે, અર્થાત્ જીવન પછી મરણ, યૌવન પછી જરા અને રિદ્ધિનો નાશ થવાનો જ છે. (તેથી) જીવિતાદિનો હર્ષ કે મરણાદિનો વિષાદ ન કરવો. (૧૧)

॥ अथ इन्द्रियविकारनिरोधकुलकम् ॥

रज्जाइभोगतिसिया, अट्टवसट्टा पडंति तिरिएसुं ।
जाईमएण मत्ता, किमिजाइं चेव पावंति ॥१॥
कुलमत्ति सियालित्ते, उट्टाईजोणि जंति रूवमए ।
बलमत्ते वि पयंगा, बुद्धिमए कुक्कडा हुंति ॥२॥
रिद्धिमए साणाई, सोहग्गमएण सप्पकागाई ।
नाणमएण बइल्ला, हवंति मय अट्ठ अइदुट्ठा ॥३॥
कोहणसीला सीही, मायावी बगत्तणंभि वच्चंति ।
लोहिल्ल मूसगत्त, एवं कसाएहि भमडंति ॥४॥

રાજ્યાદિના ભોગોની તૃષ્ણાવાળા આર્તધ્યાનને વશ દુઃખી થઇ તિર્યંચમાં પડે છે અને જાતિમદ વડે મદોન્મત્ત થયેલા કૃમિયાની જાતિમાં જન્મ પામે છે. (૧)

કુલમદ કરનારા શિયાળપણે અને રૂપનો મદ કરનારા ઉંટ વિગેરેની યોનિમાં ઉત્પન્ન થાય છે. બળમદ વડે પતંગિયા અને બુદ્ધિમદથી કુકડા થાય છે. (૨)

રિદ્ધિમદ કરીને કુતરા વિગેરે, સૌભાગ્યમદ કરીને સર્પ–ઝાગડા વિગેરે અને જ્ઞાનમદ કરીને બળદો થાય છે; એમ આઠે ય પ્રકારના મદો અતિદુષ્ટ છે. (૩)

ક્રોધી પ્રાણીઓ અગ્નિમાં ઉત્પન્ન થાય છે, માયાવી બગલાપણાને પામે છે અને લોભી ઉંદરપણું પામે છે; એ પ્રકારે કષાયો જીવોને દુર્ગતિઓમાં ભમાડે છે. (૪)

माणसदंडेणं पुण, तंदुलमच्छा हवंति मणदुट्ठा ।
सुयतित्तरलावाई, होउ वायाइ बज्झंति ॥५॥

काएण महामच्छा, मंजाराउ हवंति तह क्रूरा ।
तं तं कुणंति कम्मं, जेण पुणो जंति नरएसुं ॥६॥

फासिंदियदोसेणं, वणसुयरत्तम्मि जंति जीवा वि ।
जीहालोलुय वग्घा, घाणवसा सप्पजाईसुं ॥७॥

नयणिंदिए पयंगा, हुंति मया पुण सवणदोसेणं ।
एए पंच वि निहणं, वयंति पंचिंदिएहिं पुणो ॥८॥

વળી દુષ્ટમનવાળા મનદંડ વડે તન્દુલિયા મત્સ્યો થાય છે અને વચનદંડ વડે જીવો પોપટ, તેતર, લાવરી વિગેરે પક્ષીઓ થઇને બન્ધનમાં પડે છે. (૫)

કાયદંડવડે જીવો ક્રૂર એવા મોટા મત્સ્યો અને બિલાડાઓ થાય છે અને તે તે ભવોમાં પુનઃ મન, વચન અને કાયાથી તે તે કર્મો કરે છે, કે જેનાથી મરીને નારકીમાં જાય છે. (૬)

સ્પર્શનેન્દ્રિયના દોષથી જીવો વનમાં ભૂંડપણે ઉપજે છે, જીહ્વા ઇન્દ્રિયમાં લોલુપ જીવો વાઘ (માંસાહારી) થાય છે અને ઘ્રાણેન્દ્રિયને વશ પડવાથી સર્પની જાતિઓમાં ઉત્પન્ન થાય છે. (૭)

ચક્ષુઇન્દ્રિયના દોષથી પતંગિયા અને શ્રોત્રેન્દ્રિયના દોષથી મૃગલાં થાય છે અને એ પાંચે પ્રકારના જીવો

जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ ।
किरिआसु अप्पमाओ, सो धम्मो सिवसुहो लोए ॥९॥

બીજા ભવોમાં પણ તે તે પાંચે ઇન્દ્રિયો વડે ફરીથી પણ નાશ પામે છે. (૮)

(માટે હે જીવ!) જે ધર્મમાં વિષયોથી વિરાગ, કષાયોનો ત્યાગ, ગુણોમાં પ્રીતિ અને ક્રિયાઓમાં અપ્રમાદીપણું થાય છે, તે ધર્મ જ જગતમાં મોક્ષસુખ આપવાવાળો છે. (૯)

॥ अथ कर्मकुलकम् ॥

तेलुक्किक्कस्स मल्लस्स, महावीरस्स दारूणा ।
उवसग्गा कहं हुंता ? न हुंतं जइ कम्मयं ॥१॥
वीरस्स मेंढि (मिनु) यग्गामे, केवलिस्सावि दारूणो ।
अइसारो कहं हुंतो ? न हुंतं जइ कम्मयं ॥२॥
वीरस्स अट्ठिअग्गामे, जक्खाओ सूलपाणिणो ।
वेअणाओ कहं हुंती ? न हुंतं जइ कम्मयं ॥३॥
दारूणाओ सलागाओ, कन्नेसुं वीरसामिणो ।
पक्खिवंतो कहं गोवो ? न हुंतं जइ कम्मयं ॥४॥

ત્રણ લોકમાં અદ્વિતીયમલ્લ એવા **શ્રીમહાવીરપ્રભુને** પણ ભયંકર ઉપસર્ગો થયા તે જો કર્મ ન હોય તો કેમ થાય ? (૧)

જો કર્મ ન હોય તો **મહાવીરસ્વામીને** કેવલજ્ઞાની છતાં મેંઢિક ગામમાં ભયંકર અતિસાર કેમ થાય ? (૨)

કર્મનું અસ્તિત્વ ન હોય તો અસ્થિક ગામમાં સમર્થ **વીરભગવાનને** પણ શૂલપાણી યક્ષથી વેદનાઓ થઈ તે કેમ બને ? (૩)

જો તેવું કર્મ ન હોય તો પ્રભુ **મહાવીરસ્વામીના કાનમાં** ગોવાળીઓ ભયંકર ખીલા કેમ ઠોકી શકત ? (૪)

वीसं वीरस्स उवसग्गा, जिणिंदस्सावि दारूणा ।
संगमाओ कहं हुंता ? न हुंतं जइ कम्मयं ॥५॥
गयसुकुमाल (स्स) सीसम्मि, खाइरंगारसंचयं ।
पक्खिवंतो कहं भट्टो ? न हुंतं जइ कम्मयं ॥६॥
सीसा उ खंदगस्सावि, पीलिज्जंता तया कहं ? ।
जं तेण पालएणावि, न हुंतं जइ कम्मयं ॥७॥
सणंकुमारपामुक्ख–चक्किणो वि सुसाहुणो ।
वेयणाओ कहं हुंता ? न हुंतं जइ कम्मयं ॥८॥
कोसंबीए नियंठस्स, दारूणा अच्छिवेयणा ।
धणिणो वि कहं हुंता ? न हुंतं जइ कम्मयं ॥९॥

જો કર્મ ન હોત તો તીર્થંકર એવા પણ **શ્રીવીર-પરમાત્માને** સંગમદેવથી ભયંકર વીસ ઉપસર્ગો કેમ થાત ? (૫)

જો કર્મ ન હોત તો **ગજસુકુમારના** મસ્તક ઉપર એરના બળતા અંગારા સોમિલ નામનો બ્રાહ્મણ કેમ ભરી શકત ? (૬)

જો કર્મ ન હોત તો તે વખતે **ખંદકસૂરિના શિષ્યો** પાલક મન્ત્રીથી પીલાયા તે કેમ પીલાત ? (૭)

જો કર્મ ન હોત તો **સનત્કુમાર ચક્રવર્તી** વિગેરે ઉત્તમ સાધુઓને પણ વેદનાઓ થઇ તે કેમ થાત ? (૮)

જો કર્મ ન હોત તો કૌશામ્બી નગરીમાં **નિર્ગ્રન્થ** એવા પણ મુનિને એક શ્રીમંતથી નેત્રની આકરી પીડા થઇ તે કેમ થાત ? (૯)

નમિસ્સંતોમહાદાહો, નરિંદસ્સાવિ દારૂણો ।
મહિલાએ કહં હુંતો ? ન હુંતં જઇ કમ્મયં ॥૧૦॥
અંધત્તં બંભદત્તસ્સ, સુદેહસ્સાવિ દુસ્સહં ।
ચક્કિસ્સાવિ કહં હુંતં ? ન હુંતં જઇ કમ્મયં ॥૧૧॥
નીયગુત્તે જિણિંદો વિ, ભૂરિપુણ્ણો વિ ભારહે ।
ઉપજ્જંતો કહં વીરો ? ન હુંતં જઇ કમ્મયં ॥૧૨॥
અવંતીસુકુમાલો વિ, ઉજ્જેણીએ મહાયસો ।
કહં સિવાઇ ખજ્જંતો ? ન હુંતં જઇ કમ્મયં ॥૧૩॥
સઈએ સુદ્ધસીલાએ, ભત્તારા પંચ પંડવા ।
દોવઈએ કહં હુંતા ? ન હુંતં જઇ કમ્મયં ॥૧૪॥

નમિરાજર્ષિ જેવા પણ નરેન્દ્રને 'પોતાની સ્ત્રીઓનાં પણ કંકણોનો અવાજ સહન ન થાય તેવો' અંતર્દાહ થયો તે કર્મ ન હોય તો કેમ થઈ શકે ? (૧૦)

સુન્દર શરીરવાળા પણ **બ્રહ્મદત્ત ચક્રવર્તીને** દુસ્સહ અંધાપો થયો તે કર્મ ન હોત તો કેમ થાત ? (૧૧)

તીર્થંકર નામકર્મરૂપ મહાન પુણ્યવાળા જિનેન્દ્ર પણ **શ્રીમહાવીર** ભરતક્ષેત્રમાં નીચ ગોત્રમાં ઉત્પન્ન થયા, તે કર્મ ન હોય તો કેમ બને ? (૧૨)

ઉજ્જયિની નગરીમાં મોટા યશવાળા પણ **અવન્તી-સુકુમારનું** શિયાળણીએ ભક્ષણ કર્યું, તે કર્મ ન હોય તો કેમ બને ? (૧૩)

પવિત્ર શીયળવાળી સતી એવી પણ **દ્રૌપદીને** પાંચ પાણ્ડવો પતિ થયા, તે જો કર્મ ન હોય તો કેમ બને ? (૧૪)

मियापुत्ताइजीवाणं, कुलीणाण वि तारिसं ।
महादुक्खं कहं हुंतं ? न हुंतं जइ कम्मयं ॥१५॥

वसुदेवाईणं हिंडी, रायवंसोब्भवाण वि ।
तारुण्णे वि कहं हुंता ? न हुंतं जइ कम्मयं ॥१६॥

वासुदेवस्स पुत्तो वि, नेमिसीसो वि ढंढणो ।
अलाभिल्लो कहं हुंतो, न हुंतं जइ कम्मयं ॥१७॥

कण्हस्स वासुदेवस्स, मरणं एगागिणो वणे ।
भाउयाओ कहं हुंतं ? न हुंतं जइ कम्मयं ॥१८॥

नावारूढस्स उवसग्गो, वद्धमाणस्स दारूणो ।
सुदाढाओ कहं हुंतो, न हुंतं जइ कम्मयं ॥१९॥

કુલીન એવા પણ **મૃગાપુત્ર વિગેરે** અનેક જીવોને તે તે પ્રકારનું તીવ્ર દુઃખ પડ્યું, તે તેવા પ્રકારનું કર્મ ન હોય તો કેમ બને ? (૧૫)

જો કર્મ ન હોત તો, રાજાના વંશમાં ઉત્પન્ન થએલા પણ **વસુદેવાદિને** યૌવન અવસ્થામાં પણ કેમ ભટકવું પડત ? (૧૬)

વાસુદેવના પુત્ર અને શ્રીનેમિનાથ પ્રભુના શિષ્ય છતાં પણ **ઢંઢણઋષિને** છ મહિના સુધી આહાર ન મળ્યો, તે તેવું કર્મ ન હોય તો કેમ બને ? (૧૭)

જો કર્મ ન હોય તો વાસુદેવ છતાં વનમાં એકલા પડેલા **કૃષ્ણનું** પોતાના જ ભાઇથી મરણ કેમ થાત ? (૧૮)

पासनाहस्स उवसग्गो, गाढो तित्थंकरस्स वि ।
कमठाओ कहं हुंतो, न हुंतं जइ कम्मयं ॥२०॥

अणुत्तरा सुरा साया–सुक्खसोहग्गलीलया ।
कहं पावंति चवणं, न हुंतं जइ कम्मयं ॥२१॥

જો કર્મ ન હોત તો નાવમાં બેઠેલા શ્રીમાન્ **વર્દ્ધમાનસ્વામીને** સુદંષ્ટ્ર યક્ષથી ભયંકર ઉપસર્ગ કેમ થાત ? (૧૯)

તીર્થંકર એવા પણ **શ્રીપાર્શ્વનાથ ભગવાનને** કમઠથી આકરા ઉપસર્ગો થયા, તે જો કર્મ ન હોય તો કેમ બને ? (૨૦)

અનુત્તર વિમાનવાસી દેવો કે જેઓ શાતાવેદનીય સુખ અને સૌભાગ્યની સામગ્રીથી યુક્ત હોય છે, તે પણ ત્યાંથી ચ્યવીને મૃત્યુલોકમાં (ગર્ભની ગટરમાં) આવે છે તે જો કર્મ ન હોય તો કેમ બને ? (૨૧)

॥ अथ दशश्रावककुलकम् ॥

वाणियगामपुरम्मि, आणंदो जो गिहवई आसी ।
सिवनंदा से भज्जा, दस सहस्स गोउला चउरो ॥१॥

निहिविवहारकलंतर–ठाणेसुं कणयकोडिबारसगं ।
सो सिरिवीरजिणेसर–पयमूले सावओ जाओ ॥२॥

चंपाई कामदेवो, भद्दाभज्जो सुसावओ जाओ ।
छग्गोउल अट्ठारस, कंचणकोडीण जो सामी ॥३॥

कासीए चुलणिपिया, सामा भज्जा य गोउला अट्ठ ।
चउवीस कणयकोडी, सड्ढाण सिरोमणी जाओ ॥४॥

વાણિજ્યગ્રામ નામના નગરમાં **આનન્દ** નામે જે ગૃહસ્થ હતો, તેને શિવાનન્દા નામે સ્ત્રી હતી અને દશ દશ હજાર ગાયોનાં ચાર ગોકુળો હતાં. (૧)

તેની પાસે ભંડારમાં, વ્યાપારમાં અને વ્યાજમાં ચાર ચાર ક્રોડ એમ કુલ બાર ક્રોડ સોનૈયા હતા, તે (આનન્દ) શ્રીમહાવીર જિનેશ્વરનો ચરણસેવી શ્રાવક થયો. (૨)

ચમ્પા નગરીમાં ભદ્રા નામની સ્ત્રીનો પતિ **કામદેવ** પ્રભુ મહાવીરનો સુશ્રાવક થયો, તે ઉપર કહ્યાં તેવાં છ ગોકુલ અને અઢાર ક્રોડ સોનૈયાનો સ્વામી હતો. (૩)

કાશીમાં શ્રાવકોમાં શિરોમણિ **ચુલનીપિતા** નામે પ્રભુ મહાવીરનો શ્રાવક થયો. તેને શ્યામા સ્ત્રી હતી, આઠ ગોકુળો, તેમજ ચોવીસ ક્રોડ સોનૈયા હતા. (૪)

कासीई सूरदेवो, धन्ना भज्जा य गोउला छच्च ।
कणयट्ठारसकोडी, गहीयवओ सावओ जाओ ॥५॥
आलंभियानयरीए, नामेणं चुल्लसयगओ सड्ढो ।
बहुला नामेण पिया, रिद्धी से कामदेवसमा ॥६॥
कंपिल्लपट्टणम्मि, सड्ढो नामेण कुंडकोलियओ ।
पुस्सा पुण जस्स पिया, विहवो सिरिकामदेवसमो ॥७॥
सद्दालपुत्तनामो, पोलासम्मि कुलालजाईओ ।
भज्जा य अग्गिमित्ता, कंचणकोडीण से तिन्नि ॥८॥
चउवीस कणयकोडी, गोउल अट्ठेव रायगिहनयरे ।
सयगो भज्जा तरेस, रेवई अड सेस कोडीओ ॥९॥

કાશીમાં **સુરદેવ** નામે ગૃહસ્થ હતો. તેને ધન્યા નામે સ્ત્રી હતી, છ ગોકુળો તથા અઢાર ક્રોડ સોનૈયા હતા. તે વ્રત ગ્રહણ કરીને પ્રભુ મહાવીરનો શ્રાવક થયો. (૫)

આલમ્ભિકા નગરીમાં **ચુલ્લશતક** નામે શ્રીમહાવીરનો શ્રાવક થયો. તેને બહુલા નામની સ્ત્રી અને કામદેવ શ્રાવકના જેટલી રિદ્ધિ હતી. (૬)

કામ્પિલ્યપુરમાં **કુણ્ડકૌલિક** નામે શ્રીમહાવીરનો શ્રાવક હતો તેને પુષ્પા નામે સ્ત્રી અને શ્રીકામદેવ શ્રાવકના સમાન વૈભવ હતો. (૭)

પોલાસપુરમાં **સદ્દાલપુત્ર** નામનો કુંભાર જાતિનો શ્રીમહાવીરનો શ્રાવક થયો. તેને અગ્નિમિત્ર નામે સ્ત્રી અને ત્રણ ક્રોડ સોનામહોરો હતી. (૮)

सावत्थीनयरीए, नंदणिपिय नाम सड्ढओ जाओ ।
अस्सिणिनामा भज्जा, आणंदसमो य रिद्धीए ॥१०॥
सावत्थीवत्थव्वो, लंगतपिय सावगो य जो पवरो ।
फग्गुणिनामकलत्तो, जाओ आणंदसमविहवो ॥११॥
इक्कारस पडिमधरा, सवि सिरिवीरपयकमलभत्ता ।
सव्वे वि सम्मदिट्ठी, बारसवयधारया सव्वे ॥१२॥

રાજગૃહી નગરીમાં ચોવીસ ક્રોડ સોનૈયા અને આઠ ગોકુળવાળો **शतक** નામે શ્રીમહાવીરનો શ્રાવક હતો તેને રેવતી આદિ તેર સ્ત્રીઓ હતી, તેમાં રેવતી આઠ ક્રોડ અને બાકીની એક એક ક્રોડ સોનામહોરો લાવી હતી. (૯)

શ્રાવસ્તી નગરીમાં **नन्दिनीप्रिय** નામે શ્રીમહાવીરનો શ્રાવક થયો, તેને અશ્વિની નામે સ્ત્રી હતી અને તે ઋદ્ધિમાં આનન્દ શ્રાવકની સમાન હતો. (૧૦)

શ્રાવસ્તી નગરીમાં વસતો **लान्तकप्रिय** નામે શ્રેષ્ઠ શ્રીમહાવીરનો શ્રાવક થયો, તેને ફલ્ગુની નામે સ્ત્રી હતી, તે વૈભવમાં આનન્દ શ્રાવક સરખો હતો. (૧૧)

એ સર્વ શ્રાવકો અગીયાર પ્રતિમાને ધારણ કરનારા શ્રીમહાવીરસ્વામીના ચરણકમળને સેવનારા, સમ્યગ્દૃષ્ટિ અને બાર વ્રતોને ધારણ કરવાવાળા હતા. (૧૨)

નોંધ—'ઉવાસગદસાઓ' સૂત્રમાં ભગવાનના દશમા શ્રાવકનું નામ **'सालिहीपिया'** કહ્યું છે.

॥ अथ खामणाकुलकम् ॥

जो कोइ मए जीवो, चउगइसंसारभवकडिल्लंमि ।
दूहविओ मोहेणं, तमहं खामेमि तिविहेणं ॥१॥
नरएसु य उववन्नो, सत्तसु पुढवीसु नारगो होउं ।
जो कोइ मए जीवो, दूहविओ तं पि खामेमि ॥२॥
घायणचुन्नणमाइ, परोप्परं जं कयाइं दुक्खाइं ।
कम्मवसएण नरए, तं पि य तिविहेण खामेमि ॥३॥
निद्दयपरमाहम्मिअ-रूवेणं बहुविहाइं दुक्खाइं ।
जीवाणं जणियाइं, मूढेणं तं पि खामेमि ॥४॥

ચારગતિમાં પરિભ્રમણરૂપ ભવઅટવીમાં ભટકતાં મોહને વશ થઈ મેં જે કોઇ જીવને દુઃખી કર્યો હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. (૧)

સાત નરક પૃથ્વીઓમાં જ્યારે જ્યારે હું નારકરૂપે ઉત્પન્ન થયો, ત્યાં મેં જે કોઇ જીવને દુઃખી કર્યો હોય તેને પણ (ત્રિવિધે) ખમાવું છું. (૨)

કર્મને વશ પડેલા મેં નરકમાં બીજા નારકો સાથે ઘા કરવો, પીલવો, મારવો વિગેરે પરસ્પર વેદનારૂપે જે દુઃખ દીધાં હોય તેને પણ ત્રિવિધે ખમાવું છું. (૩)

નિર્દય પરમાધામિદેવ તરીકે ઉત્પન્ન થઇને મૂઢ એવા મેં નરકના જીવોને જે કાપવા, ઘાણીમાં પીલવા, અગ્નિમાં બાળવા, તપાવેલાં સીસાં પાવાં, ગાડે જોડી ગાઢાં ખેંચાવવાં ઇત્યાદિ ઘણી ઘણી જાતિનાં દુઃખો દીધાં તેને પણ ખમાવું છું. (૪)

હા ! હા ! તઇયા મૂઢો, ન યાણિમો (હં) પરસ્સ દુક્ખાઇં ।
કરવત્તયછેયણભેયણેહિં, કેલીએ જણિયાઇં ॥૫॥
જં કિં પિ મએ તઇયા, કલંકલીભાવમાગએણ કયં ।
દુક્ખં નેરઇયાણં, તં પિ ય તિવિહેણ ખામેમિ ॥૬॥
તિરિયાણં ચિય મજ્ઝે, પુઢવીમાઈસુ ખારભેએસુ ।
અવરોપ્પરસત્થેણં, વિણાસિયા તે વિ ખામેમિ ॥૭॥
બેઇંદિયતેઇંદિય–ચઉરિંદિમાઇણેગજાઈસુ ।
જે ભક્ખિય દુક્ખવિયા, તે વિ ય તિવિહેણ ખામેમિ ॥૮॥

હા ! હા ! ખેદની વાત છે કે તે વેળા મેાહમૂઢ બનેલેા હું બીજાનાં દુઃખેાને સમજી શકયેા નહિ એથી માત્ર કુતૂહલની ખાતર મેં તે અનાથ બિચારા નારકીઓને કરવતથી કાપ્યા, ઘનથી માર્યા વિગેરે અનેકવિધ દુઃખેા દીધાં. (૫)

હું નરકમાં ઉપજ્યેા ત્યારે કલંકલીભાવ–દુઃખની અકળામણને વશ થઇને મેં ત્યાં નારકીઓને જે કેાઇ પણ જાતનું દુઃખ દીધું હેાય, તે સર્વ (મારા દુષ્ટ વર્તનને અને તે તે) જીવેાને હું ત્રિવિધે–મન–વચન–કાયાથી ખમાવું છું. (૬)

જ્યારે હું (તિર્યંચપણે)–'ખારી–મીઠી' વિગેરે વર્ણ–ગન્ધ–રસ–સ્પર્શાદિ ભેદવાળા પૃથ્વીકાયાદિમાં ઉપજ્યેા, ત્યારે જેમકે–ખારા પાણીમાં ઉપજ્યેા ત્યારે મીઠા પાણીના જીવેાને, ઉષ્ણ પાણીમાં ઉપજીને શીત પાણીના જીવેાને, કાળી માટીમાં ઉપજ્યેા ત્યારે લાલ માટીના જીવેાને, ઇત્યાદિ પરસ્પર શસ્ત્ર રૂપે જે જે જીવેાનેા નાશ કર્યો તેઓને પણ ખમાવું છું. (૭)

जलयरमज्झगएणं, अणेगमच्छाइरूवधारेणं ।
आहारट्ठा जीवा, विणासिया ते वि खामेमि ॥९॥
छिन्ना भिन्ना य मए, बहुसो दुट्ठेण बहुविहा जीवा ।
जे जलमज्झगएणं, ते वि य तिविहेण खामेमि ॥१०॥
सप्पसरिसवमज्झे, वानरमज्जारसुणहसरहेसु ।
जे जीवा वेलविया, दुक्खत्ता ते वि खामेमि ॥११॥

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયપણે પણ વિવિધ અનેક જાતિઓમાં ઉત્પન્ન થયેલા મેં ત્યારે ત્યારે જે જે જીવોનાં ભક્ષણ કર્યાં, દુઃખી કર્યા, તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. (૮)

પંચેન્દ્રિય તિર્યંચમાં–જળચર તરીકે મચ્છ વિગેરે અનેક જાતિનાં રૂપ કરીને (તે તે યોનિઓમાં જન્મીને) આહાર માટે અનેકાનેક જીવોનો વિનાશ કર્યો, તેઓને પણ ખમાવું છું. (૯)

કેટલું કહું? જલચરપણાને પામીને દુષ્ટ એવા મેં બહુ વાર ઘણી જાતિના (ઘણા) જે જે જીવોને છેદ્યા, ભેદ્યા, તે સર્વને પણ ત્રિવિધે (મન–વચન–કાયાથી) ખમાવું છું.(૧૦)

સર્પ વિગેરે (સરિસૃપ એટલે) ઉરઃપરિસર્પની યોનિઓમાં, વાનર, બિલાડા, કુતરા, શરભ (અષ્ટાપદ જાતિના શિકારી પશુ) વિગેરે (ભુજપરિસર્પ અને ચતુષ્પદ તિર્યંચની વિવિધ) જાતિઓમાં ઉપજેલા મેં જે જે જીવોને ઠગ્યા–હેરાન કર્યા કે દુઃખ દઈને પીડ્યા તેઓને પણ ખમાવું છું. (૧૧)

सद्दूलसीहगंडय–जाईसुं जीवघायजणिआसुं ।
जे उववन्नेण मए, विणासिया ते वि खामेमि ॥१२॥
ओलावगिद्धकुक्कुड–हंसबगाईसुं सउणजामे (इ) सु ।
जे छुहवसेण खद्धा, किमिमाइ ते वि खामेमि ॥१३॥
मणुएसु वि जे जीवा, जीब्भिंदियमोहिएण मूढेण ।
पारद्धिरमंतेणं, विणासिया ते वि खामेमि ॥१४॥
फासगठिएण जे च्चिय, परदाराईसु गच्छमाणेणं ।
जे दूमिय दूहविया, ते वि य खामेमि तिविहेणं ॥१५॥

તેમાં પણ વાઘ, સિંહ, ગેંડા વિગેરેની જીવઘાતક માંસાહારી જાતિઓમાં ઉત્પન્ન થયેલા મેં જે જે જીવોનો નાશ કર્યો તેઓને પણ ખમાવું છું. (૧૨)

ખેચર તિર્યંચમાં–બાજ (શ્યેન), ગીધ, કુકડા, હંસ, બગલા વિગેરે પક્ષિઓની જાતિઓમાં ઉપજેલા મેં ભૂખને વશ થઈને જે જે ક્રીડા વિગેરે (વિવિધ) જીવોને બાધા, (મારી નાખ્યા) તેઓને પણ ખમાવું છું. (૧૩)

મનુષ્યપણામાં પણ જીભ્હા ઇન્દ્રિયને વશ પડેલા મૂઢ મારા જીવે શિકારાદિ ખેલતાં જે જે જીવોનો નાશ કર્યો, તેઓને પણ ખમાવું છું. (૧૪)

સ્પર્શને વશ થએલા મેં પરદ્વારા–વેશ્યા–કુમારી વિગેરેનાં મૈથુન સેવતાં જે જે જીવોને સંતાપ (પરિતાપ) ઉપજાવ્યો, અપ્રીતિ ઉપજાવી (દુર્ભાવ પેદા કર્યો) દુઃખી કર્યા, (મારી નાખ્યા), તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. (૧૫)

चक्खिंदियघाणिंदिय-सोइंदियवसगएण जे जीवा ।
दुक्खंमि मए ठविया, ते हं खामेमि तिविहेणं ॥१६॥
सामित्तं लहिऊणं, जे बद्धा घाइया य मे जीवा ।
सवराहनिरवराहा, ते वि य तिविहेण खामेमि ॥१७॥
अक्कमिऊणं आणा, कारविया जे उ माणभंगेणं ।
तामसभावगएणं, ते वि य तिविहेण खामेमि ॥१८॥
अब्भक्खाणं जं मे, दिन्नं दुट्ठेण कस्सइ नरस्स ।
रोसेण व लोभेण व, तं पि य तिविहेण खामेमि ॥१९॥

તથા ચક્ષુ ઇન્દ્રિય અને શ્રવણ ઇન્દ્રિયને વશ પડેલા મેં જે જે જીવોને દુઃખમાં નાખ્યા, (દુઃખી કર્યા) તે સર્વને હું ત્રિવિધે ખમાવું છું. (૧૬)

સ્વામિપણું પામીને (રાજા-કોટવાળ વિગેરે સત્તાધીશ બનીને) મેં જે અપરાધી કે નિરપરાધી જીવોને બાંધ્યા, કેદ કર્યા, હણ્યા (હણાવ્યા) તે સર્વને પણ ત્રિવિધે ખમાવું છું. (૧૭)

મારા અભિમાનને લીધે માનભંગ થએલા મેં તામસપણાને પામીને (તિરસ્કાર-દ્વેષ વિગેરે કરીને) જે જે જીવોને બલાત્કારે આજ્ઞાધીન કર્યા, (આજ્ઞા ફરમાવીને કામ કરાવ્યાં) તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. (૧૮)

દુષ્ટ એવા મેં ક્રોધથી અથવા લોભથી જે કોઈ પણ મનુષ્યને ખોટાં આળ (કલંક) ચઢાવ્યાં, તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. (૧૯)

परआवयाए हरिसो, पेसुन्नं जं कयं मए इहइं ।
मच्छरभावठिएणं, तं पि य तिविहेण खामेमि ॥२०॥
रुद्दो खुद्दसहावो, जाओ णेगासु मिच्छजाईसु ।
धम्मो त्ति सुहो सद्दो, कन्नेहि वि तत्थ नो विसुओ ॥२१॥
परलोगनिप्पिवासो, जीवाण सया वि घायणपसत्तो ।
जं जाओ दुहहेऊ, जीवाणं तं पि खामेमि ॥२२॥
आरियखित्ते वि मए, खट्टिगवागुरियडुम्बजाईसु ।
जे वि हया जियसंघा, ते वि य तिविहेण खामेमि ॥२३॥

માત્સર્ય કરીને આ ભવમાં (સંસારમાં) મેં બીજાની આપત્તિમાં હર્ષ કર્યો, ચાડી કરી તેને પણ ત્રિવિધે ખમાવું છું. (૨૦)

(અનાર્ય દેશોમાં) અનેક જાતિના મ્લેચ્છના ભવોમાં હું એવો રૌદ્ર (ક્રૂર) અને ક્ષુદ્ર સ્વભાવવાળો (તુચ્છ) થયો, કે ત્યાં 'ધર્મ' એવો શુભ શબ્દ મેં કાનથી સાંભળ્યો પણ નહિ. (અર્થાત્ ધર્મદ્વેષી અધર્મી-પાપી થઈને તે ભવોમાં ઘણું ઘણું પાપ કર્યા). (૨૧)

(તે મ્લેચ્છના ભવોમાં) પરલોકની દરકાર વિનાનો અને જીવોની હિંસા કરવામાં સદૈવ વ્યસની બનેલો હું જે જે જીવોને દુઃખનું કારણ બન્યો તે સર્વને પણ ખમાવું છું. (૨૨)

આર્ય ક્ષેત્રોમાં ઉપજેલા પણ મેં કસાઇની, પારધિની, ચણ્ડાળની વિગેરે જાતિઓમાં જન્મીને જે અનેક પ્રકારના જીવોને હણ્યા, તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. (૨૩)

मिच्छत्तमोहिएणं, जे वि हया के वि मंदबुद्धीए ।
अहिगरणकारणेणं, वहाविआ ते वि खामेमि ॥२४॥

दवदाणपलीवणयं, काऊणं जे जीवा मए दड्ढा ।
सरदहतलायसोसे, जे वहिया ते वि खामेमि ॥२५॥

सुहदुल्ललिएण मए, जे जीवा केई भोगभूमीसु ।
अंतरदीवेसुं वा, विणासिया ते वि खामेमि ॥२६॥

देवत्त वि य पत्ते, केलिपओसेण लोहबुद्धीए ।
जे दूहविया सत्ता, ते वि य खामेमि सव्वेवि ॥२७॥

મિથ્યાત્વથી મૂઢ બનેલા મેં મન્દ (પાપ) બુદ્ધિથી પરસ્પર કલહ (ક્રોધાદિ કષાયો) કરાવીને બીજાઓ દ્વારા જે જે જીવોને મરાવ્યા, તેઓને પણ ખમાવું છું. (૨૪)

દાવાનળ સળગાવીને જે જે જીવોને મેં બાળી મૂકયા તથા સરોવરો, દ્રહો અને તળાવો (વિગેરેમાં પાણી) શોષવીને (સૂકવીને) તેમાં રહેનારા (માછલાં, દેડકાં વિગેરે અનેક જાતિના) જીવોને હણ્યા, તેઓને પણ ખમાવું છું. (૨૫)

ભોગભૂમિ એટલે યુગલિક ક્ષેત્રોમાં અથવા અન્તર દ્વીપોમાં મનુષ્ય બનેલા મેં સુખમાં છકી જઈને જે જે જીવોનો નાશ કર્યો, તેઓને પણ ખમાવું છું. (૨૬)

દેવપણામાં ઉપજેલા મેં કુતૂહલ (કામક્રીડા) અને પ્રદ્વેષથી લોભ બુદ્ધિએ જે જે જીવોને દુઃખી કર્યા (સંતાપ્યા) તે સર્વને પણ હું ખમાવું છું. (૨૭)

भवणवईणं मज्झे, आसुरभावम्मि वट्टमाणेणं ।
निद्दयहणणमणेणं, जे दूमिया ते वि खामेमि ॥२८॥

वंतररूवेणं मए, केलीकिलभावओ य जं दुक्खं ।
जीवाणं संजणियं, तं पि य तिविहेण खामेमि ॥२९॥

जोइसिएसु गएणं, विसयामिसमोहिएण मूढेणं ।
जो कोवि कओ दुहिओ, पाणी मे तं पि खामेमि ॥३०॥

पररिद्धिमच्छरेणं, लोहनिबुड्डेण मोहवसगेणं ।
अभिओगिएण दुक्खं, जाण कयं ते वि खामेमि ॥३१॥

તેમાં–ભુવનપતિ નિકાયમાં અતિ કુપિતભાવને વશ થએલા મેં નિર્દય અને હિંસક મનથી જે જે જીવોને દુઃખી કર્યા, (પરિતાપ ઉપજાવ્યો) તેઓને પણ ખમાવું છું. (૨૮)

વ્યન્તર દેવના રૂપમાં ક્રીડાપ્રિય સ્વભાવથી મેં અન્ય જીવોને જે જે દુઃખ ઉપજાવ્યું, તેને પણ ત્રિવિધે ખમાવું છું. (૨૯)

જ્યોતિષ્ક દેવપણાને પામેલા વિષયની આસક્તિથી મુંઝાએલા મૂઢ એવા મેં જે કોઇ જીવને દુઃખી કર્યો, તેને પણ ખમાવું છું. (૩૦)

દેવગતિમાં આભિયોગિકદેવ થયેલા મેં બીજા દેવોની ઋદ્ધિમાં મત્સર કરીને, લોભને વશ થઇને, મોહને પરાધીન થઇને જેઓને દુઃખ દીધું, તેઓને પણ ખમાવું છું. (૩૧)

इय चउगइभावन्ना, जे के वि य पाणिणो मए वहिया ।
दुक्खे वा संठविया, ते खामेमो अहं सव्वे ॥३२॥
सव्वे खमंतु मज्झं, अहं पि तेसिं खमेमि सव्वेसिं ।
जं केणइ अवरद्धं, वेरं चइऊण मज्झत्थो ॥३३॥
न य कोइ मज्झ वेसो, सयणो वा एत्थ जीवलोगंमि ।
दंसणनाणसहावो, एक्को हं निम्ममो निच्चो ॥३४॥
जिणसिद्धा सरणं मे, साहू धम्मो य मंगलं परमं ।
जिणनवकारो पवरो, कम्मक्खयकारणं होउ ॥३५॥

એમ ચારે ગતિમાં પરિભ્રમણ કરતા જે જે જીવોને મેં હણ્યા, અથવા દુઃખમાં ઉતાર્યા (નાખ્યા), તે સર્વને હું ખમાવું છું. (૩૨)

એ સર્વ જીવો મને ક્ષમા કરો, હું પણ તેઓએ કોઇએ પણ મારા જે અપરાધ કર્યો હોય તે તેઓના સર્વ અપરાધોને વૈરભાવ છોડીને (મૈત્રી ભાવ પામીને) મધ્યસ્થ ભાવે ખમાવું છું. (૩૩)

આ જીવલોકમાં (સર્વ જીવોમાં) કોઈ મારો શત્રુ નથી અથવા કોઈ મારો સ્વજન નથી. હું (મારો આત્મા) દર્શન જ્ઞાનમય સ્વભાવવાળો એકલો નિર્મમ અને નિત્ય (શાશ્વતો) છું. (૩૪)

શ્રીજિનેશ્વરદેવો, શ્રીસિદ્ધભગવંતો તથા સાધુ મુનિરાજો અને જિનકથિત ધર્મ એ ચારનું મારે શરણ છે, એ જ ચાર મારે પરમ મંગળ છે. શ્રેષ્ઠ એવો શ્રી જિને-

इय खामणा उ एसा, चउगइभावन्नयाण जीवाणं ।
भावविसुद्धीए महं, कम्मक्खयकारणं होउ ॥३६॥

શ્વરોનો (પંચપરમેષ્ઠિ) નમસ્કાર મહામન્ત્ર મારા કર્મક્ષયનું કારણ બનો ! (૩૫)

એ રીતે કરેલી આ ક્ષમાપના ચારે ગતિઓમાં ભમતા જીવોને ભાવ વિશુદ્ધિનું અને મને કર્મક્ષયનું કારણ બનો અથવા ચાર ગતિમાં રહેલા જીવોની સાથે ભાવ વિશુદ્ધિપૂર્વક કરેલી આ ક્ષમાપના મારા આત્માને કર્મક્ષયનું કારણ બનો ! મારાં કર્મોનો ક્ષય કરો !! (૩૬)

॥ अथ सारसमुच्चयकुलकम् ॥

नरनरवइदेवाणं, जं सोक्खं सव्वमुत्तमं लोए ।
तं धम्मेण विढप्पइ, तम्हा धम्मं सया कुणह ॥१॥
उच्छुन्ना किं च जरा ? नट्ठा रोगा य किं मयं मरणं ? ।
ठइय च नरयदारं ? जेण जणो कुणइ न य धम्मं ॥२॥
जाणइ जणो मरिज्जइ, पेच्छइ लोओ मरंतयं अन्नं ।
न य कोइ जए अमरो, कह तह वि अणायरो धम्मे ? ॥३॥
जो धम्मं कुणइ नरो, पूइज्जइ सामिउ व्व लोएण ।
दासो पेसो व्व जहा, परिभूओ अत्थतल्लिच्छो ॥४॥

આ લોકમાં મનુષ્યોને, રાજાઓને કે દેવોને જે સર્વથી ઉત્તમ સુખ મળે છે તે ધર્મથી જ મળે છે માટે હે ભવ્ય-જીવો ! સદા ધર્મને કરો !! (૧)

શું જરાને કચડી નાખી છે ? શું રોગો નાશ પામ્યા છે ? શું મરણ મરી ગયું છે ? અને શું નરકનું બારણું બંધ કર્યું છે ? કે જેથી જીવ ધર્મને નથી કરતો (અર્થાત્ જ્યાં સુધી એ ભય ઉભા છે ત્યાં સુધી ધર્મ કરવો એ જ સાર છે.) (૨)

જીવ જાણે છે કે પોતાને મરવાનું છે, બીજાને મરતો જુવે પણ છે અને જગતમાં (જન્મેલો) કોઈ અમર (રહ્યો) નથી, એ પરમ સત્ય છે તો પણ ધર્મમાં અનાદર કેમ છે ? (૩)

इय जाणिऊण एयं, वीसंसह अत्तणो पयत्तेण ।
जो धम्माओ चुक्को, सो चुक्को सव्वसुक्खाणं ॥५॥

धम्मं करेह तुरियं, धम्मेण य हुंति सव्वसुक्खाइं ।
सो अभयपयाणेणं, पंचिन्दियनिग्गहेणं च ॥६॥

मा कीरउ पाणिवहो, मा जंपह मूढ अलियवयणाइं ।
मा हरह परधणाइं, मा परदारे मइं कुणह ॥७॥

જે મનુષ્ય ધર્મ કરે છે, તે લોકો વડે સ્વામિની જેમ પૂજાય છે, (અર્થાત્ લોકો તેને પોતાનો સ્વામી માનીને પૂજે છે) અને જે એક માત્ર અર્થ (ધન-ધાન્યાદિ) માં તત્પર (તલ્લીન) છે તે દાસ (ચાકર) અને પ્રેષ્ય (નોકર) જેમ પરાભવ પામે તેમ લોકોમાં તિરસ્કારને પામે છે. (૪)

એમ સમજીને આત્મ પ્રયત્નથી હે જીવ ! એને (ધર્મનાં કષ્ટોને) વિશેષતયા સહન કર ! (કારણ કે) જે ધર્મથી ચૂકે છે તે સર્વ (પ્રકારનાં સર્વ) સુખોથી ભ્રષ્ટ થાય (ચૂકે) છે. (૫)

માટે હે જીવ ! તું શીઘ્ર ધર્મને કર ! ધર્મથી જ સર્વ સુખો પ્રાપ્ત થાય છે. તે ધર્મ (સર્વ જીવોને)અભયદાન આપવાથી અને પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ (વિજય) કરવાથી થાય છે. (૬)

હે મૂઢ ! કોઈ જીવનો વધ ન કર, અસત્ય વચનોને ન બોલ, પારકું ધન લઈશ નહિ અને પરદારાને સેવવાનો વિચાર (બુદ્ધિ) પણ કરીશ નહિ. (૭)

धम्मो अत्थो कामो, अन्ने जे एवमाइया भावा ।
हरइ हरं (णं) तो जीयं, अभयं दिंतो नरं देइ ॥८॥
न य किंचि इहं लोए, जीयाहिंतो जीयाण दइययरं ।
तो अभयपयाणाओ, न य अन्नं उत्तमं दाणं ॥९॥
सो दाया सो तवसी, सो य सुही पंडिओ य सो चेव ।
जो सव्वसुक्खबीयं, जीवदयं कुणइ खंतिं च ॥१०॥
किं पढिएण सुएण व, वक्खाणिएण काइं किर तेण ।
जत्थ न नज्जइ एयं, परस्स पीडा न कायव्वा ॥११॥

જે જીવ બીજા જીવને હણે છે તે તેના ધર્મને, અર્થને અને કામને તથા બીજા પણ એ વિગેરે ભાવોને હરણ કરે છે અને જે બીજા જીવને અભયદાન આપે છે તે તેને ધર્મ-અર્થ-કામ અને એવા બીજા પણ ભાવોનું દાન કરે છે, અર્થાત્ એક જીવને મારવાથી તેના પ્રાણોનું જ નહિ ધર્મ અર્થ કામ વિગેરે સર્વનું હરણ થાય છે અને અભય-દાન દેવાથી તેને ધર્મ, અર્થ, કામ વિગેરે સર્વનું દાન કર્યું ગણાય છે. (૮)

આ લોકમાં જીવોને પોતાના જીવનથી પણ વધારે પ્રિય કોઈ વસ્તુ નથી, માટે અભયદાન કરતાં ચઢીઆતું બીજું કોઈ ઉત્તમ દાન નથી. (૯)

તે દાતાર છે, તે તપસ્વી છે, તે સુખી છે અને તે જ પણ્ડિત છે કે જે સર્વસુખોના બીજભૂત જીવદયાને અને ક્ષમાને કરે છે. (દયા અને ક્ષમા વિનાનું દાન-તપ-સુખ કે પાણ્ડિત્ય કોઈ પણ ઉપકાર કરી શકતું નથી.) [૧૦]

जो पहरइ जीवाणं, पहरइ सो अत्तणो सरीरंमि ।
अप्पाण वेरिओ सो, दुक्खसहस्साण आभागी ॥१२॥

जं काणा खुज्जा वामणा, य तह चेव रूवपरिहीणा ।
उप्पज्जंति अहन्ना, भोगेहिं विवज्जिया पुरिसा ॥१३॥

इय जं पाविंति य दुह–सयाइं जणहिययसोगजणयाइं ।
तं जीवदयाण विणा, पावाण वियंभियं एयं ॥१४॥

તે ભણતરથી, તે શ્રુતથી અથવા તે વ્યાખ્યાન [ઉપદેશ] થી શું કે જેમાં 'પરને પીડા ન કરવી' એ જાણવામાં ન આવે! [અર્થાત્ ભણતર શ્રુત કે ઉપદેશનો સાર 'પરને પીડા ન કરવી' એ જ છે.] [૧૧]

જે અન્ય જીવોને પ્રહાર કરે છે તે [વસ્તુતઃ] પોતાના જ શરીરે પ્રહાર કરે છે. બીજાને મારનારો તે પોતાના જ આત્માનો વૈરી છે [કારણ કે–બીજાઓને મારવાથી પોતે જ] હજારો દુઃખોનો ભોગવનારો બને છે. [૧૨]

જગતમાં જે પુરૂષો કાણા, કુબડા, વામણા, તથા રૂપ વિનાના (કદ્રૂપા) ઉપજે છે અને નિર્ધન તથા (ખાવા–પીવા જેટલી પણ) ભોગ સામગ્રીથી રહિત હોય છે, એમ જે મનુષ્યના હૃદયમાં શોક થાય તેવાં સેંકડો (હજારો) દુઃખો પામે છે તે જીવદયાથી રહિત પાપોનું વિલસિત છે. અર્થાત્ નિર્દયતાથી કરેલાં પાપોને પરિણામે એ બધાં દુઃખો જીવને ભોગવવાં પડે છે. (૧૩–૧૪)

જ નામ કિંચિ દુક્ખં, નારયતિરિયાણ તહ ય મણુયાણં ।
તં સવ્વં પાવેણં, તમ્હા પાવં વિવજ્જેહ ॥૧૫॥

સયણે ધણે ય તહ પરિ–યણે ય જો કુણઇ સાસયા બુદ્ધી ।
અણુધાવંતિ કુઢેણં, રોગા ય જરા ય મચ્ચૂ ય ॥૧૬॥

નરએ જિય ! દુસ્સહવેયણાઉ, પત્તાઉ જાઓ પ (ત) ઇં મૂઢ ! ।
જઇ તાઓ સરસિ ઇન્હિં, ભત્તં પિ ન રુચ્ચએ તુજ્ઝ ॥૧૭॥

વધારે શું કહીએ? નારકોને, તિર્યંચોને કે મનુષ્યોને પણ જે કોઇ (થોડું પણ) દુઃખ પડે છે તે સર્વ પાપથી જ ભોગવવું પડે છે, માટે પાપનો ત્યાગ કરો ! (૧૫)

સ્વજનમાં, ધનમાં, તથા પરિજન (પરિવાર)માં 'એ બધું શાશ્વત રહેશે' એવી બુદ્ધિ જે રાખે છે તેની પાછળ જેમ ચોરની શોધમાં પાછળ પગેરું નીકળી ચોરને પકડે તેમ રોગો, જરા અને મરણ તેને પકડી લે છે. અથાત્ સ્વજન–ધન વિગેરે નાશ ન પામે તેને પણ રોગ અથવા જરા કે છેવટે મૃત્યુ પણ પકડી લે છે અને એ બધાંનો વિયોગ કરાવે જ છે. (૧૬)

હે મૂઢ જીવ ! તે કાળે (તેં) નરકમાં જે દુસ્સહ દુઃખોને ભોગવ્યાં તેને જો અત્યારે તું યાદ કરે તો તને ભોજન કરવું પણ ન ગમે ! (અર્થાત્ આજના જીવનમાં ભાવી દુઃખો તને સમજાઇ જવાથી તું ખાવાની પણ હિમ્મત ન કરી શકે.) (૧૭)

अच्छंतु ताव निरया, जं दुक्खं गब्भवासमज्झंमि ।
पत्तं तु वेयणिज्जं, तं संपइ तुज्झ वीसरियं ॥१८॥
भमिऊण भवग्गहणे, दुक्खाणि य पाविऊण विविहाइं ।
लब्भइ माणुसजम्मं, अणेगभवकोडिदुल्लंभं ॥१९॥
तत्थ वि य केइ गब्भे, मरंति बालत्तणंमि तारुन्ने ।
अन्ने पुण अंधलया, जावज्जीवं दुहं तेसिं ॥२०॥
अन्ने पुण कोढियया, खयवाहीसहियपंगुभूया य ।
दारिद्देणभिभूया, परकम्मकरा नरा बहवे ॥२१॥

અરે ! એ નરકોની વાત દૂર રહી, આ ભવમાં પણ ગર્ભાવાસમાં જે અશાતાવેદનીયનું દુઃખ તું પામ્યો હતો તે પણ તને વર્તમાનમાં વિસ્મૃત થયું છે. (તે યાદ આવે તો પણ તું પાપ કરવાની હિમ્મત ન કરી શકે.) (૧૮)

એમ સંસારરૂપી અટવીમાં ભમીને અને વિવિધ જાતિનાં દુઃખોને પામીને જીવ અનેક ક્રોડો ભવો પછી દુર્લભ એવો મનુષ્ય જન્મ પામે છે. (૧૯)

તેમાં પણ કોઇ તો ગર્ભમાંથી જ મરી જાય છે, કોઇ જન્મ્યા પછી બાલપણમાં, તો કોઇ તરૂણ થતાં જ મરી જાય છે, કોઇ બીજા જીવે છે તો આંધળાપણાથી તેઓને જીવનભર દુઃખ હોય છે. (૨૦)

બીજા કોઇ કોઢીયા, કોઇ ક્ષયનો વ્યાધિ સહન કરતા, તો કોઇ પાંગળા બનેલા, કોઇ દારીદ્યથી પરાભવ પામેલા તો ઘણા મનુષ્યો બીજાની ચાકરી કરનારા હોય છે. (અર્થાત્

ते चेव जोणिलक्खा, भमियव्वा पुण वि जीव ! संसारे ।
लहिऊण माणुसत्तं, जं कुणसि न उज्जमं धम्मे ॥२२॥
इय जाव न चुक्कसि, एरिसस्स खणभंगुरस्स देहस्स ।
जीवदयाउवउत्तो, तो कुण जिणदेसियं धम्मं ॥२३॥
कम्मं दुक्खसरूवं, दुक्खाणुहवं च दुक्खहेउं च ।
कम्मायत्तो जीवो, न सुक्खलेसं पि पाउणइ ॥२४॥
जह वा एसो देहो, वाहीहिं अहिट्ठिओ दुहं लहइ ।
तह कम्मवाहिघत्थो, जीवो वि भवे दुहं लहइ ॥२५॥

મનુષ્યપણું અને દીર્ઘ આયુષ્ય મળવા છતાં ધર્મ કરવા યોગ્ય જીવન મળતું નથી.) (૨૧)

એમ ધર્મસામગ્રી અતિ દુર્લભ છે, એથી મનુષ્યપણું પામીને પણ જો ધર્મમાં ઉદ્યમ નહિ કરે તો હે જીવ! પુનઃ પણ સંસારમાં તે જ ચોરાશી લાખ યોનિઓ ભમવી પડશે. (૨૨)

તેથી જ્યાં સુધી આવા ક્ષણ ભંગુર શરીરથી તું ચૂકયો નથી (અર્થાત્ હજુ શરીર છૂટયું નથી) ત્યાં સુધી જીવદયામાં ઉપયોગવાળો થઇને તું શ્રીજિનેશ્વરોએ કહેલા ધર્મને કર! (૨૩)

જીવને લાગેલું કર્મ દુઃખરૂપ છે, દુઃખનો અનુભવ કરાવનારૂં છે અને ભવિષ્યમાં નવાં દુઃખો ઉત્પન્ન કરવામાં હેતભૂત છે. એવા કર્મને વશ પડેલો જીવ સુખનો લેશ પણ પામી શકતો નથી. (૨૪)

जायंति अपच्छाओ, वाहीओ जहा अपच्छनिरयस्स ।
संभवइ कम्मवुड्ढी, तह पावापच्छनिरयस्स ॥२६॥

अइगरुओ कम्मरिऊ, कयावयारो य नियसरीरत्थो ।
एस उविक्खिज्जंतो, वाहि व्व विणासए अप्पं ॥२७॥

मा कुणइ गयनिमोलं, कम्मविघायंमि किं न उज्जमह ।
लद्धूण मणुयजम्मं, मा हारह अलियमोहहया ॥२८॥

અથવા વ્યાધિથી ઘેરાએલું આ શરીર જેમ દુઃખ ભોગવે છે તેમ કર્મરૂપ વ્યાધિથી સપડાએલો જીવ પણ સંસારમાં દુઃખી થાય છે. (૨૫)

જેમ અપથ્યના રસિઆને અપથ્ય સેવવાથી વ્યાધિઓ થાય છે તેમ અપથ્ય (પાપ) માં નિરત જીવને પાપથી કર્મરૂપ રોગની વૃદ્ધિ સંભવે (થાય) છે. (૨૬)

કર્યો છે શરીરમાં અવતાર (અપકાર) જેણે એવો પોતાના શરીરમાં રહેલો કર્મશત્રુ અતિ બળવાન શત્રુ છે, એની ઉપેક્ષા કરવાથી ઉપેક્ષા કરાએલો વ્યાધિ જેમ શરીરનો નાશ કરે તેમ ઉપેક્ષિત કર્મશત્રુ આત્માનો નાશ કરે છે. (૨૭)

હે જીવ! એને દૂર કરવામાં ગજનિમિલિકા (આંખ મીંચામણું) કરીશ નહિ. કર્મનો ઘાત કરવામાં તું ઉદ્યમ કેમ કરતો નથી? મિથ્યા મોહથી હારેલો તું ઉત્તમ મનુષ્ય જન્મ પામીને હારી ન જા! અર્થાત્ ગુમાવીશ નહિ. (૨૮)

अच्चंतविवज्जासिय–मइणो परमत्थदुक्खरूवेसु ।
संसारसुहलवेसुं, मा कुणह खणं पि पडिबंधं ॥२९॥

किं सुमिणदिट्ठपरमत्थ–सुन्नवत्थुस्स करहु पडिबंधं ? ।
सव्वं पि खणियमेयं, विहडिस्सइ पेच्छमाणाण ॥३०॥

संतंमि जिणुद्दिट्ठे, कम्मक्खयकारणे उवायंमि ।
अप्पायत्तंमि न किं, तद्दिट्ठभया समुज्जेह ॥३१॥

जह रोगी कोइ नरो, अइदुसहवाहिवेयणादुहिओ ।
तद्दुहनिव्विन्नमणो, रोगहरं वेज्जमन्निसइ ॥३२॥

આત્માના સ્વભાવથી અત્યન્ત ઉલટ (મિથ્યા) મતિવાળા જીવોને પરમાર્થથી દુઃખરૂપ એવાં સંસારનાં લેશમાત્ર સુખોમાં થતો પ્રતિબન્ધ તું ક્ષણ માત્ર પણ ન કરીશ ! (૨૯)

સ્વપ્નમાં દેખેલી પરમાર્થથી શૂન્ય વસ્તુનો પ્રતિબન્ધ શા માટે કરે છે ? (ધન, કુટુમ્બ, શરીર આદિ) આ સર્વ પણ ક્ષણિક છે, જોતાં જોતાં તે નાશ પામશે. (૩૦)

શ્રીજિનોપદિષ્ટ કર્મક્ષય કરવાનો ઉપાય આત્માને સ્વાધીન હોવા છતાં હે જીવ ! તું તે કર્મોનો ભય પ્રત્યક્ષ જોવા જાણવા છતાં તેનો ક્ષય કરવાના તે ઉપાયોમાં ઉદ્યમ કેમ કરતો નથી ? (૩૧)

જેમ અતિ દુસ્સહ વ્યાધિની વેદનાથી ત્રાસી ગએલો કોઇ રોગી મનુષ્ય તે દુઃખથી કંટાળેલો રોગને મટાડનારા વૈદ્યને શોધે છે. (૩૨)

તો પડિવજ્જઇ કિરિયં, સુવેજ્જભણિયં વિવજ્જઇ અપચ્છં।
તુચ્છન્નપચ્છભોઈ, ઇસી સુવસંતવાહિદુહો ॥૩૩॥

વવગયરોગાયંકો, સંપત્તાઽઽરોગ્ગસોક્ખસંતુટ્ઠો।
બહુ મન્નેઇ સુવેજ્જં, અહિ (હી) ણં દેઇ વેજ્જકિરિયં ચ ॥૩૪॥

તહ કમ્મવાહિગહિઓ, જમ્મણમરણાઉઇન્નબહુદુક્ખો।
તત્તો નિવ્વિન્નમણો, પરમગુરું તયણુ અન્નિસઇ ॥૩૫॥

તે પછી ઉત્તમ વૈદ્યે કહેલી ક્રિયાને (ચિકિત્સાને) સ્વીકારે છે, અપથ્યને તજે છે અને તુચ્છ (હલકું) અન્ન-પથ્યનું ભોજન કરતો કંઈક વ્યાધિનું દુઃખ જેનું સારી રીતે શાન્ત (સુપ્રશાન્ત) થયું છે તેવો તે (વૈદ્યના ઉપાય સારી રીતે કરવા લાગે છે.) (૩૩)

છેવટે રોગની પીડા સમ્પૂર્ણ શાન્ત થઈ છે જેની અને એથી પ્રાપ્ત થએલા આરોગ્ય સુખમાં સંતુષ્ટ થએલો તે ઉત્તમ વૈદ્યનું બહુમાન કરે છે અને પોતાને આધીન (આશ્રિત) બીજાઓને (સ્વજનાદિને) પણ એ વૈદ્યની ચિકિત્સા કરાવે છે. (૩૪)

તેમ કર્મ વ્યાધિથી ઘેરાએલો, જન્મ-મરણથી બહુ દુઃખી થએલો, માટે દુઃખોથી (જન્મ-મરણોથી) કંટાળેલો જીવ પણ તે પછી પરમગુરૂ (વીતરાગ કે તેઓના માર્ગને સમજાવનારા ગુરૂઓ) ને શોધે છે. (૩૫)

लद्धंमि गुरुंमि तओ, तव्वयणविसेसकयअणुट्ठाणो ।
पडिवज्जइ पव्वज्जं, पमायपरिवज्जणविसुद्धं ॥३६॥
नाणाविहतवनिरओ, सुविसुद्धासारभिक्खभोई य ।
सव्वत्थ अप्पडिबद्धो, सयणाईसु मुक्कवामोहो ॥३७॥
एमाइ गुरूवइट्ठं, अणुट्ठमाणो विसुद्धमुणिकिरियं ।
मुच्चइ नीसंदिद्धं, चिरसंचियकम्मवाहीहिं ॥३८॥

તેવા ગુરૂ પ્રાપ્ત થતાં તેઓના વચનથી સવિશેષ અનુષ્ઠાનો (ધર્મ ક્રિયા) ને કરતો તે પ્રમાદના પરિહાર પૂર્વકની (અપ્રમત્ત) દીક્ષાને સ્વીકારે છે. (૩૬)

તથા અનેક પ્રકારનાં (બાહ્ય–અભ્યન્તર) તપમાં નિરત (રાગી) બનેલો તે બેંતાલીશ દોષથી વિશુદ્ધ અને અસાર (નિરસ–વિરસ) ભિક્ષાનું ભોજન કરતો, (દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી) સર્વત્ર અપ્રતિબદ્ધ (મૂર્છા રહિત) સ્વજનાદિમાંથી મોહ મુક્ત થએલો, (૩૭)

ઈત્યાદિ ગુરૂએ કહેલી વિશુદ્ધ સાધુ ક્રિયાને આચરતો નિશ્ચે ચિરકાલનાં બાંધેલાં કર્મોરૂપ વ્યાધિથી છૂટે છે. (સર્વથા કર્મ મલથી મુક્ત થએલો મોક્ષને પામે છે). (૩૮)

॥ अथ इरियावहिकुलकम् ॥

नमवि सिरिवद्धमाणस्स पयपंकयं,
भविअजिअभमरगणनिच्चपरिसेविअं ।
चउरगइजीवजोणीण खामणकए,
भणिमु कुलयं अहं निसुणिअं जह सुए ॥१॥

नारयाणं जिआ सत्तनरयुब्भवा,
अपजपज्जत्तभेएहिं चउदस धुवा ।
पुढविअपतेयवाउवणस्सईणंतया,
पंच ते सुहुमथूला य दस हुंतया ॥२॥

ભવ્ય જીવોરૂપી ભ્રમરોના સમૂહથી નિત્ય સેવાયેલા શ્રીમહાવીરપ્રભુના ચરણકમલને નમીને ચાર ગતિના જીવની યોનિઓને (જીવોને) ખમાવવાને માટે જેમ મેં સિદ્ધાન્તમાં સાંભળેલું છે તેમ કુલકરૂપે કહું છું. (૧)

સાત નરક પૃથ્વીઓમાં ઉપજતા નરકના જીવોના સાત પ્રકારો છે. તેના સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા મળીને કુલ ચૌદ ભેદ થાય. તથા તિર્યંચમાં–પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને સાધારણ વનસ્પતિકાય, એ પાંચ ભેદોના પાંચ સૂક્ષ્મ અને પાંચ બાદર, એમ બન્ને મળી કુલ દસ ભેદો થાય. (૨)

अपजपज्जत्तभेएहिं वीसं भवे,
अपजपज्जत्तपत्तेयवणस्सइ दुवे ।
एवमेगिंदिआ वीस दोजुत्तया,
अपजपजबिंदि–तेइंदि–चउरिंदिया ॥३॥

नीरथलखेअरा उरगपरिसप्पया,
भुजगपरिसप्प सन्निऽसन्नि पंचिंदिया ।
दसवि ते पज्जअपजत्त वीसं कया,
तिरिय सव्वेऽडयालीस भेया मया ॥४॥

पंचदसकम्मभूमी य सुविसालया,
तीस अक्कम्मभूमी य सुहकारया ।
अंतरद्दीव तह पवर छप्पण्णयं,
मिलिय सयमहियमेगेण नरठाणयं ॥५॥

એ દશના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે બે પ્રકારો ગણતાં વીસ ભેદો થાય, ઉપરાંત પ્રત્યેક વનસ્પતિના અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બે ભેદો છે. એમ એકેન્દ્રિયના કુલ આવીસ ભેદો થાય. તે સિવાય પર્યાપ્તા અને અપર્યાપ્તા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય મળી વિકલેન્દ્રિયના છ ભેદો થાય. (૩)

(વળી) સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય, તે પ્રત્યેકના જળચર, સ્થળચર, ખેચર, ઉરઃપરિસર્પ અને ભુજ–પરિસર્પ એમ પાંચ પાંચ ભેદો હોવાથી દસ ભેદો થાય,

तत्थ अपजत्तपज्जत्तनरगब्भया,
वंतपित्ताइ असन्निअपजत्तया ।
मिलिय सव्वे वि ते तिसय तिउत्तरा,
मणुयजम्मम्मि इम हुंति विविहत्तरा ॥६॥

भवणवइदेव दस पनर परहम्मिया,
जंभगा दस य तह सोल वंतरगया ।
चर-थिरा जोइसा चंद सूरा गहा,
तह य नक्खत्त तारा य दस भावहा ॥७॥

તેના વળી પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં વીસ ભેદો થાય, એમ સર્વ મળી તિર્યંચના અડતાળીસ ભેદો કહ્યા છે. (૪)

સુવિશાળ પન્દર કર્મભૂમીઓ, એકાન્તે જ્યાં સુખ છે તે ત્રીસ અકર્મભૂમીઓ અને છપ્પન અંતરદ્વીપો, એમ મનુષ્યને ઉપજવાનાં કુલ એકસો એક સ્થાનકો છે. (૫)

ત્યાં પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા બે ભેદવાળા ગર્ભજ મનુષ્યો હોય છે. તેના ૨૦૨ ભેદો તથા તેઓના વમન-પિત્તાદિક (ચૌદ સ્થાનોમાં) ઉત્પન્ન થતા અપર્યાપ્તા સંમૂર્છિમ મનુષ્યોના ૧૦૧, એમ મનુષ્ય જન્મમાં ૩૦૩ ભેદો થાય છે. (૬)

(દેવોમાં) ભવનપતિ દેવોના દસ, પરમાધાર્મિકના પન્દર તિર્યગ્જૃંભકના દસ તથા વ્યન્તરના સોળ અને ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ ચર અને પાંચ સ્થિર મળી કાન્તિમાન્ જ્યોતિષીના દસ ભેદો થાય. (૭)

किब्बिसा तिण्णि सुर बार वेमाणिया,
भेय नव नव य गेविज्ज लोगंतिया ।
पंच आणुत्तरा सुरवरा ते जुया,
एगहीणं सयं देवदेवीजुया ॥८॥

अपजपज्जत्तभेएहिं सयट्ठाणुओ,
भवणवणजोइवेमाणिया मिलिया ।
अहिअ तेसट्ठी सवि हुंति ते पणसया,
अभिहयापयदसयगुणिअ जाया तया ॥९॥

पंचसहसा छसय भेय तीसाहिया,
रागदोसेहि ते सहसएगारसा ।
दुसयसट्ठी त्ति मणवयणकाए पुणो,
सहसतेत्तीस सयसत्तअसिई घणो ॥१०॥

તથા કિલ્બિષી દેવના ત્રણ ભેદો, બાર ભેદો વૈમાનિકના, નવ ગ્રૈવેયકના, નવ લોકાન્તિકના તથા પાંચ અનુત્તરના, તે બધા ગણતાં દેવ દેવીઓ સહિત નવ્વાણું ભેદો દેવોના થાય. (૮)

એ નવ્વાણુના પર્યાપ્તા અને અપર્યાપ્તા બે બે ગણતાં ભુવનપતિ, વ્યન્તર, જ્યોતિષ અને વૈમાનિક, એ ચારેના મળી એકસોને અઠ્ઠાણુ ભેદો થાય છે. એમ ૧૪+૪૮+૩૦૩+૧૯૮=૫૬૩ ભેદો નરકાદિ ચારે ગતિના જીવોના થયા, તેને અભિહયાદિક દશ પદોએ ગુણતાં-(૯)

करणकारणअणुमईइ संजोडिया,
एगलख सहसइग तिसयचालीसया ।
कालतिअगणिय तिगलक्ख चउसहसया,
वीसहिअ इरियमिच्छामिदुक्कडपया ॥११॥

इणि परि चउरगइमांहिं जे जीवया,
कम्मपरिपाकिनवनवियजोणीठिया ।
ताह सव्वाह कर करिय सिर उप्परे,
देमि मिच्छामिदुक्कड बहु बहु परे ॥१२॥

પાંચહજ્જાર, છસો ને ત્રીસ ભેદો થાય, તેને રાગ અને દ્વેષ બેથી ગુણતાં અગીયાર હજ્જાર બસો ને સાઠ થાય, તેને મન, વચન અને કાયા એ ત્રણથી ગુણીએ ત્યારે તેત્રીસ હજ્જાર, સાતસો ને એંશી ભેદો થાય. (૧૦)

(વળી તેને) કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણે ગુણવાથી એક લાખ, એક હજ્જાર, ત્રણસો ને ચાલીસ ભેદો થાય; અને તેને ત્રણે કાળથી ગુણતાં ત્રણ લાખ ચાર હજ્જાર અને વીશ ભેદો થાય તે દરેકને તે તે પ્રકારે 'મિચ્છામિદુક્કડં' દેવાથી ઇરિયાવહિના મિચ્છામિદુક્કડંનાં તેટલાં સ્થાનો થાય. (૧૧)

નોટ–બીજા ગ્રન્થોમાં આ ૩૦૪૦૨૦ ને ૬ સાક્ષીથી ગુણતાં '૧૮૨૪૧૨૦' પ્રકારો પણ મિચ્છામિદુક્કડંના થાય છે, એમ કહેલું છે.

इअ जिअ विविहप्परि मिच्छामिदुक्कडि,
करिहि जि भविअ (नियहिय) सुट्ठुमणा ।
ति छिंदिय भवदुहं पामिअ (उं) सुरसुहं,
सिद्धिनयरिसुहं लहइ (अंते) घणं ॥१३॥

એ પ્રમાણે પોતપોતાના કર્મવિપાકને અનુસારે નવી નવી યોનિઓમાં ચારે ગતિમાં જે જીવો ભમી રહ્યા છે તે દરેકને હું મસ્તકે હાથ જોડીને અનેકાનેક વાર મિચ્છામિ દુક્કડં દઉં છું. (૧૨)

એ પ્રમાણે વિવિધ પ્રકારે જીવો પ્રત્યે જે ભવિક જીવ શુદ્ધ મન કરીને 'મિથ્યા દુષ્કૃત' કરે છે તે સંસારનાં દુઃખો છેદીને, વચ્ચે દેવોનાં સુખો પામીને આખરે મોક્ષ-નગરીનું (અનન્ત) સુખ મેળવે છે. (૧૩)

॥ ઇતિ કુલકસંગ્રહઃ સાર્થઃ સમાપ્તઃ ॥



अथ श्रीशान्तिसूरिजीविरचितम्

॥ श्रीधर्मरत्नप्रकरणम् सार्थम् ॥

नमिऊण सयलगुणरयण-कुलहरं विमलकेवलं वीरं ।
धम्मरयणत्थिआणं, जणाण वियरेमि उवएसं ॥१॥

भवजलहिम्मि अपारे, दुलहं मणुयत्तणं पि जंतूणं ।
तत्थ वि अणत्थहरणं, दुलहं सद्धम्मवररयणं ॥२॥

जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं ।
गुणविहवविज्जियाणं, जियाण तह धम्मरयणं पि ॥३॥

સઘળા ગુણોરૂપી રત્નોના ઉત્પત્તિસ્થાનભૂત નિર્મળ કેવળજ્ઞાનવાળા શ્રીવીરપ્રભુને નમસ્કાર કરીને ધર્મરૂપ રત્નના અર્થી જીવોને હું (શ્રીશાન્તિસૂરિ) ઉપદેશ કરું છું. (૧)

અપાર એવા સંસાર સમુદ્રમાં પ્રાણિઓને મનુષ્યપણું મળવું તે પણ દુર્લભ છે અને તેમાં (ત્યાં) પણ સઘળા અનર્થોનો નાશ કરનારા સદ્ધર્મરૂપ શ્રેષ્ઠરત્ન તો અતિ દુર્લભ છે. (૨)

જેમ અલ્પ વૈભવ (રિદ્ધિ) વાળાઓને ચિન્તામણી રત્ન મળવું સુલભ નથી તેમ (સામાન્ય ભૂમિકારૂપ) ગુણ-સંપત્તિથી રહિત જીવોને ધર્મરત્ન મળવું પણ સહેલું નથી. (૩)

इगवीसगुणसमेओ, जोगो एयस्स जिणमए भणिओ ।
तदुवज्जणंमि पढमं, ता जइयव्वं जओ भणियं ॥४॥

धम्मरयणस्स जोग्गो, अक्खुद्दो रूववं पयइसोमो ।
लोगप्पिओ अकूरो, भीरू असढो सुदक्खिन्नो ॥५॥

लज्जालुओ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ।
सक्कह सुपक्खजुत्तो, सुदीहदरिसी विसेसन्नू ॥६॥

वुड्ढाणुगो विणीओ, कयन्नुओ परहियत्थकारी य ।
तह चेव लद्धलक्खो, इगवीसगुणेहिं संजुत्तो ॥७॥

શ્રીજિનેશ્વરોના આગમમાં જે એકવીશ ગુણવાળો હોય તે ધર્મરત્નને પામવા માટે યોગ્ય કહેલો છે માટે તે ગુણોને મેળવવા સહુ પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ કારણ કહ્યું છે કે- (૪)

ધર્મરત્નને પામવાની યોગ્યતાવાળો જીવ ૧-અક્ષુદ્ર, ૨-રૂપવાન્, ૩-સૌમ્યપ્રકૃતિવાળો-સ્વભાવે શાન્ત, ૪-લોકપ્રિય, ૫-અક્રૂર, ૬-પાપભીરૂ, ૭-અશઠ, ૮-સુદાક્ષિણ્યવાળો-પ્રાર્થના ભંગભીરૂ, ૯-લજ્જાળુ, ૧૦-દયાળુ, ૧૧-મધ્યસ્થ એવી સૌમ્ય દૃષ્ટિવાળો, ૧૨-ગુણાનુરાગી, ૧૩-સત્કથાપ્રિય, ૧૪-ઉત્તમ પરિવારવાળો, ૧૫-સુદીર્ઘદર્શી-પર્યાલોચક, ૧૬-વિશેષજ્ઞ-સારાસારમાં વિવેકી, ૧૭-વૃદ્ધ-(ડાહ્યા) પુરૂષોને અનુસરનારો ૧૮-વિનીત, ૧૯-કૃતજ્ઞ, ૨૦-પરનું હિત કરનારો, અને ૨૧-લબ્ધલક્ષ્ય-ધર્માચરણના લક્ષ્યવાળો. એમ એકવીશ ગુણોથી યુક્ત હોય છે. (૫-૬-૭)

खुद्दो त्ति अगंभीरो, उत्ताणमई न साहए धम्मं ।
सपरोवयारसत्तो, अक्खुद्दो तेण इह जोग्गो ॥८॥
संपुन्नंगोवंगो, पंचिंदियसुंदरो सुसंघयणो ।
होइ पभावणहेऊ, खमो य तह रूववं धम्मे ॥९॥
पयईसोमसहावो, न पावकम्मे पवत्तई पायं ।
हवइ सुहसेवणिज्जो, पसमनिमित्तो परेसिं पि ॥१०॥
इहपरलोयविरुद्धं, न सेवए दाणविणयसीलड्ढो ।
लोअप्पिओ जणाणं, जणेइ धम्ममि बहुमाणं ॥११॥

એ એકવીશ ગુણોનું સ્વરૂપ ક્રમશઃ કહે છે કે-

૧-**અક્ષુદ્ર**-ક્ષુદ્ર એટલે તુચ્છ (છીછરા પેટવાળો) અને ઉછાંછળી બુદ્ધિવાળો ધર્મને સાધી શકતો નથી માટે સ્વ-પર ઉપકાર કરવામાં સત્ત્ववાળો ગમ્ભીર જીવ ધર્મ પામવામાં યોગ્ય કહ્યો છે. (૮)

૨-**રૂપવાન્**-હાથ-પગ વિગેરે અંગોપાંગ સમ્પૂર્ણ હોય, પાંચે ઇન્દ્રિયો સુન્દર (પોત પોતાનું કામ કરે તેવી) હોય અને શરીરનો બાંધો સારો (મજબૂત) હોય તેવો રૂપવાન્ ધર્મ કરવામાં સમર્થ થાય અને શાસનનો-ધર્મનો પ્રભાવક બને. (૯)

૩-**પ્રકૃતિસૌમ્ય**-શાન્તપ્રકૃતિ (ઉપશમ) વાળો વિષય-કષાયોની વૃત્તિ શાન્ત હોવાથી પ્રાયઃ પાપકાર્યો ન કરે, બીજાઓ તેની સેવા (પ્રસન્ન) સુખપૂર્વક કરી શકે અને તે પણ બીજાઓને પ્રશમનું (ઉપશમનું) નિમિત્ત બને. (૧૦)

क्रूरो किलिट्ठभावो, सम्मं धम्मं न साहिउं तरइ।
इय सो न एत्थ जोगो, जोगो पुण होइ अक्कूरो ॥१२॥
इहपरलोगावाए, संभावेंतो न वट्टई पावे।
बीहइ अयसकलंका, तो खलु धम्मारिहो भीरू ॥१३॥
असढो परं न वंचइ, वीससणिज्जो पसंसणिज्जो य।
उज्जमइ भावसारं, उचिओ धम्मस्स तेणेसो ॥१४॥

૪-**લોકપ્રિય**-જે આલોક-પરલોક વિરૂદ્ધ કાર્યો ન કરે અને દાન, વિનય, સદાચાર (શીયળ) વાળો હોય, તે લોકોને પ્રિય હોય, એથી તે મનુષ્યોને ધર્મમાં બહુમાન પ્રગટ કરે. (૧૧)

૫-**અક્રૂર**-ક્રૂર મનુષ્ય ક્લિષ્ટ (દુષ્ટ) સ્વભાવવાળો હોવાથી ધર્મને સુન્દર રીતે સાધી ન શકે તેથી તે ધર્મરત્નની પ્રાપ્તિમાં યોગ્ય નથી, પણ જે અક્રૂર હોય તે યોગ્ય છે. (૧૨)

૬-**ભીરૂ**-આલોકમાં પરલોકમાં દુઃખ ભોગવવાં પડે એમ માનીને પાપભીરૂ પાપ કાર્યોમાં પ્રવૃત્તિ ન કરે, અપયશ રૂપ કલંકથી ડરે તેથી પાપભીરૂ નિશ્ચે ધર્મપ્રાપ્તિ માટે યોગ્ય છે. (૧૩)

૭-**અશઠ**-જે અશઠ(માયાવી ન) હોય તે બીજાને ઠગે નહિ, વિશ્વાસ કરવા લાયક અને પ્રશંસનીય હોય, શુભ (શુદ્ધ) ભાવપૂર્વક આત્મશુદ્ધિ માટે ઉદ્યમ કરે તે કારણે તે ધર્મ માટે યોગ્ય જાણવો. (૧૪)

उवयरइ सुदक्खिन्नो, परेसिमुज्झिय सकज्जवावारो ।
तो होइ गेज्झवक्कोऽणुवत्तणीओ य सव्वस्स ॥१५॥
लज्जालुओ अकज्जं, वज्जइ दूरेण जेण तणुयं पि ।
आयरइ सयायारं, न मुयइ अंगीकयं कहवि ॥१६॥
मूलं धम्मस्स दया, तयणुगयं सव्वमेवणुट्ठाणं ।
सिद्धं जिणिंदसमए, मग्गिज्जइ तेणिह दयालू ॥१७॥
मज्झत्थसोमदिट्ठी, धम्मवियारं जहट्ठियं मुणइ ।
कुणइ गुणसंपओगं, दोसे दूरं परिच्चयइ ॥१८॥

८–**सुदाक्षिण्य**–दाक्षिण्य गुणवाळो प्रार्थनाभंगभीरु होवाथी पोतानुं काम छोडीने पण बीजाओने उपकार करे तेथी तेनुं वचन बीजाओ माने अने सहु तेनुं अनुकरण करे. (अनुसरे) (१५)

९–**लज्जाळु**–लज्जाळु आत्मा न्हानुं पण अकार्य दूरथी ज तजे (तेने खराब कार्य करतां लज्जा आवे), सदाचारने आचरे अने लज्जाथी अंगीकार करेलुं कार्य कोई रीते छोडे नहि (पूर्ण करे). (१६)

१०–**दयाळु**–धर्मनुं मूळ दया छे, श्रीजिनेश्वरना आगममां सर्व अनुष्ठानो दयापूर्वक करेलां ज सत्य कह्यां छे–दयापूर्वक ज करवानुं कहेलुं छे, तेथी धर्ममां दयाळु अधिकारी छे. (१७)

११–**मध्यस्थ सौम्यदृष्टि**–निष्पक्षपाती अने शान्त (द्वेष रहित) दृष्टिवाळो होय ते धर्मना स्वरूपने यथार्थ

गुणरागी गुणवंते, बहु मन्नइ निग्गुणे उवेहेइ ।
गुणसंगहे पवत्तइ, संपत्तगुणं न मयलेइ ॥१९॥
नासइ विवेगरयणं, असुहकहासंगकलुसियमणस्स ।
धम्मो विवेगसारो त्ति, सक्कहो होज्ज धम्मत्थी ॥२०॥
अणुकूलधम्मसीलो, सुसमायारो य परियणो जस्स ।
एस सुपक्खो धम्मं, निरंतरायं तरइ काउं ॥२१॥
आढवइ दीहदंसी, सयलं परिणामसुंदरं कज्जं ।
बहुलाभमप्पकेसं, सलाहणिज्जं बहुजणाणं ॥२२॥

રીતે જાણી–સમજી શકે, એથી જ્ઞાનાદિ ગુણોનો રાગ (સંબન્ધ) કરે અને અજ્ઞાનાદિ દૂષણોને દૂરથી તજે. (૧૮)

૧૨-**ગુણાનુરાગી**–ગુણનો રાગી ગુણવાનોનું બહુમાન કરે, નિર્ગુણીઓની ઉપેક્ષા કરે, ગુણો મેળવવામાં પ્રયત્ન કરે અને પ્રાપ્ત થયેલા ગુણોને મલિન (દૂષિત) ન કરે. (૧૯)

૧૩-**સત્કથાપ્રિય**–અશુભ (પાપરૂપ વિષય–કષાયાદિની વૃદ્ધિ થાય તેવી) વાર્તાઓ સાંભળવાથી કલુષિત મનવાળા થયેલા જીવનું વિવેક (સારાસારાના વિવેક રૂપી) રત્ન નાશ પામે અને ધર્મ તો વિવેકપ્રધાન (હિતાહિતના જ્ઞાનવાળાને) હોય છે તેથી ધર્મનો અર્થી સત્કથાની રૂચિવાળો હોય. (૨૦)

૧૪-**સુપક્ષવાન્**–જેને દરેક ધર્મ કાર્યોમાં અનુકૂળ (સહાયક), ધર્મ કરવાના સ્વભાવવાળો અને સદાચારી પરિવાર હોય તે સુપક્ષવાળો નિર્વિઘ્ને ધર્મ કરી શકે. (૨૧)

वत्थूणं गुणदोसे, लक्खइ अपक्खवायभावेण ।
पाएण विसेसन्नू, उत्तमधम्मारिहो तेण ॥२३॥
वुड्ढो परिणयबुद्धी, पावायारे पवत्तई नेय ।
वुड्ढाणुगो वि एवं, संसग्गिकया गुणा जेण ॥२४॥
विणओ सव्वगुणाणं, मूलं सन्नाणदंसणाईणं ।
मोक्खस्स य ते मूलं, तेण विणीओ इह पसत्थो ॥२५॥

૧૫-**दीर्घदर्शी**-દીર્ઘ-(પરિણામ) દર્શી-વિચારક હોય તે સઘળાં કાર્યો જેનું પરિણામ (ફળ) સારૂં હોય અલ્પ ક્લેશ (મહેનત) થી વધુ લાભ મળે અને ઘણા મનુષ્યોને પ્રશંસા કરવા યોગ્ય ઉત્તમ હોય તેવાં જ કાર્યો આરમ્ભે. (૨૨)

૧૬-**विशेषज्ञ**-વિશેષ (તારતમ્ય) નો જાણુ વિશેષજ્ઞ હોય તે પ્રાયઃ નિષ્પક્ષપાતપણે વસ્તુ (પદાર્થ) ના ગુણોને ગુણરૂપે અને દોષોને દોષરૂપે સમજી (ઓળખી) શકે તેથી તે ઉત્તમ ધર્મને પામવા લાયક (પામી શકે) છે. (૨૩)

૧૭-**वृद्धानुग**-જેની બુદ્ધિ પરિણત (પરિપક્વ-કસાએલી) હોય તે વૃદ્ધ કહેવાય, તેથી તેવો પાપ કાર્યોમાં પ્રવૃત્તિ ન કરે. તેથી વૃદ્ધની સલાહને અનુસરનારો વૃદ્ધાનુગ પણ એ રીતે (પાપથી દૂર) રહે, કારણ કે ગુણો (અથવા દોષો) પ્રાયઃ સોબતને અનુસારે હોય છે. (ગુણવાનની સોબતથી ગુણો પ્રગટે છે.) (૨૪)

૧૮-**विनीत**-સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સર્વ ગુણોનું મૂળ વિનય છે અને મોક્ષનું ફળ તે ગુણો છે એથી ગુણપ્રાપ્તિ અને તેના ફળરૂપ મોક્ષ મેળવવામાં (ધર્મમાં) વિનીત પ્રશસ્ત છે. (લાયક કહ્યો છે.) (૨૫)

बहुमन्नइ धम्मगुरुं, परमुवयारित्ति तत्तबुद्धीए ।
तत्तो गुणाण वुड्ढी, गुणारिहो तेणिह कयन्नू ॥२६॥

परहियनिरओ धन्नो, सम्मं विन्नायधम्मसब्भावो ।
अन्ने वि ठवइ मग्गे, निरीहचित्तो महासत्तो ॥२७॥

लक्खेइ लद्धलक्खो, सुहेण सयलं पि धम्मकरणिज्जं ।
दक्खो सुसासणिज्जो, तुरियं च सुसिक्खिओ होइ ॥२८॥

एए इगवीसगुणा, सुयाणुसारेण किंचि वक्खाया ।
अरिहंति धम्मरयणं, घेत्तुं एएहि संपन्ना ॥२९॥

૧૯-**કૃતજ્ઞ**-(સંસારરૂપ કુવામાં પડતાં મને બચાવ્યો એવી) તત્ત્વબુદ્ધિથી આ મારા 'પરમ ઉપકારી છે' એમ કૃતજ્ઞ ધર્મગુરૂનું બહુમાન કરે તેથી તેનામાં ગુણોની વૃદ્ધિ થાય, માટે ધર્મના અધિકારમાં કૃતજ્ઞ પુરૂષ ગુણ પ્રાપ્તિ માટે લાયક કહ્યો છે. (૨૬)

૨૦-**પરહિતકારી**-અન્યનું હિત કરવાના સ્વભાવ-વાળો જીવ ધન્ય છે, સમ્યગ્ રીતે ધર્મના રહસ્યોનો જાણુ, નિઃસ્પૃહ અને સત્ત્વશાળી તે બીજાઓને પણ ધર્મમાર્ગમાં જોડે છે, સ્થિર કરે છે. (૨૭)

૨૧-**લબ્ધલક્ષ્ય**-જે ધર્મના લક્ષ્યવાળો હોય તે સકળ ધર્મ કાર્યોને સહેલાઇથી સમજી શકે છે, તેથી ચતુર અને સહેલાઈથી સમજાવી શકાય તેવો તે જલ્દી (અલ્પ કાળમાં) ધર્મને શીખી લે છે. (૨૮)

એ એકવીશ ગુણો અન્ય ગ્રન્થોને આધારે અહીં ટૂંકમાં

પાયદ્ધગુણવિહીણા, એએસિં મજ્ઝિમાવરા નેયા ।
એત્તો પરેણ હીણા, દરિદ્દપાયા મુણેયવ્વા ॥૩૦॥

ધમ્મરયણત્થિણા તો, પઢમં એયજ્જણંમિ જઇયવ્વં ।
જં સુદ્ધભૂમિગાએ, રેહઇ ચિત્તં પવિત્તં પિ ॥૩૧॥

સઇ એયંમિ ગુણોહે, સંજાયઇ ભાવસાવયત્તં પિ ।
તસ્સ પુણ લક્ખણાઇં, એયાઇં ભણંતિ સુહગુરુણો ॥૩૨॥

કહ્યા, જે આત્માઓ આ ગુણોથી યુક્ત હોય, તેઓ ધર્મરત્નને પામવા માટે યોગ્ય છે. (૨૯)

એ ગુણોમાં ચોથા ભાગના ગુણો જેનામાં ઓછા હોય તે ધર્મરત્નની પ્રાપ્તિ માટે મધ્યમ અને અડધા ઓછા હોય તે જઘન્ય જાણવા; એથી પણ ઓછા ગુણવાળા હોય તે દરિદ્ર જેવા જાણવા. અર્થાત્ દરિદ્ર ચિન્તામણીને મેળવી શકે નહિ તેમ અડધાથી ઓછા ગુણવાળો ધર્મરત્નને પામી શકે નહિ. (૩૦)

માટે ધર્મરત્નના અર્થીએ પહેલાં આ ગુણો પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો જોઇએ કારણ કે–જેમ પવિત્ર પણ ચિત્ર શુદ્ધ ભૂમિ ઉપર ચિત્રેલું શોભે છે તેમ વીતરાગ કથિત ઉત્તમ (વિરતિ) ધર્મ પણ આવા ગુણોવાળા જીવમાં શોભે છે (હિત કરી શકે છે). (૩૧)

આ ગુણોનો સમૂહ (જેનામાં) હોય (તેને) ભાવ-શ્રાવકપણું પણ પ્રગટ થાય છે. તે ભાવશ્રાવકનાં લક્ષણો ઉત્તમગુરૂઓ (જ્ઞાનીઓ) આ પ્રમાણે કહે છે. (૩૨)

[૧]કયવયકમ્મો તહ [૨]સીલવં, ચ [૩]ગુણવં ચ [૪]ઉજ્જુવવહારી ।
[૫]ગુરુસુસ્સૂસો [૬]પવયણ–કુસલો ખલુ સાવગો ભાવે ॥૩૩॥

તત્થાયન્નણજાણણ–ગિણ્હણપડિસેવણેસુ ઉજ્જુત્તો ।
કયવયકમ્મો ચઉહા, ભાવત્થો તસ્સિમો હોઇ ॥૩૪॥

વિણયબહુમાણસારં, ગીયત્થાઓ કરેઇ વયસવણં ।
ભંગયભેયઇયારે, વયાણ સમ્મં વિયાણાઇ ॥૩૫॥

ભાવશ્રાવકનાં લક્ષણો

૧–કૃતવ્રતકર્મા, ૨–શીલવંત, ૩–ગુણવંત, ૪–ઋજુવ્યવહારી, ૫–ગુરૂશુશ્રૂષક અને ૬–પ્રવચનકુશળ એ છ ગુણવાળો ભાવશ્રાવક (પંચમગુણસ્થાનવર્તી) કહેવાય છે. (૩૩)

તેમાં **૧–કૃતવ્રતકર્મા**–૧–વ્રત વિગેરે શ્રાવકના કર્ત્તવ્યોને ગુરૂમુખે સાંભળવાં, ૨–તેને જાણવાં (બોધ કરવો), ૩–સ્વશક્તિ અનુસારે તે વ્રતાદિ નિયમોને ગ્રહણ કરવા અને ૪–તેનું નિરતિચાર પાલન કરવા ઉદ્યમ કરવો, એ ચાર પ્રકારથી કૃતવ્રતકર્મા કહેવાય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. (૩૪)

હવે તેનું વિભાગવાર સ્વરૂપ અને ફળ જણાવે છેઃ–

આગમ અને વ્યાખ્યાતા ગુરૂ પ્રત્યે વિનય–બહુમાન પૂર્વક ગીતાર્થના મુખે વ્રતનું વર્ણન સાંભળે અને ૨–વ્રતોના ભાંગા, ભેદો, અતિચારોને (ઉપલક્ષણથી પ્રાપ્તિના–પાલનના ઉપાયો વિગેરેને) સારી રીતે જાણે–સમજે. (૩૫)

गिण्हइ गुरूण मूले, इत्तरमियरं व कालमह ताइं ।
आसेवइ थिरभावो, आयंकुवसग्गसंगे वि ॥३६॥

[1]आययणं खु निसेवइ, वज्जइ [2]परगेहपविसणमकज्जे ।
[3]निच्चमणुब्भडवेसो, न भणइ [4]सवियारवयणाइं ॥३७॥

परिहरइ [5]बालकीलं, साहइ कज्जाइँ [6]महुरनीईए ।
इय छव्विहसीलजुओ, विन्नेओ सीलवंतोत्थ ॥३८॥जुगलं॥

आययणसेवणाओ, दोसा झिज्जंति वड्ढइ गुणोहो ।
परगिहगमणंपि कलंक-पंकमूलं सुसीलाणं ॥३९॥

૩–(તે પછી પોતાની શક્તિ પ્રમાણે) ગુરૂની પાસે તે વ્રતોને અમુક કાળ માટે અથવા જાવજ્જીવ માટે ઉચ્ચરે (સ્વીકારે) અને ૪–રોગો કે દેવાદિના ઉપસર્ગો આવે તો પણ મનમાં દૃઢતા કેળવીને તેનું પાલન કરે. (૩૬)

૨–શીલવંત–૧–ધર્મસ્થાન–જ્યાં ઘણા ધર્મી જીવોનો મેળાપ થઈ શકે ત્યાં રહે, ૨–વિના પ્રયોજને પરાયા ઘેર જાય નહિ, ૩–અનુદ્ભટ એટલે કુલ–દેશ–સંપત્તિને છાજે તેવો વેશ પહેરે અને ૪–વિકારી વચનો મુખથી બોલે નહિ. (૩૭)

૫–બાલ ચેષ્ટાનો ત્યાગ કરે અને ૬–પોતાનું કામ બીજાઓ પાસે મીઠાશથી (ચાકર વિગેરેને પ્રસન્ન રાખીને) કરાવે. એ છ સદાચરણવાળો શ્રાવકધર્મની પ્રાપ્તિના અધિકારમાં શીલવંત જાણવો. (૩૮)

सहइ पसंतो धम्मी, उब्भडवेसो न सुंदरो तस्स ।
सवियारजंपियाइं, नूणमुईरंति रागग्गि ॥४०॥
बालिसजणकीला वि हु, लिंगं मोहस्सणत्थदंडाओ ।
फरुसवयणाभिओगो, न संगओ सुद्धधम्माणं ॥४१॥
जइवि गुणा बहुरूवा, तहवि हु पंचहि गुणेहि गुणवंतो ।
इह मुणिवरेहि भणिओ, सरूवमेसिं निसामेहि ॥४२॥

હવે તેનું વિભાગથી સ્વરૂપ અને ફળ વર્ણન કરે છે–

૧–ધાર્મિક જનને ઉચિત (જ્યાં ધર્મ ક્રિયાઓ થતી હોય, ધાર્મિક વાતો સાંભળવા મળતી હોય તેવા) સ્થાને રહેવાથી દોષો ઘટે અને ગુણસમૂહ વધે અને ૨–પારકા ઘેર જવું તે ઉત્તમ શીલવંતોને કલંક (આળ) ચઢવાનું નિમિત્ત છે. (૩૯)

૩–ધર્મી આત્મા પ્રશાન્ત (વિષય કષાય કે કુતૂહળ વિગેરેમાં મન્દ વૃત્તિવાળો) હોય તે શોભે છે તેને ઉદ્ભટ વેશ સારો નથી અને ૪–વિકારી વચનો બોલવાથી નિયમા રાગરૂપ અગ્નિ સળગે છે, અર્થાત્ પૌદ્ગલિક રાગ પ્રગટે છે–હોય તે વધે છે. (૪૦)

૫–મૂર્ખ મનુષ્યની (બાલ) ચેષ્ટા પણ નિરૂપયોગી અનર્થદણ્ડરૂપ હોવાથી તે મોહની નિશાની છે અને ૬–શુદ્ધ ધર્મવાળાઓને (કષાયો વિગેરેનો નાશ કરનારાઓને) કઠોર વચનોનું ઉચ્ચારણ કદી પણ ઉચિત નથી. (૪૧)

૩–ગુણવંત–જો કે ગુણો તો ઘણા છે તો પણ

[૧]સજ્ઝાએ [૨]કરણંમિ ય, [૩]વિણયમ્મિ ય નિચ્ચમેવ ઉજ્જુત્તો।
[૪]સવ્વત્થણભિનિવેસો, વહઇ [૫]રુઇં સુટ્ઠુ જિણવયણે ॥૪૩॥

પઢણાઈસજ્ઝાયં, વેરગ્ગનિબંધણં કુણઇ વિહિણા।
તવનિયમવંદણાઈ–કરણંમિ ય નિચ્ચમુજ્જમઇ ॥૪૪॥

અબ્ભુટ્ઠાણાઈયં, વિણયં નિયમા પઉંજઇ ગુણીણં।
અણભિનિવેસો ગીયત્થ–ભાસિયં નન્નહા મુણઇ ॥૪૫॥

જ્ઞાનીઓએ અહીં પાંચ ગુણોવાળાને ગુણવાન્ કહ્યો છે. તેનું સ્વરૂપ સાંભળો. (૪૨)

૧–સ્વાધ્યામાં, ૨–ક્રિયામાં (કરણીમાં) અને ૩–વિનયમાં હંમેશ ઉદ્યમવાળો, ૪–સર્વ વિષયમાં દુરાગ્રહ વિનાનો અને ૫–શ્રીજિનવચનમાં સુન્દર રૂચિવાળો (એને ગુણવંત શ્રાવક જાણવો.) (૪૩)

હવે તેનું ભિન્ન ભિન્ન વર્ણન કરે છે–

૧–વૈરાગ્યના કારણભૂત 'ભણવું–વાંચવું–પૂછવું–પાઠ કરવો ગોખવું–વિચારવું' વિગેરે સ્વાધ્યાયને વિધિપૂર્વક કરે, ૨–(શક્તિને ગોપવ્યા વિના તે તે સમયે કરવા યોગ્ય) તપ–નિયમ ગુરૂવન્દન, દેવવન્દન વિગેરે ક્રિયા–કરણીમાં નિત્ય ઉદ્યમ કરે. (૪૪)

૩–'ઉભા થવું, સામે જવું,' વિગેરે ગુણવાનોનો વિનય અવશ્ય કરે, ૪–દૂરાગ્રહ રહિત હોય તેથી ગીતાર્થ ગુરૂના વચનને અસત્ય ન માને. (સત્ય હિતકર માની સ્વીકારે.) (૪૫)

सवणकरणेसु इच्छा, होइ रुई सद्दहाणसंजुत्ता ।
एईए विणा कत्तो ? सुद्धी सम्मत्तरयणस्स ॥४६॥
उजुववहारो चउहा. [1]जहत्थभणणं [2]अवंचिगा किरिया ।
हुंता (तो) [3]वायपगासण, [4]मेत्तीभावो य सब्भावा ॥४७॥
अन्नहभणणाईसुं, अबोहिबीयं परस्स नियमेण ।
तत्तो भवपरिवुड्ढी, ता होज्जा उज्जुववहारी ॥४८॥

તથા ૫–ધર્મ સાંભળવાની તથા ક્રિયા કરવાની ઇચ્છા તે શ્રદ્ધા પૂર્વકની રૂચિ સમજવી. આવી સાંભળવાના તીવ્ર અભિલાષ રૂપ ઇચ્છા તથા શ્રદ્ધાયુક્ત રૂચિ વિના સમ્યક્ત્વ રત્નની શુદ્ધિ કઇ રીતે થાય ? (૪૬)

૪–ઋજુવ્યવહારી–૧–ધર્મકાર્યમાં, વ્યાપારમાં, કચેરીમાં કે રાજકાજમાં સાચું બોલવું, ૨–ખોટાં તોલ માપાં વિગેરેથી લોકોને ઠગવા નહિ, ૩–પાપથી સંભવિત ભવિષ્યની આપત્તિઓ જણાવી આશ્રિતોને પાપથી બચાવવા, (ઉપેક્ષા નહિ કરવી અથવા ધર્મ–અર્થ ઉપાર્જન કરવાના સાચા ઉપાયો સમજાવી સન્માર્ગે જોડવા) અને ૪–શુદ્ધભાવથી મૈત્રી કરવી (કપટ મૈત્રી તજવી), એ ચાર પ્રકારે ઋજુવ્યવહાર કહ્યો છે. (ભાવશ્રાવક એવા શુદ્ધ વ્યવહારવાળો હોય. (૪૭)

પ્રતિપક્ષના વર્ણન દ્વારા એ ચારેનું ભેગું ફળ વર્ણવે છે કે–

ખોટું બોલવાથી, ઠગવાથી, આશ્રિતોની ઉપેક્ષા કરવાથી અને કપટ મૈત્રીથી બીજા મિથ્યાદૃષ્ટિઓ જૈનશાસનની–ધર્મની નિન્દા કરી અવશ્ય અબોધિબીજ ઉપાર્જન કરે [સેંકડો

सेवाए कारणेण य, संपायणभावओ गुरुजणस्स ।
सुस्सूसणं कुणंतो, गुरुसुस्सूमो हवइ चउहा ॥४९॥
सेवइ कालंमि गुरुं, अकुणंतो ज्झाणजोगवाघायं ।
सयवन्नवायकरणा, अन्ने वि पवत्तई तत्थ ॥५०॥
ओसहभेसज्जाई, सओ य परओ य संपणामेइ ।
सइ बहु मन्नेइ गुरुं, भावं चणुवत्तए तस्स ॥५१॥

ભવોમાં પણ જૈનધર્મને ન પામે], તેથી તેઓને અને નિમિત્ત બનનાર પોતાને પણ સંસારની વૃદ્ધિ થાય, માટે શ્રાવકે શુદ્ધ વ્યવહારી થવું જોઈએ. [૪૮]

૫-**ગુરૂશુશ્રૂષક**-૧-ગુરૂની સેવા કરવાથી, ૨-બીજાઓ પાસે કરાવવાથી, ૩-તેમને ઉપયોગી આહાર-ઔષધ વિગેરે લાવી આપવાથી, અને ૪-તેઓ પ્રત્યે ચિત્તમાં બહુમાન-પૂજ્યભાવ રાખવાથી, એમ ચાર પ્રકારથી ગુરૂની શુશ્રૂષા કરનારો ગુરૂશુશ્રૂષક શ્રાવક ચાર પ્રકારનો જાણવો. [૪૯]

તેનું વિભાગ વાર સ્વરૂપ અને ફળ જણાવે છે કે-

૧-ગુરૂને ધ્યાનમાં કે સંયમ સાધક અનુષ્ઠાનોમાં વિઘ્ન ન થાય તેમ ઉચિત સમયે તેઓની સ્વયં સેવા કરે, ૨-સદા તેઓના ગુણોની બીજાની સામે પ્રશંસા કરી બહુમાન ઉપજાવી તેઓને પણ ગુરૂસેવામાં જોડે. (૫૦)

૩-એક દ્રવ્યનું બનેલું કે બહાર ઉપયોગી ઔષધ તથા અનેક દ્રવ્યોથી બનેલું શરીરને અંદર ઉપયોગી ભેષજ તથા સંયમ ઉપકારક વસ્ત્ર-આહાર વિગેરે સ્વયં કે બીજાઓ

૧ ૨ ૩ ૪ ૫ ૬
सुत्ते अत्थे य तहा, उस्सग्गववायभाववववहारे ।
जो कुसलत्तं पत्तो, पवयणकुसलो तओ छद्धा ॥५२॥
उचियमहिज्जइ सुत्तं, सुणइ तयत्थं तहा सुतित्थंमि ।
उस्सग्गववायाणं, विसयविभागं वियाणाइ ॥५३॥
वहइ सइ पक्खवायं, विहिसारे सव्वधम्मणुट्ठाणे ।
देसद्धादणुरूवं. जाणइ गीयत्थववहारं ॥५४॥

દ્વારા લાવી ગુરૂને આપે. તથા ૪-હૃદયમાં બહુમાન (પૂજ્ય ભાવ] રાખે અને ગુરૂની ઇચ્છાનુસાર વર્તન કરે. [૫૧]

૬-પ્રવચનકુશલ-૧-સૂત્રમાં, ૨-અર્થમાં, ૩-ઉત્સર્ગ માર્ગમાં, ૪-અપવાદમાર્ગમાં, ૫-નિશ્ચયનયમાં, તથા ૬-ગીતાર્થોએ આચરેલા વ્યવહારમાર્ગમાં, એમ છએ પ્રકારોમાં કુશલપણાને પામ્યો હોય તેથી પ્રવચનકુશલ ભાવશ્રાવક છ પ્રકારનો જાણવો. (૫૨)

હવે તેનો ભાવાર્થ જુદા જુદા કહે છે

૧-શ્રાવકને ઉચિત (ભણવાનો અધિકાર) હોય તે તે મૂલ સૂત્રો (દશવૈકાલિક ચોથા અધ્યયન સુધી અને સામાન્ય શ્રાવક તો સંગ્રહણી, કર્મગ્રન્થ, ઉપદેશમાલા વિગેરે પ્રકરણ ગ્રન્થો) ભણે, ૨-સદ્ગુરૂની પાસે શ્રાવકને યોગ્ય અર્થો (વ્યાખ્યાનાદિ દ્વારા) સાંભળે (સાધુ કે શ્રાવકને પણ ગુરૂ દ્વારા અર્થ ભણવા ઉચિત છે એમ સમજવું) ૩-૪-ઉત્સર્ગ આચરણ કરવા વખતે ઉત્સર્ગ અને અપવાદ સેવવાના સમયે અપવાદનો આશ્રય કરવો જોઇએ માટે ગુરૂદ્વારા તેનો વિવેક સમજે. (૫૩)

एसो पवयणकुसलो, छब्भेओ मुणिवरेहि निद्दिट्ठो ।
किरियागयाइं छ च्चिय, लिंगाइं भावसड्ढस्स ॥५५॥
भावगयाइं सतरस, मुणिणो एयस्स बिंति लिंगाइं ।
जाणियजिणमयसारा, पुव्वायरिया जओ आहु ॥५६॥
इत्थिंदियत्थसंसार–विसयआरंभगेहदंसणओ ।
गड्डरिगाइपवाहे, पुरस्सरं आगमपवित्ती ॥५७॥

૫–હંમેશાં સર્વ ધર્મકાર્યોમાં વિધિનું બહુમાન (પક્ષપાત) કરે (અર્થાત્ આત્મ શુદ્ધિ રાગ–દ્વેષ–કષાય–વિષયની પ્રવૃત્તિને ઘટાડવાનું લક્ષ્ય રાખે) અને ૬–દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–પુરૂષને આશ્રીને તે તે કાળ–ક્ષેત્ર–વિગેરેને અનુસરતો ગીતાર્થોએ આચરેલો વ્યવહાર સમજે (તેને દૂષિત કરે નહિ). (૫૪)

એ પ્રમાણે પ્રવચનકુશલ શ્રાવક છ પ્રકારે શ્રીજિનેશ્વરોએ કહેલો છે. ભાવશ્રાવકનાં તે ક્રિયાને આશ્રીને ઉપર કહ્યાં તે છ જ લક્ષણો (લિંગને) જાણવાં. (૫૫)

હવે ભાવશ્રાવકનાં ભાવને આશ્રીને ૧૭ લિંગો કહે છે–

જ્ઞાનીઓએ આ ભાવશ્રાવકનાં ભાવને ઉદ્દેશીને સત્તર લક્ષણો કહ્યાં છે–શ્રીજિનઆગમના રહસ્યના જાણ પૂર્વાચાર્યો કહે છે કે– (૫૬)

૧–સ્ત્રી, ૨–ઇન્દ્રિયો, ૩–અર્થસંપત્તિ, ૪–સંસાર, ૫–વિષય, ૬–આરંભ, ૭–ઘર, ૮–દર્શન (સમ્યક્ત્વ), ૯–ગાડરિઓ પ્રવાહ, ૧૦–આગમને અનુસારે વર્તન, (૫૭)

दाणाइ जहासत्ती, पवत्तणं विहिररत्तदुट्ठे य ।
मज्झत्थमसंबद्धे, परत्थकामोवभोगी य ॥५८॥
वेसा इव गिहवासं, पालइ सत्तरसपयनिबद्धं तु ।
भावगय भावसावग–लक्खणमेयं समासेण ॥५९॥
इत्थीमणत्थभवणं, चलचित्तं नरयवत्तिणीभूयं, ।
जाणंतो हियकामी, वसवत्ती होइ न हु तीसे ॥६०॥
इंदियचवलतुरंगे, दोग्गइमग्गाणुधाविरे निच्चं ।
भावियभवस्सरूवो, रुंभइ सन्नाणरस्सीहिं ॥६१॥

૧૧–દાનાદિમાં યથાશક્તિ પ્રવૃત્તિ, ૧૨–ધર્મમાં લજ્જાનો અભાવ, ૧૩–સાંસારિક કાર્યોમાં રાગ–દ્વેષ ન કરવો, ૧૪–માધ્યસ્થ્ય, ૧૫–ધન સ્વજનાદિમાં પ્રતિબન્ધનો (સંબન્ધનો) અભાવ, ૧૬–પરાર્થે વિષયસેવન (૫૮)

અને ૧૭–ગૃહસ્થાવાસમાં વેશ્યાવૃત્તિએ નિર્વાહ, એ સત્તર પ્રકારથી સંબન્ધવાળું ભાવને ઉદ્દેશીને ટુંકમાં ભાવશ્રાવકનું લક્ષણ કહ્યું છે. (૫૯)

હવે તે દરેકનું સ્વરૂપ વિભાગવાર કહે છે–

૧–સ્ત્રીને અંગે–ભાવશ્રાવક સ્ત્રીને અનર્થોનું ઘર, ચંચળ ચિત્તવાળી, અને નરકની શેરી તુલ્ય, જાણતો આત્મહિતનો અર્થી તેને વશવર્તી ન થાય. (૬૦)

૨–ઇન્દ્રિઓને અંગે–ઇન્દ્રિઓને હંમેશાં દુર્ગતિને માર્ગે દોડતા ચપળ ઘોડાઓ રૂપ સમજી સંસારનું સ્વરૂપ જેણે જાણ્યું છે એવો ભાવશ્રાવક તેને સમ્યગ્ જ્ઞાનરૂપ લગામ

सयलाणत्थनिमित्तं, आयासकिलेसकारणमसारं ।
नाऊण धणं धीरो, न हु लुब्भइ तंमि तणुयं पि ॥६२॥
दुहरूवं दुक्खफलं, दुहाणुबन्धिं विडंबणारूवं ।
संसारमसारं जा–णिऊण न रइं तहिं कुणइ ॥६३॥
खणमेत्तसुहे विसए, विसोवमाणे सयावि मन्नंतो ।
तेसु न करेइ गिद्धिं, भवभीरू मुणियतत्तत्थो ॥६४॥
वज्जइ तिव्वारंभ, कुणइ अकामो अनिव्वहंतो उ ।
थुणइ निरारंभजणं, दयालुओ सव्वजीवेसु ॥६५॥

વડે રોકે. (અર્થાત્ તેના વિષયમાં ઘસડાઇ ન જતાં ઇન્દ્રિઓને વશ કરી તેના દ્વારા ત્યાગ–વૈરાગ્યની પ્રવૃત્તિ કરે). (૬૧)

૩–**ધનને અંગે**–ધનને નામે અર્થ છતાં સઘળા અનર્થોનું નિમિત્ત, શારીરિક પરિશ્રમ અને મનના સંતાપનું કારણ, પરિણામે નશ્વર–અસાર સમજીને ધીર એવો ભાવશ્રાવક તેમાં થોડો પણ લોભ ન કરે. (૬૨)

૪–**સંસારને અંગે**–સંસારને–સ્વરૂપે દુઃખરૂપ, ફળમાં દુઃખ દેનારો, દુઃખની પરંપરા ઉભી કરનારો, જીવને કેવળ વિડમ્બનારૂપ, અને નાશવંત–અસાર જાણીને તેમાં પ્રીતિ ન કરે. (૬૩)

૫–**વિષયોને અંગે**–ભવભીરૂ અને તત્ત્વાર્થનો જાણ ભાવશ્રાવક હંમેશાં પાંચે ઇન્દ્રિઓના શબ્દાદિ વિષયોને ક્ષણમાત્ર સુખ દેનારા અને પરિણામે મારનારા, ઝેર તુલ્ય સમજીને તેમાં મૂર્છા–આસક્તિ ન કરે. (૬૪)

गिहवासं पासं पिव, मन्नंतो वसइ दुक्खिओ तंमि ।
चारित्तमोहणिज्जं, निज्जिणिउं उज्जमं कुणइ ॥६६॥
अत्थिक्कभावकलिओ, पभावणा वन्नवायमाईहिं ।
गुरुभत्तिजुओ धीमं, धरेइ सइ दंसणं विमलं ॥६७॥
गड्डरिगपवाहेणं, गयाणुगइयं जणं वियाणंतो ।
परिहरइ लोगसन्नं, सुसमिक्खियकारओ धीरो ॥६८॥

૬-આરમ્ભોને અંગે-સર્વ જીવોમાં દયાળુ એવો ભાવશ્રાવક તીવ્ર આરમ્ભો (ઘોર પાપો) નો ત્યાગ કરે, નિર્વાહ ન થાય તો પણ દુઃખાતા મને કરે, (મુનિઓ વિગેરે) આરમ્ભનો ત્યાગ કરનારાઓની પ્રશંસા કરે. (૬૫)

૭-ઘરવાસને અંગે-ભાવશ્રાવક ઘરવાસને જેલ જેવો માની ન છૂટકે-દુઃખાતા હૃદયે તેમાં રહે અને ચારિત્રમાં વિઘ્નભૂત કર્મોને (સ્નેહ આદિ બન્ધનોને) તોડવા ઉદ્યમ કરે. (૬૬)

૮-સમ્યક્ત્વને અંગે-દેવ-ગુરૂ-ધર્મ વિગેરે તત્ત્વો પ્રત્યે આસ્તિક્યથી [સત્યતાના વિશ્વાસથી] શોભતો [આસ્તિક] શાસનની પ્રશંસાદિ કરવારૂપ પ્રભાવના કરતો, સુગુરૂની તન-મન-ધનથી ભક્તિ કરતો અને બુદ્ધિમાન્ ભાવશ્રાવક નિર્મળ [નિરતિચાર] સમકિતને આરાધે [રક્ષા કરે] છે. [૬૭]

૯-લોક (ગાડરીઆ) પ્રવાહને અંગે-'જગતમાં પ્રાયઃ મોટા ભાગના મનુષ્યો ગાડરિયા પ્રવાહની જેમ વગર વિચારે ગતાનુગતિક પ્રવૃત્તિ કરનાર છે' એમ સમજતો

नत्थि परलोअमग्गे, पमाणमन्नं जिणागमं मोत्तुं ।
आगमपुरस्सरं चिय, करेइ तो सव्वकिच्चाइं ॥६९॥
अनिगूहिंतो सत्तिं, आयाबाहाए जह बहुं कुणइ ।
आयरइ तहा सुमई, दाणाइचउव्विहं धम्मं ॥७०॥
हियमणवज्जं किरियं, चिंतामणिरयणदुल्लहं लहिउं ।
सम्मं समायरंतो, न हु लज्जइ मुद्धहसिओ वि ॥७१॥

ભાવશ્રાવક ધૈર્યપૂર્વક લોકસંજ્ઞા [પ્રવાહ] નો ત્યાગ કરીને સારાસારનો વિચાર કરી દરેક કાર્યો કરે. [૬૮]

૧૦–આગમને અંગે–પરલોકમાં સુખી થવાનો ઉપાય બતાવનાર જિનઆગમ સિવાય બીજું કોઈ પ્રમાણ નથી જ એથી સર્વ કાર્યો આગમ [જિનવચન] ને અનુસરીને [તેમાં કહ્યા પ્રમાણે] જ કરે. [૬૯]

૧૧–દાનાદિ પ્રવૃત્તિને અંગે–બુદ્ધિમાન્ એવો ભાવશ્રાવક દાન–શીલ–તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મને શક્તિને છૂપાવ્યા વિના, પોતાને અને પરિવારને બાધા ન થાય તેમ, લાંબાકાળ સુધી કરી શકાય તેવી રીતે કરે. [૭૦]

૧૨–ધર્મમાં અલજ્જાને અંગે–આત્માને હિતકર એવી ચિન્તામણી રત્નથી પણ દુર્લભ ધર્મ ક્રિયાનો યોગ પામીને તેનું સમ્યગ્ રીતે આરાધન [આસેવન] કરતો ભાવશ્રાવક બીજા મુગ્ધ [અજ્ઞાન] લોકો હસે–તેની મશ્કરી કરે, તો પણ શરમાય નહિ–છોડે નહિ. [૭૧]

देहट्ठिइनिबंधण–धणसयणाहारगेहमाईसु ।
निवसइ अरत्तदुट्ठो, संसारगएसु भावेसु ॥७२॥
उवसमसारवियारो, बाहिज्जइ नेय (व) रागदोसेहिं ।
मज्झत्थो हियकामी, असग्गहं सव्वहा चयइ ॥७३॥
भावेंतो अणवरयं, खणभंगुरयं समत्थवत्थूणं ।
संबद्धो वि धणाइसु, वज्जइ पडिबंधसंबंधं ॥७४॥
संसारविरत्तमणो, भोगुवभोगा न तित्तिहेउ त्ति ।
नाउं पराणुरोहा, पवत्तई कामभोगेसु ॥७५॥

૧૩–સાંસારિક પ્રવૃત્તિઓને અંગે–ધન–સ્વજન ભોજન (સ્નાન–પાન વસ્ત્રધારણ) ઘર વિગેરે શરીરને ટકાવવા પુરતાં જ ઉપયોગી છે એમ સમજતો સાંસારિક ભાવો (વ્યવહારો)માં રાગ–દ્વેષ કર્યા વિના ઉપેક્ષા (ઉદાસીન) ભાવે પ્રવૃત્તિ કરે–રહે. (૭૨)

૧૪–માધ્યસ્થને અંગે–ધર્મ વિગેરેમાં 'ઉપશમ' એ જ સાર છે–ઉપશમ માટે સઘળું અનુષ્ઠાન કરવાનું છે એમ વિચારતો મધ્યસ્થ અને આત્મ હિતને ઇચ્છતો ભાવ શ્રાવક રાગ–દ્વેષને વશ ન થાય અને એથી સર્વ રીતે દુરાગ્રહનો ત્યાગ કરે. (૭૩)

૧૫–ધન–સ્વજનાદિને અંગે–સઘળા પદાર્થોની નશ્વરતાને હંમેશાં વિચારતો ભાવશ્રાવક ધન–સ્વજન–શરીર આદિનું બાહ્ય વૃત્તિથી રક્ષણ વિગેરે કરવા છતાં પણ તે તે પદાર્થોમાં મૂર્છારૂપ સંબન્ધને તજે. (૭૪)

વેસ વ્વ નિરાસંસો, અજ્જં કલ્લં ચયામિ ચિંતંતો ।
પરકીયં પિવ પાલઇ, ગેહાવાસં સિઢિલભાવો ॥૭૬॥
ઇય સતરસગુણજુત્તો, જિણાગમે ભાવસાવગો ભણિઓ ।
એસ ઉણ કુસલજોગા, લહઇ લહુ ભાવસાહુત્તં ॥૭૭॥
એયસ્સ ઉ લિંગાઇં, સયલા મગ્ગાણુસારિણી [1]કિરિયા ।
[2]સદ્ધા પવરા ધમ્મે, [3]પન્નવણિજ્જત્તમુજુભાવા ॥૭૮॥

૧૬–**કામભોગને** અંગે–સંસારથી જેનું મન વિરાગી બન્યું છે તે ભાવશ્રાવક ભોગ કે ઉપભોગ ગમે તેટલા ભોગવવાથી પણ જીવને કદી પણ તૃપ્તિ થતી નથી એમ સમજી વિરાગી છતાં બીજાના (સ્ત્રી આદિના) આગ્રહથી કામ–ભોગમાં પ્રવૃત્તિ કરે (ભોગવે). (૭૫)

૧૭–**ઘરવાસને અંગે**–વેશ્યાની જેમ નિરાશંસભાવે આજ છોડું, કાલ છોડું, એમ ચિન્તવતો પારકું માનીને ગૃહસ્થવાસનું મન (ઇચ્છા) વિના પાલન કરે. (૭૬)

એ સત્તર ગુણવાળાને શ્રીજિનાગમમાં ભાવશ્રાવક કહ્યો છે એવો આત્મા પુનઃ મન–વચન–કાયાની શુભ (આત્મનિષ્ઠ) પ્રવૃત્તિથી જલ્દી ભાવસાધુતાને પામે. (અર્થાત્ એવા આત્માને છટ્ઠા ગુણસ્થાનકના અધ્યવસાયો પ્રગટ થાય. (૭૭)

હવે ભાવસાધુતાનાં લક્ષણો કહે છે–

એ ભાવસાધુતાનાં લિંગો આ પ્રમાણે છે. ૧–સઘળી ક્રિયા મોક્ષમાર્ગાનુસારિણી કરે, ૨–ધર્મમાં દૃઢશ્રદ્ધા હોય, ૩–સરળસ્વભાવી હોવાથી સહેલાઇથી સત્ય સમજાવી શકાય, (૭૮)

किरियासु [४]अप्पमाओ [५]आरंभो सक्कणिज्जणुट्ठाणे ।
गुरुओ [६]गुणाणुराओ, [७]गुरुआणाराहणं परमं ॥७९॥
मग्गो आगमनिई, अहवा संविग्गबहुजणाइन्नं ।
उभयाणुसारिणी जा, सा मग्गणुसारिणी किरिया ॥८०॥
अन्नह भणियं पि सुए, किंची कालाइकारणावेक्खं ।
आइन्नमन्नह च्चिय, दीसइ संविग्गगीएहिं ॥८१॥
कप्पाणं पाउरणं, अग्गोयरचाय झोलियाभिक्खा ।
ओवगहियकडाहय, तुंबयमुहदाणदोराई ॥८२॥

૪–ક્રિયામાં પ્રમાદ ન હોય, ૫–શક્ય હોય તેટલું કાર્ય આરમ્ભે, ૬–ગુણાનુરાગ બળવાન હોય, ૭–ગુરૂઆજ્ઞાને શ્રેષ્ઠ રીતે પાળે. એ સાત લક્ષણો ભાવસાધુનાં છે. (૭૯)

એનો પ્રત્યેકનો વિસ્તારથી અર્થ કહે છે.

૧–**માર્ગાનુસારિણી ક્રિયા**–માર્ગ એટલે સમ્યગ્ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ અથવા ક્ષાયોપશમિક વિગેરે ભાવ. તેને અંગે આગમમાં કહેલો આચાર તે પણ માર્ગ અથવા સંવેગભાવને પામેલા ઘણા પૂર્વ પુરૂષોએ આચરેલું તે પણ માર્ગ, એ બન્નેને અનુસરતી જે ક્રિયા તે માર્ગાનુસારિણી ક્રિયા જાણવી. (૮૦)

આગમમાં અન્યથા કહ્યું હોય, છતાં કોઇ દુઃષમા કાળ વિગેરેનો વિચાર કરીને કારણ આવી પડતાં સંવેગી અને ગીતાર્થ એવા પૂર્વર્ષિઓએ કોઇ કોઇ કાર્યને બીજી રીતે પણ આચરેલું દેખાય છે. (૮૧)

सिक्किगनिक्खिवणाई, पज्जोसवणाइतिहिपरावत्तो ।
भोयणविहिअन्नत्तं, एमाई विविहमन्नं पि ॥८३॥
जं सव्वहा न सुत्ते, पडिसिद्धं नेय जीववहहेऊ ।
तं सव्वं पि पमाणं, चारित्तधणाण भणियं च ॥८४॥

જેમકે–આગમમાં કપડાને બ્હારે રાખી બહાર જવાનું કહ્યું છે. તો પણ વર્તમાનમાં શરીરે વીંટવાનો (ઓઢવાનો) વ્યવહાર છે તથા ચોલપટ્ટાને બાંધવાનો, પાત્રાંને ભુજા ઉપર ઝોળીમાં ભરાવીને ભિક્ષા લાવવાનો, ઔપગ્રહિક ઉપધિ તરીકે (કારણે ઉપયોગ કરવા માટે) (કટાહક) ધાતુનું પાત્રવિશેષ રાખવાનો, તરપણીને દોરા નાખવાનો, (૮૨)

તથા પાત્રાં મૂકવાનું દોરાનું ગૂંથેલું સીકું બનાવી (વર્તમાનમાં જે નીચેનો ગુચ્છો રખાય છે તે સંભવે છે) તેમાં પાત્રાંને રાખવાં, આદિ શબ્દથી પડલા, ચરવળી રાખવું, પાત્રાંને રંગવાં વિગેરે, તથા પર્યુષણાની તિથિ પંચમીને બદલી ચોથે, ચોમાસી ચૌદશે કરી વિગેરે, તથા સાધુઓને ભોજનનો વિધિ બદલ્યો, ઇત્યાદિ અનેક બીજા પણ (અલ્પબુદ્ધિ જીવોને પાટી કાગળ વિગેરેના આધારે ભણવાનું, કંઈક વિરાધના છતાં આગમને પુસ્તકારૂઢ કર્યું) ફેરફારો–વધારા થયા તે પૂર્વાચાર્યોએ સંઘયણ, કાળ, બળ, વિગેરેની હીનતા સમજી સંયમ નિર્વાહ માટે કર્યા છે અને સહુએ વિના વિરોધે સ્વીકાર્યા છે તે પરંપરાગત માર્ગ જાણવો. (૮૩)

કારણ કે–જેનો આગમમાં સર્વથા નિષેધ ન કર્યો હોય, જે જીવહિંસા (વિગેરે અસંયમ)નું કારણ ન હોય,

अवलंबिऊण कज्जं, जं किंपि समायरंति गीयत्था ।
थेवावराह बहुगुण, सव्वेसिं तं पमाणं तु ॥८५॥
जं पुण पमायरूवं, गुरुलाघवचिंतविरहियं सवहं ।
सुहसीलसढाइन्नं, चरित्तिणो तं न सेवंति ॥८६॥
जह सड्ढेसु ममत्तं, राढाए असुद्धउवहिभत्ताई ।
निद्देज्जवसहितूली–मसूरिगाईण परिभोगो ॥८७॥

પૂર્વાચાર્યોએ આચરેલું તે સર્વ ચારિત્રવંતોને પ્રમાણભૂત હોય છે. કહ્યું છે કે–(૮૪)

કોઈ વિશેષ કાર્યને (લાભને) ઉદ્દેશીને" ગીતાર્થો જે કંઈ સમ્યગ્ આચરણ કરે છે તે થોડા (નાના) દોષવાળું છતાં ઘણા (મોટા) ગુણ (લાભ)ને કરનારૂં હોવાથી સર્વને પ્રમાણભૂત સમજવું. (૮૫)

પણ જે પ્રમાદ (અસંયમ) રૂપ હોય, લાભ હાનિનો વિચાર કર્યા વિનાનું, હિંસાદિ (અસંયમ) યુક્ત હોય તેવું સુખશીલીઆઓએ આચરેલું તેને ચારિત્રવંત (સંવેગી) મુનિઓ આચરતા (પ્રમાણભૂત માનતા) નથી. (૮૬)

જેમકે–શ્રાવકોનું (આ શ્રાવક મારો વિગેરે) મમત્વ, એ પ્રમાણે કોઈ ગામ, ઘર, નગર–દેશની મમતા પણ સમજી લેવી, તથા શરીર શોભા વિગેરેની ઇચ્છાથી કેટલાક અશુદ્ધ આહાર–ઉપધિ વિગેરે ગ્રહણ કરે છે, યાવચ્ચન્દ્રદિવાકર સુધી કોઇ ગૃહસ્થે લેખ કરીને આપેલું મકાન–વસતિ ગ્રહણ કરે છે, તથા કોઈ તળાઈ, મસુરીઆં વિગેરેને વાપરે [ભોગવે] છે. [૮૭]

इच्चाई असमंजस–मणेगहा खुद्दचिट्ठियं लोए ।
बहुएहि वि आयरियं, न पमाणं सुद्धचरणाणं ॥८८॥
गीयत्थपारतंता, इय दुविहं मग्गमणुस्सरंतस्स ।
भावजइत्तं जुत्तं, दुप्पसहंतं जओ चरणं ॥८९॥
सद्धा तिव्वभिलासो, धम्मे पवरत्तणं इमं तीसे ।
[1]विहिसेव [2]अतित्ती, [3]सुद्धदेसणा [4]खलियपरिसुद्धी ॥९०॥

ઇત્યાદિ ક્ષુદ્ર [અલ્પ સત્ત્વવાળા સંયમમાં થાકેલા] જીવોએ આચરેલું અનેક પ્રકારનું અસમંજસ [સંયમમાં અઘટિત] વર્ત્તન આ લોકમાં ઘણાઓએ સ્વીકાર્યું હોય તો પણ શુદ્ધ ચારિત્રવાળાઓને તે પ્રમાણભૂત નથી. [૮૮]

માટે ગીતાર્થ મહર્ષિઓની આજ્ઞામાં રહીને એ આગમાનુસારી તથા શુદ્ધસંવેગીની પરંપરારૂપ બે પ્રકારના માર્ગને અનુસરનારા આત્માને ભાવસાધુતા યોગ્ય છે, કારણ કે ચારિત્રધર્મ શ્રીદુપ્પસહસૂરિજી સુધી ચાલવાનો છે. અર્થાત્ આગમને અનુસરતું ચારિત્ર પાળનાર કોઇ નથી માટે ચારિત્રનો વિચ્છેદ થયો એમ માનવું નહિ પણ શુદ્ધ સંયમસાધક પરંપરાને અનુસરનારા પણ ચારિત્રવંત છે એમ સમજવું. [૮૯]

હવે ભાવસાધુનું બીજું લિંગ 'ધર્મશ્રદ્ધા' નું વર્ણન કરે છે–

૨–ધર્મમાં દૃઢ શ્રદ્ધા–શ્રદ્ધા એટલે શ્રુત ચારિત્ર ધર્મમાં (જ્ઞાન–ક્રિયામાં) તીવ્ર અભિલાષા, અર્થાત્ શ્રદ્ધાના

विहिसारं चिय सेवइ, सद्धालू सत्तिमं अणुट्ठाणं ।
दव्वाइदोसनिहओ वि, पक्खवायं वहइ तम्मि ॥९१॥
निरुओ भोज्जरसन्नू, कं वि अवत्थं गओ असुहमन्नं ।
भुंजं न तंमि रज्जइ, सुहभोयणलालसो धणियं ॥९२॥
इय सुद्धचरणरसिओ, सेवंतो दव्वओ विरुद्धं पि ।
सद्धागुणेण एसो, न भावचरणं अइक्कमइ ॥९३॥

યોગે ધર્મમાં શ્રેષ્ઠપણું, તેથી શ્રદ્ધાળુમાં શ્રદ્ધાના ફળરૂપે આ લક્ષણો હોય, ૧–વિધિસેવા, ૨–ધર્મમાં અસંતોષ, ૩–શુદ્ધદેશના અને ૪–ભૂલનું પ્રાયશ્ચિત્ત–શુદ્ધિકરણ. એ ચાર ધર્મની તીવ્ર શ્રદ્ધાનાં લક્ષણો છે તે ભાવસાધુમાં હોય. (૯૦)

તેને વિગતવાર વર્ણવે છે—

૧–વિધિસેવા–શ્રદ્ધાળુ સામર્થ્ય કેળવીને દરેક અનુષ્ઠાનો વિધિપૂર્વક આચરે અને કોઈ પ્રસંગે આહારાદિ દ્રવ્ય, કોઇ અટવી વિગેરે ક્ષેત્ર કે દુઃષમકાળ વિગેરેની પ્રતિકૂળતા હોય તેથી વિધિ ન સાચવી શકે તો પણ વિધિનો પક્ષપાત ન છોડે. (૯૧)

જેમ નિરોગી અને ભોજનના રસનો જાણુ એવો પણ કોઈ જીવ એવી કોઇ રોગ–દુષ્કાળ વિગેરે અવસ્થાને પામીને અશુભ (બેસ્વાદ) ભોજન લેવું પડે તો પણ તેમાં રાગ કરતો નથી પણ નિરોગી થઈને કે સુકાળ થશે ત્યારે સુન્દર ભોજન લઇશ એવી અત્યન્ત લાલસાવાળો હોય છે, (૯૨)

तित्तिं न चेव विंदइ, सद्धाजोगेण नाणचरणेसु ।
वेयावच्चतवाईसु, जहविरियं भावओ जयइ ॥९४॥
सुगुरुसमीवे सम्मं, सिद्धंतपयाण मुणियतत्तत्थो ।
तयणुन्नाओ धन्नो, मज्झत्थो देसणं कुणइ ॥९५॥
अवगयपत्तसरूवो, तयणुग्गहहेउभाववुड्ढिकरं ।
सुत्तभणियं परूवइ, वज्जंतो दूरमुम्मग्गं ॥९६॥

તેમ સાધુ પણ શુદ્ધ ચારિત્રનો રસિઓ છતાં ભાવ વિના ચારિત્ર વિરૂદ્ધ પણ કંઈ આચરે તો પણ શુદ્ધ ચારિત્રની શ્રદ્ધાથી તે ભાવ ચારિત્રથી રહિત થતો નથી. અર્થાત્ તેવો દ્રવ્યથી શિથિલાચારી છતાં ભાવથી શુદ્ધ ચારિત્રવંત છે. (૯૩)

૨–ધર્મમાં અતૃપ્તિ–શ્રદ્ધાના યોગે જ્ઞાન તથા ક્રિયામાં તૃપ્ત ન થાય. વધુને વધુ કરવાની, ભણવાની અભિલાષા રાખે. તેમજ વૈયાવચ્ચ–તપ વિગેરેમાં પણ શક્તિને ગોપવ્યા વિના ઉત્સાહથી પ્રયત્ન કરે. (૯૪)

૩–શુદ્ધદેશના–સદ્ગુરૂની પાસે વિધિપૂર્વક વાચના લઈને સિદ્ધાન્તના પદોનો અર્થ (રહસ્ય) જેણે સારી રીતે જાણ્યો છે એવો ધન્ય શ્રદ્ધાળુ ગુરૂની આજ્ઞાથી મધ્યસ્થભાવે દેશના દે. (પરદર્શનનો તિરસ્કાર કે પોતાના દર્શનનો પક્ષ ન કરે પણ બન્નેને તત્ત્વથી સમજાવી શ્રોતાને સત્યના પક્ષકાર બનાવે.) (૯૫)

શ્રોતાની (બાળ–મધ્યમ–પણ્ડિત) બુદ્ધિનો (રૂચિનો) જાણ તેનો ઉપકાર કરવાની બુદ્ધિવાળો ભાવસાધુ ઉન્માર્ગ

सव्वं पि जओ दाणं, दिन्नं पत्तंमि दायगाण हियं ।
इहरा अणत्थजणगं, पहाणदाणं च सुयदाणं ॥९७॥
सुट्ठुयरं च न देयं, एयमपत्तंमि नायतत्तेहिं ।
इय देसणा वि सुद्धा, इहरा मिच्छत्तगमणाई ॥९८॥
जं च न सुत्ते विहियं, न य पडिसिद्धं जणंमि चिररूढं ।
समइविगप्पियदोसा, तं पि न दूसंति गीयत्था ॥९९॥

(સંસારની વૃદ્ધિ કરનાર ઉત્સૂત્ર) વચનને સર્વથા તજતો શ્રોતાના ભાવની (અધ્યવસાયોની) વૃદ્ધિ (શુદ્ધિ) થાય તેવું સૂત્રાનુસારી વ્યાખ્યાન કરે. (૯૬)

કારણ કે સર્વ પ્રકારનું પણ દાન સુપાત્રમાં દીધેલું દાતારને હિત કરે છે, અન્યથા (અયોગ્યને) આપેલું અનર્થ-કારક થાય છે તેમાં પણ સૂત્રદાન તો સર્વશ્રેષ્ઠ દાન છે. (૯૭)

માટે તત્ત્વના જાણુ ગુરૂઓએ એ સૂત્રદાન કુપાત્રને એ શુદ્ધતત્ત્વોનું દાન નહિ જ આપવું. એ રીતે પાત્રાપાત્રનો વિવેક કરી આપેલી દેશના શુદ્ધ કહી છે, નહિ તો ઉલટી શ્રોતાઓના મિથ્યાત્વને વધારે છે. આદિ શબ્દથી ઉપદેશક ઉપર દ્વેષ વધવાથી આહાર પાણી વસતિ વિગેરેનો અન્તરાય અને કદાચ ઉપદેશકને મારી નાખવા સુધી શ્રોતા પાપો કરે એવો સંભવ છે. (૯૮)

જે સૂત્રમાં કરવાનું કહેલું ન હોય, તેમ નિષેધ્યું પણ ન હોય એવું પણ લોકોમાં ચિરકાળથી ચાલતું હોય તેને પણ ગીતાર્થ પુરૂષો પોતાની મતિકલ્પનારૂપ દૂષણથી દૂષિત (તેનો વિરોધ) કરતા નથી. (૯૯)

संविग्गा गीयतमा, विहिरसिया पुव्वसूरिणो आसि ।
तददूसियमायरियं, अणइरई को निवारेइ ॥१००॥
अइसाहसमेयं जं, उस्सुत्तपरूवणा कडुविवागा ।
जाणंतेहि वि दिज्जइ, निद्देसो सुत्तबज्झत्थे ॥१०१॥
दीसंति य दढ्ढसिणोणेगे, नियमइपउत्तजुत्तीहिं ।
विहिपडिसेहपवत्ता, चेइयकिच्चेसु रूढेसु ॥१०२॥

ગીતાર્થ હોય તે એમ વિચારે છે કે–પૂર્વર્ષિઓ સંવેગી (મોક્ષની તીવ્ર અભિલાષાવાળા) હતા, પૂર્વે આગમ બહુ પ્રમાણમાં હોવાથી અતિશય ગીતાર્થ (શાસ્ત્ર મર્મના જાણુ) હતા, વિધિના રસિઆ હતા, તેઓએ જેને દૂષિત ન ગણ્યું અને ઘણાઓએ આચર્યું તે વ્યવહારને અનતિશાયી કોણ નિવારી શકે ? (કારણ કે એનો વિરોધ કરવામાં પૂર્વર્ષિઓની આશાતના થવાનો તેને ભય રહે, માટે વિશિષ્ટ શ્રુતના અતિશય વિનાનો સામાન્ય સાધુ તેનો વિરોધ ન ન કરે.) (૧૦૦)

'સૂત્રબાહ્ય (વિરૂદ્ધ) દેશના દેવાથી અનન્ત સંસાર વધે છે' ઇત્યાદિ શાસ્ત્રોક્ત નિર્દેશને (વચનોને) જાણવા છતાં પણ જેઓ અતિકટુ વિપાકજનક એવી ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે, તે તેઓનું મહાસાહસ (દુઃસાહસ) છે. (૧૦૧)

વર્તમાનમાં એવા પણ અનેક મહાસાહસિક (ભયંકર ભવ વૃદ્ધિથી પણ નહિ ડરનારા) દેખાય છે કે જેઓ પોતાની મતિકલ્પના રૂપ યુક્તિથી શાસ્ત્ર વિરૂદ્ધ કરવામાં અને ચિરકાળથી રૂઢ એવાં પણ સ્નાત્ર કરવું, બિમ્બ ભરાવવું, વિગેરે

तं पुण विसुद्धसद्धा, सुयसंवायं विणा न संसंति ।
अवहीरिऊण नवरं, सुयाणुरूवं परूविंति ॥१०३॥
अइयारमलकलंकं, पमायमाईहिं कहवि चरणस्स ।
जणियं पि वियडणाए, सोहिंति मुणी विमलसद्धा ॥१०४॥
एसा पवरा सद्धा, अणुबद्धा होइ भावसाहुस्स ।
एईए सब्भावे, पन्नवणिज्जो हवइ एसो ॥१०५॥

જિનભક્તિનાં કાર્યો વિગેરે પૂર્વાચાર્યોએ ગીતાર્થપણાથી આચરેલી શુદ્ધ પરંપરાનો પણ આગમમાં એનું વિધાન નથી માટે તે નહિ કરવાં જોઇએ એવો નિષેધ કરવામાં પ્રવૃતિ કરે છે. (૧૦૨)

જેઓ શુદ્ધશ્રદ્ધાવંત છે તેઓ શ્રુતના આધાર વિના તેવાઓના તે વિધિ નિષેધોની પ્રશંસા નથી કરતા, કિન્તુ 'એ બાલચેષ્ટારૂપ છે' એમ તેની ઉપેક્ષા કરીને સૂત્રાનુસારી ઉપદેશ આપે છે. (૧૦૩)

૪–અતિચારનું શોધન–ભાવસાધુઓ કોઇ પ્રસંગે પ્રમાદાદિ કારણે ચારિત્રમાં અતિચારરૂપ મેલનું કલંક લાગે તો તેને નિર્મળ શ્રદ્ધાથી આલોચના કરીને (પ્રાયશ્ચિત્ત સ્વીકારીને) શુદ્ધ કરે છે, અર્થાત્ ચારિત્રમાં જાગૃત છતાં કોઇ અતિચાર લાગી જાય તો પગમાં લાગેલા કાંટાની જેમ તુર્ત દૂર કરે છે. (૧૦૪)

આવી ઉત્તમ શ્રદ્ધા ભાવસાધુને અખંડ હોય છે અને એના યોગે તે અસદાગ્રહ વિનાનો હોવાથી સહેલાઇથી સત્ય સમજાવી શકાય તેવો હોય છે. (૧૦૫)

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
विहिउज्जमवन्नयभय-उस्सग्गववायतदुभयगयाइं।
सुत्ताइं बहुविहाइं, समए गंभीरभावाइं ॥१०६॥

तेसिं विसयविभागं, अमुणंतो नाणवरणकम्मुदया।
मुज्झइ जीवो तत्तो, सपरेसिमसग्गहं जणइ ॥१०७॥

तं पुण संविग्ग गुरू, परहियकरणुज्जयाणुकंपाए।
बोहिंति सुत्तविहिणा, पन्नवणिज्जं वियाणंता ॥१०८॥

હવે ભાવસાધુનું ત્રીજું લિંગ કહે છે-

૩-ઋજુપણાથી પ્રજ્ઞાપનીય-૧-વિધિ (વિધાન), ૨-ઉદ્યમ (અપ્રમાદ), ૩-પ્રશંસા, ૪-ભય, ૫-ઉત્સર્ગ, ૬-અપવાદ અને ૭-ઉત્સર્ગ અપવાદને જણાવનારાં ગમ્ભીર અર્થવાળાં અનેકવિધ સૂત્રો (વચનો-વાક્યો) આગમમાં કહેલાં છે. (૧૦૬)

તેના તે તે વિષયના વિવેકને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી નહિ સમજતો ઋજુબુદ્ધિવાળો જીવ (અર્થ કરવામાં) મુંઝાય છે અને (તેથી પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ કરીને) પોતાને અને બીજાઓને દુરાગ્રહ પેદા કરે છે. (૧૦૭)

પણ (તે ઋજુ (સરળ) બુદ્ધિવાળો હોવાથી) પરહિત કરવામાં તત્પર સંવેગી એવા ગુરૂ (ભાવ) અનુકમ્પાથી તેને સત્ય સમજાવવા યોગ્ય જાણતા હોવાથી યુક્તિથી સૂત્ર (અર્થ) સમજાવીને બોધ કરે છે. (૧૦૮)

सो वि असग्गहचाया, सुविसुद्धं दंसणं चरित्तं च ।
आराहिउं समत्थो, होइ सुहं उज्जुभावाओ ॥१०९॥
सुगइनिमित्तं चरणं, तं पुण छक्कायसंजमो चेव ।
सो पालिउं न तीरइ, विगहाइपमायजुत्तेहिं ॥११०॥
पव्वज्जं विज्जं पिव, साहिंतो होइ जो पमाइल्लो ।
तस्स न सिज्झइ एसा, करेइ गरुयं च अवयारं ॥१११॥
पडिलेहणाइचेट्ठा, छक्कायविघाइणी पमत्तस्स ।
भणिया सुयंमि तम्हा, अपमाई सुविहिओ होइ ॥११२॥

અને તે પણ સરળપણાથી દુરાગ્રહ તજવાથી (સત્યનો સ્વીકાર કરવાથી) અતિ નિર્મળ દર્શન અને ચારિત્રને સુખ પૂર્વક આરાધવા માટે સમર્થ (પ્રયત્નવંત) બને છે. (૧૦૯)

હવે ભાવસાધુનું ચોથું લિંગ 'ક્રિયામાં અપ્રમાદ' કહે છે-

૪-**ક્રિયામાં તત્પરતા**-ચારિત્ર સદ્ગતિ માટે પાળવાનું છે, તે ચારિત્ર છકાયજીવોની રક્ષા રૂપ છે, તેને વિકથા વિગેરે પ્રમાદ કરનારા (પ્રમાદીઓ) પાળી શકતા નથી. (૧૧૦)

વિદ્યાની સાધના કરવાની જેમ દીક્ષાની સાધના કરતો જે પ્રમાદ કરે છે તેને એ દીક્ષા સિદ્ધ થતી (સાધી શકાતી) નથી. ઉલટો દીક્ષા (વિદ્યાસાધક પ્રમાદ કરે તો મહાન નુકશાન થાય તેમ) મોટો અપકાર કરે છે. (૧૧૧)

આગમમાં પ્રમાદીની પડિલેહણાદિ ક્રિયાઓ (પણ) છકાય જીવોની વિરાધના કરનારી કહી છે, માટે વિધિનો

रक्खइ वएसु खलियं, उवउत्तो होइ समिइगुत्तीसु ।
वज्जइ अवज्जहेउं, पमायचरियं सुथिरचित्तो ॥११३॥

कालंमि अणूणहियं, किरियंतरविरहिओ जहासुत्तं ।
आयरइ सव्वकिरियं, अपमाई जो इह चरित्ती ॥११४॥

संघयणादणुरूवं, आरंभइ सक्कमेवणुट्ठाणं ।
बहुलाभमप्पच्छेयं, सुयसारविसारओ सुजई ॥११५॥

પક્ષપાતી ભાવસાધુ દરેક અનુષ્ઠાનોમાં પ્રમાદને તજે, અપ્રમાદી બને. (૧૧૨)

વ્રતોમાં અતિચારો ન લાગવા દે, સમિતિ ગુપ્તિરૂપ આઠપ્રવચનમાતાઓના પાલનમાં ઉપયોગી બને, વધારે શું ? સ્થિર ચિત્તવાળો તે (ક્રિયામાં તલ્લીન બનીને) પાપના હેતુભૂત સર્વ પ્રમાદાચરણનો ત્યાગ કરે. (૧૧૩)

જે ચારિત્રવંત આત્મા પોતાના આત્મહિતમાં અપ્રમત્ત હોય તે સર્વ અનુષ્ઠાનોને યોગ્યકાલે, અન્યૂન-અનધિક (જેટલું જે રીતે કરવાનું હોય તેટલું તે રીતે), વચ્ચે બીજી ક્રિયાઓ કર્યા વિના સૂત્ર (જિનાજ્ઞા) પ્રમાણે કરે. (૧૧૪)

હવે **ભાવસાધુનું પાંચમું લિંગ 'શક્યારંભ' કહે છે-**

૫-શક્યકાર્યનો આરમ્ભ-આગમના રહસ્યનો સુજ્ઞાણ ભાવસાધુ સંઘયણબળ (તથા આદિ શબ્દથી) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુસારે શક્ય હોય તેવું-તેટલું ઘણો લાભ અને થોડો અપકાર થાય તેવું કાર્ય આરમ્ભે. (૧૧૫)

जह तं बहुं पसाहइ, निवडइ अस्संजमे दढं न जओ ।
जणिउज्जमं बहूणं, विसेसकिरियं तहाढवइ ॥११६॥

गुरुगच्छुन्नइहेउं, कयतित्थपभावणं निरासंसो ।
अज्जमहागिरिचरियं, सुमरंतो कुणइ सक्किरियं ॥११७॥

सक्कंमि नो पमायइ, असक्ककज्जे पवित्तिमकुर्णतो ।
सक्कारंभो चरणं, विसुद्धमणुपालए एवं ॥११८॥

જે કારણે (શક્ય અનુષ્ઠાન આચરનારો) તેને (વારંવાર કરવાથી) અધિક કરે (કરી શકે) છે, નિયમા અસંયમમાં (માંદા પડવાથી ઔષધાદિ કરવાના પાપમાં) પડતો નથી અને (એક આરમ્ભેલું પૂર્ણ થવાથી બીજાં પણ ઘણા સાધર્મિઓનાં (સાધુઓનાં) કામો કરવાનો ઉત્સાહ વધે છે. તથા વિશિષ્ટ (પડિમા વહન વિગેરે) ક્રિયાઓને પણ આરમ્ભે છે. (૧૧૬)

તે વિશિષ્ટ ક્રિયાઓ કેવી કરે છે તે કહે છે કે–ગુરૂ અને ગચ્છ (અન્ય સાધુઓની) પણ ઉન્નતિના કારણભૂત તથા જેનાથી તીર્થ (શાસનની) પ્રભાવના થાય તેમ આર્યમહાગિરિના ચરિત્રને યાદ કરતો (તે પ્રમાણે) નિરાશંસ ચિત્તે ઉત્તમક્રિયાઓને કરે છે. (૧૧૭)

તેવો ભાવસાધુ અશક્ય કાર્યમાં પ્રવૃત્તિ કરતો નથી, શક્ય કાર્યમાં પ્રમાદ કરતો નથી, એમ શક્ય આરમ્ભને કરનારો વિશુદ્ધ ચારિત્રનું પાલન કરે છે. (૧૧૮)

જો ગુરુમવન્નંતો, આરંભઇ કિર અસક્કમવિ કિંચિ ।
સિવભૂઇ વ્વ ન એસો, સમ્મારંભો મહામોહા ॥૧૧૯॥
જાયઇ ગુણેસુ રાગો, સુદ્ધચરિત્તસ્સ નિયમઓ પવરો ।
પરિહરઇ તઓ દોસે, ગુણગણમાલિન્નસંજણણે ॥૧૨૦॥
ગુણલેસં પિ પસંસઇ, ગુરુગુણબુદ્ધીએ પરગયં એસો ।
દોસલવેણ વિ નિયયં, ગુણનિવહં નિગ્ગુણં ગણઇ ॥૧૨૧॥
પાલઇ સંપત્તગુણં, ગુણડ્ઢસંગે પમોયમુવ્વહઇ ।
ઉજ્જમઇ ભાવસારં, ગુરુતરગુણરયણલાભત્થી ॥૧૨૨॥

જે ગુરૂઆજ્ઞાની અવજ્ઞા કરીને કંઈક અશક્ય કાર્યને પણ આરમ્ભે છે તે શિવભૂતિની જેમ મહા મૂઢતાથી સમ્યક્ આરમ્ભવાળો નથી. અર્થાત્ શક્તિ ઉપરાન્તનું શુભ અનુષ્ઠાન કરવું હિતકર થતું નથી. (૧૧૯)

હવે ભાવસાધુનું છઠ્ઠું લિંગ 'ગુણાનુરાગ' વર્ણવે છે.

૬-**ગુણાનુરાગ**-શુદ્ધ ચારિત્રપાલન કરનારને નિયમા ગુણોમાં ઉત્તમ રાગ પ્રગટે છે, તેથી ગુણસમૂહમાં મલિનતા કરનારા દોષોને તે તજે છે. (૧૨૦)

મોટી (ઘણા) ગુણાનુરાગની બુદ્ધિથી (અતિ ગુણાનુરાગથી) તે બીજાના નહાના પણ ગુણોની પ્રશંસા કરે છે અને નહાના (થોડા) પણ દૂષણથી પોતાના ગુણોને નિર્ગુણ ગણે છે (ગુણ સમજતો નથી). (૧૨૧)

ગુણાનુરાગી પ્રાપ્ત થએલા ગુણોનું રક્ષણ કરે, વિશેષ ગુણવાળાઓનો યોગ મળે ત્યારે અતિહર્ષિત થાય અને

सयणो त्ति व सीसो त्ति व, उवगारि त्ति व गणिव्वओ वत्ति ।
पडिबंधस्स न हेऊ, नियमा एयस्स गुणहीणो ॥१२३॥
करुणावसेण नवरं, अणुसासइ तं पि सुद्धमग्गंमि ।
अच्चंताजोग्गं पुण, अरत्तदुट्ठो उवेहेइ ॥१२४॥
उत्तमगुणाणुराया, कालाइदोसओ अपत्तावि ।
गुणसंपया परत्थ वि, न दुल्लहा होइ भव्वाणं ॥१२५॥

અતિમોટા ગુણરૂપી રત્નોને મેળવવાનો અર્થી ધ્યાન–અધ્યયન–તપ વિગેરે ખૂબ સદ્ભાવથી કરે. (૧૨૨)

ગુણાનુરાગીને 'આ મારો સ્વજન છે, આ શિષ્ય છે, આ ઉપકારી છે કે આ મારા ગચ્છનો સાધુ છે' એવો ગુણહીન નિયમા રાગનું કારણ ન બને. અર્થાત્ પરાયો સંબન્ધ વિનાનો પણ ગુણી જોઈ તેને આદર થાય પણ પોતાનો હોય તો પણ ગુણહીનમાં તેને રાગ ન થાય. (૧૨૩)

કિન્તુ માત્ર ભાવદયાને વશ તેવા ગુણહીન સંબન્ધી વિગેરેને પણ શુદ્ધમાર્ગે ચાલવા માટે હિતશિક્ષા આપે અને અત્યન્ત અયોગ્ય (હિતશિક્ષાને પણ લાયક ન) હોય તેને રાગદ્વેષ કર્યા વિના (ઉદાસીન વૃત્તિથી) છોડી દે, ઉપેક્ષા કરે. (૧૨૪)

આ ભવમાં દુઃષમાકાળ, સંઘયણસહાયક વિગેરેનો અભાવ, ઇત્યાદિ કારણે પ્રાપ્ત ન થઈ હોય તેવી પણ ગુણોની સંપત્તિ ગુણાનુરાગથી પરલોકમાં પણ ભવ્યજીવોને દુર્લભ થતી નથી. અર્થાત્ આ ભવમાં ન પ્રગટે તેવા પણ

गुरुपयसेवानिरओ, गुरुआणाराहणंमि तल्लिच्छो ।
चरणभरधरणसत्तो, होइ जई नन्नहा नियमा ॥१२६॥
सव्वगुणमूलभूओ, भणिओ आयारपढमसुत्ते जं ।
गुरुकुलवासोवस्सं, वसेज्ज तो तत्थ चरणत्थी ॥१२७॥
एयस्स परिच्चाया, सुद्धुंछाइधि न सुंदरं भणियं ।
कम्माइ वि परिसुद्धं, गुरुआणावत्तिणो विंति ॥१२८॥

ગુણો અન્ય ભવમાં ગુણાનુરાગથી સહેલાઇથી પ્રગટે છે. (૧૨૫)

હવે સાતમું લિંગ 'ગુરૂઆજ્ઞાની આરાધના' કહે છે

૭-**ગુરૂઆજ્ઞાનું પાલન**-ગુરૂના ચરણની સેવાનો રાગી અને ગુરૂ આજ્ઞાના પાલનમાં તત્પર એવો સાધુ નિયમા ચારિત્રના ભારને (પાંચ મહાવ્રતોનું) વહન કરવા સમર્થ થાય, અન્યથા નહિ. (અર્થાત્ પાંચ મહાવ્રતોનું પાલન તલવારની ધારપર ચાલવા કરતાં ય દુષ્કર છે તેવું આકરું કાર્ય ગુરૂસેવાથી ગુરૂનો આશીર્વાદ મેળવનાર જ કરી શકે સ્વતન્ત્ર વર્તનાર અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગોથી લૂંટાઈ જાય.) (૧૨૬)

શ્રી આચારાંગના પ્રથમ સૂત્રમાં ગુરૂકુળવાસને સર્વ-ગુણોની પ્રાપ્તિના મૂળભૂત કહ્યો છે, માટે ચારિત્રનો અર્થી ભાવસાધુ અવશ્ય ગુરૂકુળવાસમાં જ રહે. (૧૨૭)

એ ગુરૂકુળવાસનો ત્યાગ કર્યા પછી બેંતાલીશ દોષર-હિત શુદ્ધઆહાર-ઉપધિ વિગેરે મેળવે (અર્થાત્ નિર્દોષ

ता धन्नो गुरुआणं, न मुयइ नाणाइगुणगणनिहाणं ।
सुपसन्नमणो सययं, कयन्नुयं मणसि भाविंतो ॥१२९॥

गुणवं च इमो सुत्ते, जहत्थगुरुसद्दभायणं इट्ठो ।
गुणसंपयादरिद्दो, जहुत्तफलदायगो न मओ ॥१३०॥

मूलगुणसंपउत्तो, न दोसलवजोगओ इमो हेओ ।
महुरोवक्कमओ पुण, पवत्तियव्वो जहुत्तम्मि ॥१३१॥

ચારિત્ર પાળે) તો પણ તેને સુન્દર (આત્મહિત સાધક) નથી કહ્યું અને ગુરૂઆજ્ઞામાં વર્તનારને આધાકર્મિક ઉદ્ગમ–ઉત્પાદન આદિ સકળ દોષથી દૂષિત આહારાદિ વાપરવું પડે તો પણ તે શુદ્ધ કહ્યું છે. (કારણ કે સંયમની રક્ષા માટે જ શાસ્ત્રોક્ત અપવાદ માર્ગે તેમ કરવું પડે તો પણ જિનાજ્ઞાનું પાલન થાય છે). (૧૨૮)

માટે (ગુરૂઆજ્ઞાના પાલનમાં) પ્રસન્ન મનવાળો, ગુરૂના ઉપકારને હમ્મેશાં મનમાં ચિન્તવતો કૃતજ્ઞ એવો જે સાધુ જ્ઞાનાદિ ગુણસમૂહના નિધાન તુલ્ય ગુરૂઆજ્ઞાને છોડતો નથી તે ધન્યવાદને પાત્ર છે. (૧૨૯)

આવો ગુણવાન હોય તે જ યથાર્થ ગુરૂ શબ્દનું પાત્ર સૂત્રમાં કહ્યો છે (અર્થાત્ એવો ગુણવાન જ 'ગુરૂ' કહેવડાવવા લાયક છે), જે ગુણસમ્પત્તિ વિનાનો દરિદ્ર હોય તેને શાસ્ત્રોક્ત (ગુરૂસેવાના) ફળને આપનાર માન્યો નથી. (અર્થાત્ તેવાની સેવા કરવાથી ગુરૂસેવાનું પૂર્ણ ફળ મળી શકતું નથી). (૧૩૦)

पत्तो सुसीससद्दो, एवं कुणंतेण पंथगेणावि ।
गाढप्पमाइणो वि हु, सेलगसूरिस्स सीसेणं ॥१३२॥

एवं गुरुबहुमाणो, कयन्नुया सयलगच्छगुणवुड्ढी ।
अणवत्थापरिहारो, हुंति गुणा एवमाईया ॥१३३॥

इहरा वुत्तगुणाणं, विवज्जओ तह य अत्तउक्करिसो ।
अप्पच्चओ जणाणं, बोहिविघायाइणो दोसा ॥१३४॥

ઉપરના સદ્‌ગુરૂના વર્ણનથી વર્તમાનમાં કોઈ એવા ગુરૂ ન મળે તો કોની સેવા કરવી, કોની ન કરવી ? એમ મુંઝાય તેને કહે છે કે–જે ગુરૂ મૂળગુણથી અવિરાધક હોય તેનો સામાન્ય અલ્પ દોષ જોઇને છોડી ન દેવો, કિન્તુ સદ્‌ભાવપૂર્વક અનુકૂળ ઉપાયોથી શુદ્ધમાર્ગમાં વાળવો. (૧૩૧)

અતિ પ્રમાદી એવા પણ શ્રીશૈલકાચાર્યના શિષ્ય શ્રીપંથકમુનિએ પ્રમાદી પણ ગુરૂની એ પ્રમાણે સેવા કરતાં 'સુશિષ્ય' એવું બિરૂદ મેળવ્યું. (૧૩૨)

એ પ્રમાણે ગુરૂસેવા કરનાર મુનિને ગુરૂ પ્રત્યે બહુમાન, કૃતજ્ઞતા, સકળ ગચ્છવાસી સાધુઓના ગુણોની વૃદ્ધિ અને અનવસ્થાનો (સાધુ જીવનની મર્યાદાની હાનિનો) પરિહાર વિગેરે અનેક ગુણો (લાભ) થાય છે. (૧૩૩)

અન્યથા (ગુરૂને છોડી દેવાથી) એ કહ્યા તે ગુણોથી વિપરીત દૂષણો વધે છે, પોતાના આત્માનો ઉત્કર્ષ (પોતાના ગુણોનું અભિમાન) થાય છે, લોકોને પણ સાધુઓ પ્રત્યે અવિશ્વાસ પ્રગટે છે અને એથી બોધિ (સમકિત) ની

बकुसकुसीला तित्थं, दोसलवा तेसु नियमसंभविणो ।
जइ तेहिं वज्जणिज्जो, अवज्जणिज्जो तओ नत्थि ॥१३५॥

इय भावियपरमत्था, मज्झत्था नियगुरुं न मुंचंति ।
सव्वगुणसंपओगं, अप्पाणंमि वि अपेच्छंता ॥१३६॥

एयं अवमन्नंतो, वुत्तो सुत्तम्मि पावसमणो त्ति ।
महमोहबंधगो वि य, खिंसंतो अपडितप्पंतो ॥१३७॥

પ્રાપ્તિમાં તેઓને વિઘ્ન (મિથ્યાત્વનો બન્ધ) થાય છે, તેમાં નિમિત્ત બનનાર તે સાધુને પણ મિથ્યાત્વનો બન્ધ થાય છે. (૧૩૪)

અથવા પુલાક–બકુશ–કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચ પ્રકારોમાં બકુશ અને કુશીલ સાધુઓથી આ શાસન (પાંચમા આરાના અન્ત સુધી) ચાલવાનું છે, તે સાધુઓમાં થોડા થોડા દોષો અવશ્ય સંભવિત છે, જો તેઓ બીજા સાધુઓને દૂષિત માની તજી દે, તો (તેઓ પણ દોષથી ભરેલા હોવાથી વર્જનીય જ થશે એમ બધા સાધુઓ વર્જનીય જ બનશે તો) અવર્જનીય કોઈ નથી. (૧૩૫)

એથી પરમાર્થનો વિચાર કરતા પોતાનામાં પણ સર્વ ગુણોની પ્રાપ્તિ નહિ જોતા (પોતે પણ અધુરો છે એમ માનતા) ભાવસાધુઓ મધ્યસ્થ બની પોતાના ગુરૂને છોડી દેતા નથી. (૧૩૬)

(જે ગુરૂની અવજ્ઞા કરે તેને મહા અનર્થ થાય તે કહે છે કે–) એ અલ્પદોષવાળા ગુરૂને છોડી દેનારા સાધુને

सविसेसं पि जयंतो, तेसिमवन्नं विवज्जए सम्मं ।
तो दंसणसोहीओ, सुद्धं चरणं लहइ साहू ॥१३८॥

इय सत्तलक्खणधरो, होइ चरित्ती तओ य नियमेण ।
कल्लाणपरंपरलाभ-जोगओ लहइ सिवसोक्खं ॥१३९॥

दुविहं पि धम्मरयणं, तरइ नरो घेत्तुमविगलं सो उ ।
जस्सेगवीसगुणरयण-संपया सुत्थिया अत्थि ॥१४०॥

ता सुट्ठु इमं भणियं, पुव्वायरिएहिं परहियरएहिं ।
इगवीसगुणोवेओ, जोग्गो सइ धम्मरयणस्स ॥१४१॥

આગમમાં પાપ સાધુ કહ્યો છે અને ગુરૂની નિન્દા અવહેલના તથા વૈયાવચ્ચાદિ ગુરૂભક્તિમાં અનાદર કરનારા તેને મહા મોહનીય (મિથ્યાત્વ) કર્મનો બન્ધક કહ્યો છે. (૧૩૭)

ગુરૂની બરાબર તો શું ? તેઓથી વધારે ચારિત્રની આરાધના કરનારો પણ તેઓની (ગુરૂની) અવજ્ઞાને સર્વથા તજે, તો દર્શનની-સમ્યક્ત્વની શુદ્ધિ થવાથી સાધુ શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે. (૧૩૮)

એ સાત લક્ષણોને ધારણ કરનારો આત્મા શુદ્ધ ચારિત્રવન્ત છે, તેથી નિયમા ઉત્તરોત્તર વિશેષ કલ્યાણ (શુદ્ધિ) થવાથી તે મોક્ષસુખને પામે છે. (૧૩૯)

એમ સાધુધર્મ અને શ્રાવકધર્મરૂપ બન્ને પ્રકારના ધર્મરૂપ રત્નને સંપૂર્ણપણે તે મનુષ્ય પામી શકે કે જેને એકવીશ ગુણોરૂપી સમ્પત્તિ શુદ્ધ (દોષ રહિત) છે. (૧૪૦)

धम्मरयणोचियाणं, देसचरित्तीण तह चरित्तीणं ।
लिंगाइं जाइं समए, भणियाइं मुणियतत्तेहिं ॥१४२॥

तेसि इमो भावत्थो, नियमइविभवाणुसारिओ भणिओ ।
सपराणुग्गहहेउं, समासओ संतिसूरीहिं ॥१४३॥

जो परिभावइ एयं, सम्मं सिद्धंतगब्भजुत्तीहिं ।
सो मुत्तिमग्गलग्गो, कुग्गहगत्तेसु न हु पडइ ॥१४४॥

इय धम्मरयणपगरण–मणुदियहं जे मणंमि भावेंति ।
ते गलियकलिलपंका, निव्वाणसुहाइं पावेंति ॥१४५॥

તેથી પરહિતમાં તત્પર એવા પૂર્વાચાર્યોએ આ પ્રકારે જ કહ્યું છે કે જે એકવીશ ગુણોવાળો હોય તે સદ્ધા ધર્મરત્નને માટે યોગ્ય છે. (૧૪૧)

ધર્મરત્નને ઉચિત એવા દેશવિરતિવાળાઓનાં તથા સર્વવિરતિવાળાઓનાં (શ્રાવકનાં તથા સાધુનાં) જે લિંગો તત્ત્વના જાણુ જ્ઞાનીઓએ આગમમાં કહ્યાં છે. (૧૪૨)

તેનો આ ભાવાર્થ શ્રીશાન્તિસૂરિજીએ સ્વ–પર ઉપકાર માટે પોતાની બુદ્ધિરૂપી વૈભવને અનુસારે ટુંકમાં કહ્યો. (૧૪૩)

જે સિદ્ધાન્તના સારભૂત યુક્તિથી આ ધર્મલિંગના ભાવને (અર્થને) સમ્યગ્ રીતે વિચારે છે તે મુક્તિમાર્ગને પામેલો કદી પણ દુરાગ્રહરૂપી ખાડામાં પડતો નથી. (૧૪૪)

એ રીતે આ ધર્મરત્ન પ્રકરણને જેઓ પ્રતિદિન મનમાં વિચારે છે તેઓ પાપપંકનો નાશ કરીને નિર્વાણ-મોક્ષ સુખને પામે છે. (૧૪૫)

એ પ્રમાણે પ્રશાન્તમૂર્તિ તપોનિધિ સંઘસ્થવિર
આચાર્ય મહારાજ શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વર પટ્ટધર
ગામ્ભીર્યાદિ ગુણનિધિ સ્વ. આચાર્ય મહારાજ
શ્રીવિજયમેઘસૂરિવરજી પટ્ટધર પૂ. આ.
મહારાજ શ્રીવિજયમનોહરસૂરિ શિષ્ય
મુનિ ભદ્રંકર વિજયે લખેલો શ્રીધર્મ-
રત્ન પ્રકરણનો ગુજરાતી ભાવાર્થ
સમાપ્ત થયો. 'શુભં ભૂયાત્'

વિ. સં. ૨૦૧૩ ના માગશર સુદ ૧૩–અમદાવાદ શાહીબાગ.

॥ अथ चिरंतनाचार्यकृतमहाप्रभावकश्रीपञ्चसूत्र-मध्यात् प्रथमं पापप्रतिघात-गुणबीजाधानसूत्रम् ॥

" णमो वीअरागाणं सव्वण्णुणं देविंदपूइआणं जहट्ठिअवत्थु-वाईणं तेलुक्कगुरूणं अरुहंताणं भगवंताणं ।

(પ્રથમ મંગલાચરણ રૂપ) 'શ્રીવીતરાગ ભગવન્તોને નમસ્કાર થાઓ' (એમ કહી તેઓની વિશિષ્ટતા જણાવે છે કે) તેઓ સર્વજ્ઞ-સર્વદર્શી છે, દેવો અને ઇન્દ્રોથી પણ પૂજાએલા છે, (રાગદ્વેષાદિ નહિ હોવાથી) વસ્તુતત્ત્વના યથાર્થ પ્રરૂપક છે, ત્રણે લોક (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ) વાસી દેવો દાનવો અને મનુષ્યો વિગેરેના તે ગુરૂ છે, સંસારમાં ફરી જન્મ લેવાના નથી અને (ઐશ્વર્યાદિ ભાગ્યવન્ત હોવાથી) ભગવન્ત છે. તેઓ એમ કહે છે કે-જીવ અનાદિ છે, તેનો સંસાર (જન્મ-મરણાદિ) પણ અનાદિ છે, આ સંસાર અનાદિ છે, આ સંસાર અનાદિ કર્મોના સંયોગની પરંપરાથી ચાલ્યા

આ સૂત્રનું જેવું નામ છે તેવો જ તેનો ગુણ છે. એના નિત્ય સ્મરણ પહન પાહનથી અનેક ભવોનાં સંચિત પાપોનો નાશ થાય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો પ્રગટવાનાં બીજો આત્મામાં વવાય છે, જેના પરિણામે આત્મા અનાદિ કર્મબંધનો નાશ કરી સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રનું પાત્ર બની પોતાના અજરામર પદને પામે છે. પૂજ્ય ગુરૂણીજી શ્રીહીરશ્રીજી મહારાજ દરરોજ સવારે આ સૂત્રનું શ્રવણ કર્યા પછી જ પચ્ચક્ખાણ પારતાં હતાં. એનો વાસ્તવિક અર્થ લખતાં તો એક સ્વતન્ત્ર પુસ્તક થઇ જાય તેમ છે અહીં માત્ર શબ્દાર્થ લખ્યો છે.

જે एवं आइक्खंति–इह खलु अणाइ जीवे, अणाइ जीवस्स भवे, अणाइकम्मसंजोगनिव्वत्तिए, दुक्खरूवे दुक्खफले दुक्खाणुबंधे। एअस्स णं वुच्छित्ती सुद्धधम्माओ, सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ, पावकम्मविगमो तहाभव्वत्ताइभावओ। तस्स पुण विवागसाहणाणि चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाण (णा) सेवणं।

अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं, भुज्जो भुज्जो सकिलेसे, तिकालमसंकिलेसे।

કરે છે. (હવે તે સંસાર કેવો છે? તે કહે છે કે-) એ સંસાર દુઃખરૂપ છે, (તેની પરંપરામાં નવા નવા જન્મ–મરણાદિ થવાથી) તેનું ફળ દુઃખ છે અને (એક જન્મ બીજા જન્મનું કારણ હોવાથી) તે દુઃખની પરંપરા રૂપ છે.

આ સંસારનો વિચ્છેદ શુદ્ધ ધર્મથી એટલે સમ્યગ્ જ્ઞાન, દર્શન, અને ચારિત્રગુણોને ઔચિત્ય સત્કાર અને વિધિપૂર્વક સતત સેવવાથી થાય છે. આવા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મોનો વિશિષ્ટ નાશ (પુનઃ બન્ધાય નહિ તે રીતે નિર્જરા) થવાથી થાય છે અને પાપકર્મોનો એવો વિશિષ્ટ નાશ તથાભવ્યત્વ (આત્માનું તથા પ્રકારનું ભવ્યત્વ–સ્વભાવ), કાળ, નિયતિ (ભવિતવ્યતા), કર્મ (અશુભ કર્મોના હ્રાસ સાથે પુણ્યકર્મોનો ઉપચય) અને પુરૂષાર્થ, એ પાંચ કારણોનો અનુકૂળ યોગ મળવાથી થાય છે.

આ તથાભવ્યત્વ વિગેરેને પકાવવાનાં (પ્રગટાવવાનાં

જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગનાહા અણુત્તરપુણ્ણસંભારા ખીણરાગદોસમોહા અચિંતચિંતામણી ભવજલહિપોઆ એગંતસરણા અરહંતા સરણં ।

તહા પહીણજરમરણા અવેઅકમ્મકલંકા પણટ્ઠબોહાહા કેવલનાણદંસણા સિદ્ધિપુરનિવાસી નિરુવમસુહસંગયા સવ્વહા કયકિચ્ચા સિદ્ધા સરણં ।

તહા પસંતગંભીરાસયા સાવજ્જજોગવિરયા પંચવિહાયારજાણગા પરોવયારનિરયા પડમાઇનિદંસણા ઝાણજ્ઝયણસંગયા વિસુજ્ઝમાણભાવા સાહૂ સરણં ।

પ્રાપ્ત કરવાનાં) ત્રણ સાધનો છે–એક ચાર શરણનો સ્વીકાર, બીજું (આ ભવ પરભવમાં કરેલાં) દુષ્કૃત્યોની (ભાવપૂર્વક ગુરૂ સાક્ષીએ) નિન્દા અને ત્રીજું સુકૃત્યોનું સેવન–અર્થાત્ અનુમોદના.

માટે મુક્ત થવાની ઇચ્છાવાળાએ એ ઉપાયોનું હમ્મેશાં પ્રણિધાન (નિશ્ચયપૂર્વક સેવન) કરવું જોઇએ તે પણ જ્યારે (આત્મામાં રાગ–દ્વેષ–કામ–ક્રોધાદિ) સંક્લેશ હોય ત્યારે વારંવાર અને સંક્લેશના અભાવે દિવસમાં ત્રણવાર (ત્રિકાળ સન્ધ્યાએ) કરવું જોઇએ.

(તેમાં ચાર શરણાના સ્વીકારનો વિધિ કહે છે કે–)

૧–ઐશ્વર્યાદિ ઋદ્ધિવાળા (ભગવન્ત), ત્રણે લોકના (યોગ–ક્ષેમ કરનારા) સમર્થ નાથ (રક્ષક), અનુત્તર (ઉંચામાં ઉંચા તીર્થંકરનામકર્મ વિગેરે) પુણ્યના નિધાન, રાગ–દ્વેષ અને

तहा सुरासुरमणुअपूइओ मोहतिमिरंसुमाली रागदोसविस-परममंतो हेऊ सयलकल्लाणाणं कम्मवणविहावसू साहगो सिद्ध-भावस्स केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं ॥

મોહ જેઓના નિર્મૂલ ક્ષય થયા છે તેવા, અચિન્ત્ય સુખને વિના માગે આપનારા ચિન્તામણિથી પણ અધિક, સંસાર સમુદ્રને તરવા માટે નાવા તુલ્ય, એકાન્તે શરણ કરવા યોગ્ય, એવા અરિહન્તોનું મારે જીવું (મુક્ત ન થાઉં) ત્યાં સુધી શરણ થાઓ ! અરિહન્તો મને શરણ આપો !! તથા–

૨–જેઓનાં જરા મરણ સર્વથા ક્ષીણ થયાં છે, કર્મરૂપી કલઙ્ક જેઓને વેદવાનાં નથી, સર્વ પ્રકારની વ્યાબાધા (પીડાઓ–દુઃખો) જેમનાં નાશ પામ્યાં છે, સંપૂર્ણ જ્ઞાન અને દર્શન જેઓને પ્રગટ થયાં છે, સિદ્ધિપુર નામના નગરમાં (મોક્ષમાં) રહેલા જગતના કોઈ સુખની ઉપમા જેમાં ન ઘટે તેવા અનુપમ સુખને જેઓ પામેલા (ભોગવી રહ્યા) છે અને સર્વથા જેઓ કૃતકૃત્ય છે, (જેઓને હવે કંઈ કર્તવ્ય શેષ રહ્યું નથી,) તે સિદ્ધોનું મારે શરણ થાઓ ! તથા–

૩–પ્રશાન્ત અને ગમ્ભીર આશય (હૃદય) વાળા, સર્વ સાવદ્ય (પાપ) વ્યાપારથી નિવૃત્ત થએલા, પંચવિધ આચારને [જ્ઞાનાચારાદિને] જાણનારા પરોપકાર કરવામાં રક્ત, પદ્મકમળ વિગેરે ઉપમાઓવાળા, શુભધ્યાન અને શાસ્ત્રાધ્યયનમાં સતત ઉદ્યમવાળા અને તેથી ઉત્તરોત્તર જેઓના ભાવો વિશુદ્ધ થતા હોય છે, તેવા સાધુઓનું મારે શરણ થાઓ ! તથા–

सरणमुवगओ अ एएसिं गरहामि दुक्कडं, जण्णं अरिहंतेसु वा सिद्धेसु वा आयरिएसु वा उवज्झाएसु वा साहूसु वा साहुणीसु वा अन्नेसु वा धम्मट्ठाणेसु वा माणणिज्जेसु वा पूअणिज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बंधूसु वा, मित्तेसु वा, उवयारीसु वा,

૪–સુર અસુર અને મનુષ્યથી પૂજિત, મોહરૂપી અન્ધકારને નાશ કરવામાં સૂર્ય, રાગદ્વેષના ઝેરનો નાશ કરવામાં પરમમન્ત્ર, સર્વ કલ્યાણની સાધનામાં હેતુભૂત, કર્મોરૂપી વનને બાળવા માટે અગ્નિતુલ્ય, આત્માના સિદ્ધપણાનો સાધક અને ભગવન્ત, એવા શ્રીકેવલિભાષિત ધર્મનું મારે જાવજ્જીવ શરણ હો !

એ ચારે શરણાંને પામેલો હું હવે ગુરૂસાક્ષીએ દુષ્કૃતની ગર્હા કરૂં છું, તે આ પ્રમાણે–જે અરિહન્તો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, સાધ્વીજીઓ તથા બીજાં પણ માનનીય પૂજનીય (સાધર્મિકાદિ) ધર્મસ્થાનો પ્રત્યે તથા માતા, પિતા, બન્ધુવર્ગ (સ્વજનાદિ), મિત્રો કે ઉપકારીઓ પ્રત્યે અથવા સામાન્યતયા સમ્યગ્દર્શનાદિ મોક્ષ માર્ગમાં રહેલા કે મિથ્યાત્વાદિ ઉન્માર્ગને વશ પડેલા કોઇ પણ જીવ પ્રત્યે, તથા મોક્ષ માર્ગરૂપ જ્ઞાન દર્શન ચારિત્રમાં ઉપકારક સાધનભૂત પુસ્તકાદિ–જિનમૂર્તિ–મન્દિરાદિ અને રજોહરણાદિ પ્રત્યે, અથવા મોક્ષ માટે અનુપયોગી પણ સર્વ વસ્તુ પ્રત્યે, નહિ આચરવા યોગ્ય, નહિ ઇચ્છવા યોગ્ય, પાપસ્વરૂપ અને પરંપરાએ પાપનો બન્ધ કરાવનારૂં એવું જે કંઇ મિથ્યા આચરણ સૂક્ષ્મ કે બાદર (અલ્પ કે

ઓહેણ વા જીવેસુ-મગ્ગટ્ઠિએસુ વા, અમગ્ગટ્ઠિએસુ વા, મગ્ગસાહણેસુ વા, અમગ્ગસાહણેસુ વા જં કિંચિ વિતહમાયરિઅં અણાયરિઅવ્વં અણિચ્છિઅવ્વં પાવં પાવાણુબંધિ, સુહુમં વા બાયરં વા, મણેણ વા વાયાએ વા કાએણ વા, કયં વા કારાવિઅં વા અણુમોઇઅં વા, રાગેણ વા દોસેણ વા મોહેણ વા, ઇત્થ વા જમ્મે જમ્મંતરેસુ વા, ગરહિઅવ્વમેઅં, દુક્કડમેઅં ઉજ્ઝિઅવ્વમેઅં.

ઘણું) મનથી, વચનથી અથવા કાયાથી, સ્વયં કર્યું, બીજા પાસે કરાવ્યું કે બીજા કરનારનું સારૂં માન્યું (અનુમોદ્યું) હોય, તે પણ રાગથી દ્વેષથી કે મોહથી, તે પણ આ જન્મમાં કે અન્ય જન્મોમાં, ગુરૂ સમક્ષ તે સર્વ ગર્હણીય છે, તે દુષ્કૃત નિન્દ્ય છે, કારણ કે તે અધર્મ રૂપ છે, માટે જ તે તજવા યોગ્ય છે એમ મેં કલ્યાણમિત્ર એવા ગુરૂ અરિહન્ત ભગવન્તોના વચનથી જાણ્યું, તે એમ જ છે, એ પ્રમાણે શ્રદ્ધા થઇ, તેથી શ્રીઅરિહન્ત-સિદ્ધની સાક્ષીએ હું એને ગર્હું છું, એ પાપ છે, ત્યાગ કરવા યોગ્ય છે, માટે એ મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ! મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ !! મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ !!!

આ મારી દુષ્કૃતની ગર્હા (ભાવથી) સમ્યગ્ થાઓ ! હવે પછી એવું દુષ્કૃત નહિ કરવું એવો મારો નિયમ થાઓ, હું નિયમ કરૂં છું.

એ દુષ્કૃત ત્યાજ્ય છે, એ મને બહુ સમજાયું (ઠસ્યું) છે. શ્રીઅરિહન્ત ભગવન્તોની અને તેઓનાં વચનો પ્રચારનારા આત્મહિતૈષી ગુરૂઓની આવી હિતશિક્ષાને હું (વારંવાર)

विआणिअं मए कल्लाणमित्तगुरुभगवंतवयणाओ, एवमेअं ति रोइअं सद्धाए, अरिहंतसिद्धसमक्खं गरिहामि अहमिणं दुक्कडमेअं उज्झिअव्वमेअं इत्थ मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं ।

होउ मे एसा सम्मं गरिहा, होउ मे अकरणनियमो । बहुमयं ममेअंति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं, गुरूणं कल्लाणमित्ताणं ति । होउ मे एएहिं संजोगो, होउ मे एसा सुपत्थणा, होउ मे इत्थ बहुमाणो, होउ मे इओ मुक्खबीअं ति ।

ઇચ્છું છું, માટે મને એવા દેવગુરૂઓનો સંયોગ મળજો, મારી આ પ્રાર્થના સફળ થજો, આ પ્રાર્થનાનાં મને બહુમાન છે, હું ઇચ્છું છું કે એનાથી મારા આત્મામાં મોક્ષનાં બીજ પ્રગટ થાઓ,—આ પ્રાર્થનાના ફળ રૂપે મોક્ષ મળો.

એ અરિહન્ત ભગવન્તોનો અને કલ્યાણમિત્ર (હિતૈષી) ગુરૂઓનો સંપર્ક (નિશ્રા) મલતાં હું તેઓની સેવા કરવા લાયક બનું, તેઓની આજ્ઞાપાલન માટે લાયક બનું, 'તેઓની આજ્ઞા પાળવામાં મારો ઉદ્ધાર છે' એવી દૃઢ પ્રતિપત્તિવાળો (આજ્ઞા પ્રત્યે ભક્તિ બહુમાનપૂર્વક સ્વીકાર કરનારો ગુરૂને સમર્પિત ભાવવાળો) બનું અને નિરતિચારપણે તેઓની આજ્ઞાનો સંપૂર્ણ પાલક બનું.

એ દુષ્કૃતગર્હા સાથે પ્રાસઙ્ગિક પ્રાર્થના કરી હવે સુકૃતાસેવન કહે છે-

સંવિગ્ન એટલે મોક્ષમાર્ગનો અર્થી હું હવે યથાશક્તિ સુકૃતની સેવા એટલે અનુમોદના કરું છું. તે આ પ્રમાણે—સર્વ

પત્તેસુ એએસુ અહં સેવારિહે સિઆ, આણારિહે સિઆ, પડિવત્તીજુએ સિઆ, નિરઇઆરપારગે સિઆ ॥ સંવિગ્ગો જહાસત્તીએ સેવેમિ સુકડં, અણુમોએમિ સવ્વેસિં અરહંતાણં અણુટ્ઠાણં, સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં, સવ્વેસિં આયરિયાણં આયારં, સવ્વેસિં ઉવજ્ઝાયાણં સુત્તપ્પયાણં, સવ્વેસિં સાહૂણં સાહુકિરિયં, સવ્વેસિં સાવગાણં મુક્ખસાહણજોગે । સવ્વેસિં દેવાણં, સવ્વેસિં જીવાણં હોઉકામાણં કલ્લાણાસયાણં મગ્ગસાહણજોગે ।

અરિહન્તોનાં ઘોર તપ–જપ–પરિષહો–ઉપસર્ગો સહવા વિગેરે સર્વ અનુષ્ઠાનોની અનુમોદના કરૂં છું, એમ સર્વ સિદ્ધોના સિદ્ધ થએલા કેવળજ્ઞાન દર્શનાદિ ભાવોની, સર્વ આચાર્યોના પંચાચારના પાલનરૂપ આચારોની, સર્વ ઉપાધ્યાયોના સૂત્ર (જ્ઞાન) દાનની, સર્વ સાધુઓની (સાધ્વીજીની) સાધુક્રિયાની, સર્વ શ્રાવકોની (શ્રાવિકાઓની) મન વચન કાયાની મોક્ષ–સાધક કરણીની, તથા સર્વ દેવો સર્વ જીવો કે જેઓ મોક્ષ માટે યોગ્ય (ચરમાવર્તમાં) છે અને તેથી વિશુદ્ધ આશયવાળા છે, તેઓના મોક્ષમાર્ગ સાધક જ્ઞાન–દર્શન–ચારિત્રને અનુકૂળ જે જે યોગો (વ્યાપારો) તે સર્વની હું અનુમોદના કરૂં છું.

આ મારી અનુમોદના પરમ ગુણ નિધાન શ્રીઅરિહન્તો સિદ્ધો–સાધુઓ અને જિનકથિત ધર્મ, એ ચાર શરણોના સામર્થ્યથી સુન્દર વિધિપૂર્વકની, ઉત્તમ નિર્મળ આશયવાળી, સમ્યક્ સ્વીકારવાળી (જીવનમાં એ ગુણો ઉતરે એવી) અને નિરતિચાર તેનું પાલન થાય તેવી સુન્દર થાઓ. (સફળ થાઓ.)

હોઉ મે એસા અણુમોઅણા સમ્મં વિહિપુવ્વિઆ, સમ્મં સુદ્ધાસયા, સમ્મં પડિવત્તિરૂવા સમ્મં નિરૂઆરા પરમગુણજુત્ત-અરહંતાઇસામત્થઓ। અચિંતસત્તિજુત્તા હિ તે ભગવંતો, વીઅરાગા સવ્વણ્ણૂ પરમકલ્લાણા પરમકલ્લાણહેઊ સત્તાણં।

(આ દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના ખરેખર, તે અરિહન્તાદિના પ્રભાવથી જ હું કરી શકયો) કારણ કે તે અરિહન્ત ભગવન્તો અચિન્ત્ય શકિતવાળા છે, વીતરાગ છે, સર્વજ્ઞો છે, પરમકલ્યાણ સ્વરૂપ છે અને જીવોને પરમ-કલ્યાણની સાધનામાં હેતુ (પુષ્ટ આલમ્બન) રૂપ છે.

એ અરિહન્તાદિ પરમ ઉપકારીઓને મારા હૃદયમાં પધરાવવા માટે (ભાવથી તેઓનું શરણ પામવા માટે)હું મૂઢ (અયોગ્ય) છું, કારણ કે હું પાપી છું, અનાદિ મોહથી વાસિત (ઘેરાએલો) છું હે ભગવન્ત! મારા સઘળા આત્મ-પ્રદેશો રાગ-દ્વેષ-અજ્ઞાન અને મૂઢતાથી વાસિત થએલા હોવાથી અનભિજ્ઞ (અજ્ઞાની) છું, (એથી હું મારા હિતા-હિતને જાણી પણ શકતો નથી, તો પણ હું આપને પ્રાર્થના કરૂં છું કે આપના અચિન્ત્ય મહિમાથી) હું હિતાહિતને સમજનારો થાઉં, અહિતથી નિવૃત્ત થાઉં, હિતમાર્ગે પ્રવૃત્ત થાઉં અને સર્વ જીવો પ્રત્યે ઔચિત્યને આચરતો હું મોક્ષ, તેના દાતા શ્રીતીર્થંકરો, તેને સમજાવનારા શ્રીસદ્ગુરૂઓ અને મોક્ષસાધક જ્ઞાન દર્શન ચારિત્રરૂપ ધર્મ, એ સર્વનો આરાધક થાઉં. હું એ પ્રમાણે સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું!

मूढे अम्हि, पावे, अणाइमोहवासिए, अणभिन्ने भावओ हिआहिआणं अभिन्ने सिआ, अहिअनिवित्ते सिआ, हिअपवित्ते सिआ, आराहगे सिआ, उचिअपडिवत्तीए सव्वसत्ताणं सहिअं ति। इच्छामि सुकडं, इच्छामि सुकडं, इच्छामि सुकडं ॥

એમ આ ચાર શરણાં, દુષ્કૃત નિન્દા અને સુકૃત અનુમોદનાને વારંવાર જે સ્વયં ભણે છે, સાંભળે છે અને સૂત્ર સાથે અર્થનું પુનઃ પુનઃ ચિન્તન–અનુપ્રેક્ષા કરે છે, તેના અશુભ કર્મોના બાંધેલા રસો અથવા અનુબન્ધ (કર્મ–બન્ધની પરંપરા) મન્દ પડે છે, તે કર્મોની સ્થિતિ રસ–દલિઆં ઓછાં થાય છે અને નિર્મૂળ પણ નાશ પામે છે.

એટલું જ નહિ, આ સૂત્રના પાઠથી, શ્રવણથી અને ચિન્તનથી આત્મામાં પ્રગટતા શુભ પરિણામના બળે જેમ કટક બદ્ધ (સર્પ વિગેરેના ડંખ થવા છતાં ડંખની નજીક કપડા કે દોરી વિગેરેનો સખ્ત બન્ધ કરવાથી બન્ધાએલું) ઝેર નિર્બળ–નિષ્ફળ થઇ જાય તેમ અશુભ કર્મો નિરનુબન્ધ (તેના ઉદયે નવાં અશુભ કર્મ બન્ધાવવામાં અસમર્થ) બની જાય છે, (ઉદયમાં આવવા છતાં આત્માને મોહાદિને વશ કરવામાં) અસમર્થ બની જાય છે, અલ્પમાત્ર વિપાકવાળું બની જાય છે, એથી એને સુખપૂર્વક નિર્જરી (નષ્ટ કરી) શકાય છે અને પુનઃ એવાં કર્મોનો બન્ધ જીવને થતો નથી.

વળી આ સૂત્રના પાઠથી, શ્રવણથી અને ચિન્તનથી જેમ ઉત્તમ ઔષધનો વિધિ–પરેજીપૂર્વક પ્રયોગ કરવાથી આરોગ્ય પ્રગટે તેમ આત્મામાં શુભકર્મોનો બન્ધ થાય તેવા

एवमेअं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा। निरणुबंधे वा असुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं, कडगबद्धे विअ विसे अप्पफले सिआ, सुहावणिज्जे सिआ, अपुणभावे सिआ।

तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा। साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जिअं

ભાવો પ્રગટે છે–એકત્ર થાય છે, એથી શુભ (પુણ્યાનુબન્ધિ પુણ્ય) કર્મોનો બન્ધ થાય છે, શુભ કર્મોની પરંપરા પુષ્ટ થાય છે અને ઉત્કૃષ્ટ ભાવવાળું શુભ કર્મ બન્ધાય છે.

એ રીતે પ્રગટેલો શુભ કર્મનો અનુબન્ધ (પરંપરા) પુષ્ટ બને છે, એથી શુભભાવો પણ પુષ્ટ થાય છે, એ શુભ કર્માનુબન્ધ નિયમા શુભ ફળને (આત્મામાં જ્ઞાનાદિ ગુણોને) પ્રગટ કરે છે, એથી આત્મા સંસારમાં પણ આત્મિક સુખનો ભોગી બને છે અને પરંપરાએ મોક્ષ સુખનો સાધક બને છે.

કોઈ જડ વસ્તુમાં અનુબન્ધ (રાગ–મમત્વરૂપ નિયાણા) વિના અશુભ ભાવોને (મન–વચન–કાયાની અકુશળ પ્રવૃત્તિને) રોકીને (અર્થાત્ શુભભાવ પૂર્વક) આ સૂત્ર શુભ ભાવોનું (મોક્ષનું) બીજ હોવાથી તેને ઉત્તમ પ્રણિધાન (એકાગ્રતા અને તેમાં કહેલા ભાવોના કર્ત્તવ્યના નિશ્ચય) પૂર્વક સમ્યક્ (શાન્ત ચિત્તે) ભણવું જોઇએ, સમ્યક્ સાંભળવું જોઇએ અને એના અર્થની અનુપ્રેક્ષા (પદાર્થ વિચારણા) કરવી જોઇએ.

नियमफलयं सुपउत्ते विअ महागए सुहफले सिआ, सुहपवत्तगे सिआ, परमसुहसाहगे सिआ । अपडिबंधमेअं असुहभावनिरोहेणं सुहभावबीअं ति सुप्पणिहाणं, सम्मं पढियव्वं, सम्मं सोअव्वं, सम्मं अणुप्पेहिअव्वं ति ।

णमो णमिअणमिआणं परमगुरुवीअरागाणं णमो सेसण-मुक्कारारिहाणं, जयउ सव्वण्णुसासणं, परमसंबोहीए सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा ॥

હવે છેલ્લે ઉપસંહાર કરતાં મઙ્ગલ કરે છે કે–દેવો અને દાનવોથી નમસ્કાર કરાએલા, ઇન્દ્રો અને ગણધરા-દિએ પણ જેઓને નમસ્કાર કર્યો છે, તે પરમગુરૂ શ્રીવીત-રાગ ભગવન્તોને મારો નમસ્કાર થાઓ, બાકીના પણ નમસ્કારને યોગ્ય સિદ્ધો, આચાર્યો વિગેરે તે તે જ્ઞાનાદિ-વિશિષ્ટ ગુણવન્તોને મારો નમસ્કાર થાઓ, શ્રીસર્વજ્ઞનું પરમોપકારી શાસન જયવન્તું વર્તો અને એ શાસનના વરબોધિ લાભથી (મિથ્યાત્વ મુક્ત સમ્યગ્ દર્શનની પ્રાપ્તિથી) જીવો સુખી થાઓ ! જીવો સુખી થાઓ !! જીવો સુખી થાઓ !!!

॥ अथ श्रीशीलाङ्गादिरथसंग्रहः सार्थः ॥

॥ १ श्रीशीलाङ्गरथ ॥

जोए करणे सन्ना, इंदिय भूमाइ समणधम्मो य ।
सीलंगसहस्साणं, अट्ठारसगस्स निप्फत्ती ॥१॥

અર્થ—યોગો ૩, કરણો ૩, સંજ્ઞા ૪, ઇન્દ્રિઓ ૫, પૃથ્વીકાયાદિ જીવાજીવ ૧૦ અને શ્રમણધર્મ ૧૦, એના ગુણાકારથી શીયલના અઙ્ગભૂત ૧૮૦૦૦ ભાંગા શીલાઙ્ગરથના અને છે. (૧) તે આ પ્રમાણે૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦.

હવે ઉત્તરભેદો જણાવે છે.

करणाई तिण्णि जोगा, मणमाइणिओ हवंति भेयाइं ।
आहाराई सन्ना, चउ सोआइंदिया पंच ॥२॥

भूम्यादयो नव जीवा, अजीवकाय श्च श्रमणधर्मश्च ।
क्षान्त्यादिर्दशप्रकार, एवमिति भावयेदेताम् ॥३॥

કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણો, મન વચન અને કાયા એ ત્રણ યોગો, આહાર–ભય–મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ, તથા કાન–આંખ–નાક–જીભ અને ત્વચા એ પાંચ ઇન્દ્રિઓ. (૨)

પૃથ્વીકાય વિગેરે નવ જીવો અને અજીવ મળી દશ (હિંસ્ય) તથા ક્ષમાદિ દશપ્રકારનો યતિધર્મ એ પ્રમાણે ગાથાની ભાવના કરવી. (૩)

અલ્પબુદ્ધિ જીવોના ઉપકાર માટે પૃથ્વીકાયાદિને તથા શ્રમણધર્મને નામપૂર્વક જણાવે છે-

पृथिव्यप्तेजांसि वायु-र्वनस्पतिर्द्वीन्द्रियत्रीन्द्रिये ।
चतुष्पञ्चेन्द्रियाजीवा-रम्भं वर्जयेद् दशधा ॥४॥

खंती-मद्दव-अज्जव-मुत्ती तव-संजमे अ बोधव्वे ।
सच्चं सोअं आकिं-चणं च बंभं च जइधम्मो ॥५॥

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય એ નવ અને અજીવકાય મળી દશનો આરમ્ભ તજે. ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો યતિધર્મ સમજવો. (૪-૫)

હવે કેવી રીતે ભાવના કરવી તે જણાવે છે-

जे नो करंति मणसा, णिज्जियाहारसन्ना सोइंदी ।
पुढवीकायारंभं, खंतिजुआ ते मुणी वंदे ॥१॥

જે આહારસંજ્ઞા અને શ્રવણેન્દ્રિયનો વિજય કરીને મનથી પૃથ્વીકાયના આરમ્ભને કરતા નથી, તે ક્ષમાવન્ત મુનિઓને હું વાંદું છું (૧)

(એ પ્રમાણે કરણ-યોગ-સંજ્ઞા-ઇન્દ્રિય-કાય અને શ્રમણધર્મનાં નામો બદલી બદલીને પ્રત્યેક ગાથા બનાવતાં અઢાર હજાર ગાથાઓ બને છે અને અઢાર હજાર સ્વાધ્યાય પૂર્વક અઢાર હજાર પ્રકારના મુનિઓને વન્દન થાય છે. આગળના સ્થોમાં પણ વિધિ આ પ્રમાણે સમજી લેવો.)

કરણાદિનાં નામો બદલવાનાં નીચે પ્રમાણે-

जे नो करेंति, जे नो करावेंति, जे नो अणुमोयंति, ।
६००० ६००० ६०००

मणसा, वयसा, काएण, ।
२००० २००० २०००

णिज्जियाहारसन्ना, णिज्जियभयसन्ना, णिज्जियमेहुणसन्ना,
५०० ५०० ५००

निज्जयपरिग्गहसन्ना, ।
५००

सोइंदी, चक्खिंदी, घाणिंदी, रसणिंदी, फासिंदी, ।
१०० १०० १०० १०० १००

पुढवीकायारंभं, आउक्कायारंभं, तेउक्कायारंभं, वाउक्कायारंभं,
१० १० १० १०

वणस्सईणारंभं, बेइंदियारंभं, तेइंदियारंभं, चउरिंदियारंभं,
१० १० १० १०

पंचिंदियारंभं, अजीवाण समारंभं, ।
१० १०

खंतिजुआ, समद्दवा, सअज्जवा, समुत्तिणो, तवजुआ,
१ २ ३ ४ ५

ससंजमा, सच्चजुआ, सोअजुआ, अकिंचणा, बंभजुआ, ।
६ ७ ८ ९ १०

॥ २ श्रीदशविधचक्रवालसामाचारीरथ ॥

गुत्ती नाणाइतिगं, पसमियकोहाइ समिइपणगं च ।
भोमाई रक्खंतो, चक्कसमायारीजुत्तो य ॥१॥

અર્થ–ત્રણગુપ્તિ, જ્ઞાનાદિ ત્રણ ગુણો, પાંચસમિતિ, અને દશવિધચક્રવાલ સામાચારીનું પાલન કરતો મુનિ કે જેણે ક્રોધાદિ કષાયોને શાન્ત કર્યા છે, તે પૃથ્વીકાયાદિનું રક્ષણ કરતા (મુનિવરોને નમસ્કાર કરૂં છું). (૧)

એમાં બતાવેલા ભેદોના ઉત્તરભેદો કરતાં ચક્રવાલ સામાચારીના ૧૮૦૦૦ ભેદો થાય છે. (તે આ પ્રમાણે ૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

એમાં–મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિ, જ્ઞાન–દર્શન અને ચારિત્ર એ ત્રણ જ્ઞાનાદિ, ક્રોધ–માન-માયા અને લોભ એ ચાર કષાયો, ઈર્યા–ભાષા–એષણા આદાનભણ્ડમાત્રનિક્ષેપ અને પારિષ્ઠાપનિકા એ પાંચ સમિતિઓ, શીલાઙ્ગરથમાં જણાવ્યા પ્રમાણે પૃથ્વી આદિ દશ અને 'ઇચ્છાકાર' વિગેરે દશવિધ ચક્રવાલ સામાચારી સમજવી.

સામાચારીના દશ પ્રકારો નીચે પ્રમાણે છે.

इच्छा मिथ्या तथाकार, आवश्यकी नैषेधिकी ।
पृच्छा प्रतिपृच्छा छन्द–नाऽऽमन्त्रणोपसम्पदा ॥१॥

અર્થ–ઇચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર (તહત્તિ), આવસ્સહી, નિસીહિ, પૃચ્છા, પ્રતિપૃચ્છા, છન્દના (યથારૂચિ),

નિમન્ત્રણા અને ઉપસંપદા (એ દશ પ્રકારો ચક્રવાલ સામાચારીના જાણવા). (૧)

એની ભાવનાની વિધિ આ પ્રમાણે થાય.

मणगुत्तो सन्नाणी, पसमियकोहो य इरियसमिओ य ।
पुढविजिए रक्खंतो, इच्छाकारी नमो तस्स ॥१॥

અર્થ–મનોગુપ્તિવાળો, સમ્યગ્જ્ઞાની, ઉપશાન્તક્રોધ, ઇરિયાસમિતિના પાલક, પૃથ્વીકાય જીવોની રક્ષા કરતો, ઇચ્છાકાર સામાચારીનો પાલક જે મુનિ તેને નમસ્કાર થાઓ. (૧)

એ વિધિથી ગુપ્તિનાં, જ્ઞાનાદિનાં, ક્રોધાદિનાં નામો બદલતાં ૧૮૦૦૦ ગાથાઓ બને. તેને ગણવાથી તેટલો સ્વાધ્યાય અને એવું ઉત્તમ ચારિત્ર પાલનાર મુનિવરોને તેટલી વાર વન્દન થાય છે.

ફેરવવાનાં પદો.

मणगुत्तो, वयगुत्तो, तणुगुत्तो, ।
५००० ५००० ५०००
सन्नाणी, सद्दिट्ठी, सच्चरणी, ।
२००० २००० २०००

पसमियकोहो य, पसमियमाणो य, पसमियमायो य,
५०० ५०० ५००
पसमियलोहो य, ।
५००

इरियसमिओ, भाससमिओ, एसणासमिओ,
१०० १०० १००
गिहनिक्खवणसमिओ, परिट्ठवणसमिओ, ।
१०० १००

पुढविजिए, आउजिए, तेउजिए, वाउजिए,
१० १० १० १०
वणजिवे, बेइंदिं, तेइंदिं, चउरिंदिं पंचिंदिं,
१० १० १० १० १०
अजीवाणं, ।
१०

इच्छाकारी, मिच्छाकारी, तहत्तिकारी, आवस्सहिकारी,
१ २ ३ ४
निसीहिकारी, आपुच्छकारी, पडिपुच्छकारी, छंदणकारी
५ ६ ७ ८
निमंतणकारी, उवसंपयकारी, ।
९ १०

॥ ३ श्रीक्षमापनारथ ॥

चउसरण नाण असणाइ–यार पुढवाइजीवरासीणं ।
अरिहंताईण सक्खं, अट्ठारसहस्स खामणया ॥१॥

અર્થ–ચતુઃશરણ સ્વીકારવાં આદિ ૩, જ્ઞાનાદિ ૩, અશનાદિ ૪, આચાર પાંચ, પૃથ્વીકાયાદિ જીવાજીવ રાશિ ૧૦ અને અરિહન્તાદિ દશની સાક્ષીએ ક્ષમાપના ૧૮૦૦૦ પ્રકારે થાય છે. (તે આ પ્રમાણે–૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં અરિહન્તાદિ ચાર શરણોને ગ્રહણ કરવાં–દુષ્કૃતની ગર્હા કરવી અને સુકૃતની અનુમોદના કરવી એ ત્રણ પ્રકાર, જ્ઞાન–દર્શન–અને ચારિત્ર એ ત્રણ, અશન–પાન–ખાદિમ–સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર, જ્ઞાનાચાર–દર્શનાચાર–ચારિત્રાચાર–તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારો, પૃથ્વીકાયાદિ ૧૦ શીલાઙ્ગરથ પ્રમાણે અને અરિહન્તાદિ દશની સાક્ષી નીચે પ્રમાણે સમજવી.

अरिहंत सिद्ध गणहर, केवली ओही य मणजिणाणं च ।
सुयजिण साहु समक्खं, देव तह अप्पसक्खीहिं ॥१॥

અર્થ–અરિહન્ત, સિદ્ધ, ગણધર (આચાર્ય), સામાન્ય કેવળી, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, શ્રુતજ્ઞાની, સાધુ (ગુરૂ), દેવો, તથા આત્માની સાક્ષીએ (ક્ષમાપના એ દશની સાક્ષીમાં કરવી.)

તેનો વિધિ (ગાથા) આ પ્રમાણે થાય.

कयचउसरणो नाणी, नियमिअअसणो य नाणअइआरं ।
आलोइय पुढविजिए, अरिहसमक्खं खमावेमि ॥१॥

અર્થ–ચારશરણ સ્વીકારીને, જ્ઞાની, અશન આહારનો ત્યાગી હું જ્ઞાનના અતિચારની આલોચના કરીને શ્રીઅરિહન્તની સાક્ષીએ પૃથ્વીકાય જીવોને ખમાવું છું.

આ એક ભાંગો થયો એ પ્રમાણે ભિન્નભિન્ન પદો બદલીને ગાથા બનાવી શકાય તે ગાથાઓ ૧૮૦૦૦ થાય અને ૧૮૦૦૦ ખામણાં તથા ૧૮૦૦૦ સ્વાધ્યાય થાય. ॥

ફેરવવાનાં પદો.

कयचउसरणो, गरहियदुक्कडो, सुकडाणुमोयणो, ।
६००८ ६००० ६०००
नाणी दिट्ठी चरणो ।
२००० २००० २०००

नियमिअअसणो, नियमिअपाणो, नियमिअखाइमो,
५०० ५०० ५००
नियमिअसाइमो, ।
५००

नाणअइआरं, दंसणइआरं, चरणअइआरं, तवअइआरं,
१०० १०० १०० १००
वीरियअइआरं ।
१००

आलोइय पुढविजिए, आलोइय आउजिए, आलोइय तेउजिए,
१० १० १०
आलोइय वाउजिए, आलोइय वणजीए, आलोइय बेइंदिं,
१० १० १०
आलोइय तेइंदिं, आलोइय चउरिंदिं,
१० १०
आलोइय पंचिंदिं, आलोईय अजीवे, ।
१० १०

अरिहसमक्खं, सिद्धसमक्खं, गणहरसमक्खं, केवलिसमक्खं,
१ २ ३ ४
ओहिसमक्खं, मणजिणसमक्खं, सुयजिणसमक्खं,
५ ६ ७
साहुसमक्खं, देवसमक्खं, अप्पसमक्खं, ।
८ ९ १०

॥ ૪ શ્રીશ્રમણધર્મરથ× ॥

***करणाणि जोग सन्ना, इंदिआणि य कायधम्मेहिं ।**
भावयतो उ हवंति, जइधम्मेट्ठारहसहस्सा ॥१॥

અર્થ–કરણો ૩, યોગો ૩, સંજ્ઞાઓ ૪, ઇન્દ્રિયો ૫, જીવકાયાદિ ૧૦ અને યતિધર્મ ૧૦ વડે ભાવના કરતાં યતિધર્મની ૧૮૦૦૦ ભાવના થાય છે તે પ્રમાણે–૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં કરણ વિગેરેના ભેદો શીલાઙ્ગરથની ૨–૩–૪–૫ ગાથાઓમાં જણાવ્યા પ્રમાણે સમજવા.

ભાવના નીચે પ્રમાણે કરવી.

न हणेइ सयं साहू, मणसा आहारसन्नसंवुडो ।
सोइंदीसंवरणो, पुढविजिए खंतिसंपन्नो ॥१॥

અર્થ–આહાર સંજ્ઞાથી સંવૃત (વિજય કરનાર), શ્રવણેન્દ્રિયના વિષયને સંવરનાર (રોકનાર) ક્ષમાવન્ત સાધુ પૃથ્વીકાય જીવોને સ્વયં હણે નહિ. (૧)

આ એક ભાવના થઇ એ પ્રમાએ ગાથામાં કરણાદિનાં પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ બને, ૧૮૦૦૦ સ્વાધ્યાય થાય અને ૧૮૦૦૦ પ્રકારે શ્રમણધર્મની ભાવના કરી શકાય છે.

× આ રથ શીલાઙ્ગરથની બરાબર છે માત્ર અપેક્ષાભેદે ભેદ છે.

* જે ગ્રન્થના આધારે આ લખેલું છે તેમાં આ ગાથા નથી. સ્થળપૂર્તિ માટે બનાવેલી છે.

ફેરવવાનાં પદો

न हणेइ, नेव हणावेइ, न य अणुमन्नइ, ।

मणसा, वयसा, तणुणा, ।

आहारसन्नसंवुडो, रहिओ य भयसन्नाओ, मेहुणसन्नवज्जिओ, परिग्गहसन्नमुक्को य ।

सोइंदी आदि शीलाङ्गरथवत् ।
पुढविजिए ,, चक्रवालसामाचारीवत् ।

खंतिसंपन्नो, मद्दवे जुत्तो, अज्जवे जुत्तो, मुत्तिसंपन्नो, तवसमाउत्तो, संजमम्मि थिरो, सच्चसंजुत्तो, सोयसंजुत्तो, किंचणविमुत्तो, बंभचेरठिओ, भेद पूर्ववत् ।

॥ ૬ ભદ્ર (સામાચારી) રથ ॥

*भद्दाई नाण जिणाइ–वयण परमिट्ठिथुइकरंताणं ।
कायवहनिरोहेच्छा–इकराणट्ठारससहस्सा ॥१॥

અર્થ–ભદ્રાદિ ૩, જ્ઞાનાદિ ૩, જિનવચનાદિ ૪, પરમેષ્ઠિ-સ્તુતિકારક ૫, કાયવધ ૧૦, અને ઇચ્છકારાદિ સામાચારી ૧૦, એનું પાલન કરતા ભદ્ર વિગેરે ભાવ પામેલા મુનિવરોના ૧૮૦૦૦ ભેદો થાય છે. તે આ પ્રમાણે [૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦]

તેમાં ભદ્ર–વૃદ્ધિ અને કીર્તિ એ ભદ્રાદિ ૩, જ્ઞાન–દર્શન અને ચારિત્ર એમ ત્રણ, જિનવચન–સિદ્ધ (ગણધર) વચન, આચાર્યવચન અને ગુરૂવચનના પાલક એમ ચાર, અરિહન્ત સિદ્ધ–સૂરિ–પાઠક અને સાધુ એ પચ્ચ પરમેષ્ઠિના સ્તુતિકારક એ પાંચ, તથા પ્રાણિવધ આદિ દશ આ પ્રમાણે પ્રાણિવધ, અલીકવચન, સ્તેયવ્રત, અબ્રહ્મ, પરિગ્રહ, રાત્રિભોજન, ક્રોધ, માન, માયા, અને લોભ, અને ઇચ્છાકાર આદિ ચક્રવાલ સામાચારી રથમાં કહ્યા તે દશ ભેદો જાણવા.

હવે તેની ભાવનાનો વિધિ કહે છે–

**भद्दं नाणजुयाणं, जिणवयणजिणथुइकरिंताणं ।
पाणिवहनियत्ताणं, इच्छाकारं भणंताणं ॥१॥**

*આ ગાથા સ્થળપૂર્તિ માટે બનાવીને મૂકેલી છે.

અર્થ–જ્ઞાની, જિનવચનના પાલક, જિનેશ્વરની સ્તુતિ–કરનાર, પૃથ્વીકાયના વધની વિરતિવાળા અને ઇચ્છાકાર સામાચારીના પાલક મુનિવરોનું ભદ્ર એટલે કલ્યાણ થાઓ. (૧)

હવે આ ભદ્ર સામાચારી રથનું ફળ કહે છે.

सामायारीइ रहो, पंचनमुक्कारसारहिनियुत्तो ।
नाणतुरंगमजुत्तो, नेइ फुडो परमनिव्वाणं ॥१॥

અર્થ–પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવારૂપ સારથીથી ચલાવાતો અને જ્ઞાનરૂપી ઘોડાથી જોડેલો આ સામાચારી (ભદ્ર) રથ આત્માને નિશ્ચે પરમનિર્વાણ (મોક્ષ)માં લઇ જાય છે. (૧)

ફેરવવાનાં પદો.

भद्दं, वुड्ढी, कित्ती, ।
५००० ५००० ५०००

नाणजुयाणं, दिट्ठिजुयाणं, चरणजुयाणं, ।
२००० २००७ २०००

जिणवयण, सिद्धवयण, आयरियवयण, गुरुवयण, ।
५०० ५०० ५०० ५००

जिणथुइ, सिद्धथुइ, सूरिथुइ, वायगथुइ, साहुथुइ, ।
१०० १०० १०० १०० १००

पाणिवहनियत्ताणं, अलियाउ नियत्ताणं, तेयवयनियत्ताणं,
१० १० १०
अबंभनियत्ताणं, परिग्गहनियत्ताणं, राइभोयणनियत्ताणं,
१० १० १०
कोहाउ नियत्ताणं, माणाउ नियत्ताणं, मायाउ नियत्ताणं,
१० १० १०
लोहाउ नियत्ताणं, ।
१०

इच्छाकारं, मिच्छाकारं, तहत्तिकारं, आवस्सियं, निसीहियं,
१ २ ३ ४ ५
आपुच्छणं, पडिपुच्छणं, छंदणं, निमंतणं, उवसंपयं, ।
६ ७ ८ ९ १०

॥ ६ नियमरथ ॥

अणसणअविरयाइ, जोगा उणोदरिय अणुक्कोसा ।
विगइच्चाइ तवस्सी–णं हुंतिट्ठारससहस्सा ॥१॥

અર્થ–અવિરત અણુસણાદિ ૩, યોગો ૩, ઉણોદરિકા ૫, અનુત્કર્ષ ૪, વિગઇત્યાગ ૧૦ અને તપના ભેદો ૧૦, એમ નિયમ કરનારા મુનિઓના ૧૮૦૦૦ ભેદો થાય છે–તે આ પ્રમાણે [૩×૩=૯×૫=૪૫×૪=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦]

તેમાં–અવિરત અણુસણી, દેશ અણુસણી અને સર્વ અણુસણી એ ત્રણ, મન–વચન અને કાયા એ ત્રણ, અલ્પ–માત્ર આહારથી ઉણોદરિતા, ચોથા ભાગનો આહાર ત્રણ ભાગ ઉણોદરિતા, અડધા આહારથી ઉણોદરિતા, પોણા ભાગના આહારથી ઉણોદરિતા અને કંઇક માત્ર ઉણોદરિતા એ પાંચ, ઉત્તમદ્રવ્યો–ઉત્તમક્ષેત્ર, ઉત્તમકાળ અને ઉત્તમભાવની પ્રાપ્તિમાં પણ અનુત્કર્ષ, એ ચાર, અમુક સંખ્યામાં દાણા, કવળ, દત્તિનું પ્રમાણ કરવું એ ત્રણ, સમ્પૂર્ણભિક્ષા, અમુક ઘરોની ભિક્ષાનો નિયમ, અમુક દ્રવ્યો વાપરવાનો નિયમ, આયંબિલ, અલેપકૃત દ્રવ્યોનો અભિગ્રહ, એકભક્ત તપ અને માત્ર પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ એ દશ પ્રકારનો તપ જાણવો તથા દશ વિગઇઓ નીચે પ્રમાણે જાણવી.

खीरं दहिं घयं तिल्लं, गुड ओगाहिम मज्जविवज्जे ।
मंसं मक्खण वज्जे, महुमवि वज्जे भवे दसहा ॥१॥

અર્થ–દૂધ–દહિ–ઘી–તેલ–ગોળ, પક્વાન્ન, મદ્ય, માંસ માખણ અને મધને પણ વર્જે એમ દશ પ્રકારો જાણવા. (૧)

હવે એની ભાવનાનો વિધિ કહે છે–

अविरयअणसणसमणो, मणसंलीणो सुदव्वत्तणुक्कोसो ।
अप्पाहारोणुदरिओ, सित्थतवो खीरमवि वज्जे ॥१॥

અર્થ–અણસણ નહિ કરનાર, મનનો વિજેતા, ઉત્તમ દ્રવ્યની પ્રાપ્તિનો ગર્વ નહિ કરનાર, અલ્પાહાર માત્રથી નિર્વાહ (ઉણોદરી) કરનાર, અમુક દાણાથી વધુ આહાર નહિ લેવાના નિયમવાળો ઉત્તમ મુનિ દૂધ વિગઇનો પણ ત્યાગ કરે (તેને મારો નમસ્કાર થાઓ.)

એ પ્રમાણે પદો બદલતાં ૧૮૦૦૦ ગાથાઓ, સ્વાધ્યાય અને તેટલા નમસ્કાર થાય.

ફેરવવાનાં પદો

अविरयअणसण, देसअणसण, सव्वअणसण ।
५००० ५००० ५०००

मण, वय, तणु, ।
२००० २००० २०००

सुदव्वत्तणुक्कोसो, सुखित्त, सुकाल, सुभाव, ।
५०० ५०० ५०० ५००

अप्पाहारो, अवड्ढाहारो, अद्धाहारो, पत्ताहारो, किंचूणोदरिओ, ।
१०० १०० १०० १०० १००

सित्थतवो, कवलतवो, दत्तितवो, भिक्खतवो, गेहतवो,
१० १० १० १० १०
दव्वतवो, अंबिलतवो, अलेवतवो, दगहाणितवो, इगभत्ततवो, ।
१० १० १० १० १०

खीरमवि, दहिमवि, घयमवि, तिल्लमवि, गुडमवि,
१ २ ३ ४ ५
कडाहमवि, मज्जमवि, मंसमवि, मक्खणमवि, महुमवि, ।
६ ७ ८ ९ १०

॥ ૭ પાપનિન્દારથ ॥

मोहे रागे दोसे, मणवयणतणूणि गइचउक्कं च ।
पंचविसय दससन्ना, जइधम्माऽसेवणाऽऽलोया (ए) ॥१॥

અર્થ–મોહ–રાગ અને દ્વેષથી, મન–વચન અને કાયાથી ચારગતિમાં જ્યાં જ્યાં, શબ્દાદિ પાંચ વિષયોના સેવનદ્વારા દશ સંજ્ઞાને જોરે, યતિધર્મની સેવા નહિ કરવાથી (જે પાપ બાંધ્યું હોય તેની હું નિન્દા કરું છું.) એ પ્રમાણે ૧૮૦૦૦ ભેદો થાય તે આ પ્રમાણે (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં–મોહ–રાગ અને દ્વેષ એ ત્રણ, મન વચન કાયા એ ત્રણ; નરક–તિર્યંચ–મનુષ્ય–દેવ એ ચાર ગતિ, શબ્દ–રૂપ–ગન્ધ–રસ અને સ્પર્શ એ પાંચ, આહાર–ભય–મૈથુન–પરિગ્રહ ક્રોધ–માન–માયા–લોભ–ઓઘ અને લોક એ સંજ્ઞા દશ, તથા શીલાઙ્ગરથમાં કહ્યા તે યતિધર્મની અનારાધના એ દશ પ્રકારો સમજવા–

તેની ભાવના નીચે પ્રમાણે કરવી.

मोहवसेणं मणसा, देवभवे सद्द असणसन्नाए ।
जं मे बद्धं पावं, अखंतिमंतेण तं निंदे ॥२॥

અર્થ–મોહને વશ થઈ–મનયોગથી–દેવભવમાં શુભા–શુભ શબ્દ વિષયમાં–આહાર સંજ્ઞાને બળે–ક્ષમા નહિ કરવાથી મેં જે પાપ બાંધ્યું હોય તેની નિન્દા કરું છું.

એ પ્રમાણે ગાથામાં પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર પાપની નિન્દા થાય છે.

ફેરવવાનાં પદો.

मोहवसेणं, रागवसेणं, दोसवसेणं, ।
६००० ६००० ६०००

मणसा, आदि शीलाङ्गरथवत्, ।

देवभवे, मणुअभवे. तिरियभवे, नरयभवे, ।
५०० ५०० ५०० ५००

सद्द, रूव, रस, गंध, फास, ।
१०० १०० १०० १०० १००

असणसन्नाए, भयसन्नाए, मेहुणसन्नाए, परिग्गहसन्नाए,
१० १० १० १०
कोहसन्नाए, माणसन्नाए, मायासन्नाए, लोहसन्नाए,
१० १० १० १०
ओहसन्नाए, लोगसन्नाए, ।
० १०

अखंतिमंतेण, अमद्दववंतेण, अणज्जववंतेण, अमुत्तिमंतेण,
१ २ ३ ४
अतवमंतेण, असंजममंतेण. असच्चमंतेण, असोयमंतेण,
५ ६ ७ ८
किंचणमंतेण, अबंभमंतेण, ।
९ १०

॥ ૮ તપોરથ ॥

×રુઇ–વિવેગ–ઝાણાણિ, સજ્ઝાય–વેયાવડિય–પચ્છિત્તા ।
અટ્ઠારહ ઉ સહસ્સા, ભેયા હુંતિ તવસ્સિણો ॥૧॥

અર્થ–ત્રણ રુચિ, ત્રણ વિવેક, ચાર ધ્યાન, પાંચ સ્વાધ્યાય, દશ પ્રકારે વૈયાવચ્ચ કરનારા અને દશ પ્રાયશ્ચિત્ત કરનારા તપસ્વીઓના ૧૮૦૦૦ ભેદો થાય છે. તે આ પ્રમાણે–૩× ૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦]

તેમાં–જ્ઞાન રુચિ–દર્શનરુચિ અને ચારિત્રરુચિ, એ ત્રણ દેહવિવેકી–ઉપધિવિવેકી અને કષાયવિવેકી (પરિહાર કરનાર) એ ત્રણ, આર્તધ્યાન, રૌદ્રધ્યાનનો ત્યાગી અને ધર્મ–શુક્લ–ધ્યાનનો ધ્યાતા એ ચાર, વાચના–પૃચ્છના–પરાવર્તના–અનુપ્રેક્ષા અને ધર્મકથા એ સ્વાધ્યાયને કરનારા પાંચ, ગુરૂની–વાચકની–સ્થવિરની–નિત્ય તપસ્વીની–સાન્તર તપ કરનારની–સાધુની–સાધર્મિકની–કુલની–ગણની અને સંઘની વૈયાવચ્ચ કરનાર એ દશ તથા નીચે કહેલાં પ્રાયશ્ચિત્ત દશ.

આલોઇય પડિક્કમઓ, મિસેણ વિવેગુસગ્ગતવમઇઓ ।
કોઇ છેયા મૂલેણ, તહાણવટ્ઠિય પારંચે ॥૧॥

અર્થ–કોઈ આલોચનાથી, કોઇ પ્રતિક્રમણથી, કોઈ મિશ્રથી, કોઈ વિવેકથી, કોઈ કાયોત્સર્ગથી, કોઇ તપ બુદ્ધિથી, કોઇ છેદથી, કોઇ મૂળથી, કોઇ અનવસ્થિતથી

× સ્થાનપૂર્તિ માટે મૂકેલી છે.

તથા કોઇ પારાઞ્ચિતપ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે. એમ દશ પ્રકારો પ્રાયશ્ચિત્ત જાણવા.

હવે ભાવનાનો વિધિ કહે છે.

नाणरुई देहविवेगी, अट्टविवज्जिओ सुवायणिओ ।
गुरुवेयावच्चकरो, सुज्झइ आलोइउं कोइ ॥१॥

અર્થ–જ્ઞાનની રુચિવાળો, દેહની મમતા વિનાનો, આર્ત્તધ્યાનનો ત્યાગી, વિધિપૂર્વક વાચના લેનાર (દેનાર) ગુરૂની વૈયાવચ્ચ કરનારો કોઈ ઉત્તમ મુનિ આલોચના પ્રાયશ્ચિત્તથી શુદ્ધ (સિદ્ધ) થાય છે.

એ પ્રમાણે ગાથામાં પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ તેટલો સ્વાધ્યાય અને તેટલા તપસ્વિઓને વન્દના થાય છે.

ફેરવવાનાં પદો.

नाणरुई, सम्मरुई, चरणरुई, ।
६००० ६००० ६०००

देहविवेगी, उवहिविवेगी, कषायविवेगी, ।
२००० २००० २०००

अट्टविवज्जिओ, रुद्दविवज्जिओ, धम्मसहिओ, सुक्कसहिओ, ।
५०० ५०० ५०० ५००

सुवायणिओ, सुपुच्छणीओ, सुपरियट्टी, सुअणुपेही, सुधम्मकही, ।
१०० १०० १०० १०० १००

गुरुवेयावच्चकरो, वायगवेयावच्चो, थविरवेयावच्चो,
१० १० १०
तवसिवेयावच्चो, अंतरतवकारो य, साहुवेयावच्चो,
१० १० १०
साहमिवेयावच्चो, कुलवेयावच्चकरो, गणवेयावच्चकरो,
१० १० १०
संघवेयावच्चकरो, ।
१०

आलोइउं कोइ, पडिक्कमओ कोइ, मीसेण कोइ नरो,
१ २ ३
सुविवेगओ कोइ, उस्सग्गओ कोइ, सुतवणओ निच्चं,
४ ५ ६
छेयाउ सयकालं, मूलाउ कोइ नरो, अणवट्ठिए सम्मं,
७ ८ ९
पारंचिए केवि, ।
१०

॥ ૯ संसाररथ ॥

*दिसि–लिंग–कसाय–इंदिय–वसगो जीवाइघायगो जीवो ।
संसारे परिअडंतो, दसहा पावेइ [illegible] ॥१॥

અર્થ–ત્રણ દિશાઓ, ત્રણ લિઙ્ગ, ચાર કષાય અને પાંચ ઇન્દ્રિયોને વશવર્તી આત્મા, જીવાદિ દશનો ઘાત કરવાથી સંસાર પરિભ્રમણ કરતો દશ પ્રકારે તીવ્ર દુઃખોને ભોગવે છે. તે આ પ્રમાણે (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં–દિશાઓ ઉર્ધ્વ–અધો અને તિર્છા ૩, લિઙ્ગો પુલ્લિઙ્ગ, સ્ત્રીલિઙ્ગ અને નપુંસકલિઙ્ગ ૩, ક્રોધાદિ કષાયો ચાર, શ્રવણાદિ ઇન્દ્રિઓ પાંચ, શીલાઙ્ગરથમાં કહ્યા તે પૃથ્વીકાયાદિ જીવાજીવ ૧૦, અને નીચે પ્રમાણે સંસારની યાતનાઓ દશ સમજવી.

संसारं भवअडवी, कम्मसवग्गं दीहठिइ तिव्व बहुपएसो ।
दुहदंदोलिं जीवो, सुगइ भावारी सिद्धिसुहं ॥१॥

અર્થ–સંસારતાં ભમે, ભવાટવીને ન ઉલ્લઙ્ઘે, કલ્મષ (રાગ–દ્વેષાદિ) માં પ્રવર્તે, કર્મોની દીર્ઘ સ્થિતિ બાંધે, તીવ્ર રસ બાંધે, બહુપ્રદેશી કર્મ બાંધે, દુઃખની પરંપરાને અનુભવે, સદ્ગતિ ન પામે, શુભભાવનો વૈરી નિર્જરા ન કરે અને સિદ્ધિનાં સુખ ન પામે એમ દશપ્રકારની યાતના (દુઃખો) ભોગવે.

*સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

હવે તેની ભાવનાનો વિધિ કહે છે–

उड्ढदिसि पुरिसजीवो, कोही सोइंदिअस्स सुहहेउं ।
जो हणइ पुढविजीवे, सो संसारं परिब्भइ ॥१॥

અર્થ–ઉર્ધ્વદિશામાં, પુરૂષ લિઙ્ગવાળો, ક્રોધી, શ્રવણેન્દ્રિયના સુખ માટે જે જીવ પૃથ્વીકાય જીવને હણે તે સંસારમાં ભમે.

એ પ્રમાણે પદો બદલતાં ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર સંસાર ભાવનાને ભાવી શકાય.

ફેરવવાનાં પદો.

उड्ढदिसि, अहोदिसि, तिरियदिसि, ।

पुरिसजीवो, कीवजीवो, नारिजीवो, ।

कोही, माणी, मायी, लोभी, । सोइंदियादि शीलाङ्गरथवत् ।

पुढविजीवे आदि दश पदो शीलाङ्गरथवत् ।

संसारं परिभमइ, भवाडवी सो न लंघेइ, कम्मसवग्गं पवत्तेइ,
१ २ ३
दीहठिइं सो पवत्तेइ, तिव्वरसं सो पवत्तेइ, बहुपएसं पवत्तेइ,
४ ५ ६
दुहदंदोलिं समणुहवइ, सो सुगइं न पाउए, भावारी सो न नित्थरइ,
७ ८ ९
सिद्धिसुहं सो न पाउए, ।
१०

બાકી ભાંગા પૂર્વવત્ સમજી લેવા.

॥ ૧૦ ધર્મરથ ॥

***दिसि लिंग धम्मपालण, जिइंदी जीवाइरक्खणा जीवो।**
जइधम्मे उज्जमिओ, संसारदुक्खं विणासेइ ॥१॥

અર્થ–ત્રણ દિશાઓમાં ત્રણ લિઙ્ગનો ધારક દાનાદિ ધર્મનું પાલન કરતો જીતેન્દ્રિય આત્મા જીવાદિની રક્ષા કરવાથી યતિધર્મમાં ઉદ્યમશીળ સંસારનાં દુઃખોને નાશ કરે છે. તેના ૧૮૦૦૦ ભેદો આ પ્રમાણે (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં–ત્રણ દિશાઓ, ત્રણ લિઙ્ગો, પાંચ ઇન્દ્રિઓ, સંસાર રથમાં કહી તે પ્રમાણે–દાન–શીયળ–તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકારો, જીવાદિ ૧૦ ભેદો અને યતિધર્મના ૧૦ પ્રકારો શીલાઙ્ગરથમાં કહ્યા પ્રમાણે જાણવા.

તેની ભાવના આ પ્રમાણે કરવી.

उड्ढदिसि नरजीवो, दाणं वियरइ विसोयविसयमणो।
पुढविजिए रक्खंतो, खंतिखमो जावजीवं पि ॥१॥

અર્થ–ઉર્ધ્વ દિશામાં પુરૂષ પર્યાયને પામેલો જીવ શ્રોત્રેન્દ્રિયના વિષયથી જેનું મન વિરામ પામ્યું છે તેવો પૃથ્વીકાય જીવોની રક્ષા કરતો ક્ષમાવન્ત જાવજ્જીવ સુધી પણ દાન કરે.

* સ્થળપૂર્તિ માટે મૂકી છે.

અહીં પણ ગાથામાં દિશા વિગેરેનાં નામો બદલવાથી અઢાર હજાર ગાથાઓ તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર ધર્મની ભાવના થઈ શકે છે.÷

÷ આ રથમાં યતિધર્મનાં પદોની ગાથા આ પ્રમાણે કહેલી છે.

खंतिखमो समद्दवो, सअज्जवो समुत्तिणो उ तवजुओ ।
ससंजमो सच्चजुओ, सोयजुओ अकिंचणो बंभो ॥१॥

ફેરવવાનાં પદો

उड्ढदिसि આદિ દિશા પૂર્વવત્ ।

नारिजीवो આદિ લિઙ્ગ પૂર્વવત્ ।

दाणं वियरइ, सीलं पालेइ, तवमणुतप्पइ, भावणं भावइ, ।

विसोयविसयमणो, विचक्खुविसयमणो, विजिब्भविसयमणो, विघाणविसयमणो, विफासविसयमणो, ।

पुढवी આદિ દશ પદ શીલાઙ્ગરથવત્ ।

खंतिखमो આદિ યતિધર્મનાં પદો ઉપર મૂકેલ ગાથા પ્રમાણે લેવાં. તેમાં ૧૮૦૦૦ ભાંગા પૂર્વવત્ ।

बंभो (बंभजुओ)

॥ ११ संयमरथ ॥

***करण जोग चउसंजम, समिइपंचग समायरी भेया ।**
जीवाइदसपएहिं, संजम भेयाट्ठारससहस्सा ॥१॥

અર્થ–ત્રણ કરણો, ત્રણ યોગો, ચાર સંયમ, પાંચ સમિતિ, દશવિધ ચક્રવાલ સામાચારી અને જીવાદિ દશ કાયના (પાલનથી) અઢાર હજાર ભેદો સંયમના થાય છે. તે આ પ્રમાણે [૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦]

તેમાં–કરવું–કરાવવું–અનુમોદવું ત્રણ કરણો, મન–વચન–કાયા ત્રણ યોગો, પ્રેક્ષા–ઉપેક્ષા–પ્રમાર્જના અને પારિષ્ઠાપનિકા ચાર સંયમ, ઇર્યા–ભાષા–એષણા–આદાનભણ્ડમાત્રનિક્ષેપણા અને પારિષ્ઠાપનિકા એ પાંચ સમિતિઓ જાણવી તથા દશ પ્રકારો સામાચારીના અને દશ પ્રકારે જીવાદિ કાય પૂર્વે ચક્રવાલ સામાચારી રથમાં કહ્યા તે પ્રમાણે સમજવા.

તેની ભાવના કરવા માટે ગાથા આ પ્રમાણે છે.

હિંસઇ ન સયં મણસા, પેહાસંજમજુઓ સુઇરિયાએ ।
ઇચ્છાકારેણ જુઓ, જાજીવં પુઢવીકાયં પિ ॥૧॥

અર્થ–ઇચ્છાકાર સામાચારી યુક્ત મુનિ પ્રેક્ષાસંયમવાળો ઇર્યાસમિતિને સમ્યક્ પાલન કરતો જાવજ્જીવ સુધી પૃથ્વીકાય જીવોને મનથી સ્વયં ન હણે.

એ પ્રમાણે ગાથામાં પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર સંયમની ભાવના થઈ શકે છે.

---

* સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

ફેરવવાનાં પદો

हिंसइ न सयं, हिंसावइ नो, अणुमन्नइ नो, ।

मणसा આદિ યોગો શીલાઙ્ગરથવત્ ।

सुइरियाए, सुभासाए, सुएसणिओ सुगहमुक्खो, सुपरिट्ठवओ, पेहासंजमजुओ, उवेहसंजमजुओ, पमज्जसंजमजुओ, परिट्ठवणियाजुओ, ।

इच्छाकारेण, मिच्छाकारेण, तहत्तिकारेण, आवस्सियाए, निसीहियाए, आपुच्छणाए, पडिपुच्छणाए, सच्छंदणाए, सुनिमंतणाए, उवसंपयाए, ।

पुढवीकायं, आउकायं, આદિ દશ પદો શીલાઙ્ગરથવત્, ।

॥ ૧૨ શુભલેશ્યાત્રિકરથ ॥

*लेसातिय तियजोगा, चउअणुओगा य पंचसम्मत्ता ।
दसरुइ ववहाराइ–दसगेण अट्ठारसहसा उ ॥१॥

અર્થ–લેશ્યા ત્રણ, યોગો ત્રણ, અનુયોગ ચાર, સમ્યક્ત્વ પાંચ, રુચિ દશ અને વ્યવહારાદિ દશના યોગે આ રથના ૧૮૦૦૦ ભેદો આ પ્રમાણે થાય છે. [૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦]

તેમાં–તેજો–પદ્મ–શુક્લ ત્રણ શુભ લેશ્યા, મન–વચન કાયા, ત્રણ યોગો, ઉપક્રમ–નિક્ષેપ–અનુયોગ અને નય ચાર અનુયોગ જાણવા–સમ્યક્ત્વ–રુચિ અને વ્યવહારના ભેદો નીચે પ્રમાણે છે.

खइअं खओवसमिअं, वेअग उवसामियं च सासणियं ।
पंचविहं सम्मत्तं, पन्नत्तं वीअराएहिं ॥१॥

અર્થ–ક્ષાયિક, ક્ષાયોપશમિક, વેદક, ઔપશમિક અને સાસ્વાદન, એમ પાંચ પ્રકારે સમ્યક્ત્વ શ્રીવીતરાગ–દેવોએ જણાવ્યું છે.

निसग्गुवएसरुई, आणरुई सुत्त–बीअरुइमेव ।
अभिगम वित्थाररुई, किरिया–संखेव–धम्मरुई ॥२॥

અર્થ–નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપ–રુચિ અને ધર્મરુચિ, એમ રુચિ (સમ્યક્ત્વ) દશ પ્રકારે છે.

* સ્થાનપૂર્તિ માટે મૂકેલી છે.

आगम-सुअ-आणा-धारणा य जीअं च होइ ववहारा ।
केवल-मणोहि-चउदस-दसनवपुव्वीण पढमेत्थ ॥३॥

અર્થ–આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહાર, જીતવ્યવહાર, એમ વ્યવહારી પાંચ, તથા કેવલી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી તથા દશ નવ પૂર્વી, એમ પાંચ મળી દશ પ્રકારમાં પહેલો ભાંગો નીચે પ્રમાણે છે.

जो तेउलेस मणसा, उवक्कमो उवसमिअ सम्मत्तो ।
निसग्गरुइं धरंतो, आगमधारिं नमंसामि ॥४॥

અર્થ–જે તેજોલેશ્યાવન્ત મનથી ઉપક્રમ અનુયોગ-વાળો, ઔપશમિક સમકિતી અને નિસર્ગ રૂચિવન્ત છે એવા આગમ વ્યવહારીને હું નમું છું.

એ પ્રમાણે પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર તે મુનિવરોને નમસ્કાર થાય છે.

ફેરવવાનાં પદો.

तेउलेस, पउमलेस, सुक्कलेस, ।
૬૦૦૦ ૬૦૦૦ ૬૦૦૦

योगो शीलाङ्गरथवत्, ।

उवक्कमो, निक्खेवो, अणुगमो, णओ अ, ।
૫૦૦ ૫૦૦ ૫૦૦ ૫૦૦

उवसमिय, सासायण, खउवसम, वेईय, खईय, ।
૧૦૦ ૧૦૦ ૧૦૦ ૧૦૦ ૧૦૦

निसग्गरुइं, उवएसरुइं, आणरुइं, सुत्तरुइं, बीयरुइं,
૧૦ ૧૦ ૧૦ ૧૦ ૧૦

अभिगमरुइं, वित्थाररुइं, किरियारुइं, संखेवरुइं, धम्मरुइं ।
૧૦ ૧૦ ૧૦ ૧૦ ૧૦

आगमधारिं, सुअगुणधारिं, आणाधारिं, धारणाधारिं,
૧ ૨ ૩ ૪

जीयववहारिं, केवलधारिं, मणपज्जवधारिं, ओहिधरं तं,
૫ ૬ ૭ ૮

चउदसपुव्वि, नवपुव्वधरं, ।
૯ ૧૦

॥ ૧૩ અશુભલેશ્યાત્રિકરથ ॥

***लेसातिय तियजोगा, चउहा विकहा य पंच मिच्छत्ता ।**
दसकाय-समणधम्मेण, निप्फत्ति ट्ठारसहस्साणं ॥१॥

અર્થ–લેશ્યાઓ ત્રણ, યોગો ત્રણ, વિકથાઓ ચાર, મિથ્યાત્વ પાંચ, જીવકાયાદિ દશ અને દશ શ્રમણ ધર્મથી ૧૮૦૦૦ ભેદો થાય છે તે આ પ્રમાણે [૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦]

તેમાં–કૃષ્ણ લેશ્યા–નીલ લેશ્યા–કાપોત લેશ્યા, એ ત્રણ અશુભ લેશ્યાઓ, મન–વચન–કાયા, એ ત્રણ યોગો, જીવાદિ દશ કાય અને શ્રમણધર્મ દશ શીલાઙ્ગરથમાં જણાવ્યા પ્રમાણે સમજવા. ચાર વિકથા અને પાંચ મિથ્યાત્વ નીચે પ્રમાણે છે.—

इत्थिकहा भत्तकहा, देसकहा तह य रायकहा होइ ।
चउहा कह विवज्जंते, धम्मत्थी साहू वंदामि ॥१॥

અર્થ–સ્ત્રીકથા, ભક્ત (ભોજન) કથા, દેશકથા અને રાજ્યકથા, એ ચાર કથાઓના પરિહારી ધર્માર્થી સાધુઓને હું નમસ્કાર કરું છું.

अभिग्गह-मणाभिगहियं, तहा अभिणिवेसियं महाघोरं ।
संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा वज्जे ॥२॥

અર્થ–અભિગ્રહિક, અનાભિગ્રહિક, મહા ભયંકર

* સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

આભિનિવેશિક, સાંશયિક તથા અનાભોગિક એમ પાંચ પ્રકારના મિથ્યાત્વને હું તજું છું.

હવે ભાવનાનો વિધિ બતાવે છે.

जो किण्हलेस मणसा, इत्थिकहा तह अभिग्गह विवज्जं ।
पुढविजिएरक्खंते, खंतिजुए साहू वंदामि ॥३॥

અર્થ—જે કૃષ્ણલેશ્યાવન્ત મનથી સ્ત્રીકથા તથા આભિગ્રહિક મિથ્યાત્વના વર્જક પૃથ્વીકાય જીવોનું રક્ષણ કરે છે તે ક્ષમાયુક્ત સાધુઓને હું વાંદું છું—

આ પ્રમાણે પદોને બદલી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર તેવા ઉત્તમ મુનિવરોને વન્દન કરી શકાય છે.

ફેરવવાનાં પદો.

किण्हलेस, नीललेस, काउलेस, ।
योगो पूर्ववत्, ।
इत्थिकहा, भत्तकहा, देसकहा, रायकहा, ।
अभिग्गह, अणभिग्गह, अभिनिवेसिय, संसइय,
अणाभोग, ।
पुढवीजीए આદિ દશકાય સામાચારીરથવત્ ।
खंतिजुए આદિ દશ યતિધર્મો શીલાઙ્ગરથવત્ ।

॥ ૧૪ દ્વિતીયપ્રકરરથ ॥

×धम्मट्ठियाइतिय तिय-जोगा कसाया उ भावणा पंच ।
उवघाया दस मिच्छा-सन्नादसगेण निप्फत्ती ॥१॥

અર્થ-ધર્માર્થી વિગેરે ત્રણ, યોગો ત્રણ, કષાયો ચાર, ભાવના પાંચ, ઉપઘાતો દશ અને મિથ્યાત્વસંજ્ઞા દશના (ત્યાગના) યોગે અઢાર હજાર ભેદો થાય છે. તે આ પ્રમાણે (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં-ધર્માર્થી-પુણ્યાર્થી-પરલોકાર્થી એ ત્રણ, મન-વચન કાયા ત્રણ, ક્રોધાદિ કષાયો ચાર, કન્દર્પભાવના-કિલ્બિષિકદેવ ભાવના આભિયોગિકદેવ ભાવના, આસુરિકી ભાવના અને સંમોહ ભાવના એ પાંચ, ઉદ્ગમ દોષ-ઉત્પાદન દોષ-એષણાદોષ-પરિકર્મ દોષ-પરિહરણ દોષ-જ્ઞાન-દર્શન-ચારિત્ર-અપ્રિયતા અને સંરક્ષણ એ દશથી સંયમનો ઉપઘાત થાય એ દશ તથા અધર્મમાં ધર્મ, ધર્મમાં અધર્મ, માર્ગમાં ઉન્માર્ગ, ઉન્માર્ગમાં માર્ગ, જીવમાં અજીવ, અજીવમાં જીવ, અસાધુમાં સાધુ, સાધુમાં અસાધુ અને અસૂત્રમાં સૂત્ર, સૂત્રમાં અસૂત્રની બુદ્ધિ કરવી એ મિથ્યાત્વની સંજ્ઞાના દશ ભેદો જાણવા. કહ્યું છે કે-

कंदप्प देवकिब्बिसि, अभिओगासुरिय तहा संमोहा ।
एसा उ संकिलिट्ठा, पंचविहा भावणा मणिआ ॥१॥

અર્થ-કન્દર્પ, કિલ્બિષિકદેવ, આભિયોગિક, આસુરિક

× સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

તથા સંમોહ એ પાંચ પ્રકારની ભાવનાઓને સંક્લિષ્ટ ભાવના કહી છે.

दस संजमोवघाया, उग्गमउप्पायणेसपरिकम्मे ।
परिहरण नाणदंसण–चरित्त अचियत्त संरक्खा ॥२॥

અર્થ–ઉદ્ગમ–ઉત્પાદન અને એષણાદોષ એ ત્રણ, પરિકર્મ, પરિહરણ, જ્ઞાન–દર્શન–ચારિત્ર–અપ્રીતિ અને સંરક્ષણ એ સંયમના દશ ઉપઘાતો છે.

अधम्माऽमग्गजीवा, असाहु असुत्त पंच विवरिया ।
मिच्छत्तं दसभेयं, किलिट्ठजीवाण नायव्वं ॥३॥

અર્થ–અધર્મ અમાર્ગ અજીવ અસાધુ અને અસૂત્ર એ પાંચ ભાવનામાં વિપરીત ભાવનારૂપ દશ પ્રકારનું મિથ્યાત્વ કિલષ્ટ જીવોને જાણવું.

હવે તેની ભાવનાનો ઉપાય–વિધિ કહે છે.

धम्मट्ठीओ वि मणुओ, मणसा कोहं जिणित्तु कंदप्पं ।
उग्गमदोसमहम्मे, धम्मसन्नं परिहरेइ ॥४॥

અર્થ–ધર્મનો અર્થી મનુષ્ય મનથી ક્રોધનો વિજય કરીને કન્દર્પ ભાવનાને, ઉદ્ગમ દોષને અને અધર્મમાં ધર્મસંજ્ઞાને તજે.

એ પ્રમાણે ગાથામાં પદ્યો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર ભાવના કરી શકાય છે.

ફેરવવાનાં પદો.

धम्मट्ठिओ, पुन्नट्ठिओ, परलोगट्ठिओ।
६००० ६००० ६०००

योगो पूर्ववत्।
२००० २००० २०००

कोहं, माणं, मायं, लोहं।
५०० ५०० ५०० ५००

कंदप्पं, देवकिब्बिसयं, अभिओगं, आसुरियं, संमोहं।
१०० १०० १०० १०० १००

उग्गमदोसं, उप्पायणदोसं, एसणादोसं, परिकम्मणोवघायं,
१० १० १० १०

परिहरणोवघायं, नाणोवघायं, दंसणोवघायं, चरित्तोवघायं,
१० १० १० १०

अचियत्तोवघायं, संरक्खवणोवघायं।
१० १०

अधम्मे धम्मसन्नं, धम्मे अधम्मसन्नं, अमग्गे मग्गसन्नं,
१ २ ३

मग्गे अमग्गसन्नं, अजीवे जीवसन्नं, जीवे अजीवसन्नं,
४ ५ ६

असाहुम्मि साहुसन्नं, साहुम्मि असाहुसन्नं, असुत्ते सुत्तसन्नं,
७ ८ ९

सुत्ते असुत्तसन्नं।
१०

॥ ૧૬ ઈરિયાપથિકીરથ ॥

***उवसमविवेगसंवर, जोगकसाया समिइउ पंच ।**
दसकाय अभिहयाइ–दसगेण सहस्सा उ अट्ठदस ॥१॥

અર્થ–ઉપશમ–વિવેક–સંવર ત્રણ ભાવના, મન–વચન કાયા એ ત્રણ યેાગેા, ક્રોધાદિ ચાર કષાયેા, ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિએા, પૃથ્વીકાયાદિ દશ જીવાજીવ અને અભિહયા વિગેરે દશ વિરાધનાએા એના અઢારહજાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે [૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦]

તેમાં–સમિતિએા ઇર્યા–ભાષા–એષણા–આદાનભંડમત્ત નિક્ષેવણા અને પારિષ્ઠાપનિકા એ પાંચ, પૃથ્વીકાયાદિ દશ શીલાઙ્ગરથમાં કહ્યા પ્રમાણે અને વિરાધના–અભિહયા–વત્તિઆ લેસિયા–સંઘાઇઆ–સંઘટ્ટિઆ–પરિઆવિઆ–કિલામિઆ ઉદ્દવિઆ-ઠાણાએા ઠાણું સંક્રામિઆ તથા જીવિઆએા વવરેાવિઆ એ દશ સમજવી–કહ્યું છે કે–

समिइ जोग एगिंदी, बेइंदी तेइंदी तह य चउरिंदी
पंचिंदी अजीवसहिया, एवमभिहयाइ दस भेआ ॥१॥

અર્થ–સમિતિએા પાંચ, યેાગેા ત્રણ, એકેન્દ્રિય પાંચ બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચૌરિન્દ્રિય પંચેન્દ્રિય તથા અજીવ મળીને દશ કાય, તથા અભિહયાદિ દશ ભેદેા જાણવા.

* સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

એની ભાવના આ પ્રમાણે કરવી–

उवसमधरेण मणसा, कोहविमुक्को य ईरियसमिओ ।
पुढविजिए रक्खंतो, अभिहया ते खमावेमि ॥२॥

અર્થ–મનથી ઉપશમ ધરીને ક્રોધનો ત્યાગ કરીને ઈરિયાસમિતિનું પાલન કરતા તથા પૃથ્વીકાય જીવોની રક્ષા કરતા મેં જે જીવોને સામા આવતાં હણ્યા હોય તેઓને હું ખમાવું છું.

એમ ગાથાના પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલાં ખામણાં થાય છે.

ફેરવવાનાં પદો

अवसमधरेण, सविवेगेण, संवरधरेण ।

ત્રણ યોગો પૂર્વવત્ ।

कोहविमुक्को, माणविमुक्को, मायाविमुक्को, लोहविमुक्को।

ईरियासमिओ, भासासमिओ, एसणासमिओ,
गिहनिक्खवणसमिओ, वच्चमत्तसमिओ ।

पुढविजिए આદિ દશ પદો ચક્રવાલ સામાચારીવત્ ।

अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया,
परियाविया, किलामिया, उद्दविया, ठाणंतरिया
खमावेमि, विणासिया ।

॥ १६ आलोचनारथ ॥

आलोयणमण–परिणाम–निंदंतो मणाईहिं कोहाई ।
सद्दाइ वि चयंतो, कायं आकंपइत्ताई ॥१॥

અર્થ–આલોચનાની ઇચ્છાવાળો–પરિણામવાળો અને આત્મનિન્દા કરતો જીવ મન–વચન–કાયાથી ક્રોધાદિ કષાયો અને શબ્દાદિ વિષયોનો પણ ત્યાગ કરતો પૃથ્વીકાયાદિની આલોચના આકંપયિત્તાદિ દશ ભેદે કરે. (૧) તેના ૧૮૦૦૦ ભેદો આ પ્રમાણે. (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં આલોચનાની ઇચ્છાવાળો, આલોચનાના પરિણામવાળો અને પાપની (આત્માની) નિન્દા કરતો એ ત્રણ, મન–વચન અને કાયા એ યોગો ત્રણ, ક્રોધાદિ કષાયો ચાર, શબ્દ–રૂપ–રસ–ગન્ધ–સ્પર્શ એ ઇન્દ્રિયોના વિષયો પાંચ, પૃથ્વીકાયાદિ (શીલાઙ્ગરથમાં કહ્યા પ્રમાણે) કાય દશ અને આકંપઇત્તાદિ આલોચનાનાં દૂષણો દશ નીચે પ્રમાણે જાણવાં.

आकंपइत्ता अणुमाणइत्ता, जं दिट्ठं बायरं च सुहुमं वा ।
छन्नं सद्दाउलयं, बहुजण अव्वत्त तस्सेवी ॥१॥

૧–ગુરૂને ભક્તિથી વશ કરીને, ૨–ગુરૂના પ્રાયશ્ચિત્ત વધારે ઓછું આપવાના સ્વભાવનું અનુમાન કરીને, ૩–જે અપરાધ બીજાએ જોયો હોય તેની જ, ૪–મોટા દોષોની જ, ૫–સૂક્ષ્મ દોષોની જ, ૬–અસ્પષ્ટ–ગુરૂ સમજી ન શકે

તેમ, ૭–બીજાઓને સંભળાવવા માટે મોટા મોટા શબ્દથી, ૮ ઘણાઓની પાસે આલોચના કરે, ૯–અજ્ઞાની ગુરૂ પાસે અને ૧૦–પોતાના જેવા અપરાધ કરનારા ગુરૂ પાસે આલોચના કરે એ દશ દોષ જાણવા.

હવે ભાવના કહે છે—

आलोयणकयमणसो, मणसा कोहं विवज्जिउं सद्दं ।
पुढविजिए रक्खंतो, आकंपइत्तं विवज्जेमि ॥१॥

આલોચનાની ઇચ્છાવાળો, મનથી ક્રોધ અને શબ્દોનો ત્યાગ કરીને પૃથ્વીકાય જીવોની રક્ષા કરતો 'આકમ્પયિત્વ' દોષનો આલોચનામાં ત્યાગ કરૂં છું. (૧)

એમ ભિન્ન ભિન્ન પદોથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને **તેટલી વાર આલોચનાની ભાવના** થઈ શકે.

ફેરવવાનાં પદો.

आलोयणकयमणसो, आलोयणापरिणओ,
आयं च निंदंतो।

ત્રણ યોગ પૂર્વવત્।

कोहं माणं, मायं, लोहं।

सद्दं, रूवं, रसं, गंधं, फासं।

પૃથ્વીકાયાદિ ૧૦ શીલાઙ્ગરથવત્।

आकंपइत्तं, अणुमाणइत्तं, जं दिट्ठं तं, जं बायरं तं,
जं सुहुमं तं, जं छन्नं तं, सद्दाउलयं, बहुजणयं तं,
अव्वत्तं तं, तस्सेवित्तं।

॥ ૧૭ रागत्रिकरथ ॥

×रागरहिय जोगेहिं, चउगईसु विसयविसमुक्का उ ।
कामावत्थारहिया, जइधम्मे संलीणा वंदे ॥१॥

અર્થ–ત્રણ રાગ રહિત, ત્રણ યોગો વડે, ચાર ગતિમાં, પાંચ વિષયોરૂપ વિષથી મુક્ત, કામની દસ અવસ્થાઓ રહિત, દશ પ્રકારે યતિધર્મમાં લીન એવા મુનિવરોને હું વાંદું છું. એમ ૧૮૦૦૦ ભેદો આ પ્રમાણે થાય. (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં–કામરાગ–સ્નેહરાગ–દૃષ્ટિરાગ એ ત્રણ રાગ, મન–વચન–કાયા એ ત્રણ યોગો, નરકાદિ ચાર ગતિઓ, શબ્દાદિ પાંચ વિષયો, નીચે કહીશું તે કામની દશ અવસ્થાઓ અને શીલાઙ્ગરથમાં જણાવ્યા તે યતિધર્મના દશ ભેદો જાણવા.

કામઅવસ્થાઓ આ પ્રમાણે છે.

चिंतेइ दट्ठुमिच्छइ, दीहं नीससइ तह जरे दाहे ।
भत्तअरोयग मुच्छा, उम्मायं पाणायइ मरणं ॥१॥

અર્થ–સ્ત્રીસંભોગની ચિન્તા (ઇચ્છા) કરે, સ્ત્રીનું દર્શન ઇચ્છે, ન મળવાથી દીર્ઘનિઃશ્વાસ મૂકે, જ્વર (તાવ) ચઢે, દાહ ઉપજે, ભોજનની અરૂચિ થાય, મૂર્છા આવે, ઉન્માદ થાય, મરણ તુલ્ય બને અને મરે. એમ કામને વશ થયેલા જીવની દશ અવસ્થાઓ અનુક્રમે થાય.

×સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

હવે તેની ભાવનાનો ઉપાય કહે છે.

जे कामरागरहिया, मणसा देवेसु सद्दविसयंमि ।
चिंतावत्थं ण गया, खंतिजुआ ते मुणी वंदे ॥२॥

અર્થ–કામરાગ રહિત, જેઓ મનથી દેવગતિના શબ્દવિષયમાં ચિન્તા અવસ્થાને વશ નથી થયા તે ક્ષમાયુક્ત મુનિઓને હું વાંદું છું.

એ પ્રમાણે ભિન્ન ભિન્ન પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર તેવા ઉત્તમ મુનિઓને વન્દન થાય છે.

ફેરવવાનાં પદો.

कामराग, नेहराग, दिट्ठिराग ।

ચોગો પૂર્વવત્ ।

देवेसु, मणुएसु, तिरिएसु, नरएसु ।

सद्दविसयंमि....विगेरे शब्दादि विषय पूर्ववत् ।

चिंतावत्थं, दंसणवत्थं, नीसासावत्थं, जरावत्थं, दहणावत्थं, अरुइवत्थं, महामुच्छवत्थं, उम्मायावत्थं, पाणसंदेहावत्थं, मरणावत्थं ।

खंतिजुआ, આદિ યતિધર્મ શીલાઙ્ગરથવત્ ।

॥ ૧૮ જ્ઞાન-દર્શન-ચારિત્રરથ ॥

***नाणाइगुण जोगेहिं, चउअवत्थझाण-महव्वयल्लीणा ।**
दप्पाई परिहरंता, जइधम्माराहगे वंदे ॥१॥

અર્થ-જ્ઞાનાદિ ગુણો અને યોગો વડે ચાર અવસ્થાના ધ્યાનમાં અને મહાવ્રતોના પાલનમાં લીન એવા દર્પ વિગેરેના ત્યાગી યતિધર્મની આરાધના કરનારા મુનિવરોને હું વાંદું છું. એના ભેદો ૧૮૦૦૦ આ પ્રમાણે (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં-જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ આત્મગુણો, મન-વચન કાયા ત્રણ યોગો, પિણ્ડસ્થ-પદસ્થ-રૂપસ્થ-રૂપાતીત ચાર અવસ્થાઓ, સર્વથા પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રતો, નીચે જણાવીશું તે દર્પ વિગેરે દશ પ્રતિસેવનાના પ્રકારો અને શિલાઙ્ગરથમાં જણાવ્યા પ્રમાણે દશ યતિધર્મ જાણવા.

ચાર આવસ્થાઓ આ પ્રમાણે છે.

पिंडत्थझाणं चिय, पयत्थ-रूवत्थझाणमल्लीणो ।
रूवातीतं च पुणो, कम्मखयं कुणइ तं झाणं ॥१॥

અર્થ-પિણ્ડસ્થધ્યાન તથા પદસ્થ અને રૂપસ્થધ્યાનમાં લીન થયેલો પુનઃરૂપાતીત ધ્યાન કરે છે. તે ધ્યાન કર્મક્ષયને કરનારૂં છે. અર્થાત્ ધ્યેયની એ અવસ્થાઓ ચાર છે.

* સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

હવે પ્રતિસેવનાના પ્રકારો કહે છે.

दप्प–पमायाऽणाभोग, आसुरे आवईसु सुअसंका ।
सहसागारा य भए, पओसे (तह) अवीमंसो अ ॥१॥

અર્થ–દર્પ (અહઙ્કાર)થી, પ્રમાદ (અનાદિ વાસના)થી, અનાભોગ (ઉપયોગ શૂન્યતા)થી, આસુરી ભાવનાથી, આપત્તિના કારણે, શ્રુતજ્ઞાન (આગમ)માં શઙ્કા થવાથી, સહસાત્કાર (અકસ્માત)થી, ભયને લીધે, દ્વેષના કારણે અને અવિચારકપણાથી, એમ દશ પ્રકારે અતિચારો (દોષો) સેવાય છે.

હવે ભાવનાનો વિધિ કહે છે કે–

जे नाणी चिअ मणसा, पिंडत्थज्झाण–पढमवयलीणा ।
दप्पं च परिहरंते, खंतिखमे साहुणो वंदे ॥१॥

અર્થ–જે જ્ઞાની મનથી પિણ્ડસ્થ અવસ્થાના ધ્યાનમાં અને પહેલા મહાવ્રતમાં લીન છે તે પ્રતિસેવનારૂપ દર્પના ત્યાગી ક્ષમાધર્મવાળા મુનિવરોને હું વાંદું છું.

એ પ્રમાણે પદોને બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર તેવા મુનિવરોને પ્રણામ થઈ શકે છે.

ફેરવવાનાં પદો.

नाणी चिअ, दंसणी चिअ, चरित्ती चिअ ।

યોગો પૂર્વવત્ ।

पिंडत्थज्झाण, पयत्थज्झाण, रूवत्थज्झाण, रूवाइअझाण ।

पढमवय, बीयवय, तइयवय, चउत्थवय, पंचमवय ।

दप्पं, पमाय, अणाभोगं, आसुरं, आवइं, सुअसंकं, सहसागारं, भय च, पओसं, अवीमंसं ।

खंतिखमे, समद्दवे, सअज्जवे, मुत्तिजुए, तवजुए, ससंजमे, सच्चजुए, सोअजुए, अकिंचणे, बंभजुए ।

॥ १९ पच्चक्खाणरथ ॥

***नाणाइजुआ जोगेहि, पिंडाइझाणिणो चरित्तट्ठिया ।**
दसविह तहय अद्धा–पच्चक्खाणीण वंदे हं ॥१॥

અર્થ–જ્ઞાનાદિ ગુણવાળા, યોગોથી, પિણ્ડસ્થાદિનું ધ્યાન કરનારા, સામાયિકાદિ ચારિત્રમાં રહેલા, દશ અનાગતાદિ તથા દશ કાળ પચ્ચક્ખાણવાળા મુનિવરોને હું વન્દન કરું છું. એ પ્રમાણે પચ્ચક્ખાણી મુનિઓના ૧૮૦૦૦ ભેદો થાય છે તે આ પ્રમાણે (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

તેમાં–જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ગુણો ત્રણ, મન–વચન કાયા એ યોગો ત્રણ, પિણ્ડસ્થ–પદસ્થ–રૂપસ્થ–રૂપાતીત એ ધ્યેયની અવસ્થાઓ ચાર, સામાયિક–છેદોપસ્થાપના–પરિહાર વિશુદ્ધિ–સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ચારિત્ર પાંચ, અનાગતાદિ પચ્ચક્ખાણો દશ અને અદ્ધા(કાળ)પચ્ચક્ખાણો દશ જાણવાં.

અનાગતાદિ દશ પચ્ચક્ખાણો કહે છે–

अणागयमइक्कंते, कोडी–नियट्टि–सगार–अणगारा ।
परिमाण निरवसेसं, संकेय अद्धा (य) इइ दसहा ॥१॥

અર્થ–અનાગત, અતિક્રાન્ત, કોટિસહિત, નિયન્ત્રિત, સાગાર, અનાગાર, પરિમાણકૃત, નિરવશેષ, સાંકેતિક અને કાળ, એમ પચ્ચક્ખાણો દશ પ્રકારે છે તેનું સ્વરૂપ પચ્ચક્ખાણ ભાષ્યમાંથી જાણવું.

---

* સ્થાનપૂર્તિ માટે મૂકેલી છે.

હવે અદ્ધાપચ્ચક્ખાણના દશ પ્રકારો કહે છે–

नवकारसहिय पोरिसि, पुरिमड्ढे–गासणे-गठाणे य ।
आयंबिल अभतट्ठे-चरिमे अ अभिग्गहे विगई ॥२॥

અર્થ–નમુક્કારસહિ, પોરિસી, પુરિમાર્દ્ધ, એકાશન, એકલઠાણું, આયંબિલ, અભક્તાર્થ, ચરિમ, અભિગ્રહ અને વિગઇનું એમ અદ્ધાપચ્ચક્ખાણ દશ છે તે પણ સવિસ્તર ભાષ્યથી જાણી લેવાં.

હવે ભાવનાનો વિધિ કહે છે.

नाणविऊ वि अ मणसा, पिंडत्थझाण समायवयलीणो ।
नवकारसहि–मणागयं, कया करिस्सामि भावेणं ॥३॥

અર્થ–જ્ઞાની એવો હું મનથી પિણ્ડસ્થધ્યાનવાળો અને સામાયિક ચારિત્રવન્ત થઈ નમુક્કારસહિત અનાગત પચ્ચક્ખાણને ક્યારે ભાવપૂર્વક કરીશ.

એમ ભિન્નભિન્ન પદો બદલીને ૧૮૦૦૦ ગાથાઓ બનાવી તેટલો સ્વાધ્યાય તથા તેટલી વાર પચ્ચક્ખાણની ભાવના ભાવવી.

ફેરવવાનાં પદો.

नाणविऊ, दंसणविऊ, चरित्तविऊ ।

योगो पूर्ववत् ।

ध्यानो पूर्ववत् ।

समायवय, छेउवट्ठाणी, परिहारे ठिओ, सुहुमसंजलणो, जहुत्तचारित्तो ।

नवकारसहिं, पोरिसिसह, पुरिमड्ढसह, एगासण, एगठाण, अंबिल, अभत्तट्ठ, अणसण, अभिग्गह, विगइजुत्त ।

अणागयं, अइक्कंतं, कोटिसहियं, नियंट्टि, सागारं, अणगारं, परिमाणकडं, निरवसेसं, संकेयं, अद्धं उ ।

॥ ૨૦ ધર્માઙ્ગરથ ॥

×નાણાઇ–જોગજુત્તો, દાણાઇજુત્તો ય મહવ્વયપસુદ્ધો ।
જિણાઇદસણ્હ વિણઓ, કસાયજયંતે મુણી વંદે ॥૧॥

અર્થ–જ્ઞાનાદિ ત્રણ, યોગો ત્રણ તથા દાનાદિ ચાર યુક્ત, મહાવ્રતોના પાલનથી વિશુદ્ધ, જિન આદિ દશનો વિનય કરનાર અને ક્રોધાદિ તથા હાસ્યાદિ કષાય–નોકષાયના જીતનાર મુનિને હું વાંદું છું. એમ ૧૮૦૦૦ ભાંગા આ પ્રમાણે થાય. (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦=૧૮૦૦૦)

એમાં–જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રણ, શુભ મન–વચન કાયા એ યોગો ત્રણ, દાન–શીલ–તપ અને ભાવ ધર્મો ચાર, મહાવ્રતો પાંચ, અરિહન્ત–સિદ્ધ–ચૈત્ય (પ્રતિમા) શ્રુત–ધર્મ (ચારિત્ર)–સર્વમુનિઓ–ગુરૂ (આચાર્ય)–ઉપાધ્યાય–સંઘ અને સમ્યક્ત્વ એ દશનો વિનય કરનાર, એમ દશ તથા ક્રોધ–માન–માયા–લોભ–હાસ્ય–રતિ–અરતિ–ભય–શોક અને દુર્ગંછા એ દશનો વિજય કરનાર એમ દશ ભેદો જાણવા.

આ રથની ભાવનાનો વિધિ આ પ્રમાણે છે.

નાણજુએ મણગુત્તે, દાણે રૂઇણો ય પઢમવયસુદ્ધે ।
જિણવિણએ વટ્ટંતે, કોહજયંતે મુણી વંદે ॥૧ ॥

×સ્થળપૂર્તિ માટે મૂકી છે.

અર્થ–જ્ઞાનગુણયુક્ત, મનગુપ્ત, દાનરુચિવાળા, પ્રથમ મહાવ્રતથી શુદ્ધ, જિનવિનયને કરતા અને ક્રોધનો વિજય કરતા એવા મુનિઓને હું વાંદું છું.

આ ગાથાનાં પણ તે તે પદોને બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર ચારિત્ર-ધર્મવાળા મુનિઓને વન્દન થાય છે.

ફેરવવાનાં પદો.

नाणजुए, दिट्ठिजुए, चरणजुए ।

योगो पूर्ववत् ।

दाणरुइणो, शीलसुगंधे, तवविसुद्धे, भावविसुद्धे ।

પઢમવયાદિ પાંચ પદો જ્ઞાનદર્શન ચારિત્રરથવત્ ।

जिणविणए, सिद्धविणय, चेइअविणय, सुयविणए, धम्मविणय, मुणिविणए, गुरुविणए, उज्झायविणय, संघविणय, बोहिविणय ।

कोहजयंते, माणजयंते, माइजयंते, लोहजयंते, हासजयंते, रइजयंते, अरइजयंते, सोगजयंते, भयजयंते, कुच्छजयंते ।

॥ ૨૧ દશકામાવસ્થારથ ॥

***करणजोगेण मोहं, चयंति इत्थीण इंदिविसएसु ।**
देहसक्काराइत्थी–चिंताइ रहिए मुणी वंदे ॥१॥

અર્થ–ત્રણ કરણોથી અને ત્રણ યોગથી, ચાર પ્રકારની સ્ત્રીનો તથા પાંચ ઇન્દ્રિયના વિષયોનો મોહ જેઓ તજે છે તે (દેહસત્કાર વિગેરે દશ અને સ્ત્રી ચિન્તા વિગેરે દશ દોષોથી રહિત) મુનિઓને હું વાંદું છું. એ પદોના ૧૮૦૦૦ ભેદો આ પ્રમાણે (૩×૩=૯×૪=૩૬×૫=૧૮૦×૧૦=૧૮૦૦×૧૦= ૧૮૦૦૦ થાય.)

એમાં–કરે નહિ, કરાવે નહિ, અને અનુમોદે નહિ એ ત્રણ કરણો, મન–વચન અને કાયા એ ત્રણ યોગો, માનુષી સ્ત્રી–તિર્યંચણી–દેવી અને ચિત્રેલી સ્ત્રી, એ ચાર સ્ત્રીઓ, શબ્દ–રૂપ–ગન્ધ–રસ અને સ્પર્શ, એ પાંચ ઇન્દ્રિય વિષયો જાણવા. શરીરસત્કાર, શોભાસત્કાર, સ્ત્રીશરીરનું નિરીક્ષણ, સ્ત્રીદેહનું સ્મરણ, સબળવિભુષા, સબળરાગ, સ્ત્રી સાથે હાસ્ય, સ્ત્રીની પ્રશંસા, પૂર્વ ભોગનું સ્મરણ અને સબળ–વિશ્વાસ, એ દશનો ત્યાગ કરવો એ દશ ગુણો તથા સ્ત્રીના ભોગની ચિન્તા રહિત, સ્ત્રીવાળી વસતિથી રહિત, દીર્ઘ નિઃશ્વાસરહિત, સ્ત્રીનાં અઙ્ગોની પ્રીતિમાં નિરીહ, પ્રશાન્ત દેહધારી, મદ (કામાગ્નિ) રહિત, કામમૂર્છા રહિત, મદરૂપ ઉન્માદ રહિત, વિષયોના પ્રસંગથી મુક્ત અને આત્મગુણોના સંવર્ધક, એવા મુનિઓને વન્દન કરવારૂપ દશ પદો જાણવાં.

*સ્થળપૂર્તિ માટે મૂકેલી છે.

પદભાવના આ પ્રમાણે કરવી.

जे नो करंति मोहं, मणसा मणुस्सित्थिसंगसद्दंमि ।
वज्जिय वपुसक्कारे, अणित्थिचिंते मुणी वंदे ॥१॥

અર્થ–જેઓ મનથી મનુષ્ય સ્ત્રીની સાથે શબ્દ વિષયમાં મોહ કરતા નથી તે શરીર સત્કારના ત્યાગી અને સ્ત્રી ભોગની ચિન્તાથી રહિત મુનિઓને હું વાંદું છું.

એ પ્રમાણે પદો બદલવાથી ૧૮૦૦૦ ગાથાઓ, તેટલો સ્વાધ્યાય અને તેટલી વાર તેવા ઉત્તમ મુનિવરોને વન્દના થાય છે.

રથોની સમજુતી

દરેક રથો પાછળના ચિત્ર મુજબ બની શકે છે. દરેકની ગાથાઓ બનાવતાં ૧૮૦૦૦ થાય છે, ગાથાના અઙ્કો ઉપરથી આ રીતે ગાથાનાં પદો બનાવી શકાય છે.

ગાથાઙ્કને ૬૦૦૦ ભાગ દેતાં ભાગમાં શૂન્ય આવે તો '**नो करेंति,**' એક આવે તો '**नो कारवेंति**' અને બે આવે તો '**नोऽणुमोयंति**' પદ સમજવું. શેષ વધે તેને ૨૦૦૦ થી ભાગતાં શૂન્ય આવે તો '**मणसा**' ૧ આવે તો '**वायाए**' અને બે આવે તો '**काएणं**' પદ સમજવું. પુનઃ શેષને ૫૦૦ થી ભાગતાં શૂન્ય આવે તો '**आहारसन्न**' એક આવે તો '**भयसन्न**' બે આવે તો '**मेहुणसन्न**' અને ૩ આવે તો '**परिग्गहसन्न**' પદ સમજવું. પુનઃ શેષને ૧૦૦થી ભાગતાં શૂન્ય આવે તો **सोइंदी**, એક આવે **चक्खिंदी**

બે આવે **घाणिंदी** ત્રણ આવે **रसणिंदी** અને ચાર આવે તો **फासिंदी** પદ સમજવું. પુનઃ શેષ વધે તેને ૧૦ થી ભાગતાં ભાગમાં શૂન્ય આવે તો **पुढवी**, એક આવે **आउ**, બે આવે **तेउ**, ત્રણ આવે **वाउ**, ચાર આવે **वणस्सइ**, પાંચ આવે **बेइंदी**, છ આવે **तेइंदी**, સાત આવે **चउरिंदी**, આઠ આવે **पंचिंदी** અને નવ આવે '**अजीव**' પદ સમજવું. છેલ્લે જે શેષમાં શૂન્ય વધે તો '**बंभचेर**' અને એકથી નવ સુધીમાંનો કોઇ આંક વધે તો તેટલામો શ્રમણ ધર્મ સમજવો.

ઉદાહરણ—૧૩૩૨૮ મી ગાથા કયી બને?

૧૦૦૦	૧૩૩૨૮	૨=**नोऽणुमोयंति**
	૧૨૦૦૦	
૨૦૦૦	૧૩૨૮	૯=**मणसा**
	૦૦૦૦	
૫૦૦	૧૩૨૮	૨=**मेहुणसन्न**
	૧૦૦૦	
૧૦૦	૩૨૮	૩=**जिब्भिंदी**
	૩૦૦	
૧૦	૨૮	૨=**तेउकायारंभं**
	૨૦	
	૮	=**सोयजुआ**

जे नोऽणुमोयंति मणसा, निज्जयमेहुणसन्नजिब्भिंदी ।
तेउकायारंभं, सोयजुआ ते मुणी वंदे ॥१३३२८॥

એ પ્રમાણે ગાથા ઉપરથી ગાથાનો નંબર પણ બની શકે.

॥ इति शिलाङ्गादि २१ रथाः समाप्ताः ॥

ફેરવવાનાં પદો.

ત્રણ કરણો શીલાઙ્ગરથવત્ ।

ત્રણ યોગો શીલાઙ્ગરથવત્ ।


मणुस्सित्थिसंग, तिरिइत्थिसंग, देवीत्थिसंग, चित्तित्थिसंग।

सद्दंमि, रूवंमि, रसंमि, गंधंमि, फासंमि ।

वज्जियवपुसक्कारे, वज्जियसोहसक्कारे, देहनिरिक्खणविरए,
विस्सारिअ इत्थिअंगे. सयलविभूसणचयए,
वज्जियसयलसराए, वज्जियइत्थिणहासे, वज्जियइत्थिपसंसे,
पुव्वरइसरणचईए, वज्जियसयलविलासे ।

अणित्थिचिंते, अणित्थिवसही, अदीहनिसासे,
अंगरइचाई, पसंतदेहे, भयविमुक्के, मुच्छारहिए,
उम्मयरहिए, अविसयपसंसे, नियगुणवुड्ढे ।

श्री १८००० शीलाङ्गरथयन्त्रकम्



सूरिपुरन्दरश्रीरत्नशेखरसूरिविरचितः

॥ श्रीगुणस्थानक्रमारोहः ॥

गुणस्थानक्रमारोह–हतमोहं जिनेश्वरम् ।
नमस्कृत्य गुणस्थान–स्वरूपं किंचिदुच्यते ॥१॥

चतुर्दशगुणश्रेणि–स्थानकानि तदादिमम् ।
मिथ्यात्वाख्यं द्वितीयं तु, स्थानं सास्वादनाभिधम् ॥२॥

तृतीयं मिश्रकं तुर्यं, सम्यग्दर्शनमव्रतम् ।
श्राद्धत्वं पञ्चमं षष्ठं, प्रमत्तश्रमणाभिधम् ॥३॥

ગુણસ્થાનકના ક્રમે ઉંચે ચઢીને (આત્મ સ્વરૂપ પ્રગટાવીને) મોહને જેઓએ હણ્યો તે શ્રીજિનેશ્વરદેવને નમસ્કાર કરીને હું (રત્નશેખરસૂરિ) કંઇક માત્ર ગુણ–સ્થાનકોના સ્વરૂપને કહું છું. (૧)

ગુણસ્થાનકો (રૂપ પગથીઆં)ની શ્રેણિ (નિસ્સરણી)નાં ચૌદ (ગુણ) સ્થાનકો છે, તેમાં પહેલું મિથ્યાત્વ (સાથે સકૃદ્ અન્ધકાદિ ગુણો પ્રગટ થવાથી) નામનું અને બીજું 'સાસ્વાદન' નામનું ગુણસ્થાનક છે. (૨)

ત્રીજું મિશ્ર નામનું, ચોથું અવિરતિ સમકિતદૃષ્ટિ નામનું, પાંચમું શ્રાવકપણાનું (દેશવિરતિ નામનું) અને છટ્ઠું ગુણસ્થાનક પ્રમત્ત સાધુતા નામનું છે. (૩)

सप्तमं त्वप्रमत्तं चा–पूर्वात्करणमष्टमम् ।
नवमं चानिवृत्याख्यं, दशमं सूक्ष्मलोभकम् ॥४॥
एकादशं शान्तमोहं, द्वादशं क्षीणमोहकम् ।
त्रयोदशं सयोग्याख्य–मयोग्याख्यं चतुर्दशम् ॥५॥
कलापकम् ॥
अदेवागुर्वधर्मेषु, या देवगुरुधर्मधीः ।
तन्मिथ्यात्वं भवेद्व्यक्त–मव्यक्तं मोहलक्षणम् ॥६॥
अनाद्यव्यक्तमिथ्यात्वं, जीवेऽस्त्येव सदा परम् ।
व्यक्तमिथ्यात्वधीप्राप्ति–र्गुणस्थानतयोच्यते ॥७॥

સાતમું અપ્રમત્ત સાધુતા નામનું, આઠમું અપૂર્વ–કરણ નામનું, નવમું અનિવૃત્તિ (બાદર સંપરાય) નામનું અને દશમું સૂક્ષ્મલોભ (સંપરાય) નામનું છે. (૪)

અગીઆરમું શાન્ત (ઉપશાન્ત) મોહ નામનું, બારમું ક્ષીણ મોહ નામનું, તેરમું સયોગી (કેવલી) નામનું અને ચૌદમું અયોગી (કેવલી) નામનું છે. (૫)

સંજ્ઞી જીવોની કુદેવ, કુગુરૂ અને કુધર્મમાં સુદેવ, સુગુરૂ અને સુધર્મપણાની બુદ્ધિ તે વ્યક્ત (સ્પષ્ટ ચૈતન્યરૂપ) મિથ્યાત્વ અને બીજું અનાદિ કાલીન મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિરૂપે જીવની સાથે સદા હોય તે અવ્યક્ત મિથ્યાત્વ સમજવું. (પાંચ મિથ્યાત્વો પૈકી એક અનાભોગિક તે અવ્યક્ત અને બાકીનાં ચાર આભિગ્રહિક વિગેરે તથા દશ સંજ્ઞાઓ વિગેરે વ્યક્ત મિથ્યાત્વ સમજવું.) (૬)

मद्यमोहाद्यथा जीवो, न जानाति हिताहितम् ।
धर्माधर्मौ न जानाति, तदा मिथ्यात्वमोहितः ॥८॥

अभव्याश्रितमिथ्यात्वेऽनाद्यनन्ता स्थितिर्भवेत् ।
सा भव्याश्रितमिथ्यात्वेऽनादिसान्ता पुनर्मता ॥९॥

अनादिकालसंभूत–मिथ्याकर्मोपशान्तितः ।
स्यादौपशमिकं नाम, जीवे सम्यक्त्वमादितः ॥१०॥

જો કે જીવ માત્રને અનાદિ કાળથી અવ્યક્ત મિથ્યા–ત્વનો ઉદય સદાકાળ હોય છે, તો પણ અહીં પ્રગટ મિથ્યા બુદ્ધિને મિથ્યાત્વ ગુણસ્થાન તરીકે કહેલી છે. (૭)

જેમ દારૂ (વિગેરે માદક પદાર્થો)થી મૂઢ (ઉન્માદી) થએલો જીવ હિત કે અહિતને સમજી શકતો નથી તેમ આ મિથ્યાત્વના ઉદયથી મૂઢ બનેલો જીવ ધર્મ અધર્મના વિભાગને જાણી શકતો નથી. (૮)

સામાન્યતયા આ અવ્યક્ત મિથ્યાત્વનો કાળ અભવ્ય જીવને આશ્રીને 'અનાદિ અનન્ત' હોય છે અને ભવ્ય જીવને આશ્રીને તે 'અનાદિ સાન્ત' કહેલ છે. (ગુણસ્થાનકને આશ્રીને તો અભવ્યોને 'સાદિ અનન્ત' અને ભવ્યને 'સાદિ સાન્ત' સ્થિતિ હોય છે. (૯)

અનાદિ કાળથી ઉદિત મિથ્યાત્વ મોહનીય નામના કર્મનો ઉપશમ થતાં જીવને પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રગટ થાય છે. (૧૦)

एकस्मिन्नुदिते मध्या–च्छान्तानन्तानुबन्धिनाम् ।
आद्यौपशमिकसम्यक्त्व–शैलमौलेः परिच्युतः ॥११॥

समयादावलिषट्कं, यावन्मिथ्यात्वभूतलम् ।
नासादयति जीवोऽयं, तावत्सास्वादनो भवेत् ॥१२॥
॥ युग्मम् ॥

मिश्रकर्मोदयाज्जीवे, सम्यग्मिथ्यात्वमिश्रितः ।
यो भावोऽन्तर्मुहूर्तं स्या–त्तन्मिश्रस्थानमुच्यते ॥१३॥

जात्यन्तरसमुद्भूति–र्वडवाखरयोर्यथा ।
गुडदध्नोः समायोगे, रसभेदान्तरं यथा ॥१४॥

ઉપશાન્ત થએલા અનન્તાનુબન્ધિ ક્રોધ વિગેરે ચાર-માંથી કોઇ એકનો ઉદય થતાં પ્રથમવાર પ્રાપ્ત ઔપશમિક સમ્યક્ત્વરૂપ પર્વતના શિખરથી ખસેલો (પડતો) જીવ જઘન્ય એક સમયથી માંડીને ઉત્કૃષ્ટ છ આવલી પર્યન્ત જ્યાં સુધી મિથ્યાત્વરૂપી ભૂમિ તળે પહોંચ્યો નથી ત્યાં સુધી 'સાસ્વાદન સમકિતવાળો' હોય છે. (૧૧–૧૨)

દર્શન મોહનીયના બીજા પુઞ્જરૂપ મિશ્રમોહનીય કર્મના ઉદયથી જીવમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વ બન્નેથી મિશ્રિત અન્તર્મુહૂર્ત સુધી જે ભાવ પ્રગટે તેને ' મિશ્ર ' ગુણસ્થાનક કહેવાય છે. (૧૩)

જેમ ઘોડી અને ગધેડાથી અન્ય (ત્રીજી) જાતિ (ખચ્ચર)નો જન્મ થાય અને જેમ ગોળ અને દહીંના સંયોગથી પરસ્પર બન્નેનો સ્વાદ ભેદાય (ત્રીજો શિખણ્ડનો

तथा धर्मद्वये श्रद्धा, जायते समबुद्धितः ।
मिश्रोऽसौ भण्यते तस्माद्भावो जात्यन्तरात्मकः ॥१५॥
॥ युग्मम् ॥

आयुर्बध्नाति नो जीवो, मिश्रस्थो म्रियते न वा ।
सद्दृष्टिर्वा कुदृष्टिर्वा, भूत्वा मरणमश्नुते ॥१६॥
सम्यग्मिथ्यात्वयोर्मध्ये, ह्यायुर्येनार्जितं पुरा ।
म्रियते तेन भावेन, गतिं याति तदाश्रिताम् ॥१७॥
यथोक्तेषु च तत्त्वेषु, रुचिर्जीवस्य जायते ।
निसर्गादुपदेशाद्वा, सम्यक्त्वं हि तदुच्यते ॥१८॥

રસ ઉત્પન્ન થાય) તેમ જેને સર્વજ્ઞ કથિત અને અસર્વજ્ઞ કથિત બન્ને ધર્મમાં સમાનબુદ્ધિથી શ્રદ્ધા થાય તે જાત્યન્તર-રૂપ (સમ્યક્ત્વ-મિથ્યાત્વ બન્નેથી ભિન્ન) ભાવને મિશ્રભાવ કહેવાય છે. (૧૪-૧૫)

મિશ્ર ગુણસ્થાનકમાં (અધ્યવસાયોમાં) વર્તતો જીવ આગામી ભવનું આયુષ્ય બાંધતો નથી અને મરતો પણ નથી કિન્તુ સમકિત દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ (અધ્યવસાયવાળો) થઇને મરણ પામે છે. (૧૬)

જે જીવે સમ્યક્ત્વદૃષ્ટિ (અધ્યવસાયો) અથવા મિથ્યા-દૃષ્ટિ (અધ્યવસાયો રૂપ તે તે ગુણસ્થાનકો)માં પૂર્વે આયુષ્યનો (નિકાચિત) બન્ધ કર્યો હોય તે (મરતી વેળા) તે ભાવમાં (ગુણસ્થાનકમાં) મરે છે અને તે તે ગુણસ્થાનકને યોગ્ય ગતિમાં જાય છે. (૧૭)

द्वितीयानां कषायाणा–मुदयाद् व्रतवर्जितं ।
सम्यक्त्वं केवलं यत्र, तच्चतुर्थं गुणास्पदम् ॥१९॥

उत्कृष्टास्य त्रयस्त्रिंशत्सागरा साधिका स्थितिः ।
तदर्धपुद्गलावर्त्त–भवैर्भव्यैरवाप्यते ॥२०॥

कृपाप्रशमसंवेग–निर्वेदास्तिक्यलक्षणाः ।
गुणा भवन्ति यच्चित्ते, स स्यात्सम्यक्त्वभूषितः ॥२१॥

શ્રીજિનેશ્વરોએ જે જે તત્ત્વોને જે જે સ્વરૂપે જણાવ્યાં છે તે તત્ત્વોમાં જીવને સ્વાભાવિક રીતે (તથા–વિધ મિથ્યાત્વકર્મના ક્ષયોપશમથી) અથવા બીજાના ઉપદેશથી (યથાર્થપણાની) રુચિ (શ્રદ્ધા) પ્રગટ થાય તેને સમ્યક્ત્વ કહેવાય છે. (૧૮)

બીજા (અપ્રત્યાખ્યાનીય) કષાયના ઉદયથી વિરતિ રહિત કેવળ જે સમ્યક્ત્વ પ્રગટે તે ચોથું ગુણસ્થાનક છે. (૧૯)

આ ગુણસ્થાનકની સ્થિતિ (કાળમાન) ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમથી અધિક છે અને તે સમ્યક્ત્વ ગુણસ્થાનક જેઓને અર્દ્ધપુદ્ગલ પરાવર્ત સંસાર શેષ રહ્યો હોય તેવા ભવ્યો જ પ્રાપ્ત કરે છે. (૨૦)

જે ભવ્યાત્માના ચિત્તમાં કૃપા, પ્રશમ, સંવેગ, નિર્વેદ અને આસ્તિકતારૂપ ગુણો (સમ્યક્ત્વનાં લક્ષણો) પ્રગટ થાય તે આત્માને (નિશ્ચય) સમ્યક્ત્વથી ભૂષિત સમજવો. (૨૧)

क्षायोपशमिकी दृष्टिः, स्यान्नरामरसंपदे ।
क्षायिकी तु भवे तत्र, त्रितुर्ये वा विमुक्तये ॥२२॥

देवे गुरौ च सङ्घे च, सद्भक्तिं शासनोन्नतिम् ।
अव्रतोऽपि करोत्येव, स्थितस्तुर्ये गुणालये ॥२३॥

प्रत्याख्यानोदयादेश–विरतिर्यत्र जायते ।
तच्छ्राद्धत्वं हि देशोन–पूर्वकोटिगुरुस्थितिः ॥२४॥

મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમથી પ્રગટેલી આ સમકિત દૃષ્ટિ જીવને મનુષ્યની અને (વૈમાનિક) દેવપણાની સમ્પત્તિ આપે છે અને તે કર્મનો ક્ષય થવાથી પ્રગટેલી ક્ષાયિકી સમકિત દૃષ્ટિ (આગામી ભવનું આયુષ્ય ન બાંધ્યું હોય તો) તે જ ભવમાં અથવા (બાંધ્યું હોય તો) ત્રીજા કે ચોથા (અપેક્ષાએ પાંચમા) ભવમાં મુક્તિ આપે છે. (૨૨)

ચોથા ગુણસ્થાનકે વર્તતો વ્રત રહિત પણ જીવ દેવની, ગુરૂની અને સંઘની સુન્દર ભક્તિ તથા શ્રીજિનશાસનની ઉન્નતિ (પ્રભાવના)ને કરે જ છે. (અર્થાત્ એ ગુણને યોગે એનું જીવન ભક્તિવાળું અને પ્રભાવક બને છે. (૨૩)

(અપ્રત્યાખ્યાનીયનો ઉદય ટળે અને) પ્રત્યાખ્યાના–વરણીયનો ઉદય હોય તેથી જે જીવમાં દેશથી (આંશિક) વિરતિ પ્રગટ થાય તે શ્રાવકપણું (પાંચમું દેશવિરતિ ગુણસ્થાનક (ઉત્કૃષ્ટથી દેશોન્યૂન (આઠ વર્ષ ન્યૂન) પૂર્વ કોડ વર્ષ સુધી રહે છે. (૨૪)

आर्त्तं रौद्रं भवेदत्र, मन्दं धर्म्यं तु मध्यमम् ।
षट्कर्मप्रतिमाश्राद्ध–व्रतपालनसंभवम् ॥२५॥

अतःपरं प्रमत्तादि–गुणस्थानकसप्तके ।
अन्तर्मुहूर्त्तमेकैकं, प्रत्येकं गदिता स्थितिः ॥२६॥

कषायाणां चतुर्थानां, व्रती तीव्रोदये सति ।
भवेत्प्रमादयुक्तत्वा–त्प्रमत्तस्थानगो मुनिः ॥२७॥

આ દેશવિરતિ ગુણસ્થાનક જેમ જેમ વધે (નિર્મળ થતું જાય), તેમ તેમ આર્ત્ત અને રૌદ્ર એ બે ધ્યાનો મન્દ (નિર્બળ) થતાં જાય છે અને દેવપૂજા, ગુરૂભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ તથા દાન એ ષટ્કર્મો, શ્રાવકની અગીયાર પડિમાઓ તથા સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિ વ્રતોની પ્રાપ્તિ (પાલન) રૂપ મધ્યમ ધર્મધ્યાન વધતું જાય છે. કિન્તુ ઉત્કૃષ્ટ થતું નથી. (૨૫)

એની પછીનાં (ઉપરનાં) પ્રમત્ત વિગેરે સાત (બારમા સુધીનાં) ગુણસ્થાનકોની પ્રત્યેકની સ્થિતિ શ્રીજિનેશ્વરોએ એક એક અન્તર્મુહૂર્તની કહેલી છે. (૨૬)

(છટ્ઠા ગુણસ્થાનકે વર્ત્તતો) મુનિ અહિંસાદિ મહાવ્રતોને ધારણ કરવા છતાં ચોથા (સંજ્વલન) કષાયોના તીવ્ર ઉદયથી (પાલનમાં) પ્રમાદ (મોહ) યુક્ત હોવાથી તે પ્રમત્ત ગુણ–સ્થાનકવર્તી જાણવો. (અર્થાત્ સંજ્વલનના ઉદયવાળા પ્રમાદવાળા વ્રતધારી મુનિનું પ્રમત્ત ગુણસ્થાનક કહેવાય છે.) (૨૭)

अस्तित्वान्नोकषायाणा–मत्रार्त्तस्यैव मुख्यता ।
आज्ञाद्यालम्बनोपेत–धर्मध्यानस्य गौणता ॥२८॥

यावत्प्रमादसंयुक्त–स्तावत्तस्य न तिष्ठति ।
धर्मध्यानं निरालम्ब–मित्यूचुर्जिनभास्कराः ॥२९॥

प्रमाद्यावश्यकत्यागा–न्निश्चलं ध्यानमाश्रयेत् ।
यौऽसौ नैवागमं जैनं, वेत्ति मिथ्यात्वमोहितः ॥३०॥

આ પ્રમત્ત ગુણસ્થાને હાસ્યાદિ (નવ) નોકષાયોનો ઉદય હોવાથી જીવને આર્ત્ત (અને ઉપલક્ષણથી રૌદ્ર) ધ્યાનની મુખ્યતા હોય છે અને આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન વિચયરૂપ ચાર આલમ્બનોવાળા ધર્મધ્યાનની ગૌણતા હોય છે. (૨૮)

જ્યાં સુધી મુનિ પ્રમાદયુક્ત છે, ત્યાં સુધી તેને નિરાલમ્બન (ઉત્કૃષ્ટ) ધર્મધ્યાન થતું નથી (કારણ કે પ્રમત્ત ગુણસ્થાનકે સાલમ્બન (મધ્યમ) ધર્મધ્યાનની પણ ગૌણતા હોય છે) એમ શ્રી જિનેશ્વરરૂપી સૂર્યોએ પ્રકાશ્યું છે (કહ્યું છે.) (૨૯)

જે પ્રમાદી (પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો પણ) આવશ્યક અનુષ્ઠાનોનો ત્યાગ કરીને નિશ્ચલ (નિરાલમ્બન) ધ્યાનનો આશ્રય કરે છે તે મિથ્યાત્વથી મૂઢ મુનિ જૈનાગમને જાણતો નથી (અર્થાત્ અજ્ઞાની છે, કારણ કે–જ્ઞાનીઓ તો વ્યવહાર-પૂર્વક નિશ્ચયને સાધે છે.) (૩૦)

तस्मादावश्यकैः कुर्यात्, प्राप्तदोषनिकृन्तनम् ।
यावन्नाप्नोति सद्ध्यान–मप्रमत्तगुणाश्रितम् ॥३१॥

चतुर्थानां कषायाणां, जाते मन्दोदये सति ।
भवेत्प्रमादहीनत्वा–दप्रमत्तो महाव्रती ॥३२॥

नष्टाशेषप्रमादात्मा, व्रतशीलगुणान्वितः ।
ज्ञानध्यानधनो मौनी, शमनक्षपणोन्मुखः ॥३३॥

समकोत्तरमोहस्य, प्रशमाय क्षयाय वा ।
सद्ध्यानसाधनारम्भं, कुरुते मुनिपुङ्गवः ॥३४॥ युग्मम् ॥

તે કારણથી સાધુએ જ્યાં સુધી અપ્રમત્ત ગુણસ્થાનક–ના બળે પ્રાપ્ત થનારૂં (નિરાલમ્બન ધર્મધ્યાન) પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રાપ્ત થતા દૈવસિક વિગેરે અતિચારોનો છેદ સામાયિકાદિ આવશ્યક ક્રિયાઓના બળે કરવો જોઇએ. (૩૧)

(એમ કરતાં જ્યારે) ચોથા (સંજ્વલન) કષાયોનો ઉદય મન્દ થાય ત્યારે પ્રમાદનો અભાવ થવાથી મહાવ્રતી એવો મુનિ અપ્રમત્ત બને છે, (અર્થાત્ એ અવસ્થાને અપ્રમત્ત ગુણસ્થાનક કહેવાય છે.) (૩૨)

એમ જેણે સઘળા પ્રમાદોને હટાવી દીધા છે, પાંચ મહાવ્રતો અને અઢાર હજાર શીલાઙ્ગ ગુણોથી જે યુક્ત છે, એવો આગમના અભ્યાસ રૂપ જ્ઞાન અને એકાગ્રતારૂપ ધ્યાનરૂપ ધનવાળો, મૌની મહામુનિ ઉપશમ ભાવ અથવા ક્ષપક ભાવની સન્મુખ થએલો દર્શન સપ્તક પછીના (બાર કષાય અને નવ નોકષાય રૂપ એકવીશ પ્રકૃતિરૂપ)

धर्मध्यानं भवत्यत्र, मुख्यवृत्त्या जिनोदितम् ।
रूपातीततया शुक्ल–मपि स्यादंशमात्रतः ॥३५॥
इत्येतस्मिन् गुणस्थाने, नो सन्त्यावश्यकानि षट् ।
संततध्यानसद्योगा–च्छुद्धिः स्वाभाविकी यतः ॥३६॥
अपूर्वात्मगुणाप्तित्वा–दपूर्वकरणं मतम् ।
भावानामनिवृत्तित्वा–दनिवृत्तिगुणास्पदम् ॥३७॥

મોહનીય કર્મને ઉપશમાવવા અથવા ક્ષય કરવા નિરાલમ્બન ધર્મધ્યાનમાં પ્રવેશ કરવાનો પ્રારમ્ભ કરે છે. (૩૩–૩૪)

શ્રીજિનેશ્વરોએ કહેલું (મૈત્રી આદિ ચાર ભાવનારૂપ, અથવા આજ્ઞાવિચય આદિ ચાર પ્રકારોરૂપ, કે પિણ્ડસ્થાદિ ભાવનાઓ રૂપ) ધર્મધ્યાન મુખ્યતયા આ અપ્રમત્ત ગુણસ્થાનકે હોય છે અને રૂપાતીત અવસ્થાની પ્રાપ્તિને યોગે અંશ માત્ર શુક્લ ધ્યાન પણ અહીં હોય છે. (૩૫)

આ અપ્રમત્ત ગુણસ્થાનકે સામાયિકાદિ છ આવશ્યકો હોતાં નથી. કારણ કે–તે વ્યવહાર ક્રિયા રૂપ અને આત્મગુણો રૂપ હોવાથી અહીં પૂર્ણ થાય છે અને સતત (નિરન્તર) સદ્ધ્યાન ચાલુ હોવાથી સ્વાભાવિક આત્મશુદ્ધિ (સંકલ્પ વિકલ્પના અભાવથી આત્માની સહજ નિર્મળતા) થાય છે. (૩૬)

અપૂર્વ આત્મગુણોની પ્રાપ્તિ થવાથી (એ અપ્રમત્ત ગુણસ્થાનક વર્તી જીવ આગળ વધવાથી જે ગુણને પ્રાપ્ત કરે છે) તેને અપૂર્વકરણ (અધ્યવસાયો) રૂપ (આઠમું) ગુણસ્થાનક

अस्तित्वात्सूक्ष्मलोभस्य, भवेत्सूक्ष्मकषायकम् ।
शमनाच्छान्तमोहं स्यात्, क्षपणात्क्षीणमोहकम् ॥३८॥
तत्रापूर्वगुणस्थाना–द्यांशादेवाधिरोहति ।
शमको हि शमश्रेणिं, क्षपकः क्षपकावलीम् ॥३९॥
पूर्वज्ञः शुद्धिमान् युक्तो, ह्याद्यैःसंहननैस्त्रिभिः ।
संध्यायन्नाद्यशुक्लांशं, स्वां श्रेणिं शमकः श्रयेत् ॥४०॥

કહેલું છે અને (જોએલા, સાંભળેલા તથા અનુભવેલા ભોગોની આકાઙ્ક્ષારૂપ સંકલ્પ–વિકલ્પોના અભાવે પ્રગટેલા) નિશ્ચલ આત્મતત્ત્વના એકાગ્ર ધ્યાનરૂપ શુભભાવોની 'અનિવૃત્તિરૂપ' નામનું નવમું ગુણસ્થાનક કહ્યું છે (અહીં બાદર કષાયોનો ઉદય હોવાથી 'અનિવૃત્તિબાદરસંપરાય' પણ કહેવાય છે.) (૩૭)

તે પછી (મોહનીયની ૨૦ પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય થતાં) દશમા ગુણસ્થાનકે એક માત્ર ઉદયમાં રહેલા સૂક્ષ્મ ખણ્ડીભૂત લોભનો પ્રતિસમયે ક્ષય કે ઉપશમ થતો હોવાથી તેને 'સૂક્ષ્મસંપરાય' કહેવાય છે અને ઉપશમ કરનારને સર્વ મોહનો ઉપશમ થવાથી અગીઆરમા ગુણસ્થાનકને 'ઉપશાન્ત મોહ' તથા ક્ષય કરનારને સર્વથા મોહનો ક્ષય થવાથી (દશમા પછી તુર્ત પ્રગટતું) બારમું 'ક્ષીણ મોહ' ગુણસ્થાનક કહેવાય છે. (૩૮)

તેમાં અપૂર્વકરણ ગુણસ્થાને આરોહણ કરતાં તે ગુણસ્થાનકના પહેલા અંશથી જ ઉપશામક ઉપશમ શ્રેણીએ અને ક્ષપક ક્ષપકશ્રેણીએ ચઢવા માંડે છે. (૩૯)

श्रेण्यारूढः कृते काले–ऽहमिन्द्रेष्वेव गच्छति ।
पुष्टायुस्तूपशान्तान्तं, नयेच्चारित्रमोहनम् ॥४१॥
अपूर्वादिद्वयेकैक–गुणेषु शमकः क्रमात् ।
करोति विंशतेः शान्तिं, लोभाणुत्वं च तच्छमम् ॥४२॥

ઉપશમ શ્રેણીએ ચઢનારો, પૂર્વગત શ્રુતજ્ઞાનવાળો, શુદ્ધ (નિરતિચાર) ચારિત્રવન્ત, પહેલાં ત્રણ પૈકી કોઈ સંઘયણવાળો હોય છે તે શુક્લધ્યાનના પ્રથમ પ્રકારનું (અંશનું) ધ્યાન કરતો પોતાની (ઉપશમ) શ્રેણીનો આશ્રય કરે છે. (મોહનીય કર્મનો ઉપશમ કરતો આગળ વધે છે.) (૪૦)

જો ઉપશામક અલ્પ આયુષ્ય હોવાથી શ્રેણી આરૂઢ જ કાળ કરે તો સર્વાર્થસિદ્ધ વિગેરે (પ્રથમ સંઘયણવાળો હોય તો) અનુત્તર વિમાનમાં (અથવા બીજા ત્રીજા સંઘયણવાળો હોય તો) અહમિન્દ્ર (ગ્રૈવેયકોમાં) દેવ બને છે અને પુષ્ટ (દીર્ઘ) આયુષ્યવાળો ઉપશમ શ્રેણી સમ્પૂર્ણ કરીને ચારિત્ર મોહનો સમ્પૂર્ણ ઉપશમ કરે. (સાત ભવથી વધારે દીર્ઘ આયુષ્યવાળો અબદ્ધાયુષ્ક ઉપશમ શ્રેણી માંડે તો વચ્ચેથી પાછો ફરી સાતમે જઇ ક્ષપક શ્રેણી માંડી મોહનો સમ્પૂર્ણ ક્ષય કરી અન્તકૃત કેવળી થઈ મોક્ષમાં જાય અને એથી દીર્ઘ આયુવાળો બદ્ધાયુષ્ક હોય તો ઉપશમ શ્રેણી પૂર્ણ કરી પાછો પડે પુનઃ ક્ષપક શ્રેણી ન માંડે.) (૪૧)

અપૂર્વ અને અનિવૃત્તિ એ બે ગુણસ્થાનકોમાં ઉપશમ કરતો મોહનીયની ૨૦ પ્રકૃતિઓનો ઉપશમ કરે અને

शान्तदृग्वृत्तमोहत्वा–दत्रौपशमिकाभिधे ।
स्यातां सम्यक्त्वचारित्रे, भावश्चोपशमात्मकः ॥४३॥
वृत्तमोहोदयं प्राप्यो–पशमी च्यवते ततः ।
अधःकृतमलं तोयं, पुनर्मालिन्यमश्नुते ॥४४॥
अपूर्वाद्यास्त्रयोप्यू–र्ध्वमेकं यान्ति शमोद्यताः ।
चत्वारोऽपि च्युतावाद्यं, सप्तमं वान्त्यदेहिनः ॥४५॥

ક્રમશઃ સૂક્ષ્મસંપરાયમાં સંજ્વલન લોભને સૂક્ષ્મ કરે તથા ઉપશાન્ત મોહમાં તેનો ઉપશમ કરે. (૪૨)

આ ઉપશાન્તમોહ ગુણસ્થાનકે દર્શન મોહનો અને ચારિત્ર મોહનો ઉપશમ હોવાથી સમ્યક્ત્વ અને ચારિત્ર બન્ને ઔપશમિક જ હોય અને એથી ભાવ પણ ઔપશમિક જ હોય. (૪૩)

તે પછી (ઉપશાન્ત થએલા) ચારિત્ર મોહનો ઉદય થતાં ઉપશામક ત્યાંથી પાછો પડે અને નીતરેલું પાણી જેમ ફરી ડોળાઇને મેલું થાય તેમ પુનઃ માલિન્યને (કષાયોને વશ થઈ કાલુષ્યને) પામે. (૪૪)

અપૂર્વકરણાદિ ત્રણે ગુણસ્થાનકે વર્તતા ઉપશામકો ઉપશમ કરતા એક જ ગુણસ્થાનકને પામે (અર્થાત્ અપૂર્વ કરણવાળો અનિવૃત્તિને, અનિવૃત્તિવાળો સૂક્ષ્મ સંપરાયને અને સૂક્ષ્મ સંપરાયી ઉપશાન્ત મોહને પામે) અને ત્યાંથી ચ્યવેલા ઉપશાન્ત મોહાદિ અપૂર્વકરણ સુધીના ચારે પહેલું ગુણસ્થાનક પામે અથવા તદ્ભવ મુક્તિગામી સાતમું પામે (પછી પુનઃ ક્ષપક શ્રેણી માંડીને કેવળી થઈ મુક્ત થાય.)

आसंसारं चतुर्वार–मेव स्याच्छमनावली ।
जीवस्यैकभवेवार–द्वयं सा यदि जायते ॥४६॥
अतो वक्ष्ये समासेन, क्षपकश्रेणिलक्षणम् ।
योगी कर्मक्षयं कर्त्तुं, यामारुह्य प्रवर्त्तते ॥४७॥
अनिबद्धायुषः प्रान्त्यदेहिनो लघुकर्मणः ।
असंयतगुणस्थाने, नरकायुः क्षयं व्रजेत् ॥४८॥

(અથવા એક જ ભવમાં કોઈ બે* વાર ઉપશમ શ્રેણી પણ કરે.) (૪૫)

આ ઉપશમ શ્રેણી જો જીવને કોઈ એક ભવમાં બે વાર થાય તો આ સંસાર એટલે મોક્ષ થતા સુધીમાં એક જીવને ઉત્કૃષ્ટથી ચાર વાર થાય. (૪૬)

હવે સંક્ષેપમાં ક્ષપકશ્રેણીનું લક્ષણ કહું છું કે જે ક્ષપકશ્રેણીએ ચઢીને યોગી (સાધુ) કર્મક્ષય કરવા માટે ઉદ્યમ કરે છે. (૪૭)

હવે ક્ષપક આઠમા ગુણસ્થાનક પહેલાં જે કર્મોને ખપાવે તે કહે છે કે–

આગામી ભવનું આયુષ્ય બાંધ્યું ન હોય તેવા, ચરમ-શરીરી (તદ્ભવ મુક્તિગામી) અને અલ્પ કર્મો જેને બાકી રહ્યાં છે તેવા ક્ષપકને અવિરતિ સમકિત દૃષ્ટિ ગુણસ્થાને નરકાયુનો ક્ષય થાય. (૪૮)

* કર્મગ્રન્થના મતે જાણવું, સિદ્ધાન્તકારના મત પ્રમાણે તો એક ભવમાં એક જ શ્રેણિ પ્રાપ્ત કરે.

तिर्यगायुः क्षयं याति, गुणस्थाने तु पञ्चमे ।
सप्तमे त्रिदशायुश्च, दृग्मोहस्यापि सप्तकम् ॥४९॥
दशैंताः प्रकृतीः साधुः, क्षयं नीत्वा विशुद्धधीः ।
धर्मध्याने कृताभ्यासः प्राप्नोति स्थानमष्टमम् ॥५०॥
॥ विशेषकम् ॥

तत्राष्टमे गुणस्थाने, शुक्लसद्ध्यानमादिमम् ।
ध्यातुं प्रक्रमते साधु–राद्यसंहननान्वितः ॥५१॥
निष्प्रकम्पं विधायाथ, दृढं पर्यङ्कमासनं ।
नासाग्रदत्तसन्नेत्रः, किञ्चिदुन्मीलितेक्षणः ॥५२॥

પાંચમે ગુણસ્થાનકે તિર્યञ્ચ આયુષ્યનો ક્ષય થાય અને સાતમે ગુણસ્થાને દેવાયુષ્યનો ક્ષય થાય અર્થાત્ તે તે ગુણસ્થાને તે તે કર્મ પ્રકૃતિઓનો સત્તામાંથી ક્ષય થાય અને દર્શન મોહનીયની સાતનો (ચાર અનન્તાનુબન્ધી અને ત્રણ પુञ્જ રૂપ દર્શન સપ્તકનો) પણ સાતમે સત્તામાંથી ક્ષય થાય. (૪૯)

એમ તે (ક્ષાયિક સમકિતી) સાધુ કુલ એ દશ પ્રકૃતિઓનો ક્ષય કરીને ઉત્કૃષ્ટ (રૂપાતીત) ધર્મધ્યાનનો અભ્યાસ કરતો વિશુદ્ધ (આત્મ તત્ત્વની અનુગામિની) બુદ્ધિવાળો આઠમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે. (૫૦)

પહેલા સંઘયણવાળો તે સાધુ ત્યાં આઠમે ગુણસ્થાનકે 'પૃથક્ત્વ વિતર્ક સવિચાર' નામનું પહેલું શુક્લધ્યાન કરવાનો પ્રારમ્ભ કરે. (૫૧) તે આરમ્ભ કેવી રીતે કરે ? તે કહે છે કે–

विकल्पवागुराजालाद्–दूरोत्सारितमानसः ।
संसारोच्छेदनोत्साहो, योगीन्द्रो ध्यातुमर्हति ॥५३॥
॥ युग्मम् ॥

अपानद्वारमार्गेण, निस्सरन्तं यथेच्छया ।
निरुन्ध्योर्ध्वप्रचारार्प्ति, प्रापयत्यनिलं मुनिः ॥५४॥

द्वादशाङ्गुलपर्यन्तं, समाकृष्य समीरणम् ।
पूरयत्यतियत्नेन, पूरकध्यानयोगतः ॥५५॥

પછી નિશ્ચલ અને મજબૂત પર્યંકાસન (અથવા સિદ્ધાસનાદિ કોઇ આસન) કરીને નાસાના અગ્રભાગે નેત્રોને (દૃષ્ટિને) સ્થાપીને કંઈક ખુલ્લાં નેત્રો છે જેનાં એવો તે પશુઓને ફસાવવાની જાળ સરખી વિકલ્પરૂપ જાળમાંથી મનને દૂર (વિકલ્પ મુક્ત) કરીને સંસારનો છેદ કરવા ઉત્સાહી બનેલો તે મહાયોગી (ક્ષપક સાધુ) ધ્યાન ધરવા માટે યોગ્ય બને. (૫૨–૫૩)

પછી અપાન દ્વારથી યથેચ્છાએ નીકળતા વાયુને રોકીને (સંકોચીને) ઉંચે દશમા દ્વારે પહોંચાડવા યોગ્ય (ઊર્ધ્વગામી) બનાવે. (૫૪)

વળી પૂરક ધ્યાનના બળે યોગી (ક્ષપક સાધુ) અતિપ્રયત્ન પૂર્વક 'જળતત્ત્વ વહેતાં' નાસાથી બાર અંગુલ સુધી અધો ભાગે પ્રસરતા વાયુને ખેંચીને તેનાથી શરીરાન્તર્ગત સર્વ સ્થૂળ અને સૂક્ષ્મ નાડીઓને (નસોને) વાયુથી પૂરે (એ પૂરકનામનું કર્મ સમજવું.) (૫૫)

निस्सार्यते ततो यत्ना–न्नाभिपद्मोदराच्छनैः ।
योगिना योगसामर्थ्या–द्रेचकाख्यः प्रभञ्जनः ॥५६॥
कुम्भवत् कुम्भकं योगी, श्वसनं नाभिपङ्कजे ।
कुम्भकध्यानयोगेन, सुस्थिरं कुरुते क्षणम् ॥५७॥
इत्येवं गन्धवाहाना–माकुञ्चनविनिर्गमौ ।
ससाध्य निश्चलं धत्ते, चित्तमेकाग्रचिन्तने ॥५८॥
प्राणायामक्रमप्रौढि–रत्र रूढयैव दर्शिता ।
क्षपकस्य यतः श्रेण्या–रोहे भावो हि कारणम् ॥५९॥

તે પછી યોગી યોગના બળે રેચક નામના વાયુને નાભિકમળ રૂપી ગુફામાંથી ધીમે ધીમે પ્રયત્ન પૂર્વક બહાર કાઢે, તે રેચક નામનું કર્મ (પ્રાણાયામ) સમજવું. (૫૬)

તે પછી યોગી કુમ્ભક નામના વાયુને નાભિકમળમાં કુમ્ભક નામના ધ્યાનથી (ક્રિયાથી) કુમ્ભમાં જેમ વાયુ સ્થિર થાય તેમ ક્ષણ વાર સ્થિર કરે. (તે કુમ્ભક કર્મ સમજવું). (૫૭)

એમ પૂરક–રેચક અને કુમ્ભક કર્મથી પવનનો વિજય કરવાથી મનનો વિજય કરી શકાય છે તે કહે છે કે–

એ પ્રમાણે પૂરક રેચક અને કુમ્ભક કર્મથી પવનનો સંગ્રહ તથા રિક્તીકરણ (બહિષ્કરણ) સાધીને યોગી એકાગ્રતા (સમાધિ) સાધવા માટે ચિત્તને નિશ્ચલ કરે. (૫૮)

આ ક્ષપક શ્રેણીના આરોહણમાં પૂરક–રેચક–કુમ્ભક રૂપ પ્રાણાયામની મહત્તા બતાવી તે માત્ર રૂઢિની (પ્રસિદ્ધિની)

सवितक सविचारं, सपृथक्त्वमुदाहृतम् ।
त्रियोगयोगिनः साधो–राद्यं शुक्लं सुनिर्मलम् ॥६०॥
श्रतचिन्ता वितर्कः स्यात्, विचारः संक्रमो मतः ।
पृथक्त्वं स्यादनेकत्वं, भवत्येतत्रयात्मकम् ॥६१॥
स्वशुद्धात्मानुभूतात्म–भावश्रुतावलम्बनात् ।
अन्तर्जल्पो वितर्कः स्याद्, यस्मिंस्तत्सवितर्कजम् ॥६२॥

અપેક્ષાએ સમજવી. વસ્તુતઃ તો ક્ષપકને શ્રેણીના આરોહણમાં ભાવ એ જ મુખ્ય કારણ (ભાવની જ પ્રધાનતા) છે. (૫૯)

હવે પહેલા શુક્લધ્યાનનું વર્ણન કરે છે કે–

સવિતર્ક, સવિચાર અને સપૃથક્ત્વ એમ ત્રણ યોગવાળા યોગી સાધુને અતિ નિર્મળ એવું પહેલું શુક્લધ્યાન કહ્યું છે. (અર્થાત્ પહેલા શુક્લધ્યાનનાં એ ત્રણ અંગો છે.) (૬૦) તેમાં–

૧–શ્રુતનું ચિન્તન (મનન) તે વિતર્ક, ૨–એક મનનમાંથી બીજામાં સંક્રમણ કરવું તે વિચાર અને ૩–દ્રવ્ય–ગુણ અને પર્યાયરૂપ અનેક વિષયોની ભિન્નતા તે પૃથક્ત્વ, એમ ત્રણના યોગવાળું 'પૃથક્ત્વ વિતર્ક સવિચાર' નામનું પહેલું શુક્લધ્યાન જાણવું. (૬૧)

જે ધ્યાનમાં પોતાના શુદ્ધ પરમાત્મ તત્ત્વના અનુભવ–રૂપ અન્તરંગ પરિણામને પામેલા આગમના (બોધના) આલમ્બનથી અન્તરંગ ધ્વનિ (પ્રકાશ) રૂપ વિચાર (ચિન્તન) સ્વરૂપ વિતર્ક હોય તે વિતર્કથી ઉત્પન્ન થયેલું 'સવિતર્ક જ શુક્લધ્યાન' કહેવાય. (૬૨)

अर्थादर्थान्तरे शब्दा-च्छब्दान्तरे च संक्रमः ।
योगाद्योगान्तरे यत्र, सविचारं तदुच्यते ॥६३॥

द्रव्याद् द्रव्यान्तरं याति, गुणाद् याति गुणान्तरम् ।
पर्यायादन्यपर्यायं, सपृथक्त्वं भवत्यतः ॥६४॥

इति त्रयात्मकं ध्यानं, प्रथमं शुक्लमीरितम् ।
प्राप्नोत्यतः परां शुद्धिं, सिद्धिश्रीसौख्यवर्णिकाम् ॥६५॥

यद्यपि प्रतिपात्येत-दुक्तं ध्यानं प्रजायते ।
तथाप्यतिविशुद्धत्वा-दूर्ध्वस्थानं समीहते ॥६६॥

એક પદાર્થથી (વાચ્યથી) બીજા પદાર્થમાં (વાચ્યમાં) અને એક શબ્દ (વાચક)થી બીજા શબ્દ (વાચકમાં) તથા એક યોગમાંથી બીજા યોગમાં, એમ જે ધ્યાનમાં સંક્રમ થાય તે 'સવિચાર શુક્લધ્યાન' કહેવાય છે. (૬૩)

વળી પૂર્વે કહ્યો તે વિતર્ક (સંક્રમ) એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં, એક ગુણમાંથી બીજા ગુણમાં અથવા એક પર્યાયમાંથી બીજા પર્યાયમાં જાય, એમ દ્રવ્યનું, ગુણનું અથવા પર્યાયનું અન્યત્વ હોવાથી જે ધ્યાનમાં તેવું પૃથક્ત્વ હોય તે સપૃથક્ત્વ કહેવાય. (૬૪)

એમ 'વિતર્ક વિચાર અને પૃથક્ત્વ' એ ત્રણ અંગોવાળું ધ્યાન તેને પહેલું 'પૃથક્ત્વ વિતર્ક સવિચાર' શુક્લધ્યાન કહેલું છે. આ ધ્યાનથી આત્મા મોક્ષરૂપી લક્ષ્મીના સુખની વાનગી તુલ્ય શ્રેષ્ઠ આત્મ શુદ્ધિને પ્રાપ્ત કરે છે. (૬૫)

अनिवृत्तिगुणस्थानं, ततः समधिगच्छति ।
गुणस्थानस्य तस्यैव, भागेषु नवसु क्रमात् ॥६७॥
गतिः श्वाभ्री च तैरश्वी, द्वे तयोरानुपूर्विके ।
साधारणत्वमुद्योतः, सूक्ष्मत्वं विकलत्रयम् ॥६८॥
एकेन्द्रियत्वमाताप-स्त्यानगृद्ध्यादिकत्रयम् ।
स्थावरत्वमिहाद्यांशे, क्षीयन्ते षोडशेत्यमूः ॥६९॥

જો કે આ કહ્યું તે પહેલું શુક્લધ્યાન પ્રતિપાતિ (પતનશીલ) થાય છે (હોય છે) તો પણ જીવ અતિ-વિશુદ્ધપણાને કારણે ઉપરના ગુણસ્થાને ચઢવા ધારે છે. (૬૬)

એ ક્ષપકનું આઠમા ગુણસ્થાનકનું સ્વરૂપ કહ્યું. હવે નવમા ગુણસ્થાને ચઢતાં જે જે કર્મપ્રકૃતિઓનો જે રીતે ક્ષય કરે છે તે કહે છે-

તે આઠમા ગુણસ્થાનકથી ક્ષપક સાધુ નવમા અનિ-વૃત્તિ (બાદર સંપરાય) ગુણસ્થાનકે જાય છે અને તે જ ગુણસ્થાનકના નવ ભાગોમાં અનુક્રમે. (૬૭)

પહેલા ભાગે ૧-નરકગતિ, ૨-તિર્યંચગતિ, ૩-નર-કાનુપૂર્વી, ૪-તિર્યંચાનુપૂર્વી, ૫-સાધારણ, ૬ ઉદ્યોત, ૭-સૂક્ષ્મપણું, ૮-બેઇન્દ્રિય, ૯-તેઇન્દ્રિય, ૧૦-ચૌરેન્દ્રિય જાતિ, ૧૧-એકેન્દ્રિય જાતિ, ૧૨-આતપનામ, ૧૩ થી ૧૫-થીણદ્ધિ આદિ ત્રણ નિદ્રાઓ (નિદ્રાત્રિક) અને ૧૬-સ્થાવરપણું એ સોળ કર્મપ્રકૃતિઓનો ક્ષય કરે છે. (૬૮-૬૯)

अष्टौ मध्यकषायाश्च, द्वितीयेऽथ तृतीयके ।
षण्ढत्वं तुर्यके स्त्रीत्वं, हास्यषट्कं च पञ्चमे ॥७०॥

चतुर्ष्वंशेषु शेषेषु, क्रमेणैवातिशुद्धितः ।
पुंवेदश्च ततः क्रोधो, मानो माया च नश्यति ॥७१॥

ततोऽसौ स्थूललोभस्य, सूक्ष्मत्वं प्रापयन् क्षणात् ।
आरोहति मुनिः सूक्ष्म-सम्परायं गुणास्पदम् ॥७२॥

एकादशं गुणस्थानं, क्षपकस्य न संभवेत् ।
किन्तु स सूक्ष्मलोभांशान्, क्षपयन् द्वादशं व्रजेत् ॥७३॥

બીજા ભાગે આઠ મધ્યમ (અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા અને લોભ) કષાયોનો ક્ષય કરે છે, પછી ત્રીજા ભાગે નપુંસક વેદનો, ચોથા ભાગે સ્ત્રી વેદનો અને પાંચમા ભાગે હાસ્ય વિગેરે ષટ્ક (છ) નો ક્ષય કરે છે. (૭૦)

તે પછીના છટ્ઠાથી નવમા સુધીના ચાર ભાગોમાં ક્રમશઃ વધતી (પરિણામની) અતિ શુદ્ધિથી અનુક્રમે છટ્ઠા ભાગે પુરૂષવેદનો, સાતમા ભાગે સંજ્વલન ક્રોધનો, આઠમા ભાગે સંજ્વલન માનનો અને નવમા ભાગે સંજ્વલન માયાનો (અન્તે છેલ્લા સમયે) ક્ષય કરે છે. (૭૧)

તે પછી એ ક્ષપક મુનિ ક્ષણમાં બાદર લોભના (ગુણ-સ્થાનકના સમય જેટલા) સૂક્ષ્મ ખણ્ડો કરીને 'સૂક્ષ્મ સંપરાય' નામના ગુણસ્થાનકે ચઢે છે. (૭૨)

भूत्वाऽथ क्षीणमोहात्मा, वीतरागो महायतिः ।
पूर्ववद्भावसंयुक्तो, द्वितीयं शुक्लमाश्रयेत् ॥७४॥

अपृथक्त्वमविचारं, सवितर्कगुणान्वितम् ।
स ध्यायत्येकयोगेन, शुक्लध्यानं द्वितीयकम् ॥७५॥

निजात्मद्रव्यमेकं वा, पर्यायमथवा गुणम् ।
निश्चलं चिन्त्यते यत्र, तदेकत्वं विदुर्बुधाः ॥७६॥

ક્ષપક શ્રેણીવાળાને અગીઆરમું ગુણસ્થાનક હોતું નથી, કિન્તુ દશમે ગુણસ્થાનકે સૂક્ષ્મલોભના સઘળા અંશોનો ક્ષય કરીને બારમા ગુણસ્થાનકે જાય છે. (૭૩)

ત્યાં ક્ષીણ મોહવાળો થઈને વીતરાગ બનેલો અતિશુદ્ધ અધ્યવસાય યુક્ત તે મહામુનિ પ્રથમ શુક્લધ્યાનની જેમ બીજું શુક્લધ્યાન આરમ્ભે છે. (૭૪)

અપૃથક્ત્વ, અવિચાર અને સવિતર્ક એ ત્રણ ગુણોવાળું બીજું શુક્લધ્યાન તે કોઇ એક યોગથી સાધે છે. અર્થાત્ પૃથક્ત્વ અને વિચાર રહિત માત્ર વિતર્ક (ચિન્તન) રૂપ બીજું શુક્લધ્યાન એક જ યોગથી હોય છે. (૭૫)

આ ધ્યાનમાં પોતાનું એક આત્મદ્રવ્ય, અથવા એક જ પર્યાય અથવા એક જ ગુણને (વિષય કરીને) નિશ્ચલપણે ચિન્તવાય, તેથી તેને જ્ઞાનીઓએ એકત્વ (અપૃથક્ત્વ) કહ્યું છે (જે દ્રવ્યની સાથે નિત્ય રહે તે સહભાવી ગુણો કહેવાય અને જે ક્રમશઃ દ્રવ્યનાં રૂપાન્તરો થાય તે ક્રમભાવી પર્યાયો ગણાય એ ભેદ સમજવો. (૭૬)

यद्वचोऽनार्थयोगेषु, परावर्त्तविवर्जितम् ।
चिन्तनं तदविचारं, स्मृतं सद्ध्यानकोविदैः ॥७७॥

निजशुद्धात्मनिष्ठं हि, भावश्रुतावलम्बनात् ।
चिन्तनं क्रियते यत्र, सवितर्कं तदुच्यते ॥७८॥

इत्येकत्वमविचारं, सवितर्कमुदाहृतम् ।
तस्मिन् समरसीभावं, धत्ते स्वात्मानुभूतितः ॥७९॥

इत्येतद्ध्यानयोगेन, प्लुष्यत्कर्मेन्धनोत्करः ।
निद्राप्रचलयोर्नाश-मुपान्त्ये कुरुते क्षणे ॥८०॥

જે એક શબ્દથી બીજા શબ્દમાં, એક પદાર્થથી બીજા પદાર્થમાં અને એક યોગથી બીજા યોગમાં બદલાય નહિ તેવું ચિન્તન તેને સદ્ધ્યાનના જ્ઞાતા પણ્ડિતોએ 'અવિચાર' ધ્યાન કહેલું છે. (૭૭)

ભાવશ્રુત (આત્મનિષ્ઠ બોધ)ના આલમ્બનથી જે ધ્યાનમાં પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું ચિન્તન કરાય તે 'સવિતર્ક' ધ્યાન કહેવાય છે. (૭૮)

એ રીતે આ બીજા શુક્લધ્યાનને 'એકત્વ વિચાર સવિતર્ક' ધ્યાન કહેલું છે. આ ધ્યાનમાં આત્મા પોતાના આત્માના અનુભવ જ્ઞાનથી અન્તરાત્મદશા અને પરમાત્મ-દશાનો ભેદ ભૂલીને પોતાને પરમાત્મસ્વરૂપે અનુભવે છે. અર્થાત્ એકીભાવને ધારણ કરે છે. (૭૯)

એમ આ બીજા શુક્લધ્યાનના યોગે બળતો (નાશ પામતો) છે કર્મરૂપી ઇન્ધનનો સમૂહ જેનો એવો આત્મા

अन्त्ये दृष्टिचतुष्कं च, दशकं ज्ञानविघ्नयोः ।
क्षपयित्वा मुनिः क्षीणमोहः स्यात्केवलात्मकः ॥८१॥

एवं च क्षीणमोहान्ता, त्रिषष्टिप्रकृतिस्थितिः ।
पञ्चाशीतिर्जरद्वस्त्र–प्रायाः शेषाः सयोगिनि ॥८२॥

भावोऽत्र क्षायिकः शुद्धः, सम्यक्त्वं क्षायिकं परम् ।
क्षायिकं हि यथाख्यात–चारित्रं तस्य निश्चितम् ॥८३॥

બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમયે નિદ્રાનો અને પ્રચલાનો (નિદ્રાદ્વિકનો) નાશ કરે છે. (૮૦)

અને બારમાના અન્ત સમયે દર્શનાવરણ ચતુષ્ક, તથા પાંચ જ્ઞાનાવરણીય અને પાંચ અન્તરાય મળી દશ, એમ કુલ ૧૪ પ્રકૃતિઓને ખપાવીને તે ક્ષીણમોહી મહામુનિ કેવલસ્વરૂપ (કેવળજ્ઞાન–દર્શનવાળો) બને છે. (૮૧)

એમ ચોથા ગુણસ્થાનકથી આરમ્ભીને ક્ષય કરતાં બારમાના અન્ત સુધીમાં ત્રેસઠ કર્મપ્રકૃતિઓનો ક્ષય થાય છે અર્થાત્ એ ૬૩ ની સ્થિતિ ક્રમશઃ એ પ્રમાણે ક્ષીણ–મોહના અન્તે નાશ પામે છે. જેમકે એક ચોથે, એક પાંચમે, આઠ સાતમે, છત્રીશ નવમે અને સત્તર બારમે ક્ષય થાય છે બાકી પચ્ચાશી પ્રકૃતિઓ સયોગી ગુણસ્થાનકે રહે છે તે જીર્ણ વસ્ત્રતુલ્ય અકિંચિત્કર બને છે. (૮૨)

આ ગુણસ્થાનકે નિશ્ચે શુદ્ધ ક્ષાયિક ભાવ હોય છે, સમ્યક્ત્વ પણ ક્ષાયિક હોય છે અને તેનું ચારિત્ર ક્ષાયિક ભાવનું શુદ્ધ યથાખ્યાત હોય છે. (૮૩)

चराचरमिदं विश्वं, हस्तस्थामलकोपमम् ।
प्रत्यक्षं भासते तस्य, केवलज्ञानभास्वतः ॥८४॥
विशेषात्तीर्थकृत्कर्म, येनास्त्यर्जितमूर्जितम् ।
तत्कर्मोदयतोऽत्रासौ, स्याज्जिनेंद्रो जगत्पतिः ॥८५॥
स सर्वातिशयैर्युक्तः, सर्वामरनरैर्नतः ।
चिरं विजयते सर्वो–त्तमं तीर्थं प्रवर्त्तयन् ॥८६॥
वेद्यते तीर्थकृत्कर्म, तेन सद्देशनादिभिः ।
भूतले भव्यजीवानां, प्रतिबोधादि कुर्वता ॥८७॥

કેવલજ્ઞાનરૂપી સૂર્યથી કેવલી ભગવાનને આ સર્વ ચરાચર જગત હાથમાં રહેલા આમળાની જેમ પ્રત્યક્ષ જણાય છે. (૮૪)

વિશેષમાં જેણે નિકાચિત એવું તીર્થંકર નામકર્મ બાંધેલું હોય તે આત્મા તે કર્મના ઉદયથી આ ગુણસ્થાનકે ત્રણ જગતના તારક જિનેન્દ્ર (તીર્થંકર) થાય છે. (૮૫)

તે તીર્થંકરો ચોત્રીશ અતિશય, આઠ પ્રાતિહાર્ય, વિગેરે સર્વ અતિશયોથી યુક્ત, સર્વ દેવો અને મનુષ્યોથી પૂજાએલા ચિરકાલ સુધી સર્વશ્રેષ્ઠ એવા તીર્થ (મોક્ષમાર્ગ)ને પ્રવર્તાવતા વિજયવન્તા (આત્મસુખના અનન્ત આનન્દને ભોગવતા) વર્તે છે. (૮૬)

આ પૃથ્વીતળમાં વિચરતા તેઓ ભવ્ય આત્માઓને 'ઉત્તમ ધર્મની દેશના દેવી' વિગેરેથી પ્રતિબોધ વિગેરેને કરતા તે તીર્થંકર નામ કર્મને વેદે. (ભોગવે–ખપાવે છે.) (૮૭)

उत्कर्षतोऽष्टवर्षोनं, पूर्वकोटिप्रमाणकम् ।
कालं यावन्महीपीठे, केवली विहरत्यलम् ॥८८॥

वेदायुषः स्थितिर्न्यूना, सकाशाद्वेद्यकर्मणः ।
तदा तत्तुल्यतां कर्तुं, समुद्घातं करोत्यसौ ॥८९॥

दण्डत्वं च कपाटत्वं, मन्थानत्वं च पूरणम् ।
कुरुते सर्वलोकस्य, चतुर्भिः समयैरसौ ॥९०॥

एवमात्मप्रदेशानां, प्रसारणविधानतः ।
कर्मलेशान् समीकृत्योत्क्रमात्तस्मान्निवर्त्तते ॥९१॥

કેવલજ્ઞાની ઉત્કૃષ્ટથી આઠ વર્ષન્યૂન પૂર્વકોડ વર્ષો પ્રમાણ કાળ સુધી પૃથ્વીતળ ઉપર ગ્રામાનુગ્રામ વિચરતા પૃથ્વીતળને પાવન કરે છે. (૮૮)

આ સયોગી કેવલીને જો વેદનીય કર્મની સ્થિતિથી આયુષ્યની સ્થિતિ ન્યૂન હોય તો તેને તુલ્ય કરવા માટે સમુદ્ઘાત કરે છે. (૮૯)

સમુદ્ઘાત કરતા તે ભગવાન્ પહેલા સમયે આત્મ-પ્રદેશોનો શરીર બહાર ઊર્ધ્વ અધો ૧૪ રાજ પ્રમાણ લાંબો દંડ કરીને બીજા સમયે તેનો વિસ્તાર કરતાં કપાટ બનાવીને ત્રીજા સમયે તેને વિસ્તારીને મન્થાન બનાવીને અને ચોથા સમયે આંતરા પૂરીને ચાર સમયમાં સમગ્ર રાજલોકના પ્રતિ આકાશપ્રદેશે પોતાનો એક એક આત્મ-પ્રદેશ સ્થાપી વ્યાપક બને છે. (૯૦)

समुद्घातस्य तस्याद्ये, चाष्टमे समये मुनिः ।
औदारिकाङ्गयोगः स्याद्, द्विषट्सप्तमकेषु तु ॥९२॥
मिश्रौदारिकयोगी च (स्यात्), तृतीयाद्येषु तु त्रिषु ।
समयेष्वेककर्माङ्ग–धरोऽनाहारकश्च सः ॥ ९३ ॥ युग्मम् ॥
यः षण्मासाधिकायुष्को, लभते केवलोद्गमम् ।
करोत्यसौ समुद्घात–मन्ये कुर्वन्ति वा नवा ॥९४॥

એ પ્રમાણે આત્મપ્રદેશોનો વિસ્તાર (પ્રસાર) કરવા દ્વારા કર્મોના શેષ રહેલા અંશોને (સ્થિતિથી) સમાન બનાવીને તે સમુદ્ઘાતને ઉલટા ક્રમે સંવરે છે. પાંચમા સમયે આંતરા સંહરીને મન્થાન, છટ્ઠા સમયે મન્થાન સંવરીને કપાટ અને સાતમા સમયે કપાટ સંવરીને દણ્ડ કરી આઠમા સમયે દણ્ડને શરીરગત બનાવે છે, એમ આઠમા સમયે કેવલી સમુદ્ઘાત પૂર્ણ કરે છે. (૯૧)

આ સમુદ્ઘાતના સમયો પૈકી પહેલા અને આઠમા સમયે તે કેવલી મુનિ ઔદારિક કાયયોગવાળા હોય છે, બીજા છટ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્રકાયયોગ–વાળા હોય છે અને ત્રીજા, ચોથા, પાંચમા સમયે એક માત્ર કાર્મણકાયયોગવાળા અને અનાહારક હોય છે. (૯૨–૯૩)

જેને છ મહિનાથી અધિક આયુષ્ય બાકી હોય ત્યારે કેવલજ્ઞાન પ્રગટે તે આ કેવલી સમુદ્ઘાતને કરે, બીજા છ મહિનાથી ન્યૂન આયુષ્યવાળા કરે અથવા ન પણ કરે. (૯૪)

समुद्घातान्निवृत्तोऽसौ, मनोवाक्काययोगवान् ।
ध्यायेद्योगनिरोधार्थं, शुक्लध्यानं तृतीयकम् ॥९५॥

आत्मस्पन्दात्मिका सूक्ष्मा, क्रिया यत्रानिवृत्तिका ।
तत्तृतीयं भवेच्छुक्लं, सूक्ष्मक्रियानिवृत्तिकम् ॥९६॥

बादरे काययोगेऽस्मिन्, स्थितिं कृत्वा स्वभावतः ।
सूक्ष्मीकरोति वाक्चित्त–योगयुग्मं स बादरम् ॥९७॥

त्यक्त्वा स्थूलं वपुर्योगं, सूक्ष्मवाक्चित्तयोः स्थितिम् ।
कृत्वा नयति सूक्ष्मत्वं, काययोगं तु बादरम् ॥९८॥

આ મન–વચન અને કાયાના વ્યાપારવાળો સયોગી કેવલી સમુદ્‌ઘાતથી નિવૃત્ત થઈને યોગોનો નિરોધ કરવા ત્રીજું શુક્લધ્યાન ધરે. (૯૫)

આત્મપ્રદેશોના સ્પન્દન (સંચાર)રૂપ સૂક્ષ્મક્રિયા જે ધ્યાનમાં અનિવૃત્ત (ચાલુ) હોય તે 'સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ' નામનું ત્રીજું શુક્લધ્યાન છે. (૯૬)

હવે મન, વચન અને કાયાના યોગોની સૂક્ષ્મતા કેવી રીતે કરે તે કહે છે–

તે કેવલી યોગનિરોધ કરતાં અચિન્ત્ય આત્મવીર્યના બળે પ્રથમ સ્વભાવ તથા બાદરકાય યોગમાં સ્થિર થઈને બાદર વચન અને બાદર ચિત્ત એ બે યોગોને સૂક્ષ્મ કરે. (૯૭)

તે પછી સૂક્ષ્મ વચનયોગ અને મનોયોગમાં સ્થિર

सुसूक्ष्मकाययोगेऽथ, स्थितिं कृत्वा पुनः क्षणम् ।
निग्रहं कुरुते सद्यः, सूक्ष्मवाक्चित्तयोगयोः ॥९९॥
ततः सूक्ष्मे वपुर्योगे, स्थितिं कृत्वा क्षणं हि सः ।
सूक्ष्मक्रियं निजात्मानं, चिद्रूपं विन्दति स्वयम् ॥१००॥
॥ चतुर्भिः कुलकम् ॥
छद्मस्थस्य यथा ध्यानं, मनसः स्थैर्यमुच्यते ।
तथैव वपुषः स्थैर्यं, ध्यानं केवलिनो भवेत् ॥१०१॥
शैलेशीकरणारम्भी, वपुर्योगे स सूक्ष्मके ।
तिष्ठन्नूर्ध्वास्पदं शीघ्रं, योगातीतं यियासति ॥१०२॥

થવા દ્વારા બાદર કાયયોગમાંથી નિવૃત્ત થઈને બાદર કાયયોગને સૂક્ષ્મ કરે. (૯૮)

તે પછી પુનઃ સૂક્ષ્મ કાયયોગમાં ક્ષણવાર સ્થિર થઈને તુર્ત સૂક્ષ્મ વચન અને સૂક્ષ્મચિત્ત એ બન્ને સૂક્ષ્મયોગોનો સર્વથા નિરોધ કરે છે. (૯૯)

તે પછી ક્ષણવાર સૂક્ષ્મ કાયયોગમાં સ્થિર થએલો તે કેવલી સ્વયં પોતાના આત્માને સૂક્ષ્મક્રિયારૂપે એટલે જ્ઞાનસ્વરૂપે અનુભવે છે. (૧૦૦)

જેમ છદ્મસ્થ જીવની મનની સ્થિરતાને ધ્યાન કહેવાય છે તેમ કેવળીની કાયયોગની સ્થિરતાને ધ્યાન કહેવાય છે. (૧૦૧)

તે પછી તે સૂક્ષ્મ કાયયોગમાં રહેલો કેવલી શૈલેશીકરણ (આત્મપ્રદેશોની મેરૂ પર્વતના જેવી સ્થિરતા) કરવા

अस्यान्त्येऽङ्गोदयच्छेदात्, स्वप्रदेशघनत्वतः ।
करोत्यन्त्याङ्गसंस्थान–त्रिभागोनावगाहनम् ॥१०३॥
अथायोगिगुणस्थाने, तिष्ठतोऽस्य जिनेशितुः ।
लघुपञ्चाक्षरोच्चार–प्रमितैव स्थितिर्भवेत् ॥१०४॥
तत्रानिवृत्तिशब्दान्तं, समुच्छिन्नक्रियात्मकम् ।
चतुर्थं भवति ध्यान–मयोगिपरमेष्ठिनः ॥१०५॥

માટે આરમ્ભ કરતો ઉપરનું ગુણસ્થાનક કે જે યોગાતીત (અયોગી) અવસ્થા છે તેને શીઘ્ર પ્રાપ્ત કરવા ઇચ્છે છે. (૧૦૨)

આ સયોગી કેવળી (તેરમા) ગુણસ્થાનકના અન્ત્ય સમયે અઙ્ગના ઉદયનો (અર્થાત્ ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક, વિહાયોગતિદ્વિક, પ્રત્યેકત્રિક, સંસ્થાન ષટ્ક, અગુરૂલઘુ ચતુષ્ક, વર્ણાદિ ચતુષ્ક, નિર્માણકર્મ, તૈજસકાર્મણ શરીરદ્વિક, પ્રથમ સંઘયણ, સ્વરદ્વિક અને બેમાંથી એક વેદનીય, એમ ત્રીસ પ્રકૃતિના ઉદયનો) છેદ કરવા દ્વારા નાસિકા વિગેરેનાં છિદ્રો પૂરીને આત્મપ્રદેશોને ઘનીભૂત (પિણ્ડીભૂત) બનાવીને છેલ્લી શરીરની અવગાહના હોય તેનાથી ત્રીજા ભાગે ન્યૂન રૂ અવગાહના (માં આત્મ પ્રદેશોને ભેગા) કરે છે. (૧૦૩)

એમ અયોગી બનેલા આ જિનેશ્વરને અયોગી ગુણસ્થાને પાંચ હ્રસ્વ અક્ષરોના ઉચ્ચાર કરતાં જેટલો સમય લાગે તેટલી સ્થિતિ હોય છે. (૧૦૪)

ત્યાં અયોગી એવા એ પરમેષ્ઠિને અનિવૃત્તિ શબ્દ છે. છેલ્લો જેમાં એવું સમુચ્છિન્નક્રિયા નામનું અર્થાત્ 'સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ' નામનું ચોથું શુક્લધ્યાન હોય છે. (૧૦૫)

समुच्छिन्ना क्रिया यत्र, सूक्ष्मयोगात्मिकापि हि ।
समुच्छिन्नक्रियं प्रोक्तं, तद्द्वारं मुक्तिवेश्मनः ॥१०६॥
देहास्तित्वेप्ययोगित्वं, कथं ? तद् घटते प्रभो ! ।
देहाभावे तथा ध्यानं, दुर्घटं घटते कथं ? ॥१०७॥
वपुषोऽत्रातिसूक्ष्मत्वाच्छीघ्रं भाविक्षयत्वतः ।
कायकार्यासमर्थत्वात्, सति कायेऽप्ययोगता ॥१०८॥
तच्छरीराश्रयाध्यान-मस्तीति न विरुध्यते ।
निजशुद्धात्मचिद्रूप-निर्भरानन्दशालिनः ॥ १०९ ॥ युग्मम् ॥

જે ધ્યાનમાં સૂક્ષ્મયોગ સ્વરૂપ સૂક્ષ્મક્રિયા પણ સમુચ્છિન્ન થઈ (નાશ પામી) છે તે ધ્યાનને મુક્તિમન્દિરના દ્વારભૂત 'સમુચ્છિન્ન ક્રિય' કહ્યું છે. (૧૦૬)

અહીં શિષ્ય પૂછે છે કે–હે પ્રભુ ! દેહ હોવા છતાં અયોગિપણું કેમ ઘટે ? અને દેહનો અભાવ માનો તો દુર્ઘટ એવું ધ્યાન કેમ ઘટે ? અર્થાત્ દેહાભાવ અને ધ્યાન બે પરસ્પર વિરૂદ્ધ ભાવો કેમ ઘટે ? (૧૦૭)

આ અયોગી અવસ્થામાં શરીરનું અતિસૂક્ષ્મપણું હોવાથી, શીઘ્ર ક્ષય થવાનો હોવાથી અને કાયયોગનું કાર્ય કરવામાં અસમર્થપણું હોવાથી શરીર હોવા છતાં પણ અયોગિપણું ઘટે છે. (૧૦૮)

તથા પોતાના શુદ્ધ આત્મજ્ઞાનરૂપ જ્ઞાનનો અનન્ત આનન્દ ભોગવતા અયોગી કેવળીને તે અતિસૂક્ષ્મકાયાનો આશ્રય હોવાથી ધ્યાન હોય છે એમાં પણ કોઇ વિરોધ નથી. (૧૦૯)

आत्मानमात्मनाऽऽत्मैव, ध्याता ध्यायति तत्त्वतः ।
उपचारस्तदन्यो हि, व्यवहारनयाश्रितः ॥११०॥
चिद्रूपात्ममयोऽयोगो, ह्युपान्त्यसमये द्रुतम् ।
युगपत्क्षपयेत्कर्म-प्रकृतीनां द्विसप्ततिम् ॥१११॥
देहबन्धनसङ्घाताः, प्रत्येकं पञ्च पञ्च च ।
अङ्गोपाङ्गत्रयं चैव, षट्कं संस्थानसंज्ञकम् ॥११२॥
वर्णाः पञ्च रसाः पञ्च, षट्कं संहननात्मकम् ।
स्पर्शाष्टकं च गन्धौ द्वौ, नीचानादेयदुर्भगम् ॥११३॥

તત્ત્વથી (નિશ્ચયનયથી) તો આત્મા પોતે જ ધ્યાતા છે, તે પોતાના (આત્મજ્ઞાન) દ્વારા પોતાના આત્માનું ધ્યાન કરે છે, (એ વ્યાખ્યાથી તો ધ્યાનમાં દેહની આવશ્યકતા નથી રહેતી) એ સિવાયનો ધ્યાનમાં અષ્ટાઙ્ગયોગ (પ્રાણાયામ વિગેરે)ની પ્રવૃત્તિરૂપ (શારીરિક) જે ઉપચાર છે તે વ્યવહાર નયને આશ્રીને છે. અર્થાત્ નિશ્ચયનયથી ધ્યાનમાં કાયયોગની અપેક્ષા નથી અને વ્યવહારનયથી પણ સૂક્ષ્મકાય યોગનો આશ્રય હોવાથી અયોગીને ધ્યાન ઘટે છે. (૧૧૦)

કેવલજ્ઞાનરૂપ આત્મમય અયોગી, અયોગી ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમયે એક સાથે (આગળ કહીએ છીએ તે) બહોતેર કર્મપ્રકૃતિઓનો ક્ષય કરે છે. (૧૧૧)

શરીર પંચક, બન્ધન પંચક અને સંઘાતન પંચક, ત્રણ અઙ્ગોપાઙ્ગ, છ સંસ્થાન (એ ચોવીશ) (૧૧૨) તથા પાંચ વર્ણો, પાંચ રસો, છ સંઘયણો, આઠ સ્પર્શો, બે

तथाऽगुरुलघुत्वाख्य–मुपघातोऽन्यघातिताः ।
निर्माणमपर्याप्तत्व–मुच्छ्वासश्चायशस्तथा ॥११४॥
विहायोगतियुग्मं च, शुभास्थैर्यद्वयं पृथक् ।
गतिर्दिव्यानुपूर्वी च, प्रत्येकं च स्वरद्वयम् ॥११५॥
वेद्यमेकतरं चेति, कर्मप्रकृतयः खलु ।
द्वासप्ततिरिमा मुक्ति–पुरीद्वारार्गलोपमाः ॥११६॥
॥कुलकम्॥

अन्त्ये ह्येकतरं वेद्य–मादेयत्वं च पूर्णता ।
त्रसत्वं बादरत्वं हि, मनुष्यायुश्च सद्यशः ॥११७॥

गन्ध, नीचैर्गोत्र, अनादेय अने दुर्भग नामकर्म, (એ ત્રેપન,) (११३) तथा अगुरुलघुनामकर्म, उपघात अने पराघात नामकर्म, निर्माण नामकर्म, अपर्याप्त नामकर्म, उच्छवास नामकर्म अने अपयश नामकर्म (એ સાઠ), (११४) तथा शुभ अने अशुभ विहायोगति, शुभ अने अशुभ नामकर्म, स्थिर अने अस्थिर नामकर्म, देवगति अने देवगतिनी आनुपूर्वी, प्रत्येक नामकर्म, सुस्वर अने दुःस्वर, (११५) तथा अन्यतर वेदनीयकर्म એમ કુલ બોતેર કર્મ પ્રકૃતિઓ કે જે મુક્તિનગરના દરવાજાની સાંકળ સરખી (મોક્ષને અવરોધ કરનારી) છે તેનો અયોગીના ઉપાન્ત્ય સમયે ક્ષય કરે છે. (११६)

તે પછી અયોગીના અન્ત્ય સમયે શેષ રહેલ એક વેદનીય, २–आदेय नामकर्म, ३–पर्याप्त नामकर्म, ४–त्रसपणुं, ५–आदरपणुं, ६–मनुष्यायुष्य, ७–सुयश नामकर्म, (११७)

नृगतिश्चानुपूर्वी च, सौभाग्यं चोच्चगोत्रताम् ।
पञ्चाक्षत्वं तथा तीर्थ–कृन्नामेति त्रयोदश ॥११८॥
क्षयं नीत्वा स लोकान्तं, तत्रैव समये व्रजेत् ।
लब्धसिद्धत्वपर्यायः, परमेष्ठी सनातनः ॥११९॥
॥ विशेषकम् ॥
पूर्वप्रयोगतोऽसङ्ग–भावाद्बन्धविमोक्षतः ।
स्वभावपरिणामाच्च, सिद्धस्योर्ध्वगतिर्भवेत् ॥१२०॥
कुलालचक्रदोलेषु–मुख्यानां हि यथा गतिः ।
पूर्वप्रयोगतः सिद्धा, सिद्धस्योर्ध्वगतिस्तथा ॥१२१॥

તથા ૮–મનુષ્યગતિ, ૯–મનુષ્યાનુપૂર્વી, ૧૦–સૌભાગ્ય નામકર્મ, ૧૧–ઉચ્ચૈર્ગોત્ર, ૧૨–પંચેન્દ્રિય જાતિ અને ૧૩–તીર્થંકર નામકર્મ એ તેર પ્રકૃતિઓનો, (૧૧૮) ક્ષય કરીને તે પ્રાપ્ત કર્યો છે સિદ્ધપણાનો પર્યાય જેણે એવો શાશ્વત પરમેષ્ઠી (સિદ્ધ) પરમાત્મા તે જ (એક જ) સમયે લોકાન્તે (લોકના ઉપરના છેલ્લા આકાશ પ્રદેશે) પહોંચે છે. (૧૧૯)

એ અયોગી ચૌદમું ગુણસ્થાનક કહ્યું. હવે નિષ્કર્મા સિદ્ધ તે જ સમયે કયા કારણે લોકાન્તે જાય? તે જણાવે છે કે–

પૂર્વપ્રયોગથી, અસંગભાવથી, બન્ધનની મુક્તિથી, તથા સ્વભાવથી, એટલાં કારણોથી સિદ્ધની ઊર્ધ્વગતિ થાય છે. (૧૨૦) તેમાં–

કુમ્ભારનું ચક્ર, હીંચકો અને બાણ ઇત્યાદિની સ્વતઃ ગતિ જેમ પૂર્વપ્રયોગથી (પ્રાપ્ત થએલા પૂર્વના વેગથી)

मृल्लेपसंगनिर्मोक्षा–द्यथा द्रष्टाऽप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षा–त्तथा सिद्धगतिः स्मृता ॥१२२॥
एरण्डफलबीजादे–र्बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात्–सिद्धस्यापि तथेक्ष्यते ॥१२३॥
यथाधस्तिर्यगूर्ध्वं च, लेष्टुवाय्वग्निवीचयः ।
स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वगतिरात्मनः ॥१२४॥

સિદ્ધ (દેખાય) છે તેમ જીવને પણ (અયોગીના છેલ્લા બે સમયોમાં ૮૫ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે) જે પૂર્વ પ્રયત્ન થાય છે તેના બળે કર્મો ક્ષય થયા પછી પણ તે ઊર્ધ્વગતિ કરે છે. (૧૨૧)

જેમ માટીની બરડના લેપનો સંબન્ધ હોવાથી પાણીમાં ડૂબેલું તુંબડું માટી ધોવાઈ જતાં એકદમ પાણીની ઉપર તરી આવે છે તેમ કર્મનો સંગ છૂટી જતાં જ સિદ્ધની ઊર્ધ્વગતિ થાય છે એમ કહેલું છે. (૧૨૨)

એરણ્ડાની શીંગમાંથી એરણ્ડાનાં બીજ જેમ બન્ધન તૂટતાં જ (શીંગ ફાટતાં જ) બહાર ઉંચે ઉછળતાં દેખાય છે તેમ કર્મોના બન્ધનનો છેદ થતાં સિદ્ધની ઊર્ધ્વગતિ કહી છે. (૧૨૩)

વળી જેમ સ્વસ્વ સ્વભાવે માટી નીચે, વાયુ તિર્છો અને અગ્નિની જ્વાળાઓ ઉંચે જાય છે (તેમાં કોઈની પ્રેરણા કે કોઈ કારણ નથી) તેમ જીવનો પણ સ્વભાવ ઊર્ધ્વગામી હોવાથી તેનું (બીજી કોઈ દિશામાં નહિ કિન્તુ) ઊર્ધ્વ ગમન થાય છે. (૧૨૪)

न चाधो गौरवाभावा–न्न तिर्यक् प्रेरकं विना ।
न च धर्मास्तिकायस्या–भावाल्लोकोपरि व्रजेत् ॥१२५॥
मनोज्ञा सुरभिस्तन्वी, पुण्या परमभासुरा ।
प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ॥१२६॥
नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रनिभा शुभा ।
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा, लोकान्ते समवस्थिताः ॥१२७॥
॥ युग्मम् ॥
कालावसरसंस्थाना, या मृषागतसिक्थका ।
तत्रस्थाकाशसंकाशा–ऽऽकारा सिद्धावगाहना ॥१२८॥

ગુરૂતાના અભાવે અધો (નીચે) ગતિ કરતો નથી, બીજા પ્રેરકના અભાવે તિર્છી ગતિ કરતો નથી અને ધર્માસ્તિકાય (ગતિ સહાયક દ્રવ્ય)નો અભાવ હોવાથી લોકના અન્ત ભાગથી આગળ ઊર્ધ્વગતિ પણ કરતો નથી. (૧૨૫)

સિદ્ધો કયાં રહે છે ? તે કહે છે કે–

મનોહર, કર્પૂરના સમૂહથી પણ અધિક સુગન્ધિવાળી, અતિ કોમળ, (સુંવાળી), નિર્મળ પવિત્ર, અતિ તેજસ્વિની, મનુષ્ય ક્ષેત્રના જેટલી (પીસ્તાલીશ લાખ યોજન) પહોળી, ઉજ્વલ (ચતા) છત્રના જેવા ⊃ આકારવાળી અને સર્વ શુભકારિણી, એવી 'ઈષત્પ્રાગ્ભારા' અપરનામ 'સિદ્ધશિલા' નામની પૃથ્વી ચૌદરાજ પ્રમાણ ઉંચા લોકના મસ્તકે રહેલી છે તેનાથી ઉંચે લોકના અન્તને સ્પર્શીને (સર્વ) સિદ્ધો સમશ્રેણીએ રહેલા છે. (૧૨૬–૧૨૭)

ज्ञातारोऽखिलतत्त्वानां, द्रष्टारश्चैकहेलया ।
गुणपर्यायसंयुक्तानां, त्रैलोक्योदरवर्तिनाम् ॥१२९॥
अनन्तं केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात् ।
अनन्तं दर्शनं चैव, दर्शनावरणक्षयात् ॥१३०॥
शुद्धसम्यक्त्वचारित्रे, क्षायिके मोहनिग्रहात् ।
अनन्ते सुखवीर्ये च, वेद्यविघ्नक्षयात् क्रमात् ॥१३१॥

જેમ મીણની બનેલી મુષા (કુલડી) મીણ ગળી જતાં ઘન બની જાય તેમ, અયોગી અવસ્થા વખતનો જે આકાર તેના જેવા આકારવાળી અને ગળી ગએલા મીણની મુષા, તેમાં જે આકાશ હોય તે આકાશના જેવા આકારવાળી સિદ્ધોની અવગાહના (આકૃતિ) હોય છે. અર્થાત્ આકારની દૃષ્ટિએ અન્તિમ સંસ્થાનના ત્રિભાગન્યૂન આકારવાળી અને સ્વરૂપની અપેક્ષાએ ગળી ગએલા મીણની મુષાનું મીણ જેમ વચ્ચે પોલાણ વિના ઘન બની જાય તેના જેવી સિદ્ધોની અવગાહના હોય છે. (૧૨૮)

તે સિદ્ધો ત્રણે લોકમાં રહેલા અનન્ત ગુણ અને અનન્ત પર્યાય યુક્ત જે સઘળાં તત્ત્વો (જ્ઞેય ભાવો), તેને એક સમયે એક સાથે (જ્ઞાનથી) જાણનારા અને (દર્શનથી) દેખનારા હોય છે. (૧૨૯)

હવે સિદ્ધોને કયા કર્મના ક્ષયે કયા ગુણો પ્રગટે છે તે કહે છે–

૧–જ્ઞાનાવરણીય કર્મનો સમ્પૂર્ણ ક્ષય થવાથી અનન્ત કેવળજ્ઞાન, ૨–દર્શનાવરણીય કર્મનો સમ્પૂર્ણ ક્ષયથી અનન્ત દર્શન, (૧૩૦)

आयुषः क्षीणभावत्वात्, सिद्धानामक्षया स्थितिः ।
नामगोत्रक्षयादेवा–मूर्त्तानन्ताऽवगाहना ॥१३२॥
यत्सौख्यं चक्रिशक्रादि–पदवीभोगसंभवम् ।
ततोऽनन्तगुणं तेषां, सिद्धावक्लेशमव्ययम् ॥१३३॥
यदाराध्यं च यत्साध्यं, यद् ध्येयं यच्च दुर्लभम् ।
चिदानन्दमयं तत्तैः, संप्राप्तं परमं पदम् ॥१३४॥

(દર્શન મોહ અને ચારિત્ર મોહ બન્ને) મોહનીયનો ક્ષય થવાથી, ૩–ક્ષાયિક ભાવનું શુદ્ધ સમ્યક્ત્વ અને ૪–શુદ્ધ યથાખ્યાત ચારિત્ર, વેદનીય કર્મના ક્ષયથી, ૫–અનન્ત–સુખ અને અન્તરાય કર્મના ક્ષયથી, ૬–અનન્ત વીર્ય (૧૩૧)

આયુષ્ય કર્મનો ક્ષય થવાથી, ૭–અક્ષય સ્થિતિ અને નામ અને ગોત્ર કર્મનો ક્ષય થવાથી, ૮–અરૂપી અનન્ત અવગાહના. એ આઠ ગુણો આઠ કર્મોના ક્ષયથી પ્રગટે છે. (૧૩૨)

સંસારમાં ચક્રીપદ અને ઈન્દ્રનું પદ ભોગવતાં જે સુખનો અનુભવ થાય તેનાથી અનન્ત ગુણ, કોઈ જાતના ક્લેશ વિનાનું અને શાશ્વતું સુખ સિદ્ધોને સિદ્ધિમાં હોય છે. (૧૩૩)

આ જગતમાં જે આરાધવા યોગ્ય છે, જે સાધ્ય છે, જે ધ્યેય છે, અને જે દુર્લભ છે તે આત્માનન્દરૂપ પરમપદ તે સિદ્ધોને સમ્પૂર્ણ પ્રાપ્ત થયું છે. (૧૩૪)

नात्यन्ताभावरूपा न च जडिममयी व्योमवद्व्यापिनी नो,
न व्यावृत्तिं दधाना विषयसुखघना नेष्यते सर्वविद्भिः ।
सद्रूपात्मप्रसादाद् दृगवगमगुणौघेन संसारसारा,
निःसीमात्यक्षसौख्योदयवसतिरनिःपातिनी मुक्तिरुक्ता ॥
॥१३५॥

इत्युद्धृतो गुणस्थान-रत्नराशिः श्रुतार्णवात् ।
पूर्वर्षिसूक्तिनावैव, रत्नशेखरसूरिभिः ॥१३६॥

આ મુક્તિ સર્વથા અભાવરૂપ નથી, જડની બનેલી નથી, આકાશની જેમ સર્વત્ર વ્યાપક નથી, તેમ વ્યાવૃત્તિવાળી (પાછી ચાલી જાય તેવી) નથી, વિષયસુખની પ્રચુરતા વાળી પણ નથી. કિન્તુ સત્‌રૂપ (સદ્‌ભાવરૂપ) છે, આત્માનો કર્મમેલ નાશ પામવાથી પ્રગટેલી નિર્મળતાને યોગે પ્રગટ થએલા સમ્યગ્ દર્શન અને જ્ઞાન વિગેરે ગુણોના સમૂહથી સકળસંસાર પર્યટનના સારભૂત જે અપાર અતીન્દ્રિય સુખ, તેનો અનુભવ કરવાના સ્થાનરૂપ છે અને પુનઃ કદી નાશ નહિ પામનારી છે એમ સર્વજ્ઞ ભગવન્તો કહે છે. (૧૩૫)

એ પ્રમાણે શ્રુતજ્ઞાનરૂપી સમુદ્રમાંથી **શ્રીરત્નશેખરસૂરિજીએ** પૂર્વર્ષિઓનાં ઉત્તમ કથનો રૂપી નાવડીના બળે આ ગુણસ્થાનકરૂપ રત્નોનો સમૂહ ઉદ્ધર્યો છે.

॥ ઇતિ શ્રીરત્નશેખરસૂરિવિરચિતો ગુણસ્થાનક્રમારોહઃ
સાર્થઃ સમાપ્તઃ ॥

॥ पूर्वमहर्षिविरचिता ॥

॥ श्रीहृदयप्रदीपषट्त्रिंशिका ॥

शब्दादिपञ्चविषयेषु विचेतनेषु, योऽन्तर्गतो हृदि विवेककलां व्यनक्ति ।
यस्माद्भवान्तरगतान्यपि चेष्टितानि, प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ॥१॥

जानन्ति केचिन्नतु कर्तुमीशाः, कर्तुं क्षमा ये च न ते विदन्ति ।
जानन्ति तत्त्वं प्रभवन्ति कर्त्तुं, ते केपि लोके विरला भवन्ति ॥२॥

હૃદયમાં રહેલો જે અનુભવ શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ એ ઇન્દ્રિઓના પાંચ જડ વિષયોમાં વિવેકરૂપી દીપકની જ્યોતિને પ્રગટાવે છે અને જેના બળે ભવાન્તરમાં આચરેલાં પણ શુભાશુભ કાર્યો પ્રગટ થાય (સમજાય) છે, હે આત્મા ! તું તે અનુભવનો આશ્રય કર. (૧)

કેટલાક તત્ત્વને જાણી (સમજી) શકે છે, કિન્તુ તે પ્રમાણે કરવા સમર્થ નથી હોતા, તો કોઈ કરવા માટે સમર્થ હોય છે તેઓ તત્ત્વને જાણી નથી શકતા. આ જગતમાં તત્ત્વને જાણીને તે પ્રમાણે કરવા (જીવન જીવવા) માટે જે સમર્થ છે તેવા આત્માઓ કોઈ વિરલ જ હોય છે. (૨)

सम्यग् विरक्तिर्ननु यस्य चित्ते, सम्यग् गुरुर्यस्य च तत्त्ववेत्ता।
सदानुभूत्या दृढनिश्चयो यस्तस्यैव सिद्धिर्न हि चापरस्य ॥३॥

विग्रहं कृमिनिकायसङ्कुलं, दुःखदं हृदि विवेचयन्ति ये।
गुप्तिबन्धमिव चेतनं हि ते, मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ॥४॥

भोगार्थमेतद् भविनां शरीरम्, ज्ञानार्थमेतत् किल योगिनां वै।
जा (ज्ञा) ता विषं चेद्विषया हि सम्यग्-ज्ञानात्ततः किं
कुणपस्य पुष्ट्या? ॥५॥

જેના ચિત્તમાં નિશ્ચે સુન્દર વૈરાગ્ય છે, જેના ગુરૂ સમ્યક્ તત્ત્વના જાણુ છે અને એ બેના યોગે શુદ્ધ અનુભવ જ્ઞાનથી જેને દૃઢ નિશ્ચય (પ્રણિધાન) થાય છે તેની જ સિદ્ધિ થાય છે. બીજાની થતી નથી. (૩)

જેઓ પોતાના હૃદયમાં કૃમિઆના સમૂહથી ભરેલા દુઃખદાયી શરીરને આત્માથી ભિન્ન સમજે છે તેઓ જેલના બન્ધનથી બન્ધાએલા કેદીની જેમ શરીરરૂપી કેદ-ખાનામાં પૂરાએલા આત્માને છૂટો કરી શકે છે. (૪)

સામાન્ય જીવોને આ શરીર ભોગને માટે સાધન બને છે, તે જ શરીર યોગીઓને જ્ઞાનનું સાધન બને છે. (અર્થાત્ યોગીઓ શરીરના જ્ઞાનથી તત્ત્વને પીછાણે છે.) જો સમ્યગ્ જ્ઞાનદ્વારા વિષયોને વિષ તુલ્ય જાણ્યા અથવા વિષયો વિષરૂપ બન્યા એમ જાણ્યું તો એ મુડદાનું (જડ શરીરનું) પોષણ કરવાથી શું ફળ? (૫)

त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र–पूर्णेऽनुरागः कुणपे कथं ते ? ।
दृष्टा च वक्ता च विवेकरूपस्त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ॥
॥६॥

धनं न केषां निधनं गतं वै, दरिद्रिणः के धनिनो न दृष्टाः ।
दुःखैकहेत्वत्रधनेऽतितृष्णां, त्यक्त्वा सुखी स्यादिति मे विचारः
॥७॥

संसारदुःखान्न परोऽस्ति रोगः, सम्यग्विचारात् परमौषधं न ।
तद्रोगदुःखस्य विनाशनाय, सच्छास्त्रतोयं क्रियते विचारः ॥८॥

ચામડી, માંસ, મેદ, હાડકાં અને મળમૂત્રથી પૂર્ણ ભરેલા એ મુડદામાં હે મહાનુભાવ ! તને રાગ કેમ થાય છે ? તું પ્રત્યક્ષ જુવે છે, બીજાઓને પણ સમજાવે છે, એમ તું પોતે જ વિવેકી (વિવેક સ્વરૂપ) છે, તો આમ તારો સ્વાર્થ સાધવામાં તું (શરીરના રાગને વશ થઇ) આમ કેમ મુંઝાય છે ? (૬)

કોનું ધન નાશ નથી પામ્યું ? કોણ (દરિદ્રી ધનવાન કે) ધનવાન દરિદ્રી નથી થયા ? એવા દુઃખના એક માત્ર હેતુભૂત ધનમાં અતિતૃષ્ણાને છોડીને જ સુખી થવાય એમ હું માનું છું. (૭)

સંસારનાં દુઃખોથી બળવાન બીજો કોઈ રોગ નથી અને વિવેકપૂર્વકના સમ્યક્ વિચારથી બળવાન બીજું કોઈ ઔષધ નથી, માટે તે સંસારરૂપ રોગનો સર્વથા નાશ કરવા માટે સમ્યક્શાસ્ત્રરૂપી જળનું પાન કરવા દ્વારા સદ્વિચાર કરવો જોઇએ. (૮)

अनित्यताया यदि चेत् प्रतीति–स्तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात्।
सुखी हि सर्वत्र जने वने च, नो चेद्वने चाथ जनेषु दुःखी ॥९॥
मोहान्धकारे भ्रमतीह तावत्, संसारदुःखैश्च कदर्थ्यमानः।
यावद्विवेकार्कमहोदयेन, यथास्थितं पश्यति नात्मरूपम् ॥१०॥
अर्थो ह्यनर्थो बहुधा मतोऽयम्, स्त्रीणां चरित्राणि शवोपमानि।
विषेण तुल्या विषयाश्च तेषां, येषां हृदि स्वात्मलयानुभूतिः
॥११॥

જો ગુરૂકૃપાથી અનિત્ય પદાર્થોની અનિત્યતાની તને પ્રતીતિ થઈ છે અને તત્ત્વમાં શ્રદ્ધા થઈ છે તો તું જન-સમૂહમાં કે વનમાં સર્વત્ર સુખી છે અને જો એવી પ્રતીતિ અને શ્રદ્ધા નથી પ્રગટી તો તું મનુષ્યોના સહ-વાસમાં કે વનમાં એકાન્તમાં પણ દુઃખી (થવાનો) છે, અર્થાત્ સુખ જનમાં કે વનમાં નથી કિન્તુ તત્ત્વની શ્રદ્ધામાં છે. (૯)

જીવ સંસારનાં દુઃખોથી પીડાતો મોહરૂપી અન્ધારામાં ત્યાં સુધી અટવાય છે કે તે જ્યાં સુધી વિવેકરૂપી સૂર્યના ઉદયથી યથાર્થ સ્વરૂપે આત્માના સ્વરૂપને જોતો નથી. અર્થાત્ આત્મજ્ઞાનીને મોહ કે સંસારનાં દુઃખો દુઃખી કરી શકતાં નથી. (૧૦)

જેઓના હૃદયમાં આત્માની લયલીનતા રૂપ અનુભવ પ્રગટ થયો છે, આત્માનુભવ પ્રગટેલો છે, તેઓને આ બહુમાન્ય એવો પણ અર્થ (ધન) અનર્થરૂપ ભાસે છે,

कार्यं च किं ते परदोषदृष्ट्या, कार्यं च किं ते परचिन्तया च ।
वृथा कथं खिद्यसि बालबुद्धे !, कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥
॥१२॥

यस्मिन् कृते कर्मणि सौख्यलेशो, दुःखानुबन्धस्य तथास्ति नान्तः ।
मनोऽभितापो मरणं हि यावत्, मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ॥१३॥

સ્ત્રીઓનાં ચરિત્રો મુડદાની ચેષ્ટારૂપ લાગે છે અને વિષયો વિષતુલ્ય ભાસે છે. અર્થાત્ આત્મજ્ઞાની ધનમાં, સ્ત્રીઓના હાવભાવમાં કે ઇન્દ્રિયોના વિષયમાં ફસાતો નથી. (૧૧)

હે આત્મન્ ! તારે બીજાના દોષ જોવાનું શું પ્રયોજન છે ? બીજાની ચિન્તાનું પણ તારે શું કામ છે ? હે બાલબુદ્ધિ અજ્ઞાની જીવ ! વૃથા શા માટે દુઃખી થાય છે ? તહારૂં પોતાનું (આત્મહિતરૂપ) કાર્ય કર અને એ સિવાયનું બીજું સઘળું છોડ ! (૧૨)

જે કાર્ય કરવાથી સુખ લેશમાત્ર મળે છે અને તેના પરિણામે દુઃખની પરમ્પરાનો અન્ત આવતો નથી, ઘણા કાળ પર્યન્ત દુઃખો ભોગવવાં પડે છે, મનનો સંતાપ વધે છે અને અન્તે મરણ થાય છે, એવું કાર્ય કોઈ મૂર્ખ મનુષ્ય પણ ન કરે ! માટે હે જીવ ! આપાત મધુર અને પરિણામે દારૂણ કાર્યોના લાભાલાભનો વિવેક કરી અલ્પ સુખ માટે દુઃખના ડુંગરા ઉભા ન કર. (૧૩)

यदर्जितं वै वयसाऽखिलेन, ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।
क्षणेन सर्वं प्रदहत्यहो तत्, कामो बली प्राप्य बलं (छलं ?)
यतीनाम् ॥१४॥
बलादसौ मोहरिपुर्जनानां, ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं हि जगद्विनष्टं, तत्त्वावबोधादपयाति मोहः ॥१५॥
सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति–र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुःखं न विनाशमेति, सुखं न कस्यापि भजेत्
स्थिरत्वम् ॥१६॥

યતિઓએ પણ જે આખી ઉમ્મરમાં ધ્યાન, તપ, જ્ઞાન વિગેરે સત્યને (તત્ત્વને) મેળવ્યું હોય તે બલિષ્ઠ કામ તક મેળવીને એક ક્ષણમાં સઘળું ય બાળી મૂકે છે. (૧૪)

મોહ બલાત્કારે જીવોના જ્ઞાન અને વિવેકને નાશ કરે છે (આવરી લે છે), એથી જ મોહથી પરાભવ પામેલું જગત નાશ પામી રહ્યું છે (દુઃખી દુઃખી થઈ ગયું છે), આ દુષ્ટ મોહ તત્ત્વજ્ઞાનથી દૂર થાય છે. અર્થાત્ તત્ત્વાવબોધ વિના મોહનો પરાભવ નહિ, વિવેકની પ્રાપ્તિ નહિ અને વિવેક વિના સુખ કદાપિ મળે નહિ. માટે હે જીવ! તત્ત્વોને સમજવા પ્રયત્ન કર. (૧૫)

સર્વત્ર સર્વકાળે સર્વજીવોની પ્રવૃત્તિ દુઃખનો નાશ કરવા અને સુખને મેળવવા માટે હોય છે, તો પણ દુઃખ નાશ પામતું નથી અને જે જે સુખ મેળવે છે તે કોઇને સ્થિર રહેતું નથી. (આ પરિસ્થિતિનું મૂળ શોધી શાશ્વત સુખ કેમ મળે, ક્યાંથી મળે અને તે કેવું હોય ? વિગેરે સમજવું

यत् कृत्रिमं वैषयिकादि सौख्यम्, भ्रमन् भवे को न लभेत ? मर्त्यः ।
सर्वेषु तच्चाधममध्यमेषु, यद् दृश्यते तत्र किमद्भुतं च ॥१७॥
क्षुधातृषाकामविकाररोष–हेतुश्च तद् भेषजवद्वदन्ति ।
तदस्वतन्त्रं क्षणिकं प्रयासकृत्, यतीश्वरा दूरतरं त्यजन्ति ॥१८॥
गृहीतलिङ्गस्य च चेद्धनाशा, गृहीतलिङ्गो विषयाभिलाषी ।
गृहीतलिङ्गो रसलोलुपश्चेद्, विडम्बनं नास्ति ततोऽधिकं हि ॥१९॥

જોઇએ. માત્ર આંધળી પ્રવૃત્તિથી અનન્તો કાળ ગયો તે સમજીને સત્યની શોધ કરવી જોઇએ.) (૧૬)

જે વિષયભોગ વિગેરે કૃત્રિમ સુખ છે, તેને આ સંસારમાં ભમતો કયો મનુષ્ય (જીવ) મેળવી શકતો નથી ? જે સુખ અધમ (મૂર્ખ) મધ્યમ (સામાન્ય બુદ્ધિવાળા) સર્વને (ઓછા વધારે પ્રમાણમાં) હોય છે તે સુખમાં તને શું આશ્ચર્ય દેખાય છે ? (૧૭)

તું જે કૃત્રિમ સુખમાં મૂઢ બને છે તે સુખને (આત્માના આરોગ્યને પીછાનતા) વૈદ્યો (જ્ઞાનીઓ) ભૂખ, તૃષા, કામ વિકાર અને ક્રોધ વિગેરે (રોગોનું) કારણ માને છે, તે સુખ પરાધીન છે, ક્ષણિક છે, અતિ પ્રયત્ન સાધ્ય છે, માટે સાધુપુરૂષો તેવા તે સુખથી દૂર રહે છે–અતિ દૂર ફેંકી દે છે, તેની ઇચ્છા પણ કરતા નથી. (૧૮)

સાધુવેષ ધારણ કરનારાને પણ જો ધનની આશા હોય, સાધુવેષધારી પણ જો વિષયોની અભિલાષાવાળો હોય

ये लुब्धचित्ता विषयार्थभोगे, बहिर्विरागा हृदि बद्धरागाः ।
ते दाम्भिका वेषधराश्च धूर्ता, मनांसि लोकस्य तु रञ्जयन्ति
॥२०॥

मुग्धश्च लोकोऽपि हि यत्र मार्गे, निवेशितस्तत्र रतिं करोति।
धूर्तस्य वाक्यैः परिमोहितानां, केषां न चित्तं भ्रमतीह लोके
॥२१॥

અને સાધુ થવા છતાં પણ જો તે રસનો લોલુપી હોય તો આ જગતમાં એનાથી બીજું કોઈ (મોટું) વિડમ્બન નથી. જે સાધુ વેષથી પણ વૈરાગ્યને સાધી શકે નહિ તેને આ જગતમાં વૈરાગ્યનું બીજું કોઈ સાધન નથી, અમૃતથી પણ રોગ વધે તેને ઔષધ કયું હોઈ શકે ? તેમ સાધુ બનવા છતાં જડ–અનિત્યમાં રાગ ન ટળે તો તેને દુઃખમાંથી કોણ બચાવી શકે ? (૧૯)

જે લોલુપી ચિત્તવાળા બહારથી વૈરાગી અને હૃદયમાં વિષયોમાં, ધનમાં અને ભોગોમાં રાગવાળા છે તે દામ્ભિકો, માત્ર બાહ્ય વેષધારી ધુતારાઓ લોકોનાં મનને રંજન માત્ર કરનારા છે. (તેઓ લોકોને સત્ય માર્ગે દોરી શકતા નથી, પોતાના સ્વાર્થને સાધવા ઉંધે માર્ગે ચઢાવે છે.) (૨૦)

લોક પણ ભોળો–મૂઢ છે કે તેને સાચા ખોટા જે માર્ગે દોરવામાં આવે તેમાં (વિવેક કર્યા વિના) રાગી બની જાય છે. આવા મૂઢ લોકમાં ધુતારાનાં વાક્યોથી મુંઝાએલા કોનું ચિત્ત ભમતું નથી ? અર્થાત્ કપટી સાધુ ભોળા લોકને પોતાની વાક્જાળમાં મુંઝાવીને સત્ય માર્ગેથી તેના ચિત્તને ભમાવી દે છે. (૨૧)

ये निःस्पृहास्त्यक्तसमस्तरागास्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः।
सन्तोषपोषैकविलीनवाञ्छा–स्ते रञ्जयन्ति स्वमनो न लोकम्
॥२२॥

तावद्विवादी जनरञ्जकश्च, यावन्न चैवात्मरसे सुखज्ञः।
चिन्तामणिं प्राप्य वरं हि लोके, जने जने कः कथयन् प्रयाति
॥२३॥

જેઓ પરની સ્પૃહા વિનાના, સર્વના રાગનો ત્યાગ કરનારા (વિરાગી), એક માત્ર તત્ત્વની શ્રદ્ધાવાળા, અભિમાન રહિત અને એક સંતોષની પુષ્ટિના કારણે સર્વ વાઞ્છાઓથી રહિત છે તેઓ પોતાના ચિત્તને રાજી કરનારા હોય છે. લોકને રાજી કરનારા હોતા નથી. (અર્થાત્ લોકને રાજી કરવાનું તેમનું ધ્યેય હોતું નથી પણ સત્ય સમજાવીને દુઃખથી છોડાવવાનું હોય છે.) (૨૨)

જ્યાં સુધી આત્મા પોતાના સ્વરૂપમાં (સમતા–સંતોષ વિગેરેમાં) સુખનો અનુભવ નથી કરતો (આત્મગુણોનો આસ્વાદી નથી) ત્યાં સુધી જ વાદવિવાદ કરનારો અને જનરઞ્જનમાં આનન્દ માને છે. આત્મગુણોનો રસ ચાખ્યા પછી તેને બીજે ક્યાંય રસ નથી રહેતો. કારણ કે લોકમાં શ્રેષ્ઠ ચિન્તામણિ રત્નને મેળવીને કોણ જેને તેને કહેતો ફરે ? (અર્થાત્ આત્મગુણોનો રસીઓ પોતાના ગુણોને બહાર જણાવવા ઇચ્છતો જ નથી. જેમ ધનવાનને પોતાનું ધન ચોરાઇ–લૂંટાઇ જવાનો ભય હોવાથી બીજાને તે જણાવતો નથી તેમ સાચો ગુણવાન્ પ્રશંસા વિગેરેથી

षण्णां विरोधोऽपि च दर्शनानाम्, तथैव तेषां शतशश्च भेदाः ।
नानापथे सर्वजनः प्रवृत्तः, को लोकमाराधयितुं समर्थः ॥२४॥

तदेव राज्यं हि धनं तदेव, तपस्तदेवेह कला च सैव ।
स्वस्थे भवेच्छीतलताशये चे-न्नो चेद् वृथा सर्वमिदं हि मन्ये
॥२५॥

લૂંટાઇ જવાના ભયે પોતાના ગુણોને પ્રગટ કરતો નથી.) જે સ્વગુણોને સ્વયં પ્રકાશે છે તે સાચો ગુણવાન્ નથી. (૨૩)

આ જગતમાં છએ દર્શનોનો પરસ્પર વિરોધ છે, એ રીતે તે તે દર્શનોમાં પણ સેંકડો ભેદો વર્તે છે અને લોક પણ ભિન્ન ભિન્ન માર્ગે દોડી રહ્યો છે (આ બધું આત્મસ્વરૂપની નિષ્ઠાના અભાવનું પરિણામ છે) એવા લોકને વશ કરવા, સત્ય માર્ગે ચઢાવવા માટે કોણ સમર્થ છે ? (૨૪)

જો સ્વસ્થ (સમતાવાળા) ચિત્તમાં શીતલતાનો અનુભવ થાય તો તે જ રાજ્યવૈભવ છે, તે જ ઉત્તમ ધન છે, તે જ સાચો તપ છે અને તે જ એક સાચી કળા (જ્ઞાન) છે. અર્થાત્ સમતામાં (સ્વસ્વરૂપમાં) આનન્દનો અનુભવ એ જ આત્માનું સર્વસ્વ છે જો એ શીતલતાનો આનન્દ પ્રગટ્યો નથી તો હું માનું છું કે રાજ્ય, ધન, તપ કે કળા સર્વ વૃથા છે. તેનાથી આત્માને કંઈ સુખ થવાનું નથી. (૨૫)

रुष्टैर्जनैः किं यदि चित्तशान्तिस्तुष्टैर्जनैः किं यदि चित्ततापः ।
प्रीणाति नो नैव दुनोति चान्यान्, स्वस्थः सदोदासपरो हि
योगी ॥२६॥

एकः पापात् पतति नरके याति पुण्यात् स्वरेकः,
पुण्यापुण्यप्रचयविगमात् मोक्षमेकः प्रयाति ।
संगान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्यम्,
तस्मादेको विचरति सदानन्दसौख्येन पूर्णः ॥२७॥

જો ચિત્તમાં શાન્તિ છે તો લોકો રોષ કરે તેથી આત્માને શું (દુઃખ) છે ? અને જો ચિત્તમાં સંતાપ છે તો બીજાઓ પ્રસન્ન થાય તેથી પણ શું છે ? સદા પર-પદાર્થમાં ઉદાસીનતાને (ઉપેક્ષાને) ભજનારો આત્મગુણમાં નિષ્ઠ યોગી બીજાઓને પ્રસન્ન કરતો નથી તેમ દુઃખી પણ કરતો નથી. (અર્થાત્ સાચા યોગીને પોતાના દુઃખ સુખની અપેક્ષા હોય છે, બીજાની ઉપેક્ષા હોય છે.) (૨૬)

એક પાપના સંગથી નરકમાં પડે છે, એક પુણ્યના સંયોગથી સ્વર્ગે જાય છે, ત્યારે એક પુણ્ય પાપના સમૂહનો અભાવ (નાશ) થવાથી મોક્ષમાં જાય છે. એમ નિશ્ચે પરપદાર્થના સંગથી સુખ નથી, માટે આત્માને પોતાના ગુણ સિવાય બીજા કોઇનું પ્રયોજન નથી એમ સમજી સ્વગુણમાં પૂર્ણતાને અનુભવનારો પૂર્ણ યોગી સદા જ આત્માનન્દરૂપ સુખને અનુભવતો એકલો જ વિચરે છે, અર્થાત્ સાચો યોગી પરની આશા સેવતો નથી. (૨૭)

त्रैलोक्यमेतद् बहुभिर्जितं यैर्मनोजये तेऽपि यतो न शक्ताः ।
मनोजयस्यात्र पुरो हि तस्मात्, तृणं त्रिलोकीविजयं वदन्ति
॥२८॥

मनोलयान्नास्ति परो हि योगो, ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।
समाधिसौख्यान्न परं च सौख्यम्, संसारसारं त्रयमेतदेव ॥२९॥

या सिद्धयोऽष्टावपि दुर्लभा ये, रसायनं चाञ्जनधातुवादाः ।
ध्यानानि मन्त्राश्च समाधियोगाश्चित्ते प्रसन्ने विषवद् भवन्ति
॥३०॥

જે ઘણાઓએ આ ત્રણે ય જગતનો વિજય કર્યો, તેઓ પણ પોતાના મનનો વિજય કરવા સમર્થ ન થયા, માટે એ મનના વિજયની સામે ત્રણે જગતના વિજયને પણ જ્ઞાનીઓ તૃણ સમાન ગણે છે. (અર્થાત્ જગતને જીતવું તે મોટી વાત નથી. કિન્તુ મનને જીતવું-સંતોષી નિર્વિકલ્પ બનાવવું તે દુષ્કરમાં પણ દુષ્કર છે, માટે જ્ઞાનીઓ મનના વિજયને જ સાચો વિજય સમજે છે અને તે માટે ઉદ્યમ કરે છે.) (૨૮)

મનની જે આત્મગુણોમાં એકાગ્રતા (સ્વગુણોમાં આનન્દ) તેનાથી શ્રેષ્ઠ બીજો યોગ નથી, તત્ત્વભૂત પદાર્થની વિચારણાથી શ્રેષ્ઠ કોઇ જ્ઞાન નથી અને સમાધિ સુખથી બીજું સાચું સુખ નથી. આ ત્રણ જ સંસારમાં સારભૂત છે. (એના વિનાનું સર્વ અસાર છે.) (૨૯)

જેને માટે જગત મથી રહ્યું છે તે બાહ્ય આઠે ય

विन्दन्ति तत्त्वं न यथास्थितं वै, सङ्कल्पचिन्ताविषयाकुला ये ।
संसारदुःखैश्च कदर्थितानाम्, स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम्
॥३१॥

श्लोको वरं परमतत्त्वपथप्रकाशी, न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय ।
सञ्जीवनीति वरमौषधमेकमेव, व्यर्थः श्रमप्रजननो न तु मूलभारः
॥३२॥

સિદ્ધિઓ, રસાયન સિદ્ધિ, અઞ્જન સિદ્ધિ અને (સુવર્ણ સિદ્ધિ વિગેરે) ધાતુવાદો તથા ધ્યાનો, મન્ત્રો અને સમાધિ માટેના (આસનાદિનો જય કરવારૂપ) પ્રયોગો, એ સઘળું ચિત્ત જો પ્રસન્ન હોય તો ઝેર તુલ્ય છે. (અર્થાત્ આત્મ-રસનિમગ્ન તૃપ્ત યોગીને એ બાહ્ય સાધનાઓનો લેશ પણ રસ નથી રહેતો ઉલટું આત્માનન્દમાં વિઘ્નભૂત દેખાય છે.) (૩૦)

જેઓ વિષયોના રાગથી આકુળ અનેક સંકલ્પની ચિન્તામાં ડૂબેલા છે તેઓ કદાપિ સત્ય તત્ત્વને પામી (મેળવી) શકતા નથી અને સંસારનાં દુઃખોથી પીડાતા તેઓને સ્વપ્નમાં પણ સમાધિનું સુખ પ્રાપ્ત થતું નથી. (૩૧)

પરમતત્ત્વ (આત્મસુખ)ના માર્ગને જણાવનારો એક જ શ્લોક શ્રેષ્ઠ (બહુ) છે, કિન્તુ જનરઞ્જન માટે કોડો ગ્રન્થોને ભણવા તે શ્રેષ્ઠ નથી. એક જ સંજીવની ઔષધી શ્રેષ્ઠ ઔષધ છે કે જે મરેલાને સજીવન કરે છે, (મરતાને

तावत् सुखेच्छा विषयादिभोगे, यावन् मनः स्वास्थ्यसुखं न वेत्ति ।
लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे, त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ॥३३॥

न देवराजस्य न चक्रवर्तिन–स्तद्वै सुखं रागयुतस्य मन्ये ।
यद्वीतरागस्य मुनेः सदात्म–निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥३४॥

બચાવે છે) એ સિવાયનો શ્રમ દેનારો મૂળીઆંનો ભારો હોય તો પણ તે શ્રેષ્ઠ નથી. અર્થાત્ ગ્રન્થો ભણવા છતાં આત્મસુખનો માર્ગ ન જાણ્યો તો તે ઘણું પણ જ્ઞાન ભારભૂત છે, ભલે ! એક જ શ્લોક ભણ્યો હોય પણ એમાંથી પોતાનું સુખ (તત્ત્વ) જાણ્યું છે તો તે શ્રેષ્ઠ અને ઘણું જ્ઞાન છે. (૩૨)

ત્યાં સુધી જ વિષયાદિ ભોગોના સુખની ઇચ્છા રહે છે કે જ્યાં સુધી મન પોતાની સ્વસ્થતાનું–સ્થિરતાનું (નિર્વિકલ્પ દશાનું) સુખ જાણતું નથી. મનની સ્થિરતાના (નિર્વિકલ્પના) આનન્દનો એક લેશ પણ ચાખે (અનુભવે) તો ત્રણ લોકના સામ્રાજ્યની પણ ઇચ્છા તેને રહેતી નથી. અર્થાત્ ત્રણે જગતના સામ્રાજ્ય જેટલા પણ બાહ્ય (જડ) સુખની અપેક્ષાએ નિર્વિકલ્પ મનના આનન્દનો એક લેશ પણ ઘણું જ સુખ આપે છે. (૩૩)

यथा यथा कार्यशताकुलं वै, कुत्रापि नो विश्रमतीह चित्तम् ।
तथा तथा तत्त्वमिदं दुरापं, हृदि स्थितं सारविचारहीनैः ॥३५॥

शमसुखरसलेशात् द्वेष्यतां संप्रयाता,
विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।
परमसुखमिदं यद् भुज्यतेऽन्तः समाधौ,
मनसि यदि तदा ते शिष्यते किं वदान्यत् ॥३६॥

સ્વર્ગમાં જડસુખના રાગી ઇન્દ્રને કે મનુષ્યલોકમાં છ ખણ્ડના ભોક્તા ચક્રવર્તીને પણ તે સુખ નથી કે સદા આત્મસ્વરૂપમાં રમતા વીતરાગી મુનિને ચિત્ત સ્થિર થવાથી જે સુખ હોય છે. અર્થાત્ વૈરાગીનું નિર્વિકલ્પ ચિત્તનું સુખ ત્રણ જગતના સુખ કરતાં ઘણું જ વધારે છે. (૩૪)

જેમ જેમ સેંકડો કાર્યોમાં આકુળ ચિત્ત કોઇ વિષયમાં શાન્ત થતું નથી. વિકલ્પોની જાળમાં ગૂંથાએલું રહે છે તેમ તેમ તત્ત્વના વિચારથી વઞ્ચિત આત્માઓ હૃદયમાં રહેલા તત્ત્વને–શમસુખને દુર્લભ બનાવે છે, અર્થાત્ નિર્વિકલ્પ મન વિના તત્ત્વનો આનન્દ દુર્લભ છે. (૩૫)

પ્રશમ સુખના રસનો લેશ માત્ર ચાખવાથી અનાદિ કાલીન વિવિધ વિષયોના ભોગની ભિન્ન ભિન્ન અત્યન્ત વાઞ્છાઓ દ્વેષનું પાત્ર બનશે. અર્થાત્ એ વિષયભોગની વાઞ્છાઓ પ્રત્યે તને સહજ ઉપેક્ષા થશે. ત્યારે જ તું સમાધિમાં રમતા તહારા મનમાં પરમ સુખનો રસાસ્વાદ ભોગવીશ.

આટલું કહ્યા પછી હવે તું કહે કે તને બીજી શું શિખામણ આપુ ? (અર્થાત્ નિર્વિકલ્પ પ્રશમ રસ મગ્ન મનમાં સમાધિનો તું જે આનન્દ ભોગવીશ, તે જ સાચો, સ્વાધીન અને નિત્ય આનન્દ હશે તે સિવાય બીજો કોઇ પણ જડસુખનો આનન્દ ઠગારો નિવડશે. આખરે તને દુઃખી કરશે, આથી તને વધારે શું કહું ? અર્થાત્ એ એક જ શિખામણ ઘણી છે.) (૩૬)

॥ ઇતિ હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા સાર્થા સમાપ્તા ॥

आचार्यपुरन्दरमहावादिश्रीसिद्धसेनदिवाकरविरचिता

॥ श्रीवर्द्धमानद्वात्रिंशिका ॥

सदायोगसात्म्यात्समुद्भूतसाम्यः,
प्रभोत्पादितप्राणिपुण्यप्रकाशः ।
त्रिलोकीशवन्द्यस्त्रिकालज्ञनेता,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१॥

ક્ષાયિક ભાવથી ઉત્પન્ન થએલા જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ યોગના તાદાત્મ્યપણાના અનુભવથી જેમનામાં હમ્મેશાં સમપણું રહેલું છે, જેઓએ કેવળજ્ઞાન અને કેવલદર્શનની પ્રભાથી પોતાના શાસનમાં રહેલા પ્રાણીઓને ધર્મનો ઉદ્યોત કરેલો છે, જેઓ ત્રણ લોકના સ્વામી એવા દેવેન્દ્ર, નરેન્દ્ર અને ચમરેન્દ્રોને પણ વાંદવા યોગ્ય છે અને જેઓ મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યવ જ્ઞાનવાળા પુરૂષોના સ્વામી છે, એવા સામાન્ય કેવલીઓને વિષે ઇન્દ્ર તુલ્ય પરમાત્મા **શ્રી વર્ધમાન સ્વામી** એક જ મારી ગતિ હો–મને શરણ થાઓ. (૧)

शिवोऽथादिसंख्योऽथ बुद्धः पुराणः,
पुमानप्यलक्ष्योऽप्यनेकोऽप्यथैकः ।
प्रकृत्याऽऽत्मवृत्याप्युपाधिस्वभावः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२॥

जुगुप्साभयाज्ञाननिद्राविरत्य-
ङ्गभूहास्यशुग्द्वेषमिथ्यात्वरागैः ।
न यो रत्यरत्यन्तरायैः सिषेवे,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥३॥

न यो बाह्यसत्त्वेन मैत्रीं प्रपन्न-
स्तमोभि र्ननो वा रजोभिः प्रणुन्नः ।

ઉપદ્રવ રહિત, પોતાના તીર્થની આદિના કરનાર, તત્ત્વના જાણુનાર, વૃદ્ધ, સર્વ જીવોનું રક્ષણ કરનાર, ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી અલક્ષ્ય, અનન્તપર્યાયાત્મક વસ્તુના જ્ઞાતા હોવાથી અનેક, નિશ્ચય નયથી એક, કર્મપ્રકૃતિ વિગેરેના પરિણામથી ઉપાધિરૂપ છતાં આત્મવૃત્તિ વડે સ્વભાવમય એવા તે જિનેન્દ્ર મારી ગતિરૂપ હો. (૨)

નિન્દા, ભય, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, કામાભિલાષ, હાસ્ય, શોક, દ્વેષ, મિથ્યાત્વ, રાગ, રતિ, અરતિ તથા દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય એ પાંચ અન્તરાય, એ પ્રમાણે અઢાર દોષો વડે જેઓ સેવાતા નથી, તેવા એક જ પરમાત્મા જિનેન્દ્ર મારી ગતિરૂપ હો. (૩)

त्रिलोकीपरित्राणनिस्तन्द्रमुद्रः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥४॥
हृषीकेश ! विष्णो ! जगन्नाथ ! जिष्णो !,
मुकुन्दाच्युत ! श्रीपते ! विश्वरूप ! ।
अनन्तेति संबोधितो यो निराशैः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥५॥
पुराऽनङ्गकालारिराकाशकेशः,
कपाली महेशो महाव्रत्युमेशः ।
मतो योऽष्टमुर्त्तिः शिवो भूतनाथः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥६॥

જે પ્રભુ બાહ્ય સત્ત્વ એટલે લૌકિક સત્ત્વ ગુણની સાથે મૈત્રીને પ્રાપ્ત થયા નથી, જેઓ અજ્ઞાનરૂપ અન્ધકારથી તેમજ રજોગુણથી પણ પ્રેરાએલા નથી, તથા ત્રણે લોકની રક્ષા કરવામાં જેમની મૂર્તિ આળસ રહિત છે, તે એક જ શ્રીજિનેન્દ્ર મારી ગતિરૂપ થાઓ. (૪)

હે ઇન્દ્રિયોના નિયન્તા ! હે લોકાલોકમાં વ્યાપ્ત જ્ઞાનવાળા ! હે જગતમાં રહેલા ભવ્ય પ્રાણીઓના નાથ ! હે રાગદ્વેષને જીતનાર ! હે પાપથી મૂકાવનાર ! હે સ્ખલના રહિત ! હે કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીના પતિ ! હે અસંખ્યાત પ્રદેશે અનાવૃત સ્વરૂપવાળા ! હે અનન્ત ! આ પ્રમાણે સંબોધન આપી આશા રહિત (નિષ્કામ) એવા પુરૂષોએ જેઓને સંબોધિત કરેલા છે, એવા શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ હો. (૫)

विधिब्रह्मलोकेशशंभुस्वयंभू-
चतुर्वक्त्रमुख्याभिधानां विधानाम् ।
ध्रवोऽथो य ऊचे जगत्सर्गहेतुः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥७॥

न शूलं न चापं न चक्रादि हस्ते,
न हास्यं न लास्यं न गीतादि यस्य ।
न नेत्रे न गात्रे न वक्त्रे विकारः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥८॥

પૂર્વે ક્ષપક શ્રેણિમાં આરૂઢ થયા ત્યારથી જેઓ કામદેવરૂપી મલિન શત્રુના વૈરી છે, જેઓ લેાકાકાશરૂપી પુરૂષાકારના મસ્તકે રહેલી સિદ્ધશિલા ઉપર સ્થાન કરનારા છે, જેઓ બ્રહ્મચર્યને પાળનારા છે, જેઓ મહાન્ ઐશ્વર્યના ભેાક્તા છે, જેઓ મહાવ્રતને ધરનારા છે, જેઓ કેવલજ્ઞાન-કેવલદર્શનરૂપ પાર્વતીના પતિ છે, જેઓ અષ્ટકર્મના ક્ષયથી અષ્ટગુણરૂપી મૂર્તિઓવાળા છે, જેઓ કલ્યાણરૂપ છે તથા જેઓ સર્વ પ્રાણીઓના નાથ છે તે પરમાત્મા જિનેન્દ્ર એક જ મારી ગતિ હેા. (૬)

જગતના ભવ્ય પ્રાણીઓને મેાક્ષમાર્ગ આપવામાં નિશ્ચલ હેતુરૂપ એવા જે પ્રભુ, વિધિ, બ્રહ્મા, લેાકેશ, શંભુ, સ્વયંભૂ અને ચતુર્મુખ વિગેરે નામેાના કારણરૂપ છે, તે જિનેન્દ્ર એક જ મારી ગતિરૂપ થાઓ. (૭)

જેના હાથમાં ત્રિશૂલ, ધનુષ્ય અને ચક્રાદિ આયુધેા

न पक्षी न सिंहो वृषो नापि चापं,
न रोषप्रसादादिजन्मा विडम्बः ।
न निन्द्यैश्चरित्रैर्जने यस्य कम्पः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥९॥

न गौरी न गङ्गा न लक्ष्मीर्यदीयम्,
वपुर्वा शिरो वाऽप्युरो वा जगाहे ।
यमिच्छाविमुक्तं शिवश्रीस्तु भेजे,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१०॥

નથી, જેને હાસ્ય, નૃત્ય અને ગીતાદિનું કરવાપણું નથી અને જેના નેત્રમાં ગાત્રમાં કે મુખમાં વિકાર નથી, તે પરમાત્મા શ્રીજિનેન્દ્ર એક જ મારી ગતિ થાઓ. (૮)

જે ભગવન્તને પક્ષી, સિંહ તથા વૃષભના વાહન નથી, તેમ પુષ્પનું ધનુષ્ય પણ નથી, જેમને રોષ તથા પ્રસન્નતાથી થએલી વિડમ્બના નથી અને નિન્દવા યોગ્ય ચરિત્રોથી જેમને લોકમાં ભય નથી, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ હો. (૯)

જેમના શરીર ઉપર ગૌરી (પાર્વતી) બેઠાં નથી, જેમના મસ્તકમાં ગઙ્ગા રહી નથી અને જેમના વક્ષ-સ્થલમાં લક્ષ્મી વસેલાં નથી, કિન્તુ ઇચ્છાઓથી મુક્ત એવા જે પ્રભુને મોક્ષ લક્ષ્મી ભજે છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૧૦)

जगत्संभवस्थेमविध्वंसरूपै-
रलीकेन्द्रजालैर्न यो जीवलोकम् ।
महामोहकूपे निचिक्षेप नाथः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥११॥

समुत्पत्तिविध्वंसनित्यस्वरूपा,
यदुत्था त्रिपद्येव लोके विधित्वम् ।
हरत्वं हरित्वं प्रपेदे स्वभावैः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१२॥

त्रिकालत्रिलोकत्रिशक्तित्रिसन्ध्य-
त्रिवर्गत्रिदेवत्रिरत्नादिभावैः ।
यदुक्ता त्रिपद्येव विश्वानि वव्रे,
स एकः परात्मा गति र्मे जिनेन्द्रः ॥१३॥

જે પ્રભુએ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરૂપ ખોટી ઇન્દ્રજાલો વડે આ લોકને મહામોહરૂપી કુવામાં નાખ્યો નથી, તે એક જ પરમાત્મા શ્રીજિનેન્દ્ર પ્રભુ મારી ગતિ થાઓ. (૧૧)

જે તીર્થંકર પ્રભુથી પ્રગટ થએલી ઉત્પત્તિ, વિનાશ અને નિત્યત્વ (ધ્રુવત્વ) રૂપ ત્રિપદી જ આ લોકમાં સ્વભાવથી બ્રહ્મપણાને, શિવપણાને અને વિષ્ણુપણાને પ્રાપ્ત થયેલી છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિરૂપ થાઓ. (૧૨)

જે ભગવન્તે પ્રતિપાદન કરેલી ત્રિપદી જ ત્રિકાલ,

यदाज्ञा त्रिपद्येव मान्या ततोऽसौ,
तदस्त्येव नो वस्तु यन्नाधितिष्ठौ ।
अतो ब्रूमहे वस्तु यत्तद्यदीयम्,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१४॥

न शब्दो न रूपं रसो नापि गन्धो,
न वा स्पर्शलेशो न वर्णो न लिङ्गम् ।
न पूर्वापरत्वं न यस्यास्ति संज्ञा,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१५॥

ત્રિલોક, ત્રિશક્તિ, ત્રિસન્ધ્યા, ત્રિવર્ગ, ત્રિદેવ અને ત્રિરત્ન વિગેરે ભાવો વડે સર્વ વિશ્વને વરેલી છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૧૩)

જે ભગવતની આજ્ઞા ત્રિપદી જ છે અને તેથી કરીને એ ત્રિપદી માનવા યોગ્ય છે. જે વસ્તુ ત્રિપદીથી વ્યાપ્ત છે તે જ વસ્તુ છે અને જે ત્રિપદીથી અધિષ્ઠિત નથી તે વસ્તુ પણ નથી. એ માટે અમે કહીએ છીએ કે જે વસ્તુ છે તે ત્રિપદીમય છે, તે (ત્રિપદીના પ્રરૂપક) એવા શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ હો. (૧૪)

જે શ્રીજિનેન્દ્ર પ્રભુને શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ એ પાંચ વિષયો નથી, જે પ્રભુને શ્વેતાદિ વર્ણ કે આકાર નથી, જેમને સ્ત્રી, પુરૂષ કે નપુંસક લિઙ્ગ નથી, જેઓને આ પહેલો કે આ બીજો એવું પૂર્વાપરપણું નથી

छिदा नो भिदा नो न क्लेदो न खेदो,
न शोषो न दाहो न तापादिरापत् ।
न सौख्यं न दुखं न यस्याति वाञ्छा,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१६॥

न योगा न रोगा न चोद्वेगवेगाः,
स्थितिर्नो गतिर्नो न मृत्युर्न जन्म ।
न पुण्यं न पापं न यस्यास्ति बन्धः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१७॥

તથા જેઓને સંજ્ઞા નથી, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ હો. (૧૫)

જે ભગવન્તને શસ્ત્રાદિકથી છેદ નથી, કરવત વિગેરેથી ભેદ નથી, જલાદિકથી ક્લેદ નથી, ખેદ નથી, શોષ નથી, દાહ નથી, તાપ વિગેરે આપત્તિ નથી, સુખ નથી, દુઃખ નથી, વાઞ્છા નથી, તે એક જ શ્રીજિનેન્દ્ર મારી ગતિ થાઓ. (૧૬)

જે પ્રભુને મન, વચન, કાયાના યોગ નથી, જ્વરાદિ રોગો નથી અને ચિત્તમાં ઉદ્વેગના વેગ નથી. વળી જે ભગવન્તને આયુષ્યની સ્થિતિ (મર્યાદા) નથી, પરભવમાં ગતિ (ગમન) નથી, મૃત્યુ નથી, ચોરાશી લાખ જીવાયોનિમાં જન્મ-અવતાર નથી, પુણ્ય નથી, પાપ નથી કે બન્ધ નથી, તે એક જ શ્રીજિનેન્દ્ર મારી ગતિ થાઓ. (૧૭)

तपः संयमः सूनृतं ब्रह्म शौचं,
मृदुत्वार्जवाकिंचनत्वानि मुक्तिः ।
क्षमैवं यदुक्तो जयत्येव धर्मः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१८॥

अहो विष्टपाधारभूता धरित्री,
निरालम्बनाधारमुक्ता यदास्ते ।
अचिन्त्यैव यद्धर्मशक्तिः परा सा,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१९॥

न चाम्भोधिराप्लावयेद् भूतधात्रीं,
समाश्वासयत्येव कालेऽम्बुवाहः ।
यदुद्भूतसद्धर्मसाम्राज्यवश्यः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२०॥

જેમનો કહેલો તપ, સંયમ, સત્યવચન, બ્રહ્મચર્ય, અચૌર્ય, નિરભિમાનિપણું, આર્જવ (સરલતા), અપરિગ્રહ, મુક્તિ, (નિર્લોભતા) અને ક્ષમા એ દશ પ્રકારનો ધર્મ જયવન્તો વર્તે છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૧૮)

અહો ! જે ભગવન્તના ધર્મની શક્તિ અચિન્ત્ય અને ઉત્કૃષ્ટ છે કે જેનાથી ભુવનના આધારરૂપ આ પૃથ્વી આલમ્બન વગર અને આધાર વગર રહેલી છે, તે શ્રીજિનેન્દ્ર પરમાત્મા એક જ મારી ગતિ થાઓ. (૧૯)

न तिर्यग् ज्वलत्येव यद् ज्वालजिह्वो,
यदूर्ध्वं न वाति प्रचण्डो नभस्वान् ।
स जागर्ति यद्धर्मराजप्रतापः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२१॥

इमौ पुष्पदन्तौ जगत्यत्र विश्वो-
पकाराय दिष्ट्योदयेते वहन्तौ ।
ऊरीकृत्य यत्तुर्यलोकोत्तमाज्ञां,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२२॥

अवत्येव पातालजम्बालपातात्,
विधायापि सर्वज्ञलक्ष्मीनिवासान् ।

જે ભગવન્તથી પ્રગટ થયેલા સદ્ધર્મના સામ્રાજ્યને વશ થએલો સમુદ્ર આ પૃથ્વીને ડૂબાવતો નથી અને મેઘ યોગ્ય કાળે વરસ્યા કરે છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૨૦)

જે ભગવન્તના ધર્મરાજાનો પ્રતાપ એવો જાગ્રત છે કે જેથી અગ્નિ તિર્છો પ્રજ્વલિત થતો નથી અને પ્રચણ્ડ વાયુ ઊર્ધ્વપણે વાતો નથી, તે શ્રીજિનેન્દ્ર ભગવન્ત એક જ મારી ગતિ હો. (૨૧)

જે લોકોત્તમ પ્રભુની આજ્ઞાને અંગીકાર કરી વહન કરતા એવા સૂર્ય અને ચન્દ્ર આ જગતમાં વિશ્વના ઉપકારને માટે સુભાગ્યથી ઉદય પામે છે, તે એક જ પરમાત્મા શ્રીજિનેન્દ્ર પ્રભુ મારી ગતિ થાઓ. (૨૨)

यदाज्ञाविधित्साश्रितानङ्गभाजः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२३॥

सुपर्वद्रुचिन्तामणिकामधेनु-
प्रभावा नृणां नैव दूरे भवन्ति ।
चतुर्थे यदुत्थे शिवे भक्तिभाजां,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२४॥

कलिव्यालवह्निग्रहव्याधिचौर-
व्यथावारणव्याघ्रवीथ्यादिविघ्नाः ।
यदाज्ञाजुषां युग्मिनां जातु न स्युः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२५॥

જે ભગવન્તની આજ્ઞા, તેનું પાલન કરવાની ઇચ્છાવાળા પ્રાણીઓને સર્વજ્ઞલક્ષ્મીના નિવાસરૂપ (અશરીરી) બનાવીને નરકનિગોદાદિ કાદવના પાતથી બચાવે છે, તે શ્રીસર્વજ્ઞ જિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૨૩)

જે ભગવન્તથી પ્રગટ થએલા ચોથા લોકોત્તર (મુક્તિરૂપી ભાવ) કલ્યાણને વિષે ભક્તિવાળા એવા ભવ્ય પ્રાણીઓને કલ્પવૃક્ષ, ચિન્તામણિ અને કામધેનુના પ્રભાવો પણ દૂર નથી, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૨૪)

જે પ્રભુની આજ્ઞાને સેવન કરનારા સ્ત્રી પુરૂષ રૂપી જોડલાઓને ક્લેશ, સર્પભય, અગ્નિભય, ગ્રહપીડા, રોગ, ચોરનો ઉપદ્રવ, હસ્તીનો ભય અને વ્યાઘ્રની શ્રેણિ અથવા

अबन्धस्तथैकः स्थितो वा क्षयी वा–
ऽप्यसद्वा मतो यैर्जडैः सर्वथाऽऽत्मा ।
न तेषां विमूढात्मनां गोचरो यः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२६॥

नवा दुःखगर्भे नवा मोहगर्भे,
स्थिता ज्ञानगर्भे तु वैराग्यतत्त्वे ।
यदाज्ञानिलीना ययुर्जन्मपारं,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२७॥

विहायाश्रवं संवरं संश्रयैव,
यदाज्ञा पराऽभाजि यैर्निर्विशेषैः ।

વાઘ અને માર્ગનો ભય ઇત્યાદિ વિઘ્નો કદી પણ થતાં નથી, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ હો. (૨૫)

જે જડ લોકો આત્માને સર્વથા કર્મ બન્ધ રહિત, એક, સ્થિર, વિનાશી કે અસત્ માને છે, તેવા મૂઢ પુરૂષોને જે પ્રભુ ગોચર (જ્ઞાન વિષય) થતા નથી, તે શ્રીજિનેન્દ્ર પરમાત્મા એક જ મારી ગતિ થાઓ. (૨૬)

જે પ્રભુની આજ્ઞા દુઃખગર્ભ વૈરાગ્યમાં કે મોહગર્ભ વૈરાગ્યમાં નથી કિન્તુ જ્ઞાનગર્ભ વૈરાગ્ય તત્ત્વમાં રહેલી છે તથા જેમની આજ્ઞામાં લીન થએલા જીવો જન્મમરણરૂપ સંસાર સમુદ્રના પારને પામી ગયા છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ હો. (૨૭)

स्वकस्तैरकार्येव मोक्षो भवो वा,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२८॥
शुभध्याननीरैरूरीकृत्य शौचं,
सदाचारदिव्यांशुकभूषिताङ्गाः ।
बुधाः केचिदर्हन्ति यं देहगेहे,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥२९॥
दयासूनृतास्तेयनिःसंगमुद्रा–
तपोज्ञानशीलैर्गुरूपास्तिमुख्यैः ।
सुमैरष्टभिर्योऽर्च्यते धाम्नि धन्यैः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥३०॥

જે નિર્વિશેષ (સામાન્ય) પુરૂષોએ, 'હે જીવ ! તું આશ્રવને છોડીને સંવરનો આશ્રય કર' એવી જે પ્રભુની ઉત્કૃષ્ટ આજ્ઞાને સેવેલી છે, તે પુરૂષોએ પોતાનો ભવ–જન્મ મોક્ષરૂપ કર્યો છે–જીવન મુક્ત દશા પ્રાપ્ત કરી છે, એવા તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૨૮)

કોઈ પણ્ડિત પુરૂષો શુભધ્યાનરૂપ જળથી પવિત્ર થઈ, સદાચારરૂપી દિવ્ય વસ્ત્રોથી અઙ્ગને અલંકૃત કરી, પોતાના શરીરરૂપ મન્દિરમાં જે પ્રભુના સ્વરૂપની પૂજા કરે છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૨૯)

ધન્ય પુરૂષો દયા, સત્ય, અચૌર્ય, નિઃસંગમુદ્રા, તપ, જ્ઞાન, શીલ અને ગુરૂની ઉપાસનારૂપ આઠ પુષ્પોથી જે ભગવન્તનું જ્ઞાનજ્યોતિમાં પૂજન કરે છે, તે શ્રીજિનેન્દ્ર પરમાત્મા એક જ મારી ગતિ હો. (૩૦)

महार्चिर्धनेशो महाज्ञो महेन्द्रो,
महाशान्तिभर्ता महासिद्धसेनः ।
महाज्ञानवान् पावनीमूर्त्तिरर्हन्,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥३१॥

महाब्रह्मयोनिर्महासत्त्वमूर्ति–
र्महाहंसराजो महादेवदेवः ।
महामोहजेता महावीरनेता,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥३२॥

જે અર્હન્ પરમજ્યોતિવાળા છે, કુબેર–આત્મઋદ્ધિના સ્વામી છે, મહાન્ આજ્ઞાવાળા છે, મહેન્દ્ર–પરમૈશ્વર્યના ભોક્તા છે, મહા શાન્તરસના નાયક છે, મહાન્ સિદ્ધોની–સિદ્ધના પર્યાયોની સંતતિવાળા છે, મહા જ્ઞાની–કેવળજ્ઞાની છે અને પાવની–પવિત્ર કરનારી મૂર્તિવાળા છે, તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિરૂપ થાઓ. (૩૧)

જે ભગવન્ત પરબ્રહ્મના ઉત્પત્તિ સ્થાન છે, જેઓ મહાન્ ધૈર્યની મૂર્તિ છે, મહાન્ ચૈતન્યના રાજા છે, ચાર નિકાયના કર્મોપાધિવાળા મહાન્ દેવોના પણ દેવ છે, મહા મોહને જીતનારા છે અને મહાવીર (કર્મને હણવામાં મોટા સુભટ)ના પણ સ્વામી છે તે શ્રીજિનેન્દ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. (૩૨)

(उपसंहारकाव्यम्)

शार्दूलविक्रीडितम्

इत्थं ये परात्मरूपमनिशं श्रीवर्द्धमानं जिनम्,
वन्दन्ते परमार्हतास्त्रिभुवने शान्तं परं दैवतम्।
तेषां सप्त भियः क्व सन्ति दलितं दुःखं चतुर्धाऽपि तै-
र्मुक्तैर्यत् सुगुणानुपेत्य वृणते ताश्चक्रिशक्रश्रियः ॥१॥

આ પ્રમાણે જે પરમ શ્રાવકો હમ્મેશાં ત્રણ ભુવનમાં શાન્ત પરમાત્મસ્વરૂપ અને પરમદૈવ એવા શ્રીવર્ધમાન પ્રભુને વન્દના કરે છે, તે શ્રાવકોને સાત પ્રકારના ભય ક્યાંથી જ રહે ? વળી તેઓ મુક્ત થઈ ચાર પ્રકારના દુઃખને દલી નાખે છે અને અનન્ત ચતુષ્ટયાદિ ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરી ચક્રવર્તી અને મોક્ષ પર્યન્તની લક્ષ્મીઓને પણ વરે છે.

॥ ઇતિ શ્રીવર્દ્ધમાનદ્વાત્રિંશિકા સાર્થા સમાપ્તા ॥

कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचिता

॥ अयोगव्यवच्छेदिका ॥

अगम्यमध्यात्मविदामवाच्यं,
वचस्विनामक्षवतां परोक्षम् ।
श्रीवर्धमानाभिधमात्मरूप–
महं स्तुतेर्गोचरमानयामि ॥१॥

स्तुतावशक्तिस्तव योगिनां न किं,
गुणानुरागस्तु ममापि निश्चलः ।
इदं विनिश्चित्य तव स्तवं वदन्,
न बालिशोऽप्येष जनोऽपराध्यति ॥२॥

હું અધ્યાત્મવેત્તાઓને અગમ્ય, પણ્ડિતોને અનિર્વચનીય અને ઇન્દ્રિયજ્ઞાનવાળાઓને પરોક્ષ એવા પરમાત્મ સ્વરૂપ શ્રીવર્ધમાન સ્વામીને મારી સ્તુતિનો વિષય કરું છું. (૧)

હે ભગવન્ ! આપની સ્તુતિ કરવામાં શું યોગી પુરૂષો પણ અસમર્થ નથી ? (અસમર્થ હોવા છતાં પણ આપના ગુણો ઉપરના અનુરાગથી જ યોગી પુરૂષોએ જેમ આપની સ્તુતિ કરી છે તેમ) મારા મનમાં પણ આપના ગુણો ઉપર દૃઢ અનુરાગ છે; એ કારણે મારા જેવો મૂર્ખ માણસ આપની સ્તુતિ કરવા છતાં અપરાધી નથી. (૨)

क्व सिद्धसेनस्तुतयो महार्था,
अशिक्षितालापकला क्व चैषा ।
तथापि यूथाधिपतेः पथिस्थः,
स्खलद्गतिस्तस्य शिशुर्न शोच्यः ॥३॥

जिनेन्द्र ! यानेव विबाधसे स्म,
दुरन्तदोषान् विविधैरुपायैः
त एव चित्रं त्वदसूययेव,
कृताः कृतार्थाः परतीर्थनाथैः ॥४॥

यथास्थितं वस्तु दिशन्नधीश !
न तादृशं कौशलमाश्रितोऽसि ।

ગમ્ભીર અર્થવાળી શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિની સ્તુતિઓ ક્યાં અને અભ્યાસ વિના બોલવાની મારી આ કળા ક્યાં ? તો પણ મોટા હાથીઓના માર્ગ ઉપર ચાલનારૂં હાથીનું બચ્ચું સ્ખલના પામવા છતાં પણ જેમ શોચનીય નથી, તેવી રીતે હું પણ (સિદ્ધસેન જેવા મહાન્ આચાર્યોનું અનુકરણ કરવા જતાં સ્ખલના પામું તો પણ) શોચનીય નથી. (૩)

હે જિનેન્દ્ર ! જે દુરન્ત દોષોનો આપે વિવિધ ઉપાયો વડે નાશ કર્યો છે, આશ્ચર્ય છે કે તે જ દોષોનો અન્ય મતના દેવોએ આપના ઉપરની ઇર્ષ્યાથી જ જાણે સ્વીકાર કરી લીધો છે. (૪)

तुरङ्गशृङ्गाण्युपपादयद्भ्यो,
नमः परेभ्यो नवपण्डितेभ्यः ॥५॥
जगन्त्यनुध्यानबलेन शश्वत्,
कृतार्थयत्सु प्रसभं भवत्सु ।
किमाश्रितोऽन्यैः शरणं त्वदन्यः,
स्वमांसदानेन वृथा कृपालुः ॥६॥
स्वयं कुमार्गग्लपिता नु नाम,
प्रलम्भमन्यानपि लम्भयन्ति ।
सुमार्गगं तद्विदमादिशन्त–
मसूययान्धा अवमन्वते च ॥७॥

હે સ્વામિન્ ! આપે પદાર્થોનું યથાસ્થિત વર્ણન કર્યું છે, તેથી આપે અન્ય મતાવલમ્બીઓની માફક કંઈ કુશળતા બતાવી નથી. ઘોડાના શીંગડાની સમાન અસંભવિત વસ્તુઓને જન્મ આપનાર–ઉપપાદન કરનાર અન્ય મતના નવા પણ્ડિતોને અમે નમસ્કાર કરીએ છીએ. (૫)

હે પુરૂષોત્તમ ! ધ્યાનરૂપ ઉપકાર વડે ત્રણે જગતને હમ્મેશાં કૃતાર્થ કરનારા એવા આપ રહેતે છતે પણ અન્ય વાદીઓએ પોતાના માંસનું દાન કરીને દયાળુ કહેવડાવનારાઓનું શરણ કેમ સ્વીકાર્યું છે ? તે સમજાતું નથી. (આ કટાક્ષ બુદ્ધની ઉપર કરવામાં આવ્યો છે.) (૬)

ઇર્ષ્યાથી અન્ધ બનેલા પુરૂષો પોતે કુમાર્ગમાં મગ્ન બનીને બીજાઓને પણ કુમાર્ગમાં લઇ જાય છે તથા

प्रादेशिकेभ्यः परशासनेभ्यः,
पराजयो यत्तव शासनस्य ।
खद्योतपोतद्युतिडम्बरेभ्यो,
विडम्बनेयं हरिमण्डलस्य ॥८॥
शरण्य ! पुण्ये तव शासनेऽपि,
संदेग्धि यो विप्रतिपद्यते वा ।
स्वादौ स तथ्ये स्वहिते च पथ्ये,
संदेग्धि वा विप्रतिपद्यते वा ॥९॥
हिंसाद्यसत्कर्मपथोपदेशा-
दसर्वविन्मूलतया प्रवृत्तेः ।
नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च,
ब्रूमस्त्वदन्यागममप्रमाणम् ॥१०॥

સુમાર્ગમાં ચાલનારાઓનું, સુમાર્ગના જાણનારાઓનું અને સુમાર્ગના ઉપદેશકોનું અપમાન કરે છે, તે મોટા ખેદની વાત છે. (૭)

હે પ્રભુ ! વસ્તુના અંશમાત્રને ગ્રહણ કરનારા બીજા દર્શનો દ્વારા આપના મતનો પરાજય તે એક નાના આગીઆના પ્રકાશથી સૂર્યમણ્ડલનો પરાભવ કરવા સમાન છે. (૮)

હે શરણાગતને આશ્રય આપનારા ! જે લોકો આપના પવિત્ર શાસનમાં પણ શઙ્કા અથવા વિવાદ કરે છે, તેઓ ખરેખર સ્વાદિષ્ઠ અનુકૂળ અને હિતકારક ભોજનમાં શઙ્કા અને વિવાદ કરે છે. (૯)

हितोपदेशात् सकलज्ञकल्पते–
मुमुक्षुसत्साधुपरिग्रहाच्च ।
पूर्वापरार्थेऽप्यविरोधसिद्धे–
स्त्वदागमा एव सतां प्रमाणम् ॥११॥

क्षिप्येत वान्यैः सदृशीक्रियेत वा,
तवाङ्घ्रिपीठे लुठनं सुरेशितुः ।
इदं यथावस्थितवस्तुदेशनं,
परैः कथंकारमपाकरिष्यते ? ॥१२॥

હે ભગવન્ ! તારાથી અન્યનાં આગમો હિંસા આદિ અસત્ય કર્મોનો ઉપદેશ કરનારાં હોવાથી, અસર્વજ્ઞનાં કહેલાં હોવાથી તથા નિર્દય અને દુર્બુદ્ધિ લોકોએ ગ્રહણ કરેલાં હોવાથી તે પ્રમાણભૂત નથી. (૧૦)

હે ભગવન્ ! હિતનો ઉપદેશ કરનાર હોવાથી, સર્વજ્ઞ કથિત હોવાથી, મુમુક્ષુ અને ઉત્તમ સાધુ પુરૂષોએ અઙ્ગીકાર કરેલાં હોવાથી અને પૂર્વાપર પદાર્થોને વિષે વિરોધ રહિત હોવાથી આપનાં આગમો જ સત્પુરૂષોને પ્રમાણ છે. (૧૧)

હે જિનેશ્વર ! અન્ય વાદીઓ આપના ચરણ કમળમાં ઇન્દ્રના નમસ્કારની વાત ભલે ન માને અથવા પોતાના ઇષ્ટદેવોમાં તેની કલ્પના કરીને આપની બરાબરી ભલે કરે, પરન્તુ વસ્તુના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરવાના આપના ગુણનો અપલાપ તેઓ કેવી રીતે કરી શકશે ? (૧૨)

तद्दुःषमाकालखलायितं वा,
पचेलिमं कर्म भवानुकूलम् ।
उपेक्षते यत्तव शासनार्थ–
मयं जनो विप्रतिपद्यते वा ॥१३॥

परःसहस्राः शरदस्तपांसि,
युगान्तरं योगमुपासतां वा ।
तथापि ते मार्गमनापतन्तो,
न मोक्ष्यमाणा अपि यान्ति मोक्षम् ॥१४॥

अनाप्तजाड्यादिविनिर्मितित्व–
संभावनासंभविविप्रलम्भाः ।
परोपदेशाः परमाप्तकल्प्त–
पथोपदेशे किमु संरभन्ते ? ॥१५॥

હે ભગવન્ ! જે લોકો આપના શાસનની ઉપેક્ષા કરે છે અથવા તેમાં વિવાદ કરે છે,તે લોકો આ પાંચમા આરાના પ્રભાવથી જ એમ કરે છે અથવા ભવ ભ્રમણને અનુકૂલ તેમના અશુભ કર્મનો ઉદય છે, એમ સમજવું જોઇએ. (૧૩)

હે ભગવન્ ! ભલે અન્ય મતવાળા હજારો વરસ સુધી તપ કરે અથવા યુગાન્તરો સુધી યોગનો અભ્યાસ કરે; તો પણ આપના માર્ગનું અવલમ્બન લીધા સિવાય મોક્ષની ઇચ્છા હોવા છતાં તેઓનો મોક્ષ થઈ શકતો નથી. (૧૪)

यदार्जवादुक्तमयुक्तमन्यै–
स्तदन्यथाकारमकारि शिष्यैः ।
न विप्लवोऽयं तव शासनेऽभू–
दहो अधृष्या तव शासनश्रीः ॥१६॥
देहाद्ययोगेन सदाशिवत्वं,
शरीरयोगादुपदेशकर्म ।
परस्परस्पर्धि कथं घटेत ?
परोपकल्पितेष्वधिदैवतेषु ॥१७॥

હે દેવાધિદેવ ! અનાપ્તોની મન્દબુદ્ધિથી રચાયેલા અને વિસંવાદથી ભરેલા અન્યના ઉપદેશો, પરમ આપ્તદ્વારા પ્રતિપાદન કરાયેલા આપના ઉપદેશોની આગળ કેવી રીતે ટકી શકે ? (૧૫)

અન્ય મતાવલમ્બીઓના ગુરૂઓએ સરળ ભાવથી જે કંઈ અયોગ્ય કથન કર્યું હતું તેને, તેમના શિષ્યોએ ઉલટી રીતે પ્રતિપાદન કર્યું. હે ભગવન્ ! એ જાતિનો વિપ્લવ આપના શાસનમાં થયો નથી. અહો ! આપના શાસનની લક્ષ્મી અધૃષ્ય (કોઇથી પણ પરાભવ ન પમાડી શકાય તેવી) છે. (૧૬)

હે વીતરાગ ! શરીરાદિના અયોગથી સદાશિવપણું અને શરીરાદિના યોગથી ઉપદેશ કર્મ, એ બે પરસ્પર વિરોધી ધર્મો અન્યોએ કલ્પેલા દેવોમાં કેવી રીતે ઘટી શકે તેમ છે ? અર્થાત્ કોઈ પણ પ્રકારે ઘટી શકે તેમ નથી. (૧૭)

प्रागेव देवान्तरसंश्रितानि,
रागादिरूपाण्यवमान्तराणि ।
न मोहजन्यां करुणामपीश !,
समाधिमाध्यस्थ्ययुगाश्रितोऽसि ॥१८॥

जगन्ति भिन्दन्तु सृजन्तु वा पुन-
र्यथा तथा वा पतयः प्रवादिनाम् ।
त्वदेकनिष्ठे भगवन् भवक्षय-
क्षमोपदेशे तु परं तपस्विनः ॥१९॥

वपुश्च पर्यङ्कशयं श्लथं च,
दृशौ च नासानियते स्थिरे च ।
न शिक्षितेयं परतीर्थनाथै-
र्जिनेन्द्र ! मुद्रापि तवान्यदास्ताम् ॥२०॥

રાગાદિરૂપ દોષોએ પહેલેથી જ અન્ય દેવોનો આશ્રય લીધેલો છે. હે અધીશ ! સમાધિ તથા મધ્યસ્થપણાને ભજવાવાળા આપે મોહજન્ય કરુણાનો પણ આશ્રય લીધો નથી. (૧૮)

હે ભગવન્ ! અન્યમતના દેવો ભલે જે તે પ્રકારે જગતનો પ્રલય કરે અથવા જગતની ઉત્પત્તિ કરે, પરન્તુ સંસારનો નાશ કરવાને સમર્થ ઉપદેશ આપવામાં આપની સરખામણીમાં તેઓ બિચારા રહ્યા છે. (૧૯)

હે જિનેન્દ્ર ! આપના અન્ય ગુણોનું ધારણ કરવું તો દૂર રહ્યું, પરન્તુ અન્ય દેવો પર્યંકાસનવાળી, અક્કડતા

यदीयसम्यक्त्वबलात् प्रतीमो,
भवादृशानां परमस्वभावम् ।
कुवासनापाशविनाशनाय,
नमोऽस्तु तस्मै तव शासनाय ॥२१॥
अपक्षपातेन परीक्षमाणा,
द्वयं द्वयस्याप्रतिमं प्रतीमः ।
यथास्थितार्थप्रथनं तवैत-
दस्थाननिर्बन्धरसं परेषाम् ॥२२॥
अनाद्यविद्योपनिषन्निषण्णै-
र्विगृह्यलैश्चापलमाचरद्भिः ।
अमूढलक्ष्योऽपि पराक्रिये य-
त्त्वत्किङ्करः किं करवाणि देव ! ॥२३॥

રહિત શરીરવાળી અને નાસિકા ઉપર સ્થિર દૃષ્ટિવાળી આપની મુદ્રા પણ શીખ્યા નથી. (૨૦)

હે વીતરાગ ! જેના સમ્યક્પણાના બળથી આપ જેવાના શુદ્ધ સ્વરૂપનું અમે યથાર્થ દર્શન કરી શક્યા છીએ, તે કુવાસનારૂપી બન્ધનનો નાશ કરનાર આપના શાસનને અમારો નમસ્કાર થાઓ. (૨૧)

હે ભગવન્ ! જ્યારે અમે નિષ્પક્ષ થઈને પરીક્ષા કરીએ છીએ, ત્યારે બન્નેની બન્ને વસ્તુઓ અપ્રતિમ ભાસે છે. આપનું યથાર્થરૂપે વસ્તુનું પ્રતિપાદન અને અન્યોનો પદાર્થોને ઉલટી રીતે કથન કરવાનો આગ્રહ. (૨૨)

विमुक्तवैरव्यसनानुबन्धाः,
श्रयन्ति यां शाश्वतवैरिणोऽपि ।
परैरगम्यां तव योगिनाथ !,
तां देशनाभूमिमुपाश्रयेऽहम् ॥२४॥

मदेन मानेन मनोभवेन,
क्रोधेन लोभेन च संमदेन ।
पराजितानां प्रसभं सुराणां,
वृथैव साम्राज्यरुजा परेषाम् ॥२५॥

स्वकण्ठपीठे कठिनं कुठारं,
परे किरन्तः प्रलपन्तु किञ्चित् ।

હે દેવ ! અનાદિ અવિદ્યાના રહસ્યમાં ખૂંચેલા, ઉચ્છૃંખલ અને ચાપલ્યથી ભરેલા એવા પુરૂષો વડે અમૂઢ લક્ષ્યવાળો (લક્ષ્યમાં મૂઢ નહિ બનેલો) પણ આ તારો સેવક હું તિરસ્કૃત થાઉં છું, તો હવે હું શું કરૂં ? (૨૩)

હે યોગીઓના નાથ ! સ્વભાવથી જ વૈરી એવા પ્રાણીઓ પણ વૈરભાવ છોડી દઈને બીજાઓ વડે અગમ્ય એવા આપના જે સમવસરણનો આશ્રય લે છે, તે દેશના (સમવસરણ) ભૂમિનો હું પણ આશ્રય લઉં છું. [૨૪]

હે પ્રભુ ! મદ, માન, કામ, ક્રોધ, લોભ અને રાગથી અત્યન્ત પરાજિત થએલા અન્ય દેવોનો સામ્રાજ્ય રોગ–પ્રભુતાની વ્યથા બીલકુલ નકામી છે. (૨૫)

मनीषिणां तु त्वयि वीतराग !
न रागमात्रेण मनोऽनुरक्तम् ॥२६॥
सुनिश्चितं मत्सरिणो जनस्य,
न नाथ ! मुद्रामतिशेरते ते ।
माध्यस्थ्यमास्थाय परीक्षका ये,
मणौ च काचे च समानुबन्धाः ॥२७॥
इमां समक्षं प्रतिपक्षसाक्षिणा–
मुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात्परमस्ति दैवतं,
न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥२८॥
न श्रद्धयैव त्वयि पक्षपातो,
न द्वेषमात्रादरुचिः परेषु ।

વાદી લોકો પોતાના ગળામાં તીક્ષ્ણ કુહાડીનો પ્રહાર કરતાં ગમે તે બોલે, પરન્તુ હે વીતરાગ! બુદ્ધિમાનોનું ચિત્ત આપના તરફ કેવળ રાગથી જ અનુરક્ત છે એમ નથી. (૨૬)

હે નાથ! જે પરીક્ષકો મધ્યસ્થતા ધારણ કરીને કાચ અને મણિમાં સમાનભાવ રાખે છે, તેઓ (પણ) મત્સરી લોકોની મુદ્રાનું અતિક્રમણ કરતા નથી, તે સુનિશ્ચિત છે. (૨૭)

હું પ્રતિપક્ષી લોકોની સામે આ ઉદાર ઘોષણા કરું છું કે વીતરાગ ભગવાન સિવાય બીજા કોઈ પરમ દેવ નથી અને વસ્તુનું નિરૂપણ કરવા માટે અનેકાન્ત વાદ સિવાય બીજો કોઈ નીતિમાર્ગ નથી. (૨૮)

यथावदाप्तत्वपरीक्षया तु,
त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्मः ॥२९॥

तमःस्पृशामप्रतिभासभाजं,
भवन्तमप्याशु विविन्दते याः ।
महेम चन्द्रांशुदृशावदाता-
स्तास्तर्कपुण्या जगदीश ! वाचः ॥३०॥

यत्र तत्र समये यथा तथा,
योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद्भवा-
नेक एव भगवन्नमोऽस्तु ते ॥३१॥

હે વીર ! કેવળ શ્રદ્ધાના કારણથી અમને આપના તરફ પક્ષપાત નથી અને કેવળ દ્વેષના કારણે અમને અન્ય દેવો તરફ અપ્રીતિ નથી, કિન્તુ આપ્તપણાની યથાર્થ રીતે પરીક્ષા કરીને જ અમે આપનો આશ્રય કર્યો છે. (૨૯)

હે જગદીશ ! અજ્ઞાનરૂપી અન્ધકારમાં ભટકનારા પુરુષોને અગોચર એવા આપને જે વાણી જણાવે છે, તે ચન્દ્રના કિરણોની સમાન સ્વચ્છ અને તર્કથી પવિત્ર એવી આપની વાણીને અમે પૂજીએ છીએ. (૩૦)

હે ભગવન્ ! જે કોઈ શાસ્ત્રમાં, જે કોઈ પ્રકારે અને જે કોઇ નામથી રાગદ્વેષ રહિત એવા દેવનું વર્ણન કરેલું છે, તે આપ એક જ છો અને તેથી આપને મારો નમસ્કાર છે. (૩૧)

(उपसंहारकाव्यम्)

इदं श्रद्धामात्रं तदथ परनिन्दां मृदुधियो,
विगाहन्तां हन्त प्रकृतिपरवादव्यसनिनः ।
अरक्तद्विष्टानां जिनवर ! परीक्षाक्षमधिया-
मयं तत्त्वालोकः स्तुतिमयमुपाधिं विधृतवान् ॥३२॥

મૃદુ બુદ્ધિવાળા પુરુષો આ સ્તોત્રને, શ્રદ્ધાથી બનાવેલું છે, એમ ભલે સમજે અને સ્વભાવથી જ પરનિન્દાના વ્યસની એવા વાદી પુરૂષો આ સ્તોત્રને બીજા દેવોની નિન્દા માટે રચાયેલું છે, એમ ભલે માને; પરન્તુ હે જિનવર! પરીક્ષા કરવામાં સમર્થ બુદ્ધિવાળા અને રાગદ્વેષ રહિત એવા પુરુષોને, તત્ત્વોને પ્રકાશ કરનારૂં આ સ્તોત્ર સ્તુતિરૂપ ધર્મ ચિન્તનમાં કારણ રૂપ છે. (૩૨)

॥ ઇતિ શ્રી-અયોગવ્યવચ્છેદિકા સાર્થા સમાપ્તા ॥

कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचिता

॥ अन्ययोगव्यवच्छेदिका ॥

अनन्तविज्ञानमतीतदोष–
मबाध्यसिद्धान्तममर्त्यपूज्यम् ।
श्रीवर्द्धमानं जिनमाप्तमुख्यं,
स्वयम्भुवं स्तोतुमहं यतिष्ये ॥१॥
अयं जनो नाथ तव स्तवाय,
गुणान्तरेभ्यः स्पृहयालुरेव ।
विगाहतां किन्तु यथार्थवाद–
मेकं परीक्षाविधिदुर्विदग्धः ॥२॥
गुणेष्वसूयां दधतः परेऽमी,
मा शिश्रियन्नाम भवन्तमीशम् ।
तथापि संमील्य विलोचनानि,
विचारयन्तां नयवर्त्म सत्यम् ॥३॥

અનન્ત જ્ઞાનના ધારક, દોષોથી રહિત, જેનું સિદ્ધાન્ત અબાધ્ય છે, દેવતાઓને પૂજનીય, યથાર્થ વક્તાઓમાં પ્રધાન અને સ્વયંભૂ એવા શ્રીવર્ધમાન સ્વામિની સ્તુતિ કરવાનો હું યત્ન કરીશ. (૧)

હે નાથ! પરીક્ષા કરવામાં પોતાને પણ્ડિત સમજનારો એવો આ જન (હેમચન્દ્રાચાર્ય) આપના બીજા ગુણોની સ્તુતિ કરવા માટે સ્પૃહાવાળો તો છે જ, પરન્તુ આપનો પ્રધાન યથાર્થવાદ રૂપ ગુણનું વિગાહન કરે. (૨)

स्वतोऽनुवृत्तिव्यतिवृत्तिभाजो,
भावा न भावान्तरनेयरूपाः ।
परात्मतत्त्वादतथात्मतत्त्वाद्,
द्वयं वदन्तोऽकुशलाः स्खलन्ति ॥४॥
आदीपमाव्योम समस्वभावं,
स्याद्वादमुद्रानतिभेदि वस्तु ।
तन्नित्यमेवैक मनित्यमन्य-
दिति त्वदाज्ञाद्विषतां प्रलापाः ॥५॥

હે નાથ ! જો કે આપના ગુણોમાં ઈર્ષ્યા રાખનારા પરતીર્થિકો આપને સ્વામી ભલે ન માને, તો પણ તેઓ નેત્રોનું નિમીલન કરીને સત્ય નયમાર્ગનો વિચાર કરે. (૩)

પદાર્થો સ્વભાવથી જ સામાન્ય અને વિશેષરૂપ છે; તેમાં સામાન્ય વિશેષની પ્રતીતિ કરાવવા માટે (સામાન્ય વિશેષરૂપ) પદાર્થાન્તર માનવાની આવશ્યકતા નથી, જે અકુશળ વાદીઓ તે સ્વરૂપે નહિ હોવા છતાં, ભિન્ન સ્વરૂપ-વાળા છે એમ માનીને સામાન્ય વિશેષને પદાર્થથી ભિન્નરૂપે કથન કરે છે, તેઓ ન્યાય માર્ગથી ભ્રષ્ટ થાય છે. (૪)

દીપકથી લઈને આકાશ સુધી સઘળા પદાર્થો નિત્યાનિત્ય સ્વભાવવાળા છે, કેમકે કોઈ પણ વસ્તુ સ્યાદ્વાદની મર્યાદાને ઉલ્લઙ્ઘન કરતી નથી. આવી વસ્તુસ્થિતિમાં પણ દીપક વિગેરેને સર્વથા અનિત્ય અને આકાશ વિગેરેને સર્વથા નિત્ય જે માને છે તે આપની આજ્ઞાના વિરોધીઓના પ્રલાપો છે. (૫)

कर्त्तास्ति कश्चिद् जगतः स चैकः,
स सर्वगः स स्ववशः स नित्यः ।
इमाः कुहेवाकविडम्बनाः स्यु-
स्तेषां न येषामनुशासकस्त्वम् ॥६॥
न धर्मधर्मित्वमतीवभेदे,
वृत्त्यास्ति चेन्न त्रितयं चकास्ति ।
इहेदमित्यस्ति मतिश्च वृत्तौ,
न गौणभेदोऽपि च लोकबाधः ॥७॥

હે નાથ! જગતનો કોઈ કર્તા છે, તે એક છે, તે સર્વ વ્યાપી છે, તે સ્વતન્ત્ર છે અને તે નિત્ય છે. આ દુરાગ્રહપૂર્ણ વિડમ્બનાઓ તેમને જ વળગેલી છે કે જેમને અનુશાસક તરીકે તું મળ્યો નથી. (૬)

ધર્મ અને ધર્મીને સર્વથા ભિન્ન માનવાથી ધર્મ–ધર્મીનો સંબન્ધ થઈ શકતો નથી, જો કહો કે–સમવાય સંબન્ધથી પરસ્પર ભિન્ન એવા પણ ધર્મ–ધર્મીનો સંબન્ધ થાય છે. તો એ ઠીક નથી. કારણ કે જેવી રીતે ધર્મ ધર્મીનું જ્ઞાન થાય છે, તેવી રીતે સમવાયનું જ્ઞાન થતું નથી. જો કહો કે 'તન્તુઓમાં આ પટ છે' એ પ્રકારના પ્રત્યયથી ધર્મ–ધર્મીમાં સમવાયનું જ્ઞાન થાય છે, તો અમે કહીએ છીએ કે એ પ્રત્યય સ્વયં સમવાયમાં પણ હોય છે અને એમ માનવાથી એક સમવાયમાં બીજો, બીજામાં ત્રીજો, એમ અનન્ત સમવાય માનવાથી અનવસ્થા દોષ આવશે. જો કહો કે–એક સમવાયને મુખ્ય માનીને સમવાયમાં રહેલા સમવાયત્વને ગૌણરૂપે

सतामपि स्यात् क्वचिदेव सत्ता,
चैतन्यमौपाधिकमात्मनोऽन्यत् ।
न संविदानन्दमयी च मुक्तिः,
सुसूत्रमासूत्रितमत्वदीयैः ॥८॥
यत्रैव यो दृष्टगुणः स तत्र,
कुम्भादिवन्निष्प्रतिपक्षमेतत् ।
तथापि देहाद् बहिरात्मतत्त्व-
मतत्त्ववादोपहताः पठन्ति ॥९॥
स्वयं विवादग्रहिले वितण्डा-
पाण्डित्यकण्डूलमुखे जनेऽस्मिन् ।

સ્વીકારીશું, તો એ કલ્પના માત્ર છે અને એમ માનવામાં લોકવિરોધ પણ છે. (૭)

સત્ પદાર્થોમાં પણ સઘળામાં સત્તા હોતી નથી. જ્ઞાન તે ઉપાધિજન્ય છે અને આત્માથી ભિન્ન છે. મોક્ષ જ્ઞાન અને આનન્દ સ્વરૂપ નથી. આવા પ્રકારની માન્યતાઓને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો આપની આજ્ઞાથી બહાર રહેલા લોકોએ બહુ સારાં બનાવ્યાં છે–અર્થાત્ તે યુક્તિયુક્ત નથી. (૮)

એ વાત નિર્વિવાદ છે કે–જે પદાર્થનો ગુણ જે સ્થાનમાં દેખાય છે તે પદાર્થ તે જ સ્થાનમાં રહે છે. જેમકે જ્યાં ઘડાના રૂપ આદિ ગુણો રહે છે, ત્યાં ઘડો પણ રહે છે. તો પણ અતત્ત્વવાદથી ઉપહત થએલા કુવાદીઓ આત્મતત્ત્વને શરીરથી બહાર રહેલ (સર્વવ્યાપી) છે, એમ કહે છે. (૯)

मायोपदेशात् परमर्म भिन्दन्,
अहो विरक्तो मुनिरन्यदीयः ॥१०॥
न धर्महेतुर्विहितापि हिंसा,
नोत्सृष्टमन्यार्थमपोद्यते च ।
स्वपुत्रघातान्नृपतित्वलिप्सा–
सब्रह्मचारिस्फुरितं परेषाम् ॥११॥
स्वार्थावबोधक्षम एव बोधः,
प्रकाशते नार्थकथान्यथा तु ।
परे परेभ्यो भयतस्तथापि,
प्रपेदिरे ज्ञानमनात्मनिष्ठम् ॥१२॥

આ એક આશ્ચર્ય છે કે પોતાની મેળે જ વિવાદરૂપી પિશાચને પરવશ પડેલા તથા વિતણ્ડાવાદ કરવાની પણ્ડિતાઇથી અસમ્બદ્ધ પ્રલાપ કરનારા આ લોકને વિષે છળ, જાતિ અને નિગ્રહસ્થાનનો ઉપદેશ આપી બીજાઓના નિર્દોષ હેતુઓનું ખણ્ડન કરવાનું કહેનારા એવા ગૌતમ મુનિને પણ વિરક્ત અને કારુણિક માનવામાં આવે છે. (૧૦)

વેદ વિહિત હિંસા ધર્મનું કારણ નથી, અન્ય અર્થ માટે બતાવેલો ઉત્સર્ગ અન્ય અર્થ માટે અપવાદ બની શકતો નથી. છતાં અન્ય લોકોનું તે પ્રકારે માનવું એ પોતાના પુત્રને મારીને રાજા બનવાની ઇચ્છા સમાન છે. (૧૧)

જ્ઞાન પોતાને અને અન્ય પદાર્થોને પણ જાણી શકે છે. અન્યથા કોઈ પણ પદાર્થનું જ્ઞાન થઈ શકે નહિ. છતાં

माया सती चेद् द्वयतत्त्वसिद्धि-
स्थासती हन्त कुतः प्रपञ्चः ।
मायैव चेदर्थसहा च तत्किं,
माता च वन्ध्या च भवत्परेषाम् ॥१३॥
अनेकमेकात्मकमेव वाच्यं,
द्वयात्मकं वाचकमप्यवश्यम् ।
अतोऽन्यथा वाचकवाच्यकल्पना-
वतावकानां प्रतिभाप्रमादः ॥१४॥

અન્ય વાદીઓના ભયથી અન્ય મતવાળાઓએ જ્ઞાનને અનાત્મ નિષ્ઠ-સ્વસંવેદનથી રહિત સ્વીકાર્યું છે! (૧૨)

જો માયા સત્ રૂપ છે, તો બ્રહ્મ અને માયા એ બે પદાર્થોની સિદ્ધિ થાય છે-અદ્વૈતની સિદ્ધિ થતી નથી જો માયા અસત્ છે, તો ત્રણ લોકના પદાર્થોની ઉપપત્તિ થઇ શકતી નથી. જો એમ કહે કે માયા છે અને અર્થક્રિયા પણ કરે છે, તો એક જ સ્ત્રી માતા છે અને વન્ધ્યા પણ છે એ પ્રકારનું આપના વિરોધીઓનું કથન સાબીત થતું નથી! (૧૩)

જેવી રીતે સઘળા પદાર્થો અનેક હોવા છતાં પણ એક છે, તેવી રીતે તે પદાર્થોને કહેનારા શબ્દ પણ દ્વયાત્મક-એક અને અનેક સ્વરૂપ છે. આપના સિદ્ધાન્તને નહિ માનનારા અને વાચ્યવાચક સંબન્ધી એથી વિપરીત કલ્પના કરવામાં આપના પ્રતિવાદીઓની બુદ્ધિની સ્ખલના છે. (૧૪)

चिदर्थशून्या च जडा च बुद्धिः,
शब्दादितन्मात्रजमम्बरादि ।
न बन्धमोक्षौ पुरुषस्य चेति,
कियज्जडैर्न ग्रथितं विरोधि ॥१५॥

न तुल्यकालः फलहेतुभावो, हेतौ विलीने न फलस्य भावः ।
न संविदद्वैतपथेऽर्थसंविद्, विलूनशीर्णं सुगतेन्द्रजालम् ॥१६॥
विना प्रमाणं परवन्न शून्यः, स्वपक्षसिद्धेः पदमश्नुवीत ।
कुप्येत् कृतान्तः स्पृशते प्रमाण–महो सुदृष्टं त्वदसूयिदृष्टम् ॥१७॥

ચેતના સ્વયં પદાર્થોને જાણતી નથી. બુદ્ધિ જડ સ્વરૂપ છે. શબ્દથી આકાશ, ગન્ધથી પૃથ્વી, રસથી જલ, રૂપથી અગ્નિ અને સ્પર્શથી વાયુ ઉત્પન્ન થાય છે. તથા બન્ધ કે મોક્ષ પુરુષને નથી. આવી કેટલી વિરુદ્ધ કલ્પનાઓ જડ લોકોએ (સાંખ્ય લોકોએ) નથી કરી ? (૧૫)

કાર્ય અને કારણ બન્ને સાથે રહી શકતાં નથી. કારણનો નાશ થયે છતે ફલની ઉત્પત્તિ થઇ શકતી નથી. જગતને વિજ્ઞાનરૂપ માનવામાં આવે તો પદાર્થોનું જ્ઞાન થઇ શકતું નથી. એ રીતે બુદ્ધની ઇન્દ્રજાળ પણ વિલીન થઇ જાય છે. (૧૬)

શૂન્યવાદી પ્રમાણ વિના બીજા વાદીઓની જેમ પોતાના પક્ષની સિદ્ધિ કરી શકતા નથી. જો તે કોઇ પ્રમાણને માનવા જાય તો પોતે માનેલો શૂન્યતાનો સિદ્ધાન્ત કૃતાન્તની માફક કોપાયમાન થાય છે. હે ભગવન્! આપના મતની ઇર્ષ્યા કરનારા લોકોએ જે કંઇ કુમતિજ્ઞાન રૂપી નેત્રોથી જાણ્યું છે, તે મિથ્યા હોવાના કારણે ઉપહાસને પાત્ર છે. (૧૭)

कृतप्रणाशाकृतकर्मभोग–भवप्रमोक्षस्मृतिभङ्गदोषान् ।
उपेक्ष्य साक्षात् क्षणभङ्गमिच्छ–न्नहो महासाहसिकः परस्ते
॥१८॥

सा वासना सा क्षणसन्ततिश्च, नाभेदभेदानुभयैर्घटेते ।
ततस्तटादर्शिशकुन्तपोत–न्यायात्त्वदुक्तानि परे श्रयन्तु ॥१९॥
विनानुमानेन पराभिसन्धि–मसंविदानस्य तु नास्तिकस्य ।
न साम्प्रतं वक्तुमपि क्व चेष्टा, क्व दृष्टमात्रं च हहा प्रमादः
॥२०॥

આપના પ્રતિપક્ષી ક્ષણિકવાદી બૌદ્ધ લોકો ક્ષણિક વાદને સ્વીકારીને કૃતપ્રણાશ દોષ, અકૃતકર્મભોગ દોષ, ભવભઙ્ગ દોષ, મુક્તિભઙ્ગ દોષ અને સ્મરણભઙ્ગ દોષ વિગેરે અનુભવ સિદ્ધ દોષોની ઉપેક્ષા કરીને પોતાનો મત સ્થાપન કરવા માટે મહાન્ સાહસ કરે છે તે ખરેખર આશ્ચર્ય છે ! (૧૮)

વાસના અને ક્ષણસન્તતિ પરસ્પરભિન્ન, અભિન્ન અને અનુભય એ ત્રણ ભેદમાંથી કોઇ પણ ભેદે સિદ્ધ થતી નથી. જેવી રીતે સમુદ્રમાં વહાણના આશ્રયથી ઉડેલું પક્ષી સમુદ્રનો કિનારો નહિ દેખવાથી વહાણ ઉપર જ પાછું આવે છે, તેવી રીતે ઉપાયાન્તર નહિ હોવાથી બૌદ્ધલોકો અન્તે આપના જ સિદ્ધાન્તનો આશ્રય લે છે. (૧૯)

અનુમાન વિના બીજાના અભિપ્રાયને નહિ સમજી શકનારા ચાર્વાક લોકોએ બોલવાની ચેષ્ટા કરવી, એ પણ યુક્ત નથી. કયાં ચેષ્ટા અને ક્યાં પ્રત્યક્ષ ? એ બે વચ્ચે ઘણું

प्रतिक्षणोत्पादविनाशयोगि-स्थिरैकमध्यक्षमपीक्षमाणः ।
जिन ! त्वदाज्ञामवमन्यते यः, स वातकी नाथ ! पिशाचकी वा ॥२१॥

अनन्तधर्मात्मकमेव तत्त्व-मतोऽन्यथा सत्त्वमसूपपादम् ।
इति प्रमाणान्यपि ते कुवादि-कुरङ्गसंत्रासनसिंहनादाः ॥२२॥
अपर्ययं वस्तु समस्यमान-मद्रव्यमेतच्च विविच्यमानम् ।
आदेशभेदोदितसप्तभङ्ग-मदीदृशस्त्वं बुधरूपवेद्यम् ॥२३॥

અન્તર છે. તેને નહિ સમજી શકનાર તેઓનો પ્રમાદ આશ્ચર્યકારક છે. (૨૦)

હે નાથ! પ્રતિક્ષણે ઉત્પન્ન થનારા, નાશ પામનારા તથા સ્થિર રહેનારા પદાર્થોને દેખવા છતાં પણ હે જિન! જેઓ આપની આજ્ઞાની અવગણના કરે છે, તેઓ વાયુ અથવા પિશાચથી ગ્રસ્ત થએલા છે, (૨૧)

પ્રત્યેક પદાર્થમાં અનન્ત ધર્મ રહેલા છે, એમ નહિ માનવાથી વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી. એ પ્રકારે આપનાં પ્રમાણભૂત વાકયો કુવાદીરૂપી મૃગોને સંત્રાસ ઉત્પન્ન કરવા માટે સિંહની ગર્જના સમાન છે. (૨૨)

જો વસ્તુનું સામાન્યપણે કથન કરવામાં આવે તો પ્રત્યેક વસ્તુ પર્યાય રહિત છે અને જો વસ્તુની વિસ્તારથી પ્રરૂપણા કરવામાં આવે તો પ્રત્યેક વસ્તુ દ્રવ્ય રહિત છે. આ રીતે સકલાદેશ અને વિકલાદેશના ભેદથી પણ્ડિત પુરૂષો વડે સમજી શકાય તેવા સાત ભઙ્ગોની પ્રરૂપણા આપે કરેલી છે. (૨૩)

उपाधिभेदोपहितं विरुद्धं, नार्थेष्वसत्त्वं सदवाच्यते च ।
इत्यप्रबुध्यैव विरोधभीता, जडास्तदेकान्तहताः पतन्ति ॥२४॥
स्यान्नाशि नित्यं सदृशं विरूपं, वाच्यं न वाच्यं सदसत्तदेव ।
विपश्चितां नाथ ! निपीततत्त्व-सुधोद्गतोद्गारपरम्परेयम् ॥२५॥
य एव दोषाः किल नित्यवादे, विनाशवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन ! शासनं ते ॥२६॥

દરેક પદાર્થમાં અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્યત્વ રૂપ પરસ્પર વિરુદ્ધ ધર્મોનું પ્રતિપાદન અપેક્ષાના ભેદથી વિરુદ્ધ નથી. વિરોધથી ભયભીત થએલા એકાન્તવાદી મૂર્ખ લોકો આ સિદ્ધાન્તને નહિ સમજવાથી જ ન્યાયમાર્ગથી પતિત થાય છે. (૨૪)

હે વિદ્વાનોના શિરોમણિ ! દરેક વસ્તુ કોઈ અપેક્ષાએ અનિત્ય છે, કોઇ અપેક્ષાએ નિત્ય છે; કોઈ અપેક્ષાએ સામાન્ય છે, કોઇ અપેક્ષાએ વિશેષ છે; કોઇ અપેક્ષાએ વાચ્ય છે, કોઈ અપેક્ષાએ અવાચ્ય છે; કોઈ અપેક્ષાએ સત્ છે અને કોઈ અપેક્ષાએ અસત્ છે; આ અનેકાન્તતત્ત્વરૂપ અમૃતના પાનમાંથી નીકળેલી ઉદ્ગારની પરમ્પરા છે. (૨૫)

વસ્તુને સર્વથા નિત્ય માનવામાં જે દોષો આવે છે, તે જ દોષો સર્વથા અનિત્ય માનવામાં પણ આવે છે, જેમ એક કાંટો બીજા કાંટાનો નાશ કરે તેમ નિત્યવાદી અને અનિત્યવાદીઓએ પરસ્પર દૂષણો બતાવીને એક બીજાનું નિરાકરણ કર્યે છતે હે જિન ! અધૃષ્ય એવું આપનું શાસન, વિના પરિશ્રમે વિજય પ્રાપ્ત કરે છે. (૨૬)

नैकान्तवादे सुखदुःखभोगौ, न पुण्यपापे न च बन्धमोक्षौ ।
दुर्नीतिवादव्यसनासिनैवं, परैर्विलुप्तं जगदप्यशेषम् ॥२७॥
सदेव सत् स्यात् सदिति त्रिधार्थो, मीयेत दुर्नीतिनयप्रमाणैः ।
यथार्थदर्शी तु नयप्रमाण–पथेन दुर्नीतिपथं त्वमास्थः ॥२८॥
मुक्तोऽपि वाभ्येतु भवं भवो वा, भवस्थशून्योऽस्तु मितात्मवादे ।
षड्जीवकायं त्वमनन्तसंख्य–माख्यस्तथा नाथ यथा न दोषः
॥२९॥
अन्योन्यपक्षप्रतिपक्षभावाद्, यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्, न पक्षपाती समयस्तथा ते ॥३०॥

એકાન્તવાદમાં સુખદુઃખનો ઉપભોગ ઘટી શકતો નથી. પુણ્ય પાપ તથા બન્ધ મોક્ષની વ્યવસ્થા પણ ઘટી શકતી નથી. ખરેખર ! એકાન્તવાદી લોકોએ દુર્નયવાદમાં આસક્તિ રૂપ ખડ્ગથી સંપૂર્ણ જગતનો નાશ કર્યો છે. (૨૭)

પદાર્થ સર્વથા સત્, સત્ તથા કથંચિત્ સત્ છે. એ રીતે પદાર્થોનું જ્ઞાન અનુક્રમે દુર્નય, નય અને પ્રમાણ માર્ગ વડે થાય છે. કિન્તુ હે ભગવન્ ! યથાર્થદર્શી એવા આપે નયમાર્ગ અને પ્રમાણમાર્ગ વડે દુર્નયવાદનું નિરાકરણ કર્યું છે. (૨૮)

જે લોકો જીવોને અનન્ત નહિ માનતાં પરિમિત સંખ્યાવાળા માને છે, તેઓના મતે મુક્ત જીવોએ સંસારમાં ફરી જન્મ લેવો જોઇએ અથવા તો આ સંસાર એક દિવસ જીવોથી ખાલી થઇ જવો જોઇએ. પરન્તુ હે ભગવન્ ! આપે છકાયના જીવોને તેવી રીતે અનન્ત સંખ્યાવાળા પ્રરૂપ્યા છે કે જેથી આપના મતમાં ઉપરોક્ત દોષ આવી શકતો નથી. (૨૯)

वाग्वैभवं ते निखिलं विवेक्तु–माशास्महे चेन्महनीयमुख्य !।
लङ्घेम जङ्घालतया समुद्रं, वहेम चन्द्रद्युतिपानतृष्णाम् ॥३१॥

(उपसंहारकाव्यम्)


इदं तत्त्वातत्त्वव्यतिकरकरालेऽन्धतमसे,
जगन्मायाकारैरिव हतपरैर्हा विनिहितम् ।
तदुद्धर्तुं शक्तो नियतमविसंवादिवचन–
स्त्वमेवातस्त्रातस्त्वयि कृतसपर्याः कृतधियः ॥३२॥

અન્ય વાદીઓ જે રીતે પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષ ભાવ રાખવાથી એક બીજા પ્રત્યે ઈર્ષ્યાભાવ ધારણ કરે છે, તે રીતે સઘળા નયોને એક સરખા ગણનારા આપના શાસ્ત્રોમાં કોઇનો પણ પક્ષપાત નથી. (૩૦)

હે પૂજ્ય શિરોમણિ ! આપની વાણીના વૈભવની સંપૂર્ણપણે વિવેચન કરવાની આશા રાખવી, તે અમારા જેવા માટે જઙ્ઘાના બળથી સમુદ્રને ઓળંગવાની આશા સમાન અથવા ચન્દ્રની ચન્દ્રિકાનું પાન કરવાની તૃષ્ણા સમાન છે. (૩૧)

ઈન્દ્રજાલિકોની પેઠે અધમ એવા પરદર્શનીઓએ આ જગતને તત્ત્વ અને અતત્ત્વના વ્યતિકર–મિશ્રણથી વિકરાળ એવા ગાઢ અન્ધકારમાં નાખી દીધું છે. આ જગતનો ઉદ્ધાર કરવા આપ જ સમર્થ છો. કારણ કે–આપનાં વચનો હમ્મેશાં વિસંવાદ રહિત છે, હે જગત્ રક્ષક ! બુદ્ધિમાન્ લોકો એ કારણથીજ આપની સેવા કરે છે. (૩૨)

॥ ઇતિ શ્રી–અન્યયોગવ્યવચ્છેદિકા સાર્થા સમાપ્તા ॥



શ્રી રાજનગર મુદ્રણાલય-ટીંગ વર્કસ અમદાવાદ.